जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.



www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**
Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**
Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.


યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

## જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ
## ભાગ - ૪



# કર્મ સાહિત્ય અને આગમિક પ્રકરણો

: પ્રકાશક :

**શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ**
પાલીતાણા-અમદાવાદ-મુંબઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मापिता॥रूगन्यप्यक्षिवनिताधर्मप्रमध्यानलानामव॥८७॥कुमारवस्था चुकुपा॥वलपितरीतव
मानमाऽरूकारानुना॥हानश्चकापाञ्जप्रा॥पिरूगादृक्षादि नस्छ्गै॥८८॥स्रतरूस्वुका॥लिवाञव
वंबामानक्षयो॥८९॥विपदयामरूं॥सारवोझणवरूणयम॥पि॥निवर्द्धीरूपस्वी॥कर्त्तासन॥

यणा॥१॥ना॥अ॥रूंकर्म्म॥ना॥डिरूंमाला॥ना॥ना॥दरस॥वि॥प्रयम॥का॥र्स॥गा॥निदंपव॥उदव
निरिक॥१४॥या॥नि॥नी॥वोनवान्मानेपक्षिनावनामापदे॥निथिवस्तनो॥निाक्षवधारोनास्व॥
सा॥श्री॥कुञननरूयत॥१५॥दरिवंश॥श्रा॥नंक॥विवो॥नाय॥तथादिमा॥वनादवा॥नवप्रीति
यत्रमतिशीमक्षुयनि॥रूनवा॥गुहिने॥१६॥वर्यो॥श्रयेववो॥श्रीसुघनाया॥पनामयंत॥श्र

समयो॥नक्षत्रामयासुपाकूमनवकूमात॥३॥वविमा॥निकर्विमानश्चा॥सादर्यप्रस्म॥
प्रत्यञ्मेत्रिणा॥काय॥नौवाणा॥३॥रूअदनुशानरूचीयप्रमौ॥रूलपविकृते॥ऊँडनीमम॥
श्लिप्रसणिदीप्रशाला॥कास्य॥३५॥कल्पयको॥विवादायानणमणाञकुमेञोमवेविधापव॥
ना॥रूरो॥वञानवणकंलावञानञामाधिकश्रियं॥३६॥सिनर्थकनुकसारकूपुवावह॥
पापदानायमर्कभ्रममस्वोडानिःविधीयमानलवणावनावासोपलास्पुरो॥३७॥रूल॥

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

यंकूमा॥प्ऽन्यपर्व॥वा॥मारद॥[illegible]॥वितापदानविधिकौतुका॥श्रीनमेड
कितृराबाकवा॥[illegible]॥वथक्षलियेनक्ष॥
नीर्थन॥३९॥चीनाइवीमादिद्याभिवाक्षविवरूडरूमा॥न॥निशिपणिमया॥निक्ष॥पि
मान॥४०॥भ्राकूनिधूडश्रीरूकूनाशीा॥रस्किण॥विधुसवूककिण॥या॥मोकक्षायामद्
सवुमायथाद्विनाश्ववर्म॥कान्या॥वोविंश॥द्वादिरमममनि॥लिना॥४०॥वञालवणकममाराङ्र

फलडवैं॥४१॥वाक्षुमानपता॥नाइंलाञ्प्रतुमकूलांवानांनदन्नेटनदीपात्रपुकोंनानकल
कं॥४२॥ममानवरूजितानिकादवनामवमानरं॥सुमिञकावदामामकानाद्वादरूणं॥सुदा
नुरूणा॥४३॥मवाडवोञ्रोनरूत्नमपुडावनिवहधीःसुक्षिमामेनिनास्कुकपरणा॥केशिना
नेविदना॥४४॥अविरुद्धमनानकूाकुमारा॥श्रवमसझत्र॥श्रसुनामीवकमी॥णि॥अनवे

नखवसं॥मिरूना॥कुथी॥वोनरूडञनना॥कृश्रिमवमा॥यद्दिगा॥मिव॥५५॥कर्त्रु॥नगिस्व॥श्रीम
कुण्ुा॥वालनर्का॥क्षेमा॥ना॥डिश्रममनमोककणाघमशा॥लिनो॥८॥कलकं॥३॥कविम
घरुमिरवर्यदिक्षिना॥श्वरवासानोनिरुवा॥दस्रुववाडेमवेप्रम॥१३॥सवी॥जा॥श्रलनि
त्यरूश्चा॥णा॥मिविया॥यनन्तममा॥साँप्रनेविश्रमावाञ्कुतुप्राप्त॥मदनेदस्॥१४॥दनव
सिकमेडलो॥तुऊ॥याक्षिशिरस्वा॥प्रस्वरूरवश्रा॥स्वापना॥कि॥को॥१६॥मदत्रमरूफ॥वाप्रनय

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ ગ્રંથશ્રેણી નં. ૨૦

## જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ : ભાગ - ૪

# કર્મસાહિત્ય અને આગમિક પ્રકરણ

શુભાશિષ

પ. પૂ. આચાર્ય શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ
પ. પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

શ્રુતોપાસના

પૂ. આચાર્ય શ્રી વિજય સોમચંદ્રસૂરિજી મહારાજ

સહયોગ

શ્રી વાસુપૂજ્યસ્વામિ જિનાલય અર્ધશતાબ્દી(સુવર્ણ) મહોત્સવ
શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ.
માટુંગા, મુંબઈ-૧૯

પ્રકાશક

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ
(શ્રી સમવસરણ મહામંદિર)
પાલીતાણા-અમદાવાદ-મુંબઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥
नामकम्मं च गोयं च, अंतरायं तहेव य ।
एवमेयाइं कम्माइं, अट्ठेव उ समासओ ॥

जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥

जैन साईट
JAINSITE.com
जयम् ज्योति शासनम्

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય— સંક્ષેપમાં આ આઠ કર્મો છે.

જે સમયે જીવ જેવો ભાવ ધારણ કરે છે, તે સમયે તે તેવા શુભ-અશુભ કર્મનો બંધ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ : ભાગ-૪

# કર્મસાહિત્ય અને આગમિક પ્રકરણ

લેખકો
ડૉ. મોહન લાલ મેહતા
પ્રો. હીરાલાલ ર. કાપડિયા

અનુવાદક
ડૉ. નગીન જી. શાહ

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ
પાલીતાણા-અમદાવાદ-મુંબઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ'ની
ગુજરાતી આવૃત્તિના સંપાદકો
ડૉ. નગીન શાહ
ડૉ. રમણીક શાહ

**પ્રકાશક :**
**શ્રી૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ,**
૧૧૦, મહાકાન્ત, વી.એસ.હોસ્પીટલ પાસે,
અમદાવાદ-૬.

**પ્રકાશન વર્ષ :**
ગુજરાતી આવૃત્તિ : પ્રથમ સંસ્કરણ
વિ. સં. ૨૦૬૦, ઈ.સ.૨૦૦૪

**નકલ :** ૨૦૦૦

**મૂલ્ય :** રૂા. ૨૪૦/-

**લેસર ટાઈપ સેટીંગ :**
**મયંક શાહ, લેસર ઈમ્પ્રેશન્સ**
૨૧૫, ગોલ્ડ સૌક કોમ્પ્લેક્ષ,
ઑફ સી. જી. રોડ, નવરંગપુરા,
અમદાવાદ-૯.

**મુદ્રક :**
**કે. ભીખાલાલ ભાવસાર**
માણિભદ્ર પ્રિન્ટર્સ
૩, વિજયહાઉસ, પાર્થ ટાવર,
નવા વાડજ, અમદાવાદ-૧૩.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

# જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ


જૈન શ્રુત નભોમંડળના
ઇન્દ્રધનુષી સપ્તરંગોની
જ્ઞાન દુનિયામાં...
સુંદર આભા પ્રસરાવતા,
પ્રભુ વચનો અને પ્રભુ ઉપદેશોના
પ્રમાણભૂત સપ્ત ગ્રંથોના
પાવન પ્રેરક
સૂરિબાંધવ...





પ. પૂ. આચાર્ય
શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ

પ. પૂ. આચાર્ય
શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ



श्री १०८ जैन तीर्थदर्शन भवन ट्रस्ट

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી વાસુપૂજ્ય નાથાય નમઃ



जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ધનઘોર આ કલિકાલમાં, સાચા સહારા છો તમે,
નિર્ધન-ધનિક ઉત્તમ-અધમ સૌને ઉગારો છો તમે,
મુજને ઉગારી લો, ડુબાડી દો કરુણાનાં ઝરણામાં,
હે શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુ, રહેજો સદા મુજ સ્મરણમાં

સહયોગ
શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘ, મુંબઈ તરફથી
શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે
(સં. ૨૦૧૧ થી ૨૦૬૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શુભાશિષ

જૈન સાહિત્યના અણમોલ ગ્રંથ મૌક્તિકો અહીં તહીં વિખરાયેલા જોવા જાણવા સાંભળવા મળે છે. આજથી લગભગ ૩૮ વર્ષ પહેલા કેટલાક સાક્ષર વિદ્વાનોએ તે મૌક્તિકોને નોંધરૂપે એક માળામાં ગૂંથી લોકો સમક્ષ "જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ" નામથી ૧ થી ૭ માં હિંદી ભાષામાં પ્રકાશિત કર્યા હતા.

ગુજરાતી વાચકો પાસે પણ આ બધી જાણકારી પહોંચે તેવા શુભાશયથી શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટે હિંદી સાત ભાગોનું ગુજરાતી પ્રો. શ્રી નગીનભાઈ શાહ તથા પ્રો. રમણિકભાઈ શાહ પાસે કરાવી "જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ" ભા-૧ થી ૭ પ્રકાશિત કરવા નક્કી કર્યું

અમે તેમના આ પ્રયાસને અંતરથી આવકારીએ છીએ અને હૈયેથી શુભાશિષ આપતા જણાવીએ છીએ કે તમારા આ પ્રયાસને ગુજરાતી સાક્ષરો, જિજ્ઞાસુઓ, વાચકો વિ. ભાવથી વધાવશે. જૈન સાહિત્યના અનેક વિષયોની જાણકારી મેળવા સાક્ષરની ઉપાસના દ્વારા અવશ્ય અનેરું મેળવશે તેવી શુભે

૬

લિ. [illegible]

આ-અશોકચંદ્ર

વિ-સં ૨૦૫૦ મહા-શુ-૧૩ બુધવાર

ગોવાળીયા ટેંક મુંબઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી વાસુપૂજ્ય-સ્વામિને નમઃ

# આ અમારું માટુંગા
# શ્રી વાસુપૂજ્ય-સ્વામિ જિનાલય
# અર્ધશતાબ્દી-સુવર્ણજયંતી વર્ષ (વિ. સં. ૨૦૧૧-૨૦૬૦)

બૃહદ્-મુંબઈના મધ્યકેન્દ્ર સમા માટુંગા કીંગસર્કલમાં આજથી ૫૦ વર્ષ પહેલાં જૈનોના ખૂબ જ ઓછાં ઘર હતાં. છતાંય જ્યાં એક પણ જિનશાસન સમર્પિત શ્રાવકનું ઘર હોય ત્યાં પ્રભુભક્તિ માટે એકાદ જિનાલય તો હોય ને હોય જ.

આવી જ કંઈ ભાવનાથી તે વખતના શ્રીસંઘે મેઈનરોડ ઉપર જગ્યા લઈ ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. તે જિનાલયમાં મૂળનાયકજી પ્રકટપ્રભાવી શ્રી વાસુપૂજ્યસ્વામિજી આદિ જિનબિંબોની પૂજ્યપાદ શાસનસમ્રાટ્ આચાર્યદેવ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર વાત્સલ્યવારિધિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ, તેમના પટ્ટધર ધર્મરાજા પ. પૂ. આચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ, પં. યશોભદ્રવિજયજી ગણી (હાલ શ્રી યશોભદ્રસૂરિજી) પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ (હાલ પ. પૂ. આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ.) પૂ. મુનિરાજ શ્રી અશોકચંદ્રવિજયજી (હાલ પ.પૂ. આ. શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.)આદિની પાવન નિશ્રામાં પાંચે કલ્યાણકની ઉજવણીપૂર્વક અંજનશલાકા કરાવી વિ. સં. ૨૦૧૧ના જેઠ વદ-૫ના શુભમૂહુર્તે સૂરિમંત્રાભિમંત્રિત વાસક્ષેપપૂર્વક, પ્રતિષ્ઠા કરવામાં આવી.

જ્યારથી શ્રી વાસુપૂજ્યસ્વામિ ભગવંતની પ્રતિષ્ઠા થઈ ત્યારથી શ્રી માટુંગા જૈન સંઘ દિન-પ્રતિદિન અભિવૃદ્ધિ પામી રહ્યો છે. શ્રી સંઘના દરેક કાર્ય ધાર્યા કરતાં સવાયા થાય છે.

## શ્રી સંઘની અધ્યાત્મિક ધાર્મિક પ્રવૃત્તિઓ

– શ્રી જીવણ અબજી જૈન જ્ઞાનમંદિર

– શ્રી સાધ્વીજીનો ઉપાશ્રય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

– શ્રી આયંબિલ શાળા
– સાચાદેવ શ્રી સુમતિનાથજી ગૃહ જિનાલય નિર્માણ
– શ્રી વાસુપૂજ્ય ફાઉન્ડેશન દ્વારા અનુપમ સાધર્મિક ભક્તિ
– પ્રતિવર્ષ પોષ દશમીના કાયમી અઠ્ઠમ તપ
– સામુદાયિક વર્ષીતપ
– ગિરિરાજની સામુદાયિક ૯૯ યાત્રા - છ ગાઉની યાત્રામાં પાલનું આયોજન
– વિવિધતીર્થોની સામુદાયિક યાત્રા
– શ્રી શંખેશ્વરતીર્થમાં પ્રતિદિન યાત્રિકોની સવારની નવકારશી
– જયપુર ફુટ કેમ્પ, નેત્રયજ્ઞ આદિ કેમ્પ.
– નાના બાળકોની શ્રી વજ્રસ્વામી પાઠશાળા તથા મોટી બહેનો માટે શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ પ્રાકૃત-સંસ્કૃત પાઠશાળા કલાસ વગેરે.

આવી અનેકવિધ પ્રવૃત્તિઓ શ્રી માટુંગા જૈન સંઘના જાજ્વલ્યમાન ઈતિહાસમાં સોનેરી પૃષ્ઠનો ઉમેરો કરી રહી છે.

આ વર્ષે અમારા શ્રી વાસુપૂજ્યસ્વામિજી જિનાલયની પ્રતિષ્ઠાના ૫૦ વર્ષ સુવર્ણ જયંતીના અવસરે શાસનોદ્યોતકર અનેકવિધ પ્રવૃત્તિ શ્રીસંઘે કરવા નિર્ણય કર્યો છે. સામુદાયિક ૧૨૫ વર્ષીતપ શરૂ થઈ ગયા છે. તદનુસાર શ્રુતભક્તિ સ્વરૂપ આ "જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસ ભાગ-૪"ની ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત કરવાનો ધન્ય અવસર શ્રીસંઘને પ્રાપ્ત થયો છે.

**લિ. શ્રી માટુંગા જૈન શ્વે.મૂ. પૂ. તપા.સંઘ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કર્મનો મર્મ તથા હૃદયનો ધર્મ સમજાવતું સાહિત્ય

ભારતીય વાઙ્મયને પૂર્વના પ્રાજ્ઞ જૈનાચાર્યોએ સમયે સમયે પોતાની પ્રતિભાના વૈભવથી સમૃદ્ધ બનાવવા અપૂર્વ યોગદાન આપેલ છે.

આગમ, જૈનદર્શન કે પ્રકરણો જ નહિ પરંતુ ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, કોશ, જ્યોતિષ, વૈદ્યક આદિ એવો કોઈ વિષય બાકી નહિ હોય કે જેને તે મહાપુરુષોએ પોતાની અનોખી કલમથી કંડાર્યો નહીં હોય...

આવા અણમોલ ગ્રંથોની નામાવલિની, તેમાં નિરૂપિત વિષયોની, તેના કર્તા, તેનો રચનાકાળ, તે ગ્રંથોનું શ્લોકપ્રમાણ વગેરેની સંપૂર્ણ કહી શકાય તેવી નોંધ તૈયાર કરી આજથી ૩૮ વર્ષ પૂર્વે કેટલાક સાક્ષરોએ "જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ"ના નામે સાત ભાગમાં પ્રકાશિત કરી.

પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી (પ.પૂ. આચાર્ય શ્રી વિજય ચંદ્રોદય-સૂરીશ્વરજી મ. સા.) તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી (પ. પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.) એ વિચાર્યું કે આ સાતે ભાગ જો ગુજરાતી ભાષામાં પ્રકાશિત થાય તો ખૂબ જ ઉપયોગી થશે.. તેથી શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓને પ્રેરણા કરી – મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનિલભાઈ ગાંધીએ પ્રો. શ્રી રમણીકભાઈ શાહ તથા પ્રો. શ્રી નગીનભાઈ શાહ પાસે ગુજરાતી કરાવ્યું. જુદાજુદા શ્રી સંઘોએ પૂજ્યશ્રીની વાતને સ્વીકારી સંપૂર્ણ સહયોગ આપ્યો. તેની ફળશ્રુતિરૂપે આ સાતે ભાગ ગુજરાતીમાં પ્રકાશિત થઈ રહ્યા છે.

ભાગ-૧ અને ૨ પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ સાથે ભાગ-૪ કર્મ સાહિત્ય અને આગમિક પ્રકરણો રજૂ થઈ રહ્યો છે. આ ભાગમાં પૂર્વાર્ધમાં કર્મસાહિત્ય અને આગમિક પ્રકરણોનો પરિચય આપવામાં આવ્યો છે. જૈન દર્શનનું પરમઅંગ છે તેનો કર્મવાદ. કર્મવાદસંબંધી જેટલું સૂક્ષ્મચિંતન જૈન દાર્શનિકોએ કર્યું છે તેટલું જગતના અન્ય કોઈ દર્શને કર્યું નથી. જૈનાચાર્યોએ કર્મનો અર્થ, કર્મબંધના કારણો, કર્મબંધની પ્રક્રિયા, કર્મનો ઉદય અને ક્ષય, કર્મપ્રકૃતિ અર્થાત્ કર્મસ્વભાવ, કર્મોની સ્થિતિ આદિ વિષયક મબલખ ગ્રંથો – પ્રકરણો રચ્યા છે. શ્વેતાંબર અને દિગંબર અને પરંપરાના આવા અનેક ગ્રંથોનો પરિચય અહીં પૂર્વાર્ધમાં આપવામાં આવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરાર્ધમાં અનેક આગમિક પ્રકરણો અને તેના રચયિતાઓ જેવા કે શ્રી જિનભદ્રગણિ અને તેમના ક્ષેત્રસમાસ અને સંગ્રહણી આદિ, શ્રી હરિભદ્રસૂરિ અને તેમના જંબૂદ્વીપસંગ્રહણી આદિ, શ્રી નેમિચંદ્રસૂરિ અને તેમના પ્રવચનસારોદ્ધાર, શ્રી ધર્મદાસગણિ અને તેમની ઉપદેશમાલા, મલધારી શ્રી હેમચંદ્રસૂરિ અને તેમની ઉપદેશમાલા, શ્રી કુંદકુંદાચાર્ય અને તેમના પ્રવચનસાર આદિ – આ રીતે આગમના સારરૂપ પ્રકરણો ઉપરાંત દ્રવ્યાનુયોગ, ધર્મોપદેશ, યોગ, અધ્યાત્મ, અનગાર અને સાગારનો આચાર, વિધિવિધાન, કલ્પ, મંત્ર, તંત્ર, પર્વ, તીર્થ ઈત્યાદિ વિષયક પ્રકરણોનો પરિચય કરાવવામાં આવ્યો છે.

જિનાગમ તથા જૈન સાહિત્યથી સુપરિચિત વિદ્વદ્વર્ય પૂજ્ય સૂરિભગવંતો, પૂજ્ય પદસ્થો, પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો, સાક્ષર વિદ્વાનો તેમજ સુપ્રસિદ્ધ ગ્રંથાગાર-જ્ઞાનભંડારના સંચાલકો વગેરેને અમે અંતરથી વિનંતિ કરીએ છીએ કે આપ સૌ તરફથી સલાહ-સૂચન-માર્ગદર્શન મળે તો પરિશિષ્ટમાં નીચેની હકીકતો સમાવી શકાય :

(૧) આ સાતે ભાગોમાં કોઈ ગ્રંથનો ઉલ્લેખ કદાચ રહી ગયો હોય તો તેની યાદી મૂકવી.

(૨) છેલ્લા કેટલાક વર્ષોમાં જે કંઈ પ્રાકૃત-સંસ્કૃત જૈન સાહિત્યનું નવસર્જન થયું હોય તે બધું લેવું.

(૩) આજ દિન સુધી જે કોઈ ગ્રંથોના સંશોધન-સંપાદન-પ્રકાશન ન થયાં હોય તેની નોંધ ઉમેરવી.

(૪) જે કોઈ વિદ્વાનો અપ્રકટ ગ્રંથોના સંશોધન-સંપાદન કરી રહ્યા હોય તે ઉમેરવું.

આ કાર્ય સહુના સાથ-સહકારથી જ સંભવી શકે તેમ છે. એનાથી અનેક જિજ્ઞાસુઓને સાચું માર્ગદર્શન મળશે.. કેટલાય અપ્રકાશિત ગ્રંથોના સંપાદન માટે નવી દિશાસૂઝ મળશે...

પ્રાંતે, અમારી એવી અંતરની અભિલાષા ખરી...

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાનું સંપૂર્ણ જીવન સમર્પણ કરી આપણા પૂર્વપુરુષો આરાધના-સાધનાના સારસ્વરૂપ જે જ્ઞાન-ખજાનો મૂકી ગયા છે, તે ખજાનાની માત્ર નોંધ-સ્વરૂપ આ સાતે ભાગ હાથમાં આવતાં એવો શુભ સંકલ્પ કરીએ કે રોજ આખા દિવસમાંથી માત્ર ૧૦ મિનિટ આ રત્નનિધિનું અવશ્ય વાંચન કરવું...

જેના નિરીક્ષણથી નિતનિત નવલી જ્ઞાનનિધિ નીરખી નીરખી નિજાનંદની અનુભૂતિ કરીએ.

એ જ

**પ.પૂ.આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. ના ગુરુબંધુ પૂ.ગુરુદેવ(પ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.)ના ચરણકિંકર સોમચંદ્ર વિ.**

વિ.સં.૨૦૬૦, મહા સુ.૧૩, બુધવાર
(સંસારીબેન મહારાજ સાધ્વીજી શ્રીયશસ્વિનીશ્રીજી જન્મદિન - સુવર્ણ વર્ષ)
ગોવાલિયાટેંક, મુંબઈ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકાશકીય

### (ગુજરાતી આવૃત્તિ)

શાસન સમ્રાટ્ શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી સ્થપાયેલી પ્રસિદ્ધ જૈન સંસ્થા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ દ્વારા જૈન ધર્મ, સંસ્કૃતિ અને સાહિત્યના સંરક્ષણ અને સંવર્ધનની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સંસ્થાએ આ પહેલાં ગ્લોરી ઓફ જૈનીઝમ, ૧૦૮ તીર્થદર્શનાવલિ, એસેન્સ ઓફ જૈનીઝમ જેવા વિવિધ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું પ્રકાશન કરેલ છે. સંસ્થાએ સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી જેવી મહત્ત્વની ભાષાઓમાં અનેક પ્રકારના જૈન સાહિત્યના જે ગ્રંથો પ્રકાશિત કરેલ છે તેની સૂચિ આ ગ્રંથના અંતે આપેલ છે. તે જોતાં જ સંસ્થાની પ્રકાશન પ્રવૃત્તિનું મહત્ત્વ જણાઈ આવશે.

જૈનમ્ જયતિ શાસનમ્

ભગવાન મહાવીરની ૨૬મી જન્મ-શતાબ્દી પ્રસંગે પૂજ્ય આચાર્ય ભગવંતોએ જૈન ધર્મના વિશ્વકોશ જેવા કોઈ અત્યંત મહત્ત્વપૂર્ણ સાહિત્યના પ્રકાશનની અભિલાષા વ્યક્ત કરી. તે સમયે જૈન વિશ્વકોશના પ્રકાશન અંગે ભારતમાં અને ભારત બહાર કેટલીક યોજનાઓ બની, અમે તેમાં સહકાર આપવા નિર્ણય કર્યો. પરંતુ વાત આગળ વધી નહીં. જૈન વિશ્વકોશની આવી જ એક મિટીંગ વખતે જાણીતા જૈન વિદ્વાન ડૉ. નગીનભાઈ શાહે સૂચન કર્યું કે જૈન વિશ્વકોશ હાલ કરી શકાય કે નહીં પરંતુ એક મોટું કાર્ય— જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસનું— કરવા જેવું છે. શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાન, વારાણસી દ્વારા ઈ.સ. ૧૯૬૬ થી ૧૯૮૧ દરમ્યાન હિન્દી ભાષામાં ૭ ભાગમાં લખાયેલ "જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ" ના ગુજરાતી અનુવાદનું પ્રકાશન કરવાની તેમણે સૂચના કરી. મિટીંગમાં હાજર રહેલા શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાનના પૂર્વનિયામક ડૉ. સાગરમલજી જૈને તરત જ આ કાર્ય કરવાની અનુમતિ આપી.

પૂજ્ય આચાર્ય ભગવંતો સાથે આ અંગે વાત કરતાં તેઓએ અત્યંત પ્રસન્નતાપૂર્વક આ કાર્ય તત્કાળ હાથ ધરવા સૂચના કરી. સંસ્થાએ અનુવાદની યોજના બનાવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાતી આવૃત્તિના સંપાદન-અનુવાદનનું કાર્ય દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન અને લા.દ.ભારતીય વિદ્યામંદિરના પૂર્વનિયામક ડૉ. નગીનભાઈ શાહ તથા પ્રાકૃત ભાષા-સાહિત્યના જાણીતા વિદ્વાન અને ગુજરાત યુનિવર્સિટીના પ્રાકૃત-પાલિ વિભાગના પૂર્વ-અધ્યક્ષ ડૉ. રમણીકભાઈ શાહને સોંપ્યુ.

આ રીતે પૂજ્ય આચાર્ય ભગવંતોના આશીર્વાદથી જૈન સાહિત્યના બૃહદ્ ઇતિહાસના ૭ ભાગોના અનુવાદનું કાર્ય ચાલુ થયું. ભાગ ૧, ૨ અને ૪ના ગુજરાતી અનુવાદ-ગ્રંથો આ સાથે પ્રસિદ્ધ થઈ રહ્યા છે. બાકીના ભાગો પણ ટૂંક સમયમાં જ પ્રકાશિત થશે. વળી આ બધા ભાગોનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત કરવાની અમારી ભાવના છે.

આ પ્રસંગે અમે પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય સોમચંદ્રસૂરિજી મહારાજ તથા અન્ય મુનિ ભગવંતોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી આવૃત્તિના માનદ્ સંપાદકો ડૉ. નગીનભાઈ શાહ અને ડૉ. રમણીકભાઈ શાહનો આ અનુવાદ કાર્ય હાથ ધરવા માટે આભાર માનીએ છીએ.

जैन साइट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી પાર્શ્વનાથ શોધ સંસ્થાન, વારાણસી તથા તેના પૂર્વનિયામક ડૉ. સાગરમલજી જૈનનો અનુવાદનું પ્રકાશન કરવાની પરવાનગી આપવા માટે આભાર માનીએ છીએ.

ભાગ-૪ના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપવા બદલ શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, માટુંગા, મુંબઈનો આભાર માનીએ છીએ.

ઉત્તમ છાપકામ માટે લેસર ઇમ્પ્રેશન્સવાળા શ્રી મયંક શાહ તથા માણિભદ્ર પ્રિન્ટર્સવાળા શ્રી કનુભાઈ ભાવસાર અને સુંદર સચિત્ર ટાઈટલ ડિઝાઈન માટે કીંગ ઈમેજ પ્રા. લી.ના ડાયરેક્ટર શ્રી જીવણભાઈ વડોદરિયાનો આભાર માનીએ છીએ.

**તા. ૯-૩-૨૦૦૪** — **—અનિલભાઈ ગાંધી, મેનેજીંગ ટ્રસ્ટી,**

**અમદાવાદ** — **શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ**

# સંપાદકીય

## (ગુજરાતી આવૃત્તિ)

ભગવાન મહાવીરની ૨૬મી જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં શાસન સમ્રાટ્ શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પ.પૂ આચાર્ય ભગવંત શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી સ્થપાયેલી પ્રસિદ્ધ જૈન સંસ્થા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ દ્વારા જૈન સાહિત્ય વિષયક કોઈ વિશિષ્ટ પ્રકાશન કાર્ય હાથ ધરવાની ઈચ્છા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનિલભાઈ ગાંધીએ વ્યક્ત કરી ત્યારે અમે તેમને શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાન, વારાણસી દ્વારા ઇ.સ. ૧૯૬૬ થી ૧૯૮૧ દરમ્યાન હિન્દી ભાષામાં ૭ ભાગમાં લખાયેલ **"જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ"** ના ગુજરાતી અનુવાદનું પ્રકાશન કરવાની સૂચના કરી. તેમણે પૂજ્ય આચાર્યશ્રી સાથે મંત્રણા કરી અનુવાદની યોજના બનાવી, ગુજરાતી આવૃત્તિના સંપાદન-અનુવાદનનું કાર્ય અમને સોંપ્યુ.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ ગ્રંથમાલા (ક્રમાંક ૬, ૭, ૧૧, ૧૨, ૧૪, ૨૦, ૨૪)માં સાત ભાગમાં પ્રકાશિત થયેલ "જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ"ના માનદ્ સંપાદકો પં. દલસુખભાઈ માલવાણિયા અને ડૉ. મોહન લાલ મેહતા હતા. તેની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૮૯ થી ૧૯૯૮ દરમ્યાન પ્રકાશિત થઈ હતી. તેના સંપાદક ડૉ. સાગરમલ જૈન હતા. ઉપરોક્ત ૭ ભાગોનો સંક્ષિપ્ત પરીચય અમે પ્રથમ ભાગમાં આપ્યો છે.

ભાગ-૧ અને ૨નો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થઈ ચૂક્યો છે. પ્રસ્તુત ભાગ ૪ "કર્મસાહિત્ય અને આગમિક પ્રકરણ"નો અનુવાદ ડૉ. નગીન શાહે કરેલ છે. આ ભાગના મૂળ લેખકો ડૉ. મોહન લાલ મેહતા અને પ્રો. હીરાલાલ ર. કાપડિયા હતા. આ બંને મહાનુભાવોનું ઋણ સ્વીકારી તેમના પ્રત્યે સાદર કૃતજ્ઞતા જ્ઞાપિત કરીએ છીએ.

આધુનિક ભારતીય સાહિત્યમાં સન્માનપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરનાર પ્રસ્તુત ગ્રંથરાજનો ગુજરાતી અનુવાદ ગુજરાતના વિશાળ જૈન અને જૈનેતર સમાજને જૈન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાહિત્યનો સર્વાંગપૂર્ણ પરિચય આપવા સમર્થ છે.

આવા મહત્ત્વપૂર્ણ અને બૃહત્કાય ગ્રંથનું પ્રકાશન હાથ ધરવા માટે પ્રેરક આચાર્ય ભગવંત શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્યશ્રી વિજય-અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્યશ્રી વિજય સોમચંદ્રસૂરિજી મ.સા.નો જૈન સમાજ સદાકાળ ઋણી રહેશે. શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીગણનો અને પ્રકાશન કાર્ય અંગેની સઘળી વ્યવસ્થા કાળજીપૂર્વક ગોઠવી આપનાર મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનિલભાઈ ગાંધીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમદાવાદ
તા. ૧-૩-૨૦૦૪

**નગીન શાહ**
**રમણીક શાહ**
(ગુજરાતી આવૃત્તિના માનદ સંપાદકો)

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રાક્કથન

### (પ્રથમ હિન્દી સંસ્કરણ)

આ 'જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ'નો ચતુર્થ ભાગ છે. વાચકોની સેવામાં પ્રસ્તુત કરતાં અત્યંત પ્રસન્નતાનો અનુભવ થઈ રહ્યો છે. આની પહેલાં પ્રકાશિત ત્રણ ભાગોનું વિદ્વત્સમાજ તથા સામાન્ય વાચકવૃંદે હાર્દિક સ્વાગત કર્યું હતુ. પ્રસ્તુત ભાગ પણ વિદ્વાનો અને અન્ય વાચકોને તેવી જ રીતે પસંદ પડશે તેવો વિશ્વાસ છે.

પૂર્વ પ્રકાશિત ત્રણેય ભાગ આગમ-સાહિત્ય સંબંધી હતા. પ્રસ્તુત ભાગનો સંબંધ આગમિક પ્રકરણો અને કર્મ સાહિત્ય સાથે છે. જૈન સાહિત્યના આ વિભાગમાં સેંકડો ગ્રંથોનો સમાવેશ થાય છે. કર્મ-સાહિત્ય સંબંધી પૃષ્ઠો મેં લખ્યા છે અને આગમિક પ્રકરણોનો પરિચય જૈન સાહિત્યના વિશિષ્ટ વિદ્વાન પ્રો.હીરાલાલ ર. કાપડિયાએ ગુજરાતીમાં લખેલ જેનો હિન્દી અનુવાદ પ્રો. શાંતિલાલ મ. વોરાએ કર્યો છે. હું આ બંને વિદ્વાનોનો આભારી છું.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રસ્તુત ભાગના સંપાદનમાં પણ પૂજ્ય પં. દલસુખભાઈનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે તે માટે હું તેઓશ્રીનો અત્યંત અનુગૃહીત છું. ગ્રંથના મુદ્રણ માટે સંસાર પ્રેસનો તથા પ્રુફ સંશોધન વગેરે માટે સંસ્થાનના શોધ-સહાયક પં. કપિલદેવ ગિરિનો આભાર માનું છું.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન
વારાણસી-૫
૨૪-૧૨-૧૯૬૮

**મોહન લાલ મેહતા**
અધ્યક્ષ

## મુખપૃષ્ઠ પરના ચિત્રનો પરિચય

વલભીના મૈત્રક રાજા શીલાદિત્યની રાજસભામાં બૌદ્ધ વાદીને પરાજિત કરી 'વાદી'નું બિરુદ પ્રાપ્ત કરનાર ક્ષમાશ્રમણ શ્રી મલ્લવાદીસૂરિના જીવનપ્રસંગો આ ચિત્રમાં વણી લેવામાં આવ્યા છે. શ્રી મલ્લવાદીસૂરિએ 'દ્વાદશાદનયચક્ર' નામક ન્યાયવિષયક અજોડ ગ્રંથની રચના કરી છે. તેમના સંસારી જીવનના મોટા ભાઈ મુનિ અજિતયશે 'પ્રમાણ' ગ્રંથ અને બીજા ભાઈ યક્ષમુનિએ 'અષ્ટાંગ નિમિત્ત બોધિની' નામક ગ્રંથની રચના કરી હતી. એક માતાના ત્રણ ત્રણ પુત્રોએ જૈન શાસનની સાધુતા, સાહિત્ય અને તત્ત્વચિંતન દ્વારા સેવા કરી હોય તેવો આ વિરલ દાખલો છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તુત પુસ્તકમાં

## કર્મ-સાહિત્ય


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | **કર્મવાદ** | ૫-૨૬ |
| | કર્મવાદ અને ઈચ્છાસ્વાતન્ત્ર્ય | ૬ |
| | કર્મવિરોધી માન્યતાઓ | ૭ |
| | કર્મવાદનું મન્તવ્ય | ૧૧ |
| | કર્મનો અર્થ | ૧૨ |
| | કર્મબંધનાં કારણ | ૧૩ |
| | કર્મબંધની પ્રક્રિયા | ૧૪ |
| | કર્મનો ઉદય અને ક્ષય | ૧૫ |
| | કર્મપ્રકૃતિ અને કર્મફળ | ૧૫ |
| | કર્મોની સ્થિતિ | ૨૧ |
| | કર્મફળની તીવ્રતા-મંદતા | ૨૨ |
| | કર્મોના પ્રદેશો | ૨૨ |
| | કર્મની વિવિધ અવસ્થાઓ | ૨૨ |
| | કર્મ અને પુનર્જન્મ | ૨૬ |
| ૨. | **કર્મપ્રાભૃત** | ૨૭-૫૯ |
| | કર્મપ્રાભૃતની આગમિક પરંપરા | ૨૭ |
| | કર્મપ્રાભૃતના પ્રણેતા | ૨૮ |
| | કર્મપ્રાભૃતના વિષયનું વિભાજન | ૨૯ |
| | જીવસ્થાન | ૩૦ |
| | ક્ષુદ્રકબંધ | ૪૮ |
| | બંધસ્વામિત્વવિચય | ૫૦ |
| | વેદના | ૫૧ |
| | વર્ગણા | ૫૬ |
| | મહાબંધ | ૫૮ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ૩. | **કર્મપ્રાભૃતની વ્યાખ્યાઓ** | ૬૦-૮૭ |
| | કુંદકુંદકૃત પરિકર્મ | ૬૦ |
| | શામકુંડકૃત પદ્ધતિ | ૬૦ |
| | તુમ્બુલૂરકૃત ચૂડામણિ અને પંજિકા | ૬૦ |
| | સમંતભદ્રકૃત ટીકા | ૬૧ |
| | બપ્પદેવકૃત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | ૬૧ |
| | ધવલાકાર વીરસેન | ૬૧ |
| | ધવલા ટીકા | ૬૨ |
| ૪. | **કષાયપ્રાભૃત** | ૮૮-૯૮ |
| | કષાયપ્રાભૃતની આગમિક પરંપરા | ૮૮ |
| | કષાયપ્રાભૃતના પ્રણેતા | ૮૯ |
| | કષાયપ્રાભૃતના અર્થાધિકારો | ૯૦ |
| | કષાયપ્રાભૃતની ગાથાસંખ્યા | ૯૧ |
| | વિષયપરિચય | ૯૧ |
| ૫. | **કષાયપ્રાભૃતની વ્યાખ્યાઓ** | ૯૯-૧૦૬ |
| | યતિવૃષભકૃત ચૂર્ણિ | ૧૦૦ |
| | વીરસેન-જિનસેનકૃત જયધવલા | ૧૦૩ |
| | બપ્પદેવાચાર્યલિખિત ઉચ્ચારણા | ૧૦૫ |
| ૬. | **અન્ય કર્મસાહિત્ય** | ૧૦૭-૧૪૨ |
| | દિગંબરીય કર્મસાહિત્ય | ૧૦૯ |
| | શ્વેતાંબરીય કર્મસાહિત્ય | ૧૧૦ |
| | શિવશર્મસૂરિકૃત કર્મપ્રકૃતિ | ૧૧૪ |
| | કર્મપ્રકૃતિની વ્યાખ્યાઓ | ૧૨૧ |
| | ચન્દ્રર્ષિમહત્તરકૃત પંચસંગ્રહ | ૧૨૪ |
| | પંચસંગ્રહની વ્યાખ્યાઓ | ૧૨૬ |
| | પ્રાચીન ષટ્ કર્મગ્રંથ | ૧૨૬ |
| | જિનવલ્લભકૃત સાર્ધશતક | ૧૨૮ |
| | દેવેન્દ્રસૂરિકૃત નવ્ય કર્મગ્રંથ | ૧૨૮ |


जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવ્ય કર્મગ્રંથોની વ્યાખ્યાઓ ૧૩૨
ભાવપ્રકરણ ૧૩૩
બંધહેતૂદયત્રિભંગી ૧૩૩
બંધોદયસત્તાપ્રકરણ ૧૩૩
નેમિચન્દ્રકૃત ગોમ્મટસાર ૧૩૩
ગોમ્મટસારની વ્યાખ્યાઓ ૧૪૦
લબ્ધિસાર (ક્ષપણાસારગર્ભિત) ૧૪૧
લબ્ધિસારની વ્યાખ્યાઓ ૧૪૨
પંચસંગ્રહ ૧૪૨

## આગમિક પ્રકરણ

૧. **આગમિક પ્રકરણોનો ઉદ્‌ભવ અને વિકાસ** **૧૪૫-૧૪૭**
૨. **આગમસાર અને દ્રવ્યાનુયોગ** **૧૪૮-૧૯૨**
આચાર્ય કુંદકુંદના ગ્રંથો ૧૪૮
પ્રવચનસાર ૧૪૯
સમયસાર ૧૫૧
નિયમસાર ૧૫૪
પંચાસ્તિકાયસાર ૧૫૬
આઠ પાહુડ ૧૫૮
જીવસમાસ ૧૬૫
જીવવિચાર ૧૬૬
પણ્ણવણાતઈયપયસંગહણી ૧૬૭
જીવાજીવાભિગમસંગહણી ૧૬૭
જમ્બૂદ્દીપસમાસ ૧૬૭
સમયખિત્તસમાસ અથવા ખેત્તસમાસ ૧૬૮
ક્ષેત્રવિચારણા ૧૬૯
ખેત્તસમાસ ૧૭૦
જંબૂદીવસંગહણી ૧૭૦
સંગહણી ૧૭૧
સંખિત્તસંગહણી અથવા સંગહણિરયણ ૧૭૨

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| વિચારછત્તીસિયાસુત્ત | ૧૭૩ |
| પવયણસારુદ્ધાર | ૧૭૪ |
| સત્તરિસયઠાણપયરણ | ૧૮૦ |
| પુરુષાર્થસિદ્ધ્યુપાય | ૧૮૦ |
| તત્ત્વાર્થસાર | ૧૮૧ |
| નવતત્તપયરણ | ૧૮૨ |
| અંગુલસત્તરિ | ૧૮૩ |
| છટ્ઠાણપયરણ | ૧૮૩ |
| જીવાણુસાસણ | ૧૮૪ |
| સિદ્ધપંચાસિયા | ૧૮૫ |
| ગોયમપુચ્છા | ૧૮૬ |
| સિદ્ધાન્તાર્ણવ | ૧૮૬ |
| વનસ્પતિસપ્તતિકા | ૧૮૭ |
| કાલશતક | ૧૮૭ |
| શાસ્ત્રસારસમુચ્ચય | ૧૮૭ |
| સિદ્ધાન્તાલાપકોદ્ધાર, વિચારામૃતસંગ્રહ અથવા વિચારસંગ્રહ | ૧૮૭ |
| વિંશતિસ્થાનકવિચારામૃતસંગ્રહ | ૧૮૮ |
| સિદ્ધાન્તોદ્ધાર | ૧૮૮ |
| ચચ્ચરી | ૧૮૮ |
| વીસિયા | ૧૮૯ |
| કાલસરુવકુલય | ૧૮૯ |
| આગમિયવત્થુવિચારસાર | ૧૯૦ |
| સૂક્ષ્માર્થવિચારસાર અથવા સાર્ધશતકપ્રકરણ | ૧૯૧ |
| પ્રશ્નોત્તરરત્નમાલા અથવા રત્નમાલિકા | ૧૯૧ |
| સર્વસિદ્ધાન્તવિષમપદપર્યાય | ૧૯૨ |
| | |
| ધર્મોપદેશ | ૧૯૩-૨૨૬ |
| ઉવએસમાલા | ૧૯૩ |
| ઉવએસપય | ૧૯૫ |
| ઉપદેશપ્રકરણ | ૧૯૫ |
| ધમ્મોવએસમાલા | ૧૯૬ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | |
|---|---|
| ઉવએસમાલા | ૧૯૬ |
| ઉવએસરસાયણ | ૧૯૭ |
| ઉપદેશકંદલી | ૧૯૮ |
| હિતોપદેશમાલા-વૃત્તિ | ૧૯૮ |
| ઉવએસચિંતામણિ | ૧૯૯ |
| પ્રબોધચિંતામણિ | ૧૯૯ |
| ઉપદેશરત્નાકર | ૨૦૦ |
| ઉપદેશસપ્તતિકા | ૨૦૧ |
| ઉપદેશતરંગિણી | ૨૦૨ |
| આત્માનુશાસન | ૨૦૨ |
| ધર્મસાર | ૨૦૩ |
| ધર્મબિંદુ | ૨૦૩ |
| ધર્મરત્નકરંડક | ૨૦૪ |
| ધમ્મવિહિ | ૨૦૪ |
| ધર્મામૃત | ૨૦૫ |
| ધર્મોપદેશપ્રકરણ | ૨૦૭ |
| ધર્મસર્વસ્વાધિકાર | ૨૦૭ |
| ભવભાવણા | ૨૦૭ |
| ભાવનાસાર | ૨૦૮ |
| ભાવનાસંધિ | ૨૦૮ |
| બૃહન્મિથ્યાત્વમથન | ૨૦૯ |
| દરિસણસત્તરિ અથવા સાવયધમ્મપયરણ | ૨૦૯ |
| દરિસણસુદ્ધિ અથવા દરિસણસત્તરિ | ૨૦૯ |
| સમ્મત્તપયરણ અથવા દંસણસુદ્ધિ | ૨૦૯ |
| સમ્યક્ત્વકૌમુદી | ૨૧૦ |
| સડ્ઢિસય | ૨૧૧ |
| દાણસીલતવભાવણાકુલય | ૨૧૨ |
| દાણુવએસમાલા | ૨૧૨ |
| દાનપ્રદીપ | ૨૧૨ |
| દાનાદિપ્રકરણ | ૨૧૪ |
| સીલોવએસમાલા | ૨૧૪ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ધર્મકલ્પદ્રુમ | ૨૧૫ |
| વિવેગમંજરી | ૨૧૬ |
| વિવેગવિલાસ | ૨૧૭ |
| વદ્ધમાણદેસણા | ૨૧૮ |
| વર્દ્ધમાનદેશના | ૨૧૯ |
| સંબોહપયરણ અથવા તત્તપયાસગ | ૨૨૦ |
| સંબોહસત્તરિ | ૨૨૦ |
| સુભાષિતરત્નસંદોહ | ૨૨૧ |
| સિન્દૂરપ્રકર | ૨૨૨ |
| સૂક્તાવલી | ૨૨૨ |
| વજ્જાલગ્ગ | ૨૨૨ |
| નીતિધનદ અર્થાત્ નીતિશતક | ૨૨૩ |
| વૈરાગ્યધનદ અર્થાત્ વૈરાગ્યશતક | ૨૨૩ |
| પદ્માનંદશતક અર્થાત્ વૈરાગ્યશતક | ૨૨૪ |
| અણુસાસણંકુસકુલય | ૨૨૪ |
| રયણત્તયકુલય | ૨૨૪ |
| ગાહાકોસ | ૨૨૪ |
| મોક્ષોપદેશપંચાશત | ૨૨૪ |
| હિઓવએસકુલય | ૨૨૫ |
| ઉવએસકુલય | ૨૨૫ |
| નાણપ્પયાસ | ૨૨૫ |
| ધમ્માધમ્મવિયાર | ૨૨૫ |
| સુબોધપ્રકરણ | ૨૨૫ |
| સામણ્ણગુણોવએસકુલય | ૨૨૫ |
| આત્મબોધકુલક | ૨૨૬ |
| વિદ્યાસાગરશ્રેષ્ઠિકથા | ૨૨૬ |
| ગદ્યગોદાવરી | ૨૨૬ |
| કુમારપાલપ્રબંધ | ૨૨૬ |
| દુવાલસકુલય | ૨૨૬ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ૪. | યોગ અને અધ્યાત્મ | ૨૨૭-૨૬૬ |
| | સભાષ્ય યોગદર્શનની જૈન વ્યાખ્યા | ૨૨૮ |
| | યોગના છ અંગો | ૨૨૯ |
| | યોગનિર્ણય | ૨૨૯ |
| | યોગાચાર્યની કૃતિ | ૨૩૦ |
| | હરિભદ્રની કૃતિઓ | ૨૩૦ |
| | યોગબિંદુ | ૨૩૦ |
| | યોગશતક | ૨૩૩ |
| | યોગદૃષ્ટિસમુચ્ચય | ૨૩૫ |
| | બ્રહ્મસિદ્ધિસમુચ્ચય | ૨૩૭ |
| | જોગવિહાણવીસિયા | ૨૩૮ |
| | પરમપ્પયાસ | ૨૩૯ |
| | જોગસાર | ૨૪૦ |
| | યોગસાર | ૨૪૧ |
| | યોગશાસ્ત્ર અથવા અધ્યાત્મોપનિષદ્ | ૨૪૨ |
| | જ્ઞાનાર્ણવ, યોગાર્ણવ અથવા યોગપ્રદીપ | ૨૪૭ |
| | જ્ઞાનાર્ણવસારોદ્ધાર | ૨૪૮ |
| | ધ્યાનદીપિકા | ૨૪૮ |
| | યોગપ્રદીપ | ૨૪૯ |
| | ઝાણજ્ઝયણ અથવા ઝાણસય | ૨૫૦ |
| | ધ્યાનવિચાર | ૨૫૨ |
| | ધ્યાનદંડકસ્તુતિ | ૨૫૪ |
| | ધ્યાનચતુષ્ટયવિચાર | ૨૫૫ |
| | ધ્યાનદીપિકા | ૨૫૫ |
| | ધ્યાનમાલા | ૨૫૫ |
| | ધ્યાનસાર | ૨૫૫ |
| | ધ્યાનસ્તવ | ૨૫૫ |
| | ધ્યાનસ્વરૂપ | ૨૫૫ |
| | અનુપ્રેક્ષા | ૨૫૫ |
| | બારસાણુવેક્ખા | ૨૫૫ |
| | બારસાનુવેક્ખા અથવા કાર્તિકેયાનુપ્રેક્ષા | ૨૫૬ |

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| દ્વાદશાનુપ્રેક્ષા | ૨૫૬ |
| દ્વાદશભાવના | ૨૫૬ |
| દ્વાદશભાવનાકુલક | ૨૫૬ |
| શાન્તસુધારસ | ૨૫૬ |
| સમાધિતંત્ર | ૨૫૭ |
| સમાધિતંત્ર અથવા સમાધિશતક | ૨૫૭ |
| સમાધિદ્વાત્રિંશિકા | ૨૫૮ |
| સમતાકુલક | ૨૫૮ |
| સામ્યશતક | ૨૫૮ |
| અધ્યાત્મકલ્પદ્રુમ | ૨૫૯ |
| અધ્યાત્મરાસ | ૨૬૧ |
| અધ્યાત્મસાર | ૨૬૧ |
| અધ્યાત્મોપનિષદ્ | ૨૬૨ |
| અધ્યાત્મબિંદુ | ૨૬૩ |
| અધ્યાત્મોપદેશ | ૨૬૩ |
| અધ્યાત્મકમલમાર્તંડ | ૨૬૩ |
| અધ્યાત્મતરંગિણી | ૨૬૪ |
| અધ્યાત્માષ્ટક | ૨૬૪ |
| અધ્યાત્મગીતા | ૨૬૪ |
| ગુણસ્થાનક્રમારોહ, ગુણસ્થાનક અથવા ગુણસ્થાનરત્નરાશિ | ૨૬૪ |
| ગુણસ્થાનકનિરૂપણ | ૨૬૫ |
| ગુણસ્થાનક્રમારોહ | ૨૬૫ |
| ગુણસ્થાનદ્વાર | ૨૬૫ |
| ગુણઠ્ઠાણકમારોહ | ૨૬૫ |
| ગુણઠ્ઠાણસય | ૨૬૫ |
| ગુણઠ્ઠાણમગ્ગણઠ્ઠાણ | ૨૬૫ |
| ઉપશમશ્રેણિસ્વરૂપ અને ક્ષપકશ્રેણિસ્વરૂપ | ૨૬૬ |
| ખવગ-સેઢી | ૨૬૬ |
| ઠિઇ-બંધ | ૨૬૬ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ૫. | અનગાર અને સાગારનો આચાર | ૨૬૭-૨૯૨ |
| | પ્રશમરતિ | ૨૬૭ |
| | પંચસુત્તય | ૨૬૮ |
| | મૂલાચાર | ૨૬૯ |
| | પંચનિયંઠી | ૨૬૯ |
| | પંચવત્થુગ | ૨૭૦ |
| | દંસણસાર | ૨૭૧ |
| | દર્શનસારદોહા | ૨૭૧ |
| | શ્રાવકપ્રજ્ઞપ્તિ | ૨૭૧ |
| | સાવયપણ્ણત્તિ | ૨૭૧ |
| | રત્નકરંડકશ્રાવકાચાર | ૨૭૨ |
| | પંચાસગ | ૨૭૩ |
| | ધર્મસાર | ૨૭૪ |
| | સાવયધમ્મતંત | ૨૭૪ |
| | નવપયપયરણ | ૨૭૫ |
| | ઉપાસકાચાર | ૨૭૬ |
| | શ્રાવકાચાર | ૨૭૭ |
| | શ્રાવકધર્મવિધિ | ૨૭૭ |
| | શ્રાદ્ધગુણશ્રેણિસંગ્રહ | ૨૭૮ |
| | ધર્મરત્નકરંડક | ૨૭૯ |
| | ચેઈયવંદણભાસ | ૨૭૯ |
| | સંઘાચારવિધિ | ૨૮૦ |
| | સાવગવિહિ | ૨૮૦ |
| | ગુરુવંદણભાસ | ૨૮૦ |
| | પચ્ચક્ખાણભાસ | ૨૮૧ |
| | મૂલસુદ્ધિ | ૨૮૧ |
| | આરાહણા | ૨૮૨ |
| | આરાહણાસાર | ૨૮૪ |
| | આરાધના | ૨૮૫ |
| | સામાયિકપાઠ અથવા ભાવનાદ્વાત્રિંશિકા | ૨૮૫ |
| | આરાહણાપડાયા | ૨૮૫ |


जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | |
|---|---|
| આહારણાકુલય | ૨૮૫ |
| સંવેગરંગશાલા | ૨૮૫ |
| આરાહણાસત્થ | ૨૮૫ |
| પંચલિંગી | ૨૮૬ |
| દંસણસુદ્ધિ | ૨૮૬ |
| સમ્યક્ત્વાલંકાર | ૨૮૬ |
| યતિદિનકૃત્ય | ૨૮૬ |
| જઇજીયકપ્પ | ૨૮૭ |
| જઈસામાયારી | ૨૮૭ |
| પિંડવિસુદ્ધિ | ૨૮૮ |
| સઙ્ઢજીયકપ્પ | ૨૮૮ |
| સઙ્ઢદિણકિચ્ચ | ૨૮૮ |
| સઙ્ઢવિહિ | ૨૮૯ |
| વિષયનિગ્રહકુલક | ૨૯૦ |
| પ્રત્યાખ્યાનસિદ્ધિ | ૨૯૦ |
| આચારપ્રદીપ | ૨૯૦ |
| ચારિત્રસાર | ૨૯૧ |
| ચારિત્રસાર અથવા ભાવનાસારસંગ્રહ | ૨૯૧ |
| ગુરુપારતંતથોત્ત | ૨૯૨ |
| ધર્મલાભસિદ્ધિ | ૨૯૨ |
| **વિધિ-વિધાન, કલ્પ, મંત્ર, તંત્ર, પર્વ અને તીર્થ** | **૨૯૩-૩૨૪** |
| પૂજાપ્રકરણ | ૨૯૩ |
| દશભક્તિ | ૨૯૩ |
| આવશ્યકસપ્તતિ | ૨૯૬ |
| સુખપ્રબોધિની | ૨૯૬ |
| સમ્મત્તુપાયણવિહિ | ૨૯૬ |
| પચ્ચક્ખાણસરૂવ | ૨૯૬ |
| સંઘપટ્ટક | ૨૯૭ |
| સામાચારી | ૨૯૮ |
| પ્રશ્નોત્તરશત અથવા સામાચારીશતક | ૨૯૯ |


જૈનમ્ જયતિ શાસનમ્

| | |
|---|---|
| પડિક્કમણસામાયારી | ૩૦૦ |
| સામાયારી | ૩૦૦ |
| પોસહવિહિપયરણ | ૩૦૦ |
| પોસહિયપાયચ્છિત્તસામાયારી | ૩૦૧ |
| સામાયારી | ૩૦૧ |
| વિહિમગ્ગપ્પવા | ૩૦૧ |
| પ્રતિક્રમણક્રમવિધિ | ૩૦૩ |
| પર્યુષણાવિચાર | ૩૦૪ |
| શ્રાદ્ધવિધિવિનિશ્ચય | ૩૦૪ |
| દશલાક્ષણિકવ્રતોદ્યાપન | ૩૦૪ |
| દશલક્ષણવ્રતોદ્યાપન | ૩૦૫ |
| પઈટ્ઠાકપ્પ | ૩૦૫ |
| પ્રતિષ્ઠાકલ્પ | ૩૦૫ |
| પ્રતિષ્ઠાસારસંગ્રહ | ૩૦૭ |
| જિનયજ્ઞકલ્પ | ૩૦૭ |
| રત્નત્રયવિધાન | ૩૦૭ |
| સૂરિમંત્ર | ૩૦૭ |
| સૂરિમંત્રકલ્પ | ૩૦૮ |
| સૂરિમંત્રબૃહત્કલ્પવિવરણ | ૩૦૮ |
| વર્ધમાનવિદ્યાકલ્પોદ્ધાર | ૩૦૮ |
| બૃહત્ હ્રીંકારકલ્પ | ૩૦૯ |
| વર્ધમાનવિદ્યાકલ્પ | ૩૧૦ |
| મંત્રરાજરહસ્ય | ૩૧૦ |
| વિદ્યાનુશાસન | ૩૧૦ |
| વિદ્યાનુવાદ | ૩૧૦ |
| ભૈરવ-પદ્માવતીકલ્પ | ૩૧૧ |
| અદ્ભુતપદ્માવતીકલ્પ | ૩૧૫ |
| રક્તપદ્માવતી | ૩૧૫ |
| જ્વાલિનીકલ્પ | ૩૧૬ |
| કામચાંડાલિનીકલ્પ | ૩૧૬ |
| ભારતીકલ્પ અથવા સરસ્વતીકલ્પ | ૩૧૬ |


जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| સરસ્વતીકલ્પ | ૩૧૭ |
| સિદ્ધયંત્રચક્રોદ્ધાર | ૩૧૭ |
| સિદ્ધયંત્રચક્રોદ્ધાર-પૂજનવિધિ | ૩૧૭ |
| દીપાલિકાકલ્પ | ૩૧૮ |
| સેત્તુંજકલ્પ | ૩૧૯ |
| ઉજ્જયંતકલ્પ | ૩૧૯ |
| ગિરિનારકલ્પ | ૩૨૦ |
| પવ્વજ્જાવિહાણ | ૩૨૦ |
| યંત્રરાજ | ૩૨૧ |
| યંત્રરાજરચનાપ્રકાર | ૩૨૧ |
| કલ્પપ્રદીપ અથવા વિવિધતીર્થકલ્પ | ૩૨૧ |
| ચેઈયપરિવાડી | ૩૨૪ |
| તીર્થમાલાપ્રકરણ | ૩૨૪ |
| તિત્થમાલાથવણ | ૩૨૪ |
| તીર્થમાલાસ્તવન | ૩૨૪ |
| અનુક્રમણિકા | ૩૨૫ |
| **સહાયક ગ્રંથોની સૂચિ** | ૩૮૪ |


जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કર્મસાહિત્ય અને આગમિક પ્રકરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

કર્મસાહિત્ય

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પહેલું પ્રકરણ

# કર્મવાદ

ભારતીય તત્ત્વચિંતનમાં કર્મવાદનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે. ચાર્વાકોને બાદ કરતાં ભારતના બધી શ્રેણીના વિચારકો કર્મવાદથી પ્રભાવિત રહ્યા છે. ભારતીય દર્શન, ધર્મ, સાહિત્ય, કલા, વિજ્ઞાન વગેરે પર કર્મવાદનો પ્રભાવ દેખાય છે. સુખ-દુઃખ અને સાંસારિક વૈવિધ્યનું કારણ ખોળતાં ખોળતાં ભારતીય વિચારકોએ કર્મના અદ્‌ભુત સિદ્ધાન્તને શોધી કાઢ્યો છે. ભારતીય જનતાની એ સામાન્ય માન્યતા રહી છે કે પ્રાણી જે સુખ કે દુઃખ પામે છે તે તેણે કરેલા કર્મના ફળ સિવાય બીજું કંઈ નથી. જીવ અનાદિકાળથી કર્મવશે જ વિવિધ ભવોમાં ભ્રમણ કરી રહ્યો છે. જન્મ અને મૃત્યુની જડ કર્મ છે. જન્મ-મરણ જ સૌથી મોટું દુઃખ છે. જીવ પોતાનાં શુભ અને અશુભ કર્મો સાથે જ પરભવમાં જાય છે. જે જેવું કરે છે તેને તેવું જ ફળ ભોગવવું પડે છે. 'જેવું વાવે તેવું લણે'નું તાત્પર્ય જ આ છે. એક જીવે કરેલા કર્મના ફળનો અધિકારી બીજો જીવ બનતો નથી. જે પ્રાણી જે કર્મ કરે છે તે જ પ્રાણી સાથે તે કર્મનો સંબંધ છે, બીજા પ્રાણી સાથે નથી. કર્મવાદની સ્થાપનામાં જો કે ભારતની બધી જ દાર્શનિક અને નૈતિક શાખાઓએ પોતાનો ફાળો આપ્યો છે તેમ છતાં જૈન પરંપરામાં કર્મવાદનું જે સુવિકસિત રૂપ દેખાય છે તે અન્યત્ર મળતું નથી. જૈન આચાર્યોએ જે રીતે કર્મવાદનું સુવ્યવસ્થિત, સુસંબદ્ધ અને સર્વાંગપૂર્ણ નિરૂપણ કર્યું છે તે રીતનું નિરૂપણ અન્યત્ર દુર્લભ જ નહિ, અલભ્ય પણ છે. કર્મવાદ જૈન વિચારધારા અને આચારપરંપરાનું છૂટું ન પાડી શકાય એવું અંગ બની ગયો છે. જૈન દર્શન અને આચારની બધી જ મહત્ત્વની માન્યતાઓ અને ધારણાઓ કર્મવાદ ઉપર આધારિત છે.[1]

કર્મવાદના આધારભૂત સિદ્ધાન્તો નીચે મુજબ છે :

---

૧. કર્મવાદનું મૂળ સંભવતઃ જૈન પરંપરામાં છે. કર્મવાદની ઉત્પત્તિ વિશેના ઐતિહાસિક વિવેચન માટે જુઓ—પં. દલસુખ માલવણિયા : આત્મમીમાંસા, પૃ. ૭૯-૮૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) દરેક ક્રિયાનું કોઈ ને કોઈ ફળ અવશ્ય હોય છે. બીજા શબ્દોમાં, કોઈ પણ ક્રિયા ફળ વિનાની નથી હોતી. આ સિદ્ધાન્તને કાર્ય-કારણભાવ કે કર્મ-ફલભાવ કહે છે.

(૨) જો કોઈ ક્રિયાનું ફળ જીવને વર્તમાન જન્મમાં ન મળે તો તે ફળ તે જીવને મળે એ માટે તેનો ભાવિ જન્મ અનિવાર્ય બની જાય છે.

(૩) કર્મના કર્તારૂપ અને કર્મફળના ભોક્તારૂપ સ્વતન્ત્ર આત્મતત્ત્વ નિરન્તર એક ભવથી બીજા ભવમાં ભમ્યા કરે છે. કોઈ ને કોઈ ભવના માધ્યમ દ્વારા જ તે એક નિશ્ચિત કાળમર્યાદામાં રહીને પૂર્વકૃત કર્મોનાં ફળ ભોગવે છે અને નવાં કર્મો બાંધે છે. કર્મોની આ પરંપરાને તોડવાનું પણ તેની શક્તિની બહાર નથી.

(૪) જન્મજાત વ્યક્તિભેદ કર્મજન્ય છે. વ્યક્તિઓના વ્યવહારમાં તેમ જ સુખ-દુઃખમાં જે વિષમતા જણાય છે તેનું કારણ વ્યક્તિઓએ કરેલાં કર્મોની વિષમતા છે.

(૫) જીવ પોતે જ કર્મબંધનો અને કર્મભોગનો અધિષ્ઠાતા છે. જીવ સિવાય જેટલાં પણ કારણો જણાય છે તે બધાં સહકારી કે નિમિત્તભૂત કારણો છે.

કર્મવાદ અને ઇચ્છાસ્વાતન્ત્ર્ય

જીવ અનાદિ કાળથી કર્મપરંપરામાં ફસાયો છે. જૂનાં કર્મોનો ભોગ અને નવાં કર્મોનો બંધ અનાદિ કાળથી ચાલતો આવે છે. જીવ પોતાનાં કરેલાં કર્મોને ભોગવતો રહે છે અને નવાં કર્મોને બાંધતો રહે છે. આમ હોવા છતાં પણ એમ કહી શકાય નહિ કે જીવ સર્વથા કર્મને અધીન છે, એટલે કે જીવ કર્મબંધને રોકવા સમર્થ નથી. જો જીવના પ્રત્યેક કાર્યને કર્માધીન જ માનવામાં આવે તો જીવ પોતાની આત્મશક્તિનો સ્વતન્ત્રતાપૂર્વક ઉપયોગ કેવી રીતે કરી શકે ? બીજા શબ્દોમાં, જીવને સર્વથા કર્માધીન માનતાં ઇચ્છાસ્વાતન્ત્ર્યનું કોઈ જ મૂલ્ય રહેતું નથી. પ્રત્યેક ક્રિયાને જો કર્મમૂલક જ ગણવામાં આવે તો જીવનો ન તો પોતાના પર કોઈ અધિકાર રહે છે, ન તો બીજાઓ પર. આવી દશામાં જીવની બધી જ ક્રિયાઓ સ્વચાલિત યન્ત્રની જેમ સ્વતઃ ચાલ્યા કરશે. જીવનાં જૂનાં કર્મો સ્વતઃ પોતાનાં ફળ આપતાં રહેશે અને જીવની તત્કાલીન નિશ્ચિત કર્માધીન પરિસ્થિતિ અનુસાર નવાં કર્મો બંધાતાં રહેશે અને આ નવાં બંધાયેલા કર્મો સમય આવ્યે ભવિષ્યમાં પોતાનાં ફળો જીવને આપશે – આ રીતે કર્મપરંપરા સ્વચાલિત યન્ત્રની જેમ પોતાંની મેળે આગળ ને આગળ ચાલ્યા જ કરશે. પરિણામે કર્મવાદ નિયતિવાદ કે અનિવાર્યતાવાદ[1] જ બની રહેશે

૧. Determinism or Necessitarianism

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા ઇચ્છાસ્વાતન્ત્ર્ય કે સ્વતન્ત્રતાવાદનું[1] જીવનમાં કંઈ જ સ્થાન નહિ રહે.

કર્મવાદને નિયતિવાદ કે અનિવાર્યતાવાદ ન કહી શકાય. ઇચ્છાસ્વાતંત્ર્યનું કંઈ જ મૂલ્ય નથી એવું તાત્પર્ય કર્મવાદનું નથી. કર્મવાદ એવું માનતો નથી કે જેમ જીવ કર્મનું ફળ ભોગવવામાં પરતન્ત્ર છે તેમ કર્મ બાંધવામાં પણ પરતન્ત્ર છે. કર્મવાદની માન્યતા પ્રમાણે જીવે પોતે કરેલાં કર્મોનાં ફળો કોઈ ને કોઈ રૂપમાં અવશ્ય ભોગવવા પડે છે પરંતુ નવાં કર્મો બાંધવામાં જીવ અમુક હદ સુધી સ્વતન્ત્ર છે. કરેલાં કર્મોને ભોગવ્યા વિના મુક્તિ શક્ય નથી એ હકીકત છે પરંતુ એ અનિવાર્ય નથી કે જીવે અમુક સમયમાં અમુક કર્મો બાંધવા જ. આન્તરિક શક્તિ અને બાહ્ય પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને જીવ નવાં કર્મોને બંધાતાં રોકી શકે છે. એટલું જ નહિ પણ જીવ કરેલાં કર્મોને અમુક હદ સુધી ઝડપથી કે વિલંબથી ભોગવી શકે છે અથવા તો તે તેમનામાં પારસ્પરિક પરિવર્તન પણ કરી શકે છે. આ રીતે કર્મવાદમાં મર્યાદિત ઇચ્છાસ્વાતન્ત્ર્યને સ્થાન છે જ, એમ માનવું પડે છે. જો કોઈ ઇચ્છાસ્વાતન્ત્ર્યનો અર્થ 'જીવ જે ઇચ્છે તે કરી શકે છે' એવો કરતું હોય તો તેવા સ્વાતન્ત્ર્યને કર્મવાદમાં કોઈ સ્થાન નથી. જીવ પોતાની શક્તિ અને બાહ્ય પરિસ્થિતિની અવહેલના કરીને કોઈ કાર્ય કરી શકતો નથી. જેમ તેણે બાહ્ય પરિસ્થિતિઓનો પોતે અમુક હદ સુધી દાસ છે એ સ્વીકારવું પડે છે તેમ તેણે પોતાના પરાક્રમની મર્યાદાનું પણ ધ્યાન રાખવું પડે છે. આમ હોવા છતાં પણ જીવ કર્મ કરવામાં સર્વથા પરતન્ત્ર નથી પરંતુ અમુક હદ સુધી સ્વતન્ત્ર છે. કર્મવાદમાં આ જ ઇચ્છાસ્વાતન્ત્ર્ય છે. આ રીતે કર્મવાદ નિયતિવાદ અને સ્વતન્ત્રતાવાદના વચ્ચેનો સિદ્ધાન્ત છે – મધ્યમવાદ છે.

## કર્મવિરોધી માન્યતાઓ

કર્મવાદને પોતાના વિરોધી અનેક વાદોનો સામનો કરવો પડે છે. જગતમાં જણાતી વિષમતાઓનો ખુલાસો કરવાનો પ્રયત્ન કરવા મથતા કેટલાક વિચારકો એ તથ્યની સ્થાપના કરે છે કે કાળ જ જગતની ઉત્પત્તિનું આદિ કારણ છે. કેટલાક વિચારકો સ્વભાવને જ જગતનું કારણ ગણે છે. કેટલાક વિચારકોના મતે નિયતિ જ સર્વેસર્વા છે. કેટલાક ચિંતકો યદૃચ્છાને જ જગતનું કારણ માને છે. કેટલાક ચિંતકો એવા પણ છે જેઓ પૃથ્વી આદિ ભૂતોને જ જગતનું કારણ

---

૧. Freedom of Will or Libertarianism

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણે છે. કેટલાક વિચારકોના મતે પુરુષ કે ઈશ્વર જ આ જગતનો કર્તા છે.[1] અહીં અમે આ માન્યતાઓનો ટૂંકમાં પરિચય કરાવીશું.[2]

કાલવાદ—કાલવાદી માને છે કે જગતના બધા પદાર્થો તથા સુખ-દુઃખ કાલમૂલક છે. કાલ જ સમસ્ત જીવોનું સર્જન કરે છે અને તેમનો સંહાર કરે છે. કાલ જ પ્રાણીઓના સમસ્ત શુભ-અશુભ પરિણામોનો જનક છે. કાલ જ પ્રજાનો સંકોચ અને વિસ્તાર કરે છે. આમ કાલ જ જગતનું આદિ કારણ છે. અથર્વવેદમાં એક કાલસૂક્ત છે. તેમાં દર્શાવ્યું છે કે કાળે પૃથ્વીને ઉત્પન્ન કરી છે, કાલને આધારે સૂર્ય તપે છે, કાલને આધારે જ સમસ્ત ભૂતો રહે છે. કાલને જ કારણે આંખ દેખે છે, કાલ જ ઈશ્વર છે, કાલ પ્રજાપતિનો પણ પિતા છે, કાલ સર્વપ્રથમ દેવ છે, કાલથી ચડિયાતી કોઈ બીજી શક્તિ નથી, કાલ સર્વોચ્ચ ઈશ્વર છે, વગેરે.[3] મહાભારતમાં પણ કાલની સર્વોચ્ચતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એમાં કહ્યું છે કે કર્મ એટલે કે યજ્ઞયાગ વગેરે સુખ-દુઃખનું કારણ નથી. મનુષ્ય કાલ દ્વારા જ સઘળું પામે છે. સર્વ કાર્યોનું કારણ કાળ જ છે, વગેરે.[4]

સ્વભાવવાદ — સ્વભાવવાદી માને છે કે જગતમાં જે કંઈ થાય છે તે સ્વભાવથી જ થાય છે. સ્વભાવને છોડી બીજું કોઈ કર્મ આદિ કારણ જગતની વિષમતા યા વિચિત્રતાનું સર્જન કરવા સમર્થ નથી. બુદ્ધચરિતમાં સ્વભાવવાદનું વર્ણન છે. ત્યાં કહ્યું છે કે કાંટાનું અણીદાર હોવાપણું, પશુ-પક્ષીઓમાં જણાતી વિચિત્રતા વગેરે બધાંનું કારણ સ્વભાવ છે. કોઈ પણ પ્રવૃત્તિનું કારણ ઇચ્છા કે પ્રયત્ન નથી, પરંતુ સ્વભાવ છે, તેમાં ઇચ્છા કે પ્રયત્નનું કોઈ સ્થાન નથી.[5] સૂત્રકૃતાંગવૃત્તિ (શીલાંકકૃત)માં પણ કહેવામાં આવ્યું છે કે કંટકની તીક્ષ્ણતા, મૃગ-પક્ષીઓના વિચિત્ર ભાવ વગેરે બધું જ સ્વભાવજન્ય છે. ગીતા અને

---

૧. कालः स्वभावो नियतिर्यदृच्छा भूतानि योनिः पुरुष इति चिन्त्यम् ।
संयोग एषां न स्वात्मभावादात्माप्यनीशः सुखदुःखहेतोः ॥
श्वेताश्वतरोपनिषद्, १.२

૨. જુઓ—Dr. Mohan Lal Mehta: Jaina Psychology, પૃ. ૬-૧૨; પં. મહેન્દ્રકુમાર જૈનઃ જૈનદર્શન, પૃ. ૮૭-૧૧૯; પં. દલસુખ માલવણિયાઃ આત્મમીમાંસા, પૃ. ૮૬-૯૪

૩. અથર્વવેદ, ૧૯. ૫૩-૫૪.

૪. कालेन सर्वं लभते मनुष्यः ... । શાન્તિપર્વ, મહાભારત, ૨૫. ૨૮. ૩૨.

૫. બુદ્ધચરિત, ૫૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાભારતમાં પણ સ્વભાવવાદનો ઉલ્લેખ છે.[1] સ્વભાવવાદી પ્રત્યેક કાર્યને સ્વભાવજન્ય માને છે. આ જગતના કે તેની વિચિત્રતા-વિષમતાના કોઈ નિયામક યા નિયંતા ઈશ્વરને તે સ્વીકારતો નથી.

નિયતિવાદ—નિયતિવાદીના મતે જગતમાં જે થવાનું હોય છે તે જ થાય છે, અથવા જે થવાનું હોય છે તે અવશ્ય થાય જ છે. ઘટનાઓનું અવશ્યંભાવિત્વ પૂર્વનિર્ધારિત છે. બીજા શબ્દોમાં, જગતની દરેક ઘટના પહેલેથી જ નિયત છે. પ્રાણીના ઈચ્છાસ્વાતન્ત્ર્યનું કોઈ જ મૂલ્ય નથી, અથવા તો એમ કહો કે ઈચ્છાસ્વાતન્ત્ર્ય જેવી કોઈ ચીજ જ નથી. પાશ્ચાત્ય દાર્શનિક સ્પિનોઝા આ મતના સમર્થક હતા. તે માનતા હતા કે વ્યક્તિ પોતાના અજ્ઞાનને કારણે જ એવું વિચારે છે કે હું ભવિષ્યને બદલી શકું છું. જે કંઈ થવાનું હશે તે અવશ્ય થશે જ. જેમ અતીત અર્થાત્ ભૂત સુનિશ્ચિત અને અપરિવર્તનીય છે તેમ ભવિષ્ય પણ સુનિશ્ચિત અને અપરિવર્તનીય છે. આ કારણે જ આશા અને ભય બંને નિરર્થક છે. એ જ રીતે કોઈની પ્રશંસા કરવી કે કોઈને દોષી ઠરાવવો એ પણ નિરર્થક છે.

બૌદ્ધ ત્રિપિટકો અને જૈન આગમોમાં નિયતિવાદ વિશે અનેક વાતો મળે છે. દીઘનિકાયના સામઞ્ઞફલસુત્તમાં મંખલી ગોશાલકના નિયતિવાદનું વર્ણન કરવામાં આવ્યું છે. ગોશાલક માનતા કે જીવોની અપવિત્રતાનું કંઈ જ કારણ નથી. તેઓ કારણ વિના જ અપવિત્ર બને છે. તેવી જ રીતે જીવોની શુદ્ધતાનું પણ કોઈ જ કારણ નથી. કારણ વિના જ તેઓ શુદ્ધ બને છે. જીવના પોતાના સામર્થ્યના બળે કંઈ જ થતું નથી. પુરુષના સામર્થ્યને કારણે કોઈ પદાર્થની સત્તા (અસ્તિત્વ) છે, એવી વાત જ નથી. ન બળ છે, ન વીર્ય છે, ન શક્તિ કે પરાક્રમ છે. બધાં સત્ત્વો, બધાં પ્રાણીઓ, બધા જીવો અવશ છે, દુર્બળ છે, વીર્યહીન છે. નિયતિ, જાતિ, વૈશિષ્ટ્ય અને સ્વભાવને કારણે તેમનામાં પરિવર્તન થાય છે. છ જાતિઓમાંથી કોઈ એક જાતિમાં રહીને બધાં દુઃખોનો ઉપભોગ કરાય છે. ચોરાસી લાખ મહાકલ્પોના ચક્રમાં ભ્રમણ કર્યા પછી બુદ્ધિમાન અને મૂર્ખ બંનેના દુઃખો નષ્ટ થઈ જાય છે.

જૈન આગમોમાં પણ નિયતિવાદ એટલે કે અક્રિયાવાદનું રોચક વર્ણન કરવામાં આવ્યું છે. ઉપાસકદશાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતીસૂત્ર), સૂત્રકૃતાંગ[2]

૧. ભગવદ્ગીતા, ૫. ૧૪

૨. ઉપાસકદશાંગ, અધ્યયન ૬-૭; વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, શતક ૧૫; સૂત્રકૃતાંગ ૨.૧.૧૨; ૨.૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેમાં આ વિષયની પ્રચુર સામગ્રી મળે છે. બૌદ્ધ ત્રિપિટકોમાં પકુધ કાત્યાયન અને પૂરણ કશ્યપને[1] પણ આ મતના સમર્થક કહ્યા છે.

યદચ્છાવાદ – યદચ્છાવાદી માને છે કે કોઈ નિશ્ચિત કારણ વિના જ કાર્ય ઉત્પન્ન થાય છે. કોઈ પણ ઘટના નિષ્કારણ એટલે કે અકસ્માત્ જ બને છે. ન્યાયસૂત્રકારના શબ્દોમાં યદચ્છાવાદનું મન્તવ્ય આ છે – અનિમિત્ત એટલે કે કોઈ ખાસ નિમિત્ત વિના જ, કાંટાની તીક્ષ્ણતાની જેમ, વસ્તુઓની ઉત્પત્તિ થાય છે.[2] યદચ્છાવાદ, અકસ્માત્‌વાદ અને અનિમિત્તવાદ એકાર્થક છે. એ વાદોમાં કાર્યકારણભાવ અર્થાત્ હેતુહેતુમદ્‌ભાવનો સર્વથા અભાવ છે.

ભૂતવાદ–ભૂતવાદી પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ આ ચાર ભૂતોમાંથી જ બધા જ જડ અને ચેતન પદાર્થોની ઉત્પત્તિ માને છે. ભૂતો સિવાય કોઈ સ્વતંત્ર જડ કે ચેતન પદાર્થ જગતમાં અસ્તિત્વ ધરાવતું નથી. જેને આપણે આત્મતત્ત્વ કે ચેતનતત્ત્વ કહીએ છીએ એ તો આ જ ચાર ભૂતોની એક ખાસ પરિણતિ છે. આ ખાસ પરિણતિ અમુક ખાસ પરિસ્થિતિમાં ઉત્પન્ન થાય છે અને આ ખાસ પરિસ્થિતિ દૂર થતાં આ ખાસ પરિણતિ નાશ પામે છે – વિખેરાઈ જાય છે. જેમ ચૂનો, સોપારી, કાથો, પાન વગેરેનો વિશિષ્ટ સંયોગ કે સમ્મિશ્રણ થતાં લાલ રંગ ઉત્પન્ન થાય છે તેમ ચાર ભૂતોનું વિશિષ્ટ સંયોજન થતાં ચૈતન્યની ઉત્પત્તિ થાય છે.[3] ચૈતન્ય હમેશા શરીર સાથે જોડાયેલું હોય છે અને શરીરનો નાશ થતાં જ - ચાર ભૂતોના સંયોગમાં કંઈક ગડબડ થતાં જ - ચૈતન્યનો પણ નાશ થઈ જાય છે. તેથી ઇહલોક ઉપરાંત પરલોકને માનવો એ મૂર્ખતા છે. મનુષ્યજીવનનું એક માત્ર ધ્યેય ઐહિક સુખ છે. પારલૌકિક સુખને પ્રાપ્ત કરવા માટે જણાવાયેલાં સાધનો વ્યર્થ છે. ઐહિક સુખને છોડી બીજા કોઈ સુખની કલ્પના કરનારો પોતાની જાતને છેતરે છે. પ્રત્યક્ષ એક જ પ્રમાણ છે, અને ઉપયોગિતા જ આચારવિચારનો માપદંડ છે.

ડાર્વિનનો વિકાસવાદનો સિદ્ધાંત પણ ભૌતિકવાદનું જ એક પરિષ્કૃત રૂપ છે. આ સિદ્ધાન્ત અનુસાર પ્રાણીઓની શરીરશક્તિ અને પ્રાણશક્તિનો ક્રમશઃ વિકાસ થાય છે. જડ તત્ત્વોના વિકાસની સાથે સાથે જ ચેતન તત્ત્વનો પણ વિકાસ થતો રહે છે. આ ચેતન તત્ત્વ જડ તત્ત્વનું જ એક અંગ છે, તે તેનાથી સર્વથા ભિન્ન એવું સ્વતન્ત્ર તત્ત્વ નથી.

૧. દીઘનિકાયઃ સામઞ્ઞફલસુત્ત. ૨. ન્યાયસૂત્ર, ૪.૧.૨૨.

૩. સર્વદર્શનસંગ્રહ, પરિચ્છેદ ૧

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પુરુષવાદ—પુરુષવાદીના મત અનુસાર આ જગતનો સર્જક, પાલક અને સંહારક ઈશ્વર છે. ઈશ્વર પુરુષવિશેષ છે. પ્રલયમાં પણ એની જ્ઞાન વગેરે શક્તિઓ વિદ્યમાન રહે છે. પુરુષવાદમાં સામાન્યતઃ બે મતોનો સમાવેશ છે : બ્રહ્મવાદ અને ઈશ્વરવાદ. બ્રહ્મવાદ માને છે કે જેમ કરોળિયો જાળાને માટે, ચન્દ્રકાન્તમણિ જળને માટે અને વડ વડવાઈઓ માટે કારણભૂત છે તેમ પુરુષ અર્થાત્ બ્રહ્મ સમસ્ત જગતના પ્રાણીઓનાં સર્જન, સ્થિતિ અને સંહાર માટે કારણભૂત છે.[1] અહીં કારણનો અર્થ ઉપાદાનકારણ છે. બ્રહ્મ જ જગતના બધા જ પદાર્થોનું ઉપાદાનકારણ છે. ઈશ્વરવાદ માને છે કે સ્વયંસિદ્ધ જડ અને ચેતન મૂળદ્રવ્યોના પારસ્પરિક સંયોજનમાં ઈશ્વર કેવળ નિમિત્તકારણ છે. ઈશ્વરની ઈચ્છા વિના જગતનું કોઈ પણ કાર્ય બનતું નથી. ઈશ્વર જગતનો નિયંતા છે.

### કર્મવાદનું મન્તવ્ય

કર્મવાદના સમર્થકો ઉપર જણાવેલી માન્યતાઓનો સમન્વય કરીને કર્મસિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે. તેઓ જણાવે છે કે જેમ કોઈ કાર્યની ઉત્પત્તિ કેવળ એક જ કારણ ઉપર નહિ પરંતુ અનેક કારણોની સામગ્રી ઉપર આધાર રાખે છે તેમ જગતની વિષમતા અર્થાત્ વિચિત્રતાનું પણ કોઈ એક જ કારણ નથી પરંતુ અનેક કારણોની સામગ્રી છે જે સામગ્રીમાં કર્મની સાથે કાલ વગેરેનો પણ સમાવેશ છે. જગતમાં જણાતી વિષમતાનું પ્રધાન કારણ કર્મ છે જ્યારે કાલ વગેરે સહકારી કારણો છે. કર્મને પ્રધાન કારણ માનવાથી પુરુષાર્થનું પોષણ થાય છે અને જીવોમાં આત્મવિશ્વાસ તેમ જ આત્મબળ ઉત્પન્ન થાય છે. જીવે પોતાનાં સુખ-દુઃખનું કારણ અન્યત્ર શોધવાને બદલે પોતાની અંદર જ શોધવું અધિક તર્કસંગત છે. આચાર્ય હરિભદ્ર વગેરે માને છે કે કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃતકર્મ અને પુરુષાર્થ આ પાંચ કારણોમાંથી કોઈ એકને જ કાર્યોત્પત્તિનું કારણ માનવું અને બાકીનાં કારણોની સાવ ઉપેક્ષા કરવી એ નિતાંત ખોટું છે. સાચું તો એ છે કે કાર્યોત્પત્તિમાં ઉક્ત બધાં કારણોનો સમન્વય કરવો.[2] દૈવ, કર્મ યા ભાગ્ય અને પુરુષાર્થના વિષયમાં અનેકાન્ત દૃષ્ટિ રાખવી જોઈએ. બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ ન કરાતાં ઈષ્ટ કે અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ દૈવને અધીન છે. બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરાતાં ઈષ્ટ કે અનિષ્ટની પ્રાપ્તિ થવી પુરુષાર્થને અધીન છે. ક્યાંક દૈવ પ્રધાન હોય છે તો ક્યાંક પુરુષાર્થ.[3] દૈવ અને પુરુષાર્થના સમ્યક્

૧. પ્રમેયકમલમાર્તંડ (પં. મહેન્દ્રકુમાર જૈન દ્વારા સંપાદિત), પૃ. ૬૫

૨. શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ૨. ૭૯-૮૦. ૩. આપ્તમીમાંસા, કારિકા ૮૮-૯૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમન્વયથી જ અર્થસિદ્ધિ થાય છે. ઈશ્વર કે બ્રહ્મને જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું કારણ માનવું કે તેને તેમનો નિયંતા માનવો નિરર્થક છે. કર્મ વગેરે અન્ય કારણોથી જ જીવોનાં જન્મ, જરા, મરણ આદિની સિદ્ધિ કરી શકાય છે. કેવળ ભૂતોથી જ્ઞાન, સુખ, દુ:ખ, ભાવના વગેરે ચૈતન્યમૂલક ધર્મોની સિદ્ધિ કરી શકાતી નથી. જડ ભૂતોથી અલગ સ્વતંત્ર ચેતન તત્ત્વનું અસ્તિત્વ સ્વીકારવું અનિવાર્ય છે કારણ કે મૂર્ત જડ અમૂર્ત ચૈતન્યને કદાપિ ઉત્પન્ન કરી શકે નહિ. જેનામાં જે ગુણનો સર્વથા અભાવ હોય તેનાથી તે ગુણ કદાપિ ઉત્પન્ન થઈ શકે નહિ. આમ ન માનીએ તો કાર્યકારણભાવની વ્યવસ્થા ભાંગી પડે. પરિણામે, ભૂતોને પણ કોઈ કાર્યનું કારણ માનવા માટે આપણા ઉપર બૌદ્ધિક બંધન રહેશે નહિ. આવી પરિસ્થિતિમાં કોઈ કાર્યનું કારણ શોધવું નિરર્થક બની જશે. તેથી, જડ અને ચેતન એ બે પ્રકારના બે સ્વતન્ત્ર તત્ત્વોનું અસ્તિત્વ સ્વીકારવાની સાથે કર્મમૂલક વિશ્વવ્યવસ્થા માનવી એ જ તર્કસંગત જણાય છે. પ્રાણીનું વિશેષ વિશેષ કર્મ પોતાના નૈસર્ગિક સ્વભાવ પ્રમાણે સ્વત: (ઈશ્વરની અપેક્ષા રાખ્યા વિના જ) પોતાનું ફળ આપવા સમર્થ છે. એના માટે કોઈ નિયન્ત્રક, નિયામક કે ન્યાયદાતા ઈશ્વરની જરૂર જ નથી.

### કર્મનો અર્થ

સામાન્ય રીતે 'કર્મ' શબ્દનો અર્થ કાર્ય, પ્રવૃત્તિ કે ક્રિયા કરવામાં આવે છે. કર્મકાંડમાં યજ્ઞ વગેરે ક્રિયાઓને કર્મ કહેવામાં આવે છે. પૌરાણિક પરંપરામાં વ્રત-નિયમ વગેરે ધાર્મિક ક્રિયાઓને કર્મ કહી વર્ણવવામાં આવે છે. વ્યાકરણશાસ્ત્રમાં કર્તા જેને પોતાની ક્રિયા દ્વારા પ્રાપ્ત કરવા ઈચ્છે છે, અર્થાત્ જેના ઉપર કર્તાના વ્યાપારનું ફળ આવી પડે છે, તેને કર્મ કહેવાય છે. ન્યાયશાસ્ત્રમાં ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન આ પાંચ ક્રિયાઓને 'કર્મ' નામ આપ્યું છે. જૈન પરંપરામાં કર્મના બે પ્રકાર મનાયા છે – દ્રવ્યકર્મ અને ભાવકર્મ. રાગ-દ્વેષરૂપ પરિણામ એટલે કે કષાયો ભાવકર્મ કહેવાય છે. કાર્મણ જાતિના પુદ્ગલો – જડતત્ત્વવિશેષ – કષાયને કારણે આત્માની સાથે સેળભેળ થઈ જાય છે, આ પુદ્ગલો દ્રવ્યકર્મ કહેવાય છે.

જૈન પરંપરામાં જે અર્થમાં 'કર્મ' શબ્દનો પ્રયોગ થયો છે તે અર્થમાં કે તેને મળતા આવતા અર્થમાં બીજાં દર્શનોમાં નીચે જણાવેલા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે : માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે. માયા, અવિદ્યા અને પ્રકૃતિ શબ્દો વેદાન્તમાં મળે છે. અપૂર્વ શબ્દ મીમાંસાદર્શનમાં પ્રયોજાયો છે. વાસના શબ્દ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૌદ્ધ દર્શનમાં વિશેષતઃ પ્રસિદ્ધ છે. આશય શબ્દ ખાસ કરીને સાંખ્ય અને યોગ દર્શનોમાં મળે છે. ધર્માધર્મ, અદૃષ્ટ અને સંસ્કાર શબ્દો વિશેષપણે ન્યાય અને વૈશેષિક દર્શનોમાં પ્રચલિત છે. દૈવ, ભાગ્ય, પુણ્ય-પાપ વગેરે શબ્દો એવા છે જેમનો પ્રયોગ સાધારણપણે બધાં દર્શનોમાં થયો છે.[1] આમ ચાર્વાકને છોડી બાકી બધા ભારતીય દર્શનોએ કોઈ ને કોઈ રૂપમાં અને કોઈ ને કોઈ નામે કર્મનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. કર્મ આત્મતત્ત્વનું વિરોધી છે. તે આત્માના જ્ઞાનાદિ ગુણોના આવિર્ભાવ યા પ્રાકટ્યમાં બાધક છે. કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં જ આત્મા પોતાના ખરા રૂપમાં પ્રતિષ્ઠિત થાય છે — પોતાના વાસ્તવિક રૂપમાં પ્રગટ થાય છે. આત્માની આ અવસ્થાનું નામ સ્વરૂપાવસ્થા કે વિશુદ્ધાવસ્થા છે.

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે. જીવ જૂનાં કર્મોનો ક્ષય કરતા કરતા નવાં કર્મો બાંધતો રહે છે. જ્યાં સુધી જીવનાં પૂર્વે બાંધેલાં બધાં કર્મો નાશ પામી ન જાય અને નવાં કર્મોનું આવવું અટકે નહિ ત્યાં સુધી તે જીવ ભવબંધનમાંથી મુક્તિ પામે નહિ. એક વાર સમસ્ત કર્મોનો ક્ષય થઈ જાય એટલે પછી ફરી કર્મબંધ થતો નથી કારણ કે એ અવસ્થામાં કર્મબંધનું કોઈ કારણ વિદ્યમાન નથી હોતું. આત્માની આ અવસ્થાને મુક્તિ, મોક્ષ, નિર્વાણ કે સિદ્ધિ કહે છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### કર્મબંધનાં કારણ

જૈન પરંપરામાં સામાન્ય રીતે કર્મબંધનાં બે કારણ માનવામાં આવ્યાં છે : યોગ અને કષાય. મન, વાણી અને શરીરની પ્રવૃત્તિને યોગ કહે છે. ક્રોધ વગેરે માનસિક આવેગ કષાય છે. એમ તો કષાયના અનેક ભેદો થઈ શકે છે પરંતુ સ્થૂળ દૃષ્ટિએ એના બે ભેદ કરવામાં આવ્યા છે : રાગ અને દ્વેષ. રાગ-દ્વેષજન્ય શારીરિક અને માનસિક પ્રવૃત્તિ જ કર્મબંધનું કારણ છે. એમ તો દરેક ક્રિયા કર્મબંધનું કારણ છે પરંતુ જે ક્રિયા કષાયજન્ય હોય છે તે ક્રિયાથી થનારો કર્મબંધ વિશેષ બળવાન હોય છે, જ્યારે કષાયરહિત ક્રિયાથી થનારો કર્મબંધ અત્યંત દુર્બળ અને અલ્પાયુ હોય છે. એનો નાશ કરવામાં અલ્પ શક્તિ અને અલ્પ સમય લાગે છે. બીજા શબ્દોમાં, યોગ અને કષાય બંને કર્મબંધનાં કારણ છે પરંતુ એ બેમાં પ્રબળ કારણ તો કષાય જ છે.

---

૧. જુઓ 'કર્મવિપાક'ના પં. સુખલાલજીએ કરેલા હિંદી અનુવાદની પ્રસ્તાવના, પૃ. ૨૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નૈયાયિકો અને વૈશેષિકો મિથ્યાજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે. યોગ અને સાંખ્ય દર્શનોમાં પ્રકૃતિ-પુરુષના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માનવામાં આવ્યું છે. વેદાન્ત વગેરે દર્શનોમાં અવિદ્યા કે અજ્ઞાનને કર્મબંધનું કારણ બતાવવામાં આવ્યું છે. બૌદ્ધોએ વાસના યા સંસ્કારને કર્મબંધનું કારણ માન્યું છે. જૈન પરંપરામાં ટૂંકમાં મિથ્યાત્વને કર્મબંધનું કારણ માનવામાં આવ્યું છે. જે હો તે, એટલું તો નિશ્ચિત છે કે કર્મબંધનું કોઈ પણ કારણ કેમ ન માનવામાં આવે પરંતુ રાગદ્વેષજન્ય પ્રવૃત્તિ જ કર્મબંધનું પ્રધાન કારણ છે. રાગ-દ્વેષની અલ્પતા યા અભાવથી અજ્ઞાન, વાસના કે મિથ્યાત્વ પાતળા પડે છે યા તેમનો નાશ થઈ જાય છે. રાગ-દ્વેષ રહિત જીવ કર્મબંધ કરવા યોગ્ય વિકારોથી સદૈવ દૂર રહે છે. તેનું મન હમેશા તેના પોતાના અંકુશમાં રહે છે.

## કર્મબંધની પ્રક્રિયા

જૈન કર્મગ્રન્થોમાં કર્મબંધની પ્રક્રિયાનું સુવ્યવસ્થિત વર્ણન કરવામાં આવ્યું છે. સંપૂર્ણ લોકમાં એવું કોઈ પણ સ્થાન નથી કે જ્યાં કર્મયોગ્ય પૌદ્ગલિક પરમાણુઓ ન હોય. જ્યારે જીવ પોતાનાં મન, વચન કે શરીરથી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરે છે ત્યારે ચારે બાજુથી કર્મયોગ્ય પૌદ્ગલિક પરમાણુઓ તે જીવ તરફ આકર્ષાય છે. જેટલા ક્ષેત્ર(પ્રદેશ)માં જીવનો આત્મા હોય છે[1] તેટલા જ ક્ષેત્રમાં રહેલા પરમાણુ આત્મા દ્વારા એ સમયે ગ્રહણ કરાય છે, અન્ય પરમાણુ નહિ. પ્રવૃત્તિની તરતમતા અનુસાર ગૃહીત પરમાણુઓની સંખ્યામાં પણ તારતમ્ય થાય છે. પ્રવૃત્તિની માત્રા વધુ હોતાં ગૃહીત પરમાણુઓની સંખ્યા પણ વધુ હોય છે અને પ્રવૃત્તિની માત્રા ઓછી હોતાં ગૃહીત પરમાણુઓની સંખ્યા પણ ઓછી હોય છે. ગૃહીત પૌદ્ગલિક પરમાણુઓના સમૂહનું કર્મરૂપે આત્માની સાથે બંધાવું એને જૈન કર્મવાદની પરિભાષામાં પ્રદેશબંધ કહે છે. એ જ પરમાણુઓની જ્ઞાનાવરણ (જે કર્મોથી આત્માની જ્ઞાનશક્તિ આવૃત થાય છે તે કર્મો) આદિ અનેક રૂપોમાં પરિણતિ થવી એને પ્રકૃતિબંધ કહે છે. પ્રદેશબંધમાં કર્મપરમાણુઓનો જથ્થો અભિપ્રેત છે, જ્યારે પ્રકૃતિબંધમાં કર્મપરમાણુઓની પ્રકૃતિ(સ્વભાવ)નો વિચાર કરવામાં આવે છે. ભિન્ન ભિન્ન સ્વભાવવાળા કર્મપરમાણુઓની ભિન્ન ભિન્ન સંખ્યા હોય છે. બીજા શબ્દોમાં, વિભિન્ન કર્મપ્રકૃતિઓના વિભિન્ન કર્મપ્રદેશ હોય છે. જૈન કર્મશાસ્ત્રોમાં આ પ્રશ્ન પર

---

૧. જૈનદર્શન માને છે કે આત્મા શરીરવ્યાપી છે. દેહની બહાર આત્મા હોતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે કઈ કર્મપ્રકૃતિના કેટલા પ્રદેશો હોય છે અને એમનો તુલનાત્મક અનુપાત શું છે. કર્મરૂપે ગૃહીત પૌદ્ગલિક પરમાણુઓના કર્મફળનો સમયગાળો લાંબો કે ટૂંકો તેમ જ તેમનો વિપાક તીવ્ર કે મંદ એનો નિશ્ચય આત્માના અધ્યવસાયની અર્થાત્ કષાયની તીવ્રતા-મંદતા ઉપર આધાર રાખે છે. કર્મવિપાકના સમયગાળાનું નિશ્ચિત થવું સ્થિતિબંધ કહેવાય છે અને કર્મવિપાકની તીવ્રતા-મંદતાનું નિશ્ચિત થવું અનુભાગબંધ કહેવાય છે. કષાયના અભાવમાં કર્મપરમાણુ આત્મા સાથે બદ્ધ રહી શકતા નથી. જેમ સૂકા કપડા પર પડેલી રજ બરાબર ચોંટ્યા વિના અડકીને અલગ થઈ જાય છે, ખરી પડે છે તેમ આત્મામાં કષાયની ભીનાશ ન હોય તો કર્મરજ (કર્મપરમાણુ) આત્મા સાથે બંધાયા વિના જ કેવળ આત્માનો સ્પર્શ કરી અલગ થઈ જાય છે, ખરી પડે છે. કષાય વિના થતી (ચાલવા-ફરવા જેવી) ઈર્યાપથ ક્રિયાઓથી થનારો નિર્બળ શિથિલ કર્મબંધ અસાંપરાયિક બંધ કહેવાય છે. કષાયપૂર્વક કરાતી ક્રિયાઓથી થતો કર્મબંધ સાંપરાયિક કર્મબંધ કહેવાય છે. અસાંપરાયિક કર્મબંધ ભવભ્રમણનું કારણ બનતો નથી. સાંપરાયિક કર્મબંધથી જ જીવને સંસારમાં ભમવું પડે છે.

जैन साइट JAINSITE जैनम् जयतु शासनम्

### કર્મનો ઉદય અને ક્ષય

કર્મ બંધાયું કે તરત જ તે પોતાનું ફળ આપવાનું શરૂ કરી દેતું નથી. કેટલાક સમય સુધી તો તે એમનું એમ પડ્યું રહે છે. કર્મના આ ફલહીન કાળને જૈન પરિભાષામાં અબાધાકાળ કહે છે. અબાધાકાલ પૂરો થતાં બદ્ધકર્મ પોતાનું ફળ આપવાનું શરૂ કરે છે. કર્મફળના આ પ્રારંભને જ કર્મનો ઉદય કહેવામાં આવે છે. કર્મો પોતાના સ્થિતિબંધ અનુસાર ઉદયમાં આવે છે અને ફળ દઈ આત્માથી અલગ થઈ જાય છે. આનું નામ નિર્જરા છે. જે કર્મની જેટલી સ્થિતિનો બંધ થયો હોય છે તે કર્મ તેટલી અવધિ સુધી ક્રમશઃ ઉદયમાં આવે છે. બીજા શબ્દોમાં, કર્મનિર્જરાનો પણ તેટલો જ કાળ હોય છે જેટલો કાળ કર્મસ્થિતિનો હોય છે. જ્યારે સઘળાં કર્મો આત્માથી અલગ થઈ જાય છે ત્યારે જીવ કર્મમુક્ત થઈ જાય છે. એને જ મોક્ષ કહેવામાં આવે છે.

### કર્મપ્રકૃતિ અને કર્મફળ

જૈન કર્મશાસ્ત્રમાં કર્મની આઠ મૂળ પ્રકૃતિઓ માનવામાં આવી છે. આ પ્રકૃતિઓ જીવને જુદી જુદી જાતનાં અનુકૂળ અને પ્રતિકૂળ ફળ આપે છે. આ પ્રકૃતિઓનાં નામ આ પ્રમાણે છે : (૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુ, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અન્તરાય. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર ઘાતી પ્રકૃતિઓ છે કારણ કે તે પ્રકૃતિઓથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્માના ચાર મૂળ ગુણોનો (જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય) ઘાત થાય છે. બાકીની ચાર અઘાતી પ્રકૃતિઓ છે કારણ કે તે પ્રકૃતિઓ આત્માના કોઈ ગુણનો ઘાત કરતી નથી. એટલું જ નહિ પણ આ અઘાતી પ્રકૃતિઓ આત્માને એવું રૂપ આપે છે જે રૂપ આત્માનું પોતાનું નથી પરંતુ પૌદ્ગલિક છે – ભૌતિક છે. જ્ઞાનાવરણ આત્માના જ્ઞાનગુણનો ઘાત કરે છે. દર્શનાવરણથી આત્માના દર્શનગુણનો ઘાત થાય છે. મોહનીય સુખનો, આત્મસુખનો, પરમસુખનો, શાશ્વતસુખનો ઘાત કરે છે. અન્તરાયથી વીર્યનો અર્થાત્ શક્તિનો ઘાત થાય છે. વેદનીય અનુકૂળ અને પ્રતિકૂળ વેદનનું અર્થાત્ સુખ-દુઃખનું કારણ છે. આયુને કારણે આત્માને નારક વગેરે વિવિધ ભવોની પ્રાપ્તિ થાય છે. નામને કારણે જીવ વિવિધ ગતિ, જાતિ, શરીર વગેરે પામે છે. ગોત્ર જીવના ઊંચ-નીચપણાનું કારણ છે.

જ્ઞાનાવરણીય કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે : (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યય-મનઃપર્યવ યા મનઃપર્યાય-જ્ઞાનાવરણ અને (૫) કેવલજ્ઞાનાવરણ. મતિજ્ઞાનાવરણીય કર્મ મતિજ્ઞાનનું એટલે કે ઈન્દ્રિય અને મનથી ઉત્પન્ન થનારા જ્ઞાનનું આવરણ કરે છે. શ્રુતજ્ઞાનાવરણીય કર્મ શ્રુતજ્ઞાનનો, અર્થાત્ શાસ્ત્રો કે શબ્દોના વાચન તથા શ્રવણથી ઉત્પન્ન થનારા જ્ઞાનનો નિરોધ કરે છે. અવધિજ્ઞાનાવરણીય કર્મ અવધિજ્ઞાનનું, અર્થાત્ ઈન્દ્રિય અને મનની સહાય વિના ઉત્પન્ન થનારા તેમ જ રૂપી દ્રવ્યોને જ જાણનારા જ્ઞાનનું આવરણ કરે છે. મનઃપર્યાયજ્ઞાનાવરણીય કર્મ મનઃપર્યાયજ્ઞાનનું એટલે કે ઈન્દ્રિય અને મનની સહાય વિના ઉત્પન્ન થનારા તેમ જ મનવાળા (=સંજ્ઞી=સમનસ્ક) જીવોના મનોગત ભાવોને જાણનારા જ્ઞાનનું આવરણ કરે છે. કેવલજ્ઞાનાવરણીય કર્મ કેવલજ્ઞાનનો અર્થાત્ લોકના અતીત, વર્તમાન અને અનાગત સમસ્ત પદાર્થોને યુગપત્ (એક સાથે) જાણનારા જ્ઞાનનો અવરોધ કરે છે.

દર્શનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ નવ છે : (૧) ચક્ષુર્દર્શનાવરણ, (૨) અચક્ષુર્દર્શનાવરણ, (૩) અવધિદર્શનાવરણ, (૪) કેવલદર્શનાવરણ, (૫) નિદ્રા, (૬) નિદ્રાનિદ્રા, (૭) પ્રચલા, (૮) પ્રચલાપ્રચલા અને (૯) સ્ત્યાનર્દ્ધિ (સ્ત્યાનગૃદ્ધિ). આંખ વડે પદાર્થોના સામાન્ય ધર્મના ગ્રહણને દર્શન કહે છે. એમાં પદાર્થનો સાધારણ આભાસમાત્ર હોય છે. ચક્ષુર્દર્શનનું આવરણ કરનાર કર્મ ચક્ષુર્દર્શનાવરણ કહેવાય છે. આંખ સિવાય બીજી ઈન્દ્રિયો વડે તેમ જ મન વડે પદાર્થોનો જે સામાન્ય પ્રતિભાસ થાય છે તેને અચક્ષુર્દર્શન કહે છે. આ જાતના દર્શનનું આવરણ કરનાર કર્મને અચક્ષુર્દર્શનાવરણ કહેવામાં આવે છે. ઈન્દ્રિય અને મનની અપેક્ષા રાખ્યા વિના આત્મા દ્વારા આત્માને થતો રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ અવધિદર્શન કહેવાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ પ્રકારના દર્શનનો અવરોધ કરનાર કર્મને અવધિદર્શનાવરણ કહેવાય છે. જગતના સકળ ત્રૈકાલિક પદાર્થોના સામાન્ય અવબોધને કેવલદર્શન કહેવામાં આવે છે. આ પ્રકારના દર્શનનું આવરણ કરનારું કર્મ 'કેવલદર્શનાવરણ' નામથી પ્રસિદ્ધ છે. નિદ્રા વગેરે અંતિમ પાંચ પ્રકૃતિઓ પણ દર્શનાવરણીય કર્મનું કાર્ય છે. ઊંઘતું પ્રાણી થોડોક અવાજ થતાં જ જાગી જાય, તેને જગાડવા માટે પ્રયત્ન ન કરવો પડે, તો તેની ઊંઘને નિદ્રા કહેવાય છે. જે કર્મના ઉદયથી આ જાતની ઊંઘ આવે તે કર્મનું નામ પણ નિદ્રા છે. ઊંઘતી વ્યક્તિને જગાડવા મોટેથી ઘાંટા પાડવા પડે, તેને જોરથી ઢંઢોળવી પડે અને પછી જ મહામુશ્કેલીએ તે જાગે, તો તેની તે ઊંઘને તેમ જ તેના નિમિત્તભૂત કર્મને નિદ્રાનિદ્રા કહેવામાં આવે છે. ઊભા-ઊભા કે બેઠા-બેઠા આવતી ઊંઘને પ્રચલા કહે છે અને તેના નિમિત્તભૂત કર્મને પણ પ્રચલા કહે છે. હાલતા-ચાલતા આવતી ઊંઘને પ્રચલાપ્રચલા કહે છે અને તેના નિમિત્તભૂત કર્મને પણ પ્રચલાપ્રચલા કહે છે. દિવસે કે રાતે વિચારેલા ખાસ કામને જે ઊંઘ દરમ્યાન પૂર્ણ કરવામાં આવે છે તે ઊંઘને સ્ત્યાનર્દ્ધિ કે સ્ત્યાનગૃદ્ધિ કહેવામાં આવે છે. જે કર્મના ઉદયથી આ પ્રકારની ઊંઘ આવે તે કર્મનું નામ પણ સ્ત્યાનર્દ્ધિ કે સ્ત્યાનગૃદ્ધિ છે.

વેદનીય (અથવા વેદ્ય) કર્મની બે ઉત્તરપ્રકૃતિઓ છે : સાતા અને અસાતા. જે કર્મના ઉદયથી જીવને અનુકૂળ વિષયની પ્રાપ્તિ દ્વારા સુખનો અનુભવ થાય તેને સાતાવેદનીય કર્મ કહે છે. જે કર્મના ઉદયથી જીવને પ્રતિકૂળ વિષયની પ્રાપ્તિ દ્વારા દુઃખનો અનુભવ થાય તેને અસાતાવેદનીય કર્મ કહે છે. આત્માને વિષયનિરપેક્ષ સ્વરૂપસુખનો અનુભવ કોઈ પણ કર્મના ઉદયની અપેક્ષા રાખ્યા વિના સ્વતઃ જ થાય છે. આ પ્રકારનું વિશુદ્ધ સુખ આત્માનો સ્વાભાવિક ધર્મ છે. તે સાધારણ સુખની કોટિથી ઉપર છે.

મોહનીય કર્મની મુખ્ય બે ઉત્તરપ્રકૃતિઓ છે : દર્શનમોહ અર્થાત્ દર્શનની ઘાતક, અને ચારિત્રમોહ અર્થાત્ ચારિત્રની ઘાતક. જે પદાર્થ જેવો છે તેને તેવો જ સમજવો એનું નામ દર્શન. આ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ આત્મગુણ છે. આ ગુણનો ઘાત કરનારા કર્મનું નામ દર્શનમોહનીય છે. જેના દ્વારા આત્મા પોતાના ખરા સ્વરૂપને પ્રાપ્ત કરે છે તેને ચારિત્ર કહે છે. ચારિત્રનો ઘાત કરનારા કર્મને ચારિત્રમોહનીય કહે છે. દર્શનમોહનીય કર્મના વળી ત્રણ ભેદ છે : સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય. સમ્યક્ત્વમોહનીયના દલિકો અર્થાત્ કર્મપરમાણુઓ શુદ્ધ હોય છે. આ કર્મ શુદ્ધ સ્વચ્છ પરમાણુઓવાળું હોવાને કારણે તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વને બાધા પહોંચાડતું નથી તેમ છતાં તેના ઉદયથી આત્માને સ્વાભાવિક સમ્યક્ત્વ (= કર્મ નિરપેક્ષ સમ્યક્ત્વ= ક્ષાયિક સમ્યક્ત્વ)નો લાભ થઈ શકતો નથી. પરિણામે તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂક્ષ્મ પદાર્થોના ચિંતનમાં શંકાઓ થયા કરે છે. મિથ્યાત્વમોહનીયના દલિકો અશુદ્ધ હોય છે. આ કર્મના ઉદયને કારણે જીવ હિતને અહિત સમજે છે અને અહિતને હિત. વિપરીત બુદ્ધિને લીધે જીવને તત્ત્વનો યથાર્થ બોધ થઈ શકતો નથી. મિશ્રમોહનીયના દલિકો અર્ધવિશુદ્ધ હોય છે. આ કર્મના ઉદયને કારણે જીવને ન તો તત્ત્વરુચિ થાય છે કે ન તો અતત્ત્વરુચિ થાય છે. આ કર્મનું બીજું નામ સમ્યક્ત્વ-મિથ્યાત્વમોહનીય છે. આ કર્મ સમ્યક્ત્વમોહનીય અને મિથ્યાત્વમોહનીય બંનેના મિશ્રણરૂપ છે જેથી તત્ત્વાર્થશ્રદ્ધાન અને અતત્ત્વાર્થશ્રદ્ધાન આ બે અવસ્થાઓમાંથી શુદ્ધ (અમિશ્રિત) રૂપવાળી કોઈ પણ એક અવસ્થાને આ કર્મ પામવા દેતું નથી. મોહનીયના બીજા મુખ્ય ભેદ ચારિત્રમોહનીયના બે ભેદ છે : કષાયમોહનીય અને નોકષાયમોહનીય. કષાયમોહનીયના મુખ્યપણે ચાર પ્રકાર છે : ક્રોધ, માન, માયા અને લોભ. ક્રોધ વગેરે ચાર કષાયોના તીવ્રતા-મંદતાની દૃષ્ટિએ વળી ચાર ભેદ થાય છે : અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજવલન. આ રીતે કષાયમોહનીય કર્મના કુળ સોળ ભેદ થયા જેમના ઉદયને કારણે જીવમાં ક્રોધ વગેરે કષાય ઉત્પન્ન થાય છે. અનન્તાનુબન્ધી ક્રોધ આદિના પ્રભાવથી જીવ અનન્ત કાલ સુધી સંસારમાં ભમ્યા કરે છે. આ કષાયો સમ્યક્ત્વનો ઘાત કરે છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયથી દેશવિરતિરૂપ શ્રાવકધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. એની અવધિ એક વર્ષની છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયથી સર્વવિરતિરૂપ શ્રમણધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. એની સ્થિતિ ચાર મહિનાની છે. સંજ્વલન કષાયોના ઉદયના પ્રભાવથી શ્રમણ યથાખ્યાતચારિત્રરૂપ સર્વવિરતિને જીવ પ્રાપ્ત કરી શકતો નથી. એની સ્થિતિ એક પખવાડિયાની છે. ઉપર જણાવેલી કાળમર્યાદાઓ સાધારણ દૃષ્ટિથી - વ્યવહારનયથી આપવામાં આવી છે. એમનામાં યથાસંભવ પરિવર્તન પણ થઈ શકે છે. કષાયોના ઉદય સાથે જેમનો ઉદય થાય છે, અથવા તો જેઓ કષાયોને ઉત્તેજિત કરે છે તેમને નોકષાય કહે છે.[૧] નોકષાયના નવ ભેદ છે : (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય, (૬) જુગુપ્સા, (૭) સ્ત્રીવેદ, (૮) પુરુષવેદ અને (૯) નપુંસકવેદ. સ્ત્રીવેદના ઉદયથી સ્ત્રીને પુરુષ સાથે સંભોગ કરવાની ઈચ્છા થાય છે. પુરુષવેદના ઉદયના કારણે પુરુષને સ્ત્રી સાથે સંભોગ કરવાની ઈચ્છા થાય છે. નપુંસકવેદના ઉદયથી સ્ત્રી અને પુરુષ બંનેની સાથે સંભોગ કરવાની ઈચ્છા થાય છે. આ વેદ સંભોગેચ્છાના અભાવરૂપે

---

૧. कषायसहवर्तित्वात् कषायप्रेरणादपि ।
हास्यादिनवकस्योक्ता नोकषायकषायता ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી પરંતુ તીવ્રતમ કામેચ્છાના રૂપે છે જેનું લક્ષ્ય સ્ત્રી અને પુરુષ બંને છે. તેની નિવૃત્તિ અર્થાત્ તુષ્ટિ ચિરકાલ અને ચિરપ્રયત્નસાધ્ય છે. આ રીતે મોહનીય કર્મની કુલ ૨૮ ઉત્તરપ્રકૃતિઓ થાય છે, ભેદો થાય છે : ૩ દર્શનમોહનીય + ૧૬ કષાયમોહનીય + ૯ નોકષાયમોહનીય.

આયુકર્મની ઉત્તરપ્રકૃતિઓ ચાર છે : (૧) દેવાયુ, (૨) મનુષ્યાયુ, (૩) તિર્યંચાયુ અને (૪) નરકાયુ. આયુ કર્મની વિવિધતાને કારણે જીવ દેવ વગેરે જાતિઓમાં રહીને પોતે કરેલાં અનેકવિધ કર્મોને ભોગવે છે તેમ જ નવાં કર્મોને બાંધે છે. આયુ કર્મના હોવાથી જીવ જીવે છે અને આયુ કર્મના નાશથી જીવ મરે છે. આયુ બે પ્રકારના હોય છેઃ અપવર્તનીય અને અનપવર્તનીય. બાહ્ય નિમિત્તોથી જે આયુ ટૂંકાય છે અર્થાત્ નિયત સમય પહેલાં પૂરું થઈ જાય છે તેને અપવર્તનીય આયુ કહે છે. એનું પ્રચલિત નામ અકાળમૃત્યુ છે. જે આયુને કોઈ પણ કારણથી ટૂંકાવી શકાતું નથી અર્થાત્ જે આયુ નિયત સમયે જ પૂરું થાય છે તે આયુને અનપવર્તનીય આયુ કહે છે.

નામ કર્મની એક સો ત્રણ ઉત્તરપ્રકૃતિઓ છે. આ પ્રકૃતિઓ ચાર ભાગોમાં વહેંચાયેલી છે : પિંડપ્રકૃતિઓ, પ્રત્યેકપ્રકૃતિઓ, ત્રસદશક અને સ્થાવરદશક. આ પ્રકૃતિઓના કારણરૂપ કર્મોનાં પણ એ જ નામ છે જે નામ એ પ્રકૃતિઓનાં છે. પિંડપ્રકૃતિઓમાં પંચોતેર પ્રકૃતિઓનો સમાવેશ છે : (૧) ચાર ગતિઓ - દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય; (૨) પાંચ જાતિઓ - એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય; (૩) પાંચ શરીર - ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ; (૪) ત્રણ ઉપાંગ - ઔદારિક, વૈક્રિય અને આહારક (તૈજસ અને કાર્મણ શરીરને ઉપાંગ હોતાં નથી); (૫) પંદર બંધન - ઔદારિકઔદારિક, ઔદારિકતૈજસ, ઔદારિકકાર્મણ, ઔદારિકતૈજસકાર્મણ, વૈક્રિયવૈક્રિય, વૈક્રિયતૈજસ, વૈક્રિયકાર્મણ, વૈક્રિયતૈજસકાર્મણ, આહારકઆહારક, આહારકતૈજસ, આહારકકાર્મણ, આહારકતૈજસકાર્મણ, તૈજસતૈજસ, તૈજસકાર્મણ અને કાર્મણકાર્મણ; (૬) પાંચ સંઘાતન - ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ; (૭) છ સંહનન - વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલક અને સેવાર્ત; (૮) છ સંસ્થાન - સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ; (૯) શરીરના પાંચ વર્ણ - કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર અને સિત; (૧૦) બે ગન્ધ - સુરભિગન્ધ અને દુરભિગન્ધ; (૧૧) પાંચ રસ - તિક્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કટુ, કષાય, આમ્લ અને મધુર; (૧૨) આઠ સ્પર્શ - ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ; (૧૩) ચાર આનુપૂર્વી - દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી અને નરકાનુપૂર્વી; (૧૪) બે ગતિ - શુભવિહાયોગતિ અને અશુભવિહાયોગતિ. પ્રત્યેક પ્રકૃતિઓમાં નીચે જણાવેલી આઠ પ્રકૃતિઓ સમાવેશ પામે છે : પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ અને ઉપઘાત. ત્રસદશકમાં નીચેની પ્રકૃતિઓ છેઃ ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય અને યશઃકીર્તિ. સ્થાવરદશકમાં ત્રસદશકની ઊલટી દસ પ્રકૃતિઓ સમાવેશ પામે છે — સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અયશઃકીર્તિ. આમ નામ કર્મની ઉપર જણાવેલી એક સો ત્રણ (૭૫ પિંડપ્રકૃતિઓ+૮ પ્રત્યેકપ્રકૃતિઓ+૧૦ ત્રસદશક+૧૦ સ્થાવરદશક) ઉત્તરપ્રકૃતિઓ છે.[1] આ પ્રકૃતિઓના આધારે જીવોના શારીરિક વૈવિધ્યનું નિર્માણ થાય છે.

ગોત્ર કર્મની બે ઉત્તરપ્રકૃતિઓ છે : ઉચ્ચ અને નીચ. જે કર્મના ઉદયથી જીવ ઉત્તમ કુળમાં જન્મ લે છે તેને ઉચ્ચગોત્ર કર્મ કહે છે. જે કર્મના ઉદયને લીધે જીવને નીચ કુળમાં જન્મ લેવો પડે છે તેને નીચગોત્ર કર્મ કહે છે. ઉત્તમ કુળનો અર્થ છે સંસ્કારી અને સદાચારી કુળ. નીચ કુળનો અર્થ છે અસંસ્કારી અને આચારહીન કુળ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અન્તરાય કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે : દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય. જે કર્મના ઉદયના કારણે દાન કરવાનો ઉત્સાહ જાગતો નથી તે દાનાન્તરાય કર્મ છે. જે કર્મના ઉદયને કારણે ઉદાર દાતાની ઉપસ્થિતિમાં પણ દાનનો લાભ (પ્રાપ્તિ) ન થાય તે લાભાન્તરાય કર્મ છે. અથવા, યોગ્ય સામગ્રી હોવા છતાં પણ અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવી એ લાભાન્તરાય કર્મનું કાર્ય છે. ભોગની સામગ્રી હાજર હોય અને ભોગ કરવાની ઈચ્છા પણ હોય છતાં જે કર્મના ઉદયને લીધે જીવ ભોગ્ય પદાર્થોનો ભોગ કરી ન શકે તે ભોગાન્તરાય કર્મ છે. તેવી જ રીતે, ઉપભોગ્ય વસ્તુઓનો

૧. નામ કર્મ સંબંધી વિશેષ વિવેચન માટે જુઓ કર્મગ્રન્થ પ્રથમ ભાગ અર્થાત્ कर्मविपाक (પં. સુખલાલજી કૃત હિન્દી અનુવાદ સહિત), પૃ. ૫૮-૧૦૫; Outlines of Jaina Philosophy (M.L.Mehta), પૃ.૧૪૨-૧૪૫; Outlines of Karma in Jainism (M.L.Mehta), પૃ. ૧૦-૧૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપભોગ જીવ ન કરી શકે એ ઉપભોગાન્તરાય કર્મનું ફળ છે. જે પદાર્થોનો ભોગ એક જ વાર થાય છે તે પદાર્થો ભોગ્ય છે અને જે પદાર્થોનો ભોગ વારંવાર થાય છે તે ઉપભોગ્ય પદાર્થો છે. અન્ન, જળ, ફળ વગેરે ભોગ્ય પદાર્થો છે. વસ્ત્ર, આભૂષણ, સ્ત્રી વગેરે ઉપભોગ્ય પદાર્થો છે. જે કર્મના ઉદયના કારણે જીવ પોતાના વીર્ય અર્થાત્ સામર્થ્ય, શક્તિ, બળનો ઉપયોગ કરવા ઈચ્છતો હોવા છતાં ન કરી શકે તેને વીર્યાન્તરાય કર્મ કહે છે. આમ આઠ પ્રકારના મૂળ કર્મોના એટલે કે મૂળ કર્મપ્રકૃતિઓના કુલ એક સો અઠ્ઠાવન ભેદ થાય છે, તે નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય કર્મ | ... | ... | ૫ |
| ૨. દર્શનાવરણીય કર્મ | ... | ... | ૯ |
| ૩. વેદનીય કર્મ | ... | ... | ૨ |
| ૪. મોહનીય કર્મ | ... | ... | ૨૮ |
| ૫. આયુ કર્મ | ... | ... | ૪ |
| ૬. નામ કર્મ | ... | ... | ૧૦૩ |
| ૭. ગોત્ર કર્મ | ... | ... | ૨ |
| ૮. અન્તરાય કર્મ | ... | ... | ૫ |
| | | કુલ | ૧૫૮ |

जैन साईट JAINSITE.com

### કર્મોની સ્થિતિ

જૈન કર્મગ્રન્થોમાં જ્ઞાનાવરણીય વગેરે કર્મોની જુદી જુદી સ્થિતિઓ (ઉદયમાં રહેવાનો સમયગાળો) બતાવી છે, જે નીચે મુજબ છે :

| કર્મ | અધિકતમ સમય | ન્યૂનતમ સમય |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | ત્રીસ કોટાકોટિ સાગરોપમ | અન્તર્મુહૂર્ત |
| ૨. દર્શનાવરણીય | ” | ” |
| ૩. વેદનીય | ” | બાર મુહૂર્ત |
| ૪. મોહનીય | સિત્તેર કોટાકોટિ સાગરોપમ | અન્તર્મુહૂર્ત |
| ૫. આયુ | તેત્રીસ સાગરોપમ | ” |
| ૬. નામ | વીસ કોટાકોટિ સાગરોપમ | આઠ મુહૂર્ત |
| ૭. ગોત્ર | વીસ કોટાકોટિ સાગરોપમ | ” |
| ૮. અન્તરાય | ત્રીસ કોટાકોટિ સાગરોપમ | અન્તર્મુહૂર્ત |

સાગરોપમ આદિ સમયના વિવિધ ભેદોના સ્વરૂપના સ્પષ્ટીકરણ માટે અનુયોગદ્વાર વગેરે ગ્રંથો જોવા જોઈએ. એનાથી જૈનોની કાળ વિશેની માન્યતાનો પણ ખ્યાલ આવી શકશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### કર્મફળની તીવ્રતા-મન્દતા

કર્મફળની તીવ્રતા-મન્દતાનો આધાર તેના નિમિત્તભૂત કષાયોની તીવ્રતા-મન્દતા ઉપર છે. જીવ જેટલી અધિક તીવ્રતાવાળા કષાયથી યુક્ત હશે તેટલા જ પ્રબળ તેના પાપકર્મ યા અશુભકર્મ બનશે તેમ જ તેટલા જ નિર્બળ તેના પુણ્યકર્મ યા શુભકર્મ બનશે. જીવ જેટલો વધુ કષાયમુક્ત અને વિશુદ્ધ હશે તેના પુણ્યકર્મ તેટલા જ અધિક પ્રબળ અને પાપકર્મ તેટલા જ અધિક દુર્બળ થશે.

### કર્મોના પ્રદેશ

જીવ પોતાની કાયિક આદિ ક્રિયાઓ દ્વારા જેટલા કર્મપ્રદેશો (= કર્મપરમાણુઓ)નું ગ્રહણ કરે છે તે કર્મપ્રદેશો વિવિધ પ્રકારનાં કર્મોમાં વિભક્ત થઈને આત્મા સાથે બદ્ધ થઈ જાય છે. આયુ કર્મને સૌથી ઓછો હિસ્સો મળે છે. નામ કર્મને તેનાથી કંઈક વધુ હિસ્સો મળે છે. ગોત્ર કર્મનો હિસ્સો પણ નામ કર્મના હિસ્સા જેટલો જ હોય છે. એનાથી કંઈક અધિક હિસ્સો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાય દરેકને મળે છે. આ ત્રણે હિસ્સા સમાન રહે છે. તેનાથી અધિક હિસ્સો મોહનીય કર્મના ભાગે આવે છે. સૌથી મોટો હિસ્સો વેદનીય કર્મને મળે છે. આ પ્રદેશોનું વળી ઉત્તરપ્રકૃતિઓમાં (ઉત્તરભેદોમાં-પેટાભેદોમાં) વિભાજન થાય છે. પ્રત્યેક પ્રકારના બદ્ધ કર્મના પ્રદેશોની ન્યૂનતા-અધિકતાનો આ જ આધાર છે.

### કર્મની વિવિધ અવસ્થાઓ

જૈન કર્મશાસ્ત્રમાં કર્મની વિવિધ અવસ્થાઓનું વર્ણન મળે છે. તે અવસ્થાઓ કર્મનાં બંધન, પરિવર્તન, સત્તા, ઉદય, ક્ષય વગેરે સંબંધી છે. તેમનું આપણે સ્થૂળ દૃષ્ટિએ અગિયાર ભેદોમાં વર્ગીકરણ કરી શકીએ છીએ. એમનાં નામ આ પ્રમાણે છે : (૧) બન્ધન, (૨) સત્તા, (૩) ઉદય, (૪) ઉદીરણા, (૫) ઉદ્વર્તના, (૬) અપવર્તના, (૭) સંક્રમણ, (૮) ઉપશમન, (૯) નિધત્તિ, (૧૦) નિકાચન અને (૧૧) અબાધ.[૧]

(૧) બન્ધન - આત્મા સાથે કર્મપરમાણુઓનું બંધાવું એટલે કે નીરક્ષીરવત્ એકરૂપ થઈ જવું એ બન્ધન કહેવાય છે. બન્ધન પછી જ બીજી અવસ્થાઓ શરૂ થાય છે. બન્ધનના ચાર પ્રકાર છે : પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ (રસબંધ) અને પ્રદેશબંધ. એમનું વર્ણન પહેલાં કરી ગયા છીએ.

૧. જુઓ આત્મમીમાંસા, પૃ. ૧૨૮-૧૩૧; Jaina Psychology પૃ. ૨૫-૨૯.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) સત્તા - બદ્ધ કર્મપરમાણુઓ પોતાની નિર્જરા અર્થાત્ ક્ષય થાય ત્યાં સુધી આત્મા સાથે વળગેલા રહે છે. આ અવસ્થાને સત્તા કહે છે. આ અવસ્થામાં કર્મો પોતાનું ફળ આપ્યા વિના વિદ્યમાન પડ્યાં રહે છે.

(૩) ઉદય - કર્મની પોતાનું ફળ આપવાની અવસ્થાનું નામ ઉદય છે. ઉદયમાં આવનાર કર્મપુદ્ગલો પોતાની પ્રકૃતિ પ્રમાણે ફળ આપી નાશ પામે છે. કર્મપુદ્ગલોનો નાશ ક્ષય કે નિર્જરા કહેવાય છે.

(૪) ઉદીરણા - નિયત સમય પહેલાં કર્મનું ઉદયમાં આવવું ઉદીરણા કહેવાય છે. જૈન કર્મવાદ કર્મની એકાન્ત નિયતિમાં વિશ્વાસ રાખતો નથી. જેમ નિયત કાળ પહેલાં પ્રયત્નપૂર્વક કેરી વગેરે ફળો પકવવામાં આવે છે તેમ નિયત સમય પહેલાં પ્રયત્નપૂર્વક બદ્ધ કર્મોને ઉદયમાં લાવી તેમનું ફળ ભોગવી શકાય છે. સામાન્યતઃ જે કર્મનો ઉદય ચાલતો હોય તે કર્મના સજાતીય કર્મની જ ઉદીરણા સંભવે છે.

બન્ધન, સત્તા, ઉદય અને ઉદીરણામાં કેટલી કર્મપ્રકૃતિઓ (ઉત્તર કર્મપ્રકૃતિઓ) હોય છે એનો પણ જૈન કર્મશાસ્ત્રોમાં વિચાર કરવામાં આવ્યો છે. બન્ધનમાં કર્મપ્રકૃતિઓની સંખ્યા એક સો વીસ, ઉદયમાં એક સો બાવીસ, ઉદીરણામાં પણ એક સો બાવીસ અને સત્તામાં એક સો અઠ્ઠાવન માનવામાં આવી છે. નીચે કોષ્ઠકમાં[૧] આ ચાર અવસ્થાઓમાં રહેનારી ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા આપવામાં આવી છે :

| કર્મ | બન્ધ | ઉદય | ઉદીરણા | સત્તા |
|---|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | ૫ | ૫ | ૫ | ૫ |
| ૨. દર્શનાવરણીય | ૯ | ૯ | ૯ | ૯ |
| ૩. વેદનીય | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪. મોહનીય | ૨૬ | ૨૮ | ૨૮ | ૨૮ |
| ૫. આયુ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૬. નામ | ૬૭ | ૬૭ | ૬૭ | ૧૦૩ |
| ૭. ગોત્ર | ૨ | ૨ | ૨ | ૨ |
| ૮. અન્તરાય | ૫ | ૫ | ૫ | ૫ |
| કુલ | ૧૨૦ | ૧૨૨ | ૧૨૨ | ૧૫૮ |

સત્તામાં બધી જ ઉત્તરપ્રકૃતિઓનું અસ્તિત્વ હોય છે, તેમની સંખ્યા એક સો અઠ્ઠાવન છે. ઉદયમાં માત્ર એકસો બાવીસ ઉત્તરપ્રકૃતિઓ હોય છે કારણ કે આ અવસ્થામાં પંદર બંધન અને પાંચ સંઘાતન એ વીસ નામ કર્મની ઉત્તરપ્રકૃતિઓ

૧. કર્મવિપાક (પં. સુખલાલજીકૃત હિન્દી અનુવાદ), પૃ. ૧૧૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અલગથી ગણવામાં આવી નથી પણ પાંચ શરીરોમાં જ એમનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. વળી વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શ એ નામ કર્મની ચાર પિંડપ્રકૃતિઓની વીસ ઉત્તરપ્રકૃતિઓના સ્થાને કેવળ ચાર જ પ્રકૃતિઓ ગણવામાં આવી છે. આમ કુલ એક સો અઠ્ઠાવન પ્રકૃતિઓમાંથી નામ કર્મની છત્રીસ (વીસ અને સોળ) પ્રકૃતિઓ ઓછી કરી દેવાથી એકસો બાવીસ પ્રકૃતિઓ બાકી રહે છે જે ઉદયમાં આવે છે. ઉદીરણામાં પણ આ જ એક સો બાવીસ પ્રકૃતિઓ હોય છે કારણ કે જે પ્રકૃતિમાં ઉદયની યોગ્યતા હોય છે તેની ઉદીરણા થાય છે. બન્ધનાવસ્થામાં માત્ર એક સો વીસ પ્રકૃતિઓનું અસ્તિત્વ મનાયું છે. સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય કર્મોનો અલગથી બન્ધ થવાના બદલે મિથ્યાત્વમોહનીય કર્મના રૂપમાં જ બન્ધ થાય છે કારણ કે (કર્મજન્ય) સમ્યક્ત્વ અને સમ્યક્-મિથ્યાત્વ મિથ્યાત્વની જ વિશોધિત અવસ્થાઓ છે. આ બે પ્રકૃતિઓને ઉપર્યુક્ત એક સો બાવીસ પ્રકૃતિઓમાંથી ઓછી કરી દેવાથી એક સો વીસ પ્રકૃતિઓ બાકી રહે છે જે બન્ધનાવસ્થામાં હોય છે.

(૫) ઉદ્વર્તના – બદ્ધ કર્મોનાં સ્થિતિ અને અનુભાગ(રસ)નો નિશ્ચય બંધ વખતે વિદ્યમાન કષાયની તીવ્રતા-મન્દતા પ્રમાણે થાય છે. પછી દશાવિશેષ કે ભાવવિશેષના અર્થાત્ અધ્યવસાયવિશેષના કારણે પેલી સ્થિતિ તથા અનુભાગમાં વધારો થવો એને ઉદ્વર્તના કહે છે. આ અવસ્થાને ઉત્કર્ષણ પણ કહે છે.

(૬) અપવર્તના – બદ્ધ કર્મોનાં સ્થિતિ અને અનુભાગમાં ખાસ અધ્યવસાય દ્વારા ઘટાડો કરવો એ અપવર્તના નામે ઓળખાય છે. આ અવસ્થા ઉદ્વર્તનાથી તદ્દન ઊલટી છે. એનું બીજું નામ અપકર્ષણ પણ છે. આ અવસ્થાઓની માન્યતા ઉપરથી જ સાબિત થાય છે કે કોઈ પણ કર્મની સ્થિતિમાં તેમ જ કર્મના ફળની તીવ્રતા-મન્દતામાં કોઈ પણ જાતનું પરિવર્તન થઈ શકતું નથી એ વાત ખોટી છે. જીવના પોતાના ખાસ પ્રયત્નની કે અધ્યવસાયની શુદ્ધતા-અશુદ્ધતા દ્વારા એમનામાં ફેરફાર થતો રહે છે. એક સમયે આપણે કોઈ અશુભ કામ (પાપકર્મ) કર્યું અને પછી બીજા સમયે શુભ કામ કર્યું તો પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ વગેરેમાં યથાસંભવ ફેરફાર થશે. એ જ રીતે પહેલાં શુભ કામ દ્વારા બાંધેલા કર્મની સ્થિતિ વગેરેમાં પણ, પછી અશુભ કામ કરવાને કારણે સમયાનુસાર ફેરફાર થતો રહે છે. તાત્પર્ય એ કે વ્યક્તિના અધ્યવસાયો અનુસાર કર્મની અવસ્થાઓમાં ફેરફાર થતો રહે છે. આ સત્યને દૃષ્ટિમાં રાખીને જૈન કર્મવાદને ઈચ્છાસ્વાતન્ત્ર્યનો વિરોધી નથી મનાયો.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

(૭) સંક્રમણ - એક પ્રકારના કર્મપુદ્ગલોની સ્થિતિ વગેરેનું બીજા પ્રકારના કર્મપુદ્ગલોની સ્થિતિ આદિમાં પરિવર્તન (પરિણમન) થવું એને સંક્રમણ કહેવામાં આવે છે. સંક્રમણ કોઈ એક મૂળ પ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓમાં જ થાય છે, વિભિન્ન મૂળ પ્રકૃતિઓમાં થતું નથી. બીજા શબ્દોમાં, સજાતીય પ્રકૃતિઓમાં જ સંક્રમણ સ્વીકારાયું છે, વિજાતીય પ્રકૃતિઓમાં સ્વીકારાયું નથી. આ નિયમના અપવાદ તરીકે આચાર્યોએ એ પણ બતાવ્યું છે કે આયુ કર્મની પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ થતું નથી તેમ જ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયમાં તથા દર્શનમોહનીયની ત્રણ ઉત્તરપ્રકૃતિઓમાં પણ (કેટલાક અપવાદોને છોડીને) પરસ્પર સંક્રમણ થતું નથી. આમ આયુ કર્મની ચાર ઉત્તરપ્રકૃતિઓ, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય તેમ જ દર્શનમોહનીયની ત્રણ ઉત્તરપ્રકૃતિઓ ઉપર જણાવેલા નિયમના અપવાદો છે.

(૮) ઉપશમન - કર્મની જે અવસ્થામાં ઉદય કે ઉદીરણાનો સંભવ નથી તે અવસ્થાને ઉપશમન કહેવામાં આવે છે. આ અવસ્થામાં ઉદ્વર્તના, અપવર્તના અને સંક્રમણની સંભાવના હોય છે. જેમ રાખથી ઢંકાયેલો અગ્નિ તે અવસ્થામાં પોતાનું વિશિષ્ટ કાર્ય કરી શકતો નથી પરંતુ રાખનું આવરણ દૂર થતાં જ ફરી પ્રજવલિત થઈને પોતાનું કાર્ય કરવા તૈયાર થઈ જાય છે તેમ ઉપશમન અવસ્થામાં રહેલું કર્મ તે અવસ્થા પૂરી થતાં તરત જ પોતાનું કાર્ય શરૂ કરી દે છે અર્થાત્ ઉદયમાં આવી પોતાનું ફળ આપવાનું શરૂ કરી દે છે.

(૯) નિધત્તિ - કર્મની તે અવસ્થા નિધત્તિ કહેવાય છે જેમાં ઉદીરણા અને સંક્રમણનો સર્વથા અભાવ હોય છે. આ અવસ્થામાં ઉદ્વર્તના અને અપવર્તનાનો અસંભવ નથી.

(૧૦) નિકાચન - કર્મની એ અવસ્થાનું નામ નિકાચન છે જેમાં ઉદ્વર્તના, અપવર્તના, સંક્રમણ અને ઉદીરણા એ ચારે અવસ્થાઓ સંભવતી નથી. આ અવસ્થાનો અર્થ એ છે કે કર્મનો જે રૂપમાં બંધ થયો હોય તે રૂપમાં જ તેને અનિવાર્યપણે ભોગવવું. આ અવસ્થાનું નામ નિયતિ છે. આ અવસ્થામાં ઈચ્છાસ્વાતન્ત્ર્યનો સર્વથા અભાવ હોય છે. કોઈ કોઈ કર્મની આ જ અવસ્થા હોય છે.

(૧૧) અબાધ - કર્મ બંધાયા પછી અમુક સમય સુધી કોઈ પણ પ્રકારનું ફળ કર્મે ન આપવું એ તે કર્મની અબાધ અવસ્થા છે. આ અવસ્થાના કાળને અબાધાકાળ કહે છે. એની સમજૂતી આપી દીધી છે.

ઉદયને માટે અન્ય પરંપરાઓમાં 'પ્રારબ્ધ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તે જ રીતે સત્તાને માટે 'સંચિત' શબ્દનો, બંધનને માટે 'આગામી' કે 'ક્રિયમાણ'

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દનો, નિકાચનને માટે 'નિયતવિપાકી' શબ્દનો, સંક્રમણને માટે 'આવાપગમન' શબ્દનો અને ઉપશમનને માટે 'તનુ' વગેરે શબ્દોનો પ્રયોગ થયેલો જોવા મળે છે.[1]

## કર્મ અને પુનર્જન્મ

કર્મ અને પુનર્જન્મનો અતૂટ સંબંધ છે. કર્મનું અસ્તિત્વ સ્વીકારો એટલે તેના ફલસ્વરૂપે પરલોક એટલે કે પુનર્જન્મનું અસ્તિત્વ પણ સ્વીકારવું પડે જ. જે કર્મોનાં ફળ આ જન્મમાં મળતાં નથી તે કર્મોનાં ફળોની પ્રાપ્તિ (ભોગ) માટે પુનર્જન્મ માનવો અનિવાર્ય છે. પુનર્જન્મ (પુનર્ભવ) ન માનીએ તો કર્મના નિર્હેતુક વિનાશમાં (અર્થાત્ કૃતપ્રણાશમાં) અને અકૃત કર્મના ભોગમાં (અર્થાત્ અકૃતકર્મભોગમાં) માનવું પડે. પરિણામે કર્મવ્યવસ્થા દૂષિત બની જશે. આ દોષોથી બચવા કર્મવાદીઓએ પુનર્જન્મનું અસ્તિત્વ સ્વીકારવું પડે છે. એટલે જ વૈદિક, બૌદ્ધ અને જૈન ત્રણે ભારતીય પરંપરાઓમાં કર્મમૂલક પુનર્જન્મનું[2] અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું છે.

જૈન કર્મસાહિત્યમાં સમસ્ત સંસારી જીવોનો સમાવેશ ચાર ગતિઓમાં કરવામાં આવ્યો છે : મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવ. મૃત્યુ પછી જીવ પોતાના કર્મ અનુસાર આ ચારમાંથી કોઈ એક ગતિમાં જન્મે છે. જ્યારે જીવ એક શરીરને છોડી બીજું શરીર ધારણ કરવા જાય છે ત્યારે આનુપૂર્વી નામ કર્મ તેને ઉત્પત્તિસ્થાને પહોંચાડી દે છે. આનુપૂર્વી નામ કર્મને માટે નાસા-રજ્જુનું અર્થાત્ નાથનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે. જેમ બળદને આમ-તેમ દોરી જવા માટે નાથની સહાય અપેક્ષિત છે તેમ જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં પહોંચાડવા માટે આનુપૂર્વી નામ કર્મની મદદની જરૂર પડે છે. સમશ્રેણી (ઋજુ) ગતિ માટે આનુપૂર્વીની જરૂર નથી પરંતુ વિશ્રેણી (વક્ર) ગતિ માટે આનુપૂર્વીની જરૂર પડે છે. ગત્યન્તરના સમયે જીવની સાથે કેવળ બે પ્રકારના શરીર હોય છે : તૈજસ અને કાર્મણ. બીજા પ્રકારના શરીરોનું (ઔદારિક અને વૈક્રિયનું) નિર્માણ તો ઉત્પત્તિસ્થાને પહોંચ્યા પછી શરૂ થાય છે.

---

૧. જુઓ યોગદર્શન તથા યોગવિંશિકા (પં. સુખલાલજી દ્વારા સંપાદિત), પ્રસ્તાવના, પૃ. ૫૪; Outlines of Indian Philosophy (P. T. Srinivasa Iyenger), પૃ. ૬૨.

૨. આ પરંપરાઓની પુનર્જન્મ અને પરલોક વિશેની માન્યતાઓ માટે જુઓ આત્મમીમાંસા, પૃ. ૧૩૪-૧૫૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજું પ્રકરણ

# કર્મપ્રાભૃત

શ્વેતામ્બર સંપ્રદાયમાં આચારાંગ વગેરે ગ્રંથો આગમ તરીકે માન્ય છે જ્યારે દિગમ્બર સંપ્રદાયમાં કર્મપ્રાભૃત અને કષાયપ્રાભૃતને આગમ તરીકે માન્યતા મળી છે. કર્મપ્રાભૃતને મહાકર્મપ્રકૃતિપ્રાભૃત, આગમસિદ્ધાન્ત, ષટ્ખંડાગમ, પરમાગમ, ખંડસિદ્ધાન્ત, ષટ્ખંડસિદ્ધાન્ત વગેરે નામોથી ઓળખવામાં આવે છે. કર્મવિષયક નિરૂપણના કારણે તેને કર્મપ્રાભૃત કે મહાકર્મપ્રકૃતિપ્રાભૃત કહેવામાં આવે છે. આગમિક અને સૈદ્ધાન્તિક ગ્રંથ હોવાના કારણે તેને આગમસિદ્ધાન્ત, પરમાગમ, ખંડસિદ્ધાન્ત વગેરે નામ આપવામાં આવ્યાં છે. એમાં છ ખંડ છે એટલે તેને ષટ્ખંડાગમ કે ષટ્ખંડસિદ્ધાન્ત કહેવામાં આવે છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## કર્મપ્રાભૃતની આગમિક પરંપરા

કર્મપ્રાભૃત (ષટ્ખંડાગમ)[1]નું ઉદ્ભવસ્થાન દૃષ્ટિવાદ નામનું બારમું અંગ છે. આ બારમું અંગ અત્યારે લુપ્ત છે. તેના પાંચ વિભાગો હતા : પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગ, પૂર્વગત અને ચૂલિકા. એમાંથી પૂર્વગતના ચૌદ ભેદો હતા. આ ચૌદ ભેદોને જ ચૌદપૂર્વ કહેવામાં આવે છે. એમાંથી અગ્રાયણીય નામના બીજા પૂર્વના આધારે કર્મપ્રાભૃત નામના ષટ્ખંડાગમની રચના કરવામાં આવી છે.

અગ્રાયણીય પૂર્વના નીચે જણાવેલા ચૌદ અધિકાર છે : (૧) પૂર્વાન્ત, (૨) અપરાન્ત, (૩) ધ્રુવ, (૪) અધ્રુવ, (૫) ચયનલબ્ધિ, (૬) અર્ધોપમ, (૭) પ્રણિધિકલ્પ, (૮) અર્થ, (૯) ભૌમ, (૧૦) વ્રતાદિક, (૧૧) સર્વાર્થ, (૧૨) કલ્પનિર્યાણ, (૧૩) અતીત સિદ્ધ-બદ્ધ, (૧૪) અનાગત સિદ્ધ-બદ્ધ. આમાં

---

૧. (અ) પ્રથમ પાંચ ખંડ ધવલા ટીકા તથા તેના હિંદી અનુવાદ સાથે—સંપાદક : ડૉ. હીરાલાલ જૈન; પ્રકાશક : શિતાબરાય લક્ષ્મીચંદ્ર, જૈન સાહિત્યોદ્ધારક ફંડ કાર્યાલય, અમરાવતી, સન્ ૧૯૩૯-૧૯૫૮.

(આ) છઠ્ઠો ખંડ (મહાબન્ધ) હિંદી અનુવાદ સાથે - સંપાદક : પં. સુમેરુચન્દ્ર અને ફૂલચન્દ્ર; પ્રકાશક : ભારતીય જ્ઞાનપીઠ, કાશી, સન્ ૧૯૪૭-૧૯૫૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચયનલબ્ધિ નામનો જે પાંચમો અધિકાર છે તેના વીસ પ્રાભૃત છે. વીસમાં ચોથો પ્રાભૃત કર્મપ્રકૃતિ છે.[1] આ કર્મપ્રકૃતિ પ્રાભૃતમાંથી જ ષટ્ખંડસિદ્ધાન્તની ઉત્પત્તિ થઈ છે.

કર્મપ્રાભૃતના પ્રણેતા

ષટ્ખંડસિદ્ધાન્તરૂપ કર્મપ્રાભૃત આચાર્ય પુષ્પદન્ત અને ભૂતબલિની રચના છે. તેમણે પ્રાચીન કર્મપ્રકૃતિ પ્રાભૃતને આધારે પ્રસ્તુત ગ્રન્થનું નિર્માણ કર્યું છે. કર્મપ્રાભૃત (ખટ્ખંડાગમ)ની ધવલા ટીકામાં ઉલ્લેખ છે કે સૌરાષ્ટ્ર દેશના ગિરિનગરની ચન્દ્રગુફામાં રહેતા ધરસેનાચાર્યે અંગશ્રુતનો વિચ્છેદ થઈ જવાના ભયે મહિમાનગરીમાં એકઠા થયેલા દક્ષિણાપથના આચાર્યોને એક પત્ર લખ્યો. આચાર્યોએ પત્રનું પ્રયોજન બરાબર સમજીને શાસ્ત્રને ધારણ કરવા સમર્થ બે પ્રતિભાસમ્પન્ન સાધુઓને આન્ધ્ર દેશના વેન્નાતટથી ધરસેનાચાર્ય પાસે મોકલ્યા. ધરસેને શુભ તિથિ, શુભ નક્ષત્ર અને શુભ વારે તેમને ગ્રન્થ ભણાવવો શરૂ કર્યો. ક્રમશઃ વ્યાખ્યાન કરતાં કરતાં તેમણે અષાઢ મહિનાના અજવાળિયા પખવાડિયામાં અગિયારસે સવારે ગ્રન્થ પૂરો કર્યો. વિનયપૂર્વક ગ્રન્થની પરિસમાપ્તિથી પ્રસન્ન થઈ ભૂતોએ પેલા બે સાધુઓમાંના એકની પુષ્પાવલી વગેરેથી ભારે પૂજા કરી, તેને જોઈને ધરસેને તે સાધુનું નામ 'ભૂતબલિ' રાખ્યું. બીજા સાધુની ભૂતોએ પૂજા કરીને તેની અસ્ત-વ્યસ્ત દંતપંક્તિને સરખી કરી દીધી, તેને જોઈને ધરસેને તે સાધુનું નામ 'પુષ્પદંત' રાખ્યું. ત્યાંથી પ્રસ્થાન કરી તે બંને સાધુએ અઙ્કુલેશ્વરમાં ચોમાસું કર્યું. ચોમાસું પૂરું કરી આચાર્ય પુષ્પદન્ત વનવાસ ગયા અને ભટ્ટારક ભૂતબલિ દ્રમિલદેશ પહોંચ્યા. પુષ્પદંતે જિનપાલિતને દીક્ષા આપીને (સત્પ્રરૂપણાના) વીસ સૂત્રો રચી જિનપાલિતને ભણાવ્યાં અને પછી જિનપાલિતને ભૂતબલિ પાસે મોકલ્યા. ભૂતબલિએ જિનપાલિત પાસેનાં વીસ સૂત્રો જોઈ તથા પુષ્પદન્તને અલ્પાયુ જાણી મહાકર્મપ્રકૃતિપ્રાભૃત (महाकम्मपयडिपाहुड)નો વિચ્છેદ થઈ જવાના ભયે દ્રવ્યપ્રમાણાનુગમથી શરૂ કરી આગળની ગ્રન્થરચના કરી. તેથી આ ખંડસિદ્ધાન્તની અપેક્ષાએ ભૂતબલિ અને પુષ્પદન્ત પણ શ્રુતના કર્તા ગણાય છે. આ રીતે મૂલગ્રન્થના કર્તા વર્ધમાન ભટ્ટારક છે, અનુગ્રંથના કર્તા ગૌતમસ્વામી છે તથા ઉપગ્રન્થના કર્તા રાગદ્વેષમોહરહિત ભૂતબલિ-પુષ્પદન્ત છે.[2]

---

૧. अग्गेणियस्स पुव्वस्स पंचमस्स वत्थुस्स चउत्थो पाहुडो कम्मपयडी णाम ॥ ४५ ॥ – ષટ્ખણ્ડાગમ, પુસ્તક ૯, પૃ. ૧૩૪.

૨. ષટ્ખંડાગમ, પુસ્તક ૧, પૃ. ૬૭-૭૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષટ્ખંડાગમના પ્રારંભિક ભાગ સત્પ્રરૂપણાના પ્રણેતા આચાર્ય પુષ્પદન્ત છે અને બાકીના આખા ગ્રન્થના રચયિતા આચાર્ય ભૂતબલિ છે. ધવલાકારે પુષ્પદન્તરચિત જે વીસ સૂત્રોનો ઉલ્લેખ કર્યો છે તે સત્પ્રરૂપણાના વીસ અધિકાર જ છે કારણ કે આગળ સ્પષ્ટ લખ્યું છે કે ભૂતબલિએ દ્રવ્યપ્રમાણાનુગમથી પોતાની રચનાની શરૂઆત કરી. સત્પ્રરૂપણા પછી જ્યાંથી સંખ્યાપ્રરૂપણા અર્થાત્ દ્રવ્યપ્રમાણાનુગમ શરૂ થાય છે ત્યાં પણ ધવલાકારે કહ્યું છે કે હવે ચૌદ જીવસમાસોના અસ્તિત્વને જાણી લેનાર શિષ્યોને તે જ જીવસમાસનાં પરિમાણનો બોધ કરાવવા ભૂતબલિ આચાર્ય સૂત્ર કહે છે. (संपहि चोद्दसण्हं जीवसमासाणमत्थित्तमवगदाणं सिस्साणं तेसिं चेव परिमाणपडिबोहणट्ठं भूदबलियाइरियो सुत्तमाह ।)[1]

આચાર્ય ધરસેન, પુષ્પદન્ત અને ભૂતબલિનો સમય વિવિધ પ્રમાણોના આધારે વીરનિર્વાણ પછી ૬૦૦ અને ૭૦૦ વર્ષની વચ્ચે હોવાનું સિદ્ધ થાય છે.[2]

## કર્મપ્રાભૃતના વિષયનું વિભાજન

કર્મપ્રાભૃતના છએ છ ખંડોની ભાષા પ્રાકૃત (શૌરસેની) છે. આચાર્ય પુષ્પદન્તે ૧૭૭ સૂત્રોમાં સત્પ્રરૂપણા નામનો ભાગ લખ્યો અને બાકીનો આખો ગ્રન્થ આચાર્ય ભૂતબલિએ ૬૦૦૦ સૂત્રોમાં લખ્યો.

કર્મપ્રાભૃતના છ ખંડોનાં નામ આ પ્રમાણે છે : ૧. જીવસ્થાન, ૨. ક્ષુદ્રકબંધ, ૩. બંધસ્વામિત્વવિચય, ૪. વેદના, ૫. વર્ગણા, ૬. મહાબંધ.

જીવસ્થાનમાં આઠ અનુયોગદ્વાર અને નવ ચૂલિકાઓ છે. આઠ અનુયોગદ્વાર આ પ્રમાણે છે : ૧. સત્, ૨. સંખ્યા (દ્રવ્યપ્રમાણ), ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શન, ૫. કાલ, ૬. અન્તર, ૭. ભાવ, ૮. અલ્પબહુત્વ. નવ ચૂલિકાઓ આ છે : ૧. પ્રકૃતિસમુત્કીર્તન, ૨. સ્થાનસમુત્કીર્તન, ૩-૫. પ્રથમ-દ્વિતીય-તૃતીય મહાદંડક, ૬. ઉત્કૃષ્ટ સ્થિતિ, ૭. જઘન્યસ્થિતિ, ૮. સમ્યક્ત્વોત્પત્તિ, ૯. ગતિ-આગતિ. આ ખંડનું પરિમાણ ૧૮૦૦૦ પદપ્રમાણ છે.

ક્ષુદ્રકબંધના અગિયાર અધિકાર છે : ૧. સ્વામિત્વ, ૨. કાલ, ૩. અન્તર, ૪. ભંગવિચય, ૫. દ્રવ્યપ્રમાણાનુગમ, ૬. ક્ષેત્રાનુગમ, ૭. સ્પર્શાનુગમ, ૮. નાના-જીવ-કાલ, ૯. નાના-જીવ-અન્તર, ૧૦. ભાગાભાગાનુગમ, ૧૧. અલ્પબહુત્વાનુગમ.

---

૧. ષટ્ખંડાગમ, પુસ્તક ૩, પૃ. ૧.

૨. એજન, પુસ્તક ૧, પ્રસ્તાવના, પૃ. ૨૧-૩૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્ધસ્વામિત્વવિચયમાં નીચેના વિષયો છે : કર્મપ્રકૃતિઓનો જીવોની સાથે બંધ, કર્મપ્રકૃતિઓની ગુણસ્થાનોમાં વ્યુચ્છિત્તિ, સ્વોદય બંધરૂપ પ્રકૃતિઓ, પરોદય બંધરૂપ પ્રકૃતિઓ.

વેદના ખંડમાં કૃતિ અને વેદના નામના બે અનુયોગદ્વાર છે. કૃતિ સાત પ્રકારની છેઃ ૧. નામકૃતિ, ૨. સ્થાપનાકૃતિ, ૩. દ્રવ્યકૃતિ, ૪. ગણનાકૃતિ, ૫. ગ્રન્થકૃતિ, ૬. કરણકૃતિ અને ૭.ભાવકૃતિ. વેદનાના સોળ અધિકાર છેઃ૧. નિક્ષેપ, ૨.નય,૩. નામ, ૪. દ્રવ્ય, ૫. ક્ષેત્ર, ૬. કાલ, ૭. ભાવ, ૮. પ્રત્યય, ૯. સ્વામિત્વ, ૧૦. વેદના, ૧૧. ગતિ, ૧૨. અનન્તર, ૧૩. સન્નિકર્ષ, ૧૪. પરિમાણ, ૧૫. ભાગાભાગાનુગમ, ૧૬. અલ્પબહુત્વાનુગમ. આ ખંડનું પરિમાણ ૧૬૦૦૦ પદપ્રમાણ છે.

વર્ગણા ખંડનો મુખ્ય અધિકાર બંધનીય છે, તેમાં વર્ગણાઓનું વિસ્તૃત વર્ણન છે. એ ઉપરાંત એમાં સ્પર્શ, કર્મ, પ્રકૃતિ અને બંધ એ ચાર અધિકારોનો પણ અન્તર્ભાવ કરવામાં આવ્યો છે.

ત્રીસ હજાર શ્લોકપ્રમાણ મહાબન્ધ નામના છઠ્ઠા ખંડમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ એ ચાર પ્રકારના બંધોનું બહુ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. આ મહાબન્ધની પ્રસિદ્ધિ મહાધવલ નામથી પણ છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

જીવસ્થાન

પ્રારંભમાં આચાર્યે નીચે જણાવેલો મંગલમંત્ર આપ્યો છે :

णमो अरिहंताणं णमो सिद्धाणं णमो आइरियाणं ।
णमो उवज्झायाणं णमो लोए सव्वसाहूणं ॥

આ મંત્ર દ્વારા ગ્રંથકારે અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને લોકના સર્વ સાધુઓને નમસ્કાર કર્યા છે.

ચૌદ જીવસમાસો (ગુણસ્થાનો)ના અન્વેષણ માટે આચાર્યે ચૌદ માર્ગણાસ્થાનોનો ઉલ્લેખ કર્યો છે : ૧. ગતિ, ૨. ઈન્દ્રિય, ૩. કાય, ૪. યોગ, ૫. વેદ, ૬. કષાય, ૭. જ્ઞાન, ૮. સંયમ, ૯. દર્શન, ૧૦. લેશ્યા, ૧૧. ભવ્યત્વ, ૧૨. સમ્યક્ત્વ, ૧૩. સંજ્ઞા, ૧૪. આહાર[૧].

આ ચૌદ જીવસમાસોના નિરૂપણ માટે સત્પ્રરૂપણા આદિ આઠ અનુયોગદ્વાર કહેવામાં આવ્યાં છે.[૨]

---

૧. સૂત્ર ૨-૪ (પુસ્તક ૧)

૨. સૂત્ર ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સત્પ્રરૂપણા – સત્પ્રરૂપણામાં બે રીતે કથન હોય છે : ઓઘની અર્થાત્ સામાન્યની અપેક્ષાએ અને આદેશની અર્થાત્ વિશેષની અપેક્ષાએ.[1]

ઓઘની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ જીવો છે, સાસાદનસમ્યગ્દૃષ્ટિ જીવો છે, સમ્યક્-મિથ્યાદૃષ્ટિ જીવો છે, અસંયતમિથ્યાદૃષ્ટિ જીવો છે, સંયતાસંયત જીવો છે, પ્રમત્તસંયત જીવો છે, અપ્રમત્તસંયત જીવો છે, અપૂર્વકરણપ્રવિષ્ટશુદ્ધિસંયતોમાં ઉપશમક અને ક્ષપક જીવો છે, અનિવૃત્તિબાદર સામ્પરાયિકપ્રવિષ્ટશુદ્ધિસંયતોમાં ઉપશમક અને ક્ષપક જીવો છે, સૂક્ષ્મસામ્પરાયિકપ્રવિષ્ટશુદ્ધિસંયતોમાં ઉપશમક અને ક્ષપક જીવો છે, ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ જીવો છે, ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ જીવો છે, સયોગીકેવલી કે સયોગિકકેવલી જીવો છે, અયોગકેવલી કે અયોગિકેવલી જીવો છે, સિદ્ધ જીવો છે. (ओघेण अत्थि मिच्छाइट्ठी ॥ ९ ॥ सासणसम्माइट्ठी ॥ १० ॥ सम्मामिच्छाइट्ठी ॥ ११ ॥ असंजदसम्माइट्ठी ॥ १२ ॥ संजदासंजदा ॥ १३ ॥ पमत्तसंजदा ॥ १४ ॥ अप्पमत्तसंजदा ॥ १५ ॥ अपुव्वकरणपविट्ठसुद्धिसंजदेसु अत्थि उवसमा खवा ॥ १६ ॥ अणियट्टिबादरसांपराइयपविट्ठसुद्धिसंजदेसु अत्थि उवसमा खवा ॥ १७ ॥ सुहुमसांपराइय-पविट्ठसुद्धिसंजदेसु अत्थि उवसमा खवा ॥ १८ ॥ उवसंतकसायवीयरायछदुमत्था ॥ १९ ॥ खीणकसायवीयरायछदुमत्था ॥ २० ॥ सजोगकेवली ॥ २१ ॥ अजोगकेवली ॥ २२ ॥ सिद्धा चेदि ॥ २३ ॥)

આદેશની અપેક્ષાએ ગત્યનુવાદથી નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ અને સિદ્ધગતિ છે. (आदेसेण गदियाणुवादेण अत्थि णिरयगदी तिरिक्खगदी मणुस्सगदी देवगदी सिद्धगदी चेदि ॥ २४ ॥)

નારકી પ્રારંભના ચાર ગુણસ્થાનોમાં હોય છે. તિર્યંચો પ્રથમ પાંચ ગુણસ્થાનોમાં હોય છે. મનુષ્યો ચૌદ ગુણસ્થાનોમાં મળે છે. દેવો પ્રારંભના ચાર ગુણસ્થાનોમાં હોય છે.[2]

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો શુદ્ધ તિર્યંચો હોય છે. સંજ્ઞી મિથ્યાદૃષ્ટિથી સંયતાસંયત સુધીના તિર્યંચો મિશ્ર હોય છે. મિથ્યાદૃષ્ટિથી સંયતાસંયત સુધીના મનુષ્યો મિશ્ર હોય છે. એનાથી આગળ શુદ્ધ મનુષ્ય હોય છે.[3]

ઈન્દ્રિયની અપેક્ષાએ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય અને અનિન્દ્રિય જીવો છે. એકેન્દ્રિય જીવો બે પ્રકારના હોય છે : બાદર અને સૂક્ષ્મ. બાદર બે પ્રકારના હોય છે :

---

૧. સૂત્ર ૮   ૨. સૂત્ર ૨૫-૨૮.   ૩. સૂત્ર ૨૯-૩૨.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાપ્ત અને અપર્યાપ્ત. સૂક્ષ્મ પણ બે પ્રકારના હોય છે : પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ જ રીતે દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય પણ પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકારના હોય છે. પંચેન્દ્રિયના બે ભેદ છે : સંજ્ઞી અને અસંજ્ઞી. સંજ્ઞી અને અસંજ્ઞી પુનઃ પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે-બે પ્રકારના થાય છે.[૧]

એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવો મિથ્યાદૃષ્ટિ નામના પ્રથમ ગુણસ્થાનમાં જ હોય છે. સંજ્ઞીપંચેન્દ્રિય જીવો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી અયોગિકેવલી ગુણસ્થાન સુધી હોય છે. એનાથી આગળ (સિદ્ધાવસ્થામાં) અનિન્દ્રિય જીવો હોય છે.[૨]

કાયની અપેક્ષાએ પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિક જીવો હોય છે. પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિક જીવો બાદર અને સૂક્ષ્મ ભેદે બે-બે પ્રકારના છે. બાદર અને સૂક્ષ્મના વળી પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદે બે-બે પ્રકાર છે. વનસ્પતિકાયિક જીવોના બે પ્રકાર છે : પ્રત્યેકશરીર અને સાધારણશરીર. પ્રત્યેકશરીરના વળી બે ભેદ થાય છેઃ પર્યાપ્ત અને અપર્યાપ્ત. સાધારણશરીરના પણ બે પ્રકાર છે : બાદર અને સૂક્ષ્મ. બાદર અને સૂક્ષ્મ વળી પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે-બે પ્રકારના છે.[૩]

પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક જીવો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં જ હોય છે. દ્વીન્દ્રિયથી અયોગિકેવલી સુધીના જીવો ત્રસકાયિક હોય છે. બાદર એકેન્દ્રિયથી અયોગિકેવલી સુધીના જીવો બાદરકાયિક હોય છે. ત્રસ અને સ્થાવર એ બંને કાયોથી રહિત જીવો અકાયિક છે.[૪]

યોગની અપેક્ષાએ જીવો મનોયોગી, વચનયોગી અને કાયયોગી હોય છે. અયોગી જીવો પણ હોય છે. મનોયોગના ચાર પ્રકાર છે : ૧. સત્યમનોયોગ, ૨. મૃષામનોયોગ, ૩. સત્યમૃષામનોયોગ, ૪. અસત્યમૃષામનોયોગ.[૫]

સામાન્યપણે મનોયોગ અને વિશેષપણે સત્યમનોયોગ અને અસત્યમૃષામનોયોગ સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલી સુધીના જીવોને હોય છે. મૃષામનોયોગ અને સત્યમૃષામનોયોગ સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ સુધીના જીવોમાં હોય છે.[૬]

વચનયોગ પણ ચાર પ્રકારનો છે : ૧. સત્યવચનયોગ, ૨. મૃષાવચનયોગ, ૩. સત્યમૃષાવચનયોગ, ૪. અસત્યમૃષાવચનયોગ. સામાન્યપણે વચનયોગ અને

૧. સૂત્ર ૩૩-૩૫. ૨. સૂત્ર ૩૬-૩૮ ૩. સૂત્ર ૩૯-૪૨
૪. સૂત્ર ૪૩-૪૬ ૫. સૂત્ર ૪૭-૪૯ ૬. સૂત્ર ૫૦-૫૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષપણે અસત્યમૃષાવચનયોગ દ્વીન્દ્રિયથી સયોગિકેવલી સુધીના જીવોમાં હોય છે. સત્યવચનયોગ સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલી સુધીના જીવોમાં હોય છે. મૃષાવચનયોગ અને સત્યમૃષાવચનયોગ સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી ક્ષીણકષાયવીતરાગ-છદ્મસ્થ સુધીના જીવોમાં હોય છે.[૧]

કાયયોગ સાત પ્રકારનો છે : ૧. ઔદારિક કાયયોગ, ૨. ઔદારિકમિશ્ર કાયયોગ, ૩. વૈક્રિયિક કાયયોગ, ૪. વૈક્રિયિકમિશ્ર કાયયોગ, ૫. આહારક કાયયોગ, ૬. આહારકમિશ્ર કાયયોગ, ૭. કાર્મણ કાયયોગ. આમાંથી ઔદારિક કાયયોગ અને ઔદારિકમિશ્ર કાયયોગ તિર્યંચો અને મનુષ્યોમાં હોય છે. વૈક્રિયિક કાયયોગ અને વૈક્રિયિકમિશ્ર કાયયોગ દેવો અને નારકીઓને હોય છે. આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ ઋદ્ધિવાળા સંયતોને હોય છે. કાર્મણ કાયયોગ વિગ્રહગતિ કરતા જીવોને તથા સમુદ્ઘાત કરતા કેવલીઓને હોય છે.[૨]

સામાન્યપણે કાયયોગ તથા વિશેષપણે ઔદારિક કાયયોગ અને ઔદારિકમિશ્ર કાયયોગ એકેન્દ્રિયથી સયોગિકેવલી સુધીના જીવોને હોય છે. વૈક્રિયિકકાયયોગ અને વૈક્રિયિકમિશ્ર કાયયોગ સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી અસંયતસમ્યગ્દૃષ્ટિ સુધીના જીવોને હોય છે. આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ પ્રમત્તસંયત ગુણસ્થાનમાં જ હોય છે. કાર્મણ કાયયોગ એકેન્દ્રિયથી સયોગિકેવલી સુધીના જીવોમાં હોય છે.[૩]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મનોયોગ, વચનયોગ અને કાયયોગ ત્રણે સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલી સુધીના જીવોમાં હોય છે. વચનયોગ અને કાયયોગ એ બે દ્વીન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોમાં હોય છે. કેવળ કાયયોગ એકેન્દ્રિય જીવોમાં હોય છે.[૪] આ કથનનું તાત્પર્ય એ છે કે એકેન્દ્રિય જીવોને એક જ યોગ (કાયયોગ) હોય છે, દ્વીન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોને બે જ યોગ (કાયયોગ અને વચનયોગ) હોય છે, અને બાકીના જીવોને ત્રણ યોગ હોય છે.

મનોયોગ અને વચનયોગ પર્યાપ્તકોને જ હોય છે, અપર્યાપ્તકોને હોતા નથી. કાયયોગ પર્યાપ્તકોને પણ હોય છે અને અપર્યાપ્તકોને પણ હોય છે.[૫]

છ પર્યાપ્તિઓ અને છ અપર્યાપ્તિઓ છે. સંજ્ઞીમિથ્યાદૃષ્ટિથી અસંયતસમ્યગ્દૃષ્ટિ સુધીના જીવોને છએ છ પર્યાપ્તિઓ હોય છે. દ્વીન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોને પાંચ પર્યાપ્તિઓ હોય છે, એકેન્દ્રિય જીવોને ચાર પર્યાપ્તિઓ હોય છે.[૬]

૧. સૂત્ર ૫૨-૫૫ ૨. સૂત્ર ૫૬-૬૦ ૩. સૂત્ર ૬૧-૬૪
૪. સૂત્ર ૬૫-૬૭ ૫. સૂત્ર ૬૮-૬૯ ૬. સૂત્ર ૭૦-૭૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔદારિક કાયયોગ, વૈક્રિયિક કાયયોગ અને આહારક કાયયોગ પર્યાપ્તકોને હોય છે. ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયિકમિશ્ર કાયયોગ અને આહારકમિશ્રકાયયોગ અપર્યાપ્તકોને હોય છે.[૧]

પ્રથમ પૃથ્વીના નારકી જીવો મિથ્યાદૃષ્ટિ અને અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે, પરંતુ સાસાદનસમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે. દ્વિતીય પૃથ્વીથી સાતમી પૃથ્વીના નારકી જીવો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે, પરંતુ સાસાદનસમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અને અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે.[૨]

તિર્યંચ જીવો મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ અને અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે, પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અને સંયતાસંયત ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે. યોનિવાળા પંચેન્દ્રિય તિર્યંચ જીવો મિથ્યાદૃષ્ટિ અને સાસાદનસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે, પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ અને સંયતાસંયત ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે.[૩]

મનુષ્યો મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ અને અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે, પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, સંયતાસંયત અને સંયત ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે.[૪] સ્ત્રીઓ મિથ્યાદૃષ્ટિ અને સાસાદનસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ અને સંયતાસંયત[૫] ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે.[૬]

દેવો મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ અને અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે. ભવનવાસી, વાનવ્યન્તર અને જ્યોતિષ્ક દેવો તેમ જ દેવીઓ અને સૌધર્મ તથા ઈશાન કલ્પવાસી દેવીઓ — આ બધાં મિથ્યાદૃષ્ટિ અને સાસાદનસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે

૧. સૂત્ર ૭૬-૭૮ ૨. સૂત્ર ૭૯-૮૩ ૩. સૂત્ર ૮૪-૮૮ ૪. સૂત્ર ૮૯-૯૧

૫. ષટ્ખંડાગમ (પુસ્તક ૧, પૃ. ૩૩૨)ના હિંદી અનુવાદમાં સંયત ગુણસ્થાનનો પણ ઉલ્લેખ છે. ટિપ્પણીમાં લખ્યું છે : अत्र 'संजद' इति पाठशेषः प्रतिभाति ।

૬. સૂત્ર ૯૨-૯૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અપર્યાપ્તક પણ હોય છે પરંતુ સમ્યગ્મિથ્યાદષ્ટિ અને અસંયતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક જ હોય છે. સૌધર્મ-ઈશાનથી ઉપરિમ ગ્રૈવેયકના ઉપરિમ ભાગ સુધીના વિમાનવાસી દેવો મિથ્યાદષ્ટિ, સાસાદનસમ્યગ્દષ્ટિ અને અસંયતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે પરંતુ સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનમાં નિયમતઃ પર્યાપ્તક હોય છે. અનુદિશાઓ અને વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત તથા સર્વાર્થસિદ્ધિરૂપ અનુત્તર વિમાનોમાં રહેનાર દેવો અસંયતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનમાં પર્યાપ્તક પણ હોય છે અને અપર્યાપ્તક પણ હોય છે.[1]

વેદની અપેક્ષાએ સ્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને અપગતવેદવાળા જીવો હોય છે. સ્રીવેદ અને પુરુષવેદવાળા જીવો અસંજ્ઞી મિથ્યાદષ્ટિથી અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં મળે છે. નપુંસકવેદવાળા જીવો એકેન્દ્રિયથી અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધી હોય છે. એથી આગળના જીવો અપગતવેદ અર્થાત્ વેદરહિત હોય છે.[2]

નારકી જીવો ચારે ગુણસ્થાનોમાં શુદ્ધ અર્થાત્ કેવળ નપુંસકવેદી હોય છે. તિર્યંચ એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો શુદ્ધ નપુંસકવેદી હોય છે, અને અસંજ્ઞી પંચેન્દ્રિયથી સંતયાસંયત ગુણસ્થાન સુધીના જીવો ત્રણે વેદોથી યુક્ત હોય છે. મનુષ્યો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનથી અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધી ત્રણે વેદો ધરાવે છે અને એથી આગળ વેદરહિત હોય છે. દેવ ચારે ગુણસ્થાનોમાં સ્રીવેદ અને પુરુષવેદ આ બે વેદોથી યુક્ત હોય છે.[3]

કષાયની અપેક્ષાએ જીવો ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયી (કષાયરહિત) હોય છે. ક્રોધકષાયી, માનકષાયી અને માયાકષાયી જીવો એકેન્દ્રિયથી અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધી હોય છે. લોભકષાયી જીવો એકેન્દ્રિયથી સૂક્ષ્મસામ્પરાયિકશુદ્ધિસંયત ગુણસ્થાન સુધી હોય છે. ઉપશાન્તકષાય-વીતરાગછદ્મસ્થ, ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ, સયોગિકેવલી અને અયોગિકેવલી ગુણસ્થાનમાં જીવો અકષાયી હોય છે.[4]

જ્ઞાનની અપેક્ષાએ જીવો મત્યજ્ઞાની, શ્રુતાજ્ઞાની, વિભંગજ્ઞાની, આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની અને કેવલજ્ઞાની હોય છે. મત્યજ્ઞાની અને શ્રુતાજ્ઞાની જીવો એકેન્દ્રિયથી સાસાદનસમ્યગ્દષ્ટિ ગુણસ્થાન સુધી હોય છે.વિભંગજ્ઞાન સંજ્ઞી મિથ્યાદષ્ટિ તથા સાસાદનસમ્યગ્દષ્ટિ

---

૧. સૂત્ર ૯૪-૧૦૦
૨. સૂત્ર ૧૦૧-૧૦૪
૩. સૂત્ર ૧૦૫-૧૧૦
૪. સૂત્ર ૧૧૧-૧૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવોને હોય છે, પણ પર્યાપ્તકોને જ હોય છે અપર્યાપ્તકોને નહિ. સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનમાં પ્રથમ ત્રણ જ્ઞાનો અજ્ઞાનથી મિશ્રિત હોય છે. આભિનિબોધિકજ્ઞાન મત્યજ્ઞાનથી, શ્રુતજ્ઞાન શ્રુતાજ્ઞાનથી અને અવધિજ્ઞાન વિભંગજ્ઞાનથી મિશ્રિત હોય છે. આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અસંયતસમ્યગ્દષ્ટિથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાન સુધી હોય છે. મનઃપર્યયજ્ઞાન પ્રમત્તસંયતથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાન સુધી હોય છે. કેવલજ્ઞાન સયોગિકેવલી, અયોગિકેવલી અને સિદ્ધ આ ત્રણ અવસ્થાઓમાં હોય છે.[1]

સંયમની અપેક્ષાએ જીવો સામાયિકશુદ્ધિસંયત, છેદોપસ્થાપનાશુદ્ધિસંયત, પરિહારશુદ્ધિસંયત, સૂક્ષ્મસામ્પરાયિકશુદ્ધિસંયત, યથાખ્યાતવિહારશુદ્ધિસંયત, સંયતાસંયત અને અસંયત હોય છે. સંયત જીવો પ્રમત્તસંયતથી અયોગિકેવલી ગુણસ્થાન સુધી હોય છે. સામાયિકશુદ્ધિસંયત અને છેદોપસ્થાપનાશુદ્ધિસંયત જીવો પ્રમત્તસંયતથી અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધી હોય છે. પરિહારશુદ્ધિસંયત જીવો પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત આ બે ગુણસ્થાનોમાં હોય છે. સૂક્ષ્મસામ્પરાયિક-શુદ્ધિસંયત જીવો કેવળ સૂક્ષ્મસાંપરાયિકશુદ્ધિસંયત ગુણસ્થાનમાં જ હોય છે. યથાખ્યાતવિહારશુદ્ધિસંયત જીવો ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ, ક્ષીણકષાય-વીતરાગછદ્મસ્થ, સયોગિકેવલી અને અયોગિકેવલી આ ચાર ગુણસ્થાનોમાં હોય છે. સંયતાસંયત જીવો કેવળ સંયતાસંયત ગુણસ્થાનમાં હોય છે. અસંયત જીવો એકેન્દ્રિયથી અસંયતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાન સુધી હોય છે.[2]

દર્શનની અપેક્ષાએ જીવો ચક્ષુર્દર્શની, અચક્ષુર્દર્શની, અવધિદર્શની અને કેવલદર્શની હોય છે. ચક્ષુર્દર્શની જીવો ચતુરિન્દ્રિયથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાન સુધી હોય છે. અચક્ષુર્દર્શની જીવો એકેન્દ્રિયથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાન સુધી હોય છે. અવધિદર્શની જીવો અસંયતસમ્યગ્દષ્ટિથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાન સુધી હોય છે. કેવલદર્શની જીવો સયોગિકેવલી, અયોગિકેવલી અને સિદ્ધ આ ત્રણ અવસ્થાઓમાં હોય છે.[3]

લેશ્યાની અપેક્ષાએ જીવો કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા અને અલેશ્યાવાળા હોય છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા જીવો એકેન્દ્રિયથી અસંયતસમ્યગ્દષ્ટિ સુધી હોય છે. તેજોલેશ્યા અને પદ્મલેશ્યાવાળા જીવ સંજ્ઞી મિથ્યાદષ્ટિથી અપ્રમત્તસંયત સુધી હોય છે.

૧. સૂત્ર ૧૧૫-૧૨૨. ૨. સૂત્ર ૧૨૩-૧૩૦

૩. સૂત્ર ૧૩૧-૧૩૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુક્લલેશ્યાવાળા જીવ સંજ્ઞી મિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલી સુધી હોય છે. એથી આગળ જીવો અલેશ્યાવાળા હોય છે.[1]

ભવ્યત્વની અપેક્ષાએ જીવો ભવ્યસિદ્ધિક અને અભવ્યસિદ્ધિક હોય છે. ભવ્યસિદ્ધિક જીવો એકેન્દ્રિયથી અયોગિકેવલી સુધી હોય છે. અભવ્યસિદ્ધિક જીવો એકેન્દ્રિયથી સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ સુધી હોય છે.[2]

સમ્યક્ત્વની અપેક્ષાએ જીવો સમ્યગ્દૃષ્ટિ, ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ, વેદકસમ્યગ્દૃષ્ટિ, ઉપશમસમ્યગ્દૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય છે. સમ્યગ્દૃષ્ટિ અને ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી અયોગિકેવલી ગુણસ્થાન સુધી હોય છે. વેદકસમ્યગ્દૃષ્ટિ જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી અપ્રમત્તસંયત ગુણસ્થાન સુધી હોય છે. ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ ગુણસ્થાન સુધી હોય છે. સાસાદનસમ્યગ્દૃષ્ટિ જીવો કેવળ સાસાદનસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં જ હોય છે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવો એકમાત્ર સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં જ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવો એકેન્દ્રિયથી સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ સુધી હોય છે.[3]

પ્રથમ પૃથ્વીના નારકી જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ, વેદકસમ્યગ્દૃષ્ટિ અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ હોય છે. દ્વિતીય વગેરે પૃથ્વીના નારકી જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નથી હોતા પણ વેદકસમ્યગ્દૃષ્ટિ અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ હોય છે.[4]

તિર્યંચ જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ, વેદકસમ્યગ્દૃષ્ટિ અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ હોય છે તથા સંયતાસંયત ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નથી હોતા પણ વેદકસમ્યગ્દૃષ્ટિ અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ હોય છે. યોનિવાળા પંચેન્દ્રિય તિર્યંચ જીવો અસંયતસમ્યગ્દૃષ્ટિ તથા સંયતાસંયત બંને ગુણસ્થાનોમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નથી હોતા પરંતુ બાકીના બે સમ્યગ્દર્શનોથી યુક્ત હોય છે.[5]

મનુષ્યો અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત અને સંયત ગુણસ્થાનોમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ, વેદકસમ્યગ્દૃષ્ટિ અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ હોય છે.[6]

દેવો અસંયતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ, વેદકસમ્યગ્દૃષ્ટિ અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ હોય છે. ભવનવાસી, વાનવ્યન્તર અને જ્યોતિષ્ક દેવો અને

---

૧. સૂત્ર ૧૩૯-૧૪૦ ૨. સૂત્ર ૧૪૧-૧૪૩ ૩. સૂત્ર ૧૪૪-૧૫૦
૪. સૂત્ર ૧૫૩-૧૫૫ ૫. સૂત્ર ૧૫૮-૧૬૧ ૬. સૂત્ર ૧૬૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવીઓ તેમ જ સૌધર્મ અને ઈશાન કલ્પવાસી દેવીઓ અસંયતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યગ્દષ્ટિ નથી હોતાં પણ બાકીનાં બે પ્રકારનાં સમ્યગ્દર્શનથી યુક્ત હોય છે.[1]

સંજ્ઞાની અપેક્ષાએ જીવો સંજ્ઞી કે અસંજ્ઞી હોય છે. સંજ્ઞી જીવો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ સુધી હોય છે. અસંજ્ઞી જીવો એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધી હોય છે.[2]

આહારની અપેક્ષાએ જીવો આહારક કે અનાહારક હોય છે. આહારક જીવો એકેન્દ્રિયથી સયોગિકેવલી સુધી હોય છે. વિગ્રહગતિ કરતા જીવ, સમુદ્ઘાત કરતા કેવલી, અયોગિકેવલી અને સિદ્ધો અનાહારક હોય છે.[3]

(૨) દ્રવ્યપ્રમાણાનુગમ – સત્પ્રરૂપણાની જેમ જ દ્રવ્યપ્રમાણાનુગમમાં પણ બે પ્રકારે કથન છે : ઓઘ અર્થાત્ સામાન્ય અપેક્ષાએ અને આદેશ અર્થાત્ વિશેષ અપેક્ષાએ. (दव्वपमाणाणुगमेण दुविहो णिद्देसो ओघेण आदेसेण य ॥ १ ॥)

ઓઘની અપેક્ષાએ દ્રવ્યપ્રમાણની દૃષ્ટિએ પ્રથમ ગુણસ્થાનમાં રહેલા અર્થાત્ મિથ્યાદષ્ટિ જીવો કેટલા છે ? અનન્ત છે.(ओघेण मिच्छाइट्ठी दव्वपमाणेण केवडिया? अणंता ॥ २॥)

કાલપ્રમાણની દૃષ્ટિએ મિથ્યાદષ્ટિ જીવો અનન્તાનન્ત અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓથી અપહૃત થતા નથી. (अणंताणंताहि ओसप्पिणि-उस्सप्पिणीहि ण अवहिरंति कालेण ॥ ३ ॥)

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ક્ષેત્રપ્રમાણની દૃષ્ટિએ મિથ્યાદષ્ટિ જીવો અનન્તાનન્ત લોકપ્રમાણ છે. (खेत्तेण अणंताणंता लोगा ॥ ४ ॥)

ઉપર્યુક્ત ત્રણે પ્રમાણોનું જ્ઞાન જ ભાવપ્રમાણ છે. (तिण्हं पि अधिगमो भावपमाणं ॥ ५ ॥)

સાસાદનસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનથી સંયતાસંયત ગુણસ્થાન સુધી (પ્રત્યેક ગુણસ્થાનમાં) દ્રવ્યપ્રમાણની દૃષ્ટિએ કેટલા જીવો છે ? પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે.[4]

પ્રમત્તસંયત ગુણસ્થાનમાં દ્રવ્યપ્રમાણની દૃષ્ટિએ કેટલા જીવો છે ? કોટિપૃથક્ત્વપ્રમાણ છે.[5] અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં દ્રવ્યપ્રમાણની દૃષ્ટિએ કેટલા જીવો છે ? સંખ્યેય છે.[6]

---

૧. સૂ. ૧૬૮-૧૬૯ ૨. ૧૭૨-૧૭૪ ૩. સૂત્ર ૧૭૫-૧૭૭
૪. સૂત્ર ૬ (પુસ્તક ૩) ૫. સૂત્ર ૭ ૬. સૂત્ર ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમશ્રેણીના ચાર ગુણસ્થાનોમાંથી પ્રત્યેકમાં દ્રવ્યપ્રમાણની દૃષ્ટિએ કેટલા જીવો છે ? પ્રવેશની અપેક્ષાએ એક, બે કે ત્રણ તથા ઉત્કૃષ્ટપણે ચોપન છે. કાળની અપેક્ષાએ સંખ્યેય છે.[1]

ક્ષપકશ્રેણીના ચાર ગુણસ્થાનોમાંથી પ્રત્યેકમાં તથા અયોગિકેવલી ગુણસ્થાનમાં દ્રવ્યપ્રમાણની દૃષ્ટિએ કેટલા જીવો છે ? પ્રવેશની અપેક્ષાએ એક, બે કે ત્રણ તથા ઉત્કૃષ્ટપણે એક સો આઠ છે. કાળની અપેક્ષાએ સંખ્યેય છે.[2]

સયોગિકેવલી ગુણસ્થાનમાં પ્રવેશની અપેક્ષાએ એક, બે કે ત્રણ તથા ઉત્કૃષ્ટપણે એક સો આઠ જીવો છે. કાળની અપેક્ષાએ આ સંખ્યા લક્ષપૃથક્ત્વની છે.[3]

દ્રવ્યપ્રમાણાનુગમ વિશેનું આ કથન ઓઘ અર્થાત્ સામાન્ય અપેક્ષાએ છે. આદેશ અર્થાત્ વિશેષ અપેક્ષાએ એ વિશેની કથન નીચે મુજબ છે :

ગતિની અપેક્ષાએ નરકગતિના નારકી જીવોમાં મિથ્યાદૃષ્ટિ જીવો અસંખ્યેય હોય છે. તેઓ અસંખ્યેયાસંખ્યેય અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે.[4] સાસાદનસમ્યગ્દૃષ્ટિથી અસંયતસમ્યગ્દૃષ્ટિ સુધીનું કથન સામાન્ય પ્રરૂપણા સમાન સમજવું જોઈએ.[5]

તિર્યંચગતિના તિર્યંચોમાં, મિથ્યાદૃષ્ટિથી સંયતાસંયત સુધીનું સંપૂર્ણ કથન સામાન્ય પ્રરૂપણા સમાન છે.[6] પંચેન્દ્રિય તિર્યંચ મિથ્યાદૃષ્ટિ જીવો દ્રવ્યપ્રમાણની અપેક્ષાએ અસંખ્યેયાસંખ્યેય અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે.[7] સાસાદનસમ્યગ્દૃષ્ટિથી સંયતાસંયત સુધીનું કથન સામાન્ય તિર્યંચોના સમાન છે.[8] યોનિવાળા પંચેન્દ્રિય તિર્યંચ મિથ્યાદૃષ્ટિ જીવો દ્રવ્યપ્રમાણની અપેક્ષાએ સંખ્યેય છે, ઈત્યાદિ.[9]

મનુષ્યગતિગત મનુષ્યોમાં મિથ્યાદૃષ્ટિ અસંખ્યેય છે અને અસંખ્યેયાસંખ્યેય અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે. તેઓ જગશ્રેણીના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. આ શ્રેણીનો આયામ અસંખ્યેય કોટિ યોજન છે. સાસાદનસમ્યગ્દૃષ્ટિથી સંયતાસંયત સુધી પ્રત્યેક ગુણસ્થાનમાં સંખ્યેય મનુષ્યો હોય છે. પ્રમત્ત સંયતથી અયોગકેવલી સુધીનું કથન સામાન્ય પ્રરૂપણા સમાન છે.[10] સ્ત્રીઓમાં મિથ્યાદૃષ્ટિ સ્ત્રીઓ કોટાકોટાકોટિથી ઉપર યથા કોટાકોટાકોટાકોટિની

---

૧.સૂત્ર ૯-૧૦  ૨. સૂત્ર ૧૧-૧૨  ૩. સૂત્ર ૧૩-૧૪  ૪.સૂત્ર ૧૫-૧૬
૫. સૂત્ર ૧૮  ૬. સૂત્ર ૨૪  ૭.સૂત્ર ૨૫-૨૬  ૮. સૂત્ર ૨૮
૯. સૂત્ર ૩૩-૩૬  ૧૦. સૂત્ર ૪૦-૪૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીચે છટ્ઠા વર્ગની ઉપર અને સાતમા વર્ગની નીચે છે. સાસાદનસમ્યગ્દષ્ટિથી અયોગિકેવલી સુધી પ્રત્યેક ગુણસ્થાનમાં સંખ્યેય સ્ત્રીઓ હોય છે.[1]

દેવગતિના દેવોમાં મિથ્યાદષ્ટિ દેવો અસંખ્યેય છે તથા અસંખ્યેયાસંખ્યેય અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે. સાસાદનસમ્યગ્દષ્ટિ, સમ્યગ્મિથ્યાદષ્ટિ તથા અસંયતસમ્યગ્દષ્ટિ દેવોનું વર્ણન સામાન્ય વર્ણન મુજબ છે. ભવનવાસી દેવોમાં મિથ્યાદષ્ટિ અસંખ્યેય હોય છે, ઈત્યાદિ.[2]

ઈન્દ્રિયની અપેક્ષાએ એકેન્દ્રિય જીવો અનન્ત છે, અને અનન્તાનન્ત અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થતા નથી, તથા અનન્તાનન્ત લોકપ્રમાણ છે. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવો અસંખ્યેય છે, અને અસંખ્યેય[3] અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે, વગેરે. પંચેન્દ્રિય જીવોમાં મિથ્યાદષ્ટિ અસંખ્યેય છે. સાસાદનસમ્યગ્દષ્ટિથી અયોગિકેવલી સુધીનું કથન સામાન્ય પ્રરૂપણા સમાન છે.[4]

કાયની અપેક્ષાએ પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, બાદર પૃથ્વીકાયિક, બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક, બાદર વાયુકાયિક, બાદર વનસ્પતિકાયિકપ્રત્યેકશરીર; અને આ પાંચના અપર્યાપ્ત; સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક તથા આ ચારના પર્યાપ્ત અને અપર્યાપ્ત અસંખ્યેય લોકપ્રમાણ છે. બાદર પૃથ્વીકાયિક, બાદર અપ્કાયિક અને બાદર વનસ્પતિકાયિકપ્રત્યેયશરીરના પર્યાપ્તક જીવો અસંખ્યેય છે, વગેરે. ત્રસકાયિક અને ત્રસકાયિકપર્યાપ્તક જીવોમાં મિથ્યાદષ્ટિ અસંખ્યેય છે, તથા અસંખ્યેયાસંખ્યેય અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ દ્વારા અપહૃત થાય છે, ઈત્યાદિ.[5]

યોગની અપેક્ષાએ પંચમનોયોગી અને ત્રિવચનયોગી જીવોમાં મિથ્યાદષ્ટિ જીવો કેટલા છે? દેવોના સંખ્યાતમા ભાગપ્રમાણ છે. સાસાદનસમ્યગ્દષ્ટિથી સંયતાસંયત સુધીનું કથન સામાન્ય પ્રરૂપણા સમાન છે. પ્રમત્તસંયતથી સયોગકેવલી સુધી સંખ્યેય છે.[6] વચનયોગીઓ અને અસત્યમૃષાવચનયોગીઓમાં મિથ્યાદષ્ટિ જીવો અસંખ્યેય છે. સાસાદનસમ્યગ્દષ્ટિ ઈત્યાદિ સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે.[7] કાયયોગીઓ અને ઔદારિકકાયયોગીઓમાં મિથ્યાદષ્ટિ જીવો સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે તથા સાસાદનસમ્યગ્દષ્ટિ આદિ મનોયોગીઓના સમાન છે. ઔદારિકમિશ્રકાયયોગીઓમાં મિથ્યાદષ્ટિઓ અને સાસાદનસમ્યગ્દષ્ટિઓ સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે તથા અસંયત-સમ્યગ્દષ્ટિઓ અને સયોગિકેવલીઓ સંખ્યેય છે. વૈક્રિયિકકાયયોગીઓમાં મિથ્યાદષ્ટિ

૧. સૂત્ર ૪૮-૪૯ ૨. સૂત્ર ૫૩-૭૩

૩. સંદર્ભની દષ્ટિએ અહીં 'असंख्येयासंख्य' શબ્દ જોઈએ.

૪. સૂત્ર ૭૪-૮૬ ૫. સૂત્ર ૮૭-૧૦૨ ૬. સૂત્ર ૧૦૩-૧૦૫ ૭. સૂત્ર ૧૦૬-૧૦૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો દેવોના સંખ્યાતમાં ભાગપ્રમાણ ન્યૂન છે તથા સાસાદનસમ્યગ્દષ્ટિ, સમ્યગ્મિથ્યાદષ્ટિ અને અસંયતસમ્યગ્દષ્ટિ જીવો સામાન્ય પ્રરૂપણા સમાન છે. વૈક્રિયિકમિશ્રકાયયોગીઓમાં મિથ્યાદષ્ટિ જીવો દેવોના સંખ્યાતમાં ભાગપ્રમાણ છે તથા સાસાદનસમ્યગ્દષ્ટિ અને અસંયતસમ્યગ્દષ્ટિ જીવો સામાન્ય પ્રરૂપણા સમાન છે. આહારકકાયયોગીઓમાં પ્રમત્તસંયત ચોપન છે. આહારકમિશ્રકાયયોગીઓમાં પ્રમત્તસંયત સંખ્યેય છે. કાર્મણકાયયોગીઓમાં મિથ્યાદષ્ટિ, સાસાદનસમ્યગ્દષ્ટિ અને અસંયતસમ્યગ્દષ્ટિ જીવો સામાન્ય પ્રરૂપણા જેટલા છે અને સયોગિકેવલી સંખ્યેય છે.[1]

વેદની અપેક્ષાએ સ્ત્રીવેદવાળા જીવોમાં મિથ્યાદષ્ટિ જીવો દેવીઓથી કંઈક વધુ છે. સાસાદનસમ્યગ્દષ્ટિથી સંયતાસંયત સુધીનું પ્રરૂપણ સામાન્ય પ્રરૂપણા સમાન છે. પ્રમત્તસંયતથી અનિવૃત્તિબાદરસામ્પરાયિકપ્રવિષ્ટ ઉપશમક તથા ક્ષપક સુધી સંખ્યેય છે. પુરુષવેદવાળા જીવોમાં મિથ્યાદષ્ટિ જીવો દેવોથી કંઈક વધુ છે. સાસાદનસમ્યગ્દષ્ટિથી અનિવૃત્તિબાદરસામ્પરાયિકપ્રવિષ્ટ ઉપશમક તથા ક્ષપક સુધીનું પ્રરૂપણ સામાન્ય પ્રરૂપણ સમાન છે. નપુંસકવેદવાળા જીવોમાં મિથ્યાદષ્ટિથી સંયતાસંયત સુધીનું કથન સામાન્ય પ્રરૂપણ સમાન છે. પ્રમત્તસંયતથી અનિવૃત્તિબાદરસામ્પરાયિકપ્રવિષ્ટ ઉપશમક તથા ક્ષપક સુધી નપુંસકવેદવાળા જીવો સંખ્યેય છે. અપગતવેદવાળા જીવોમાં ત્રણ પ્રકારના ઉપશમક પ્રવેશતઃ એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટતઃ ચોપન છે, તથા ત્રણ પ્રકારના ક્ષપક, સયોગિકેવલી અને અયોગિકેવલી સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે.[2]

કષાયની અપેક્ષાએ ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી અને લોભકષાયી મિથ્યાદષ્ટિથી સંયતાસંયત સુધી સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે, તથા પ્રમત્તસંયતથી અનિવૃત્તિકારણ સુધી સંખ્યેય છે.

લોભકષાયી સૂક્ષ્મસામ્પરાયિકશુદ્ધિસંયત ઉપશમક તથા ક્ષપક, અકષાયી ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ, ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ, સયોગિકેવલી અને અયોગિકેવલી સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે.[3]

જ્ઞાનની અપેક્ષાએ મત્યજ્ઞાની અને શ્રુતાજ્ઞાની જીવોમાં મિથ્યાદષ્ટિ અને સાસાદનસમ્યગ્દષ્ટિ સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. વિભંગજ્ઞાનીઓમાં મિથ્યાદષ્ટિ જીવો દેવોથી કંઈક વધુ છે તથા સાસાદનસમ્યગ્દષ્ટિ જીવો સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની જીવોમાં અસંયતસમ્યગ્દષ્ટિથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ સુધીનું કથન સામાન્ય પ્રરૂપણા સમાન છે. એટલી વિશેષતા જરૂર છે કે અવધિજ્ઞાનીઓમાં પ્રમત્તસંયતથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ સુધી જીવો સંખ્યેય

---

૧. સૂ. ૧૧૦-૧૨૩ ૨. સૂ. ૧૨૪-૧૩૪ ૩. સૂ. ૧૩૫-૧૪૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. મનઃપર્યયજ્ઞાનીઓમાં પ્રમત્તસંયતથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ સુધી જીવોની સંખ્યા સંખ્યેય છે. કેવલજ્ઞાનીઓમાં સયોગિકેવલી અને અયોગિકેવલીની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે.[1]

સંયમની અપેક્ષાએ સંયતોમાં પ્રમત્તસંયતથી અયોગિકેવલી સુધી જીવોની સંખ્યા સામાન્ય પ્રરૂપણા સમાન છે. સામાયિક અને છેદોપસ્થાપનશુદ્ધિસંયતોમાં પ્રમત્તસંયતથી અનિવૃત્તિબાદરસામ્પરાયિકપ્રવિષ્ટ ઉપશમક અને ક્ષપક સુધી જીવોની સંખ્યા સામાન્ય પ્રરૂપણા સમાન છે. પરિહારવિશુદ્ધિસંયતોમાં પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત જીવોની સંખ્યા સંખ્યેય છે. બાકીનું કથન સામાન્ય પ્રરૂપણ સમાન છે.[2]

દર્શનની અપેક્ષાએ ચક્ષુર્દર્શની મિથ્યાદૃષ્ટિ અસંખ્યેય છે. બાકી પ્રરૂપણ સામાન્ય પ્રરૂપણ સમાન છે.[3]

લેશ્યાની અપેક્ષાએ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા જીવોમાં મિથ્યાદૃષ્ટિથી અસંયતસમ્યગદૃષ્ટિની પ્રરૂપણા સામાન્ય પ્રરૂપણા સમાન છે. તેજોલેશ્યાવાળા જીવોમાં મિથ્યાદૃષ્ટિ જીવો જ્યોતિષ્ક દેવોથી કંઈક વધુ છે, સાસાદનસમ્યગ્દૃષ્ટિથી સંયતાસંયત જીવોની પ્રરૂપણા સામાન્ય પ્રરૂપણા સમાન છે, પ્રમત્તસંયત અને અપ્રમત્ત જીવો સંખ્યેય છે. પદ્મલેશ્યાવાળા જીવોમાં મિથ્યાદૃષ્ટિ જીવો સંજ્ઞીપંચેન્દ્રિયતિર્યંચયોનિયુક્ત જીવોના સંખ્યાતમા ભાગપ્રમાણ છે, સાસાદનસમ્યગ્દૃષ્ટિથી સંયતાસંયત જીવોની પ્રરૂપણા સામાન્ય પ્રરૂપણા સમાન છે, પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત સંખ્યેય છે. શુક્લલેશ્યાવાળા જીવોમાં મિથ્યાદૃષ્ટિથી સંયતાસંયત પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે, પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત સંખ્યેય છે, અપૂર્વકરણથી સયોગિકેવલી સામાન્ય પ્રરૂપણા જેટલા છે.[4]

ભવ્યત્વની અપેક્ષાએ ભવ્યસિદ્ધિકોમાં મિથ્યાદૃષ્ટિથી અયોગિકેવલી સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. અભવ્યસિદ્ધિકો અનન્ત છે.[5]

સમ્યક્ત્વની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં અસંયતસમ્યગ્દૃષ્ટિથી અયોગિકેવલીની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ જીવોમાં અસંયતસમ્યગ્દૃષ્ટિ જીવોની સંખ્યા સામાન્ય પ્રરૂપણ પ્રમાણે છે, સંયતાસંયતથી ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ જીવોની સંખ્યા સંખ્યેય છે, ચારે (ઘાતી કર્મોના) ક્ષપક, સયોગિકેવલી અને અયોગિકેવલીની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. વેદકસમ્યગ્દૃષ્ટિ જીવોમાં અસંયતસમ્યગ્દૃષ્ટિથી અપ્રમત્તસંયતની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવોમાં અસંયતસમ્યગ્દૃષ્ટિ અને સંયતાસંયતની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે, પ્રમત્તસંયતથી ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ સંખ્યેય છે. સાસાદનસમ્યગ્દૃષ્ટિ, સમ્યક્મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ સામાન્ય પ્રરૂપણા સમાન જ છે.[6]

---

૧. સૂત્ર ૧૪૧-૧૪૭ ૨. સૂત્ર ૧૪૮--૧૫૪ ૩. સૂત્ર ૧૫૫-૧૬૧
૪. સૂત્ર ૧૬૨-૧૭૧ ૫. સૂત્ર ૧૭૨-૧૭૩ ૬. સૂત્ર ૧૭૪-૧૮૪

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

સંજ્ઞાની અપેક્ષાએ સંજ્ઞી જીવોમાં મિથ્યાદૃષ્ટિ જીવો દેવોથી કંઈક વધુ છે, સાસાદનસમ્યગ્દૃષ્ટિથી ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ જીવોની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. અસંજ્ઞી અનન્ત છે.[1]

આહારની અપેક્ષાએ આહારક જીવોમાં મિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલીની સંખ્યા સામાન્ય પ્રરૂપણા પ્રમાણે છે. અનાહારક જીવોમાં મિથ્યાદૃષ્ટિ આદિ કાર્મણ-કાયયોગીઓના સમાન છે તથા અયોગિકેવલી સામાન્ય પ્રરૂપણા સમાન છે.[2]

(૩) ક્ષેત્રાનુગમ – ક્ષેત્રાનુગમમાં પણ બે પ્રકારે કથન છે : ઓઘ અર્થાત્ સામાન્ય દૃષ્ટિથી અને આદેશ અર્થાત્ વિશેષ દૃષ્ટિથી.[3]

સામાન્યની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ જીવો સર્વલોકમાં રહે છે. સાસાદનસમ્યગ્દૃષ્ટિથી અયોગિકેવલી લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. સયોગિકેવલી લોકના અસંખ્યાતમા ભાગમાં અથવા અસંખ્યેય ભાગોમાં અથવા સર્વલોકમાં રહે છે.[4]

વિશેષની અપેક્ષાએ નરકગતિમાં ઉત્પન્ન મિથ્યાદૃષ્ટિથી અસંયતસમ્યગ્દૃષ્ટિ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે, ઈત્યાદિ.[5]

(૪) સ્પર્શાનુગમ – સ્પર્શાનુગમની અપેક્ષાએ પણ બે પ્રકારે કથન હોય છે : સામાન્યની દૃષ્ટિએ અને વિશેષની દૃષ્ટિએ. સામાન્યની દૃષ્ટિએ મિથ્યાદૃષ્ટિ જીવોએ આખા લોકને સ્પર્શ કર્યો છે. સાસાદનસમ્યગ્દૃષ્ટિ જીવોએ લોકના અસંખ્યાતમા ભાગને સ્પર્શ કર્યો છે, ઈત્યાદિ.[6] વિશેષની દૃષ્ટિએ નારકીઓમાં મિથ્યાદૃષ્ટિઓએ લોકના અસંખ્યાતમા ભાગને સ્પર્શ કર્યો છે, ઈત્યાદિ.[7]

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

(૫) કાલાનુગમ – કાળની અપેક્ષાએ સામાન્ય દૃષ્ટિએ મિથ્યાદૃષ્ટિ જીવો અનેક જીવોની અપેક્ષાએ સર્વદા હોય છે. એક જીવની અપેક્ષાએ કાળ ત્રણ પ્રકારનો છે : અનાદિઅનન્ત, અનાદિસાન્ત અને સાદિસાન્ત. એમાં સાદિસાન્તકાળ જઘન્યપણે અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટપણે અર્ધપુદ્ગલપરિવર્તથી કંઈક ઓછો છે. સાસાદન-સમ્યગ્દૃષ્ટિ જીવો નાના જીવોની અપેક્ષાએ જઘન્યપણે એક સમય સુધી હોય છે અને ઉત્કૃષ્ટપણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી હોય છે. એક જીવની અપેક્ષાએ જઘન્ય કાળ એક સમયનો છે તથા ઉત્કૃષ્ટ કાળ છ આવલિકાઓનો છે. આ રીતે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવો વગેરેના વિષયમાં પણ યથાવત્ સમજવું જોઈએ.[8] વિશેષની

---

૧. સૂત્ર ૧૮૫-૧૮૯ ૨. સૂત્ર ૧૯૦-૧૯૨ ૩. સૂત્ર ૧ (પુસ્તક ૪)
૪. સૂત્ર ૨-૪ ૫. સૂત્ર ૫-૯૨ ૬.સૂત્ર ૧૧૦ (સ્પર્શાનુગમ)
૭. સૂત્ર ૧૧-૧૮૫ ૮. સૂત્ર ૧-૩૨ (કાલાનુગમ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપેક્ષાએ નારકીઓમાં મિથ્યાદષ્ટિ જીવો અનેક જીવોની અપેક્ષાએ સર્વદા હોય છે. એક જીવની અપેક્ષાએ આ કાળ જઘન્યપણે અન્તર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમનો છે, ઈત્યાદિ.[1]

(૬) અન્તરાનુગમ – અન્તરાગમ[2] બાબતે પણ બે પ્રકારનું કથન થાય છેઃ સામાન્યની અપેક્ષાએ અને વિશેષની અપેક્ષાએ. સામાન્યની અપેક્ષાએ મિથ્યાદષ્ટિ જીવો નાના જીવોની અપેક્ષાએ અન્તરરહિત અર્થાત્ નિરન્તર છે. એક જીવની દષ્ટિએ જઘન્ય અન્તર્મુહૂર્તનું અન્તર છે અને ઉત્કૃષ્ટ એક સો બત્રીસ સાગરોપમથી કંઈક ઓછું અન્તર છે. સાસાદનસમ્યગ્દષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવોનું અન્તર નાના જીવોની અપેક્ષાએ જઘન્ય એક સમયનું છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું છે. એક જીવની અપેક્ષાએ જઘન્ય અન્તર ક્રમશઃ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અન્તર્મુહૂર્ત છે તથા ઉત્કૃષ્ટ અન્તર અર્ધપુદ્ગલપરિવર્તથી કંઈક ઓછું છે. આમ આગળના ગુણસ્થાન વિશે યથાવત્ સમજી લેવું જોઈએ.[3]

વિશેષની અપેક્ષાએ નરકગતિમાં રહેલા મિથ્યાદષ્ટિ અને અસંયતસમ્યગ્દષ્ટિ જીવોનું નાના જીવોની અપેક્ષાએ અન્તર નથી. એક જીવની અપેક્ષાએ એમનું જઘન્ય અન્તર અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ અન્તર તેત્રીસ સાગરોપમથી કંઈક ઓછું છે. આ રીતે આગળ પણ યથાવત્ સમજી લેવું જોઈએ.[4]

(૭) ભાવાનુગમ – સામાન્ય દષ્ટિએ મિથ્યાદષ્ટિને ઔદયિક ભાવ હોય છે, સાસાદનસમ્યગ્દષ્ટિને પારિણામિક ભાવ હોય છે, સમ્યગ્મિથ્યાદષ્ટિને ક્ષાયોપશમિક ભાવ હોય છે અને અસંયતસમ્યગ્દષ્ટિને ઔપશમિક, ક્ષાયિક અથવા ક્ષાયોપશમિક ભાવ હોય છે. અસંયતસમ્યગ્દષ્ટિનું અસંયતત્વ ઔદયિક ભાવથી હોય છે. સંયતાસંયત, પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયતને ક્ષાયોપશમિક ભાવ, ચાર ઉપશમકોને ઔપશમિક ભાવ અને ચાર ક્ષપકો, સયોગિકેવલી તેમ જ અયોગિકેવલીને ક્ષાયિક ભાવ હોય છે.[5]

---

૧. સૂત્ર ૩૩-૧૪૨

૨. વિવક્ષિત ગુણસ્થાનથી ગુણસ્થાનાન્તરમાં સંક્રમણ હોતાં પુનઃ એ ગુણસ્થાનના પ્રાપ્તિ જ્યાં સુધી નથી હોતી ત્યાં સુધીનો કાળ અન્તર કહેવાય છે.

૩. સૂત્ર ૧-૨૦(પુસ્તક ૫)

૪. સૂત્ર ૨૧-૩૯૭

૫. સૂત્ર ૧-૯ (ભાવાનુગમ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષ દૃષ્ટિએ નરકગતિમાં રહેલા મિથ્યાદૃષ્ટિને ઔદયિક ભાવ, સાસાદનસમ્યગ્દૃષ્ટિને પારિણામિક ભાવ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિને ક્ષાયિક ભાવ હોય છે, ઈત્યાદિ.[1]

(૮) અલ્પબહુત્વાનુગમ – સામાન્ય દૃષ્ટિએ અપૂર્વકરણ વગેરે ત્રણ ગુણસ્થાનોમાં ઉપશમક જીવો પ્રવેશની અપેક્ષાએ તુલ્ય છે તથા બધાં ગુણસ્થાનોથી અલ્પ છે. ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ પણ તેટલા જ છે. ત્રણ પ્રકારના ક્ષપક તેમનાથી સંખ્યેય ગણા છે. ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ પૂર્વોક્ત જેટલા જ છે. સયોગિકેવલી અને અયોગિકેવલી પ્રવેશની અપેક્ષાએ તુલ્ય તથા પૂર્વોક્ત જેટલા છે.[2]

વિશેષ દૃષ્ટિએ નારકીઓમાં સાસાદનસમ્યગ્દૃષ્ટિ સૌથી ઓછા છે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ એમનાથી સંખ્યેય ગણા છે. અસંયતસમ્યગ્દૃષ્ટિ સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓથી અસંખ્યેય ગણા છે. મિથ્યાદૃષ્ટિ અસંયતસમ્યગ્દૃષ્ટિઓથી અસંખ્યેય ગણા છે.[3] આમ અલ્પબહુત્વનો વિચાર વિભિન્ન દૃષ્ટિઓથી કરવામાં આવ્યો છે.[4] અહીં સુધી જીવસ્થાનનાં સત્પ્રરૂપણા વગેરે આઠ અનુયોગદ્વારોનો અધિકાર છે. એના પછી પ્રકૃતિસમુત્કીર્તન વગેરે નવ ચૂલિકાઓ છે.

(૧) પ્રકૃતિસમુત્કીર્તન – કર્મની મૂળ પ્રકૃતિઓ આઠ છે : ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર અને ૮. અન્તરાય. જ્ઞાનાવરણીય કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે : ૧. આભિનિબોધિકજ્ઞાનાવરણીય, ૨. શ્રુતજ્ઞાનાવરણીય, ૩. અવધિજ્ઞાનાવરણીય, ૪. મનઃપર્યયજ્ઞાનાવરણીય અને ૫. કેવલજ્ઞાનાવરણીય. દર્શનાવરણીય કર્મની નવ ઉત્તરપ્રકૃતિઓ છે : ૧. નિદ્રાનિદ્રા, ૨. પ્રચલાપ્રચલા, ૩. સ્ત્યાનગૃદ્ધિ, ૪. નિદ્રા, ૫. પ્રચલા, ૬. ચક્ષુર્દર્શનાવરણીય, ૭. અચક્ષુર્દર્શનાવરણીય, ૮. અવધિદર્શનાવરણીય અને ૯. કેવલદર્શનાવરણીય. વેદનીય કર્મની બે, મોહનીય કર્મની અઠ્ઠાવીસ, આયુ કર્મની ચાર, નામ કર્મની બેતાલીસ (પિંડપ્રકૃતિઓ), ગોત્ર કર્મની બે અને અન્તરાય કર્મની પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે.[5]

(૨) સ્થાનસમુત્કીર્તન – જ્ઞાનાવરણીય કર્મની પાંચ પ્રકૃતિઓનો બંધ કરનાર જીવનું એક જ ભાવમાં સ્થાન અર્થાત્ અવસ્થાન હોય છે. આ બંધસ્થાન મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, અસંયતસમ્યગ્દૃષ્ટિ, સંયતાસંયત અથવા સંયતને હોય છે. દર્શનાવરણીય કર્મનાં ત્રણ બંધસ્થાન છે : નવ પ્રકૃતિઓ સાથે સંબંધ ધરાવનારું, છ પ્રકૃતિઓ સાથે સંબંધ ધરાવનારું અને ચાર પ્રકૃતિઓ

૧. સૂત્ર ૧૦-૯૩ ૨. સૂત્ર ૧-૬ (અલ્પબહુત્વાનુગમ) ૩. સૂત્ર ૨૭-૩૦
૪. સૂત્ર ૩૧-૩૮૨ ૫. સૂત્ર ૧-૪૬ (પુસ્તક ૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે સંબંધ ધરાવનારું. નવ પ્રકૃતિઓ સાથે સંબંધ ધરાવનારું બન્ધસ્થાન મિથ્યાદષ્ટિને અથવા સાસાદનસમ્યગ્દષ્ટિને હોય છે. છ પ્રકૃતિઓ સાથે સંબંધ ધરાવનારું બંધસ્થાન સમ્યગ્મિથ્યાદષ્ટિ, અસંયતમિથ્યાદષ્ટિ, સંયતાસંયત કે સંયતને હોય છે. ચાર પ્રકૃતિઓ સાથે સંબંધ ધરાવનારું બંધસ્થાન કેવળ સંયતને હોય છે. વેદનીય કર્મની બંને પ્રકૃતિઓનું એક જ બંધસ્થાન છે. તે મિથ્યાદષ્ટિ, સાસાદનસમ્યગ્દષ્ટિ, સમ્યગ્મિથ્યાદષ્ટિ, અસંયતસમ્યગ્દષ્ટિ, સંયતાસંયત કે સંયતને હોય છે. મોહનીય કર્મનાં દસ બંધસ્થાનો છેઃ બાવીસ પ્રકૃતિ સંબંધી, એકવીસ પ્રકૃતિ સંબંધી, સત્તર પ્રકૃતિ સંબંધી, તેર પ્રકૃતિ સંબંધી, નવ પ્રકૃતિ સંબંધી, પાંચ પ્રકૃતિ સંબંધી, ચાર પ્રકૃતિ સંબંધી, ત્રણ પ્રકૃતિ સંબંધી, બે પ્રકૃતિ સંબંધી અને એક પ્રકૃતિ સંબંધી. આયુ કર્મની ચાર પ્રકૃતિઓનો બંધ કરનાર જીવનું એક જ ભાવમાં અવસ્થાન હોય છે. નામ કર્મનાં આઠ બંધસ્થાન છે : એકત્રીસ પ્રકૃતિ સંબંધી, ત્રીસ પ્રકૃતિ સંબંધી, ઓગણત્રીસ પ્રકૃતિ સંબંધી, અઠ્ઠાવીસ પ્રકૃતિ સંબંધી, છવ્વીસ પ્રકૃતિ સંબંધી, પચીસ પ્રકૃતિ સંબંધી, તેવીસ પ્રકૃતિ સંબંધી અને એક પ્રકૃતિ સંબંધી. ગોત્ર કર્મની બંને પ્રકૃતિઓનું એક જ બંધસ્થાન છે. અન્તરાય કર્મની પાંચ પ્રકૃતિઓનું પણ એક જ બંધસ્થાન છે.[૧]

(૩) પ્રથમ મહાદંડક — પ્રથમ સમ્યક્ત્વાભિમુખ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્ય પાંચે જ્ઞાનાવરણીય, નવે દર્શનાવરણીય, સાતાવેદનીય, મિથ્યાત્વ, સોળ કષાય, પુરુષવેદ, હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા પ્રકૃતિઓને બાંધે છે, આયુ કર્મને બાંધતો નથી, દેવગતિ, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયિક શરીર આદિ પ્રકૃતિઓને બાંધે છે.[૨]

(૪) દ્વિતીય મહાદંડક — પ્રથમ સમ્યક્ત્વાભિમુખ દેવ અથવા સાત્તમી નારકી સિવાયનો અન્ય નારકી પાંચે જ્ઞાનાવરણીય, નવે દર્શનાવરણીય, સાતાવેદનીય આદિ પ્રકૃતિઓને બાંધે છે, આયુ કર્મને બાંધતો નથી, ઈત્યાદિ.[૩]

(૫) તૃતીય મહાદંડક — પ્રથમ સમ્યક્ત્વાભિમુખ સાતમી પૃથ્વીનો નારકી પાંચે જ્ઞાનાવરણીય, નવે દર્શનાવરણીય, સાતાવેદનીય, મિથ્યાત્વ, સોળ કષાય, પુરુષવેદ, હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા પ્રકૃતિઓને બાંધે છે, આયુ કર્મને બાંધતો નથી, તિર્યક્ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર વગેરે પ્રકૃતિઓને બાંધે છે, ઉદ્યોગ પ્રકૃતિને કદાચિત્ બાંધે છે કદાચિત્ બાંધતો નથી, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત આદિ પ્રકૃતિઓને બાંધે છે.[૪]

૧. સૂત્ર ૧-૧૧૭ (સ્થાનસમુત્કીર્તન)
૨. સૂત્ર ૧-૨ (પ્રથમ મહાદંડક)
૩. સૂત્ર ૧-૨ (દ્વિતીય મહાદંડક)
૪. સૂત્ર ૧-૨ (તૃતીય મહાદંડક)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) ઉત્કૃષ્ટ સ્થિતિ – પાંચે જ્ઞાનાવરણીય, નવે દર્શનાવરણીય, અસાતાવેદનીય તથા પાંચે અન્તરાય કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ત્રીસ કોટાકોટિ સાગરોપમ છે. તેમનો અબાધાકાલ (અનુદયકાલ) ત્રણ હજાર વર્ષનો છે. સાતાવેદનીય, સ્ત્રીવેદ, મનુષ્યગતિ તથા મનુષ્યગતિપ્રાયોગ્યાનુપૂર્વી કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પંદર કોટાકોટિ સાગરોપમ છે. તેમનો અબાધાકાલ પંદરસો વર્ષનો છે. મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સીત્તેર કોટાકોટિ સાગરોપમ છે. તેનો અબાધાકાલ સાત હજાર વર્ષનો છે. સોળ કષાયોનો ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધ ચાલીસ કોટાકોટિ સાગરોપમ છે. એમનો અબાધાકાલ ચાર હજાર વર્ષનો છે. આ રીતે બાકીની કર્મપ્રકૃતિઓના વિષયમાં પણ યથાવત્ સમજી લેવું જોઈએ.[1]

(૭) જઘન્યસ્થિતિ – પાંચે જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, સંજ્વલનલોભ અને પાંચે અન્તરાય કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ અન્તર્મુહૂર્તનો છે. એમનો અબાધાકાલ પણ અન્તર્મુહૂર્તનો છે. પાંચ દર્શનાવરણીય અને અસાતાવેદનીય કર્મપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાંથી બાદ સાગરોપમનો $^{3}/_{7}$ ભાગ જેટલો છે. એમનો પણ અબાધાકાલ અન્તર્મુહૂર્તનો છે. સાતાવેદનીયનો જઘન્ય સ્થિતિબંધ બાર મુહૂર્તનો છે. તેનો અબાધાકાલ અન્તર્મુહૂર્તનો છે. આ જ રીતે અન્ય કર્મપ્રકૃતિઓના વિષયમાં પણ યથાવત્ સમજવું જોઈએ.

(૮) સમ્યક્ત્વોત્પત્તિ – જ્યારે જીવ આ બધાં કર્મોની અન્તઃકોટાકોટિની સ્થિતિનો બંધ કરે છે ત્યારે તે જીવ પ્રથમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. પ્રથમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરનારો જીવ પંચેન્દ્રિય, સંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, પર્યાપ્તક અને સર્વવિશુદ્ધ હોય છે, ઈત્યાદિ.[3]

(૯) ગતિ-આગતિ – જે જીવો પ્રથમ નરકમાં મિથ્યાત્વ સાથે જાય છે તેમાંથી કેટલાક જીવો મિથ્યાત્વ સાથે જ તેમાંથી નીકળે છે, કેટલાક જીવો સાસાદનસમ્યગ્દર્શન સાથે તેમાંથી નીકળે છે અને કેટલાક સમ્યક્ત્વ સાથે તેમાંથી નીકળે છે. જે જીવો પ્રથમ નરકમાં સમ્યક્ત્વ સાથે જાય છે તેઓ બધા સમ્યક્ત્વ સાથે જ તેમાંથી નીકળે છે. જે જીવો દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ કે ષષ્ઠ નરકમાં મિથ્યાત્વ સાથે જાય છે તેમાંથી કેટલાક જીવો મિથ્યાત્વ સાથે તેમાંથી નીકળે છે, કેટલાક જીવો સાસાદનસમ્યક્ત્વ સાથે તેમાંથી નીકળે છે તથા કેટલાક જીવો સમ્યક્ત્વ સાથે તેમાંથી નીકળે છે. સાતમા નરકમાં મિથ્યાત્વ સાથે જનારા જીવો મિથ્યાત્વ સાથે જ તેમાંથી નીકળે છે.[4]

---

૧. સૂત્ર ૪-૪૪ (ઉત્કૃષ્ટસ્થિતિ)  
૨. સૂત્ર ૩-૪૩  
૩. સૂત્ર ૩-૧૬ (સમ્યક્ત્વોત્પત્તિ)  
૪. સૂત્ર ૪૪-૫૨ (ગતિ-આગતિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જીવો તિર્યંચગતિમાં મિથ્યાત્વ સાથે જાય છે તેમાંથી કેટલાક જીવો મિથ્યાત્વ સાથે જ તેમાંથી નીકળે છે, કેટલાક જીવો સાસાદનસમ્યક્ત્વ સાથે તેમાંથી નીકળે છે અને કેટલાક જીવો સમ્યક્ત્વ સાથે તેમાંથી નીકળે છે. જે જીવો તિર્યંચગતિમાં સાસાદનસમ્યક્ત્વ સાથે જાય છે તેમાંથી કેટલાક જીવો મિથ્યાત્વ સાથે તેમાંથી નીકળે છે, કેટલાક જીવો સાસાદનસમ્યક્ત્વ સાથે જ તેમાંથી નીકળે છે, અને કેટલાક સમ્યક્ત્વ સાથે તેમાંથી નીકળે છે. જે જીવો તિર્યંચગતિમાં સમ્યક્ત્વ સાથે જાય છે તે બધા જ તેમાંથી સમ્યક્ત્વ સાથે જ નીકળે છે. આમ અન્ય ગતિઓનાં પ્રવેશ-નિષ્ક્રમણના વિષયમાં પણ યથાવત્ સમજી લેવું જોઈએ.[1]

મિથ્યાદૃષ્ટિ અને સાસાદનસમ્યગ્દૃષ્ટિ નારકી જીવો નરકમાંથી નીકળીને કેટલી ગતિઓમાં જાય છે ? તિર્યંચગતિમાં તથા મનુષ્યગતિમાં. તિર્યંચગતિમાં જનારા નારકી જીવો પંચેન્દ્રિયોમાં જાય છે પણ એકેન્દ્રિયોમાં કે વિકલેન્દ્રિયોમાં જતા નથી; પંચેન્દ્રિયોમાં પણ સંજ્ઞીઓમાં જાય છે, અસંજ્ઞીઓમાં જતા નથી; સંજ્ઞીઓમાં પણ ગર્ભોપક્રાન્તિકોમાં જાય છે, સમ્મૂર્છિમોમાં જતા નથી; ગર્ભોપક્રાન્તિકોમાં પણ પર્યાપ્તકોમાં જાય છે, અપર્યાપ્તકોમાં જતા નથી; પર્યાપ્તકોમાં પણ સંખ્યેય વર્ષની આયુવાળાઓમાં જાય છે, અસંખ્યેય વર્ષની આયુવાળાઓમાં જતા નથી. આ પ્રમાણે મનુષ્યગતિમાં જનારા નારકી જીવો પણ ગર્ભોપક્રાન્તિકો, પર્યાપ્તકો અને સંખ્યેય વર્ષની આયુવાળાઓમાં જ જાય છે.[2]

સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકી જીવો સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાન સાથે નરકમાંથી નીકળતા નથી. સમ્યગ્દૃષ્ટિ નારકી જીવો નરકમાંથી નીકળી મનુષ્યગતિમાં જ જાય છે; મનુષ્યોમાં પણ ગર્ભોપક્રાન્તિકોમાં જ જાય છે, ઈત્યાદિ. આ બધું ઉપરની છ પૃથ્વીઓના નારકી જીવોના વિષયમાં છે. સાતમી પૃથ્વીના નારકી જીવો કેવળ તિર્યંચગતિમાં જ જાય છે, ઈત્યાદિ.[3] આમ અન્ય ગતિઓના વિવિધ પ્રકારના જીવોના વિષયમાં પણ યથાવત્ સમજી લેવું જોઈએ.[4] અહીં સુધી કર્મપ્રાભૃતના પ્રથમ ખંડ જીવસ્થાનનો અધિકાર છે. એના પછી ક્ષુદ્રકબન્ધ નામનો બીજો ખંડ શરૂ થાય છે.

## ક્ષુદ્રકબન્ધ

ક્ષુદ્રકબન્ધમાં સ્વામિત્વ વગેરે અગીઆર અનુયોગદ્વારોની અપેક્ષાએ બન્ધકો (અર્થાત્ કર્મોનો બંધ કરનાર જીવો)નો વિચાર કરવામાં આવ્યો છે. પ્રારંભમાં

૧. સૂત્ર ૫૩-૭૫ ૨. સૂત્ર ૭૬-૮૫
૩. સૂત્ર ૮૬-૧૦૦ ૪. સૂત્ર ૧૦૧-૨૪૩

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ દર્શાવવામાં આવ્યું છે કે નારકી બન્ધક છે, તિર્યંચ બન્ધક છે, દેવ બન્ધક છે, મનુષ્ય બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય બન્ધક છે, પંચેન્દ્રિય બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, અનિન્દ્રિય અબન્ધક છે. પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક બન્ધક છે, ત્રસકાયિક બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, અકાયિક અબન્ધક છે. મનોયોગી, વચનયોગી અને કાયયોગી બન્ધક છે તથા અયોગી અબન્ધક છે. સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી બન્ધક છે, અપગતવેદી બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી અને લોભકષાયી બન્ધક છે, અકષાયી બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. મત્યજ્ઞાની, શ્રુતાજ્ઞાની, વિભંગજ્ઞાની, આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની અને મનઃપર્યયજ્ઞાની બન્ધક છે, કેવલજ્ઞાની બંધક પણ છે અને અબંધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. અસંયત અને સંયતાસંયત બંધક છે, સંયત બંધક પણ છે અને અબંધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. ચક્ષુર્દર્શની, અચક્ષુર્દર્શની અને અવધિદર્શની બન્ધક છે, કેવલદર્શની બંધક પણ છે અને અબંધક પણ છે, સિદ્ધ અબંધક છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લ લેશ્યાવાળા જીવો બંધક છે તથા લેશ્યારહિત જીવો અબન્ધક છે. અભવ્યસિદ્ધિક બન્ધક છે, ભવ્યસિદ્ધિક બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ બન્ધક છે, સમ્યગ્દૃષ્ટિ બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. સંજ્ઞી અને અસંજ્ઞી બન્ધક છે, જિન – કેવલી બન્ધક પણ છે અને અબન્ધક પણ, સિદ્ધ અબન્ધક છે. આહારક બન્ધક છે, અનાહારક બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે.[૧]

બન્ધકોના નિરૂપણ માટે જે અગીઆર અનુયોગદ્વારો બતાવ્યા છે તે નીચે મુજબ છે :

(૧) એક જીવની અપેક્ષાએ સ્વામિત્વ, (૨) એક જીવની અપેક્ષાએ કાળ, (૩) એક જીવની અપેક્ષાએ અન્તર, (૪) અનેક જીવોની અપેક્ષાએ ભંગવિચય, (૫) દ્રવ્યપ્રરૂપણાનુગમ, (૬) ક્ષેત્રાનુગમ, (૭) સ્પર્શાનુગમ, (૮) નાના જીવોની અપેક્ષાએ કાળ, (૯) નાના જીવોની અપેક્ષાએ અન્તર, (૧૦) ભાગાભાગાનુગમ, (૧૧) અલ્પબહુત્વાનુગમ.[૨]

---

૧.સૂત્ર ૨ (સ્વામિત્વાનુગમ)   ૨. સૂત્ર ૩-૪૩ (પુસ્તક ૭)

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્ધસ્વામિત્વવિચય

બન્ધસ્વામિત્વવિચયનો અર્થ છે બન્ધના સ્વામિત્વનો વિચાર. આ ખંડમાં એ વિચાર કરવામાં આવ્યો છે કે કયો કર્મબન્ધ કયા ગુણસ્થાન અને માર્ગણાસ્થાનમાં સંભવે છે.

બન્ધસ્વામિત્વવિચયનો વિચાર બે પ્રકારે થાય છે : સામાન્યની અપેક્ષાએ અને વિશેષની અપેક્ષાએ. સામાન્યની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિથી સૂક્ષ્મસામ્પરાયિકશુદ્ધિસંયત ઉપશમક અને ક્ષપક સુધી પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય, યશઃકીર્તિ, ઉચ્ચગોત્ર અને પાંચ અંતરાય પ્રકૃતિઓના બંધકો છે. મિથ્યાદૃષ્ટિ અને સાસાદનસમ્યગ્દૃષ્ટિ નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, અનન્તાનુબન્ધી ક્રોધ-માન-માયા-લોભ, સ્ત્રીવેદ, તિર્યંચાયુ, તિર્યંચગતિ, ચાર સંસ્થાન, ચાર સંહનન, તિર્યંચગતિપ્રાયોગ્યાનુપૂર્વી, ઉદ્યોત, પ્રશસ્તવિહાયોગતિ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને નીચગોત્ર પ્રકૃતિઓના બંધકો છે. મિથ્યાદૃષ્ટિથી અપૂર્વકરણપ્રવિષ્ટશુદ્ધિસંયત ઉપશમક અને ક્ષપક સુધી નિદ્રા અને પ્રચલા પ્રકૃતિઓના બંધકો છે. મિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલી સુધી સાતાવેદનીયના બંધકો છે. આમ અસાતાવેદનીય વગેરેના બંધકોના વિષયમાં યથાવત્ સમજવું જોઈએ.[1]

આ સંદર્ભમાં તીર્થંકર નામ-ગોત્ર કર્મ બાંધવા માટેનાં સોળ કારણો ગણાવવામાં આવ્યાં છે, તે નીચે મુજબ છે : ૧. દર્શનવિશુદ્ધતા, ૨. વિનયસમ્પન્નતા, ૩. શીલવ્રતોમાં નિરતિચારતા, ૪. ષડાવશ્યકોમાં અપરિહીનતા, ૫. ક્ષણલવપ્રતિબોધનતા, ૬. લબ્ધિસંવેગસમ્પન્નતા, ૭. યથાશક્તિ તપ, ૮. સાધુસંબંધી પ્રાસુક પરિત્યાગતા, ૯. સાધુઓની સમાધિસંધારણા, ૧૦. સાધુઓની વૈયાવૃત્યયોગયુક્તતા, ૧૧. અર્હદ્ભક્તિ, ૧૨. બહુશ્રુતભક્તિ, ૧૩. પ્રવચનભક્તિ, ૧૪. પ્રવચનવત્સલતા, ૧૫. પ્રવચનપ્રભાવનતા, ૧૬. પુનઃ પુનઃ જ્ઞાનોપયોગતા.[2]

વિશેષની અપેક્ષાએ નારકીઓમાં મિથ્યાદૃષ્ટિથી અસંયતસમ્યગ્દૃષ્ટિ સુધી પાંચ જ્ઞાનાવરણ, છ દર્શનાવરણ, સાતા, અસાતા, બાર કષાય, પુરુષવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક-તૈજસ-કાર્મણ શરીર, સમચતુરસ્રસંસ્થાન, ઔદારિકશરીરાંગોપાંગ, વજ્રર્ષભસંહનન, વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ, મનુષ્યગતિપ્રાયોગ્યાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેકશરીર, સ્થિર,

૧. સૂત્ર ૧-૩૮ (પુસ્તક ૮) ૨. સૂત્ર ૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસ્થિર, શુભ, અશુભ, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્તિ, અયશઃકીર્તિ, નિર્માણ, ઉચ્ચગોત્ર અને પાંચ અન્તરાય પ્રકૃતિઓના બંધક છે. મિથ્યાદષ્ટિ અને સાસાદનસમ્યગ્દષ્ટિ નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ આદિના બંધક છે. આ રીતે વિશેષની અપેક્ષાએ ગતિ વગેરે માર્ગણાઓ દ્વારા બંધકોનો વિચાર કરવામાં આવ્યો છે.[1]

વેદના

વેદના ખંડમાં કૃતિ અને વેદના નામના બે અનુયોગદ્વારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ખંડમાં વેદના અનુયોગદ્વારનું વધારે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું હોઈ એનું નામ વેદના ખંડ રાખવામાં આવ્યું છે.

શરૂઆતમાં આચાર્યે 'णमो जिणाणं' સૂત્ર દ્વારા સામાન્યરૂપે જિનોને નમસ્કાર કર્યા છે. પછી અવધિજિનોને, પરમાવધિજિનોને, સર્વાવધિજિનોને, અનન્તાવધિજિનોને, કોષ્ઠબુદ્ધિજિનોને, બીજબુદ્ધિજિનોને, પદાનુસારિજિનોને, સંભિન્નશ્રોતૃજિનોને, ઋજુમતિજિનોને, વિપુલમતિજિનોને, દશપૂર્વીજિનોને, ચતુર્દશપૂર્વીજિનોને, અષ્ટાંગમહાનિમિત્તકુશલજિનોને, વિક્રિયાપ્રાપ્તજિનોને, વિદ્યાધરજિનોને, ચારણજિનોને, પ્રજ્ઞાશ્રવણજિનોને, આકાશગામિજિનોને, આશીર્વિષજિનોને, દૃષ્ટિવિષજિનોને, ઉગ્રતપોજિનોને, દીપ્તતપોજિનોને, તપ્તતપોજિનોને, મહાતપોજિનોને, ઘોરતપોજિનોને, ઘોરપરાક્રમજિનોને, ઘોરગુણજિનોને, ખેલૌષધિપ્રાપ્તજિનોને, જલ્લૌષધિપ્રાપ્તજિનોને, વિષ્ઠૌષધિપ્રાપ્તજિનોને, સર્વૌષધિપ્રાપ્તજિનોને, મનોબલિજિનોને, વચનબલિજિનોને, કાયબલિજિનોને, ક્ષીરસ્રવિજિનોને, સર્પિસ્રવિજિનોને, મધુસ્રવિજિનોને, અમૃતસ્રવિજિનોને, અક્ષીણમહાનસજિનોને, સર્વ સિદ્ધાયતનોને અને વર્ધમાન બુદ્ધર્ષિને નમસ્કાર કર્યા છે.[2] આ ગ્રન્થકારકૃત મધ્યમંગલ છે.

કૃતિઅનુયોગદ્વાર – કૃતિઅનુયોગદ્વારના નિરૂપણનો પ્રારંભ કરતાં આચાર્યે કૃતિના સાત પ્રકાર બતાવ્યા છે : ૧. નામકૃતિ, ૨. સ્થાપનાકૃતિ, ૩. દ્રવ્યકૃતિ, ૪. ગણનકૃતિ, ૫. ગ્રન્થકૃતિ, ૬. કરણકૃતિ અને ૭. ભાવકૃતિ.[3]

સાત નયોમાંથી નૈગમ, વ્યવહાર અને સંગ્રહ એ બધી કૃતિઓની ઈચ્છા કરે છે. ઋજુસૂત્ર સ્થાપનાકૃતિની ઈચ્છા કરતો નથી. શબ્દ વગેરે નામકૃતિ અને ભાવકૃતિની ઈચ્છા કરે છે.[4]

---

૧. સૂત્ર ૪૩-૩૨૪ ૨. સૂત્ર ૧-૪૪ (પુસ્તક ૯)

૩. સૂત્ર ૪૬ ૪. સૂત્ર ૪૮-૫૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામકૃતિ એક જીવની, એક અજીવની, અનેક જીવોની, અનેક અજીવોની, એક જીવ અને એક અજીવની, એક જીવ અને અનેક અજીવોની, અનેક જીવો અને એક અજીવની અથવા અનેક જીવો અને અનેક અજીવોની હોય છે.[1]

સ્થાપનાકૃતિ કાષ્ઠકર્મોમાં, ચિત્રકર્મોમાં, પોતકર્મોમાં, લેપ્યકર્મોમાં, શૈલકર્મોમાં, ગૃહકર્મોમાં, દન્તકર્મોમાં, ભાંડકર્મોમાં, અક્ષમાં, વરાટકમાં અથવા અન્ય પ્રકારની સ્થાપનાઓમાં હોય છે.[2]

દ્રવ્યકૃતિના બે પ્રકાર છે : આગમતઃ દ્રવ્યકૃતિ અને નોઆગમતઃ દ્રવ્યકૃતિ. આગમતઃ દ્રવ્યકૃતિના નવ અધિકાર છે : ૧. સ્થિતિ, ૨. જિત, ૩. પરિજિત, ૪. વાચનોપગત, ૫. સૂત્રસમ, ૬. અર્થસમ, ૭. ગ્રન્થસમ, ૮. નામસમ, ૯. ઘોષસમ. નોઆગમતઃ દ્રવ્યકૃતિ ત્રણ પ્રકારની છે : જ્ઞાયકશરીર દ્રવ્યકૃતિ, ભાવી દ્રવ્યકૃતિ અને જ્ઞાયકશરીર-ભાવિભિન્ન દ્રવ્યકૃતિ.[3]

ગણનકૃતિના અનેક પ્રકાર છે, જેમકે એક (સંખ્યા) નોકૃતિ છે, બે કૃતિ અને નોકૃતિરૂપે અવક્તવ્ય છે, ત્રણથી સંખ્યેય, અસંખ્યેય અને અનન્ત કૃતિ કહેવાય છે.[4]

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

લોકમાં, વેદમાં અને સમયમાં શબ્દપ્રબન્ધરૂપ અક્ષરાત્મક કાવ્યાદિકોની જે ગ્રન્થરચના કરવામાં આવે છે તે ગ્રન્થકૃતિ કહેવાય છે.[5]

કરણકૃતિના બે પ્રકાર છે : મૂલકરણકૃતિ અને ઉત્તરકરણકૃતિ. મૂલકરણકૃતિ પાંચ પ્રકારની છે : ઔદારિકશરીરમૂલકરણકૃતિ, વૈક્રિયિકશરીરમૂલકરણકૃતિ, આહારકશરીરમૂલકરણકૃતિ, તૈજસશરીરમૂલકરણકૃતિ અને કાર્મણશરીરમૂલકરણકૃતિ. ઉત્તરકરણકૃતિ અનેક પ્રકારની છે, જેમકે અસિ, પરશુ, કોદાળી, ચક્ર, દંડ, શલાકા, મૃત્તિકા, સૂત્ર વગેરે.[6]

કૃતિપ્રાભૃતનો જાણકાર ઉપયોગયુક્ત જીવ ભાવકૃતિ છે.[7] આ બધી કૃતિઓમાં ગણનકૃતિ પ્રકૃત છે.[8] ગણના વિના શેષ અનુયોગદ્વારોની પ્રરૂપણા થઈ શકતી નથી.

વેદનાઅનુયોગદ્વાર — વેદનાના સોળ અનુયોગદ્વાર જાણવા જોઈએ: ૧. વેદનનિક્ષેપ, ૨. વેદનનયવિભાષણતા, ૩. વેદનનામવિધાન,

૧. સૂત્ર ૫૧
૨. સૂત્ર ૫૨
૩. સૂત્ર ૫૩-૬૫
૪. સૂત્ર ૬૬
૫. સૂત્ર ૬૭
૬. સૂત્ર ૬૮-૭૩
૭. સૂત્ર ૭૪
૮. સૂત્ર ૭૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. વેદનદ્રવ્યવિધાન, ૫. વેદનક્ષેત્રવિધાન, ૬. વેદનકાલવિધાન, ૭. વેદનભાવવિધાન, ૮. વેદનપ્રત્યયવિધાન, ૯. વેદનસ્વામિત્વવિધાન, ૧૦. વેદનવેદનવિધાન, ૧૧. વેદનગતિવિધાન, ૧૨. વેદનઅનન્તરવિધાન, ૧૩. વેદનસન્નિકર્ષવિધાન, ૧૪. વેદનપરિમાણવિધાન, ૧૫. વેદનભાગાભાગવિધાન, ૧૬. વેદનઅલ્પબહુત્વવિધાન.[1]

વેદનનિક્ષેપના ચાર પ્રકાર છે : નામવેદના, સ્થાપનાવેદના, દ્રવ્યવેદના અને ભાવવેદના.[2]

વેદનનયવિભાષણતામાં એ દર્શાવવામાં આવ્યું છે કે કયો નય કઈ વેદનાઓનો સ્વીકાર કરે છે.[3]

વેદનનામવિધાનમાં નયોની અપેક્ષાએ વેદનાના વિવિધ ભેદોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.[4]

વેદનદ્રવ્યવિધાનમાં ત્રણ અનુયોગદ્વારો જાણવા જોઈએ : પદમીમાંસા, સ્વામિત્વ અને અલ્પબહુત્વ.[5]

વેદનક્ષેત્રવિધાનમાં પણ ત્રણ અનુયોગદ્વારો છે : પદમીમાંસા, સ્વામિત્વ અને અલ્પબહુત્વ.[6]

વેદનકાલવિધાનમાં પણ ત્રણ અનુયોગદ્વારો છે : પદમીમાંસા, સ્વામિત્વ અને અલ્પબહુત્વ.[7]

વેદનભાવવિધાનમાં પણ આ ત્રણ અનુયોગદ્વારોનું પ્રરૂપણ છે.[8]

વેદનપ્રત્યયવિધાનમાં દર્શાવ્યું છે કે નૈગમ, વ્યવહાર અને સંગ્રહ નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના પ્રાણાતિપાતપ્રત્યયથી થાય છે, મૃષાવાદપ્રત્યયથી થાય છે, અદત્તાદાનપ્રત્યયથી થાય છે, મૈથુનપ્રત્યયથી થાય છે, પરિગ્રહપ્રત્યયથી થાય છે, રાત્રિભોજનપ્રત્યયથી થાય છે. તેવી જ રીતે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, પ્રેમ, નિદાન, અભ્યાખ્યાન, કલહ, પૈશુન્ય, રતિ, અરતિ, ઉપધિ, નિકૃતિ વગેરે પ્રત્યયોથી પણ જ્ઞાનાવરણીય વેદના થાય છે. આ જ રીતે બાકીના સાત કર્મોના વિષયમાં સમજવું જોઈએ. ઋજુસૂત્ર નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના યોગપ્રત્યયથી પ્રકૃતિ અને પ્રદેશરૂપે તથા કષાયપ્રત્યયથી સ્થિતિ અને અનુભાગરૂપે થાય છે. આ રીતનું પ્રરૂપણ બાકીના સાત કર્મોના વિષયમાં પણ કરી લેવું જોઈએ. શબ્દ નયોની અપેક્ષાએ આ પ્રત્યયો અવક્તવ્ય છે.[9]

---

૧. સૂત્ર ૧ (પુસ્તક ૧૦)
૨. સૂત્ર ૨-૩
૩. સૂત્ર ૧-૪ (વેદનનયવિભાષણતા)
૪. સૂત્ર ૧-૪ (વેદનનામવિધાન)
૫. સૂત્ર ૧-૨૧૩ (વેદનદ્રવ્યવિધાન)
૬. સૂત્ર ૧-૧૯ (પુસ્તક ૧૧)
૭. સૂત્ર ૧-૨૭૯ (વેદનકાલવિધાન)
૮. સૂત્ર ૧-૩૧૪ (પુસ્તક ૧૨)
૯. સૂત્ર ૧-૧૬ (વેદનપ્રત્યયવિધાન)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વેદનસ્વામિત્વવિધાનમાં એ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે નૈગમ અને વ્યવહાર નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના કથંચિત્ એક જીવને થાય છે, કથંચિત્ એક નોજીવને થાય છે, કથંચિત્ અનેક જીવોને થાય છે, કથંચિત્ અનેક નોજીવોને થાય છે, કથંચિત્ એક જીવ અને એક નોજીવને થાય છે, કથંચિત્ એક જીવ અને અનેક નોજીવને થાય છે, કથંચિત્ અનેક જીવ અને એક નોજીવને થાય છે, કથંચિત્ અનેક જીવ અને અનેક નોજીવને થાય છે. આ રીતે બાકીના સાત કર્મોના વિષયમાં સમજવું જોઈએ. સંગ્રહ નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના એક જીવને થાય છે કે અનેક જીવને થાય છે. શબ્દ અને ઋજુસૂત્ર નયોની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના એક જીવને થાય છે. એ જ રીતે બાકીના સાત કર્મોની બાબતમાં કહેવું જોઈએ.[1]

વેદનવેદનવિધાનમાં એ દર્શાવવામાં આવ્યું છે કે નૈગમ નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના કથંચિત્ બધ્યમાન વેદના છે, કથંચિત્ ઉદીર્ણ વેદના છે, કથંચિત્ ઉપશાન્ત વેદના છે, કથંચિત્ બધ્યમાન વેદનાઓ છે, કથંચિત્ ઉદીર્ણ વેદનાઓ છે, ઈત્યાદિ.[2]

વેદનગતિવિધાનમાં એ નિરૂપવામાં આવ્યું છે કે નૈગમ, વ્યવહાર અને સંગ્રહ નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના કથંચિત્ અવસ્થિત છે, કથંચિત્ સ્થિત-અસ્થિત છે. તેવી રીતે દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયની બાબતમાં સમજવું જોઈએ. વેદનીય વેદના કથંચિત્ સ્થિત છે, કથંચિત્ અસ્થિત છે, કથંચિત્ સ્થિત-અસ્થિત છે. એ જ રીતે આયુ, નામ અને ગોત્રની બાબતમાં જાણવું જોઈએ. ઋજુસૂત્ર નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના કથંચિત્ સ્થિત છે, કથંચિત્ અસ્થિત છે. આ રીતે બાકીના સાત કર્મોની બાબતમાં સમજવું જોઈએ. શબ્દ નયોની અપેક્ષાએ અવક્તવ્ય છે.[3]

વેદનઅનન્તરવિધાનમાં એ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે નૈગમ અને વ્યવહાર નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના અનન્તરબંધ છે, પરંપરબંધ છે તથા તદુભયબંધ છે. આ જ રીતે બાકીના સાત કર્મોની બાબતમાં સમજવું જોઈએ. સંગ્રહ નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વેદના અનન્તરબંધ છે તથા પરંપરબંધ છે. આ રીતે અન્ય કર્મોની બાબતમાં જાણવું જોઈએ. ઋજુસૂત્ર

---

૧. સૂત્ર ૧-૧૫ (વેદનસ્વામિત્વવિધાન) ૨. સૂત્ર ૧-૫૮ (વેદનવેદનવિધાન)

૩. સૂત્ર ૧-૧૨ (વેદનગતિવિધાન)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નયની અપેક્ષાએ જ્ઞાનાવરણીય વગેરે વેદનાઓ પરંપરબંધ છે. શબ્દ નયોની અપેક્ષાએ અવક્તવ્ય છે.[1]

વેદનસન્નિકર્ષના બે પ્રકાર છે : સ્વસ્થાનવેદનસન્નિકર્ષ અને પરસ્થાનવેદનસન્નિકર્ષ. સ્વસ્થાનવેદનસન્નિકર્ષના બે ભેદ છે : જઘન્ય સ્વસ્થાનવેદનસન્નિકર્ષ અને ઉત્કૃષ્ટ સ્વસ્થાનવેદનસન્નિકર્ષ. ઉત્કૃષ્ટ સ્વસ્થાનવેદનસન્નિકર્ષ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ ચાર પ્રકારનો છે. જેને જ્ઞાનાવરણીય વેદના દ્રવ્યની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હોય છે તેને ક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હોય છે કે અનુત્કૃષ્ટ ? નિયમતઃ અનુત્કૃષ્ટ હોય છે તથા અસંખ્યેય ગણી હીન હોય છે. કાળની અપેક્ષાએ ઉત્કૃષ્ટ પણ હોય છે અને અનુત્કૃષ્ટ પણ. ઉત્કૃષ્ટની અપેક્ષાએ અનુત્કૃષ્ટ એક સમય ન્યૂન હોય છે. ભાવની અપેક્ષાએ પણ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ ઉભયરૂપ હોય છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ અનુત્કૃષ્ટ ષટ્સ્થાનપતિત હોય છે અર્થાત્ અનન્તભાગહીન, અસંખ્યેયભાગહીન, સંખ્યેયભાગહીન, સંખ્યેય ગણી હીન, અસંખ્યેય ગણી હીન અને અનન્તગણી હીન હોય છે. જેને જ્ઞાનાવરણીય વેદના ક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હોય છે તેને તે દ્રવ્યની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હોય છે કે અનુત્કૃષ્ટ ? નિયમતઃ અનુત્કૃષ્ટ હોય છે તથા ચતુઃસ્થાનપતિત હોય છે : અસંખ્યેયભાગહીન, સંખ્યેયભાગહીન, સંખ્યેય ગણી હીન અને અસંખ્યેય ગણી હીન.[2] આ જ રીતે બાકીના પ્રરૂપણના વિષયમાં પણ યથાવત્ સમજી લેવું જોઈએ.[3]

જૈનમ્ જયતિ શાસનમ્

વેદનપારમાણવિધાનનો ત્રણ અનુયોગદ્વારોમાં વિચાર કરવામાં આવ્યો છે : પ્રકૃત્યર્થતા, સમયપ્રબદ્ધાર્થતા અને ક્ષેત્રપ્રત્યાશ્રય કે ક્ષેત્રપ્રત્યાસ. પ્રકૃત્યર્થતાની અપેક્ષાએ જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મની અસંખ્યેય લોકપ્રમાણ પ્રકૃતિઓ છે.[4] વેદનીય કર્મની બે પ્રકૃતિઓ છે.[5] આ જ રીતે અન્ય કર્મોની પ્રકૃતિઓનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાય કર્મની એક-એક સમયપ્રબદ્ધાર્થતા-પ્રકૃતિ ત્રીસ કોટાકોટિ સાગરોપમને સમયપ્રબદ્ધાર્થતાથી ગુણવાથી જે પ્રાપ્ત થાય એટલી છે. આ રીતે અન્ય કર્મોની સમયપ્રબદ્ધાર્થતાપ્રકૃતિઓનું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જે મત્સ્ય એક હજાર યોજનપ્રમાણ છે, સ્વયમ્ભૂરમણસમુદ્રના બાહ્ય તટ પર રહેલો છે,

૧. સૂત્ર ૧-૧૧ (વેદનઅન્તરવિધાન) ૨. સૂત્ર ૧-૧૭ (વેદનસન્નિકર્ષવિધાન)

૩. સૂત્ર ૧૮-૩૨૦

૪. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ — ધવલા, પુસ્તક ૧૨, પૃ. ૪૮૧.

૫. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ — એજન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદનાસમુદ્ઘાતને પામ્યો છે, કાપોતલેશ્યાવાળો છે, વળી મારણાંતિક સમુદ્ઘાતને પામ્યો છે તથા વિગ્રહગતિના ત્રણ વળાંક લઈ સાતમી નરકમાં ઉત્પન્ન થવાનો છે તેના જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિઓને ક્ષેત્રપ્રત્યાસથી ગુણતાં જ્ઞાનાવરણની ક્ષેત્રપ્રત્યાસપ્રકૃતિઓનું પરિમાણ મળે છે. આ રીતે અન્ય કર્મોની બાબતમાં પણ પ્રરૂપણા કરવામાં આવી છે.[1]

વેદનભાગાભાગવિધાનનો વિચાર પણ પ્રકૃત્યર્થતા આદિ ત્રણ અનુયોગદ્વારોમાં કરવામાં આવ્યો છે. પ્રકૃત્યર્થતાની અપેક્ષાએ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મની પ્રકૃતિઓ બધી પ્રકૃતિઓનો કંઈક ઓછો દ્વિતીય ભાગ છે. વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય કર્મની પ્રકૃતિઓ બધી પ્રકૃતિઓનો અસંખ્યાતમો ભાગ છે. આ રીતે બાકીનાં બે અનુયોગદ્વારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[2]

વેદનઅલ્પબહુત્વનો વિચાર પણ પ્રકૃત્યર્થતા વગેરે ત્રણ અનુયોગદ્વારો વડે કરવામાં આવ્યો છે. પ્રકૃત્યર્થતાની અપેક્ષાએ ગોત્ર કર્મની પ્રકૃતિઓ સૌથી ઓછી છે. વેદનીય કર્મની પણ એટલી જ પ્રકૃતિઓ છે. આયુ કર્મની પ્રકૃતિઓ એમનાથી સંખ્યેય ગણી છે. અન્તરાય કર્મની પ્રકૃતિઓ એમનાથી વિશેષ અધિક છે. મોહનીય કર્મની પ્રકૃતિઓ એમનાથી સંખ્યેય ગણી છે. નામ કર્મની પ્રકૃતિઓ એમનાથી અસંખ્યેય ગણી છે. દર્શનાવરણીય કર્મની પ્રકૃતિઓ એમનાથી અસંખ્યેય ગણી છે. જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિઓ એમનાથી વિશેષ અધિક છે. સમયપ્રબદ્ધાર્થતાની અપેક્ષાએ આયુ કર્મની પ્રકૃતિઓ સૌથી ઓછી છે, ઈત્યાદિ. ક્ષેત્રપ્રત્યાસની અપેક્ષાએ અન્તરાય કર્મની પ્રકૃતિઓ સૌથી ઓછી છે, ઈત્યાદિ.[3]

## વર્ગણા

વર્ગણા ખંડમાં સ્પર્શ, કર્મ અને પ્રકૃતિ આ ત્રણ અનુયોગદ્વારોની સાથે બન્ધન અનુયોગદ્વારના બન્ધ અને બન્ધનીય બે અધિકારોનું વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. બન્ધનીયના વિવેચનમાં વર્ગણાઓનું વિસ્તૃત વર્ણન હોવાને કારણે આ ખંડને વર્ગણા નામ આપવામાં આવ્યું છે.

સ્પર્શઅનુયોગદ્વાર — સ્પર્શઅનુયોગદ્વારના નીચે જણાવેલા સોળ અધિકારો છે : ૧. સ્પર્શનિક્ષેપ, ૨. સ્પર્શનયવિભાષણતા, ૩. સ્પર્શનામવિધાન, ૪. સ્પર્શદ્રવ્યવિધાન, ૫. સ્પર્શક્ષેત્રવિધાન, ૬. સ્પર્શકાલવિધાન,

૧. સૂત્ર ૧-૫૩ (વેદનપરિમાણવિધાન) ૨.સૂત્ર ૧-૨૦ (વેદનભાગાભાગવિધાન)
૩. સૂત્ર ૧-૨૬ (વેદનઅલ્પબહુત્વ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. સ્પર્શભાવવિધાન, ૮. સ્પર્શપ્રત્યયવિધાન, ૯. સ્પર્શસ્વામિત્વવિધાન, ૧૦. સ્પર્શસ્પર્શવિધાન, ૧૧. સ્પર્શગતિવિધાન, ૧૨. સ્પર્શઅનન્તરવિધાન, ૧૩. સ્પર્શસન્નિકર્ષવિધાન, ૧૪. સ્પર્શપરિમાણવિધાન, ૧૫. સ્પર્શભાગાભાગવિધાન, ૧૬. સ્પર્શઅલ્પબહુત્વ.[1]

કર્મઅનુયોગદ્વાર – કર્મઅનુયોગદ્વારના પણ કર્મનિક્ષેપ વગેરે સોળ અધિકારો છે.[2]

પ્રકૃતિઅનુયોગદ્વાર – પ્રકૃતિઅનુયોગદ્વાર પણ પ્રકૃતિનિક્ષેપ આદિ સોળ અધિકારોમાં વિભક્ત છે.[3]

બન્ધઅનુયોગદ્વાર – બન્ધનના ચાર ભેદ છે : બન્ધ, બન્ધક, બન્ધનીય અને બન્ધવિધાન. આમાંથી બન્ધ ચાર પ્રકારનો છે : નામબન્ધ, સ્થાપનાબન્ધ, દ્રવ્યબન્ધ અને ભાવબન્ધ.[4]

બન્ધકનો ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય આદિ સોળ માર્ગણાઓમાં વિચાર કરવો જોઈએ. ગતિની અપેક્ષાએ નારકી બન્ધક છે, તિર્યંચ બંધક છે, દેવ બન્ધક છે, મનુષ્ય બન્ધક પણ છે અને અબન્ધક પણ છે, સિદ્ધ અબન્ધક છે. આ રીતે અહીં ક્ષુદ્રકબન્ધના અગીઆર અનુયોગદ્વાર જાણવા જોઈએ. અગીઆર અનુયોગદ્વારોનું કથન કરીને મહાદંડકોનું પણ કથન કરવું જોઈએ.[5]

બન્ધનીયનું આ રીતે અનુગમન કરે છે : વેદનાત્મક પુદ્ગલ છે, પુદ્ગલ સ્કન્ધસ્વરૂપ છે, સ્કન્ધ વર્ગણાસ્વરૂપ છે. વર્ગણાઓના અનુગમનને માટે આઠ અનુયોગદ્વાર જાણવા જોઈએ : વર્ગણા, વર્ગણાદ્રવ્યસમુદાહાર, અનન્તરોપનિધા, પરમ્પરોપનિધા, અવહાર, યવમધ્ય, પદમીમાંસા અને અલ્પબહુત્વ.[6] આમાંથી વર્ગણાઅનુયોગદ્વારના નીચે જણાવેલા સોળ અધિકાર છે : ૧. વર્ગણાનિક્ષેપ, ૨. વર્ગણાનયવિભાષણતા, ૩. વર્ગણાપ્રરૂપણા, ૪. વર્ગણાનિરૂપણા, ૫. વર્ગણાધ્રુવાધ્રુવાનુગમ, ૬. વર્ગણાસાન્તરનિરન્તરાનુગમ, ૭. વર્ગણાઓજયુગ્માનુગમ, ૮. વર્ગણાક્ષેત્રાનુગમ, ૯. વર્ગણાસ્પર્શનાનુગમ, ૧૦. વર્ગણાકાલાનુગમ, ૧૧. વર્ગણાઅન્તરાનુગમ, ૧૨. વર્ગણાભાવાનુગમ, ૧૩. વર્ગણાઉપનયનાનુગમ, ૧૪. વર્ગણાપરિમાણાનુગમ, ૧૫. વર્ગણાભાગાભાગાનુગમ, ૧૬. વર્ગણાઅલ્પબહુત્વ.[7]

૧. સૂત્ર ૨ (પુસ્તક ૧૩) ૨. સૂત્ર ૨ (કર્મઅનુયોગદ્વાર)
૩. સૂત્ર ૧-૨ (પ્રકૃતિઅનુયોગદ્વાર) ૪. સૂત્ર ૧-૨ (પુસ્તક ૧૪)
૫. સૂત્ર ૬૫-૬૭ ૬. સૂત્ર ૬૮-૬૯ ૭. સૂત્ર ૭૦

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્ધવિધાનના ચાર પ્રકાર છે : પ્રકૃતિબન્ધ, સ્થિતિબન્ધ, અનુભાગબન્ધ અને પ્રદેશબન્ધ.[૧]

મહાબન્ધ

મહાબન્ધ ખંડ પ્રકૃતિબન્ધ વગેરે ઉપર જણાવેલા ચાર અધિકારોમાં વિભક્ત છે. પ્રકૃતિબન્ધ અધિકારમાં નીચે જણાવેલા વિષયો છે : પ્રકૃતિસમુત્કીર્તન, સર્વ-નોસર્વબન્ધપ્રરૂપણ, ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટબન્ધપ્રરૂપણ, જઘન્ય-અજઘન્યબન્ધપ્રરૂપણ, સાદિ-અનાદિબન્ધપ્રરૂપણ, ધ્રુવ-અધ્રુવબન્ધપ્રરૂપણ, બન્ધસ્વામિત્વવિચય, એક જીવની અપેક્ષાએ કાલાનુગમ, અન્તરાનુગમ, સન્નિકર્ષ પ્રરૂપણ, ભંગવિચય, ભાગાભાગાનુગમ, પરિમાણાનુગમ, ક્ષેત્રાનુગમ, સ્પર્શાનુગમ; અનેક જીવોની અપેક્ષાએ કાલાનુગમ, અન્તરાનુગમ, ભાવાનુગમ, અલ્પબહુત્વપ્રરૂપણ.[૨]

સ્થિતિબન્ધ બે પ્રકારનો છે : મૂલપ્રકૃતિસ્થિતિબન્ધ અને ઉત્તરપ્રકૃતિસ્થિતિબન્ધ. મૂલપ્રકૃતિસ્થિતિબન્ધના ચાર અનુયોગદ્વાર છે : સ્થિતિબન્ધસ્થાનપ્રરૂપણા, નિષેકપ્રરૂપણા, આબાધાકાંડકપ્રરૂપણા અને અલ્પબહુત્વ. આ સંબંધમાં આ ચોવીસ અધિકાર જાણવા : ૧. અદ્ધાચ્છેદ, ૨. સર્વબન્ધ, ૩. નોસર્વબન્ધ, ૪. ઉત્કૃષ્ટબન્ધ, ૫. અનુત્કૃષ્ટબન્ધ, ૬. જઘન્યબન્ધ, ૭. અજઘન્યબન્ધ, ૮. સાદિબન્ધ, ૯. અનાદિબન્ધ, ૧૦. ધ્રુવબન્ધ, ૧૧. અધ્રુવબન્ધ, ૧૨. સ્વામિત્વ, ૧૩. બન્ધકાલ, ૧૪. બન્ધાન્તર, ૧૫. બન્ધસન્નિકર્ષ, ૧૬. અનેક જીવોની અપેક્ષાએ ભંગવિચય, ૧૭. ભાગાભાગ, ૧૮. પરિમાણ, ૧૯. ક્ષેત્ર, ૨૦. સ્પર્શન, ૨૧. કાલ, ૨૨. અન્તર, ૨૩. ભાવ, ૨૪. અલ્પબહુત્વ. આ ૨૪ ઉપરાંત ભુજગારબન્ધ, પદનિક્ષેપ, વૃદ્ધિબન્ધ, અધ્યવસાનસમુદાહાર અને જીવસમુદાહાર દ્વારા પણ મૂલપ્રકૃતિસ્થિતિબંધનો વિચાર કરવામાં આવ્યો છે. ઉત્તરપ્રકૃતિસ્થિતિબન્ધનું પ્રતિપાદન પણ આ જ પ્રક્રિયાથી કરવામાં આવ્યું છે.[૩]

અનુભાગબન્ધના પણ બે પ્રકાર છે : મૂલપ્રકૃતિઅનુભાગબન્ધ અને ઉત્તરપ્રકૃતિઅનુભાગબન્ધ. મૂલપ્રકૃતિઅનુભાગબન્ધના બે અનુયોગદ્વાર છે : નિષેકપ્રરૂપણા અને સ્પર્ધકપ્રરૂપણા. નિષેકપ્રરૂપણાની અપેક્ષાએ આઠે કર્મોના જે દેશઘાતિસ્પર્ધકો છે તેમના પ્રથમ વર્ગણાથી શરૂ કરીને નિષેકો છે જે આગળ બરાબર ચાલ્યા ગયા છે. ચાર ઘાતિકર્મોના જે સર્વઘાતિસ્પર્ધકો છે એમના પણ પ્રથમ વર્ગણાથી પ્રારંભ કરીને નિષેકો છે જે આગળ બરાબર ચાલ્યા ગયા છે. સ્પર્ધકપ્રરૂપણાની અપેક્ષાએ અનન્તાનન્ત અવિભાગપ્રતિચ્છેદોના સમુદાયસમાગમથી

૧. સૂત્ર ૭૯૭ ૨. મહાબંધ, પુસ્તક ૧ ૩. મહાબંધ, પુ. ૨-૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વર્ગ બને છે, અનન્તાનન્ત વર્ગોના સમુદાયસમાગમથી (એક વર્ગણા બને છે તથા અનન્તાનન્ત વર્ગણાઓના સમુદાયસમાગમથી) એક સ્પર્ધક બને છે. અહીં આ ચોવીસ અનુયોગદ્વાર જાણવા જોઈએ : સંજ્ઞા, સર્વબન્ધ, નોસર્વબન્ધ, ઉત્કૃષ્ટબન્ધ, અનુત્કૃષ્ટબન્ધથી અલ્પબહુત્વ. આ ઉપરાંત ભુજગારબન્ધ, પદનિક્ષેપ, વૃદ્ધિબન્ધ, અધ્યવસાનસમુદાહાર અને જીવસમુદાહાર પણ જાણવા જોઈએ.[૧]

પ્રદેશબન્ધ પણ મૂલપ્રકૃતિપ્રદેશબન્ધ અને ઉત્તરપ્રકૃતિપ્રદેશબન્ધના બે ભેદે બે પ્રકારનો છે. આઠ પ્રકારની મૂલકર્મપ્રકૃતિઓનો બંધ કરનારા જીવોના આયુ કર્મનો ભાગ સૌથી ઓછો હોય છે, નામ અને ગોત્ર કર્મનો ભાગ એનાથી વિશેષ અધિક હોય છે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય કર્મનો ભાગ એનાથી વિશેષ અધિક હોય છે, મોહનીય કર્મનો ભાગ એનાથી વિશેષ અધિક હોય છે, તથા વેદનીય કર્મનો ભાગ એનાથી વિશેષ અધિક હોય છે. સાત પ્રકારની મૂલપ્રકૃતિઓનો બન્ધ કરનારા જીવોનાં નામ અને ગોત્ર કર્મનો ભાગ સૌથી ઓછો હોય છે, ઈત્યાદિ. અહીં સ્થાનપ્રરૂપણા, સર્વબન્ધ, નોસર્વબન્ધ વગેરે ચોવીસ અનુયોગદ્વાર તથા ભુજગારબન્ધ વગેરે જાણવા જોઈએ.[૨]

ગ્રન્થના અંતે[૩] પુનઃ મંગલમંત્ર દ્વારા અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને લોકના બધા સાધુઓને નમસ્કાર કરવામાં આવ્યા છે.

णमो अरिहंताणं णमो सिद्धाणं णमो आयरियाणं।
णमो उवज्झायाणं णमो लोए सव्वसाहूणं ॥

•

૧. મહાબંધ, પુ. ૪-૫

૨. મહાબંધ, પુ. ૬-૭

૩. મહાબંધ, પુ. ૭, પૃ. ૩૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજું પ્રકરણ

# કર્મપ્રાભૃતની વ્યાખ્યાઓ

વીરસેનાચાર્યે રચેલી ધવલા ટીકા કર્મપ્રાભૃત(ષટ્ખંડાગમ)ની અત્યંત મહત્ત્વપૂર્ણ બૃહત્કાય વ્યાખ્યા છે. ધવલાની પહેલાં રચાયેલી કર્મપ્રાભૃતની ટીકાઓનો ઉલ્લેખ ઈન્દ્રનન્દિકૃત શ્રુતાવતારમાં મળે છે.[1] એ ટીકાઓ અત્યારે મળતી નથી. એમનો કંઈક પરિચય આપ્યા પછી અત્યારે મળતી ધવલા ટીકાનો વિસ્તારથી પરિચય આપવામાં આવશે.

## કુન્દકુન્દકૃત પરિકર્મ

ઉપર જણાવેલા શ્રુતાવતારમાં ઉલ્લેખ છે કે કર્મપ્રાભૃત અને કષાયપ્રાભૃતનું જ્ઞાન ગુરુપરંપરાથી કુન્દકુન્દપુરના પદ્મનન્દિમુનિ ઉર્ફે કુન્દકુન્દાચાર્યને મળ્યું હતું. તેમણે કર્મપ્રાભૃતના છ ખંડોમાંથી પ્રથમ ત્રણ ખંડો ઉપર પરિકર્મ નામનો બાર હજાર શ્લોકપ્રમાણ એક ટીકાગ્રંથ લખ્યો હતો. ધવલામાં આ ગ્રન્થનો ઉલ્લેખ અનેક વાર થયો છે. આ ટીકાગ્રંથ પ્રાકૃતભાષામાં હતો.

જૈનમ્ જયતિ શાસનમ્

## શામકુણ્ડકૃત પદ્ધતિ

આચાર્ય શામકુંડકૃત પદ્ધતિ નામની ટીકા કર્મપ્રાભૃતના પ્રથમ પાંચ ખંડો પર હતી. કષાયપ્રાભૃત ઉપર પણ આ જ આચાર્યે આ જ નામવાળી ટીકા રચી હતી. આ બંને ટીકાઓનું પરિમાણ બાર હજાર શ્લોક હતું. એ બંનેની ભાષા પ્રાકૃત-સંસ્કૃત-કન્નડમિશ્રિત હતી. આ બંને ટીકા પરિકર્મ પછી લાંબા સમય બાદ લખાઈ હતી. આ ટીકાઓનો કોઈ ઉલ્લેખ ધવલા આદિમાં મળતો નથી.

## તુમ્બુલૂરકૃત ચૂડામણિ અને પંજિકા

તુમ્બુલૂરાચાર્યે પણ કર્મપ્રાભૃતના પ્રથમ પાંચ ખંડો અને કષાયપ્રાભૃત ઉપર એક ટીકા લખી હતી. કર્મપ્રાભૃતની આ બૃહત્કાય ટીકાનું નામ ચૂડામણિ હતું. ચૂડામણિ ચોરાસી હજાર શ્લોકપ્રમાણ હતી. એ કન્નડ ભાષામાં લખાઈ હતી. આના સિવાય આ આચાર્યે કર્મપ્રાભૃતના છઠ્ઠા ખંડ ઉપર પ્રાકૃતમાં પંજિકા નામની વ્યાખ્યા લખી

૧. ષટ્ખંડાગમ, પુસ્તક ૧, પ્રસ્તાવના, પૃ. ૪૬-૫૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી, તેનું પરિમાણ સાત હજાર શ્લોક હતું.[1] આ બે ટીકાઓનો પણ કોઈ ઉલ્લેખ ધવલામાં દેખાતો નથી. તુમ્બુલૂરાચાર્ય શામકુંડાચાર્ય પછી ઘણા સમય બાદ થયા હતા.

### સમન્તભદ્રકૃત ટીકા

સમન્તભદ્રે પણ કર્મપ્રાભૃતના પ્રથમ પાંચ ખંડો ઉપર અડતાલીસ હજાર શ્લોકપ્રમાણવાળી ટીકા લખી હતી. આ ટીકા અત્યંત સુન્દર અને મૃદુ સંસ્કૃતભાષામાં હતી. સમન્તભદ્રસ્વામી તુમ્બુલૂરાચાર્ય પછી થયા હતા. ઈન્દ્રનન્દિએ સમન્તભદ્રને 'તાર્કિકાર્ક' વિશેષણથી વિભૂષિત કર્યા છે. જો કે ધવલામાં સમન્તભદ્રકૃત આપ્તમીમાંસા વગેરેનાં અવતરણો આપવામાં આવ્યાં છે પરંતુ પ્રસ્તુત ટીકાનો તો ઉલ્લેખ પણ તેમાં નથી.

### બપ્પદેવકૃત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ

બપ્પદેવગુરુએ કર્મપ્રાભૃત અને કષાયપ્રાભૃત ઉપર ટીકાઓ લખી હતી. તેમણે કર્મપ્રાભૃતના પાંચ ખંડો ઉપર જે ટીકા રચી હતી તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ હતું. છઠ્ઠા ખંડ ઉપર એમની વ્યાખ્યા સંક્ષિપ્ત હતી. આ વ્યાખ્યા પંચાધિક અષ્ટસહસ્ર શ્લોકપ્રમાણ હતી. પાંચ ખંડો ઉપરની અને કષાયપ્રાભૃત ઉપરની એમ બે ટીકાઓનું સંયુક્ત પરિમાણ સાઠ હજાર શ્લોક હતું. આ બધી વ્યાખ્યાઓની ભાષા પ્રાકૃત હતી. કષાયપ્રાભૃતની જયધવલા ટીકામાં એક સ્થાને બપ્પદેવના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બપ્પદેવ સમન્તભદ્ર પછીના આચાર્ય છે.

### ધવલાકાર વીરસેન

કર્મપ્રાભૃતની અત્યારે મળતી ટીકા ધવલાના કર્તાનું નામ વીરસેન છે. તે આર્યનન્દિના શિષ્ય અને ચન્દ્રસેનના પ્રશિષ્ય હતા, તેમના વિદ્યાગુરુ હતા એલાચાર્ય. વીરસેન સિદ્ધાન્ત, છન્દ, જ્યોતિષ, વ્યાકરણ અને પ્રમાણશાસ્ત્રમાં નિપુણ હતા અને ભટ્ટારક પદથી વિભૂષિત હતા.[2] કષાયપ્રાભૃતની ટીકા જયધવલાનો પ્રારંભનો એકતૃતીયાંશ ભાગ પણ આ વીરસેને લખ્યો છે.

ઈન્દ્રનન્દિકૃત શ્રુતાવતારમાં દર્શાવવામાં આવ્યું છે કે બપ્પદેવગુરુ દ્વારા સિદ્ધાન્તગ્રન્થોની ટીકાઓ રચાયા પછી કેટલાય કાળ પછી સિદ્ધાન્તતત્ત્વજ્ઞ એલાચાર્ય

---

૧. શું આ પંજિકા સત્કર્મપંજિકાથી જુદી છે ?
— જુઓ ષટ્ખંડાગમ, પુસ્તક ૧૫, પ્રસ્તાવના, પૃ. ૧૮

૨. ષટ્ખંડાગમ, પુસ્તક ૧૬ના અન્તે ધવલાકારપ્રશસ્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયા. તેમની પાસે વીરસેનગુરુએ સકળ સિદ્ધાન્તનું અધ્યયન કર્યું. પછી વીરસેનગુરુએ ષટ્ખંડાગમ ઉપર ૭૨,૦૦૦ શ્લોકપ્રમાણ પ્રાકૃતસંસ્કૃતમિશ્ર ભાષાવાળી ધવલા ટીકા લખી. ત્યાર બાદ કષાયપ્રાભૃતની ચાર વિભક્તિઓ ઉપર ૨૦,૦૦૦ શ્લોકપ્રમાણ જયધવલા ટીકા લખી. આ ટીકા લખ્યા પછી તેમનો સ્વર્ગવાસ થયો. તેમના શિષ્ય જયસેને (જિનસેને) આ જયધવલા ટીકાને ૪૦,૦૦૦ શ્લોકપ્રમાણ વધુ લખીને પૂરી કરી.[૧] વીરસેનાચાર્યનો સમય ધવલા અને જયધવલાના અન્તમાં મળતી પ્રશસ્તિઓ અને અન્ય પ્રમાણોના આધારે શકની આઠમી શતાબ્દી સિદ્ધ થાય છે.[૨]

ધવલા ટીકા

ષટ્ખંડાગમ ઉપર ધવલા ટીકા રચીને વીરસેનાચાર્યે જૈન સાહિત્યની બહુ મોટી સેવા કરી છે. ધવલનો અર્થ શુક્લ ઉપરાંત શુદ્ધ, વિશદ, સ્પષ્ટ પણ થાય છે. સંભવતઃ પોતાની ટીકાના આ ગુણને ધ્યાનમાં રાખી આચાર્યે આ નામ પસંદ કર્યું હોય. આ ટીકા જીવસ્થાન આદિ પાંચ ખંડો ઉપર જ છે, મહાબન્ધ નામના છઠ્ઠા ખંડ ઉપર નથી. આ વિશાળ ટીકાનો લગભગ પોણો ભાગ પ્રાકૃત (શૌરસેની) ભાષામાં છે અને બાકીનો ભાગ સંસ્કૃત ભાષામાં છે. એમાં જૈન સિદ્ધાન્તના લગભગ બધા જ મહત્ત્વપૂર્ણ પાસાંઓ ઉપર સામગ્રી મળે છે.

ટીકાના પ્રારંભમાં આચાર્યે જિન, શ્રુતદેવતા, ગણધરદેવ, ધરસેન, પુષ્પદન્ત અને ભૂતબલિને નમસ્કાર કર્યા છે.

सिद्धमणंतमणिंदियमणुवमसप्पुत्थ-सोक्खमणवज्जं ।
केवल-पहोह-णिज्जिय-दुण्णय-तिमिरं जिणं णमह ॥ १ ॥
बारह-अंगग्गिज्झा वियलिय-मल-मूढ-दंसणुत्तिलया ।
विविह-वर-चरण-भूसा पसियउ सुय-देवया सुइरं ॥ २ ॥
सयल-गण-पउम-रविणो विविहद्धि-विराइया विणिस्संगा ।
णीराया वि कुराया गणहर-देवा पसीयंतु ॥ ३ ॥
पसियउ महु धरसेणो पर-वाइ-गओह-दाण-वर-सीहो ।
सद्धंतामिय-सायर-तरंग-संघाय-धोय-मणो ॥ ४ ॥
पणमामि पुप्फदंतं दुकयंतं दुण्णयंधयार-रविं ।
भग्ग-सिव-मग्ग-कंटयमिसि-समिइ-वइं सया दंतं ॥ ५ ॥
पणमह कय-भूय-बलिं भूयबलिं केस-वास-परिभूय-बलिं ।
विणिहय-वम्मह-पसरं वड्ढाविय-विमल-णाण-वम्मह-पसरं ॥ ६॥

૧. ષટ્ખંડાગમ, પુસ્તક ૧, પ્રસ્તાવના, પૃ. ૩૮
૨. એજન, પૃ. ૩૯-૪૫

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગલ, નિમિત્ત, હેતુ, પરિમાણ, નામ અને કર્તા આ છ અધિકારોનું વ્યાખ્યાન કર્યા પછી આચાર્યે શાસ્ત્રની વ્યાખ્યા કરવી જોઈએ[1], આ નિયમને ઉદ્ધૃત કર્યા પછી ટીકાકારે મંગલસૂત્રનું વ્યાખ્યાન કર્યું છે :

मंगल-निमित्त-हेऊ परिमाणं णाम तह य कत्तारं ।
वागरिय छ प्पि पच्छा वक्खाणउ सत्थमाइरियो ॥

મંગલસૂત્રના વ્યાખ્યાનમાં ૬૮ ગાથાઓ અને શ્લોકો ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.[2]

શ્રુતકર્તા – શ્રુતના કર્તાનું નિરૂપણ કરતાં ટીકાકારે કહ્યું છે કે જ્ઞાનાવરણ વગેરે કર્મોનાં નિશ્ચય-વ્યવહારરૂપ વિનાશકારણોની વિશેષતાથી ઉત્પન્ન થયેલાં અનન્ત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ, દાન, લાભ, ભોગ અને ઉપભોગની નિશ્ચય-વ્યવહારરૂપ પ્રાપ્તિની અતિશયભૂત નવ કેવલલબ્ધિઓથી યુક્ત વર્ધમાન મહાવીરે ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો અને તે દેશે તેમ જ તે કાળે ક્ષયોપશમવિશેષથી ઉત્પન્ન ચાર પ્રકારના નિર્મળ જ્ઞાનથી યુક્ત ગૌતમગોત્રીય બ્રાહ્મણ, સકળ દુઃશ્રુતિમાં પારંગત તથા જીવાજીવવિષયક પોતાના સંદેહને દૂર કરવા માટે મહાવીરના પગમાં પડેલા ઈન્દ્રભૂતિએ તે ઉપદેશનું અવધારણ કર્યું. ભાવશ્રુતરૂપ પર્યાયથી પરિણત ઈન્દ્રભૂતિએ બાર અંગ અને ચૌદ પૂર્વરૂપ[3] ગ્રંથોની રચના કરી. આ રીતે ભાવશ્રુત અર્થાત્ અર્થપદોના કર્તા મહાવીર તીર્થંકર છે તથા દ્રવ્યશ્રુત અર્થાત્ ગ્રન્થપદોના કર્તા ગૌતમ ગણધર છે. ગૌતમ ગણધરે બંને પ્રકારનું શ્રુતજ્ઞાન લોહાર્યને આપ્યું. લોહાર્યે તે જ્ઞાન જમ્બૂસ્વામીને આપ્યું. પરિપાટીક્રમે આ ત્રણેને સકલ શ્રુતના ધારક કહેવામાં આવ્યા છે. અપરિપાટીથી તો સકલ શ્રુતના ધારક સંખ્યેય સહસ્ર છે.[4]

ગૌતમદેવ, લોહાચાર્ય[5] અને જમ્બૂસ્વામી આ ત્રણે સાત પ્રકારની લબ્ધિથી સંપન્ન તથા સકળ શ્રુતસાગરના પારગામી બની કેવળજ્ઞાન પામી નિર્વાણ પામ્યા.

---

૧. ષટ્‌ખંડાગમ, પુસ્તક ૧, પૃ. ૭
૨. ષટ્‌ખંડાગમ, પુસ્તક ૧, પૃ. ૧૦-૭૧.
૩. પુસ્તક ૯, પૃ. ૧૨૯ ઉપર ઉલ્લેખ છે કે ઈન્દ્રભૂતિએ બાર અંગો અને ચૌદ અંગબાહ્ય પ્રકીર્ણકોની રચના કરી હતી.
૪. પુસ્તક ૧, પૃ. ૬૩-૬૫.
૫. જયધવલા અને (ઈન્દ્રનન્દિકૃત) શ્રુતાવતારમાં લોહાચાર્યના સ્થાને એમના અપર નામ સુધર્માચાર્યનો ઉલ્લેખ છે. એજન, પૃ. ૬૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પછી વિષ્ણુ, નન્દિમિત્ર, અપરાજિત, ગોવર્ધન અને ભદ્રબાહુ - આ પાંચે પરિપાટીક્રમે ચૌદપૂર્વધારી થયા. એના પછી વિશાખાચાર્ય, પ્રોષ્ઠિલ, ક્ષત્રિય, જયાચાર્ય, નાગાચાર્ય, સિદ્ધાર્થદેવ, ધૃતિસેન, વિજયાચાર્ય, બુદ્ધિલ, ગંગદેવ અને ધર્મસેન આ અગીઆર પરિપાટીક્રમે અગીઆર અંગમાં તથા ઉત્પાદપૂર્વ આદિ દસ પૂર્વોમાં પારંગત પણ બાકીના ચાર પૂર્વોના એકદેશના ધારક થયા. તેમના પછી નક્ષત્રાચાર્ય, જયપાલ, પાંડુસ્વામી, ધ્રુવસેન[1] અને કંસાચાર્ય એ પાંચે પરિપાટીક્રમે સંપૂર્ણ અગીઆર અંગોના તથા ચૌદ પૂર્વોના એકદેશના ધારક થયા. તે પછી સુભદ્ર, યશોભદ્ર[2], યશોબાહુ[3] અને લોહાચાર્ય એ ચાર સંપૂર્ણ આચારાંગના તથા બાકીના અંગો તેમ જ પૂર્વોના એકદેશના ધારક થયા. તેમના પછી બધા અંગો તેમ જ પૂર્વોના એકદેશનું આચાર્યપરંપરાથી આવેલું જ્ઞાન ધરસેનાચાર્યને મળ્યું. ધરસેન ભટ્ટારકે પુષ્પદન્ત અને ભૂતબલિને ભણાવ્યા. પુષ્પદન્ત-ભૂતબલિએ આ ગ્રન્થની રચના કરી. તેથી આ ખંડસિદ્ધાન્તની અપેક્ષાએ આ બંને આચાર્ય પણ શ્રુતના કર્તા કહેવાય છે.[4]

શ્રુતનો અર્થાધિકાર – શ્રુતનો અર્થાધિકાર બે પ્રકારનો છે : અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ. અંગબાહ્યના ચૌદ અધિકાર છે : ૧. સામાયિક, ૨. ચતુર્વિંશતિસ્તવ, ૩. વન્દના, ૪. પ્રતિક્રમણ, ૫. વૈનયિક, ૬. કૃતિકર્મ, ૭. દશવૈકાલિક, ૮. ઉત્તરાધ્યયન, ૯. કલ્પવ્યવહાર, ૧૦. કલ્પાકલ્પિક, ૧૧. મહાકલ્પિક, ૧૨. પુંડરીક, ૧૩. મહાપુંડરીક, ૧૪. નિશીથિકા.[5]

સામાયિક નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ દ્વારા સમતાભાવના વિધાનનું વર્ણન કરે છે. ચતુર્વિંશતિસ્તવ ચોવીસ તીર્થંકરોનાં વંદનવિધાન, નામ,

---

૧. શ્રુતાવતારમાં ધ્રુવસેનના સ્થાને દ્રુમસેનનો ઉલ્લેખ છે, એજન.
૨. શ્રુતાવતારમાં યશોભદ્રના સ્થાને અભયભદ્રનો ઉલ્લેખ છે, એજન.
૩. જયધવલા અને શ્રુતાવતારમાં યશોબાહુના સ્થાને ક્રમશઃ જહબાહુ અને જયબાહુનો ઉલ્લેખ છે. એજન.
૪. એજન, પૃ. ૬૬-૭૧
૫. अत्थाहियारो दुविहो, अंगबाहिरो अंगपइट्ठो चेदि । तत्थ अंगबाहिरस्स चोद्दस अत्थाहियारा । तं जहा — सामाइयं चउवीसत्थओ वंदणा पडिक्कमणं वेणइयं किदियम्मं दसवेयालियं उत्तरज्झयणं कप्पववहारो कप्पाकप्पियं महाकप्पियं पुंडरीयं महापुंडरीयं णिसिहियं चेदि । એજન, પૃ. ૯૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસ્થાન, ઉત્સેધ, પંચમહાકલ્યાણક, ચોત્રીસ અતિશયોનું સ્વરૂપ અને વંદનસફલત્વનું વર્ણન કરે છે. વંદનામાં એક જિન અને જિનાલયવિષયક વંદનાનું નિરવદ્ય ભાવપૂર્વક વર્ણન છે. પ્રતિક્રમણ કાલ અને પુરુષનો આશ્રય લઈને સાત પ્રકારનાં પ્રતિક્રમણોનું વર્ણન કરે છે. વૈનયિક જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર સંબંધી વિનયનું વર્ણન કરે છે. કૃતિકર્મમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની પૂજાવિધિનું વર્ણન છે. દશવૈકાલિકમાં આચાર-ગોચરવિધિનું વર્ણન છે. કલ્પવ્યવહાર સાધુઓને યોગ્ય આચરણનું તેમ જ અયોગ્ય આચરણના પ્રાયશ્ચિત્તનું વર્ણન કરે છે. કલ્પાકલ્પિકમાં મુનિઓને યોગ્ય આચરણનું તેમ જ અયોગ્ય આચરણનું વર્ણન છે. મહાકલ્પિકમાં કાલ અને સંહનનની અપેક્ષાએ સાધુઓને યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. પુંડરીકમાં ચાર પ્રકારના દેવોમાં ઉત્પન્ન થવા માટેનાં કારણરૂપ અનુષ્ઠાનોનું વર્ણન છે. મહાપુંડરીકમાં સકલેન્દ્રો અને પ્રતીન્દ્રોમાં ઉત્પન્ન થવા માટેનાં કારણોનું વર્ણન છે. નિશીથિકામાં બહુવિધ પ્રાયશ્ચિત્તના વિધાનનું વર્ણન છે.[1]

અંગપ્રવિષ્ટના બાર અર્થાધિકાર છે : ૧. આચાર, ૨. સૂત્રકૃત, ૩. સ્થાન, ૪. સમવાય, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬. નાથધર્મકથા, ૭. ઉપાસકાધ્યયન, ૮. અન્તકૃદ્દશા, ૯. અનુત્તરૌપપાદિકદશા, ૧૦. પ્રશ્નવ્યાકરણ, ૧૧. વિપાકસૂત્ર, ૧૨. દૃષ્ટિવાદ.[2]

આચારાંગ ૧૮,૦૦૦ પદો દ્વારા મુનિઓના આચારનું વર્ણન કરે છે.

સૂત્રકૃતાંગ ૩૬,૦૦૦ પદો દ્વારા જ્ઞાનવિનય, પ્રજ્ઞાપના, કલ્પ્યાકલ્પ્ય, છેદોપસ્થાપના અને વ્યવહારધર્મક્રિયાનું પ્રરૂપણ કરે છે અને સ્વસમય તેમ જ પરસમયનું પ્રતિપાદન કરે છે.

સ્થાનાંગ ૪૨,૦૦૦ પદો દ્વારા એકથી શરૂ કરી ઉત્તરોત્તર એક-એક અધિક સ્થાનોનું વર્ણન કરે છે.

સમવાયાંગ ૧,૬૪,૦૦૦ પદો દ્વારા બધા પદાર્થોના સમવાયનું વર્ણન કરે છે અર્થાત્ સાદશ્યસામાન્યની અપેક્ષાએ જીવ વગેરે પદાર્થોનું જ્ઞાન કરાવે છે.

---

૧. એજન, પૃ. ૯૬-૯૮, પુસ્તક ૯, પૃ. ૧૮૮-૧૯૧.

૨. अंगपविट्ठस्स अत्थाधियारो बारसविहो । तं जहा, आयारो सूदयदं ठाणं समवायो वियाहपण्णत्ती णाहधम्मकहा उवासयज्झयणं अंतयडदसा अणुत्तरोववादियदसा पण्हवायरणं विवागसुत्तं दिट्ठिवादो चेदि । પુસ્તક ૧, પૃ. ૯૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામનું અંગ ૨,૨૮,૦૦૦ પદો દ્વારા જીવાદિવિષયક સાઠ હજાર પ્રશ્નોનું નિરૂપણ કરે છે.

નાથધર્મકથાંગ ૫,૫૬,૦૦૦ પદો દ્વારા તીર્થંકરોની ધર્મદેશનાનું, સંશયને પામેલા ગણધરદેવના સંશયને દૂર કરવાની વિધિનું, તથા અનેક પ્રકારની કથાઓ અને ઉપકથાઓનું વર્ણન કરે છે.

ઉપાસકાધ્યયનાંગ ૧૧,૭૦,૦૦૦ પદો દ્વારા દર્શન વગેરે અગીઆર પ્રકારનાં શ્રાવકોનાં લક્ષણો, એમનાં વ્રતોને ધારણ કરવાની વિધિ તથા એમના આચરણનું વર્ણન કરે છે.

અન્તકૃદ્દશાંગ ૨૩,૨૮,૦૦૦ પદો દ્વારા એક-એક તીર્થંકરના તીર્થમાં અનેક પ્રકારના દારુણ ઉપસર્ગો સહન કરીને તથા પ્રાતિહાર્યો (વિશિષ્ટ અતિશય) પ્રાપ્ત કરીને નિર્વાણ પામેલા દસ-દસ અન્તકૃતોનું વર્ણન કરે છે.

અનુત્તરૌપપાદિકદશાંગ ૯૨,૪૪,૦૦૦ પદો દ્વારા એક-એક તીર્થંકરના તીર્થમાં અનેક પ્રકારના કઠોર પરીષહ સહીને પ્રાતિહાર્યો પ્રાપ્ત કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા દસ-દસ અનુત્તરૌપપાદિકોનું વર્ણન કરે છે.

પ્રશ્નવ્યાકરણ અંગમાં ૯૩,૧૬,૦૦૦ પદો દ્વારા આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની આ ચાર પ્રકારની કથાઓનું વર્ણન છે.

વિપાકસૂત્રાંગ ૧,૮૪,૦૦,૦૦૦ પદો દ્વારા પુણ્ય અને પાપરૂપ કર્મોનાં ફળોનું વર્ણન કરે છે.

આ અગીઆર અંગોના પદોનો સરવાળો કુલ ૪,૧૫,૦૨,૦૦૦ પદો છે.[૧]

દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં ક્રિયાવાદીઓની ૧૮૦, અક્રિયાવાદીઓની ૮૪, અજ્ઞાનવાદીઓની ૬૭ અને વિનયવાદીઓની ૩૨ – આમ કુલ ૩૬૩ દૃષ્ટિઓનું (મતોનું) નિરૂપણ અને નિરાકરણ કરવામાં આવ્યું છે. એના પાંચ અર્થાધિકાર છે : પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગ, પૂર્વગત અને ચૂલિકા. ટીકાકારે એમના ભેદ-પ્રભેદનું બહુ જ વિસ્તારથી વર્ણન કર્યું છે અને બતાવ્યું છે કે પ્રસ્તુત ગ્રન્થનો સંબંધ પૂર્વગતના દ્વિતીય ભેદ અગ્રાયણીયપૂર્વની સાથે છે.[૨]

ધવલાનું આ શ્રુતવર્ણન સમવાયાંગ, નન્દી વગેરે સૂત્રોના શ્રુતવર્ણન સાથે બહુ જ મળતું આવે છે. વચ્ચે વચ્ચે ટીકાકારે તત્ત્વાર્થભાષ્યનાં વાક્યો પણ ટાંક્યાં છે.

૧. એજન, પૃ. ૯૯-૧૦૭; પુસ્તક ૯, પૃ. ૧૯૭-૨૦૩ (જયધવલામાં પણ આવું જ વર્ણન છે. જુઓ કસાયપાહુડ, ભાગ ૧, પૃ. ૯૩-૯૬).

૨. પુસ્તક ૧, પૃ. ૧૦૭-૧૩૦; પુસ્તક ૯, પૃ. ૨૦૩-૨૨૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિરોધી વચન — આચાર્યોનાં અમુક વચનોમાં આવતા વિરોધની ચર્ચા કરતાં ટીકાકારે કહ્યું છે કે આ વચનો જિનેન્દ્રદેવનાં નથી પરંતુ પછી થયેલા આચાર્યોનાં છે, તેથી તેમનામાં વિરોધ આવવો સંભવે છે. તો પછી આચાર્યોએ કહેલા સત્કર્મપ્રાભૃત અને કષાયપ્રાભૃતને (જેમના ઉપદેશોમાં અમુક પ્રકારનો વિરોધ છે) સૂત્રપણું કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? આ શંકાનું સમાધાન કરતાં ટીકાકારે લખ્યું છે કે જેમનું અર્થરૂપે તીર્થંકરે કથન કર્યું છે તથા ગ્રન્થરૂપે ગણધરદેવે નિર્માણ કર્યું છે એવા આચાર્યપરંપરાથી નિરંતર ચાલ્યા આવતા બાર અંગો યુગના સ્વભાવથી બુદ્ધિની ક્ષીણતા થતાં ઉત્તરોત્તર ક્ષીણ થતા ગયા. પાપભીરુ તથા ગૃહીતાર્થ આચાર્યોએ સુક્ષ્ણબુદ્ધિ પુરુષોનો ક્ષય આવી રહ્યો જાણી તીર્થવ્યુચ્છેદના ભયથી બાકી બચેલા અંશને ગ્રન્થબદ્ધ કર્યો, તેથી તે ગ્રંથોમાં અસૂત્રપણું આવી શકે નહિ. જો એવું હોય તો બે પ્રકારનાં વિરોધી વચનોમાંથી કયા વચનને સત્ય માનવું ? એનો નિર્ણય તો શ્રુતકેવલી કે કેવલી જ કરી શકે, અન્ય કોઈ નહિ. તેથી વર્તમાન કાળના પાપભીરુ આચાર્યોએ બંનેનો સંગ્રહ કરવો જોઈએ.[1]

સ્ત્રીમુક્તિ — આગમ વડે દ્રવ્યસ્ત્રીઓની મુક્તિ સિદ્ધ નથી કારણ કે વસ્ત્રયુક્ત[2] હોવાને કારણે એમને અપ્રત્યાખ્યાન ગુણસ્થાન હોય છે, તેથી એમને સંયમની ઉત્પત્તિ થઈ શકતી નથી. જો કહેવામાં આવે કે વસ્ત્રયુક્ત હોવા છતાં એમને ભાવસંયમ હોવામાં કોઈ વિરોધ નથી તો તે યોગ્ય નથી. દ્રવ્યસ્ત્રીઓને ભાવસંયમ હોતો નથી કારણ કે દ્રવ્યસ્ત્રીઓને ભાવસંયમ માનતાં ભાવઅસંયમના અવિનાભાવી જે વસ્ત્રાદિ ઉપાદાન છે એનું ગ્રહણ નહીં થઈ શકે. તો પછી સ્ત્રીઓમાં ચૌદ ગુણસ્થાન હોય છે, એ કેવી રીતે ? ભાવસ્ત્રીવિશિષ્ટ અર્થાત્ સ્ત્રીવેદયુક્ત મનુષ્યગતિમાં ચૌદ ગુણસ્થાનોનો સદ્ભાવ માનવામાં કોઈ વિરોધ નથી. જો કહેવામાં આવે કે બાદરકષાય ગુણસ્થાનથી ઉપર ભાવવેદ હોતો નથી એટલે ભાવવેદમાં ચૌદ ગુણસ્થાનોનો સદ્ભાવ હોઈ શકતો નથી તો તેમ કહેવું ઠીક નથી કારણ કે અહીં વેદની પ્રધાનતા નથી પરંતુ ગતિની પ્રધાનતા છે અને ગતિ પહેલાં નાશ પામતી

---

૧. પુસ્તક ૧, પૃ. ૨૨૧-૨૨૨.

૨. આગળ દ્રવ્યનપુંસકને પણ વસ્ત્રાદિનો ત્યાગ કરવામાં અસમર્થ દર્શાવેલ છે, જેમ કે ટીકાકાર લખે છે :
ण च दव्वित्थिणपुंसयवेदाणं चेलादिचागो अत्थि, छेदसुत्तेण सह विरोहादो । પુસ્તક ૧૧, પૃ. ૧૧૪-૧૧૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. તો પછી વેદ વિશેષણથી યુક્ત મનુષ્યગતિમાં ચૌદ ગુણસ્થાન સંભવતા નથી એમ માનવું જોઈએ. આનું સમાધાન કરતાં ટીકાકાર કહે છે કે વિશેષણનો નાશ થઈ જવા છતાં પણ ઉપચારથી તે વિશેષણથી યુક્ત સંજ્ઞાને ધારણ કરનારી મનુષ્યગતિમાં ચૌદ ગુણસ્થાનોનો સદ્‌ભાવ માનવામાં કોઈ વિરોધ આવતો નથી.[1]

સ્ત્રી-પુરુષ-નપુંસક – જે દોષો વડે પોતાને અને બીજાને આચ્છાદિત કરે છે તેને સ્ત્રી કહે છે. અથવા જે પુરુષની આકાંક્ષા કરે છે તેને સ્ત્રી કહે છે. જે ઉત્કૃષ્ટ ગુણોમાં અને ઉત્કૃષ્ટ ભોગોમાં શયન કરે છે તેને પુરુષ કહે છે. અથવા જે કર્મના ઉદયથી જીવ સુષુપ્ત પુરુષની જેમ અનુગતગુણ તથા અપ્રાપ્તભોગ બને છે તેને પુરુષ કહે છે. અથવા જે શ્રેષ્ઠ કર્મ કરે છે તે પુરુષ છે. જે ન તો સ્ત્રી છે કે ન તો પુરુષ તેને નપુંસક કહે છે. તેનામાં સ્ત્રીવિષયક તેમ જ પુરુષવિષયક બંને અભિલાષા હોય છે.[2] પોતાના કથનની પુષ્ટિ કરવા ટીકાકારે 'उक्तं च' કહીને નીચેની ગાથાઓ ટાંકી છે :

छादेदि सयं दोसेण यदो छादइ परं हि दोसेण ।
छादणसीला जम्हा तम्हा सा वण्णिया इत्थी ॥ १७० ॥

पुरुगुणभोगे सेदे करेदि लोगम्हि पुरुगुणं कम्मं ।
पुरु उत्तमो य जम्हा तम्हा सो वण्णिदो पुरिसो ॥ १७१ ॥

णवित्थि णेव पुमं णवुंसओ उभयलिंगवदिरित्तो ।
इट्ठावागसमाणगवेयणगरुओ कलुसचित्तो ॥ १७२ ॥

જ્ઞાન-અજ્ઞાન – જે જાણે છે તેને જ્ઞાન કહે છે. અથવા જેના દ્વારા જીવ જાણે છે, જાણતો હતો કે જાણશે તેને જ્ઞાન કહે છે. જ્ઞાનાવરણીયના આંશિક યા સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનારો આત્મપરિણામ જ્ઞાન છે. જ્ઞાનના બે પ્રકાર છે – પ્રત્યક્ષ અને પરોક્ષ. પરોક્ષ જ્ઞાનના બે ભેદ છે : મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. પાંચ ઈન્દ્રિયો અને

---

૧. પુસ્તક ૧, પૃ. ૩૩૩

૨. दोषैरात्मानं परं च स्तृणाति छादयतीति स्त्री ... । अथवा पुरुषं स्तृणाति आकाङ्क्षतीति स्त्री.. ... । पुरुगुणेषु पुरुभोगेषु च शेते स्वपितीति पुरुषः । सुषुप्तपुरुषवदनुगतगुणोऽप्राप्तभोगश्च यदुदयाज्जीवो भवति स पुरुषः ..... । पुरुगुणं कर्म शेते करोतीति वा पुरुषः । न स्त्री न पुमान् नपुंसकमुभयाभिलाष इति यावत् ।

એજન, પૃ. ૩૪૦-૩૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનથી પદાર્થનું જે ગ્રહણ થાય છે તેને મતિજ્ઞાન કહે છે. મતિજ્ઞાનના ચાર પ્રકાર છે : અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. વિષય અને વિષયીના સંબંધ પછી તરત થનારું પ્રથમ ગ્રહણ અવગ્રહ કહેવાય છે. અવગ્રહથી ગૃહીત પદાર્થના વિષયમાં વિશેષ જાણવાની ઈચ્છા કરવી ઈહા કહેવાય છે. ઈહા દ્વારા જાણેલા પદાર્થનું નિશ્ચયરૂપ જ્ઞાન અવાય કહેવાય છે. અવિસ્મરણરૂપ સંસ્કારને ઉત્પન્ન કરનારું જ્ઞાન ધારણા કહેવાય છે.[1]

શબ્દ તથા ધૂમ વગેરે લિંગ દ્વારા થનારું અર્થાન્તરનું જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય છે. શબ્દના નિમિત્તથી ઉત્પન્ન થનારું શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે – અંગ અને અંગબાહ્ય. અંગના બાર અને અંગબાહ્યના ચૌદ ભેદ છે.[2]

પ્રત્યક્ષ જ્ઞાનના ત્રણ ભેદ છે : અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન. સમસ્ત મૂર્ત પદાર્થોને સાક્ષાત્ જાણકાર જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. મનનો આશ્રય લઈને મનોગત પદાર્થનો સાક્ષાત્કાર કરનાર જ્ઞાનને મનઃપર્યાયજ્ઞાન કહે છે. ત્રિકાલગત સમસ્ત પદાર્થોને સાક્ષાત્ જાણનારા જ્ઞાનને કેવલજ્ઞાન કહે છે.[3]

મિથ્યાત્વયુક્ત ઈન્દ્રિયજન્ય જ્ઞાનને મતિઅજ્ઞાન કહે છે. મિથ્યાત્વયુક્ત શાબ્દજ્ઞાનને શ્રુતઅજ્ઞાન કહેવામાં આવે છે. મિથ્યાત્વયુક્ત અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન (અવધિઅજ્ઞાન) કહે છે.[4]

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

લેશ્યા – ટીકાકારે 'लेस्साणुवादेण अत्थि किण्हलेस्सिया...' સૂત્રની વ્યાખ્યા કરતાં લેશ્યાની પરિભાષા આ રીતે આપી છે : કર્મસ્કન્ધથી આત્માને જે લેપે છે તેને લેશ્યા કહે છે. આ પરિભાષાનું સમર્થન કરતાં ટીકાકારે કહ્યું છે કે અહીં 'કષાયથી અનુરંજિત યોગપ્રવૃત્તિનું નામ લેશ્યા છે' આ પરિભાષાને સ્વીકારવી ન જોઈએ કારણ કે એને સ્વીકારતાં સયોગિકેવલી લેશ્યારહિત બની જાય જ્યારે શાસ્ત્રમાં તો સયોગિકેવલી શુક્લલેશ્યાવાળા મનાયા છે.[5]

ગણિતપ્રધાન દ્રવ્યાનુયોગ – દ્રવ્યપ્રમાણાનુગમ, દ્રવ્યાનુયોગ અથવા સંખ્યાપ્રરૂપણાના વિવેચનનો પ્રારંભ કરતાં પહેલાં ધવલાકારે લખ્યું છે કે જેણે કેવલજ્ઞાન દ્વારા છ દ્રવ્યોને પ્રકાશિત કર્યાં છે તથા જેને પ્રવાદીઓ જીતી શક્યા નથી તે જિનને નમસ્કાર કરીને ગણિતપ્રધાન દ્રવ્યાનુયોગનું હું પ્રતિપાદન કરું છું :

---

૧. પુસ્તક ૧, પૃ. ૩૫૩-૩૫૪ ૨. એજન, પૃ. ૩૫૭-૩૫૮
૩. એજન, પૃ. ૩૫૮ ૪. એજન
૫. એજન, પૃ. ૩૮૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

केवलणाणुज्जोइयछद्दव्वमणिज्जियं पवाईहिं ।
णमिऊण जिणं भणिमो दव्वणिओगं गणियसारं ॥

ત્યાર પછી આચાર્યે 'दव्वपमाणाणुगमेण ...' સૂત્રની ઉત્થાનિકાના રૂપમાં લખ્યું છે કે જેમણે ચૌદ જીવસમાસોના (ગુણસ્થાનોના) અસ્તિત્વને જાણી લીધું છે તે શિષ્યોને હવે તે જીવસમાસોનાં પરિમાણનું જ્ઞાન કરાવવા માટે ભૂતબલિ આચાર્ય સૂત્ર કહે છે.[૧]

પરિમાણ (પ્રમાણ)નો અર્થ છે માપ. તેના ચાર પ્રકાર છે : ૧. દ્રવ્યપ્રમાણ, ૨. ક્ષેત્રપ્રમાણ, ૩. કાલપ્રમાણ અને ૪. ભાવપ્રમાણ. પ્રસ્તુત પ્રતિપાદનમાં દ્રવ્યપ્રમાણ પછી ક્ષેત્રપ્રમાણનું પ્રરૂપણ ન કરતાં કાલપ્રમાણનું પ્રરૂપણ કર્યું છે.

દ્રવ્યપ્રમાણના ત્રણ ભેદ છે : સંખ્યેય, અસંખ્યેય અને અનન્ત. સંખ્યેયના ત્રણ પ્રકાર છે : જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. ગણનાની આદિ એકથી મનાય છે પરંતુ એક કેવળ વસ્તુની સત્તાની સ્થાપના કરે છે, ભેદને સૂચિત નથી કરતો. ભેદનું સૂચન બેથી શરૂ થાય છે. તેથી બેને સંખ્યેયનો આદિ માનવામાં આવ્યો છે. આમ જઘન્ય સંખ્યેય બે છે. ઉત્કૃષ્ટ સંખ્યેય પરીતઅસંખ્યેયથી એક ન્યૂન છે. જઘન્ય સંખ્યેય અને ઉત્કૃષ્ટ સંખ્યેયની વચ્ચે આવનારી બધી સંખ્યાઓ મધ્યમ સંખ્યેયની અંદર આવે છે. અસંખ્યેયના ત્રણ ભેદ છે : પરીત, યુક્ત અને અસંખ્યેય. આ ત્રણમાંથી પ્રત્યેકના વળી ત્રણ ભેદ છે : જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. અનન્તના પણ ત્રણ પ્રકાર છે : પરીત, યુક્ત અને અનન્ત. ટીકાકારે આ બધા ભેદ-પ્રભેદોનો અતિ સૂક્ષ્મ રીતે વિચાર કર્યો છે. આ જ રીતે કાલપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ આદિનું પણ પ્રતિપાદન અત્યંત સૂક્ષ્મ છે. આ ઉપરથી ટીકાકારની ગણિતવિષયક નિપુણતા પુરવાર થાય છે.[૨]

પૃથિવીકાયિકાદિ જીવ — ધવલાકારે 'कायाणुवादेण पुढविकाइया आउकाइया...' સૂત્રનું વ્યાખ્યાન કરતાં દર્શાવ્યું છે કે અહીં પૃથિવી છે કાય (શરીર) જેમની તેમને પૃથિવીકાય કહે છે એમ ન કહેવું જોઈએ. પૃથિવીકાયિક આદિનો આવો અર્થ

---

૧. પુસ્તક ૩, પૃ. ૧
૨. એજન, પૃ. ૧૦-૨૯૦. આ વિષયની વિશેષ જાણકારીને માટે પુસ્તક ૪માં પ્રકાશિત 'Mathematics of Dhavala' લેખ અથવા પુસ્તક ૫માં પ્રકાશિત તેનો હિન્દી અનુવાદ 'धवला का गणितशास्त्र' જોવો જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવામાં આવતાં વિગ્રહગતિ કરતા જીવોને અકાયિત્વની આપત્તિ આવશે. તેથી પૃથિવીકાયિક નામકર્મના ઉદયથી યુક્ત જીવ પૃથિવીકાયિક છે એમ કહેવું જોઈએ. પૃથિવીકાયિક નામકર્મને કર્મના ભેદોમાં ગણાવવામાં આવ્યું નથી એમ સમજવું ન જોઈએ. પૃથિવીકાયિક નામકર્મ એકેન્દ્રિય જાતિનામકર્મમાં સમાવિષ્ટ છે. જો એમ છે તો સૂત્રસિદ્ધ કર્મોની સંખ્યાનો નિયમ રહી શકતો નથી. આનું સમાધાન કરતાં ટીકાકાર કહે છે કે સૂત્રમાં કર્મ આઠ અથવા એક સો અડતાલીસ જ કહેવાયાં નથી. બીજી સંખ્યાઓનો પ્રતિષેધ કરનારું પદ 'एव' સૂત્રમાં નથી. તો પછી કર્મ કેટલાં છે? લોકમાં અશ્વ, ગજ, વૃક, ભ્રમર, શલભ, મત્કુણ વગેરે જેટલાં કર્મફળો મળે છે, કર્મો પણ તેટલાં જ હોય છે.[1]

આ જ રીતે અપ્કાયિક આદિ બાકીના કાયિકોના વિષયમાં પણ કથન કરવું જોઈએ.[2]

ચન્દ્ર-સૂર્ય – જમ્બૂદ્વીપમાં બે ચન્દ્ર અને બે સૂર્ય છે. લવણસમુદ્રમાં ચાર ચન્દ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડમાં પૃથક્-પૃથક્ બાર ચન્દ્ર-સૂર્ય છે. કાલોદક સમુદ્રમાં બેતાલીસ ચન્દ્ર-સૂર્ય છે. પુષ્કર દ્વીપાર્ધમાં બોતેર ચન્દ્ર-સૂર્ય છે. માનુષોત્તર પર્વતથી બહારની (પ્રથમ) પંક્તિમાં એક સો ચૂંવાળીસ ચન્દ્ર-સૂર્ય છે. એનાથી આગળ ચારની સંખ્યાનો પ્રક્ષેપ કરીને અર્થાત્ ચાર-ચાર વધારતાં જતાં બહારની આઠમી પંક્તિ સુધી ચન્દ્ર-સૂર્યની સંખ્યા જાણવી જોઈએ. એનાથી આગળના સમુદ્રની અંદરની પ્રથમ પંક્તિમાં બસો અઠ્યાસી ચન્દ્ર-સૂર્ય છે. એનાથી આગળ ચાર-ચાર વધારતાં જતાં બહારની પંક્તિ સુધી ચન્દ્ર-સૂર્યની સંખ્યા જાણવી જોઈએ. આ રીતે સ્વયમ્ભૂરમણ સમુદ્ર સુધી સમજવું જોઈએ.[3] કહ્યું પણ છે :

ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓની બમણી-બમણી સંખ્યાઓથી નિરન્તર તિર્યગ્લોક દ્વિવર્ગાત્મક છે.[4]

---

૧. પુસ્તક ૩, પૃ. ૩૩૦
૨. એજન
૩. પુસ્તક ૪, પૃ. ૧૫૦-૧૫૧
૪. चंदाइच्चगहेहिं चेवं णक्खत्ततारूवेहिं ।
दुगुणदुगुणेहिं णीरंतरेहि दुवग्गो तिरियलोगो ।। એજન, પૃ. ૧૫૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચન્દ્રનો પરિવાર — એક ચંદ્રના પરિવારમાં (એક સૂર્ય ઉપરાંત) ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર અને ૬૬૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ તારાઓ હોય છે.

अट्ठासीतिं च गहा अट्ठावीसं तु हुंति नक्खत्ता ।
एगससीपरिवारो इत्तो ताराण वोच्छामि ॥
छावट्ठि च सहस्सं णवयसदं पंचसत्तरि य होंति ।
एयससीपरिवारो ताराणं कोडिकोडीओ ॥

ધવલામાં ઉદ્ધૃત[1] આ ગાથાઓ ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિમાં મળે છે.

પૃથિવીઓની લંબાઈ-પહોળાઈ — બધી પૃથિવીઓની લંબાઈ સાત રાજૂ છે. પ્રથમ પૃથિવી એક રાજૂથી કંઈક વધારે પહોળી છે. દ્વિતીય પૃથિવી ૧ $^{૬}/_{૭}$ રાજૂ પહોળી છે. ત્રીજી પૃથિવી ૨ $^{૫}/_{૭}$ રાજૂ પહોળી છે. ચોથી પૃથિવી ૩ $^{૪}/_{૭}$ રાજૂ પહોળી છે. પાંચમી પૃથિવી ૪ $^{૩}/_{૭}$ રાજૂ પહોળી છે. છઠ્ઠી પૃથિવી ૫ $^{૨}/_{૭}$ રાજૂ પહોળી છે. સાતમી પૃથિવી ૬ $^{૧}/_{૭}$ રાજૂ પહોળી છે. આઠમી પૃથિવી એક રાજૂથી કંઈક વધુ પહોળી છે. પ્રથમ પૃથિવીની ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈ (=દળ) છે. બીજી પૃથિવીની ૩૨,૦૦૦ યોજન જાડાઈ છે. ત્રીજી પૃથિવીની ૨૮,૦૦૦ યોજન જાડાઈ છે. ચોથી પૃથિવીની ૨૪,૦૦૦ યોજન જાડાઈ છે. પાંચમી પૃથિવીની ૨૦,૦૦૦ યોજન જાડાઈ છે. છઠ્ઠી પૃથિવીની ૧૬,૦૦૦ યોજન જાડાઈ છે. સાતમી પૃથિવીની ૮,૦૦૦ યોજન જાડાઈ છે. આઠમી પૃથિવીની ૮ યોજન જાડાઈ છે.[2]

કાલાનુગમ — કાલાનુગમના વ્યાખ્યાનનો પ્રારંભ કરતાં પહેલાં ધવલાકારે ઋષભસેનને (ભગવાન ઋષભદેવના પ્રથમ ગણધરને) નમસ્કાર કર્યા છે.[3] પછી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી કાલનો વિચાર કર્યો છે.[4] પોતાના વક્તવ્યના સમર્થનમાં આચાર્યે 'वुत्तं च पंचत्थिपाहुडे', 'जीवसमासाए वि उत्तं', 'तह आयारंगे वि वुत्तं', 'तह गिद्धपिच्छइरियप्पयासिदतच्चत्थसुत्ते वि' ઈત્યાદિ વાક્યોનો પ્રયોગ કરીને પંચાસ્તિકાયપ્રાભૃત, જીવસમાસ, આચારાંગ (મૂલાચાર) અને ગૃદ્ધપિચ્છાચાર્યપ્રણીત તત્ત્વાર્થસૂત્રનાં ઉદ્ધરણો આપ્યાં છે.[5] કાલાનુગમના ઓઘનિર્દેશનું

---

૧. એજન, પૃ. ૧૫૨
૨. એજન, પૃ. ૨૪૮
૩. એજન, પૃ. ૩૧૩
૪. એજન, પૃ. ૩૧૩-૩૧૭
૫. એજન, પૃ. ૩૧૫-૩૧૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સામાન્યકથનનું) અને આદેશનિર્દેશનું (વિશેષકથનનું) પ્રતિપાદન કરતાં ફરીથી ઋષભસેનના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[1]

અન્તરાનુગમ — અન્તરાનુગમના વ્યાખ્યાનનો પ્રારંભ કરતાં પહેલાં ટીકાકારે પ્રથમ જિન ઋષભદેવને નમસ્કાર કર્યા છે. પછી નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના ભેદથી અન્તરનું વિવેચન કર્યું છે. આચાર્યે દર્શાવ્યું છે કે અન્તર, ઉચ્છેદ, વિરહ, પરિણામાન્તરગમન, નાસ્તિત્વગમન અને અન્યભાવવ્યવધાન એકાર્થક છે.[2]

દક્ષિણપ્રતિપત્તિ અને ઉત્તરપ્રતિપત્તિ — ધવલાકારે દક્ષિણ અને ઉત્તરની ભિન્નાભિન્ન માન્યતાઓનો ઉલ્લેખ કરીને દક્ષિણપ્રતિપત્તિનું સમર્થન કર્યું છે. 'उक्कस्सेण तिण्णि पलिदोवमाणि देसूणाणि' સૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકારે લખ્યું છે કે આ વિષયમાં બે ઉપદેશ છે. તિર્યંચોમાં ઉત્પન્ન થયેલો જીવ બે માસ અને મુહૂર્તપૃથક્ત્વ પછી સમ્યક્ત્વ તથા સંયમાસંયમ પ્રાપ્ત કરે છે. મનુષ્યોમાં ગર્ભકાળના પ્રારંભથી અન્તર્મુહૂર્તાધિક આઠ વર્ષ પૂરાં થાય પછી સમ્યક્ત્વ, સંયમ તથા સંયમાસંયમ પામે છે. આ દક્ષિણપ્રતિપત્તિ છે. દક્ષિણ, ઋજુ અને આચાર્યપરંપરાગત એકાર્થક છે. તિર્યંચોમાં ઉત્પન્ન થયેલો જીવ ત્રણ પખવાડિયાં, ત્રણ દિવસ અને અન્તર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ તથા સંયમાસંયમ પ્રાપ્ત કરે છે. મનુષ્યોમાં આઠ વર્ષ પછી સમ્યક્ત્વ, સંયમ તથા સંયમાસંયમને પામે છે. આ ઉત્તરપ્રતિપત્તિ છે. ઉત્તર, અનૃજુ અને આચાર્યપરંપરાનાગત એકાર્થક છે.[3]

---

૧. किमट्ठं दुविहो णिद्देसो उसहसेणादिगणहरदेवेहि कीरदे ? એજન, પૃ. ૩૨૩

૨. પુસ્તક ૫, પૃ. ૩.

૩. एत्थ वे उवदेसा । तं जहा–तिरिक्खेसु वेमासमुहुत्तपुधत्तस्सुवरि सम्मत्तं संजमासंजमं च जीवो पडिवज्जदि । मणुसेसु गब्भादिअट्ठवस्सेसु अंतोमुहुत्तब्भहिएसु सम्मत्तं संजमं संजमासंजमं च पडिवज्जदि त्ति । एसा दक्खिणपडिवत्ती । दक्खिणं उज्जुवं आइरियपरंपरागदमिदि एयट्ठो । तिरिक्खेसु तिण्णिपक्खतिण्णिदिवसअंतोमुहुत्तस्सुवरि सम्मत्तं सजमासंजमं च पडिवज्जदि । मणुसेसु अट्ठवस्साणमुवरि सम्मत्तं संजमं संजमासंजमं च पडिवज्जदि त्ति । एसा उत्तरपडिवत्ती । उत्तरमणुज्जुवं आइरियपरंपराए णागदमिदि एयट्ठो ।

એજન, પૃ. ૩૨

जैनम् जयति शासनम्

દર્શન અને જ્ઞાન — આત્મવિષયક ઉપયોગને દર્શન કહે છે. દર્શન જ્ઞાનરૂપ નથી કારણ કે જ્ઞાન બાહ્ય પદાર્થોને પોતાનો વિષય બનાવે છે. બાહ્ય અને અંતરંગ વિષયવાળા જ્ઞાન અને દર્શનનું એકત્વ નથી, કારણ કે એમ માનતાં વિરોધ આવે છે. જ્ઞાનને બે શક્તિઓથી યુક્ત પણ માની શકાતું નથી કારણ કે પર્યાયને પર્યાયનો અભાવ છે. તેથી જીવને જ્ઞાન-દર્શનલક્ષણાત્મક માનવો જોઈએ. જ્ઞાન-દર્શન આવરણીય છે કારણ કે વિરોધી દ્રવ્યનું સન્નિધાન હોય તો પણ એમનો નિર્મૂળ નાશ નથી થતો. જો એમનો નિર્મૂળ નાથ થઈ જાય તો જીવનો પણ નાશ થવાની આપત્તિ આવે કારણ કે લક્ષણનો નાશ થતાં લક્ષ્યનું અસ્તિત્વ ચાલુ રહેવામાં વિરોધ જણાય છે. બીજી વાત એ કે જ્ઞાન-દર્શનરૂપ જીવલક્ષણત્વ અસિદ્ધ પણ નથી કારણ કે આ બંનેનો અભાવ માનતાં જીવદ્રવ્યના અભાવની આપત્તિ આવે છે જ.[1]

શ્રુતજ્ઞાન — ઈન્દ્રિયથી ગૃહીત પદાર્થ વડે જુદા પદાર્થનું ગ્રહણ શ્રુતજ્ઞાન કહેવાય છે. ઉદાહરણાર્થ શબ્દ વડે ઘટાદિનું ગ્રહણ તથા ધૂમ વડે અગ્નિનું ગ્રહણ શ્રુતજ્ઞાન કહેવાય છે. આ શ્રુતજ્ઞાનના વીસ પ્રકાર છે : ૧. પર્યાય, ૨. પર્યાયસમાસ, ૩. અક્ષર, ૪. અક્ષરસમાસ, ૫. પદ, ૬. પદસમાસ, ૭. સંઘાત, ૮. સંઘાતસમાસ, ૯. પ્રતિપત્તિ, ૧૦. પ્રતિપત્તિસમાસ, ૧૧. અનુયોગ, ૧૨. અનુયોગસમાસ, ૧૩. પ્રાભૃતપ્રાભૃત, ૧૪. પ્રાભૃતપ્રાભૃતસમાસ, ૧૫. પ્રાભૃત, ૧૬. પ્રાભૃતસમાસ, ૧૭. વસ્તુ, ૧૮. વસ્તુસમાસ, ૧૯. પૂર્વ, ૨૦. પૂર્વસમાસ.[2]

ક્ષરણ એટલે વિનાશ. ક્ષરણનો અભાવ હોવાને કારણે કેવલજ્ઞાન અક્ષર કહેવાય છે. એનો અનન્તમો ભાગ પર્યાય નામનું મતિજ્ઞાન છે. તે કેવળજ્ઞાનની જેમ નિરાવરણ અને અવિનાશી (અક્ષર) છે. આ સૂક્ષ્મનિગોદલબ્ધિઅક્ષરથી જે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે તે પણ કાર્યમાં કારણના ઉપચારથી પર્યાય કહેવાય છે. એનાથી અનન્તભાગ અધિક શ્રુતજ્ઞાનને પર્યાયસમાસ કહેવામાં આવે છે. અનન્તભાગવૃદ્ધિ, અસંખ્યેયભાગવૃદ્ધિ, સંખ્યેયભાગવૃદ્ધિ, સંખ્યેયગુણવૃદ્ધિ, અસંખ્યેયગુણવૃદ્ધિ અને અનન્તગુણવૃદ્ધિરૂપ એક ષડ્વૃદ્ધિ થાય છે. આવી અસંખ્યેયલોકપ્રમાણ ષડ્વૃદ્ધિઓ થાય ત્યારે પર્યાયસમાસ નામના શ્રુતજ્ઞાનનો અન્તિમ વિકલ્પ થાય છે, તેને અનન્ત રૂપોથી ગુણતાં અક્ષર નામનું શ્રુતજ્ઞાન થાય છે. તેની ઉપર અક્ષરવૃદ્ધિ જ થાય છે, અન્ય વૃદ્ધિઓ થતી નથી. કેટલાક આચાર્યો એવું કહે છે કે અક્ષરશ્રુતજ્ઞાન પણ

---

૧. પુસ્તક ૬, પૃ. ૯, ૩૩-૩૪; પુસ્તક ૭, પૃ. ૯૬-૧૦૨

૨. પુસ્તક ૬, પૃ. ૨૧

Jain Education International www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષડ્વિધ વૃદ્ધિથી વધે છે. એમનું આ કથન ઘટતું નથી કારણ કે સકલ શ્રુતજ્ઞાનના સંખ્યાતમા ભાગરૂપ અક્ષરજ્ઞાનથી ઉપર ષડ્વૃદ્ધિઓનું હોવું સંભવતું નથી. અક્ષરશ્રુતજ્ઞાનથી ઉપર અને પદશ્રુતજ્ઞાનથી નીચે સંખ્યેય વિકલ્પોની અક્ષરસમાસ સંજ્ઞા છે. એનાથી એક અક્ષરજ્ઞાન વધતાં પદ નામનું શ્રુતજ્ઞાન થાય છે. ૧૬,૩૪,૮૩,૦૭,૮૮૮ અક્ષરોનું એક દ્રવ્યશ્રુતપદ થાય છે. આ અક્ષરોથી ઉત્પન્ન ભાવશ્રુત પણ ઉપચારથી પદ કહેવાય છે. આ પદશ્રુતજ્ઞાનની ઉપર એક અક્ષરશ્રુતજ્ઞાન વધતાં પદસમાસ નામનું શ્રુતજ્ઞાન થાય છે. આ રીતે એક-એક અક્ષરના ક્રમથી પદસમાસ વધતું વધતું સંઘાતશ્રુત સુધી પહોંચે છે. સંખ્યેય પદો દ્વારા સંઘાતશ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે. એની ઉપર એક અક્ષરશ્રુતજ્ઞાન વધતાં સંઘાતસમાસ નામનું શ્રુતજ્ઞાન થાય છે. સંઘાતસમાસ વધતું વધતું એક અક્ષરશ્રુતજ્ઞાનથી ન્યૂન પ્રતિપત્તિશ્રુતજ્ઞાન સુધી પહોંચે છે. પ્રતિપત્તિશ્રુતજ્ઞાનની ઉપર એક અક્ષરશ્રુતજ્ઞાન વધતાં પ્રતિપત્તિસમાસ નામનું શ્રુતજ્ઞાન થાય છે. પ્રતિપત્તિસમાસ વધતું વધતું એક અક્ષરશ્રુતજ્ઞાનથી ન્યૂન અનુયોગદ્વારશ્રુતજ્ઞાન સુધી પહોંચે છે. આ રીતે પૂર્વસમાસ સુધી શ્રુતજ્ઞાનના ભેદોનું સ્વરૂપ સમજવું જોઈએ. પૂર્વસમાસ લોકબિન્દુસારના અન્તિમ અક્ષર સુધી પહોંચે છે.[1]

નરકમાં સમ્યક્ત્વની ઉત્પત્તિ – સૂત્રકારે નરકમાં સમ્યક્ત્વની ઉત્પત્તિનાં ત્રણ કારણો દર્શાવ્યાં છે : જાતિસ્મરણ, ધર્મશ્રવણ અને વેદનાનુભવ. ટીકાકારે આ ત્રણે કારણોને અંગે શંકાઓ ઉઠાવી એમનું સમાધાન કર્યું છે. જાતિસ્મરણ (ભવસ્મરણ)ના વિષયમાં એ શંકા કરવામાં આવી છે કે બધા નારકી જીવો વિભંગજ્ઞાન વડે એક, બે, ત્રણ આદિ ભવગ્રહણ જાણે છે એટલે બધા નારકીઓને જાતિસ્મરણ હોય છે. આવી પરિસ્થિતિમાં બધા નારકીઓ સમ્યગ્દષ્ટિ હોવા જોઈએ. આનું સમાધાન એમ કહીને કરવામાં આવ્યું છે કે સામાન્ય ભવસ્મરણથી સમ્યક્ત્વની ઉત્પત્તિ નથી હોતી પરંતુ ધર્મબુદ્ધિથી પૂર્વભવમાં કરેલાં અનુષ્ઠાનોની વિફલતાના દર્શનથી પ્રથમ સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. ધર્મશ્રવણના અંગે એ શંકા કરવામાં આવી કે નારકી જીવોને ધર્મશ્રવણની સંભાવના કેવી રીતે હોઈ શકે કારણ કે નરકોમાં ઋષિઓનું ગમન થતું નથી. આનું સમાધાન એમ કહીને કરવામાં આવ્યું છે કે પોતાના પૂર્વભવના સંબંધીઓમાં ધર્મ ઉત્પન્ન કરાવવામાં પ્રવૃત્ત અને સમસ્ત બાધાઓથી રહિત સમ્યગ્દષ્ટિ દેવોનું નરકમાં ગમન થતું દેખાય છે. વેદનાનુભવના વિષયમાં એ શંકા કરવામાં આવી છે કે બધા નારકી જીવોમાં સમાનપણે હોવાને કારણે

૧. એજન, પૃ. ૨૧-૨૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદનાઅનુભવ સમ્યક્ત્વોત્પત્તિનું કારણ ઘટતું નથી. અન્યથા બધા નારકી જીવો સમ્યગ્દષ્ટિ બની જશે. આ શંકાના સમાધાનમાં કહેવામાં આવ્યું છે કે વેદનાસામાન્ય સમ્યક્ત્વોત્પત્તિનું કારણ નથી. જે જીવોમાં એવો ઉપયોગ હોય કે અમુક વેદના અમુક મિથ્યાત્વના કારણે અથવા અમુક અસંયમના કારણે ઉત્પન્ન થઈ છે તે જ જીવોની વેદના સમ્યક્ત્વોત્પત્તિનું કારણ બને છે.[1]

બન્ધક — ક્ષુદ્રકબન્ધનું વ્યાખ્યાન શરૂ કરતાં પહેલાં ટીકાકારે મહાકર્મપ્રકૃતિપ્રાભૃતરૂપી પર્વતનો પોતાના બુદ્ધિરૂપી શિરથી ઉદ્ધાર કરીને પુષ્પદન્તાચાર્યને સમર્પિત કરનાર ધરસેનાચાર્યના જયની કામના કરી છે :

> जयउ धरसेणणाहो जेण महाकम्मपयडिपाहुडसेलो ।
> बुद्धिसिरेणुद्धरिओ समप्पिओ पुप्फयंतस्स ॥

મહાકર્મપ્રકૃતિપ્રાભૃતનાં કૃતિ, વેદના વગેરે ચોવીસ અનુયોગદ્વારોમાંથી છઠ્ઠા અનુયોગદ્વાર બન્ધકના ચાર અધિકાર છે : બન્ધ, બન્ધક, બન્ધનીય અને બન્ધવિધાન. જીવ જ બન્ધક હોય છે કારણ કે મિથ્યાત્વ આદિ બન્ધનાં કારણોથી રહિત અજીવમાં બન્ધકત્વ ઘટતું નથી. બન્ધક ચાર પ્રકારના હોય છે : નામબન્ધક, સ્થાપનાબન્ધક, દ્રવ્યબન્ધક અને ભાવબન્ધક. ધવલાકારે આ બધાનું સ્વરૂપ સમજાવ્યું છે.[2]

બન્ધસ્વામિત્વવિચય — સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધ આ પાંચ લોકપાલોને નમસ્કાર કરીને ટીકાકારે બન્ધના સ્વામિત્વનો વિચાર કર્યો છે.

> साहूवज्झाइरिए अरहंते वंदिऊण सिद्धे वि ।
> जे पंच लोगवाले वोच्छं बन्धस्स सामित्तं ॥

કૃતિ, વેદના વગેરે ચોવીસ અનુયોગદ્વારોમાં બન્ધન છઠ્ઠું અનુયોગદ્વાર છે. એના બન્ધ આદિ ચાર ભેદ અથવા અધિકાર છે. એમાં બન્ધ નામના પ્રથમ અધિકારમાં જીવ અને કર્મોના સંબંધનું નયની અપેક્ષાએ નિરૂપણ છે. બન્ધક નામના બીજા અધિકારમાં અગીઆર અનુયોગદ્વારો વડે બન્ધકોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બન્ધનીય નામનો ત્રીજો અધિકાર તેવીસ વર્ગણાઓથી બંધયોગ્ય અને અબંધયોગ્ય પુદ્ગલ દ્રવ્યનું નિરૂપણ કરે છે. બન્ધવિધાન નામનો ચોથો અધિકાર ચાર પ્રકારનો છે : પ્રકૃતિબન્ધ, સ્થિતિબન્ધ, અનુભાગબન્ધ અને પ્રદેશબન્ધ. એમાંથી પ્રકૃતિબન્ધના બે ભેદ છે : મૂલપ્રકૃતિબન્ધ અને ઉત્તરપ્રકૃતિબન્ધ. મૂલપ્રકૃતિબન્ધના બે પ્રકાર છે :

૧. એજન, પૃ. ૪૨૨-૪૨૩

૨. પુસ્તક ૭, પૃ. ૧-૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક-એકમૂલપ્રકૃતિબન્ધ અને અવ્વોગાઢમૂલપ્રકૃતિબન્ધ. ઉત્તરપ્રકૃતિબન્ધના ચોવીસ અનુયોગદ્વારો છે જેમાં બન્ધસ્વામિત્વ પણ એક છે. એનું નામ બન્ધસ્વામિત્વવિચય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગને કારણે જીવ અને કર્મોનો જે એકત્વપરિણામ થાય છે તેને બન્ધ કહે છે. આ બન્ધનું જે સ્વામિત્વ છે તેનું નામ બન્ધસ્વામિત્વ છે. એનો જે વિચય છે તે બન્ધસ્વામિત્વવિચય છે. વિચય, વિચારણા, મીમાંસા અને પરીક્ષા એકાર્થક છે.[1]

તીર્થોત્પત્તિ – વેદના ખંડમાં અંતિમ મંગલસૂત્ર 'णमो वड्ढमाणबुद्धरिसिस्स'ની વ્યાખ્યાના પ્રસંગે ધવલાકારે તીર્થની ઉત્પત્તિના વિષયમાં પ્રકાશ પાડતાં સમવસરણમંડલની રચનાનું રોચક વર્ણન કર્યું છે અને વર્ધમાન ભટ્ટારકને તીર્થ ઉત્પન્ન કરતા દર્શાવ્યા છે.[2]

સર્વજ્ઞત્વ – કેવલજ્ઞાનાવરણીયના ક્ષયથી જીવ કેવલજ્ઞાની, કેવલદર્શનાવરણીયના ક્ષયથી જીવ કેવલદર્શની, મોહનીયના ક્ષયથી જીવ વીતરાગ અને અન્તરાયના ક્ષયથી જીવ અનન્તબલયુક્ત બને છે. આવરણ ક્ષીણ થતાં જ્ઞાનની પરિમિતતા રહેતી નથી, કારણ કે પ્રતિબન્ધરહિત સકલપદાર્થાવગમનસ્વભાવ જીવ પરિમિત પદાર્થોને જાણે એમાં વિરોધ છે. કહ્યું પણ છે :

જ્ઞ અર્થાત્ જ્ઞાનસ્વભાવ જીવ પ્રતિબન્ધકનો અભાવ થતાં જ્ઞેયના વિષયમાં અજ્ઞ અર્થાત્ જ્ઞાનરહિત કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ ન જ હોઈ શકે. શું અગ્નિ પ્રતિબન્ધકના અભાવમાં દાહ્ય પદાર્થને બાળતો નથી ? અર્થાત્ અવશ્ય બાળે છે.

આમ જ્ઞાનથી અર્થાત્ સર્વજ્ઞત્વથી યુક્ત વર્ધમાન ભટ્ટારકે તીર્થની ઉત્પત્તિ કરી છે.[3]

મહાવીરચરિત – અવસર્પિણી અને ઉત્સર્પિણીના બે ભેદે કાલના બે પ્રકાર છે. જે કાળમાં બળ, આયુ અને ઉત્સેધનું ઉત્સર્પણ (વૃદ્ધિ) થાય તે ઉત્સર્પિણી કાળ છે તથા જે કાળમાં તેમનું અવસર્પણ (હાનિ) થાય તે અવસર્પિણી કાળ છે. આ બંને સુષમસુષમાદિ આરાઓના ભેદથી છ-છ પ્રકારના છે. આ ભરતક્ષેત્રના અવસર્પિણી કાળના દુષ્ષમસુષમા નામના ચોથા આરાનાં ૩૩ વર્ષ ૬ માસ ૯ દિવસ બાકી રહ્યાં ત્યારે તીર્થની ઉત્પત્તિ થઈ. તે કેવી રીતે ? ચોથા આરાનાં ૭૫ વર્ષ ૮ માસ ૧૫

૧. પુસ્તક ૮, પૃ. ૧-૩

૨. પુસ્તક ૯, પૃ. ૧૦૯-૧૧૩

૩. એજન, પૃ. ૧૧૮-૧૧૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવસ બાકી રહ્યાં ત્યારે પુષ્પોત્તર વિમાનમાંથી અષાઢ સુદ છઠ્ઠના દિવસે બોત્તેર વર્ષની આયુવાળા અને ત્રણ પ્રકારનાં જ્ઞાનના ધારક ભગવાન મહાવીર ગર્ભમાં આવ્યા. મહાવીરનો કુમારકાલ ૩૦ વર્ષનો છે, છદ્મસ્થકાલ ૧૨ વર્ષનો છે અને કેવલિકાલ ૩૦ વર્ષનો છે. આમ તેમની આયુ ૭૨ વર્ષની થાય છે. એને ૭૫ વર્ષમાંથી બાદ કરતાં વર્ધમાન મહાવીરના મુક્ત થયા પછી જેટલો બાકી ચોથો આરો રહે છે તેનું પ્રમાણ મળે છે. એમાં ૬૬ દિવસ ઓછો કેવલિકાલ ઉમેરતાં ચોથા આરાનાં ૩૩ વર્ષ ૬ માસ ૯ દિવસ બાકી રહે છે. કેવલિકાલમાં ૬૬ દિવસ એટલા માટે બાદ કરવામાં આવે છે કે કેવલજ્ઞાન ઉત્પન્ન થવા છતાં ગણધરનો અભાવ હોવાને કારણે તેટલા સમય સુધી તીર્થની ઉત્પત્તિ થઈ ન હતી.[1]

બીજા કેટલાક આચાર્યો વર્ધમાન જિનેન્દ્રનું આયુષ્ય ૭૧ વર્ષ ૩ માસ ૨૫ દિવસનું માને છે. તેમના મતે ગર્ભસ્થ, કુમાર, છદ્મસ્થ અને કેવલિકાલની પ્રરૂપણા નીચે પ્રમાણે છે.

ભગવાન મહાવીર અષાઢ સુદ છઠ્ઠના દિવસે કુંડલપુર નગરના અધિપતિ નાથવંશી સિદ્ધાર્થ નરેન્દ્રની ત્રિશલાદેવીના ગર્ભમાં આવી ત્યાં ૯ માસ ૮ દિવસ રહી ચૈત્ર સુદ તેરસના દિને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ગર્ભમાંથી બહાર આવ્યા. તેમણે ૨૮ વર્ષ ૭ માસ ૧૨ દિન શ્રેષ્ઠ માનુષિક સુખ ભોગવીને આભિનિબોધિક જ્ઞાનથી પ્રબુદ્ધ થતાં ષષ્ઠોપવાસ (છઠ્ઠ) સાથે માગશર વદ દસમના દિવસે ઘર છોડ્યું. ત્રિરત્નશુદ્ધ મહાવીર ૧૨ વર્ષ ૫ માસ ૧૫ દિવસ છદ્મસ્થ દશાના ગાળીને ઋજુકૂલા નદીના કિનારે જૃમ્ભિકા ગામની બહાર શિલાપટ્ટ ઉપર ષષ્ઠોપવાસ સાથે આતાપના લેતા હતા ત્યારે સાંજે પાદપરિમિત છાયા થતાં વૈશાખ સુદ દસમના દિવસે ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાનને પામ્યા. ત્યાર પછી ૨૯ વર્ષ ૫ માસ ૨૦ દિવસ ચાર પ્રકારના અનગારો અને બાર ગણો સાથે વિહાર કરી છેવટે તે પાવાનગરમાં કારતક વદ ચૌદસના દિવસે સ્વાતિ નક્ષત્રમાં રાતે બાકીનાં કર્મોનો નાશ કરી મુક્ત થયા.[2]

ભગવાન મહાવીરના નિર્વાણદિનથી ૩ વર્ષ ૮ માસ ૧૫ દિવસ વીત્યા પછી શ્રાવણ મહિનાની એકમના દિવસે દુષ્ષમા નામનો આરો શરૂ થયો. આ કાળને

---

૧. એજન, પૃ. ૧૧૯-૧૨૧

૨. એજન, પૃ. ૧૨૧-૧૨૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ધમાન જિનેન્દ્રના આયુષ્યમાં ઉમેરતાં ચોથા આરાના ૭૫ વર્ષ ૧૦ દિવસ બાકી રહ્યા હતા ત્યારે મહાવીરના સ્વર્ગથી અવતીર્ણ થવાનો કાળ થાય છે.[૧]

ઉપરના બે ઉપદેશોમાંથી કયો ઉપદેશ બરાબર છે એ વિષયમાં એલાચાર્યના શિષ્ય અર્થાત્ ધવલાકાર વીરસેન પોતાની જીભ ચલાવતા નથી એટલે કે કંઈ પણ કહેતા નથી કારણ કે ન તો એ વિશે કોઈ ઉપદેશ મળે છે કે ન તો આ બેમાંથી એકમાં કોઈ બાધા ઉત્પન્ન થાય છે. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે આ બે ઉપદેશોમાંથી કોઈ એક જ બરાબર છે.[૨]

મહાવીરની શિષ્યપરમ્પરા – કારતક વદ ચૌદસની રાતના પાછલા ભાગમાં ભગવાન મહાવીર મુક્ત થતાં કેવળજ્ઞાનની પરંપરાને ધારણ કરનાર ગૌતમસ્વામી થયા. ૧૨ વર્ષ સુધી વિહાર કરીને ગૌતમસ્વામી મુક્ત થતાં લોહાર્ય આચાર્ય કેવળજ્ઞાનની પરંપરાના ધારક બન્યા. ૧૨ વર્ષ સુધી વિહાર કરીને લોહાર્ય ભટ્ટારક મુક્ત થઈ જતાં જમ્બૂ ભટ્ટારક કેવળજ્ઞાનની પરંપરાના ધારક બન્યા. ૩૮ વર્ષ સુધી વિહાર કરીને જમ્બૂ ભટ્ટારક મુક્ત થઈ જતાં ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનની પરંપરાનો વ્યુચ્છેદ થઈ ગયો. આમ મહાવીરના નિર્વાણ પછી ૬૨ વર્ષે કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ભરતક્ષેત્રમાં અસ્ત થઈ ગયો. તે વખતે સકલ શ્રુતજ્ઞાનની પરંપરાના ધારક વિષ્ણુ આચાર્ય થયા. પછી અવિચ્છિન્ન સન્તાનરૂપે નન્દિ, અપરાજિત, ગોવર્ધન અને ભદ્રબાહુ સકલ શ્રુતના ધારક થયા. આ પાંચ શ્રુતકેવલીઓનો કુલ ૧૦૦ વર્ષનો કાળ છે. ભદ્રબાહુ ભટ્ટારકનો સ્વર્ગવાસ થતાં ભરતક્ષેત્રમાં શ્રુતજ્ઞાનરૂપી પૂર્ણચન્દ્રનો અસ્ત થઈ ગયો. તે સમયે અગીઆર અંગો અને વિદ્યાનુપ્રવાદ સુધીના દૃષ્ટિવાદના ધારક વિશાખાચાર્ય થયા. એનાથી આગળના ચારે પૂર્વો, તેમના એક દેશને ધારણ કરવાને કારણે, વ્યુચ્છિન્ન થઈ ગયા. વળી તે વિકલ શ્રુતજ્ઞાન પ્રોષ્ઠિલ, ક્ષત્રિય, જય, નાગ, સિદ્ધાર્થ, ધૃતિષેણ, વિજય, બુદ્ધિલ્લ, ગંગદેવ અને ધર્મસેનની પરંપરા વડે ૧૮૩ વર્ષ સુધી ચાલીને વ્યુચ્છિન્ન થઈ ગયું. ધર્મસેન ભટ્ટારકના સ્વર્ગગમન પછી દૃષ્ટિવાદરૂપી પ્રકાશ નાશ પામતાં અગીઆર અંગો અને દૃષ્ટિવાદના એકદેશના ધારક નક્ષત્રાચાર્ય થયા. એમના પછી તે અગીઆર અંગોનું શ્રુતજ્ઞાન જયપાલ, પાંડુ, ધ્રુવસેન અને કંસની પરંપરા વડે ૨૨૦ વર્ષ સુધી ચાલી વ્યુચ્છિન્ન થઈ ગયું. કંસાચાર્યના સ્વર્ગવાસ પછી એકાદશાંગરૂપી પ્રકાશ નાશ પામતાં સુભદ્રાચાર્ય

૧. એજન, પૃ. ૧૨૫-૧૨૬
૨. એજન, પૃ. ૧૨૬ (જયધવલામાં પણ આ જ વર્ણન મળે છે. જુઓ કષાયપાહુડ, ભાગ ૧, પૃ. ૭૪-૮૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચારાંગના તથા બાકીના અંગો અને પૂર્વોના એકદેશના ધારક થયા. તે પછી તે આચારાંગ પણ યશોભદ્ર, યશોબાહુ અને લોહાચાર્યની પરંપરાથી ૧૧૮ વર્ષ સુધી ચાલી વ્યુચ્છિન્ન થઈ ગયું. આ બધા કાલનો કુલ સરવાળો ૬૮૩ વર્ષ થાય છે.[1]

લોહાચાર્યનો સ્વર્ગવાસ થતાં આચારાંગરૂપી સૂર્ય અસ્ત થઈ ગયો. આમ ભરતક્ષેત્રમાં બાર સૂર્યોનો અસ્ત થઈ જતાં બાકીના આચાર્યો બધા અંગ-પૂર્વોના એકદેશભૂત પેજ્જદોસ, મહાકમ્મપયડિપાહુડ આદિના ધારક બન્યા. આ રીતે પ્રમાણીભૂત મહર્ષિરૂપી પ્રણાલીથી ચાલ્યો આવતો મહાકમ્મપયડિરૂપી અમૃતજલપ્રવાહ ધરસેન ભટ્ટારકને પ્રાપ્ત થયો. તેમણે ગિરિનગરની ચન્દ્રગુફામાં ભૂતબલિ અને પુષ્પદન્તને સંપૂર્ણ મહાકમ્મપયડિપાહુડ આપ્યો. પરિણામે ભૂતબલિ ભટ્ટારકે શ્રુતરૂપી નદીપ્રવાહના વ્યુચ્છેદના ભયે ભવ્યજનો ઉપર અનુગ્રહ કરવા માટે મહાકમ્મપયડિપાહુડનો ઉપસંહાર કરી છ ખંડ રચ્યા અર્થાત્ ષટ્ખંડાગમનું નિર્માણ કર્યું.[2]

શકકાલ – ઉપર્યુક્ત ૬૮૩ વર્ષમાંથી ૭૭ વર્ષ ૭ માસ બાદ કરતાં ૬૦૫ વર્ષ ૫ માસ રહે છે. આ વીર જિનેન્દ્રના નિર્વાણકાલથી શકકાલનો પ્રારંભ થવા સુધીનો કાલ છે. આ કાલમાં શક નરેન્દ્રનો કાલ ઉમેરવાથી વર્ધમાન જિનના મુક્ત થવાનો કાલ પ્રાપ્ત થાય છે.[3]

કેટલાક આચાર્ય વીર જિનેન્દ્રના નિર્વાણકાલથી ૧૪,૭૯૩ વર્ષ પૂરાં થતાં શક નરેન્દ્રની ઉત્પત્તિ માને છે.[4]

કેટલાક આચાર્ય એવા પણ છે જે વર્ધમાન જિનના નિર્વાણકાલથી ૭૯૯૫ વર્ષ ૫ માસ વીત્યા પછી શક નરેન્દ્રની ઉત્પત્તિ માને છે.[5]

આ ત્રણ માન્યતાઓમાંથી એક યથાર્થ હોવી જોઈએ. ત્રણે યથાર્થ હોઈ શકે નહિ કારણ કે તેમનામાં પરસ્પર વિરોધ છે.[6]

સકલાદેશ અને વિકલાદેશ – સકલાદેશ પ્રમાણને અધીન છે, જ્યારે વિકલાદેશ નયને અધીન છે. 'स्यादस्ति' વગેરે વાક્યોનું નામ સકલાદેશ છે કારણ કે તે વાક્યો પ્રમાણનિમિત્તક હોવાને કારણે 'स्यात्' શબ્દ દ્વારા સમસ્ત અપ્રધાનભૂત ધર્મોનું સૂચન

---

૧. એજન, પૃ. ૧૩૦-૧૩૧ (જયધવલામાં પણ આ જ વર્ણન છે. ક્યાંક ક્યાંક નામોમાં થોડું અંતર છે. જુઓ કષાયપાહુડ, ભાગ ૧, પૃ. ૮૪-૮૭)

૨. એજન, પૃ. ૧૩૩ ૩. એજન, પૃ. ૧૩૧-૧૩૨

૪. એજન, પૃ. ૧૩૨ ૫. એજન, પૃ. ૧૩૨-૧૩૩

૬. એજન, પૃ. ૧૩૩

JAINSITE.com.in જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે. 'अस्ति' વગેરે વાક્યોનું નામ વિકલાદેશ છે કારણ કે તે વાક્યો નયોથી ઉત્પન્ન છે. પૂજ્યપાદ ભટ્ટારકે પણ સામાન્ય નયનું લક્ષણ આ જ બતાવ્યું છે. તદનુસાર પ્રમાણથી પ્રકાશિત પદાર્થોના પર્યાયોનું પ્રરૂપણ કરનાર નય છે. પ્રમાણથી વસ્તુના સકલ ધર્મો પ્રકાશિત થાય છે. નય એ ધર્મોમાંથી કોઈ એક ધર્મને પ્રકાશિત કરે છે, અર્થાત્ નય વસ્તુના વિકલ ધર્મોનો પ્રકાશક છે. પ્રભાચન્દ્ર ભટ્ટારકે પણ કહ્યું છે કે પ્રમાણાશ્રિત પરિણામભેદોથી વશીકૃત પદાર્થવિશેષોના અર્થાત્ પદાર્થોના પર્યાયોના પ્રરૂપણમાં સમર્થ જે પ્રયોગ થાય છે તે નય છે. સારસંગ્રહમાં પૂજ્યપાદે પણ કહ્યું છે કે અનન્તપર્યાયાત્મક વસ્તુના કોઈ એક પર્યાયનું જ્ઞાન કરતી વખતે શ્રેષ્ઠ હેતુની અપેક્ષા કરનારો નિર્દોષ પ્રયોગ નય કહેવાય છે. સમન્તભદ્રસ્વામીએ પણ કહ્યું છે કે સ્યાદ્વાદથી પ્રકાશિત પદાર્થોના પર્યાયોને પ્રગટ કરનારો નય છે. અહીં સ્યાદ્વાદનો અર્થ પ્રમાણ છે.[૧]

અર્થપર્યાય, વ્યંજનપર્યાય, દ્રવ્ય અને ભાવ — પર્યાયના બે પ્રકાર છે : અર્થપર્યાય અને વ્યંજનપર્યાય. અર્થપર્યાય થોડો સમય રહેવાને કારણે અથવા અતિ વિશેષ હોવાને કારણે એકાદિ સમય સુધી રહેનારો છે તથા સંજ્ઞા-સંજ્ઞિસંબંધથી રહિત છે. વ્યંજનપર્યાય જઘન્યપણે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટપણે અસંખ્યેય લોકમાત્ર કાલ સુધી રહેનારો અથવા અનાદિઅનંત છે. આમાં વ્યંજનપર્યાયથી પરિગૃહીત દ્રવ્ય ભાવ હોય છે. એનો વર્તમાન કાળ જઘન્યપણે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટપણે સંખ્યેય લોકમાત્ર અથવા અનાદિનિધન છે કારણ કે વિવક્ષિત પર્યાયના પ્રથમ સમયથી અન્તિમ સમય સુધી વર્તમાન કાળ મનાય છે. તેથી ભાવની દ્રવ્યાર્થિક નયવિષયતા વિરુદ્ધ નથી. આમ માનતાં સન્મતિસૂત્ર સાથે વિરોધ નથી થતો કારણ કે એમાં શુદ્ધ ઋજુસૂત્ર નયથી વિષયીકૃત પર્યાયથી ઉપલક્ષિત દ્રવ્યને ભાવરૂપે સ્વીકારવામાં આવેલ છે.[૨] આ ચર્ચાના પ્રસંગમાં ટીકાકારે આગળ સન્મતિસૂત્રની નીચેની ગાથા[૩] ઉદ્ધૃત કરી છે.

उप्पज्जंति वियंति य भावा णियमेण पज्जवणयस्स ।
दव्वट्ठियस्स सव्वं सदा अणुप्पण्णमविणट्ठं ॥

અર્થ : પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પદાર્થો નિયમથી ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ બધા સદા અનુત્પન્ન તથા અવિનષ્ટ છે.

---

૧. એજન, પૃ. ૧૬૫-૧૬૭
૨. એજન, પૃ. ૨૪૨-૨૪૩
૩. એજન, પૃ. ૨૪૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરભવિક આયુ – વેદનાખંડના 'कमेण कालगदसमाणो...' સૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકારે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રનું નીચેનું ઉદ્ધરણ[1] આપ્યું છે :

जीवा णं भन्ते ! कदिभागावसेसियंसि याउगंसि परभवियं आउगं कम्मं णिबंधंता बंधंति ? गोदम ! जीवा दुविहा पण्णत्ता—संखेज्जवस्साउआ चेव असंखेज्जवस्साउआ चेव । तत्थ जे ते असंखेज्जवस्साउआ ते छम्मासावसेसियंसि याउगंसि परभवियं आयुगं णिबंधंता बंधंति । तत्थ जे ते संखेज्जवासाउआ ते दुविहा पण्णत्ता—सोवक्कमाउआ णिरुवक्कमाउआ चेव । तत्थ जे ते णिरुवक्कमाउआ ते तिभागावसेसियंसि याउगंसि परभवियं आयुगं कम्मं णिबंधंता बंधंति । तत्थ जे ते सोवक्कमाउआ ते सिया तिभागत्तिभागावसेसियंसि यायुगंसि परभवियं आउगं कम्मं णिबंधंता बंधंति ।

અર્થ : હે ભગવન્ ! આયુષ્યનો કેટલો ભાગ બાકી રહે ત્યારે જીવો પરભવિક આયુ કર્મ બાંધે છે ? હે ગૌતમ ! જીવો બે પ્રકારના કહેવાયા છે – સંખ્યેયવર્ષાયુષ્ક અને અસંખ્યેયવર્ષાયુષ્ક. તેમાં જે અસંખ્યેયવર્ષાયુષ્ક જીવો છે તેઓ આયુષ્યના છ મહિના બાકી રહે ત્યારે પરભવિક આયુ બાંધે છે. સંખ્યેયવર્ષાયુષ્ક જીવો બે પ્રકારના હોય છે – સોપક્રમાયુષ્ક અને નિરુપક્રમાયુષ્ક. એમાં જે નિરુપક્રમાયુષ્ક જીવો છે તેઓ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવિક આયુ કર્મ બાંધે છે. જે સોપક્રમાયુષ્ક જીવો છે તેઓ આયુષ્યનો કથંચિત્ ત્રિભાગ (કથંચિત્ ત્રિભાગનો ત્રિભાગ અને કથંચિત્ ત્રિભાગ-ત્રિભાગનો ત્રિભાગ) બાકી રહે ત્યારે પરભવિક આયુ કર્મ બાંધે છે.

વર્તમાનમાં પ્રજ્ઞાપનાસૂત્રમાં આવા આશયનું વર્ણન મળે છે.[2] વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં આ પ્રકારનાં કેટલાંય વર્ણનો માટે 'जहा पण्णवणाए' આદિ કહી દેવામાં આવ્યું છે.

ચૂર્ણિસૂત્ર – ધવલામાં કષાયપ્રાભૃતની સાથે સાથે ચૂર્ણિસૂત્ર અર્થાત્ કષાયપ્રાભૃતચૂર્ણિનો પણ અહીંતહીં અનેક વાર ઉલ્લેખ થયો છે. કષાયપ્રાભૃતના કર્તા આચાર્ય ગુણધર અને કષાયપ્રાભૃતચૂર્ણિના કર્તા આચાર્ય યતિવૃષભનો નામોલ્લેખ આ પ્રમાણે કરવામાં આવ્યો છે :

૧. પુસ્તક ૧૦, પૃ. ૨૩૭-૨૩૮

૨. એજન, પૃ. ૨૩૮નું અન્તિમ પાદટિપ્પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

...... આ અર્થની પ્રરૂપણા વિપુલાચલના શિખર ઉપર રહેતા, ત્રિકાલગોચર ષડ્દ્રવ્યોને પ્રત્યક્ષ જાણનારા વર્ધમાન ભટ્ટારકે ગૌતમ સ્થવિરને માટે કરી. પછી તે અર્થ આચાર્યપરંપરા દ્વારા ગુણધર ભટ્ટારકને પ્રાપ્ત થયો. તેમની પાસેથી આચાર્યપરંપરા દ્વારા તે અર્થ આર્યમંક્ષુ અને નાગહસ્તી ભટ્ટારકોની પાસે આવ્યો. પછી તે બંનેએ ક્રમશઃ યતિવૃષભ ભટ્ટારક માટે એનું વ્યાખ્યાન કર્યું. યતિવૃષભે શિષ્યોના અનુગ્રહાર્થે એ વ્યાખ્યાનને ચૂર્ણિસૂત્રમાં લખ્યું.[1]

ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-મોહ-પ્રેમ — હૃદયદાહ, અંગકમ્પ, નેત્રરક્તતા, ઈન્દ્રિયોની અપટુતા આદિનો નિમિત્તભૂત જીવપરિણામ ક્રોધ કહેવાય છે. વિજ્ઞાન, ઐશ્વર્ય, જાતિ, કુલ, તપ અને વિદ્યાજનિત ઉદ્ધતતારૂપ જીવપરિણામ માન કહેવાય છે. પોતાના મનના વિચારો છૂપાવવાની ચેષ્ટાનું નામ માયા છે. બાહ્ય પદાર્થોમાં મમત્વબુદ્ધિ હોવી લોભ કહેવાય છે. માયા, લોભ, વેદત્રય (સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ), હાસ્ય અને રતિનું નામ રાગ છે. ક્રોધ, માન, અરતિ, શોક, જુગુપ્સા અને ભયનું નામ દ્વેષ છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને મિથ્યાત્વના સમૂહને મોહ કહે છે. પ્રિયતાનું નામ પ્રેમ છે.[2]

શબ્દ અને ભાષા — શબ્દ શ્રોત્રેન્દ્રિયનો વિષય છે. તેના છ પ્રકાર છે : તત, વિતત, ઘન, સુષિર, ઘોષ અને ભાષા. વીણા, ત્રિસરિક, આલાપિની આદિ દ્વારા ઉત્પન્ન થયેલો શબ્દ તત છે. ભેરી, મૃદંગ, પટહ આદિ દ્વારા ઉત્પન્ન થયેલો શબ્દ વિતત છે. જયઘંટા આદિ નક્કર દ્રવ્યોના એકબીજા સાથે અથડાવાથી ઉત્પન્ન થયેલો શબ્દ ઘન છે. વંશ, શંખ, કાહલ વગેરેથી ઉત્પન્ન થયેલો શબ્દ સુષિર છે. દ્રવ્યોના ઘર્ષણથી ઉત્પન્ન થયેલો શબ્દ ઘોષ છે. ભાષા બે પ્રકારની છે : અક્ષરાત્મક અને અનક્ષરાત્મક. દ્વીન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોના મુખથી નીકળેલી તેમ જ બાલ અને મૂક સંજ્ઞીપંચેન્દ્રિય જીવોની ભાષા અનક્ષરાત્મક છે. ઉપઘાતરહિત ઈન્દ્રિયોવાળા સંજ્ઞીપંચેન્દ્રિયની ભાષા અક્ષરાત્મક છે. અક્ષરાત્મક ભાષા બે પ્રકારની છે : ભાષા અને કુભાષા. કીર, પારસિક, સિંહલ, વર્વરિક વગેરેના મુખમાંથી નીકળેલી કુભાષાઓ સાતસો ભેદોમાં વિભક્ત છે. ભાષાઓ અઢાર છે : ત્રણ કુરુક, ત્રણ લાઢ, ત્રણ મરહટ્ઠ, ત્રણ માલવ, ત્રણ ગૌડ અને ત્રણ માગધ.[3]

૧. પુસ્તક ૧૨, પૃ. ૨૩૧-૨૩૨
૨. એજન, પૃ. ૨૮૩-૨૮૪
૩. પુસ્તક ૧૩, પૃ. ૨૨૧-૨૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુભાગ — છ દ્રવ્યોની શક્તિનું નામ અનુભાગ છે. અનુભાગના છ પ્રકાર છે : જીવાનુભાગ, પુદ્ગલાનુભાગ, ધર્માસ્તિકાયાનુભાગ, અધર્માસ્તિકાયાનુભાગ, આકાશાસ્તિકાયાનુભાગ અને કાલદ્રવ્યાનુભાગ. અશેષ દ્રવ્યોનો અવગમ (જ્ઞાન) જીવાનુભાગ છે. જ્વર, કુષ્ઠ, ક્ષય વગેરેનો વિનાશ તથા ઉત્પત્તિ પુદ્ગલાનુભાગ છે. અહીં પુદ્ગલાનુભાગથી યોનિપ્રાભૃતમાં જણાવેલી મંત્ર-તંત્રરૂપ શક્તિઓને સમજવી જોઈએ. જીવ અને પુદ્ગલના ગમનાગમનનું કારણપણું ધર્માસ્તિકાયાનુભાગ છે. એમના અવસ્થાનનું કારણપણું અધર્માસ્તિકાયાનુભાગ છે. જીવ વગેરે દ્રવ્યોનું આધારપણું આકાશાસ્તિકાયાનુભાગ છે. અન્ય દ્રવ્યોના ક્રમિક અને અક્રમિક પરિણમનનું કારણપણું કાલદ્રવ્યાનુભાગ છે.[1]

વિભંગદર્શન — ધવલાકારે દર્શનાવરણીય કર્મની પ્રકૃતિઓની ચર્ચા કરતાં એ શંકા કરી છે કે દર્શનના ભેદોમાં વિભંગદર્શન કેમ નથી ગણાવ્યું ? એનું સમાધાન કરતાં તેમણે કહ્યું છે કે વિભંગદર્શનનો સમાવેશ અવધિદર્શનમાં જ થઈ જાય છે, જેમ કે સિદ્ધિવિનિશ્ચયમાં કહ્યું છે કે : अवधिविभंगयोरवधिदर्शनमेव અર્થાત્ અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનનું અવધિદર્શન જ થાય છે.[2]

ગોત્ર — ઉચ્ચ અને નીચ ગોત્રનું જ્ઞાન જે કરાવે છે તેને ગોત્ર કહે છે. ગોત્ર કર્મની બે પ્રકૃતિઓ છે : ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. ઉચ્ચ ગોત્રનો વ્યાપાર ક્યાં છે ? રાજ્યાદિરૂપ સંપત્તિની પ્રાપ્તિમાં તેનો વ્યાપાર નથી કારણ કે એની પ્રાપ્તિ સાતાવેદનીય કર્મના નિમિત્તથી થાય છે. પાંચ મહાવ્રત ગ્રહણ કરવાની યોગ્યતા પણ ઉચ્ચ ગોત્ર દ્વારા આવતી નથી કારણ કે એમ માનતાં દેવો અને અભવ્યોમાં પાંચ મહાવ્રત ધારણ કરવાની અયોગ્યતા હોવાને કારણે ઉચ્ચ ગોત્રના ઉદયના અભાવની આપત્તિ આવશે. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં પણ તેનો વ્યાપાર નથી કારણ કે જ્ઞાનાવરણના ક્ષયોપશમ સાથે સહકૃત સમ્યગ્દર્શનથી સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં તેનો વ્યાપાર માનતાં તિર્યંચો અને નારકીઓને પણ ઉચ્ચ ગોત્રનો ઉદય માનવો પડશે કારણ કે તેમનામાં સમ્યગ્જ્ઞાન હોય છે. આદેયતા, યશ અને સૌભાગ્યની પ્રાપ્તિમાં પણ ઉચ્ચ ગોત્રનો વ્યાપાર નથી કારણ કે તેમની ઉત્પત્તિ નામકર્મના નિમિત્તથી થાય છે. ઈક્ષ્વાકુ કુલ વગેરેની ઉત્પત્તિમાં પણ તેનો વ્યાપાર નથી કારણ કે તે બધું કાલ્પનિક છે એટલે પરમાર્થતઃ તેમનું અસ્તિત્વ જ

---

૧. એજન, પૃ. ૩૪૯

૨. એજન, પૃ. ૩૫૬

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી તથા વૈશ્ય અને બ્રાહ્મણ સાધુઓમાં પણ ઉચ્ચ ગોત્રનો ઉદય દેખાય છે. સમ્પન્ન જનોથી થનારી જીવોત્પત્તિમાં પણ તેનો વ્યાપાર નથી કારણ કે તેમ માનતાં મ્લેચ્છરાજથી ઉત્પન્ન થનાર બાળકને પણ ઉચ્ચ ગોત્રના ઉદયની આપત્તિ આવશે. અણુવ્રતીઓથી થનાર જીવોત્પત્તિમાં પણ તેનો વ્યાપાર નથી કારણ કે એમ માનતાં ઔપપાદિક દેવોમાં ઉચ્ચ ગોત્રના ઉદયનો અભાવ થઈ જશે અને નાભિપુત્રને નીચ ગોત્રની પ્રાપ્તિ થશે. તેથી ઉચ્ચ ગોત્ર વ્યર્થ છે. પરિણામે તેમાં કર્મપણું પણ ઘટતું નથી. તેનો અભાવ થતાં નીચ ગોત્ર પણ નહિ રહે કારણ કે બંને પરસ્પર અવિનાભાવી છે. તેથી ગોત્રકર્મનો અભાવ છે.[1]

આનું સમાધાન કરતાં ટીકાકાર કહે છે કે આમ માનવું યોગ્ય નથી, કારણ કે જિનવચન અસત્ય ન હોય. બીજું, કેવલજ્ઞાને જાણેલા બધા અર્થોમાં છદ્મસ્થનું જ્ઞાન પ્રવૃત્ત પણ નથી થતું. તેથી છદ્મસ્થોની સમજમાં ન આવવાને કારણે જિનવચન અપ્રમાણ બની જતું નથી. ગોત્ર કર્મ નિષ્ફલ (વ્યર્થ) નથી કારણ કે જેમનો દીક્ષાયોગ્ય સાધ્વાચાર છે, જેમણે સાધ્વાચારવાળાઓ સાથે સંબંધ બાંધ્યો છે તથા જેઓ 'આર્ય' એવા જ્ઞાન અને વચનવ્યવહારનું નિમિત્ત છે તે પુરુષોની પરંપરાને ઉચ્ચ ગોત્ર કહેવામાં આવે છે. એમાં ઉત્પન્ન થવાના કારણભૂત કર્મને પણ ઉચ્ચ ગોત્ર કહે છે. એનાથી વિપરીત કર્મ નીચ ગોત્ર છે.[2]

નિબન્ધનાદિ અનુયોગદ્વાર – કર્મપ્રકૃતિપ્રાભૃતના કૃતિ, વેદના વગેરે ચોવીસ અધિકારો અર્થાત્ અનુયોગદ્વારોમાંથી પ્રથમ છ અનુયોગદ્વારોની પ્રરૂપણા ષટ્ખંડાગમમાં કરવામાં આવી છે. નિબન્ધન વગેરે બાકીનાં અઢાર અનુયોગદ્વારોનું વિવેચન જો કે મૂળ ષટ્ખંડાગમમાં નથી તો પણ વર્ગણાખંડના અંતિમ સૂત્રને આંશિક સ્પર્શ કરતું માની ધવલાકાર વીરસેનાચાર્યે તેનું વિવેચન પોતાની ટીકામાં કર્યું છે. ધવલાકારે લખ્યું છે : भूदबलिभडारएण जेणेदं सुत्तं देसामासियभावेण लिहिदं तेणेदेण सुत्तेण सूचिदसेसअट्ठारसअणियोगद्दाराणं किंचि संखेवेण परूवणं कस्सामो । અર્થ : ભૂતબલિ ભટ્ટારકે આ સૂત્ર દેશામર્શકરૂપમાં લખ્યું છે. તેથી આ સૂત્ર દ્વારા સૂચિત બાકીનાં અઢાર અનુયોગદ્વારોનું કંઈક સંક્ષેપમાં પ્રરૂપણ કરવામાં આવે છે.[3]

---

૧. એજન, પૃ. ૩૮૭-૩૮૮

૨. એજન, પૃ. ૩૮૯

૩. પુસ્તક ૧૫, પૃ. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્કર્મપ્રકૃતિપ્રાભૃત — ધવલાકારે એક સ્થાન પર એવું દર્શાવ્યું છે કે મેં આ પ્રરૂપણા સત્કર્મપ્રકૃતિપ્રાભૃત અનુસાર કરી છે, મહાબન્ધ અનુસાર કરી નથી. તેમણે ચાર પ્રકારના બન્ધનઉપક્રમની ચર્ચા કરતાં કહ્યું છે કે : एत्थ एदेसिं चदुण्णमुवक्कमाणं जहा संतकम्मपयडिपाहुडे परूविदं तहा परूवेयव्वं । जहा महाबंधे परूविदं तहा परूवणा एत्थ किण्ण कीरदे ? ण, तस्स पढमसमयबंधम्मि चेव वावारादो । અર્થ : આ ચાર ઉપક્રમોની પ્રરૂપણા જેમ સત્કર્મપ્રકૃતિપ્રાભૃતમાં કરવામાં આવી છે તેમ જ અહીં પણ કરવી જોઈએ. જેવી મહાબન્ધમાં પ્રરૂપણા કરવામાં આવી છે તેવી અહીં કેમ કરવામાં નથી આવતી ? નથી આવતી કારણ કે તેનો વ્યાપાર પ્રથમ સમયના બંધમાં જ છે.[1]

સત્કર્મપંજિકાકારે[2] નિબન્ધનાદિ અઢાર અનુયોગદ્વારોની પ્રરૂપણા કરનારા ધવલા ટીકાના અન્તિમ વિભાગને સત્કર્મની સંજ્ઞા આપી છે.[3] ઉપર્યુક્ત સત્કર્મપ્રકૃતિપ્રાભૃત અથવા સત્કર્મપ્રાભૃત આ સત્કર્મથી ભિન્ન એક પ્રાચીન સૈદ્ધાન્તિક ગ્રન્થ છે જે મહાકર્મપ્રકૃતિપ્રાભૃત અને કષાયપ્રાભૃતની જ કોટિનો છે તથા જેનો ઉલ્લેખ ધવલાકારે પોતે એ રૂપમાં કર્યો છે.[4]

जैन साईट JAINSITE .com

---

૧. એજન, પૃ. ૪૩. સત્કર્મપ્રાભૃતના ઉલ્લેખો અન્યત્ર પણ થયા છે. જુઓ પુસ્તક ૧૧, પૃ. ૨૧; પુસ્તક ૯, પૃ. ૩૧૮; પુસ્તક ૧, પૃ. ૨૧૭, ૨૨૧.

૨. પુસ્તક ૧૫ના અંતમાં પરિશિષ્ટરૂપે પ્રકાશિત એક લઘુકાય પ્રાકૃત ટીકા

૩. पुणो तेहिंतो सेसट्ठारसाणियोगद्दाराणि संतकम्मे सव्वाणि परूविदाणि । तो वि तस्साइगंभीरत्तादो अत्थविसमपदाणमत्थे थोरुत्थयेण पंजियसरूवेण भणिस्सामो । પુસ્તક ૧૫, પરિશિષ્ટ, પૃ. ૧

૪. एसो संतकम्मपाहुडउवएसो । कसायपाहुडउवएसो पुण...... ।

-પુસ્તક ૧, પૃ. ૨૧૭

आइरियकहियाणं संतकम्मकसायपाहुडाणं कथं सुत्तत्तणमिदि ..... ।

- એજન, પૃ. ૨૨૧

संतकम्मप्पयडिपाहुडं मोत्तूण ..... ।

- પુસ્તક ૯, પૃ. ૩૧૮

संतकम्मपाहुडे पुण णिगोदेसु उप्पाइदो ..... ।

- પુસ્તક ૧૧, પૃ. ૨૧

ટીકાના અન્તમાં ધવલાકારની નીચે લખેલી પ્રશસ્તિ છે જેમાં ટીકા, ટીકાકાર, ટીકાકારના ગુરુ, પ્રગુરુ તથા વિદ્યાગુરુ વગેરેનાં નામો આવે છે :

जस्साएसेण मए सिद्धंतमिदं हि अहिलहुदं ।
महु सो एलाइरियो पसियउ वरवीरसेणस्स ॥ १ ॥
वंदामि उसहसेणं तिउवणजियबंधवं सिवं संतं ।
णाणकिरणावहासियसयल-इयर-तम-पणासियं दिट्ठं ॥ २ ॥
अरहंता भववंतो सिद्धा सिद्धा पसिद्धयारिया ।
साहू साहू य महं पसियंतु भडारया सव्वे ॥ ३ ॥
अज्जज्जणंदिसिस्सेणुज्जुवकम्मस्स चंदसेणस्स ।
तह णत्तुवेण पंचत्थुहण्णयंभाणुणा मुणिणा ॥ ४ ॥
सिद्धंत-छंद-जोइस-वायरण-पमाणसत्थणिवुणेण
भट्टारएण टीका लिहिएसा वीरसेणेण ॥ ५ ॥
अट्ठत्तीसम्हि सासियविक्कमरायम्हि[1] एसु संगरमो ।
पासे सुतेरसीए भावविलग्गे धवलपक्खे ॥ ६ ॥
जगतुंगदेवरज्जे रियम्हि कुंभम्हि राहुणा कोणे ।
सूरं तुलाए संते गुरुम्हि कुलविल्लए होंते ॥ ७ ॥
चावम्हि वरणिवुत्ते सिंघे सुक्कम्मि मेंढिचंदम्मि ।
कत्तियमासे एसा टीका हु समाणिआ धवला ॥ ८ ॥
वोद्दणरायणरिंदे णरिंदचूडामणिम्हि भुंजंते ।
सिद्धंतगंधमत्थिय गुरुप्पसाएण विगत्ता सा ॥ ९ ॥

●

---

૧. વીરસેનના સમયની ચર્ચા ષટ્ખણ્ડાગમ, પુસ્તક ૧ની પ્રસ્તાવનામાં વિસ્તારથી કરવામાં આવી છે. જિજ્ઞાસુ વાચકે આ ચર્ચા ત્યાં જોઈ લેવી જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથું પ્રકરણ

# કષાયપ્રાભૃત

કસાયપાહુડ[1] અથવા કષાયપ્રાભૃતને પેજ્જદોસપાહુડ, પ્રેયોદ્વેષપ્રાભૃત કે પેજ્જદોષપ્રાભૃત[2] પણ કહે છે. પેજ્જનો અર્થ પ્રેમ એટલે કે રાગ અને દોસનો અર્થ દ્વેષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં રાગ અને દ્વેષરૂપ કષાયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેથી તેનાં બંને નામો સાર્થક છે. ગ્રંથની પ્રતિપાદનશૈલી અતિગૂઢ, સંક્ષિપ્ત અને સૂત્રાત્મક છે. પ્રતિપાદ્ય વિષયોનો કેવળ નિર્દેશ કરવામાં આવ્યો છે.

## કષાયપ્રાભૃતની આગમિક પરંપરા

કર્મપ્રાભૃત અર્થાત્ ષટ્ખંડાગમની જેમ જ કષાયપ્રાભૃતનું ઉદ્ગમસ્થાન પણ દૃષ્ટિવાદ નામનું બારમું અંગ જ છે. તેના જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દસમી વસ્તુના પેજ્જદોષ નામના ત્રીજા પ્રાભૃતમાંથી કષાયપ્રાભૃતની ઉત્પત્તિ થઈ છે. જેમ કર્મપ્રકૃતિપ્રાભૃતમાંથી ઉત્પન્ન હોવાને કારણે ષટ્ખંડાગમને કર્મપ્રાભૃત, કર્મપ્રકૃતિપ્રાભૃત કે મહાકર્મપ્રકૃતિપ્રાભૃત કહેવામાં આવે છે તેમ પેજ્જદોષપ્રાભૃતથી ઉત્પન્ન હોવાને કારણે કષાયપ્રાભૃતને પણ પેજ્જદોષપ્રાભૃત કહેવામાં આવે છે.

---

૧. (અ) ચૂર્ણિસૂત્રસમન્વિત — સંપાદક અને હિન્દી અનુવાદક : પં. હીરાલાલ જૈન; પ્રકાશક : વીર શાસન-સંઘ, કલકત્તા, સન્ ૧૯૫૫.

(આ) જયધવલા ટીકા અને એના હિન્દી અનુવાદ સહિત (અપૂર્ણ) — સંપાદક : પં. ફૂલચન્દ્ર, પં. મહેન્દ્રકુમાર અને પં. કૈલાશચન્દ્ર; પ્રકાશક : ભા. દિ. જૈનસંઘ, ચૌરાસી, મથુરા, સન્ ૧૯૪૪-૧૯૬૩ (નવ ભાગ)

૨. શ્રુતાવતારના કર્તા આચાર્ય ઇન્દ્રનન્દિએ તેને 'પ્રાયોદોષપ્રાભૃત' નામ આપ્યું છે. વસ્તુતઃ તેનું સંસ્કૃત રૂપ 'પ્રેયોદ્વેષપ્રાભૃત' હોવું જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કષાયપ્રાભૃતના પ્રણેતા

કષાયપ્રાભૃતના કર્તા આચાર્ય ગુણધર છે. તેમણે ગાથાસૂત્રોમાં પ્રસ્તુત ગ્રંથને રચ્યો છે. જયધવલાકારે પોતાની ટીકાના પ્રારંભમાં સ્પષ્ટ લખ્યું છે :

जेणिह कसायपाहुडमणेयणयमुज्जलं अणंतत्थं ।
गाहाहि विवरियं तं गुणहरभडारयं वंदे ॥ ६ ॥

અર્થ : જેમણે આ ક્ષેત્રમાં અનેક નયોથી યુક્ત, ઉજ્જ્વલ અને અનન્ત અર્થોથી વ્યાપ્ત કષાયપ્રાભૃતનું ગાથાઓ દ્વારા વ્યાખ્યાન કર્યું તે ગુણધર ભટ્ટારકને હું નમસ્કાર કરું છું.

આચાર્ય ગુણધરે આ કષાયપ્રાભૃત ગ્રન્થની રચના કેમ કરી ? આનું સમાધાન કરતાં જયધવલા ટીકામાં આચાર્ય વીરસેને બતાવ્યું છે કે જ્ઞાનપ્રવાદ (પાંચમા) પૂર્વની નિર્દોષ દસમી વસ્તુના ત્રીજા કષાયપ્રાભૃતરૂપી સમુદ્રના જલસમુદાયથી પ્રક્ષાલિત મતિજ્ઞાનરૂપી લોચનસમૂહ વડે જેમણે ત્રણે લોકોને પ્રત્યક્ષ જાણી લીધા છે અને જે ત્રિભુવનના પાલક છે તે ગુણધર ભટ્ટારકે તીર્થવ્યુચ્છેદના ભયથી કષાયપ્રાભૃતના અર્થથી યુક્ત ગાથાઓનો ઉપદેશ આપ્યો છે.[1]

કષાયપ્રાભૃતના કર્તા આચાર્ય ગુણધરના સમયનો ઉલ્લેખ કરતાં જયધવલાકારે લખ્યું છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૮૩ વર્ષ વીતી ગયા પછી અંગો અને પૂર્વોનો એકદેશ ગુણધરાચાર્યને આચાર્યપરંપરાથી પ્રાપ્ત થયો. તેમણે પ્રવચનવાત્સલ્યને વશ થઈ ગ્રન્થવિચ્છેદના ભયથી ૧૬,૦૦૦ પદપ્રમાણ પેજ્જદોસપાહુડનો ૧૮૦ ગાથાઓમાં ઉપસંહાર કર્યો.[2] મહાકર્મપ્રકૃતિપ્રાભૃત અર્થાત્ ષટ્ખંડાગમના પ્રણેતા આચાર્ય પુષ્પદન્ત અને ભૂતબલિના સમયનો ઉલ્લેખ પણ ધવલામાં આ રૂપમાં છે.[3] આ ઉલ્લેખોને જોતાં એવું લાગે છે કે કષાયપ્રાભૃતકાર અને મહાકર્મપ્રકૃતિપ્રાભૃતકાર સંભવતઃ સમકાલીન હશે. ધવલા અને જયધવલાના અધ્યયનથી એવી પ્રતીતિ નથી થતી કે અમુક પ્રાભૃતની રચના અમુક પ્રાભૃત પહેલાંની છે કે બાદની છે. અન્ય કોઈ પ્રાચીન ગ્રન્થમાં પણ આ બાબતે કોઈ ઉલ્લેખ મળતો નથી.

૧. કસાયપાહુડ, ભાગ ૧, પૃ. ૪-૫
૨. એજન, પૃ. ૮૫-૮૭
૩. ષટ્ખંડાગમ, પુસ્તક ૧, પૃ. ૬૬-૭૧; પુસ્તક ૯, પૃ. ૧૩૦-૧૩૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કષાયપ્રાભૃતના અર્થાધિકાર

કષાયપ્રાભૃતના કર્તાએ પોતે જ બે ગાથાઓમાં પોતાના ગ્રન્થના પ્રતિપાદ્ય વિષયોનો (અર્થાધિકારોનો) નિર્દેશ કર્યો છે. આ રહી તે બે ગાથાઓ :

(૧) पेज्ज-द्दोसविहत्ती ट्ठिदि-अणुभागे च बंधगे चेय ।
वेदग-उवजोगे वि य चउट्ठाण-वियंजणे चेय ॥ १३ ॥

(૨) सम्मत्त-देसविरयी संजम उवसामणा च खवणा च ।
दंसण-चरित्तमोहे अद्धापरिमाणणिद्देसो ॥ १४ ॥

આ બે ગાથાઓની વ્યાખ્યા ચૂર્ણિસૂત્રકાર અને જયધવલાકારે ભિન્ન-ભિન્નરૂપે કરી છે. જો કે તે બંને એ બાબતમાં એકમત છે કે કષાયપ્રાભૃતના ૧૫ અર્થાધિકાર છે તેમ છતાં એમની ગણનામાં એકરૂપતા નથી. ચૂર્ણિસૂત્રકારે અર્થાધિકારના નીચે જણાવેલા ૧૫ ભેદ ગણાવ્યા છે :

૧. પેજ્જદોસ (પ્રેયોદ્વેષ), ૨. ઠિદિ-અણુભાગવિહત્તિ (સ્થિતિ-અનુભાગ-વિભક્તિ), ૩. બંધગ અથવા બંધ (બન્ધક અથવા બંધ), ૪. સંકમ (સંક્રમ), ૫. વેદઅ અથવા ઉદઅ (વેદક યા ઉદય), ૬. ઉદીરણા, ૭. ઉવજોય (ઉપયોગ), ૮. ચઉટ્ઠાણ (ચતુઃસ્થાન), ૯. વંજણ (વ્યંજન), ૧૦. સમ્મત્ત અથવા દંસણમોહણીયઉવસમણા (સમ્યક્ત્વ અથવા દર્શનમોહનીયની ઉપશમના),૧૧. દંસણમોહણીયક્ખવણા (દર્શનમોહનીયની ક્ષપણા), ૧૨. દેસવિરદિ (દેશવિરતિ), ૧૩. સંજમઉવસમણા અથવા ચરિત્તમોહનીયઉવસમણા (સંયમવિષયક ઉપશમના અથવા ચારિત્રમોહનીયની ઉપશમના), ૧૪. સંજમક્ખવણા અથવા ચરિત્તમોહણીયક્ખવણા (સંયમવિષયક ક્ષપણા અથવા ચારિત્રમોહનીયની ક્ષપણા), ૧૫. અદ્ધાપરિમાણણિદ્દેસ (અદ્ધાપરિમાણનિર્દેશ).[1]

જયધવલાકારે જે પંદર અર્થાધિકારોનો ઉલ્લેખ કર્યો છે[2] તે આ છે :

૧. પ્રેયોદ્વેષ, ૨. પ્રકૃતિવિભક્તિ, ૩. સ્થિતિવિભક્તિ, ૪. અનુભાગવિભક્તિ, ૫. પ્રદેશવિભક્તિ-ક્ષીણાક્ષીણપ્રદેશ-સ્થિત્યન્તિકપ્રદેશ,

---

૧. કસાયપાહુડ, ભા. ૧, પૃ. ૧૮૪-૧૯૨.

૨. એજન, પૃ. ૧૯૨-૧૯૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. બન્ધક, ૭. વેદક, ૮. ઉપયોગ, ૯. ચતુઃસ્થાન, ૧૦. વ્યંજન, ૧૧. સમ્યક્ત્વ, ૧૨. દેશવિરતિ, ૧૩. સંયમ, ૧૪. ચારિત્રમોહનીયની ઉપશમના, ૧૫. ચારિત્રમોહનીયની ક્ષપણા.

આ સ્થાને જયધવલાકારે એ પણ નિર્દેશ કર્યો છે કે આ રીતે અન્ય પ્રકારે પણ પંદર અર્થાધિકારોનું પ્રરૂપણ કરી લેવું જોઈએ.[1] આ ઉપરથી લાગે છે કે કષાયપ્રાભૃતના અર્થાધિકારોની ગણનામાં એકરૂપતા રહી નથી.

## કષાયપ્રાભૃતની ગાથાસંખ્યા

આમ તો કષાયપ્રાભૃતમાં ૨૩૩ ગાથાઓ મનાય છે પરંતુ વસ્તુતઃ આ ગ્રંથમાં ૧૮૦ જ ગાથાઓ છે. બાકીની ૫૩ ગાથાઓ કષાયપ્રાભૃતકાર ગુણધરાચાર્યરચિત ન હોતાં સંભવતઃ આચાર્ય નાગહસ્તિરચિત છે જે વ્યાખ્યાના રૂપમાં પાછળથી ઉમેરવામાં આવી છે. આ વસ્તુ આ ગાથાઓને અને જયધવલાટીકાને જોવાથી સ્પષ્ટ થાય છે. કષાયપ્રાભૃતના મુદ્રિત સંસ્કરણોમાં પણ સંપાદકોએ એમના પૃથક્કરણનું પૂરું ધ્યાન રાખ્યું છે. આચાર્ય નાગહસ્તી કષાયપ્રાભૃતચૂર્ણિકાર આચાર્ય યતિવૃષભના ગુરુ છે. જો કે યતિવૃષભાચાર્યે આ ગાથાઓ ઉપર પણ ચૂર્ણિસૂત્રો લખ્યાં છે તેમ છતાં એમના કર્તૃત્વના વિષયમાં કોઈ જાતનો ઉલ્લેખ કર્યો નથી. સંભવતઃ આ જાતનો ઉલ્લેખ તેમણે જરૂરી ન માન્યો હોય કારણ કે કષાયપ્રાભૃતકારના નામનો પણ તેમણે પોતાનાં ચૂર્ણિસૂત્રોમાં કોઈ નિર્દેશ કર્યો નથી. એમ પણ સંભવ છે કે આ વિષયની વિશેષ જાણકારી પ્રાપ્ત ન થઈ હોય અને પરંપરાથી ચાલી આવતી ગાથાઓ પર અર્થનું સ્પષ્ટીકરણ કરવાની દૃષ્ટિએ ચૂર્ણિસૂત્રો લખી નાખ્યાં હોય. જે કંઈ હોય તે, પરંતુ એટલું તો નિશ્ચિત છે કે કષાયપ્રાભૃતની ૨૩૩ ગાથાઓમાંથી ૧૮૦ ગાથાઓ તો ગ્રન્થકારે પોતે જ રચી છે અને બાકીની ૫૩ ગાથાઓ બીજાની રચેલી છે. જયધવલાકારે જ્યાં જ્યાં કષાયપ્રાભૃતની ગાથાઓનો નિર્દેશ કર્યો છે ત્યાં બધે જ સ્થાને ૧૮૦ની જ સંખ્યા આપી છે. જો કે એક સ્થાને તેમણે ૨૩૩ ગાથાઓનો ઉલ્લેખ કર્યો છે અને એ સિદ્ધ કરવાની ચેષ્ટા કરી છે કે આ બધી ૨૩૩ ગાથાઓ ગુણધરાચાર્યકૃત છે[2] પરંતુ તેમનું તે સમાધાન સંતોષકારક નથી.

## વિષયપરિચય

કષાયપ્રાભૃતની ૨૩૩ ગાથાઓમાંથી પ્રારંભની ૧૨ ગાથાઓ પ્રસ્તાવનારૂપ છે. કષાયપ્રાભૃતની ઉત્પત્તિના વિશે પહેલી ગાથામાં કહેવામાં આવ્યું છે કે

૧. એજન, પૃ. ૧૯૩ ૨. એજન, પૃ. ૯૬, ૧૮૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચમા પૂર્વની દસમી વસ્તુમાં પેજ્જપાહુડ નામનું ત્રીજું પ્રાભૃત છે. તેમાંથી આ કષાયપ્રાભૃત ઉત્પન્ન થયું છે :

पुव्वम्मि पंचमम्मि दु दसमे वत्थुम्मि पाहुडे तदिए ।
पेज्जं ति पाहुडम्मि दु हवदि कसायाण पाहुडं णाम ॥ १ ॥

બીજી ગાથામાં એ બતાવવામાં આવ્યું છે કે આ કષાયપ્રાભૃતમાં ૧૮૦ ગાથાઓ છે, જે પંદર અર્થાધિકારોમાં વિભક્ત છે. ત્રીજી વગેરે ગાથાઓમાં એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે કયા કયા અર્થાધિકારમાં કેટલી કેટલી ગાથાઓ છે.

પ્રેય, દ્વેષ, સ્થિતિ, અનુભાગ અને બન્ધક આ પાંચ અર્થાધિકારોમાં ત્રણ ગાથાઓ છે. વેદકમાં ચાર, ઉપયોગમાં સાત, ચતુઃસ્થાનમાં સોળ, વ્યંજનમાં પાંચ, દર્શનમોહોપશમનામાં પંદર, દર્શનમોહક્ષપણામાં પાંચ, સંયમાસંયમલબ્ધિ અને ચારિત્રલબ્ધિ આ બંનેમાં એક, ચારિત્રમોહોપશમનામાં આઠ, ચારિત્રમોહની ક્ષપણાના પ્રસ્થાપનમાં ચાર, સંક્રમણમાં ચાર, અપવર્તનામાં ત્રણ, કૃષ્ટીકરણમાં અગીઆર, ક્ષપણામાં ચાર, ચારિત્રમોહના વિષયમાં એક, સંગ્રહણીના વિષયમાં એક આમ કુલ મળીને ચારિત્રમોહક્ષપણામાં ૨૮ ગાથાઓ છે. આ બધી ગાથાઓનો સરવાળો (૩ + ૪ + ૭ + ૧૬ + ૫ + ૧૫ + ૫ + ૧ + ૮ + ૪ + ૪ + ૩ + ૧૧ + ૪ + ૧ + ૧ =) ૯૨ થાય છે.

કૃષ્ટી સંબંધી અગીઆર ગાથાઓમાંથી વીચાર વિશેની એક ગાથા, સંગ્રહણી સંબંધી એક ગાથા, ક્ષીણમોહ સંબંધી એક ગાથા અને ચારિત્રમોહની ક્ષપણાના પ્રસ્થાપન સંબંધી ચાર ગાથા આમ ચારિત્રમોહક્ષપણા સંબંધી સાત ગાથાઓ અભાષ્યગાથાઓ છે અને બાકીની એકવીસ ગાથાઓ સભાષ્યગાથાઓ છે. આ એકવીસ ગાથાઓની ભાષ્યગાથાસંખ્યા છયાસી છે. એમાં 'पेज्जद्दोसविहत्ती....' અને 'सम्मत्तदेसविरयी....' આ બે (૧૩મી અને ૧૪મી) ગાથાઓને ઉમેરતાં કષાયપ્રાભૃતની ગાથાઓનો સરવાળો (૯૨ + ૮૬ + ૨ =) ૧૮૦ થઈ જાય છે.

પ્રેયોદ્વેષ વગેરે અધિકારોમાં સામાન્યરૂપે વ્યાપ્ત અદ્ધાપરિમાણનો નિર્દેશ કરતાં કહ્યું છે કે અનાકાર દર્શનોપયોગ, ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ અને જિહ્વેન્દ્રિય સંબંધી અવગ્રહજ્ઞાન, મનોયોગ, વચનયોગ, કાયયોગ, સ્પર્શનેન્દ્રિય સંબંધી અવગ્રહજ્ઞાન, અવાયજ્ઞાન, ઈહાજ્ઞાન, શ્રુતજ્ઞાન અને ઉચ્છ્વાસ આ બધાંનો જઘન્યકાળ (ક્રમશઃ વધતો વધતો) સંખ્યેય આવલીપ્રમાણ છે. કેવલદર્શન, કેવલજ્ઞાન વગેરેનો જઘન્યકાળ ઉત્તરોત્તર વધતો રહે છે. આ બધા જઘન્યકાળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મરણ વગેરે વ્યાઘાતથી રહિત અવસ્થામાં હોય છે. ચક્ષુરિન્દ્રિય સંબંધી મતિજ્ઞાનોપયોગ, શ્રુતજ્ઞાનોપયોગ, પૃથક્ત્વવિતર્કવીચારશુક્લધ્યાન, માનકષાય, અવાયમતિજ્ઞાન, ઉપશાન્તકષાય તથા ઉપશામકનો ઉત્કૃષ્ટકાળ પોતાનાથી પહેલાના સ્થાનના કાળથી બમણો હોય છે. બાકીનાં સ્થાનોનો ઉત્કૃષ્ટકાળ પોતાનાથી પહેલાના સ્થાનના કાળથી વિશેષ અધિક હોય છે.[1]

પ્રેયોદ્વેષવિભક્તિમાં નીચે જણાવેલી વાતો ઉપર વિચાર કરવાનું કહેવામાં આવ્યું છે :

(૩) पेज्जं वा दोसो वा कम्मि कसायम्मि कस्स व णयस्स ।
दुट्ठो व कम्मि दव्वे पियायदे को कहिं वा वि ॥ २१ ॥

અર્થ : કયા કષાયમાં કયા નયની અપેક્ષાએ પ્રેય કે દ્વેષનો વ્યવહાર થાય છે ? કયો નય કયા દ્રવ્યમાં દ્વેષ કે પ્રેયને પામે છે ?

કષાય મોહનીયકર્મથી ઉત્પન્ન થાય છે, તેથી ગ્રન્થકારે આગળના બે અર્થાધિકારોના અંગે એ બતાવ્યું છે કે એ બેમાં મોહનીયકર્મની પ્રકૃતિવિભક્તિ, સ્થિતિવિભક્તિ, અનુભાગવિભક્તિ, ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ પ્રદેશવિભક્તિ, ક્ષીણાક્ષીણ અને સ્થિત્યન્તિકનું કથન કરવું જોઈએ.[2]

બન્ધક અર્થાધિકારમાં આચાર્યે નીચે જણાવેલા પ્રશ્નોનું સમાધાન કરી લેવા કહ્યું છે :

જીવ કેટલી પ્રકૃતિઓને બાંધે છે, કેટલી સ્થિતિને બાંધે છે, કેટલા અનુભાગને બાંધે છે તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ પરિમાણવાળા કેટલા પ્રદેશોને બાંધે છે ? આ જ રીતે કેટલી પ્રકૃતિઓનું સંક્રમણ કરે છે, કેટલી સ્થિતિનું સંક્રમણ કરે છે, કેટલા અનુભાગનું સંક્રમણ કરે છે તથા ગુણહીન અને ગુણવિશિષ્ટ જઘન્ય-ઉત્કૃષ્ટ કેટલા પ્રદેશોનું સંક્રમણ કરે છે ?[3]

સંક્રમની ઉપક્રમવિધિ પાંચ પ્રકારની છે, નિક્ષેપના ચાર પ્રકાર છે, નયવિધિ પ્રકૃતમાં વિવક્ષિત છે અને પ્રકૃતમાં નિર્ગમના આઠ પ્રકાર છે. સંક્રમના બે ભેદ છે : પ્રકૃતિસંક્રમણ અને પ્રકૃતિસ્થાનસંક્રમ. આમ અસંક્રમના પણ બે ભેદ છે. સંક્રમની પ્રતિગ્રહવિધિના બે પ્રકાર છે : પ્રકૃતિપ્રતિગ્રહ અને પ્રકૃતિસ્થાનપ્રતિગ્રહ. આ જ રીતે અપ્રતિગ્રહવિધિના પણ બે પ્રકાર છે. આમ નિર્ગમના આઠ ભેદ થાય છે.[4]

૧. ગાથા ૧૫-૨૦ ૨. ગાથા ૨૨
૩. ગાથા ૨૩ ૪. ગાથા ૨૪-૨૬

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયના અઠ્ઠાવીસ, ચોવીસ, સત્તર, સોળ અને પંદર પ્રકૃતિસ્થાનોને છોડી બાકીનાનો સંક્રમ થાય છે. સોળ, બાર, આઠ, વીસ, તેવીસ, ચોવીસ, પચ્ચીસ, છવ્વીસ, સત્તાવીસ અને અઠ્ઠાવીસ પ્રકૃતિસ્થાનોને છોડી બાકીનાનો પ્રતિગ્રહ થાય છે.[૧]

બાવીસ, પંદર, અગીઆર અને ઓગણીસ આ ચાર પ્રકૃતિસ્થાનોમાં છવ્વીસ અને સત્તાવીસ પ્રકૃતિસ્થાનોનો નિયમતઃ સંક્રમ થાય છે. સત્તર અને એકવીસ પ્રકૃતિસ્થાનોમાં પચ્ચીસ પ્રકૃતિસ્થાનનો નિયમતઃ સંક્રમ થાય છે. આ સંક્રમસ્થાન નિયમતઃ ચારે ગતિઓમાં અને ત્રણ પ્રકારના દૃષ્ટિગતો (મિથ્યાદૃષ્ટિ, સાસાદનસમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ)માં હોય છે.[૨] આ પ્રકારે અન્ય પ્રકૃતિસ્થાનોના સંક્રમના વિશે પણ સામાન્ય નિર્દેશ કરવામાં આવ્યો છે.[૩]

આગળ ઉપર એ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે એક એક પ્રતિગ્રહસ્થાન, સંક્રમસ્થાન અને તદુભયસ્થાનની દૃષ્ટિએ વિચાર કરતાં ભવ્ય અને અભવ્ય જીવો કયા કયા સ્થાનોમાં હોય છે, ઔદયિક વગેરે પાંચ પ્રકારના ભાવોથી વિશિષ્ટ ગુણસ્થાનોમાંથી કયા ગુણસ્થાનમાં કેટલાં સંક્રમસ્થાનો હોય છે, કેટલાં પ્રતિગ્રહસ્થાનો હોય છે અને કયા સંક્રમસ્થાન કે પ્રતિગ્રહસ્થાનની સમાપ્તિ કેટલા કાળથી થાય છે?[૪]

નરકગતિ, દેવગતિ અને (સંજ્ઞીતિર્યંચ) પંચેન્દ્રિયોમાં પાંચ જ સંક્રમસ્થાનો હોય છે. મનુષ્યગતિમાં બધાં સંક્રમસ્થાનો હોય છે. બાકીના અસંજ્ઞીઓમાં ત્રણ સંક્રમસ્થાનો હોય છે. મિથ્યાત્વગુણસ્થાનમાં ચાર, સમ્યગ્મિથ્યાત્વગુણસ્થાનમાં બે, સમ્યક્ત્વગુણસ્થાનોમાં તેવીસ, વિરતગુણસ્થાનોમાં બાવીસ, વિરતાવિરતગુણસ્થાનમાં પાંચ, અવિરતગુણસ્થાનમાં છ, શુક્લલેશ્યામાં તેવીસ, તેજોલેશ્યા અને પદ્મલેશ્યામાં છ, કપોતલેશ્યા, નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યામાં પાંચ, અપગતવેદ, નપુંસકવેગ, સ્ત્રીવેદ અને પુરુષવેદમાં ક્રમશઃ અઢાર, નવ, અગીઆર અને તેર, ક્રોધ વગેરે ચાર કષાયોમાં ક્રમશઃ સોળ, ઓગણીસ, તેવીસ અને તેવીસ, ત્રિવિધ જ્ઞાન (મતિ, શ્રુત અને અવધિ)માં તેવીસ, એક જ્ઞાન (મનઃપર્યય)માં એકવીસ, ત્રિવિધ અજ્ઞાન (કુમતિ, કુશ્રુત અને વિભંગ)માં પાંચ, આહારક અને ભવ્યમાં તેવીસ તથા અનાહારકમાં પાંચ સંક્રમસ્થાનો હોય છે. અભવ્યમાં એક જ સંક્રમસ્થાન હોય છે.[૫] આગળ એ

૧. ગાથા ૨૭-૨૮ ૨. ગાથા ૨૯-૩૦

૩. ગાથા ૩૧-૩૯; ગાથા ૨૭-૩૯ શિવશર્મકૃત કર્મપ્રકૃતિના સંક્રમણકરણ પ્રકરણની ગાથા ૧૦-૨૨ સાથે મળતી છે.

૪. ગાથા ૪૦-૪૧

૫. ગાથા ૪૨-૪૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ બતાવવામાં આવ્યું છે કે કયા કયા જીવોમાં કયાં કયાં સંક્રમસ્થાનો હોતા નથી.[૧]

વેદક અર્થાધિકારમાં નીચે જણાવેલા પ્રશ્નો વિચારણીય દર્શાવાયા છે :

કયો જીવ કેટલી કર્મપ્રકૃતિઓને ઉદયાવલીમાં પ્રવેશ કરાવે છે ? કયો જીવ કઈ સ્થિતિમાં પ્રવેશક બને છે ?કયો જીવ કયા અનુભાગમાં પ્રવેશક બને છે ? એમનો સાન્તર અને નિરન્તર કાળ કેટલો હોય છે ? તે સમયે કયો જીવ વધુમાં વધુ તથા કયો જીવ ઓછામાં ઓછા કર્મોની ઉદીરણા કરે છે ? પ્રતિસમય ઉદીરણા કરતો તે જીવ કેટલા સમય સુધી નિરન્તર ઉદીરણા કરતો રહે છે ? જે જીવ સ્થિતિ, અનુભાગ અને પ્રદેશાગ્રમાં જેનું સંક્રમણ કરે છે, જેને બાંધે છે તથા જેની ઉદીરણા કરે છે તે કોનાથી અધિક હોય છે ?[૨]

ઉપયોગ અર્થાધિકારમાં નીચે જણાવેલ પ્રશ્નોનો નિર્દેશ કરવામાં આવ્યો છેઃ

કયા કષાયમાં કેટલા સમય સુધી ઉપયોગ હોય છે ? કયો ઉપયોગકાલ કોનાથી અધિક છે ? કોણ કયા કષાયમાં નિરન્તર ઉપયોગયુક્ત રહે છે ? એક ભવગ્રહણમાં તથા એક કષાયમાં કેટલા ઉપયોગો હોય છે અને એક ઉપયોગમાં તથા એક કષાયમાં કેટલા ભવો હોય છે ? કયા કષાયમાં કેટલી ઉપયોગવર્ગણાઓ હોય છે અને કઈ ગતિમાં કેટલી વર્ગણાઓ હોય છે ? એક અનુભાગમાં અને એક કષાયમાં એક કાળની અપેક્ષાએ કઈ ગતિ સદશરૂપથી ઉપયુક્ત હોય છે તથા કઈ ગતિ વિસદશરૂપથી ઉપયુક્ત હોય છે ? સદશ કષાયવર્ગણાઓમાં કેટલા જીવો ઉપયુક્ત છે, ઈત્યાદિ ?[૩]

ચતુઃસ્થાન અર્થાધિકારમાં ગ્રન્થકારે દર્શાવ્યું છે કે ક્રોધ, માન, માયા અને લોભના ચાર ભેદ છે. ક્રોધના ચાર ભેદ છે : નગરાજિ, પૃથિવીરાજિ, વાલુકારાજિ અને ઉદકરાજિ સમાન. માનના ચાર ભેદ છે : શૈલઘન, અસ્થિ, દારુ અને લતા સમાન. માયાના ચાર ભેદ છે : વાંસનાં મૂળ, ઘેટાનાં શિંગડાં, ગોમૂત્ર અને અવલેખની સમાન. લોભના ચાર ભેદ છે : કૃમિરાગ, અક્ષમલ, પાંશુલેપ અને હારિદ્રવસ્ત્ર સમાન.[૪]

વ્યંજન અર્થાધિકારમાં ક્રોધ, માન, માયા અને લોભના એકાર્થક પદો દર્શાવ્યાં છે. ક્રોધ, કોપ, રોષ, અક્ષમા, સંજ્વલન, કલહ, વૃદ્ધિ, ઝંઝા, દ્વેષ અને

૧. ગાથા ૪૯-૫૪

૨. ગાથા ૫૯-૬૨

૩. ગાથા ૬૩-૬૯

૪. ગાથા ૭૦-૭૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવાદ એકાર્થક છે. માન, મદ, દર્પ, સ્તમ્ભ, ઉત્કર્ષ, પ્રકર્ષ, સમુત્કર્ષ, આત્મોત્કર્ષ, પરિભવ અને ઉત્સિક્ત એકાર્થક છે. માયા, સાતિયોગ, નિકૃતિ, વંચના, અનૃજુતા, ગ્રહણ, મનોજ્ઞમાર્ગણ, કલ્ક, કુહક, ગૂહન અને છન્ન એકાર્થક છે. કામ, રાગ, નિદાન, છન્દ, સ્વત, પ્રેય, દ્વેષ, સ્નેહ, અનુરાગ, આશા, ઈચ્છા, મૂર્ચ્છા, ગૃદ્ધિ, શાશ્વત, પ્રાર્થના, લાલસા, અવિરતિ, તૃષ્ણા, વિદ્યા અને જિહ્વા – આ વીસ પદ લોભના પર્યાયવાચી છે.[1]

દર્શનમોહોપશામના અર્થાધિકારમાં આચાર્યે નીચે જણાવેલા પ્રશ્નોનું સમાધાન કર્યું છે :

દર્શનમોહના ઉપશામકનો પરિણામ કેવો હોય છે ? કયા યોગ, કષાય અને ઉપયોગમાં રહેલ, કઈ લેશ્યાથી યુક્ત અને કયા વેદવાળો જીવ દર્શનમોહનો ઉપશામક હોય છે ? દર્શનમોહોપશામકનાં પૂર્વબદ્ધ કર્મ કયાં કયાં છે ? તે કયા કયા નવા કર્માંશોને બાંધે છે ? તે કઈ કઈ પ્રકૃતિઓનો પ્રવેશક છે ? ઉપશમનકાલ પહેલાં બન્ધ કે ઉદયની અપેક્ષાએ કયા કયા કર્માંશ ક્ષીણ થાય છે ? ક્યાં આગળ અન્તર હોય છે ? ક્યાં કર્મોનું ઉપશમન થાય છે ? ઉપશામક કયા કયા સ્થિતિ-અનુભાગ વિશિષ્ટ કયાં કયાં કર્મોનું અપવર્તન કરીને કયા સ્થાનને પ્રાપ્ત કરે છે ? અવશિષ્ટ કર્મો કઈ સ્થિતિ અને અનુભાગને પામે છે ?[2]

દર્શનમોહક્ષપણા અર્થાધિકારમાં આચાર્યે દર્શાવ્યું છે કે નિયમતઃ કર્મભૂમિમાં ઉત્પન્ન અને મનુષ્યગતિમાં રહેલો જીવ જ દર્શનમોહની ક્ષપણાનો પ્રસ્થાપક હોય છે અર્થાત્ પ્રારંભ કરનારો હોય છે પરંતુ તેનો નિષ્ઠાપક એટલે કે પૂર્ણ કરનારો ચારે ગતિઓમાં હોય છે. મિથ્યાત્વવેદનીય કર્મ સમ્યક્ત્વપ્રકૃતિમાં અપવર્તિત એટલે કે સંક્રમિત હોતાં જીવ દર્શનમોહની ક્ષપણાનો પ્રસ્થાપક બને છે. તે ઓછામાં ઓછું તેજોલેશ્યામાં વર્તમાન હોય છે તથા અન્તર્મુહૂર્ત સુધી દર્શનમોહની નિયમતઃ ક્ષપણા કરે છે. દર્શનમોહ ક્ષીણ થતાં દેવ અને મનુષ્ય સંબંધી નામકર્મ તથા આયુકર્મનો અમુક અપેક્ષાએ બંધ કરે છે અને અમુક અપેક્ષાએ બંધ નથી પણ કરતો. જીવ જે ભવમાં ક્ષપણનો પ્રસ્થાપક બને છે તેનાથી અન્ય ત્રણ ભવોનું નિયમતઃ ઉલ્લંઘન નથી કરતો. દર્શનમોહ

૧. ગાથા ૮૬-૯૦

૨. ગાથા ૯૧-૯૪

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષીણ થઈ જતાં ત્રણ ભવોમાં જીવ નિયમતઃ મુક્ત થઈ જાય છે. મનુષ્યોમાં ક્ષીણમોહ જીવો નિયમતઃ સંખ્યેય સહસ્ર હોય છે. બીજી ગતિઓમાં ક્ષીણમોહ જીવો નિયમતઃ અસંખ્યેય હોય છે.[1]

સંયમાસંયમલબ્ધિ અને ચારિત્રલબ્ધિ અર્થાધિકારોમાં એક જ ગાથા છે. તે ગાથામાં દર્શાવ્યું છે કે સંયમાસંયમ એટલે કે દેશસંયમ અને ચારિત્ર એટલે કે સકલ સંયમની પ્રાપ્તિનો, તેમની ઉત્તરોત્તર વૃદ્ધિનો અને પૂર્વબદ્ધ કર્મોની ઉપશામનાનો વિચાર કરવો જોઈએ.[2]

ચારિત્રમોહોપશમના અર્થાધિકારમાં નીચે જણાવેલા પ્રશ્નોનું સમાધાન કરી લેવા કહેવામાં આવ્યું છે[3] :

ઉપશામના કેટલા પ્રકારની હોય છે ? ઉપશમ કયા કયા કર્મનો થાય છે ? કયું કયું કર્મ ઉપશાન્ત રહે છે ? કયું કયું કર્મ અનુપશાન્ત રહે છે ? સ્થિતિ, અનુભાગ અને પ્રદેશાગ્રનો કેટલો ભાગ ઉપશમિત થાય છે, કેટલો ભાગ સંક્રમિત અને ઉદીરિત થાય છે તથા કેટલો ભાગ બાંધે છે ? કેટલા સમય સુધી ઉપશમન થાય છે ? કેટલા સમય સુધી સંક્રમણ થાય છે? કેટલા સમય સુધી ઉદીરણા થાય છે ? કયું કર્મ કેટલા સમય સુધી ઉપશાન્ત કે અનુપશાન્ત રહે છે ? કયું કરણ વ્યુચ્છિન્ન થાય છે ? કયું કરણ અવ્યુચ્છિન્ન રહે છે ? કયું કરણ ઉપશાન્ત થાય છે ? કયું કરણ અનુપશાન્ત રહે છે? પ્રતિપાત કેટલા પ્રકારનો હોય છે ? પ્રતિપાત કયા કષાયમાં હોય છે ? પ્રતિપતિત થતો જીવ કયા કર્માંશોનો બન્ધક બને છે ?[4]

ચારિત્રમોહક્ષપણા અધિકારમાં ગ્રંથકારે દર્શાવ્યું છે કે સંક્રમણપ્રસ્થાપકના મોહનીય કર્મની બે સ્થિતિઓ હોય છે જેમનું પ્રમાણ મુહૂર્તથી કંઈક ઓછું હોય છે. તેની પછી નિયમતઃ અન્તર હોય છે. જે કર્માંશો ક્ષીણ સ્થિતિવાળા છે તેમનું જીવ બંને સ્થિતિઓમાં વેદન કરે છે. જેમનું વેદન તે નથી કરતો તેમને તો બીજી સ્થિતિમાં જ જાણવા જોઈએ. સંક્રમણપ્રસ્થાપકનાં પૂર્વબદ્ધ કર્મો મધ્યમ સ્થિતિઓમાં મળે છે. અનુભાગોમાં સાતાવેદનીય, શુભનામ અને ઉચ્ચગોત્ર કર્મ ઉત્કૃષ્ટ રૂપમાં મળે છે, ઈત્યાદિ.[5]

૧. ગાથા ૯૧-૯૪. આ પ્રકરણની ગાથાઓ ૧૦૦, ૧૦૩, ૧૦૪ અને ૧૦૫ શિવશર્મકૃત કર્મપ્રકૃતિના ઉપશમનાકરણ પ્રકરણની ગાથાઓ ૨૩-૨૬ સાથે મળતી આવે છે.

૨. ગાથા ૧૧૦-૧૧૪ ૩. ગાથા ૧૧૫ ૪. ગાથા ૧૧૬-૧૨૦

૫. ગાથા ૧૨૧-૨૩૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્તમાં ક્ષપણાધિકારચૂલિકાના રૂપમાં મળતી બાર સંગ્રહગાથાઓમાં ક્ષપકશ્રેણી વિશે વિશેષ પ્રકાશ પાડતાં કહેવામાં આવ્યું છે કે જીવ અનન્તાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વ આ સાત કર્મપ્રકૃતિઓનો ક્ષય ક્ષપકશ્રેણી પર ચઢતાં પહેલાં જ કરે છે. ક્ષપકશ્રેણી ઉપર ચઢતાં અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં અન્તરકરણથી પહેલાં આઠ મધ્યમ કષાયોનો જીવ ક્ષય કરે છે. ત્યાર પછી જીવ નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ ષટ્ક તથા પુરુષવેદનો ક્ષય કરે છે. અને ત્યાર બાદ સંજ્વલન ક્રોધ વગેરેનો ક્ષય કરે છે, ઈત્યાદિ.[1]

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. કસાયપાહુડ સુત્ત, પૃ. ૮૯૭-૮૯૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કષાયપ્રાભૃતની વ્યાખ્યાઓ

ઈન્દ્રનન્દિકૃત શ્રુતાવતારમાં ઉલ્લેખ છે કે આચાર્ય ગુણધરે કષાયપ્રાભૃતની રચના કરીને નાગહસ્તી અને આર્યમંક્ષુને તેનું વ્યાખ્યાન આપ્યું. યતિવૃષભે તેમની પાસેથી કષાયપ્રાભૃત ભણી તેના ઉપર છ હજાર શ્લોકપ્રમાણ ચૂર્ણિસૂત્ર લખ્યાં. યતિવૃષભના તે ચૂર્ણિસૂત્રોનું અધ્યયન કરી ઉચ્ચારણાચાર્યે (પદપરક નામ) ચૂર્ણિસૂત્રો ઉપર બાર હજાર શ્લોકપ્રમાણ ઉચ્ચારણસૂત્રોની રચના કરી.[1] તે પછી બહુ કાળ વીત્યા બાદ આચાર્ય શામકુંડે ષટ્ખંડાગમ અને કષાયપ્રાભૃતનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી મહાબન્ધ નામના છઠ્ઠા ખંડ અતિરિક્ત બંને ગ્રંથો ઉપર બાર હજાર શ્લોકપ્રમાણ પ્રાકૃત-સંસ્કૃત-કન્નડમિશ્રિત પદ્ધતિરૂપ વૃત્તિ રચી. તે પછી બહુ સમય વીતી ગયા પછી તુમ્બુલૂરાચાર્યે પણ ષટ્ખંડાગમના પ્રથમ પાંચ ખંડ તથા કષાયપ્રાભૃત ઉપર કન્નડમાં ચોરાશી હજાર શ્લોકપ્રમાણ ચૂડામણિ નામની બૃહત્કાય વ્યાખ્યા લખી. તે પછી બહુ કાળ વીતી ગયા પછી બપ્પદેવ ગુરુએ ષટ્ખંડાગમ અને કષાયપ્રાભૃત ઉપર અડસઠ હજાર શ્લોકપ્રમાણ પ્રાકૃત ટીકા લખી. તે પછી બહુ કાળ વીતી ગયા પછી વીરસેનગુરુએ ષટ્ખંડાગમના પાંચ ખંડો ઉપર બોત્તેર હજાર શ્લોકપ્રમાણ પ્રાકૃતસંસ્કૃતમિશ્રિત ધવલા ટીકા લખી. તે પછી કષાયપ્રાભૃતની ચાર વિભક્તિઓ પર આ પ્રકારની વીસ હજાર શ્લોકપ્રમાણ જયધવલા ટીકા લખીને તે સ્વર્ગવાસી થયા. આ અપૂર્ણ જયધવલાને તેમના જ શિષ્ય જયસેને (જિનસેને) ચાલીસ હજાર શ્લોકપ્રમાણ વધુ ટીકા લખી પૂર્ણ કરી.[2]

શ્રુતાવતારના આ ઉલ્લેખથી પ્રકટ થાય છે કે કષાયપ્રાભૃત ઉપર નીચે જણાવેલી ટીકાઓ લખાઈ હતી :

૧. આચાર્ય યતિવૃષભકૃત ચૂર્ણિસૂત્ર, ૨. ઉચ્ચારણાચાર્યકૃત ઉચ્ચારણવૃત્તિ અથવા મૂલ ઉચ્ચારણા, ૩. આચાર્ય શામકુંડકૃત પદ્ધતિ ટીકા, ૪. તુમ્બુલૂરાચાર્યકૃત

---

૧. આ બંનેની રચના પ્રાકૃત ભાષામાં થઈ છે.

૨. જુઓ ષટ્ખંડાગમ, પુસ્તક ૧, પ્રસ્તાવના, પૃ. ૪૬-૫૩; કસાયપાહુડ, ભાગ ૧, પ્રસ્તાવના, પૃ. ૯-૧૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૂડામણિ વ્યાખ્યા, ૫. બપ્પદેવગુરુકૃત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવૃત્તિ, ૬. આચાર્ય વીરસેન જિનસેનકૃત જયધવલા ટીકા.

આ છ ટીકાઓમાંથી પ્રથમ અને અંતિમ એટલે કે ચૂર્ણિસૂત્ર અને જયધવલા આ બે ટીકાઓ અત્યારે ઉપલબ્ધ છે.

## યતિવૃષભકૃત ચૂર્ણિ

ધવલા ટીકામાં કષાયપ્રાભૃત અને ચૂર્ણિસૂત્ર અર્થાત્ કષાયપ્રાભૃતચૂર્ણિનો અહીંતહીં અનેક વાર ઉલ્લેખ થયો છે. તેમાં કહ્યું છે કે વિપુલાચલના શિખર ઉપર વર્તમાન અને ત્રિકાલગોચર છ દ્રવ્યોને પ્રત્યક્ષ જાણનાર વર્ધમાન ભટ્ટારકે ગૌતમ સ્થવિરને માટે પ્રરૂપિત કરેલો અર્થ આચાર્યપરંપરા દ્વારા ગુણધર ભટ્ટારકને પ્રાપ્ત થયો. તેમની પાસેથી તે અર્થ આચાર્યપરંપરા દ્વારા આર્યમંક્ષુ અને નાગહસ્તી ભટ્ટારકોની પાસે આવ્યો. તે બંનેએ ક્રમશઃ યતિવૃષભ ભટ્ટારક માટે તેનું વ્યાખ્યાન કર્યું. યતિવૃષભે શિષ્યો ઉપર ઉપકાર કરવા તે અર્થને ચૂર્ણિસૂત્રમાં નિબદ્ધ કર્યો.[1]

યતિવૃષભનો સમય વિભિન્ન અનુમાનોના આધારે વિક્રમની છઠ્ઠી સદી મનાય છે.[2] તિલોયપણ્ણત્તિ – ત્રિલોકપ્રજ્ઞપ્તિ પણ તેમની કૃતિ છે.

અર્થાધિકાર – કષાયપ્રાભૃતચૂર્ણિના પ્રારંભમાં લખ્યું છે કે જ્ઞાનપ્રવાદ પૂર્વની દસમી વસ્તુના ત્રીજા પ્રાભૃતનો ઉપક્રમ પાંચ પ્રકારનો છે : આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા અને અર્થાધિકાર. આનુપૂર્વી ત્રણ પ્રકારની છે. નામ છ પ્રકારના છે. પ્રમાણના સાત પ્રકાર છે. વક્તવ્યતાના ત્રણ પ્રકાર છે. અર્થાધિકારના પંદર પ્રકાર છે.[3]

બે નામ – પ્રસ્તુત પ્રાભૃતના બે નામ છે – પેજ્જદોસપાહુડ (પ્રેયોદ્વેષપ્રાભૃત) અને કસાયપાહુડ (કષાયપ્રાભૃત). આ બે નામમાંથી પ્રેયોદ્વેષપ્રાભૃત નામ

---

૧. ષટ્ખંડાગમ, પુસ્તક ૧૨, પૃ. ૨૩૧-૨૩૨.

૨. કસાયપાહુડ, ભાગ ૧, પ્રસ્તાવના, પૃ. ૩૮-૬૩; કસાયપાહુડ સુત્ત, પ્રસ્તાવના, પૃ. ૫૭-૫૯

૩. णाणप्पवादस्स पुव्वस्स दसमस्स वत्थुस्स तदियस्स पाहुडस्स पंचविहो उवक्कमो । तं जहा— आणुपुव्वी णामं पमाणं वत्तव्वदा अत्थाहियारो चेदि । आणुपुव्वी तिविहा । णामं छव्विहं । पमाणं सत्तविहं । वत्तव्वदा तिविहा । अत्थाहियारो पण्णारसविहो । કસાયપાહુડ સુત્ત, પૃ. ૨-૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિવ્યાહરણનિષ્પન્ન (અર્થાનુસારી) છે, જ્યારે કષાયપ્રાભૃત નામ નયનિષ્પન્ન (નયાનુસારી) છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવપૂર્વક પ્રેયનો નિક્ષેપ કરવો જોઈએ. નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય બધા નિક્ષેપોનો સ્વીકાર કરે છે. ઋજુસૂત્ર નય સ્થાપનાને છોડી બાકીના બધા નિક્ષેપોનો સ્વીકાર કરે છે. નામનિક્ષેપ અને ભાવનિક્ષેપ શબ્દનયના વિષયો છે. દ્વેષનો નિક્ષેપ પણ ચાર પ્રકારનો છે : નામદ્વેષ, સ્થાપનાદ્વેષ, દ્રવ્યદ્વેષ અને ભાવદ્વેષ. કષાયનો નિક્ષેપ આઠ પ્રકારનો છે : નામકષાય, સ્થાપનાકષાય, દ્રવ્યકષાય, પ્રત્યયકષાય, સમુત્પત્તિકષાય, આદેશકષાય, રસકષાય અને ભાવકષાય. પ્રાભૃતનો નિક્ષેપ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારનો છે.[1] 'પ્રાભૃત'ની નિરુક્તિ શી છે ? જે પદો વડે ફુડ-સ્ફુટ અર્થાત્ સંપૃક્ત, આભૃત કે ભરપુર હોય તેને પાહુડ – પ્રાભૃત કહે છે : पाहुडेत्ति का णिरुत्ती ? जम्हा पदेहि पुदं (फुडं) तम्हा पाहुडं ।[2]

દ્વેષ અને પ્રેય – નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ચારે ગતિઓના જીવ દ્વેષના સ્વામી હોય છે. એ જ રીતે પ્રેયના સ્વામી પણ જાણવા જોઈએ. દ્વેષ જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળની અપેક્ષાએ અન્તર્મુહૂર્ત સુધી હોય છે. આ રીતે પ્રેયનો કાળ જાણવો જોઈએ. આ કથન ઓઘની અર્થાત્ સામાન્યની દૃષ્ટિએ છે. આદેશની અર્થાત્ વિશેષની દૃષ્ટિએ નારકીઓમાં પ્રેય અને દ્વેષ જઘન્ય કાળની અપેક્ષાએ એક સમય તથા ઉત્કૃષ્ટ કાળની અપેક્ષાએ અન્તર્મુહૂર્ત સુધી હોય છે. આ રીતે બાકીનાં અનુયોગદ્વારો જાણવા જોઈએ.[3]

JAINSITE .com.in
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રકૃતિવિભક્તિ – કષાયપ્રાભૃતની ગાથા 'पयडीए मोहणिज्जा विहत्ती...' નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકારે દર્શાવ્યું છે કે પ્રકૃતિવિભક્તિ બે પ્રકારની છે : મૂલપ્રકૃતિવિભક્તિ અને ઉત્તરપ્રકૃતિવિભક્તિ. મૂલપ્રકૃતિવિભક્તિનાં સ્વામિત્વ, કાલ, અન્તર વગેરે આઠ અનુયોગદ્વારો છે. ઉત્તરપ્રકૃતિવિભક્તિના બે ભેદ છે : એકૈકઉત્તરપ્રકૃતિવિભક્તિ અને પ્રકૃતિસ્થાનઉત્તરપ્રકૃતિવિભક્તિ. એકૈકઉત્તરપ્રકૃતિવિભક્તિનાં સ્વામિત્વ વગેરે અગીઆર અનુયોગદ્વારો છે. પ્રકૃતિસ્થાનઉત્તરપ્રકૃતિવિભક્તિનાં સ્વામિત્વ વગેરે તેર અનુયોગદ્વારો છે.[4]

સ્થિતિવિભક્તિ – પ્રકૃતિવિભક્તિની જેમ જ સ્થિતિવિભક્તિ પણ બે પ્રકારની છેઃ મૂલપ્રકૃતિસ્થિતિવિભક્તિ અને ઉત્તરપ્રકૃતિસ્થિતિવિભક્તિ. આ બંને પ્રકારોનાં સર્વવિભક્તિ, નોસર્વવિભક્તિ, ઉત્કૃષ્ટવિભક્તિ, અનુત્કૃષ્ટવિભક્તિ આદિ ચોવીસ ચોવીસ અનુયોગદ્વારો છે.[5]

૧. એજન, પૃ. ૧૯-૨૮ ૨. એજન, પૃ. ૨૯ ૩. એજન, પૃ. ૪૦-૪૧
૪. એજન, પૃ. ૪૯-૫૭ ૫. એજન, પૃ. ૮૦-૯૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુભાગવિભક્તિ અને પ્રદેશવિભક્તિ — ચૂર્ણિકારે પ્રકૃતિવિભક્તિ અને સ્થિતિવિભક્તિની જેમ જ અનુભાગવિભક્તિ તથા પ્રદેશવિભક્તિનું પણ અનુયોગદ્વારો દ્વારા વિવેચન કર્યું છે.

ક્ષીણાક્ષીણાધિકાર — કર્મપ્રદેશોની ક્ષીણાક્ષીણસ્થિતિકતાનો વિચાર કરતાં ચૂર્ણિકારે દર્શાવ્યું છે કે કર્મપ્રદેશો અપકર્ષણથી ક્ષીણસ્થિતિક છે, ઉત્કર્ષણથી ક્ષીણસ્થિતિક છે, સંક્રમણથી ક્ષીણસ્થિતિક છે અને ઉદયથી ક્ષીણસ્થિતિક છે. કયા કર્મપ્રદેશો અપકર્ષણથી ક્ષીણસ્થિતિક છે ? જે કર્મપ્રદેશો ઉદયાવલીની અંદર રહેલા છે તે અપકર્ષણથી ક્ષીણસ્થિતિક છે. ઉદયાવલીની બહાર રહેલા કર્મપ્રદેશ અપકર્ષણથી અક્ષીણસ્થિતિક છે. બીજા શબ્દોમાં, ઉદયાવલીની અંદર રહેલા કર્મપ્રદેશોની સ્થિતિનું અપકર્ષણ (હ્રાસ) થઈ શકતું નથી પરંતુ જે કર્મપ્રદેશો ઉદયાવલીની બહાર રહેલા છે તેમની સ્થિતિને ઘટાડી શકાય છે. કયા કર્મપ્રદેશો ઉત્કર્ષણથી ક્ષીણસ્થિતિક છે ? જે કર્મપ્રદેશો ઉદયાવલીમાં પ્રવેશેલા છે તે ઉત્કર્ષણથી ક્ષીણસ્થિતિક છે, ઈત્યાદિ.[૧]

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સ્થિતિક-અધિકાર — ક્ષીણાક્ષીણાધિકાર પછી ચૂર્ણિકારે સ્થિતિકઅધિકારનું વિવેચન ત્રણ અનુયોગદ્વારોમાં કર્યું છે. આ અનુયોગદ્વારોનાં નામ આ પ્રમાણે છે: સમુત્કીર્તના, સ્વામિત્વ અને અલ્પબહુત્વ.[૨]

બન્ધક-અર્થાધિકાર — બન્ધક નામના અર્થાધિકારમાં બે અનુયોગદ્વારો છે : બંધ અને સંક્રમ.[૩]

સંક્રમ-અર્થાધિકાર — સંક્રમનો ઉપક્રમ પાંચ પ્રકારનો છે : આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા અને અર્થાધિકાર.[૪] ચૂર્ણિકારે આ પ્રકરણમાં સંક્રમની વિવિધ દૃષ્ટિઓથી વિવેચના કરી છે.

વેદક-અર્થાધિકાર — વેદક નામના અર્થાધિકારમાં બે અનુયોગદ્વાર છે : ઉદય અને ઉદીરણા. એમાં ચાર સૂત્રગાથાઓ છે.[૫] એમાંની પહેલી ગાથા પ્રકૃતિઉદીરણા અને પ્રકૃતિઉદય સાથે સંબંધ ધરાવે છે.[૬]

ઉપયોગ-અર્થાધિકાર — ઉપયોગ નામના અર્થાધિકાર સાથે સંબંધ ધરાવતી સાત ગાથાઓની વિભાષા કરતાં ચૂર્ણિકારે દર્શાવ્યું છે કે ક્રોધ, માન, માયા અને

---

૧. એજન, પૃ. ૨૧૩-૨૩૪ ૨. એજન, પૃ. ૨૩૫-૨૪૭ ૩. એજન, પૃ. ૨૪૮-૨૪૯
૪. એજન, પૃ. ૨૫૦ ૫. એજન, પૃ. ૪૬૫ ૬. એજન, પૃ. ૪૬૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભનો જઘન્ય તથા ઉત્કૃષ્ટ બંને પ્રકારનો કાળ અન્તર્મુહૂર્ત છે. ગતિઓમાં નિષ્ક્રમણ અને પ્રવેશની અપેક્ષાએ તેમનો કાળ એક સમય પણ હોય છે.[1] સામાન્યપણે માનનો જઘન્યકાળ સૌથી ઓછો છે. ક્રોધનો જઘન્ય કાળ માનના જઘન્ય કાળથી વિશેષ અધિક છે. માયાનો જઘન્ય કાળ ક્રોધના જઘન્ય કાળથી વિશેષ અધિક છે. લોભનો જઘન્ય કાળ માયાના જઘન્ય કાળથી વિશેષ અધિક છે. માનનો ઉત્કૃષ્ટ કાળ લોભના જઘન્ય કાળથી સંખ્યેય ગણો છે. ક્રોધનો ઉત્કૃષ્ટ કાળ માનના ઉત્કૃષ્ટ કાળથી વિશેષ અધિક છે, ઈત્યાદિ.[2] ચોથી ગાથાની વિભાષામાં આચાર્યે બે પ્રકારના ઉપદેશોનું અનુસરણ કર્યું છે: પ્રવાહ્યમાન ઉપદેશ અને અપ્રવાહ્યમાન ઉપદેશ.[3]

ચતુ:સ્થાન-અર્થાધિકાર – ચતુ:સ્થાન નામના અર્થાધિકારની ચૂર્ણિના પ્રારંભમાં એકૈકનિક્ષેપ અને સ્થાનનિક્ષેપપૂર્વક 'ચતુ:સ્થાન' પદની વિભાષા કરવામાં આવી છે.[4] તે પછી ગાથાઓનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.[5]

આ પ્રમાણે બાકીના અર્થાધિકારોનું પણ ચૂર્ણિકારે ક્યાંક સંક્ષેપમાં તો ક્યાંક વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કર્યું છે.

## વીરસેન-જયસેનકૃત જયધવલા

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જયધવલા ટીકા કષાયપ્રાભૃત મૂળ તથા તેની ચૂર્ણિ બંને ઉપર છે. જયધવલાના અંતે મળતી પ્રશસ્તિમાં તેના રચનાર, રચનાકાળ વગેરે વિશે પૂરતો પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રશસ્તિમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ગ્રન્થનો પૂર્વાર્ધ ગુરુ વીરસેને રચ્યો છે અને ઉત્તરાર્ધ શિષ્ય જિનસેને. અહીં પૂર્વાર્ધથી તાત્પર્ય છે પહેલો હિસ્સો અને ઉત્તરાર્ધથી તાત્પર્ય છે પછીનો હિસ્સો. શ્રુતાવતારમાં આચાર્ય ઈન્દ્રનન્દિએ સ્પષ્ટ લખ્યું છે કે કષાયપ્રાભૃતની ચાર વિભક્તિઓ ઉપર વીસ હજાર શ્લોકપ્રમાણ ટીકા લખીને વીરસેનસ્વામી સ્વર્ગવાસી થયા. તે પછી તેમના શિષ્ય જયસેને (જિનસેને) ચાલીસ હજાર શ્લોકપ્રમાણ ટીકા વધુ લખી આ ગ્રન્થ પૂરો કર્યો. આ રીતે પ્રસ્તુત ટીકા જયધવલા સાઠ હજાર શ્લોકપ્રમાણ બૃહત્કાય ગ્રન્થ છે. આ ગ્રન્થ પણ ધવલાની જેમ વિવિધ વિષયોથી પરિપૂર્ણ એક મહત્ત્વપૂર્ણ કૃતિ છે. આચાર્યે એનું નામ પણ ગ્રન્થના ગુણોને અનુરૂપ જ ધવલાની સાથે

---

૧. એજન, પૃ. ૫૬૦-૫૬૧  
૨. એજન, પૃ. ૫૬૧-૫૬૨  
૩. એજન, પૃ. ૫૮૦-૫૮૧  
૪. એજન, પૃ. ૬૦૬-૬૦૮  
૫. એજન, પૃ. ૬૦૮-૬૧૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જય વિશેષણ જોડી જયધવલા રાખ્યું છે. આ નામનો ઉલ્લેખ ટીકાકારે પોતે ગ્રન્થના અન્તે કર્યો છે.

જયધવલાની રચના શક સંવત્ ૭૫૯ના ફાગણ સુદ દસમના દિવસે પૂર્ણ થઈ, એમ તેની પ્રશસ્તિમાં લખ્યું છે. આ ટીકા ગુર્જરાર્યાનુપાલિત વાટગ્રામપુરમાં રાજા અમોઘવર્ષના રાજ્યકાળમાં લખાઈ છે.[૧]

મંગલાચરણ અને પ્રતિજ્ઞા – જયધવલા ટીકાના પ્રારંભમાં વીરસેનાચાર્યે ચન્દ્રપ્રભ જિનેશ્વરની સ્તુતિ કરી છે. પછી ચોવીસ તીર્થંકરો, વીર જિનેન્દ્ર, શ્રુતદેવી, ગણધરદેવો, ગુણધર ભટ્ટારક, આર્યમંક્ષુ, નાગહસ્તી અને યતિવૃષભને પ્રણામ કરીને પ્રસ્તુત વિવરણ લખવાની પ્રતિજ્ઞા કરી છે.[૨]

ગુણધર ભટ્ટારકે ગાથાસૂત્રોના પ્રારંભમાં તથા યતિવૃષભ સ્થવિરે ચૂર્ણિસૂત્રોના પ્રારંભમાં મંગલ કેમ નથી કર્યું તેની જયધવલાકારે યુક્તિયુક્ત ચર્ચા કરી છે.[૩]

પદપ્રમાણ – કષાયપ્રાભૃત અને કષાયપ્રાભૃતચૂર્ણિની રચનાનો ઉલ્લેખ કરતી વખતે જયધવલાકારે લખ્યું છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૮૩ વર્ષ બાદ થનારા બધા આચાર્યો અંગો અને પૂર્વોના એકદેશના જ્ઞાતા બન્યા. અંગો અને પૂર્વોનો એકદેશ જ આચાર્યપરંપરા દ્વારા ગુણધરાચાર્યને પ્રાપ્ત થયો. જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દસમી વસ્તુના ત્રીજા કષાયપ્રાભૃતરૂપી મહાસમુદ્રના પારને પામેલા ગુણધર ભટ્ટારકે ગ્રન્થવિચ્છેદના ભયથી સોળ હજાર પદપ્રમાણ[૪] પેજ્જદોસપાહુડ (કષાયપ્રાભૃત)નો માત્ર ૧૮૦ ગાથાઓમાં ઉપસંહાર કર્યો. વળી તે જ સૂત્રગાથાઓ આચાર્યપરંપરાથી ચાલી આવેલી આર્યમંક્ષુ અને નાગહસ્તીને પ્રાપ્ત થઈ. આ બંને આચાર્યોના પાદમૂલે બેસી તે ગાથાઓનો અર્થ સમ્યક્પણે સાંભળી પ્રવચનવત્સલ યતિવૃષભ ભટ્ટારકે ચૂર્ણિસૂત્રની રચના કરી.[૫]

આ ટીકામાં અન્યત્ર ટીકાકારે બતાવ્યું છે કે કષાયપ્રાભૃતની ગુણધરના મુખકમલમાંથી નીકળેલી ઉપસંહારરૂપ ગાથાઓ ૨૩૩ છે. યતિવૃષભના મુખારવિંદમાંથી નીકળેલાં ચૂર્ણિસૂત્ર છ હજાર પદપ્રમાણ છે.[૬]

---

૧. જુઓ કસાયપાહુડ, ભાગ ૧, પ્રસ્તાવના, પૃ. ૬૯-૭૭
૨. કસાયપાહુડ, ભાગ ૧, પૃ. ૧-૫
૩. એજન, પૃ. ૫-૯
૪. પદના સ્વરૂપ માટે જુઓ – એજન, પૃ. ૯૦-૯૨
૫. એજન, પૃ. ૮૭-૮૮
૬. એજન, પૃ. ૯૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કષાયપ્રાભૃતની ગાથાસંખ્યા વિશે ઉપર્યુક્ત બે જાતની માન્યતાઓનો ઉલ્લેખ કરતાં જયધવલાકારે બીજા પ્રકારની માન્યતાનું સમર્થન કર્યું છે. આ અંગે તેમણે લખ્યું છે કે કેટલાક વ્યાખ્યાનાચાર્યો કહે છે કે ૨૩૩ ગાથાઓમાંથી ૧૮૦ ગાથાઓને છોડી સમ્બન્ધ, અદ્ધાપરિમાણ અને સંક્રમણનો નિર્દેશ કરતી બાકીની ૫૩ ગાથાઓ આચાર્ય નાગહસ્તીએ લખી છે, તેથી જ 'गाहासदे असीदे' એમ કહીને નાગહસ્તીએ ૧૮૦ ગાથાઓનો ઉલ્લેખ કર્યો છે. તેમનું આ કથન યોગ્ય નથી. સમ્બન્ધ, અદ્ધાપરિમાણ અને સંક્રમનો નિર્દેશ કરતી ગાથાઓને છોડી કેવળ ૧૮૦ ગાથાઓ ગુણધર ભટ્ટારકકૃત માનતાં ગુણધરની અજ્ઞાનતાની આપત્તિ આવે. તેથી માનવું જોઈએ કે કષાયપ્રાભૃતની બધી જ ૨૩૩ ગાથાઓ ગુણધર ભટ્ટારકે રચી છે.[1] જયધવલાકારની આ દલીલ યોગ્ય લાગતી નથી.

કેવલજ્ઞાન અને કેવલદર્શન – જયધવલામાં એક સ્થાને કેવલજ્ઞાન અને કેવલદર્શનના યૌગપદ્યની સિદ્ધિના પ્રસંગે સિદ્ધસેનકૃત સન્મતિતર્કની અનેક ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે[2] અને એ દર્શાવવામાં આવ્યું છે કે અન્તરંગ ઉદ્યોત કેવલદર્શન છે તથા બહિરંગ પદાર્થોને વિષય કરનારો પ્રકાશ કેવલજ્ઞાન છે. આ બંને ઉપયોગોની યુગપત્ પ્રવૃત્તિ વિરુદ્ધ નથી કારણ કે ઉપયોગોની ક્રમિક પ્રવૃત્તિ કર્મનું કાર્ય છે. કર્મનો અભાવ થઈ જતાં ઉપયોગોની ક્રમિકતાનો પણ અભાવ થઈ જાય છે. તેથી નિરાવરણ કેવલજ્ઞાન અને કેવલદર્શન યુગપત્ પ્રવૃત્ત થાય છે, ક્રમશઃ નહિ.[3]

જૈનમ્ જયતિ શાસનમ્

બપ્પદેવાચાર્યલિખિતિ ઉચ્ચારણા

જયધવલાકાર વીરસેને એક સ્થાને બપ્પદેવાચાર્યલિખિત ઉચ્ચારણાવૃત્તિનો ઉલ્લેખ કર્યો છે અને ઉચ્ચારણાચાર્યલિખિત ઉચ્ચારણવૃત્તિથી તેનો મતભેદ દર્શાવ્યો છે. આ ઉલ્લેખ આવો છે : અનુદિશથી લઈને અપરાજિત સુધીના દેવોના અલ્પતર વિભક્તિસ્થાનનો અન્તરકાલ અહીં ઉચ્ચારણામાં ચોવીસ દિન-રાત કહ્યો છે જ્યારે બપ્પદેવાચાર્યલિખિત ઉચ્ચારણામાં વર્ષપૃથક્ત્વ જણાવ્યો છે. તેથી આ બંને ઉચ્ચારણાઓનો અર્થ સમજીને અન્તરકાલનું કથન કરવું જોઈએ. અમારા અભિપ્રાયે વર્ષપૃથક્ત્વનો અન્તરકાલ ઠીક છે.[4] અહીં બપ્પદેવાચાર્યલિખિત

૧. એજન, પૃ. ૧૮૩
૨. એજન, પૃ. ૩૫૧-૩૬૦
૩. એજન, પૃ. ૩૫૬-૩૫૭
૪. अणुद्दिसादि अवराइयदंताणं अप्पदरस्स अंतरं एत्थ उच्चारणाए चउवीस अहोरत्तमेत्तमिदि भणिदं । बप्पदेवाइरियलिहिद-उच्चारणाए वासपुधत्तमिदि परूविदं । एदासिं दोण्हमुच्चारणाणमत्थो जाणिय वत्तव्वो । अम्हाणं पुण वासपुधत्तंतरं सोहणमिदि अहिप्पाओ । કસાયપાહુડ, ભાગ ૨, પૃ. ૪૨૦-૪૨૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉચ્ચારણાથી સમજવાની છે તેમની કષાયપ્રાભૃતની અનુપલબ્ધ ટીકા વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવૃત્તિ, એમ લાગે છે. જયધવલાકારે આગળ પણ ઉચ્ચારણાચાર્યના મતથી અન્ય વ્યાખ્યાનાચાર્યોના મતોનો ભેદ દર્શાવ્યો છે[૧] તથા ચૂર્ણિસૂત્ર, બપ્પદેવાચાર્યલિખિત ઉચ્ચારણા અને સ્વલિખિત ઉચ્ચારણાના મતભેદોનો ઉલ્લેખ કર્યો છે.[૨] વીરસેનની સ્વલિખિત ઉચ્ચારણા જયધવલાથી અતિરિક્ત કોઈ સંક્ષિપ્ત વ્યાખ્યા છે એવું જણાય છે.

જયધવલા ભાષા, શૈલી, સામગ્રી આદિની દૃષ્ટિએ ધવલાની સમકક્ષ જ છે. હજુ સુધી આ વિશાલકાય ટીકા પૂરી પ્રકાશિત થઈ નથી.

●

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. કસાયપાહુડ, ભાગ ૩, પૃ. ૨૧૩-૨૧૪, ૫૩૨

૨. એજન, પૃ. ૩૯૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

छठ्ठुं प्रकरण

# અન્ય કર્મસાહિત્ય

ભારતીય તત્ત્વચિન્તનની ત્રણ મુખ્ય શાખાઓ છે – વૈદિક, બૌદ્ધ અને જૈન. આ ત્રણે પરંપરાઓના સાહિત્યમાં કર્મવાદનો વિચાર કરવામાં આવ્યો છે. વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં કર્મ સંબંધી વિચાર એટલો અલ્પ છે કે તેમાં કર્મ વિશેનો કોઈ ખાસ ગ્રન્થ જણાતો નથી. એથી ઊલટું જૈન સાહિત્યમાં કર્મ સંબંધી અનેક ગ્રન્થ મળે છે. જૈન પરંપરામાં કર્મવાદનું બહુ જ સૂક્ષ્મ, સુવ્યવસ્થિત અને અતિ વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. કર્મવિષયક સાહિત્યનું જૈન સાહિત્યમાં નિઃસંદેહ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ સાહિત્ય 'કર્મશાસ્ત્ર' કે 'કર્મગ્રન્થ'ના રૂપમાં પ્રસિદ્ધ છે. સ્વતન્ત્ર કર્મગ્રન્થોથી અતિરિક્ત આગમ વગેરે જૈન ગ્રન્થોમાં પણ અહીંતહીં કર્મવિષયક ચર્ચાઓ જોવા મળે છે.

ભગવાન મહાવીરના સમયથી વર્તમાન સમય સુધી કર્મશાસ્ત્રનું જે સંકલન થયું છે તેના સ્થૂળ રૂપમાં ત્રણ વિભાગ કરી શકાય : પૂર્વાત્મક કર્મશાસ્ત્ર, પૂર્વોદ્ધૃત કર્મશાસ્ત્ર અને પ્રાકરણિક કર્મશાસ્ત્ર.[1] જૈન પરંપરાને અભિમત ચૌદ પૂર્વોમાંથી આઠમું પૂર્વ જેને 'કર્મપ્રવાદ' કહેવામાં આવે છે તે કર્મવિષયક જ હતું. એનાથી અતિરિક્ત બીજા પૂર્વના એક વિભાગનું નામ 'કર્મપ્રાભૃત' અને પાંચમા પૂર્વના એક વિભાગનું નામ 'કષાયપ્રાભૃત' હતું. આ બંનેમાં પણ કર્મવિષયક વર્ણન હતું. વર્તમાનમાં શ્વેતાંબર અને દિગંબર બંનેય સંપ્રદાયોમાં ઉક્ત પૂર્વાત્મક કર્મશાસ્ત્ર પોતાના અસલ રૂપમાં અસ્તિત્વ ધરાવતું નથી. પૂર્વોદ્ધૃત કર્મશાસ્ત્ર સાક્ષાત્ પૂર્વસાહિત્યમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે, એવો ઉલ્લેખ શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોના ગ્રંથોમાં મળે છે. આ સાહિત્ય બંને સંપ્રદાયોમાં આજ પણ મળે છે. સંપ્રદાયભેદને કારણે એનાં નામોમાં વિભિન્નતા મળે છે. દિગંબર સંપ્રદાયમાં મહાકર્મપ્રકૃતિપ્રાભૃત (ષટ્ખંડાગમ) અને કષાયપ્રાભૃત એ બે ગ્રન્થ પૂર્વોદ્ધૃત મનાય છે. શ્વેતાંબર સંપ્રદાયની માન્યતા અનુસાર કર્મપ્રકૃતિ, શતક, પંચસંગ્રહ અને સપ્તતિકા એ ચાર ગ્રન્થ પૂર્વોદ્ધૃત કર્મશાસ્ત્રમાં સમાવેશ પામે છે. પ્રાકરણિક કર્મશાસ્ત્રમાં કર્મવિષયક અનેક નાનામોટા ગ્રંથોનો સમાવેશ

---

૧.જુઓ કર્મગ્રન્થ પ્રથમ ભાગ (પં. સુખલાલજીકૃત હિન્દી અનુવાદ), પ્રસ્તાવના, પૃ. ૧૫-૧૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ ગ્રન્થોનો આધાર પૂર્વોદ્ધૃત કર્મસાહિત્ય છે. વર્તમાનમાં વિશેષ કરીને આ પ્રકરણગ્રંથોનું અધ્યયન-અધ્યાપન પ્રચલિત છે. આ ગ્રંથો અપેક્ષાએ સરલ અને લઘુકાય છે. એમનું અપેક્ષિત અવલોકન કર્યા પછી પૂર્વોદ્ધૃત કર્મગ્રંથોનું અધ્યયન-અધ્યાપન વિશેષ લાભદાયી થાય છે. પ્રાકરણિક કર્મગ્રંથોનું લેખનકાર્ય વિક્રમની આઠમી-નવમી સદીથી સોળમી-સત્તરમી સદી સુધી થયું છે. આધુનિક વિદ્વાનોએ પણ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં કર્મવિષયક સાહિત્યનું નિર્માણ કર્યું છે જે મુખ્યપણે કર્મગ્રંથોના વિવેચન અને વ્યાખ્યાનરૂપ છે.

ભાષાની દૃષ્ટિએ કર્મસાહિત્યને ત્રણ ભાગોમાં વિભાજિત કરી શકાય : પ્રાકૃતમાં લિખિક કર્મશાસ્ત્ર, સંસ્કૃતમાં લિખિત કર્મશાસ્ત્ર અને પ્રાદેશિક ભાષાઓમાં લિખિત કર્મશાસ્ત્ર. પૂર્વાત્મક અને પૂર્વોદ્ધૃત કર્મગ્રન્થ પ્રાકૃત ભાષામાં છે. પ્રાકરણિક કર્મસાહિત્યનો પણ બહુ મોટો ભાગ પ્રાકૃતમાં જ છે. મૂળ ગ્રન્થોથી અતિરિક્ત એમના ઉપર લખાયેલી ટીકાઓ તેમ જ ટિપ્પણો પણ પ્રાકૃતમાં છે. પાછળથી કેટલાક કર્મગ્રન્થ સંસ્કૃતમાં લખાયા છે. કર્મશાસ્ત્ર ઉપર ટીકા-ટિપ્પણીઓ અધિકતર સંસ્કૃતમાં લખાઈ છે. સંસ્કૃતમાં લખાયેલ મૂલ કર્મગ્રન્થ પ્રાકરણિક કર્મશાસ્ત્રમાં સમાવિષ્ટ છે. પ્રાદેશિક ભાષાઓમાં લખાયેલું કર્મસાહિત્ય કન્નડ, ગુજરાતી અને હિન્દીમાં છે. પ્રાદેશિક ભાષામાં લખાયેલ મૌલિક ગ્રન્થ નામમાત્ર છે. મુખ્યપણે પ્રાદેશિક ભાષાઓમાં મૂળ ગ્રંથોના તથા તે ઉપરની ટીકાઓના અનુવાદો અને વિવેચનો છે. આ અનુવાદો અને વિવેચનો વિશેષપણે પ્રાકરણિક કર્મશાસ્ત્રના છે. કન્નડ અને હિંદીમાં મુખ્યપણે દિગંબર સાહિત્ય લખાયું છે જ્યારે ગુજરાતીમાં વિશેષે શ્વેતાંબર સાહિત્ય રચાયું છે.

જે અત્યારે મળે છે અથવા જેમના હોવાની જાણ અન્ય ગ્રંથોમાં આવતા ઉલ્લેખોમાંથી થાય છે તે મહત્ત્વપૂર્ણ કર્મગ્રન્થો અને ટીકાઓની સૂચી[૧] નીચે આપવામાં આવી છે, તેના ઉપરથી કર્મવિષયક સાહિત્યની સમૃદ્ધિની કલ્પના કરવામાં સરળતા રહેશે. દિગંબર અને શ્વેતાંબર બંને સંપ્રદાયોના આ વિપુલ સાહિત્યને જોઈ સહજ રીતે જ એ વાતનું અનુમાન થઈ શકે છે કે કર્મવાદનું જૈન પરંપરામાં કેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન છે અને કર્મવિષયક સાહિત્ય તેની કેટલી વિપુલ નિધિ છે.

---

૧. सटीकाश्चत्वारः कर्मग्रन्थाः (મુનિ પુણ્યવિજયજી દ્વારા સંપાદિત), છઠ્ઠું પરિશિષ્ટ, પૃ. ૧૭-૨૦ (આવશ્યક પરિવર્તન અને પરિવર્ધન સાથે). પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાનો 'કર્મસિદ્ધાન્તસંબંધી સાહિત્ય' ગ્રંથ પણ જોવો જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દિગંબરીય કર્મસાહિત્ય

(* ચિહ્નવાળા ગ્રન્થો પ્રકાશિત છે)

| ગ્રંથનું નામ | કર્તા | શ્લોકપ્રમાણ | રચનાકાલ |
|---|---|---|---|
| ૧. મહાકર્મપ્રકૃતિપ્રાભૃત* અથવા કર્મપ્રાભૃત (ષટ્ખંડશાસ્ત્ર) | પુષ્પદન્ત તથા ભૂતબલિ | ૩૬,૦૦૦ | અનુમાનતઃ વિક્રમની બીજી-ત્રીજી સદી |
| " પ્રાકૃત ટીકા | કુંદકુંદાચાર્ય | ૧૨,૦૦૦ | - |
| " પ્રાકૃત-સંસ્કૃત-કન્નડમિશ્રિત ટીકા | શામકુંડાચાર્ય | ૬,૦૦૦ | - |
| " કન્નડ ટીકા | તુમ્બુલૂરાચાર્ય | ૫૪,૦૦૦ | - |
| " સંસ્કૃત ટીકા | સમન્તભદ્ર | ૪૮,૦૦૦ | - |
| " પ્રાકૃત ટીકા | બપ્પદેવગુરુ | ૩૮,૦૦૦ | - |
| " ધવલા ટીકા* | વીરસેન | ૭૨,૦૦૦ | લગભગ વિ.સં.૯૦૫ |
| ૨. કષાયપ્રાભૃત* | ગુણધર | ગાથા ૨૩૬ | આનુ. વિક્રમની ત્રીજી સદી |
| " ચૂર્ણિ* | યતિવૃષભ | ૬,૦૦૦ | આનુ. વિક્રમની છઠ્ઠી સદી |
| " વૃત્તિ | ઉચ્ચારણાચાર્ય | ૧૨,૦૦૦ | - |
| " ટીકા | શામકુંડાચાર્ય | ૬,૦૦૦ | - |
| " વ્યાખ્યા | તુમ્બુલૂરાચાર્ય | ૩૦,૦૦૦ | - |
| " પ્રા. ટીકા | બપ્પદેવગુરુ | ૩૦,૦૦૦ | - |
| " જયધવલા ટીકા | વીરસેન તથા જિનસેન | ૬૦,૦૦૦ | વિક્રમની નવમી-દસમી સદી |
| ૩. ગોમ્મટસાર* | નેમિચંદ્ર સિદ્ધાન્ત-ચક્રવર્તી | ગાથા ૧૭૦૫ | વિક્રમની અગીઆરમી સદી |
| " કન્નડ ટીકા | ચામુંડરાય | - | " |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| " સં. ટીકા* | કેશવવર્ણી | - | - |
| " સં. ટીકા* | અભયચંદ્ર | - | - |
| " હિન્દી ટીકા* | ટોડરમલ્લ | - | વિક્રમની ઓગણીસમી સદી |
| ૪. લબ્ધિસાર* (ક્ષપણાસારગર્ભિત) | નેમિચન્દ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી | ગાથા ૬૫૦ | વિક્રમની ૧૧મી સદી |
| " સં. ટીકા* | કેશવવર્ણી | - | - |
| " હિન્દી ટીકા* | ટોડરમલ્લ | - | વિક્રમની ૧૯મી સદી |
| ૫. ક્ષપણાસાર | માધવચંદ્ર | - | વિક્રમની ૧૧મી સદી |
| ૬. પઞ્ચસંગ્રહ *(સં.) | અમિતગતિ | શ્લોક ૧૪૫૬ | વિ.સં. ૧૦૭૩ |
| ૭. પંચસંગ્રહ *(પ્રા.) | - | ગાથા ૧૩૨૪ | - |
| ૮. પઞ્ચસંગ્રહ *(સં.) | શ્રીપાલસુત ડઙ્ઢ | શ્લો. ૧૨૪૩ | વિક્રમની ૧૭મી સદી |

## શ્વેતાંબરીય કર્મસાહિત્ય

| ગ્રન્થનું નામ | કર્તા | શ્લોકપ્રમાણ | રચનાકાલ |
|---|---|---|---|
| ૧. કર્મપ્રકૃતિ* | શિવશર્મસૂરિ | ગાથા ૪૭૫ | સંભવતઃ વિક્રમની ૫મી સદી |
| " ચૂર્ણિ* | - | ૭,૦૦૦ | વિક્રમની ૧૨મી સદી પહેલાં |
| " ચૂર્ણિટિપ્પણ | મુનિચંદ્રસૂરિ | ૧,૯૨૦ | વિક્રમની ૧૨મી સદી |
| " વૃત્તિ* | મલયગિરિ | ૮,૦૦૦ | વિક્રમની ૧૨-૧૩મી સદી |
| " વૃત્તિ* | યશોવિજય | ૧૩,૦૦૦ | વિક્રમની ૧૮મી સદી |
| ૨. પંચસંગ્રહ* | ચન્દ્રર્ષિમહત્તર | ગાથા ૯૬૩ | - |
| " સ્વોપજ્ઞવૃત્તિ* | " | ૯,૦૦૦ | - |

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| " બૃહદ્વૃત્તિ* | મલયગિરિ | ૧૮,૮૫૦ | વિક્રમની ૧૨મી-૧૩મી સદી |
| પંચસંગ્રહ દીપક | વામદેવ | ૨,૫૦૦ | સંભવતઃ વિક્રમની ૧૨મી સદી |
| ૩. પ્રાચીન ષટ્કર્મગ્રંથ* | - | ગાથા ૫૪૭, ૫૫૧ કે ૫૬૭ | - |
| (૧) કર્મવિપાક | ગર્ગર્ષિ | ગાથા ૧૬૮ | સંભવતઃ વિક્રમની ૧૦મી સદી |
| " વૃત્તિ* | પરમાનન્દસૂરિ | ૯૨૨ | વિક્રમની ૧૨મી-૧૩મી સદી |
| " વ્યાખ્યા* | - | ૧,૦૦૦ | - |
| " ટિપ્પન | ઉદયપ્રભસૂરિ | ૪૨૦ | સંભવતઃ વિક્રમની ૧૩મી સદી |
| (૨) કર્મસ્તવ | - | ગાથા ૫૭ | - |
| " ભાષ્ય* | - | ગાથા ૨૪ | - |
| " ભાષ્ય* | - | ગાથા ૩૨ | - |
| " વૃત્તિ* | ગોવિન્દાચાર્ય | ૧,૦૯૦ | સંભવતઃ વિ.સં. ૧૨૮૮પહેલાં |
| " ટિપ્પન | ઉદયપ્રભસૂરિ | ૨૯૨ | સંભવતઃ વિક્રમની ૧૩મી સદી |
| (૩) બન્ધસ્વામિત્વ | - | ગાથા ૫૪ | - |
| " વૃત્તિ* | હરિભદ્રસૂરિ | ૫૬૦ | વિ.સં. ૧૧૭૨ |
| (૪) ષડશીતિ | જિનવલ્લભગણિ | ગાથા ૮૬ | વિક્રમની ૧૨મી સદી |
| " ભાષ્ય | - | ગાથા ૨૩ | - |
| " ભાષ્ય* | - | ગાથા ૩૮ | - |
| ષડશીતિ વૃત્તિ* | હરિભદ્રસૂરિ | ૮૫૦ | વિક્રમની ૧૨મી સદી |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| " વૃત્તિ* | મલયગિરિ | ૨,૧૪૦ | વિક્રમની ૧૨મી ૧૩મી સદી |
| " વૃત્તિ | યશોભદ્રસૂરિ | ૧,૬૩૦ | વિક્રમની ૧૨મી સદી |
| " પ્રાકૃતવૃત્તિ | રામદેવ | ૭૫૦ | " |
| " વિવરણ | મેરુવાચક | પત્ર૦૩૨ | - |
| " ઉદ્ધાર | - | ૧,૬૦૦ | - |
| " અવચૂરિ | - | ૭૦૦ | - |
| (૫) શતક | શિવશર્મસૂરિ | ગાથા ૧૧૧ | સંભવતઃ વિક્રમની ૫મી સદી |
| " ભાષ્ય* | - | ગાથા ૨૪ | - |
| " ભાષ્ય | - | ગાથા ૨૪ | - |
| " બૃહદ્ભાષ્ય* | ચક્રેશ્વરસૂરિ | ૧,૪૧૩ | વિ.સં. ૧૧૭૯ |
| " ચૂર્ણિ* | - | ૨,૩૨૨ | - |
| " વૃત્તિ | મલધારી હેમચંદ્રસૂરિ | ૩,૭૪૦ | વિક્રમની ૧૨મી સદી |
| " ટિપ્પન | ઉદયપ્રભસૂરિ | ૯૭૪ | સંભવતઃ વિક્રમની ૧૩મી સદી |
| " અવચૂરિ | ગુણરત્નસૂરિ | પત્ર૦૨૫ | વિક્રમની ૧૫મી સદી |
| (૬) સપ્તતિકા | શિવશર્મસૂરિ કે ચન્દ્રર્ષિમહત્તર | ગાથા ૭૫ | - |
| " ભાષ્ય* | અભયદેવસૂરિ | ગાથા ૧૯૧ | વિક્રમની ૧૧મી ૧૨મી સદી |
| સપ્તતિકા ચૂર્ણિ | - | પત્ર૦૧૩૨ | - |
| " પ્રાકૃત વૃત્તિ | ચન્દ્રર્ષિમહત્તર | ૨,૩૦૦ | - |
| " વૃત્તિ* | મલયગિરિ | ૩,૭૮૦ | વિક્રમની ૧૨મી-૧૩મી સદી |
| " ભાષ્યવૃત્તિ* | મેરુતુંગસૂરિ | ૪,૧૫૦ | વિ.સં. ૧૪૪૯ |
| " ટિપ્પન | રામદેવ | ૫૭૪ | વિક્રમની ૧૨મી સદી |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| " અવચૂરિ | ગુણરત્નસૂરિ | - | વિક્રમની ૧૫મી સદી |
| ૪. સાર્દ્ધશતક* | જિનવલ્લભગણિ | ગાથા ૧૫૫ | વિક્રમની ૧૨મી સદી |
| " ભાષ્ય | - | ગાથા ૧૧૦ | - |
| " ચૂર્ણિ | મુનિચન્દ્રસૂરિ | ૨,૨૦૦ | વિ.સં. ૧૧૭૦ |
| " વૃત્તિ* | ધનેશ્વરસૂરિ | ૩,૭૦૦ | વિ.સં. ૧૧૭૧ |
| " પ્રા. વૃત્તિ | ચક્રેશ્વરસૂરિ | તાડપત્ર ૧૫૧ | - |
| " વૃત્તિટિપ્પન | - | ૧૪૦૦ | - |
| ૫. નવીન પંચ કર્મગ્રન્થ* | દેવેન્દ્રસૂરિ | ગાથા ૩૦૪ | વિક્રમની ૧૩મી-૧૪મી સદી |
| " સ્વો૦ ટીકા* (બન્ધસ્વામિત્વ સિવાય) | " | ૧૦,૧૩૧ | " |
| " અવચૂરિ | મુનિશેખરસૂરિ | ૨,૯૫૮ | - |
| " અવચૂરિ | ગુણરત્નસૂરિ | ૫,૪૦૭ | વિક્રમની ૧૫મી સદી |
| બન્ધસ્વામિત્વ અવચૂરિ* | - | ૪૨૬ | - |
| કર્મસ્તવવિવરણ | કમલસંયમ ઉપા૦ | ૧૫૦ | વિ.સં. ૧૫૫૯ |
| ષટ્કર્મગ્રન્થબાલાવબોધ* | જયસોમ | ૧૭,૦૦૦ | વિક્રમની ૧૭મી સદી |
| " " | મતિચંદ્ર | ૧૨,૦૦૦ | - |
| " " | જીવવિજય | ૧૦,૦૦૦ | વિ.સં.૧૮૦૩ |
| ૬. મનઃસ્થિરીકરણપ્રકરણ | મહેન્દ્રસૂરિ | ગાથા ૧૬૭ | વિ.સં.૧૨૮૪ |
| " સ્વો.વૃત્તિ | " | ૨,૩૦૦ | " |
| ૭. સંસ્કૃત કર્મગ્રંથ (ચાર) | જયતિલકસૂરિ | ૫૬૯ | વિક્રમની ૧૫મી સદીનો આરંભ |
| ૮. કર્મપ્રકૃતિદ્વાત્રિંશિકા | - | ગાથા ૩૨ | - |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ૯. ભાવપ્રકરણ* | વિજયવિમલગણિ | ગાથા ૩૦ | વિ.સં. ૧૬૨૩ |
| " સ્વો.વૃત્તિ* | " | ૩૨૫ | " |
| ૧૦. બન્ધહેતૂદયત્રિભઙ્ગી* | હર્ષકુલગણિ | ગાથા ૬૫ | વિક્રમની ૧૬મી સદી |
| " વૃત્તિ* | વાનરર્ષિગણિ | ૧૧૫૦ | વિ.સં.૧૬૦૨ |
| ૧૧. બન્ધોદયસત્તાપ્રકરણ* | વિજયવિમલગણિ | ગાથા ૨૪ | વિક્રમની ૧૭મી સદીનો પ્રારંભ |
| " સ્વો. અવચૂરિ* | " | ૩૦૦ | " |
| ૧૨.કર્મસંવેદ્યભઙ્ગપ્રકરણ* | દેવચન્દ્ર | ૪૦૦ | - |
| ૧૩. ભૂયસ્કારાદિવિચાર-પ્રકરણ | લક્ષ્મીવિજય | ગાથા ૬૦ | વિક્રમની ૧૭મી સદી |
| ૧૪. સંક્રમપ્રકરણ* | પ્રેમવિજયગણિ | - | વિ.સં. ૧૯૮૫ |

પ્રસ્તુત સૂચીમાં નિર્દેશેલ કર્મસાહિત્યનું ગ્રન્થમાન લગભગ સાત લાખ શ્લોક છે. તેમાંથી દિગંબરીય કર્મસાહિત્યનું પ્રમાણ લગભગ પાંચ લાખ શ્લોક છે. મહાકર્મપ્રકૃતિપ્રાભૃત અને કષાયપ્રાભૃત — જે દિગંબર સંપ્રદાયના આગમગ્રંથો છે અને જેમની સાથે સંબંધ ધરાવતી ટીકાઓને પણ આગમિક સાહિત્યની અંદર જ ગણવામાં આવે છે — દિગંબરીય સાહિત્યનો સર્વાધિક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ સાહિત્ય ઉપર તત્સંબંધી પાછલા પ્રકરણોમાં પૂરતો પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેથી પ્રસ્તુત પ્રકરણમાં બાકીના દિગંબરીય કર્મસાહિત્યનો જ પરિચય રજૂ કરવામાં આવશે.

ગ્રન્થબાહુલ્યને દૃષ્ટિમાં રાખીને પહેલાં શ્વેતાંબરાચાર્યકૃત કર્મસાહિત્યના કેટલાક મહત્ત્વપૂર્ણ ગ્રંથોનો પરિચય આપવો અનુચિત નહિ ગણાય. શ્વેતાંબરીય કર્મસાહિત્યનો પ્રાચીનતમ સ્વતંત્ર ગ્રંથ શિવશર્મસૂરિકૃત કર્મપ્રકૃતિ છે. અહીં સૌપ્રથમ તેનો પરિચય આપીશું.

## શિવશર્મસૂરિકૃત કર્મપ્રકૃતિ

કર્મપ્રકૃતિના[1] પ્રણેતા શિવશર્મસૂરિનો[2] સમય આનુમાનિક વિક્રમની પાંચમી શતાબ્દી મનાય છે. કદાચ તે આગમોદ્ધારક દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પૂર્વવર્તી

૧. (અ) મલયગિરિ અને યશોવિજયવિહિત વૃત્તિઓ સહિત — જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, સન્ ૧૯૧૭

(આ) મલયગિરિકૃત વૃત્તિ સહિત — દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, મુંબઈ, સન્ ૧૯૧૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે સમકાલીન રહ્યા હશે. સંભવતઃ તે દશપૂર્વધર પણ હશે. આ બધી સંભાવનાઓ ઉપર નિશ્ચિત પ્રકાશ પાડનારી પ્રામાણિક સામગ્રીનો આપણી પાસે અભાવ છે. એટલું તો નિશ્ચિત છે કે શિવશર્મસૂરિ પ્રતિભાસમ્પન્ન અને બહુશ્રુત વિદ્વાન હતા. તેમનું કર્મવિષયક જ્ઞાન બહુ ઊંડું હતું. કર્મપ્રકૃતિ ઉપરાંત શતક (પ્રાચીન પાંચમો કર્મગ્રન્થ) પણ શિવશર્મસૂરિની જ કૃતિ મનાય છે. એક માન્યતા એવી પણ છે કે સપ્તતિકા (પ્રાચીન છઠ્ઠો કર્મગ્રન્થ) પણ તેમની જ કૃતિ છે. બીજી માન્યતા અનુસાર સપ્તતિકા ચન્દ્રર્ષિમહત્તરની કૃતિ ગણાય છે.

કર્મપ્રકૃતિમાં ૪૭૫ ગાથાઓ છે. આ ગાથાઓ અગ્રાયણીય નામના બીજા પૂર્વના આધારે સંકલિત કરવામાં આવી છે. આ ગ્રંથમાં આચાર્યે કર્મ સંબંધી બન્ધનકરણ, સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ, ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણ આ આઠ કરણો અને ઉદય તથા સત્તા આ બે અવસ્થાઓનું વર્ણન કર્યું છે. કરણનો અર્થ છે આત્માનો પરિણામવિશેષ કે વીર્યવિશેષ.

जैन साइट JAINSITE जैनं जयति शासनम्

ગ્રંથના પ્રારંભે આચાર્યે મંગલાચરણના રૂપમાં ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે અને કર્માષ્ટકના આઠ કરણ, ઉદય અને સત્તા આ દસ વિષયોનું વર્ણન કરવાનો સંકલ્પ જાહેર કર્યો છે :

सिद्धं सिद्धत्थसुयं वंदिय निद्धोयसव्वकम्ममलं ।
कम्मट्ठगस्स करणट्ठमुदयसंताणि वोच्छामि ॥ १ ॥

બીજી ગાથામાં આઠ કરણનાં નામ દર્શાવ્યાં છે, તે નીચે પ્રમાણે છે :

---

(ઇ) ચૂર્ણિ તથા મલયગિરિ અને યશોવિજયવિહિત વૃત્તિઓ સહિત — મુક્તાબાઈ જ્ઞાનમંદિર, ખૂબચંદ પાનાચંદ, ડભોઈ (ગુજરાત), સન્ ૧૯૩૭

(ઈ) પં. ચંદુલાલ નાનચંદ્રકૃત ગુજરાતી અનુવાદ સહિત — માણેકલાલ ચુનીલાલ, રાજનગર (અમદાવાદ માંડવીની પોળમાં આવેલી નાગજીભૂધરની પોળ), સન્ ૧૯૩૮

૨. યશોવિજયની વૃત્તિમાં ઉલ્લિખિત, પૃ. ૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. બન્ધન, ૨. સંક્રમણ, ૩. ઉદ્વર્તના, ૪. અપવર્તના, ૫. ઉદીરણા, ૬. ઉપશમના, ૭. નિધત્તિ, ૮. નિકાચના. ગાથા આ પ્રમાણે છે :

बंधण संकमणुव्वट्टणा य अवट्टणा उदीरणया ।

उवसामणा निहत्ती निकायणा च त्ति करणाइं ॥ २ ॥

૧. બન્ધનકરણ — કરણનો અર્થ વીર્યવિશેષ છે એ વાતને ધ્યાનમાં રાખીને ગ્રન્થકારે આગળની ગાથામાં વીર્યનું સ્વરૂપ બતાવ્યું છે. વીર્યાન્તરાય કર્મના દેશક્ષય (ક્ષયોપશમ) કે સર્વક્ષયથી વીર્યલબ્ધિ ઉત્પન્ન થાય છે. તેનાથી ઉત્પન્ન થનારું સલેશ્ય (લેશ્યાયુક્ત) પ્રાણીનું વીર્ય (શક્તિ) અભિસંધિજ એટલે કે બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિવાળું કે અનભિસંધિજ એટલે કે અબુદ્ધિપૂર્વક પ્રવૃત્તિવાળું હોય છે. વીર્યની હીનાધિકતાનો વિચાર કરતાં આચાર્યે યોગ(પ્રવૃત્તિ)નું નીચે જણાવેલાં દસ દ્વારો વડે વર્ણન કર્યું છે : ૧. અવિભાગ, ૨. વર્ગણા, ૩. સ્પર્ધક, ૪. અન્તર, ૫. સ્થાન, ૬. અનન્તરોપનિધા, ૭. પરંપરોપનિધા, ૮. વૃદ્ધિ, ૯. સંયમ, ૧૦. જીવાલ્પબહુત્વ.[1]

યોગનું પ્રયોજન દર્શાવતાં ગ્રન્થકાર કહે છે કે યોગથી પ્રાણી શરીર વગેરેને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિક વગેરે પાંચ પ્રકારનાં શરીરના રૂપમાં પરિણત કરે છે. આમ યોગથી જીવ ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનોરૂપ પુદ્ગલોનું પણ ગ્રહણ કરે છે અને તેમને તદ્રૂપે પરિણત કરતો તેમનું વિસર્જન કરે છે.[2] પરમાણુવર્ગણા, સંખ્યાતપ્રદેશી વર્ગણા, અસંખ્યાતપ્રદેશી વર્ગણા અને અનન્તપ્રદેશી વર્ગણા એ બધી વર્ગણાઓ (પુદ્ગલપરમાણુઓની શ્રેણીઓ કે દલવિશેષ) અગ્રહણીય છે. એમના પછીની અભવ્ય જીવોથી અનન્તગણા અથવા સિદ્ધ જીવોના અનન્ત ભાગ જેટલા પ્રદેશવાળી પુદ્ગલવર્ગણાઓ ત્રિતનુ એટલે કે ત્રણ શરીરરૂપે ગ્રહણ કરવા યોગ્ય છે. તદુપરાન્ત અગ્રહણાન્તરિત તૈજસ, ભાષા, મન અને કર્મ રૂપે ગ્રહણ કરવા યોગ્ય વર્ગણાઓ છે. તદુપરાન્ત ધ્રુવાચિત્ત અને અધ્રુવાચિત્ત વર્ગણાઓ છે. તેમના પછી વચ્ચે વચ્ચે ચાર શૂન્ય વર્ગણાઓ છે અને પ્રત્યેક શૂન્ય વર્ગણાની ઉપર પ્રત્યેકશરીરવર્ગણા, બાદરનિગોદવર્ગણા, સૂક્ષ્મનિગોદવર્ગણા તથા અચિત્તમહાસ્કન્ધવર્ગણા છે. આ વર્ગણાઓ ગુણનિષ્પન્ન સ્વનામયુક્ત છે એટલે કે નામ અનુસાર અર્થવાળી છે અને

---

૧. ગાથા ૫-૬      ૨. ગાથા ૧૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળી છે.[1] એક જીવપ્રદેશાવગાહી એટલે કે જીવના એક પ્રદેશમાં રહેલ એક ગ્રહણયોગ્ય દ્રવ્યને અર્થાત્ પુદ્ગલપરમાણુને પણ જીવ પોતાના બધા પ્રદેશોથી ગ્રહણ કરે છે. એ જ રીતે સર્વ જીવપ્રદેશોમાં અવગાહિત ગ્રહણયોગ્ય સર્વ પુદ્ગલ સ્કંધોને પણ જીવ પોતાના બધા પ્રદેશો વડે ગ્રહણ કરે છે.[2] અહીં સુધી યોગનો અધિકાર છે.

પુદ્ગલ દ્રવ્યોનું પરસ્પર જોડાણ સ્નેહ (સ્નિગ્ધસ્પર્શ) અને રુક્ષસ્પર્શથી થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં ત્રણ પ્રકારની સ્નેહપ્રરૂપણા કરવામાં આવી છે : ૧. સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા, ૨. નામપ્રત્યયસ્નેહસ્પર્ધક પ્રરૂપણા અને ૩. યોગપ્રત્યયસ્નેહસ્પર્ધક પ્રરૂપણા. સ્નેહપ્રત્યયસ્પર્ધક એક છે. તેમાં સ્નેહાવિભાગ વર્ગણાઓ અનન્ત છે. તેમાં અલ્પ સ્નેહવાળા પુદ્ગલ વધુ અને અધિક અધિક સ્નેહવાળા પુદ્ગલ અલ્પ અલ્પ છે. સ્નેહપ્રત્યયસ્પર્ધકની જ જેમ નામપ્રત્યય અને યોગપ્રત્યયસ્નેહસ્પર્ધકમાં પણ અવિભાગ વર્ગણાઓ અનન્ત છે.[3]

કર્મની મૂળ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓનો ભેદ અનુભાગવિશેષથી (રસવિશેષ)થી થાય છે. અનુભાગવિશેષનું કારણ સ્વભાવભેદ છે. અવિશેષિત રસપ્રકૃતિવાળો બંધ પ્રકૃતિબંધ કહેવાય છે.[4] મૂલ પ્રકૃતિના કર્મપ્રદેશો ઉત્તર પ્રકૃતિઓમાં કેવી રીતે વિભક્ત થાય છે, એનું સંક્ષેપમાં વર્ણન કર્યા પછી આચાર્યે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધની ચર્ચા સમાપ્ત કરી છે.[5] ત્યાર બાદ અનુભાગબંધ (રસબંધ) અને સ્થિતિબંધનું વર્ણન કરવામાં આવ્યું છે.

જીવ જે કર્મસ્કન્ધોને ગ્રહણ કરે છે તેમનામાં એક સરખો રસ ઉત્પન્ન નથી કરતો પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારનો રસ ઉત્પન્ન કરે છે. આનું નામ અનુભાગબંધ છે. રસવિભાગની વિષમતાનું કારણ રાગદ્વેષનું ઓછાવત્તાપણું છે. સૌથી ઓછા રસવિભાગવાળા કર્મપ્રદેશો પ્રથમ વર્ગણા — જઘન્ય રસવર્ગણામાં સમાવેશ પામે છે. આ વર્ગણાઓ એક એક રસવિભાગથી ક્રમશઃ વધતી વધતી સિદ્ધોના

---

૧. परमाणुसंखऽसंखाणंतपएसा अभव्वणंतगुणा ।
सिद्धाणणंतभागो आहारगवग्गणा तितणू ॥ १८ ॥
अग्गहणंतरियाओ तेयगभासामणे य कम्मे य ।
धुवअधुवअच्चित्ता सुन्नाचउअंतरेसुप्पिं ॥ १९ ॥
पत्तेयगतणुसुबायरसुहुमनिगोए तहा महाखंधे ।
गुणनिप्फन्नसनामा असंखभागंगुलवगाहो ॥ २० ॥

૨. ગાથા ૨૧ ૩. ગાથા ૨૨-૨૩ ૪. ગાથા ૨૪ ૫. ગાથા ૨૫-૨૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનન્તમા ભાગ બરાબર થાય છે પરંતુ પ્રદેશસંખ્યામાં ક્રમશઃ હીન થાય છે.[1] આગળ આચાર્યે સ્પર્ધક, અન્તર, સ્થાન, કંડક, વૃદ્ધિષટ્ક, હાનિષટ્ક, અનુભાગસ્થાનમાં અવસ્થિત કાલાદિક અનુભાગસ્થાનોનું અલ્પબહુત્વ, સ્પર્શનાકાલનું અલ્પબહુત્વ, અનુભાગની તીવ્રતામંદતા વગેરેનું વિવેચન કર્યું છે.[2]

સ્થિતિબંધની વ્યાખ્યા કરતાં ગ્રન્થકારે સ્થિતિબંધના ચાર અનુયોગોનું સ્વરૂપ સમજાવ્યું છે : ૧. સ્થિતિસ્થાન, ૨. નિષેક, ૩. અબાધાકંડક અને ૪. અલ્પબહુત્વ. સ્થિતિસ્થાનની પ્રરૂપણામાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, ઉત્કૃષ્ટ આયુષ્યબંધ, ઉત્કૃષ્ટ અબાધા, જઘન્ય સ્થિતિબંધ, જઘન્ય આયુષ્યબંધ અને જઘન્ય અબાધાનો વિચાર કરવામાં આવ્યો છે. નિષેકનું અનન્તરોપનિધા અને પરસ્પરોપનિધાની દૃષ્ટિએ નિરૂપણ કરવામાં આવ્યું છે. અબાધાથી ઉપરની સ્થિતિ નિષેક કહેવાય છે. અબાધાકંડકની પ્રરૂપણામાં બતાવવામાં આવ્યું છે કે ચાર પ્રકારના આયુષ્યને છોડી બાકીની બધી કર્મપ્રકૃતિઓની અબાધાનો એક એક સમય ઓછો થવાની સાથે સાથે સ્થિતિબંધમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ બરાબર એક એક કંડક ઓછો થતો જાય છે. અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય છે તેટલા અનુભાગસ્થાનોનો સમુદાય કંડક કહેવાય છે. અલ્પબહુત્વનું નિરૂપણ કરતાં આચાર્યે બન્ધ, અબાધા, કંડક આદિ દસ સ્થાનોના અલ્પબહુત્વનો વિચાર કર્યો છે.[3] અહીં સુધી બન્ધનકરણનો અધિકાર છે.

૨. સંક્રમકરણ — સંક્રમ ચાર પ્રકારનો છે : ૧. પ્રકૃતિસંક્રમ, ૨. સ્થિતિસંક્રમ, ૩. અનુભાગસંક્રમ અને ૪. પ્રદેશસંક્રમ. જીવ જ્યારે જ્યારે જે જે કર્મપ્રકૃતિને બાંધવાને યોગ્ય યોગ કે પરિણામમાં પ્રવર્તિત થાય છે ત્યારે ત્યારે તે તે કર્મપ્રકૃતિના રૂપમાં કર્મવર્ગણાઓ (કર્મપુદ્ગલો) પરિણત થાય છે. બીજા શબ્દોમાં, જે કર્મપ્રકૃતિના બંધમાં જીવવીર્ય જે સમયે પ્રવર્તિત થાય છે તે સમયે તે પ્રકૃતિ બંધાય છે. એટલું જ નહિ, તે બંધાનારી પ્રકૃતિથી અતિરિક્ત પૂર્વબદ્ધ પ્રકૃતિના પ્રદેશ વગેરે તે બધ્યમાન પ્રકૃતિના રૂપમાં પરિણત થઈ જાય છે. આમ બધ્યમાન પ્રકૃતિમાં બદ્ધ પ્રકૃતિનું તદ્રૂપ થઈ જવું સંક્રમ કે સંક્રમણ કહેવાય છે. ઉદાહરણાર્થ, સાતાવેદનીય કર્મપ્રકૃતિનો બંધ કરતો જીવ અસાતાવેદનીયને સાતાવેદનીયના રૂપમાં પરિણત કરી દે છે અથવા અસાતવેદનીયનો બંધ કરતો

૧. ગાથા ૩૦   ૨. ગાથા ૩૧-૬૭   ૩. ગાથા ૬૮-૧૦૨

JAINSITE જૈન સાઈટ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ સાતાવેદનીયને અસાતાવેદનીય રૂપ બનાવી દે છે. સંક્રમની બાબતમાં કેટલાક અપવાદ પણ છે. ઉદાહરણ તરીકે, ત્રણ પ્રકારના દર્શનમોહનીયનો સંક્રમ બંધ વિના પણ થાય છે.દર્શનમોહનીયમાં ચારિત્રમોહનીયનો સંક્રમ થતો નથી અને ચારિત્રમોહનીયમાં દર્શનમોહનીયનો સંક્રમ થતો નથી. આયુષ્યની ચાર પ્રકૃતિઓનો એકબીજામાં સંક્રમ થતો નથી. આઠ મૂળ પ્રકૃતિઓમાં પણ પરસ્પર સંક્રમ થતો નથી. સંક્રમાવલિકા, બંધાવલિકા, ઉદયાવલિકા, ઉદ્વર્તનાવલિકા વગેરેમાં પ્રાપ્ત કર્મદલિક સંક્રમણને યોગ્ય હોતા નથી.[1] જે દર્શનમોહનીયનો ઉદય હોય તે દર્શનમોહનીયનુ કશામાં સંક્રમણ થતું નથી. સાસ્વાદની અને મિશ્રદૃષ્ટિ જીવ કોઈ પણ દર્શનમોહનીયનું સંક્રમણ કશામાં કરી શકતો નથી.

ભેદ, વિશેષ લક્ષણ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમપ્રમાણ, જઘન્ય સ્થિતિસંક્રમપ્રમાણ, સાદ્યાદિપ્રરૂપણા અને સ્વામિત્વપ્રરૂપણા આ છ અધિકારો સાથે સ્થિતિસંક્રમનો વિચાર કરવામાં આવ્યો છે.[2]

ભેદ, સ્પર્ધક, વિશેષ લક્ષણ, ઉત્કૃષ્ટ અનુભાગસંક્રમ, જઘન્ય અનુભાગસંક્રમ, સાદિ-અનાદિ અને સ્વામિત્વ આ સાત દૃષ્ટિઓથી અનુભાગસંક્રમનું (રસસંક્રમનું) વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.[3]

પ્રદેશસંક્રમના પાંચ દ્વાર છે : સામાન્ય લક્ષણ, ભેદ, સાદ્યાદિ પ્રરૂપણા, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અને જઘન્ય પ્રદેશસંક્રમ. પ્રસ્તુત પ્રકરણમાં આ પાંચ દ્વારોનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.[4] અહીં સુધી સંક્રમપ્રકરણનો અધિકાર છે. આ પ્રકરણની કેટલીક ગાથાઓ (ક્રમાંક ૧૦થી ૨૨) કષાયપ્રાભૃતની ગાથાઓ (ક્રમાંક ૨૭થી ૩૯) સાથે મળતી આવે છે.

૨-૪. ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણ — ઉદ્વર્તના અને અપવર્તના એટલે કે વૃદ્ધિ અને હાનિ સ્થિતિ અને રસની જ થાય છે, પ્રકૃતિ અને પ્રદેશની થતી નથી. વિવક્ષિત સ્થિતિ કે રસવાળા કર્મપ્રદેશોની સ્થિતિ કે રસમાં વૃદ્ધિ-હાનિ કરવી ઉદ્વર્તના-અપવર્તના કહેવાય છે. પ્રસ્તુત પ્રકરણમાં કર્મસ્થિતિ અને કર્મરસની ઉદ્વર્તના અને અપવર્તનાનો વિચાર કરવામાં આવ્યો છે. ઉદ્વર્તના બે પ્રકારની હોય છે : નિર્વ્યાઘાતી અને વ્યાઘાતી. અપવર્તના પણ નિર્વ્યાઘાત અને વ્યાઘાતના ભેદથી બે પ્રકારની છે.[5]

---

૧. ગાથા ૧-૩ ૨. ગાથા ૨૮-૪૩ ૩. ગાથા ૪૪-૫૯

૪. ગાથા ૬૦-૧૧૧ ૫. ગાથા ૧-૧૦

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. ઉદીરણાકરણ – ઉદીરણાનો અર્થ છે યોગવિશેષથી કર્મપ્રદેશોને ઉદયમાં લાવવા. આચાર્યે લક્ષણ, ભેદ, સાદ્યાદિ, સ્વામિત્વ, પ્રકૃતિસ્થાન અને પ્રકૃતિસ્થાનસ્વામી આ છ દ્વારો દ્વારા તેનું વિવેચન કર્યું છે. વિવિધ દૃષ્ટિએ ઉદીરણાના બે, ચાર, આઠ અને એક સો અઠ્ઠાવન ભેદ કરવામાં આવ્યા છે. તે ભેદોમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ આ ચાર ભેદોને પ્રધાનતા આપવામાં આવી છે.[1]

૬. ઉપશમનાકરણ – આ પ્રકરણમાં ગ્રન્થકારે કર્મોની ઉપશમનાનો (ઉપશાન્તિનો) વિચાર કર્યો છે. ઉપશમની અવસ્થામાં કર્મ થોડા વખત માટે દબાયેલા રહે છે, નાશ નથી પામતા. ઉપશમનાના નીચે જણાવેલા આઠ દ્વાર છે : ૧. સમ્યક્ત્વની ઉત્પત્તિ, ૨. દેશવિરતિની પ્રાપ્તિ, ૩. સર્વવિરતિની પ્રાપ્તિ, ૪. અનન્તાનુબંધી કષાયની વિયોજના (વિનાશ), ૫. દર્શનમોહનીયની ક્ષપણા, ૬. દર્શનમોહનીયની ઉપશમના, ૭. ચારિત્રમોહનીયની ઉપશમના, ૮. દેશોપશમના.[2] પ્રસ્તુત પ્રકરણ આધ્યાત્મિક વિકાસની વિવિધ ભૂમિકાઓની (ગુણસ્થાનોની) દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે. ઉપશમનાકરણની ચાર ગાથાઓ (ક્રમાંક ૨૩થી ૨૬) કષાયપ્રાભૃતની ચાર ગાથાઓ (ક્રમાંક ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૫) સાથે મળતી આવે છે.

૭-૮. નિધત્તિકરણ અને નિકાચનાકરણ – ભેદ અને સ્વામીની દૃષ્ટિએ નિધત્તિકરણ અને નિકાચનાકરણ દેશોપશમના (આંશિક ઉપશમના) તુલ્ય છે. એમનામાં ભેદ એ છે કે નિધત્તિમાં સંક્રમણ નથી હોતું જ્યારે નિકાચનામાં સંક્રમની સાથે ઉદ્વર્તના અને અપવર્તનાની પણ પ્રવૃત્તિ નથી હોતી :

देसोवसमणतुल्ला होइ निहत्ती निकाइया नवरं ।
संकमणं पि निहत्तीइ नत्थि सेसाणवियरस्सं ॥

૯. ઉદયાવસ્થા – ઉદય અને ઉદીરણા સામાન્ય રીતે સમાન છે પરંતુ જ્ઞાનાવરણ વગેરે ૪૧ પ્રકૃતિઓની દૃષ્ટિએ આ બંનેમાં કંઈક વિશેષતા છે. આ પ્રકૃતિઓ આ પ્રમાણે છે : ૫ જ્ઞાનાવરણ, ૪ દર્શનાવરણ, ૫ અન્તરાય, ૧ સંજ્વલનલોભ, ૩ વેદ, ૨ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ, ૪ આયુ, ૨ વેદનાઓ, ૫ નિદ્રાઓ, ૧૦ નામકર્મની પ્રકૃતિઓ – મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશઃકીર્તિ, ઉચ્ચગોત્ર અને તીર્થંકર. આ જ રીતે સ્થિતિ, અનુભાગ અને પ્રદેશની દૃષ્ટિએ પણ બંનેમાં કંઈક અન્તર છે.[3]

૧. ગાથા ૧-૮૯ ૨. ગાથા ૧-૭૧ ૩. ગાથા ૧-૩૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. સત્તાવસ્થા – ભેદ, સાદ્યાદિ અને સ્વામી આ ત્રણ દૃષ્ટિએ સત્તાનો વિચાર કરવામાં આવ્યો છે. સત્તાનો અર્થ છે કર્મોનું નિધિરૂપે પડ્યું રહેવું. વિવક્ષાભેદે સત્તા બે, આઠ અને એક સો અઠ્ઠાવન પ્રકારની હોય છે. આચાર્યે વિવિધ ગુણસ્થાનોની દૃષ્ટિએ સત્તામાં રહેલી કર્મપ્રકૃતિઓનું વિશદ વિવેચન કર્યું છે. નારક અને દેવોની દૃષ્ટિએ પણ સત્તાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[1]

ઉપસંહારના રૂપે ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથને જાણવાનું વિશિષ્ટ ફળ દર્શાવ્યું છે. એ ફળ અષ્ટકર્મની નિર્જરાના કારણે પ્રાપ્ત થનાર અલૌકિક સુખના સિવાય બીજું કંઈ નથી.[2] પ્રસ્તુત પરિચયથી સ્પષ્ટ છે કે કર્મપ્રકૃતિ જૈન કર્મવાદ સંમત કર્મની વિવિધ અવસ્થાઓનું વિવેચન કરનારો એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. એની નિરૂપણશૈલી કંઈક કઠિન છે. મલયગિરિ વગેરેની ટીકાઓ એના અર્થના સ્પષ્ટીકરણ માટે વિશેષ ઉપયોગી છે.

## કર્મપ્રકૃતિની વ્યાખ્યાઓ

કર્મપ્રકૃતિની ત્રણ વ્યાખ્યાઓ પ્રકાશિત થઈ ગઈ છે. આ ત્રણમાં એક પ્રાકૃત ચૂર્ણિ છે અને બે સંસ્કૃત ટીકાઓ છે. ચૂર્ણિકારનું નામ અજ્ઞાત છે. સંભવતઃ પ્રસ્તુત ચૂર્ણિ સુપ્રસિદ્ધ ચૂર્ણિકાર જિનદાસગણિ મહત્તરની[3] જ કૃતિ હોય. આ વિશે નિશ્ચિતપણે કંઈ કહી ન શકાય. સંસ્કૃત ટીકાઓમાં એક સુપ્રસિદ્ધ ટીકાકાર મલયગિરિકૃત[4] વૃત્તિ છે અને બીજી ન્યાયાચાર્ય યશોવિજયગણિવિરચિત ટીકા છે. યશોવિજયગણિનો સમય વિક્રમની અઢારમી સદી છે. ગુરુતત્ત્વવિનિશ્ચય, ઉપદેશરહસ્ય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય ટીકા આદિ એમના અનેક મૌલિક ગ્રન્થ આજ પણ ઉપલબ્ધ છે. આ ત્રણ વ્યાખ્યાઓમાંથી ચૂર્ણિનું ગ્રન્થમાન સાત હજાર શ્લોકપ્રમાણ, મલયગિરિકૃત વૃત્તિનું ગ્રન્થમાન આઠ હજાર શ્લોકપ્રમાણ અને યશોવિજયકૃત ટીકાનું ગ્રન્થમાન તેર હજાર શ્લોક પ્રમાણ છે.

ચૂર્ણિ – ચૂર્ણિના પ્રારંભમાં નીચેની મંગલગાથા છે :

---

૧. ગાથા ૧-૪૯

૨. ગાથા ૫૫

૩. જિનદાસગણિ મહત્તરનો પરિચય આગમિક ચૂર્ણિઓ સાથે સંબંધ ધરાવતા પ્રકરણમાં દેવાઈ ગયો છે. જુઓ આ ઈતિહાસનો ભાગ ૩.

૪. મલયગિરિનો પરિચય આગમિક ટીકાઓ સાથે સંબંધ ધરાવતા પ્રકરણમાં દેવાઈ ગયો છે. જુઓ ભાગ ૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जयइ जगहितदमवितहममियगभीरत्थमणुपमं णिउणं ।
जिणवयणमजियममियं भव्वजणसुहावहं जयइ ॥ १ ॥

અંતે 'जस्स वरसासणा....' ગાથાનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

મલયગિરિવિહિત વૃત્તિ — આ વૃત્તિના પ્રારંભમાં આચાર્યે અરિષ્ટનેમિને પ્રણામ કર્યા છે અને ચૂર્ણિકાર પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરી છે.

प्रणम्य कर्मद्रुमचक्रनेमिं, नमत्सुराधीशमरिष्टनेमिम् ।
कर्मप्रकृत्याः कियतां पदानां, सुखावबोधाय करोमि टीकाम् ॥ १ ॥
अयं गुणश्चूर्णिकृतः समग्रो, यदस्मदादिर्वदतीह किञ्चित् ।
उपाधिसम्पर्कवशाद्विशेषो, लोकेऽपि दृष्टः स्फटिकोपलस्य ॥ २ ॥

અંતે વૃત્તિકારે કર્મપ્રકૃતિના મૂળ આધારનો નિર્દેશ કરતાં જૈન સિદ્ધાન્ત અને ચૂર્ણિકારને નમસ્કાર કર્યા છે અને પ્રસ્તુત વૃત્તિરચનાથી પોતાને મળેલા ફળને લોકકલ્યાણ માટે સમર્પિત કર્યું છે :

कर्मप्रपञ्चं जगतोऽनुबन्धक्लेशावहं वीक्ष्य कृपापरीतः ।
क्षयाय तस्योपदिदेश रत्नत्रयं स जीयाज्जिनवर्धमानः ॥ १ ॥
निरस्तकुमतध्वान्तं सत्पदार्थप्रकाशकम् ।
नित्योदयं नमस्कुर्मो जैनसिद्धान्तभास्करम् ॥ २ ॥
पूर्वान्तर्गतकर्मप्रकृतिप्राभृतसमुद्धृता येन ।
कर्मप्रकृतिरियमतः श्रुतकेवलिगम्यभावार्था ॥ ३ ॥
ततः क्व चैषा विषमार्थयुक्ता,
क्व चाल्पशास्त्रार्थकृतश्रमोऽहम् ।
तथापि सम्यग्गुरुसम्प्रदायात्,
किञ्चित्स्फुटार्था विवृता मयैषा ॥ ४ ॥
कर्मप्रकृतिनिधानं बह्वर्थं येन मादृशां योग्यम् ।
चक्रे परोपकृतये श्रीचूर्णिकृते नमस्तस्मै ॥ ५ ॥
एनामतिगभीरां कर्मप्रकृतिं विवृण्वता कुशलम् ।
यदवापि मलयगिरिणा सिद्धिं तेनाश्नुतां लोकः ॥ ६ ॥
अर्हन्तो मङ्गलं मे स्युः सिद्धाश्च मम मङ्गलम् ।
मङ्गलं साधवः सम्यग् जैनो धर्मश्च मङ्गलम् ॥ ७ ॥

યશોવિજયકૃત ટીકા — આ ટીકાના પ્રારંભમાં આચાર્યે પાર્શ્વનાથને પ્રણામ કર્યા છે અને ચૂર્ણિકાર તેમ જ મલયગિરિનો ઉપકાર માનીને પ્રસ્તુત ટીકાની રચનાનો સંકલ્પ જાહેર કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ऐन्द्री समृद्धिर्यदुपास्तिलभ्या, तं पार्श्वनाथं प्रणिपत्य भक्त्या ।
व्याख्यातुमीहे सुगुरुप्रसादमासाद्य कर्मप्रकृतिगभीराम् ॥ १ ॥
मलयगिरिगिरां या व्यक्तिरत्रास्ति तस्याः,
किमधिकमिति भक्तिर्मेऽधिगन्तुं न दत्ते ।
वद वदन पवित्रीभावमुद्भाव्य भाव्यः,
श्रम इह सफलस्ते नित्यमित्येव वक्ति ॥ २ ॥
इह चूर्णिकृदध्वदर्शकोऽभून्मलयगिरिर्व्यतनोदकण्टकं तम् ।
इति तत्र पदप्रचारमात्रात्, पथिकस्येव ममास्त्वभीष्टसिद्धिः ॥ ३ ॥

ત્યાર પછી ટીકાકારે કર્મપ્રકૃતિના કર્તાના રૂપમાં શિવશર્મસૂરિના નામનો ઉલ્લેખ કર્યો છે. ઉપર્યુક્ત ચૂર્ણિકારે તેમ જ વૃત્તિકાર મલયગિરિએ કર્મપ્રકૃતિકારના નામનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. ટીકાકાર યશોવિજયગણિએ શિવશર્મસૂરિનો નામોલ્લેખ આ પ્રમાણે કર્યો છે : इह हि भगवान् शिवशर्मसूरिः कर्मप्रकृत्याख्यं प्रकरणमारिप्सुर्ग्रन्थादौ विघ्नविघाताय शिष्टाचारपरिपालनाय च मङ्गलमारचन् प्रेक्षावत्प्रवृत्तयेऽभिधेयप्रयोजनादि प्रतिपादयति ।

અન્તે ટીકાકારે ગ્રન્થરચનાના સમયનો તેમ જ પોતાની ગુરુપરંપરાના આચાર્યોનો ઉલ્લેખ કરીને ટીકા સમાપ્ત કરી છે :

ज्ञात्वा कर्मप्रपञ्चं निखिलतनुभृतां दुःखसन्दोहबीजं,
तद्विध्वंसाय रत्नत्रयमयसमयं यो हितार्थी दिदेश ।
अन्तः संक्रान्तविश्वव्यतिकरविलसत्कैवलैकात्मदर्शः,
स श्रीमान् विश्वरूपः प्रतिहतकुमतः पातु वो वर्द्धमानः ॥ १ ॥
सूरिश्रीविजयादिदेवसुगुरोः पट्टाम्बराहर्मणौ,
सूरिश्रीविजयादिसिंहसुगुरौ शक्रासने भेजुषि ।
सूरिश्रीविजयप्रभे श्रितवति प्राज्यं च राज्यं कृतो,
ग्रन्थोऽयं वितनोतु कोविदकुले मोदं विनोदं तथा ॥ २ ॥
सूरिश्रीगुरुहीरशिष्यपरिषत्कोटीरहीरप्रभाः,
कल्याणाद्विजयाभिधाः समभवंस्तेजस्विनो वाचकाः ।
तेषामन्तिषदश्च लाभविजयप्राज्ञोत्तमाः शाब्दिक-
श्रेणिकीर्त्तितकातिकोविधुरुचिप्रस्पर्द्धिकीर्त्तिप्रथाः ॥ ३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तच्छिष्याः स्म भवन्ति जीतविजयाः सौभाग्यभाजो बुधाः,
भ्राजन्ते सनया नयादिविजयास्तेषां सतर्थ्याबुधाः ।

तत्पादाम्बुजभृङ्गपद्मविजयप्राज्ञानुजन्मा बुध-
स्तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥ ४ ॥

इदं हि शास्त्रं श्रुतकेवलिस्फुटाधिगम्यपूर्वोद्धृतभावपावनम् ।
ममेह धीर्वामनयष्टिवद्ययौ तथापि शक्त्यैव विभोरियद्भुवम् ॥ ५ ॥

प्राक्तनार्थलिखनाद्वितन्वतो नेह कश्चिदधिको मम श्रमः ।
वीतरागवचनानुरागतः पुष्टमेव सुकृतं तथाप्यतः ॥ ६ ॥

## ચન્દ્રર્ષિમહત્તરકૃત પંચસંગ્રહ

પંચસંગ્રહ[1] આચાર્ય ચન્દ્રર્ષિ મહત્તરવિરચિત કર્મવાદ વિશેનો એક મહાન ગ્રંથ છે. તેમાં શતક વગેરે પાંચ ગ્રન્થોનો પાંચ દ્વારોમાં સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રંથકારે ગ્રંથમાં યોગોપયોગમાર્ગણા વગેરે પાંચ દ્વારોનાં નામ આપ્યાં છે. તે દ્વારોના આધારભૂત શતક વગેરે પાંચ ગ્રન્થો કયા છે, એનું કોઈ સ્પષ્ટીકરણ ન તો મૂળ ગ્રન્થમાં છે કે ન તો સ્વોપજ્ઞ વૃત્તિમાં છે. આચાર્ય મલયગિરિએ આ ગ્રન્થની પોતાની ટીકામાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે આમાં ગ્રન્થકારે શતક, સપ્તતિકા, કષાયપ્રાભૃત, સત્કર્મ અને કર્મપ્રકૃતિ આ પાંચ ગ્રંથોનો સમાવેશ કર્યો છે. આ પાંચ ગ્રંથોમાંથી કષાયપ્રાભૃત સિવાયના બાકીના ચાર ગ્રંથોનો આચાર્ય મલયગિરિએ પોતાની ટીકામાં પ્રમાણરૂપે ઉલ્લેખ કર્યો છે. તેથી સિદ્ધ થાય છે કે મલયગિરિના સમયમાં કષાયપ્રાભૃતને છોડી બાકીના ચાર ગ્રન્થ અવશ્ય વિદ્યમાન હતા. આ ચાર ગ્રંથોમાંથી સત્કર્મ આજે મળતો નથી. બાકીના

---

૧. (અ) સ્વોપજ્ઞવૃત્તિ સહિત – આગમોદયસમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૭
(આ) મલયગિરિકૃત વૃત્તિ સહિત – હીરાલાલ હંસરાજ, જામનગર, સન્ ૧૯૦૯
(ઇ) મૂલ – જૈન આત્માનંદ સભા, ભાવનગર, સન્ ૧૯૧૯
(ઈ) સ્વોપજ્ઞ અને મલયગિરિકૃત વૃત્તિ સહિત – મુક્તાબાઈ જ્ઞાનમંદિર, ખૂબચંદ પાનાચંદ, ડભોઈ (ગુજરાત), સન્ ૧૯૩૭-૩૮
(ઉ) મલયગિરિકૃત વૃત્તિના હીરાલાલ દેવચંદકૃત ગુજરાતી અનુવાદ સહિત – જૈન સોસાયટી, ૧૫, અમદાવાદ, પ્રથમ ખંડ, સન્ ૧૯૩૫, દ્વિતીય ખંડ, સન્ ૧૯૪૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ ગ્રન્થ શતક, સપ્તતિકા અને કર્મપ્રકૃતિ આજે પણ મળે છે.

પંચસંગ્રહકાર આચાર્ય ચંદ્રર્ષિ મહત્તરના સમય, ગચ્છ વગેરેનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ મળતો નથી. તેમની સ્વોપજ્ઞ વૃત્તિના અંતે કેવળ એટલો જ ઉલ્લેખ છે કે તેઓ પાર્શ્વર્ષિના શિષ્ય છે. એ જ રીતે તેમના મહત્તરપદ વિશે પણ તેમની સ્વોપજ્ઞ વૃત્તિમાં કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ નથી. આચાર્ય મલયગિરિએ પણ એમને 'मया चन्द्रर्षिनाम्ना साधुना' એવું કહીને મહત્તરપદથી વિભૂષિત કર્યા નથી. સામાન્ય પ્રચલિત ઉલ્લેખોના આધાર પર જ એમને અહીં મહત્તર કહેવામાં આવ્યા છે.

આચાર્ય ચન્દ્રર્ષિ મહત્તરના સમય વિશે એટલું જ કહી શકાય છે કે ગર્ગર્ષિ, સિદ્ધર્ષિ, પાર્શ્વર્ષિ, ચન્દ્રર્ષિ વગેરે ઋષિશબ્દાન્ત નામ ખાસ કરીને નવમી-દસમી સદીમાં વધુ પ્રચલિત હતા તેથી પંચસંગ્રહકાર ચન્દ્રર્ષિ મહત્તર પણ સંભવતઃ વિક્રમની નવમી-દસમી સદીમાં વિદ્યમાન હશે. પંચસંગ્રહ અને એની સ્વોપજ્ઞ ટીકા સિવાય ચન્દ્રર્ષિ મહત્તરની કોઈ અન્ય કૃતિ ઉપલબ્ધ થઈ નથી.

પંચસંગ્રહમાં લગભગ એક હજાર ગાથાઓ છે જેમાં યોગ, ઉપયોગ, ગુણસ્થાન, કર્મબન્ધ, બન્ધહેતુ, ઉદય, સત્તા, બન્ધન વગેરે આઠ કરણ અને આ જ પ્રકારના અન્ય વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે. શરૂઆતમાં આઠ કર્મોનો નાશ કરનાર વીર જિનેશ્વરને નમસ્કાર કરવામાં આવ્યા છે તથા મહાન્ અર્થવાળા પંચસંગ્રહ નામના ગ્રન્થની રચના કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે:

नमिऊण जिणं वीरं सम्मं दुट्ठट्ठकम्मनिट्ठवगं ।
वोच्छामि पंचसंगहमेयमहत्थं जहत्थं च ॥ १ ॥

ત્યાર પછી ગ્રન્થકારે 'પંચસંગ્રહ' નામની સાર્થકતા બે રીતે દર્શાવતાં લખ્યું છે કે આમાં શતક વગેરે પાંચ ગ્રંથોનો સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે માટે અથવા તો પાંચ દ્વારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે માટે આનું 'પંચસંગ્રહ' નામ સાર્થક છે :

सयगाइ पंच गंथा जहारिहं जेण एत्थ संखित्ता ।
दाराणि पंच अहवा तेण जहत्थाभिहाणमिणं ॥ २ ॥

આ ગ્રંથમાં નીચે જણાવેલા પાંચ દ્વારોનો પરિચય છે : ૧. યોગોપયોગમાર્ગણા, ૨. બંધક, ૩. બંધવ્ય, ૪. બંધહેતુ, ૫. બંધવિધિ. આ વિશેની ગાથા નીચે છે :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एत्थ य जोगुवयोगाणमग्गणा बंधगा य वत्तव्वा ।
तह बंधियव्व य बंधहेयवो बंधविहिणो य ॥ ३ ॥

ગ્રન્થના અંતે નીચેની ગાથા છે :

सुयदेविपसायाओ पगरणमेयं समासओ भणियं ।
समयाओ चंदरिसिणा समइविभवाणुसारेण ॥

અર્થ : શ્રુતદેવીની કૃપાથી ચન્દ્રર્ષિએ પોતાની બુદ્ધિના વૈભવ અનુસાર સિદ્ધાન્તમાંથી આ પ્રકરણ સંક્ષેપમાં કહ્યું છે.

આમ ગ્રન્થકારે ગ્રન્થના અંતે પોતાના નામનો નિર્દેશ કર્યો છે.

## પંચસંગ્રહની વ્યાખ્યાઓ

પંચસંગ્રહની બે મહત્ત્વપૂર્ણ ટીકાઓ પ્રકાશિત છે : સ્વોપજ્ઞ વૃત્તિ અને મલયગિરિકૃત ટીકા. સ્વોપજ્ઞ વૃત્તિ નવ હજાર શ્લોકપ્રમાણ તથા મલયગિરિકૃત ટીકા અઢાર હજાર શ્લોકપ્રમાણ છે.

સ્વોપજ્ઞ વૃત્તિના અંતમાં આચાર્યે પોતાને પાર્શ્વર્ષિના પાદસેવક અર્થાત્ શિષ્ય કહ્યા છે :

माधुर्यस्थैर्ययुक्तस्य दारिद्रयाद्रिमहास्वरोः ।
पार्श्वर्षेः पादसेवातः कृतं शास्त्रमिदं मया ॥ ५ ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મલયગિરિની ટીકાનો અંત આવો છે :

जयति सकलकर्मक्लेशसंपर्कमुक्त-
स्फुरितविततविमलज्ञानसंभारलक्ष्मीः ।
प्रतिनिहतकुतीर्थाशेषमार्गप्रवादः,
शिवपदमधिरूढो वर्धमानो जिनेन्द्रः ॥ १ ॥
गणधरदृब्धं जिनभाषितार्थमखिलगमभङ्गनयकलितम् ।
परतीर्थानुमतमादृतिमभिगन्तुं शासनं जैनम् ॥ २ ॥
बह्वर्थमल्पशब्दं प्रकरणमेतद्विवृण्वतामखिलम् ।
यदवापि मलयगिरिणा सिद्धिं तेनाश्नुतां लोकः ॥ ३ ॥
अर्हन्तो मंगलं सिद्धा मंगलं मम साधवः ।
मंगलं मंगलं धर्मस्तन्मंगलमशिश्रियम् ॥ ४ ॥

## પ્રાચીન ષટ્ કર્મગ્રન્થ

દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રન્થ નવ્ય કર્મગ્રન્થો તરીકે પ્રસિદ્ધ છે જ્યારે તેમના આધારભૂત પુરાણા કર્મગ્રન્થ પ્રાચીન કર્મગ્રન્થ કહેવાય છે. આ જાતના પ્રાચીન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મગ્રન્થો[1]ની સંખ્યા છ છે. તે કર્મગ્રન્થો શિવશર્મસૂરિ વગેરે ભિન્ન ભિન્ન આચાર્યોની કૃતિઓ છે. તેમનાં નામ આ મુજબ છે : ૧. કર્મવિપાક, ૨. કર્મસ્તવ, ૩. બન્ધસ્વામિત્વ, ૪. ષડશીતિ, ૫. શતક, ૬. સપ્તતિકા.

કર્મવિપાકના કર્તા ગર્ગર્ષિ છે. તે સંભવતઃ વિક્રમની દસમી સદીમાં વિદ્યમાન હતા. કર્મવિપાક ઉપર ત્રણ ટીકાઓ છે : પરમાનન્દસૂરિકૃત વૃત્તિ, ઉદયપ્રભસૂરિકૃત ટિપ્પન અને એક અજ્ઞાતકર્તૃક વ્યાખ્યા. આ ત્રણે ટીકાઓ વિક્રમની બારમી-તેરમી સદીની રચનાઓ છે એવું લાગે છે.

કર્મસ્તવના કર્તા અજ્ઞાત છે. તેના ઉપર બે ભાષ્યો અને બે ટીકાઓ છે. ભાષ્યકારોનાં નામ અજ્ઞાત છે. બે ટીકાઓમાંથી એક ગોવિન્દાચાર્યકૃત વૃત્તિ છે. બીજી ટીકા ઉદયપ્રભસૂરિકૃત ટિપ્પણના રૂપમાં છે. આ બંનેનો રચનાકાળ સંભવતઃ વિક્રમની તેરમી સદી છે. કર્મસ્તવનું નામ બન્ધોદયસદ્યુક્તસ્તવ પણ છે.

બન્ધસ્વામિત્વના કર્તા પણ અજ્ઞાત છે. તેના ઉપર એક હરિભદ્રસૂરિકૃત વૃત્તિ છે. આ વૃત્તિ વિ.સં.૧૧૭૨માં લખાઈ છે.

ષડશીતિ અથવા આગમિકવસ્તુવિચારસારપ્રકરણ જિનવલ્લભગણિની કૃતિ છે. તેની રચના વિક્રમની બારમી સદીમાં થઈ છે. તેના ઉપર બે અજ્ઞાતકર્તૃક ભાષ્ય તથા અનેક ટીકાઓ છે. ટીકાકારોમાં હરિભદ્રસૂરિ અને મલયગિરિ મુખ્ય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શતક અથવા બન્ધશતક પ્રકરણના કર્તા શિવશર્મસૂરિ છે. તેના ઉપર ત્રણ ભાષ્ય, એક ચૂર્ણિ અને ત્રણ ટીકાઓ છે. ત્રણ ભાષ્યોમાંથી બે લઘુભાષ્યો છે જે અજ્ઞાતકર્તૃક છે. બૃહદ્ભાષ્યના કર્તા ચક્રેશ્વરસૂરિ છે. આ ભાષ્ય વિ.સં.૧૧૭૯માં લખવામાં આવ્યું છે. ચૂર્ણિકારનું નામ અજ્ઞાત છે. ત્રણમાંથી

---

૧. પ્રથમ ચાર કર્મગ્રન્થ સટીક — જૈન આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૨
પંચમ કર્મગ્રન્થ સટીક —
(અ) જૈન આત્માનંદ સભા, ભાવનગર, સન્ ૧૯૪૦
(આ) વીરસમાજ ગ્રન્થરત્નમાલા, અહમદાબાદ, સન્ ૧૯૨૨ અને ૧૯૨૩
ષષ્ઠ કર્મગ્રન્થ સટીક —
(અ) જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર, સન્ ૧૯૧૯
(આ) જૈન આત્માનંદ સભા, ભાવનગર, સન્ ૧૯૪૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક ટીકાના કર્તા મલધારી હેમચન્દ્ર (વિક્રમની ૧૨મી સદી), બીજી ઉદયપ્રભસૂરિ (સંભવતઃ વિક્રમની ૧૩મી સદી) તથા ત્રીજીના ગુણરત્નસૂરિ (વિક્રમની ૧૫મી સદી) છે.

સપ્તતિકાના કર્તાના વિશે નિશ્ચિતપણે કંઈ પણ કહી શકાય તેમ નથી. સામાન્ય પ્રચલિત માન્યતા અનુસાર ચન્દ્રર્ષિ મહત્તર તેના કર્તા કહેવાય છે. એવી પણ સંભાવના છે કે શિવશર્મસૂરિ જ તેના કર્તા હોય. તેના ઉપર અભયદેવસૂરિકૃત ભાષ્ય, અજ્ઞાતકર્તૃક ચૂર્ણિ, ચન્દ્રર્ષિ મહત્તરકૃત પ્રાકૃત વૃત્તિ, મલયગિરિકૃત ટીકા, મેરુતુંગસૂરિકૃત ભાષ્યવૃત્તિ, રામદેવકૃત ટિપ્પણ અને ગુણરત્નસૂરિકૃત અવચૂરિ છે.

આ છ કર્મગ્રન્થોમાંથી પ્રથમ પાંચમાં તે જ વિષયોનું પ્રતિપાદન છે જે દેવેન્દ્રસૂરિકૃત પાંચ નવ્ય કર્મગ્રન્થમાં સારરૂપે છે. સપ્તતિકારૂપ છઠ્ઠા કર્મગ્રન્થમાં નીચે જણાવેલા વિષયોનું વિવેચન છે :

બન્ધ, ઉદય, સત્તા અને પ્રકૃતિસ્થાન, જ્ઞાનાવરણીય વગેરે કર્મોની ઉત્તરપ્રકૃતિઓ અને બન્ધ વગેરે સ્થાન, આઠ કર્મોનાં ઉદીરણાસ્થાન, ગુણસ્થાન અને પ્રકૃતિબંધ, ગતિઓ અને પ્રકૃતિઓ, ઉપશમશ્રેણિ, ક્ષપકશ્રેણિ તથા ક્ષપકશ્રેણિઆરોહણનું અંતિમ ફળ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### જિનવલ્લભકૃત સાર્ધશતક

અભયદેવસૂરિના શિષ્ય જિનવલ્લભગણિએ (વિક્રમની ૧૨મી સદી) કર્મવિષયક આ કૃતિ[1] ૧૫૫ ગાથાઓમાં લખી છે. તેના ઉપર અજ્ઞાતકર્તૃક ભાષ્ય, મુનિચન્દ્રસૂરિકૃત ચૂર્ણિ (વિ.સં.૧૧૭૦), ચક્રેશ્વરસૂરિકૃત પ્રાકૃત વૃત્તિ, ધનેશ્વરસૂરિકૃત ટીકા (વિ.સં.૧૧૭૧) અને અજ્ઞાતકર્તૃક વૃત્તિ-ટિપ્પણ છે.

### દેવેન્દ્રસૂરિકૃત નવ્ય કર્મગ્રન્થ

સ્વોપજ્ઞવૃત્તિયુક્ત પાંચ નવ્ય[2] કર્મગ્રન્થોની રચના કરનાર દેવેન્દ્રસૂરિ જગચ્ચન્દ્રસૂરિના શિષ્ય હતા. દેવેન્દ્રસૂરિનો સ્વર્ગવાસ વિ.સં.૧૩૨૭માં થયો હતો.

---

૧. ધનેશ્વરસૂરિકૃત ટીકા સહિત — જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, સન્ ૧૯૧૫

૨. (ક) પ્રથમ-દ્વિતીય-ચતુર્થ સ્વોપજ્ઞવિવરણોપેત તથા તૃતીય અન્યાચાર્ય વિરચિત અવચૂરિસહિત—

(અ) જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં. ૧૯૬૬-૧૯૬૮

(આ) મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વિ.સં.૨૪૪૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે આ સટીક પાંચ કર્મગ્રન્થો ઉપરાંત શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ, સિદ્ધપંચાશિકાસૂત્રવૃત્તિ, સુદર્શનાચરિત્ર, વન્દારુવૃત્તિ, સિદ્ધદણ્ડિકા આદિ ગ્રન્થોની પણ રચના કરી છે. તેઓ પ્રાકૃત અને સંસ્કૃતની સાથે સાથે જૈનસિદ્ધાન્ત અને દર્શનશાસ્ત્રના પણ પારંગત વિદ્વાન હતા.[1]

આચાર્ય દેવેન્દ્રસૂરિએ જે પાંચ કર્મગ્રન્થોની રચના કરી છે તેમનો આધાર શિવશર્મસૂરિ, ચન્દ્રર્ષિમહત્તર વગેરે પ્રાચીન આચાર્યોએ રચેલા કર્મગ્રન્થો છે. દેવેન્દ્રસૂરિએ પોતાના કર્મગ્રન્થોમાં પ્રાચીન કર્મગ્રન્થોનો કેવળ ભાવાર્થ કે સાર જ નથી આપ્યો પરંતુ નામ, વિષય, વર્ણનક્રમ વગેરે વાતો પણ તે જ રૂપમાં રાખી છે. ક્યાંક ક્યાંક નવીન વિષયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાચીન છ કર્મગ્રન્થોમાંથી પાંચ કર્મગ્રન્થોને આધારે આચાર્ય દેવેન્દ્રસૂરિએ જે પાંચ કર્મગ્રન્થોની રચના કરી છે તેમને નવ્ય કર્મગ્રન્થ કહેવામાં આવે છે. આ કર્મગ્રન્થોનાં નામ પણ તે જ છે : કર્મવિપાક, કર્મસ્તવ, બન્ધસ્વામિત્વ, ષડશીતિ અને શતક. આ પાંચે કર્મગ્રન્થ ક્રમશઃ પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને પંચમ કર્મગ્રન્થના નામથી પણ પ્રસિદ્ધ છે. ઉપર્યુક્ત પાંચ નામોમાંથી પણ પ્રથમ ત્રણ નામ વિષયને દૃષ્ટિમાં રાખી રાખવામાં આવ્યાં છે, જ્યારે અન્તિમ બે નામ ગાથાની સંખ્યાને દૃષ્ટિમાં રાખી રાખવામાં આવ્યાં છે. આ કર્મગ્રન્થોની ભાષા પણ પ્રાચીન કર્મગ્રન્થોની જેમ જ પ્રાકૃત જ છે. જે છંદમાં એમની રચના થઈ છે તેનું નામ છે આર્યા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

કર્મવિપાક — ગ્રન્થકારે પ્રથમ કર્મગ્રન્થ માટે આદિમાં અને અંતમાં 'કર્મવિપાક' ('કમ્મવિવાગ') નામનો પ્રયોગ કર્યો છે. કર્મવિપાકનો વિષય સામાન્યપણે કર્મતત્ત્વ થતો હોવા છતાં તેમાં કર્મ સંબંધી અન્ય બાબતો પર વિશેષ વિચાર કર્યા વિના કર્મના પ્રકૃતિ ધર્મ ઉપર જ પ્રધાનપણે વિચાર કરવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં, પ્રસ્તુત કર્મગ્રન્થમાં કર્મની બધી જ પ્રકૃતિઓના વિપાક-પરિપાક-ફલનું જ મુખ્યપણે વર્ણન કરવામાં આવ્યું છે. આ દૃષ્ટિએ તેનું 'કર્મવિપાક' નામ સાર્થક છે.

---

(ઇ) જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૩૪

(ખ) સ્વોપજ્ઞટીકાસહિત પંચમ કર્મગ્રન્થ (સપ્તતિકા સટીક સહિત)

(અ) જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, સન્ ૧૯૧૯

(આ) જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૪૦

૧. જુઓ મુનિ ચતુરવિજયસંપાદિત 'चत्वारः कर्मग्रन्थाः' પ્રસ્તાવના, પૃ. ૧૬-૨૦ (જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૩૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રન્થના પ્રારંભમાં આચાર્યે જણાવ્યું છે કે કર્મબન્ધ સહેતુક એટલે કે સકારણ છે. એના પછી કર્મના સ્વરૂપનો પરિચય દેવા માટે ગ્રન્થકારે કર્મનો ચાર દૃષ્ટિએ વિચાર કર્યો છે : પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અથવા રસ અને પ્રદેશ. પ્રકૃતિના મુખ્ય આઠ ભેદ છે : જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય. આ આઠ મૂળ પ્રકૃતિઓના વિવિધ ઉત્તરભેદ થાય છે. આ ઉત્તરભેદોની સંખ્યા ૧૫૮ સુધી થાય છે. આ ભેદોનું સ્વરૂપ દર્શાવવા માટે આચાર્યે પ્રારંભમાં જ્ઞાનનું નિરૂપણ કર્યું છે. જ્ઞાનના પાંચ ભેદોનું સંક્ષેપમાં નિરૂપણ કરતાં તદાવરણભૂત કર્મોનું સદૃષ્ટાન્ત નિરૂપણ કરવામાં આવ્યું છે. દર્શનાવરણીય કર્મના નવ ભેદોમાં પાંચ પ્રકારની નિદ્રાઓ પણ સમાવિષ્ટ છે, એ જણાવતાં આચાર્યે આ નિદ્રાઓનું સુંદર વર્ણન કર્યું છે. ત્યાર પછી સુખ અને દુઃખના જનક વેદનીય કર્મનું, શ્રદ્ધા અને ચારિત્રના પ્રતિબંધક મોહનીય કર્મનું, જીવનની મર્યાદાના કારણભૂત આયુ કર્મનું, જાતિ આદિ વિવિધ અવસ્થાઓના જનક નામ કર્મનું, ઉચ્ચ અને નીચ ગોત્રના કારણભૂત ગોત્ર કર્મનું અને પ્રાપ્તિ આદિમાં બાધા નાખનાર અન્તરાય કર્મનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવેલ છે. અન્તે પ્રત્યેક પ્રકારના કર્મના કારણ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. પ્રસ્તુત કર્મગ્રન્થમાં ૬૦ ગાથાઓ છે.

કર્મસ્તવ — પ્રસ્તુત કર્મગ્રન્થમાં કર્મની ચાર અવસ્થાઓનું વિશેષ વિવેચન કરવામાં આવ્યું છે. તે અવસ્થાઓ છે — બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા. આ અવસ્થાઓના વર્ણનમાં ગુણસ્થાનની દૃષ્ટિને પ્રાધાન્ય અપાયું છે. બંધાધિકારમાં આચાર્યે ચૌદ ગુણસ્થાનોના ક્રમને અનુસરી પ્રત્યેક ગુણસ્થાનવર્તી જીવની કર્મબંધની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરવામાં આવ્યો છે. એ જ રીતે ઉદય વગેરે અવસ્થાઓના વિષયમાં પણ સમજવું જોઈએ. ગુણસ્થાનનો અર્થ છે આત્માના વિકાસની વિવિધ અવસ્થાઓ. આ અવસ્થાઓને આપણે આધ્યાત્મિક વિકાસક્રમ કહી શકીએ. જૈન પરંપરામાં આ જાતની ચૌદ અવસ્થાઓ માનવામાં આવી છે. આ અવસ્થાઓમાં આત્મા ક્રમશઃ કર્મમળથી વિશુદ્ધ થતો થતો છેવટે મુક્તિ પામે છે. કર્મપુંજનો સર્વથા ક્ષય કરી મુક્તિ પામનાર પ્રભુ મહાવીરની સ્તુતિને બહાને પ્રસ્તુત ગ્રંથની રચના કરાઈ હોવાથી તેનું નામ 'કર્મસ્તવ' રાખવામાં આવ્યું છે. તેની ગાથાસંખ્યા ૩૪ છે.

બન્ધસ્વામિત્વ — પ્રસ્તુત કર્મગ્રન્થમાં માર્ગણાઓની દૃષ્ટિએ ગુણસ્થાનોનું વર્ણન કરવામાં આવ્યું છે અને જણાવવામાં આવ્યું છે કે માર્ગણાસ્થિત જીવોની સામાન્યપણે કર્મબંધ સંબંધી કેટલી યોગ્યતા છે અને ગુણસ્થાનના વિભાગ અનુસાર કર્મના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધની યોગ્યતા શું છે ? આ રીતે આ ગ્રંથમાં આચાર્યે માર્ગણા અને ગુણસ્થાન બંનેની દૃષ્ટિએ કર્મબંધનો વિચાર કર્યો છે. જગતના પ્રાણીઓમાં જે ભિન્નતાઓ અર્થાત્ વિવિધતાઓ જણાય છે તેમને જૈન કર્મશાસ્ત્રીઓએ ચૌદ વિભાગોમાં વિભાજિત કરી છે. આ ચૌદ વિભાગોના ૬૨ ઉપભેદો છે. વૈવિધ્યના આ વર્ગીકરણને 'માર્ગણા' કહેવામાં આવે છે. ગુણસ્થાનોનો આધાર કર્મપટલનો તરતમભાવ તેમ જ પ્રાણીની પ્રવૃત્તિ-નિવૃત્તિ છે, જ્યારે માર્ગણાઓનો આધાર પ્રાણીની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ભિન્નતાઓ છે. માર્ગણાઓ જીવના વિકાસની સૂચક નથી પરંતુ તેના સ્વાભાવિક-વૈભાવિક રૂપોના પૃથક્કરણની સૂચક છે, જ્યારે ગુણસ્થાનોમાં જીવના વિકાસની ક્રમિક અવસ્થાઓનો વિચાર કરવામાં આવે છે. આમ માર્ગણાઓનો આધાર પ્રાણીઓની વિવિધતાઓનું સાધારણ વર્ગીકરણ છે, જ્યારે ગુણસ્થાનોનો આધાર જીવોનો આધ્યાત્મિક વિકાસક્રમ છે. પ્રસ્તુત કર્મગ્રન્થની ગાથાસંખ્યા ૨૪ છે.

ષડશીતિ — પ્રસ્તુત કર્મગ્રન્થને 'ષડશીતિ' નામ આપવાનું કારણ એ છે કે તેમાં ૮૬ ગાથાઓ છે. એનું બીજું એક નામ 'સૂક્ષ્માર્થવિચાર' પણ છે અને તે નામનું કારણ એ છે કે ગ્રન્થકારે ગ્રન્થના અંતે 'सुहमत्थवियारो' ('सूक्ष्मार्थविचार') શબ્દનો પ્રયોગ કર્યો છે. આ ગ્રન્થમાં મુખ્યપણે ત્રણ વિષયોની ચર્ચા છે : જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાન. જીવસ્થાનમાં ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા આ આઠ વિષયોનું વર્ણન છે. માર્ગણાસ્થાનમાં જીવસ્થાન, ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા અને અલ્પબહુત્વ આ છ વિષયોનું નિરૂપણ છે. ગુણસ્થાનમાં જીવસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધ, ઉદય, ઉદીરણા, સત્તા અને અલ્પબહુત્વ આ દસ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અંતે ભાવ અને સંખ્યાનું સ્વરૂપ જણાવ્યું છે. જીવસ્થાનના વર્ણન ઉપરથી એ જાણવા મળે છે કે જીવ કઈ કઈ અવસ્થાઓમાં ભ્રમણ કરે છે. માર્ગણાસ્થાનના વર્ણન ઉપરથી આપણને જ્ઞાત થાય છે કે જીવના કર્મકૃત અને સ્વાભાવિક કેટલા ભેદ છે. ગુણસ્થાનના નિરૂપણ દ્વારા આપણને આત્માની ઉત્તરોત્તર ઉન્નતિનો ખ્યાલ આવે છે. જીવસ્થાન, માર્ગણાસ્થાન અને ગુણસ્થાનના જ્ઞાન દ્વારા આત્માના સ્વરૂપને તેમ જ કર્મજન્ય રૂપને જાણી શકાય છે.

શતક — શતક નામના પંચમ કર્મગ્રન્થમાં ૧૦૦ ગાથા છે. તેથી તેનું નામ શતક રાખવામાં આવ્યું છે. તેમાં સૌપ્રથમ જણાવવામાં આવ્યું છે કે પ્રથમ કર્મગ્રન્થમાં વર્ણવવામાં આવેલ પ્રકૃતિઓમાંથી કઈ કઈ પ્રકૃતિઓ ધ્રુવબંધિની, અધ્રુવબંધિની, ધ્રુવોદયા, અધ્રુવોદયા, ધ્રુવસત્તાકા, અધ્રુવસત્તાકા, સર્વઘાતી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેશઘાતી, અઘાતી, પુણ્યધર્મા, પાપધર્મા, પરાવર્તમાના અને અપરાવર્તમાના છે. પછી એ બાબતનો વિચાર કરવામાં આવ્યો છે કે આ પ્રકૃતિઓમાંથી કઈ કઈ પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી, જીવવિપાકી, ભવવિપાકી અને પુદ્ગલવિપાકી છે. ત્યાર બાદ ગ્રન્થકારે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ (રસબંધ) અને પ્રદેશબંધ આ ચાર પ્રકારના બંધોનું સ્વરૂપ જણાવ્યું છે. તેમનો સામાન્ય પરિચય તો પ્રથમ કર્મગ્રન્થમાં આપી દેવામાં આવ્યો છે, પરંતુ વિશેષ વિવેચનને માટે પ્રસ્તુત ગ્રન્થ લખાયો છે. પ્રકૃતિબંધનું વર્ણન કરતાં આચાર્યે મૂલ પ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓ સાથે સંબંધિત ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય બંધો ઉપર પ્રકાશ ફેંક્યો છે. સ્થિતિબંધનું વિવેચન કરતાં આચાર્યે જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિનું અને આ પ્રકારની સ્થિતિનો બંધ કરનાર પ્રાણીઓનું વર્ણન કર્યું છે. અનુભાગબંધના વર્ણનમાં શુભાશુભ પ્રકૃતિઓમાં તીવ્ર અથવા મન્દ રસ પડવાનાં કારણો, ઉત્કૃષ્ટ તથા જઘન્ય અનુભાગબંધના સ્વામી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રદેશબંધના વર્ણનમાં વર્ગણાઓનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે અને છેવટે ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે.

નવ્ય કર્મગ્રન્થોની વ્યાખ્યાઓ

આચાર્ય દેવેન્દ્રસૂરિએ પોતાના પાંચ કર્મગ્રન્થો ઉપર સ્વોપજ્ઞ ટીકા લખી હતી પરંતુ કોઈ કારણે ત્રીજા કર્મગ્રન્થની ટીકા નાશ પામી ગઈ. તેની પૂર્તિ કરવા માટે ઉત્તરકાલીન કોઈ આચાર્યે અવચૂરિરૂપ નવી ટીકા લખી છે. ગુણરત્નસૂરિ અને મુનિશેખરસૂરિએ પાંચે કર્મગ્રન્થો ઉપર અવચૂરિઓ લખી છે. તે ઉપરાંત કમલસંયમ ઉપાધ્યાય વગેરેએ પણ આ કર્મગ્રન્થો ઉપર નાની ટીકાઓ લખી છે. હિન્દી અને ગુજરાતીમાં પણ આ કર્મગ્રન્થો ઉપર પર્યાપ્ત વિવેચન લખાયાં છે.[1]

૧. (અ) હિન્દી વિવેચન (સપ્તતિકાસહિત) – આત્માનન્દ જૈન પુસ્તક પ્રચારક મંડલ, આગરા

(આ) ગુજરાતી વિવેચન (સપ્તતિકાસહિત) –

(ક) જૈન શ્રેયસ્કર મંડલ, મહેસાણા

(ખ) પ્રથમ ત્રણ – હેમચંદ્રાચાર્ય ગ્રન્થમાલા, અમદાવાદ

(ગ) શતક (પંચમ) – મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા

(ઘ) ટબાર્થસહિત (છ) – જૈન વિદ્યાશાળા, અમદાવાદ

(ઙ) યંત્રપૂર્વક કર્માદિવિચાર – જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવપ્રકરણ

વિજયવિમલગણિએ વિ.સં. ૧૬૨૩માં [1]ભાવપ્રકરણની રચના કરી. તેમાં ત્રીસ ગાથાઓ છે. આ ગાથાઓમાં ઔપશમિક વગેરે ભાવોનું વર્ણન છે. તેના ઉપર ૩૨૫ શ્લોકપ્રમાણ સ્વોપજ્ઞ વૃત્તિ છે.

બંધહેતૂદયત્રિભંગી

હર્ષકુલગણિકૃત [2]બંધહેતૂદયત્રિભંગીમાં ૬૫ ગાથા છે. તે વિક્રમની ૧૬મી સદીની રચના છે. તેના ઉપર વાનરર્ષિએ વિ.સં.૧૬૦૨માં ટીકા લખી છે. આ ટીકા ૧૧૫૦ શ્લોકપ્રમાણ છે.

બંધોદયસત્તાપ્રકરણ

વિજયવિમલગણિએ વિક્રમની ૧૭મી સદીના પ્રારંભમાં [3]બંધોદયસત્તાપ્રકરણની રચના કરી. તેમાં ૨૪ ગાથા છે. તેના ઉપર ૩૦૦ શ્લોકપ્રમાણ સ્વોપજ્ઞ અવચૂરિ છે.

નેમિચન્દ્રકૃત ગોમ્મટસાર

દિગમ્બરીય કર્મસાહિત્યમાં મહાકર્મપ્રકૃતિપ્રાભૃત અને કષાયપ્રાભૃત પછી [4]ગોમ્મટસારનું સ્થાન છે. તેના કર્તા નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી વિક્રમની ૧૧મી સદીમાં વિદ્યમાન હતા. તે ચામુંડરાયના સમકાલીન હતા. ચામુંડરાય ગોમ્મટરાય

---

૧. સ્વોપજ્ઞ વૃત્તિ સહિત – જૈન આત્માનન્દ સભા, ભાવનગર, વિ.સં.૧૯૬૮

૨. ટીકા સહિત – જૈન આત્માનન્દ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૪

૩. અવચૂરિ સહિત – જૈન આત્માનન્દ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૪

૪. (અ) પ્રથમ કાણ્ડ ઉપર અભયચન્દ્રકૃત ટીકા અને દ્વિતીય કાણ્ડ ઉપર કેશવવર્ણીકૃત ટીકા સાથે – હરિભાઈ દેવકરણ ગ્રન્થમાલા, કલકત્તા, સન્ ૧૯૨૧

(આ) અંગ્રેજી અનુવાદ વગેરે સાથે – અજિતાશ્રમ, લખનૌ, સન્ ૧૯૨૭-૧૯૩૭

(ઇ) હિન્દી અનુવાદ વગેરે સાથે – પરમશ્રુત પ્રભાવક મંડલ, મુંબઈ, સન્ ૧૯૨૭-૧૯૨૮

(ઈ) ટોડરમલ્લકૃત હિન્દી ટીકા સાથે – ભારતીય જૈન સિદ્ધાન્ત પ્રકાશની સંસ્થા, કલકત્તા.

JAINSITE जैन साईट www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ કહેવાતા હતા કારણ કે તેમણે શ્રવણબેલગુલની પ્રખ્યાત બાહુબલી ગોમ્મટેશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. નેમિચન્દ્ર સિદ્ધાન્તશાસ્ત્રના વિશિષ્ટ વિદ્વાન હતા — પ્રકાંડ પંડિત હતા — તેથી તે સિદ્ધાન્તચક્રવર્તી કહેવાતા હતા. ગોમ્મટસાર ઉપરાંત નીચે જણાવેલી કૃતિઓ પણ નેમિચન્દ્રની છે : લબ્ધિસાર, ક્ષપણાસાર (લબ્ધિસારાન્તર્ગત), ત્રિલોકસાર અને દ્રવ્યસંગ્રહ. આ બધા ગ્રન્થો ધવલા વગેરે મહાસિદ્ધાન્તગ્રન્થોને આધારે રચાયા છે.

ગોમ્મટસારની રચના જેમનું બીજું નામ ગોમ્મટરાય હતું તે ચામુંડરાયના પ્રશ્નો અનુસાર સિદ્ધાન્તગ્રન્થોના સારના રૂપમાં થઈ છે. તેથી આ ગ્રન્થનું નામ ગોમ્મટસાર રાખવામાં આવ્યું છે. આ ગ્રંથનું બીજું એક નામ પંચસંગ્રહ પણ છે કારણ કે તેમાં બંધ, બધ્યમાન, બંધસ્વામી, બંધહેતુ અને બંધભેદ આ પાંચ વિષયોનું વર્ણન છે. તેને ગોમ્મટસંગ્રહ કે ગોમ્મટસંગ્રહસૂત્ર પણ કહેવામાં આવે છે. પ્રથમ સિદ્ધાન્તગ્રન્થ કે પ્રથમ શ્રુતસ્કન્ધના રૂપે પણ તેની પ્રસિદ્ધિ છે.[1]

ગોમ્મટસારમાં ૧૭૦૫ ગાથા છે. આ ગ્રન્થ બે ભાગોમાં વિભક્ત છે : જીવકાણ્ડ અને કર્મકાણ્ડ. જીવકાંડમાં ૭૩૩ અને કર્મકાંડમાં ૯૭૨ ગાથા છે.

JAINSITE

જીવકાણ્ડ — ગોમ્મટસારના પ્રથમ ભાગ જીવકાંડમાં મહાકર્મપ્રાભૃતના સિદ્ધાન્તસંબંધી જીવસ્થાન, ક્ષુદ્રબંધ, બંધસ્વામી, વેદનાખંડ અને વર્ગણાખંડ એ પાંચ વિષયોનું વિવેચન છે. તેમાં ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ૧૪ માર્ગણાઓ અને ઉપયોગ એ વીસ અધિકારોમાં જીવની વિવિધ અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રારંભમાં નીચે લખેલી મંગલગાથા છે. તેમાં તીર્થંકર નેમિને નમસ્કાર કરીને જીવની પ્રરૂપણા કરવાનો સંકલ્પ પ્રગટ કર્યો છે :

सिद्धं सुद्धं पणमिय जिणिंदवरणेमिचंदमकलंकं ।
गुणरयणभूसणुदयं जीवस्स परूवणं वोच्छं ॥ १ ॥

---

૧. જુઓ પં. ખૂબચન્દ્ર જૈન દ્વારા સંપાદિત ગોમ્મટસાર (જીવકાણ્ડ) પ્રસ્તાવના, પૃ. ૩-૬ (પરમશ્રુત પ્રભાવક મંડલ, મુંબઈ, સન્ ૧૯૨૭) એસ.સી.ઘોસાલ દ્વારા સંપાદિત દ્રવ્યસંગ્રહ, પ્રસ્તાવના (અંગ્રેજી), પૃ. ૩૯-૪૦ (સેંટ્રલ જૈન પબ્લિશિંગ હાઉસ, આરા, સન્ ૧૯૧૭); ડૉ. જગદીશચન્દ્ર જૈન, પ્રાકૃત સાહિત્ય કા ઇતિહાસ, પૃ. ૩૧૨-૩૧૩, (ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, સન્ ૧૯૬૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજી ગાથામાં જીવકાંડના ગુણસ્થાન વગેરે વીસ અધિકારો (પ્રરૂપણાઓ-પ્રકરણો)નો નામોલ્લેખ છે :

गुणजीवा पज्जत्ती पाणा सण्णा य मग्गणाओ य ।
उवओगो वि य कमसो वीसं तु परूवणा भणिदा ॥ २ ॥

ત્યાર પછી આચાર્યે જણાવ્યું છે કે અભેદની વિવક્ષાએ ગુણસ્થાન અને માર્ગણા એ બે જ પ્રરૂપણાઓ છે પરંતુ ભેદની વિવક્ષાએ ઉપર જણાવેલ વીસ પ્રરૂપણાઓ છે.

ગુણસ્થાન પ્રકરણમાં ગુણસ્થાનનું લક્ષણ જણાવતાં ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને સંક્ષેપમાં સિદ્ધોના સ્વરૂપને દર્શાવ્યું છે.

જીવસમાસ પ્રકરણમાં નીચે જણાવેલા વિષયોનો વિચાર છે : જીવસમાસનું લક્ષણ, જીવસમાસના ૧૪ ભેદ, જીવસમાસના ૫૭ ભેદ, જીવસમાસનાં સ્થાન, યોનિ, અવગાહના અને કુલ એ ચાર અધિકાર.

પર્યાપ્તિ પ્રકરણમાં દૃષ્ટાંત દ્વારા પર્યાપ્ત અને અપર્યાપ્તનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે તથા પર્યાપ્તિના છ ભેદો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

પ્રાણ પ્રકરણમાં પ્રાણનાં લક્ષણો, પ્રાણના ભેદો, પ્રાણોની ઉત્પત્તિ અને પ્રાણોના સ્વામીનો વિચાર કરવામાં આવ્યો છે.

સંજ્ઞા પ્રકરણમાં સંજ્ઞાનાં સ્વરૂપ, સંજ્ઞાના ભેદો અને સંજ્ઞાઓના સ્વામીની વિચારણા છે.

માર્ગણા પ્રકરણમાં નીચે જણાવેલી ૧૪ માર્ગણાઓનું વિવેચન કરવામાં આવ્યું છે: ૧. ગતિમાર્ગણા, ૨. ઈન્દ્રિયમાર્ગણા, ૩. કાયમાર્ગણા, ૪. યોગમાર્ગણા, ૫. વેદમાર્ગણા, ૬. કષાયમાર્ગણા, ૭. જ્ઞાનમાર્ગણા, ૮. સંયમમાર્ગણા, ૯. દર્શનમાર્ગણા, ૧૦. લેશ્યામાર્ગણા, ૧૧. ભવ્યમાર્ગણા, ૧૨. સમ્યક્ત્વમાર્ગણા, ૧૩. સંજ્ઞિમાર્ગણા, ૧૪. આહારમાર્ગણા. ગતિમાર્ગણામાં નીચેના વિષયો છે : ગતિ શબ્દની નિરુક્તિ, ગતિના નારક આદિ ચાર ભેદ, સિદ્ધગતિનું સ્વરૂપ, ગતિમાર્ગણામાં જીવસંખ્યા. ઈન્દ્રિયમાર્ગણામાં નીચેની બાબતોનો વિચાર છે : ઈન્દ્રિયનો નિરુક્તિસિદ્ધ અર્થ, ઈન્દ્રિયના દ્રવ્ય અને ભાવ બે ભેદ, ઈન્દ્રિયની અપેક્ષાએ જીવોના ભેદ, ઈન્દ્રિયોનું વિષયક્ષેત્ર, ઈન્દ્રિયોનો આકાર, ઈન્દ્રિયગત આત્મપ્રદેશોનું અવગાહનપ્રમાણ, અતીન્દ્રિય જ્ઞાનીઓનું સ્વરૂપ, એકેન્દ્રિય વગેરે જીવોની સંખ્યા. કાયમાર્ગણામાં નીચે જણાવેલા વિષયોનો સમાવેશ છે : કાયનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લક્ષણ, કાયના ભેદો, કાયનું પ્રમાણ, સ્થાવર અને ત્રસકાયિકોના આકાર, કાયનું કાર્ય, કાયરહિત જીવોનું અર્થાત્ સિદ્ધોનું સ્વરૂપ, પૃથ્વીકાયિક વગેરેની સંખ્યા. યોગમાર્ગણામાં નીચેના વિષયોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે : યોગનું સામાન્ય અને વિશેષ લક્ષણ, દસ પ્રકારના સત્યો, ચાર પ્રકારના મનોયોગો, ચાર પ્રકારના વચનયોગો, સાત પ્રકારના કાયયોગો, સયોગી કેવલીનો મનોયોગ, અયોગી જિન, શરીરમાં કર્મ-નોકર્મનો વિભાગ, કર્મ-નોકર્મનો ઉત્કૃષ્ટ સંચય, પાંચ પ્રકારના શરીરોની ઉત્કૃષ્ટ સ્થિતિ, યોગમાર્ગણામાં જીવોની સંખ્યા. વેદમાર્ગણામાં ત્રણ વેદોનું સ્વરૂપ જણાવ્યું છે તથા વેદની અપેક્ષાએ જીવોની સંખ્યાનો વિચાર કરવામાં આવ્યો છે. કષાયમાર્ગણામાં કષાયનું નિરુક્તિસિદ્ધ લક્ષણ જણાવતાં ક્રોધ વગેરે ચાર કષાયોનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે અને કષાયની અપેક્ષાએ જીવસંખ્યાનો વિચાર કરવામાં આવ્યો છે. જ્ઞાનમાર્ગણામાં નીચે જણાવેલા વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે : જ્ઞાનનું લક્ષણ, પાંચ જ્ઞાનોનો ક્ષાયોપશમિક અને ક્ષાયિક વિભાગ, મિથ્યાજ્ઞાનનું કારણ, મિશ્રજ્ઞાનનું કારણ, ત્રણ મિથ્યાજ્ઞાનોનું સ્વરૂપ, મતિજ્ઞાનનું સ્વરૂપ, શ્રુતજ્ઞાનનું લક્ષણ, શ્રુતજ્ઞાનના ભેદો, અવધિજ્ઞાનનું સ્વરૂપ, અવધિનું દ્રવ્ય આદિ ચતુષ્ટયની અપેક્ષાએ વર્ણન, મનઃપર્યાયજ્ઞાનનું સ્વરૂપ અને ભેદો, કેવળજ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનમાર્ગણામાં જીવસંખ્યા. સંયમમાર્ગણામાં નીચે જણાવેલા વિષયો છે : સંયમનું સ્વરૂપ, સંયમના પાંચ ભેદો, સંયમની ઉત્પત્તિ, સામાયિક સંયમ, છેદોપસ્થાપના સંયમ, પરિહારવિશુદ્ધિ સંયમ, સૂક્ષ્મસાંપરાય સંયમ, યથાખ્યાત સંયમ, દેશવિરત, અસંયત, સંયમની અપેક્ષાએ જીવસંખ્યા. દર્શનમાર્ગણામાં દર્શનનું લક્ષણ જણાવતાં ચક્ષુર્દર્શન વગેરેનું સ્વરૂપ સમજાવ્યું છે અને દર્શનની અપેક્ષાએ જીવસંખ્યાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. લેશ્યામાર્ગણામાં નીચેની ૧૬ દૃષ્ટિએ લેશ્યાઓનો વિચાર કરવામાં આવ્યો છે : ૧. નિર્દેશ, ૨. વર્ણ, ૩. પરિણામ, ૪. સંક્રમ, ૫. કર્મ, ૬. લક્ષણ, ૭. ગતિ, ૮. સ્વામી, ૯. સાધન, ૧૦. સંખ્યા, ૧૧. ક્ષેત્ર, ૧૨. સ્પર્શ, ૧૩. કાલ, ૧૪. અન્તર, ૧૫. ભાવ, ૧૬. અલ્પબહુત્વ. ભવ્યમાર્ગણામાં ભવ્ય, અભવ્ય અને ભવ્યત્વાભવ્યત્વરહિત જીવોનું સ્વરૂપ જણાવતાં તત્સંબંધી જીવસંખ્યાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સમ્યક્ત્વમાર્ગણામાં સમ્યક્ત્વનું લક્ષણ જણાવતાં નીચેના વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે : ષડ્દ્રવ્ય, પંચાસ્તિકાય, નવ પદાર્થ, ક્ષાયિક સમ્યક્ત્વ, વેદક સમ્યક્ત્વ, ઔપશમિક સમ્યક્ત્વ, પાંચ લબ્ધિઓ, સમ્યક્ત્વગ્રહણને યોગ્ય જીવ, સમ્યક્ત્વમાર્ગણામાં જીવસંખ્યા. સંજ્ઞિમાર્ગણામાં સંજ્ઞી-અસંજ્ઞીનું સ્વરૂપ જણાવતાં તદ્ગત જીવસંખ્યાનો વિચાર કરવામાં આવ્યો છે. આહારમાર્ગણામાં નીચેના વિષયોનું નિરૂપણ છે : આહારનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપ, આહારક-અનાહારકનું અંતર, સમુદ્ઘાતના ભેદો, આહારક અને અનાહારકનું કાલપ્રમાણ, આહારમાર્ગણામાં જીવસંખ્યા.

ઉપયોગ પ્રકરણમાં ઉપયોગનું લક્ષણ જણાવતાં સાકાર અને અનાકાર ઉપયોગનું વિવેચન કરવામાં આવ્યું છે.

અંતિમ ગાથામાં આચાર્યે ગોમ્મટરાયને આશીર્વાદ આપ્યા છે :

अज्जज्जसेणगुणगणसमूहसंधारिअजियसेणगुरू ।
भुवणगुरू जस्स गुरू सो राओ गोम्मटो जयतु ॥ ७३३ ॥

કર્મકાણ્ડ — ગોમ્મટસારના બીજા ભાગ કર્મકાંડમાં કર્મ સંબંધી નીચે જણાવેલા નવ પ્રકરણો છે : ૧. પ્રકૃતિસમુત્કીર્તન, ૨. બંધોદયસત્ત્વ, ૩. સત્ત્વસ્થાનભંગ, ૪. ત્રિચૂલિકા, ૫. સ્થાનસમુત્કીર્તન, ૬. પ્રત્યય, ૭. ભાવચૂલિકા, ૮. ત્રિકરણચૂલિકા, ૯. કર્મસ્થિતિરચના.

સૌપ્રથમ આચાર્યે તીર્થંકર નેમિને નમસ્કાર કર્યા છે તથા પ્રકૃતિસમુત્કીર્તન પ્રકરણનું કથન કરવાનો સંકલ્પ પ્રકટ કર્યો છે :

पणमिय सिरसा णेमिं गुणरयणविभूषणं महावीरं ।
सम्मत्तरयणणिलयं पयडिसमुक्कित्तणं वोच्छं ॥ १ ॥

પ્રકૃતિસમુત્કીર્તન પ્રકરણમાં નીચે જણાવેલા વિષયો છે : કર્મપ્રકૃતિનું સ્વરૂપ, કર્મ-નોકર્મને ગ્રહણ કરવાનું કારણ, કર્મ-નોકર્મના પરમાણુઓની સંખ્યા, કર્મના ભેદો, ઘાતિ-અઘાતિકર્મ, બન્ધયોગ્ય પ્રકૃતિઓ, ઉદયપ્રકૃતિઓ, સત્ત્વપ્રકૃતિઓ, ઘાતી કર્મોના ભેદો, અઘાતી કર્મોના ભેદો, કષાયોનું કાર્ય, પુદ્ગલવિપાકી પ્રકૃતિઓ, ભવવિપાકી-ક્ષેત્રવિપાકી-જીવવિપાકી પ્રકૃતિઓ, નામ આદિ ચાર નિક્ષેપો દ્વારા કર્મના ભેદો.

બંધોદયસત્ત્વ પ્રકરણના પ્રારંભમાં ફરી તીર્થંકર નેમિને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં નીચે જણાવેલા વિષયોનું પ્રતિપાદન થયું છે : કર્મની બંધાવસ્થાના ભેદો, પ્રકૃતિબંધ અને ગુણસ્થાન, તીર્થંકર પ્રકૃતિનો બંધ, પ્રકૃતિઓની બંધવ્યુચ્છિત્તિ, સ્થિતિબંધનું સ્વરૂપ, સ્થિતિના ઉત્કૃષ્ટ વગેરે ભેદો, સ્થિતિની અબાધા; ઉદીરણાની અબાધા, કર્મોનો નિષેક, અનુભાગબંધનું સ્વરૂપ, અનુભાગના ઉત્કૃષ્ટ વગેરે ભેદોના સ્વામી, પ્રવેશબંધનું સ્વરૂપ, કર્મપ્રદેશોનું મૂલપ્રકૃતિઓમાં વિભાજન, કર્મપ્રદેશોનું ઉત્તરપ્રકૃતિઓમાં વિભાજન, પ્રદેશબંધના ઉત્કૃષ્ટ વગેરે ભેદો, યોગસ્થાનોનાં સ્વરૂપ-સંખ્યાભેદ-સ્વામી, કર્મોનાં ઉદય અને ઉદયવ્યુચ્છિત્તિ, ઉદય-અનુદય પ્રકૃતિઓની સંખ્યા, ઉદય પ્રકૃતિઓની ઉદીરણાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષતા, ઉદીરણાની વ્યુચ્છિત્તિ, ઉદીરણા-અનુદીરણા પ્રકૃતિઓની સંખ્યા, સત્ત્વપ્રકૃતિઓનું સ્વરૂપ, સત્ત્વવ્યુચ્છિત્તિ, સત્ત્વ-અસત્ત્વ પ્રકૃતિઓની સંખ્યા. પ્રસ્તુત પ્રકરણના અંતે પણ મંગલાચરણ કરવામાં આવ્યું છે.

સત્ત્વસ્થાનભંગ પ્રકરણના પ્રારંભમાં તીર્થંકર વર્ધમાનને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ પ્રકરણમાં નીચે દર્શાવેલા વિષયોનું પ્રતિપાદન છે : આયુના બંધાબંધની અપેક્ષાએ ગુણસ્થાનોમાં સત્ત્વસ્થાન, મિથ્યાત્વગુણસ્થાનનાં સ્થાનોની પ્રકૃતિઓ, મિથ્યાત્વગુણસ્થાનમાં ભંગસંખ્યા, સાસાદન વગેરે ગુણસ્થાનોમાં સ્થાન અને ભંગોની સંખ્યા. પ્રકરણના અંતે ગ્રન્થકારે લખ્યું છે કે શ્રેષ્ઠ ઈન્દ્રનન્દિ ગુરુની પાસેથી સકળ સિદ્ધાન્ત સાંભળી શ્રી કનકનન્દિ ગુરુએ સત્ત્વસ્થાનનું સમ્યક્ કથન કર્યું છે. જેમ ચક્રવર્તીએ (ભરતે) પોતાના ચક્રરત્નથી (ભારતના) છ ખંડો પર નિર્વિઘ્ન અધિકાર પ્રાપ્ત કર્યો હતો તેમ મેં મારા પોતાના બુદ્ધિચક્રથી ષટ્ખંડાગમ પર બરાબર અધિકાર પ્રાપ્ત કર્યો છેઃ

वरइंदणंदिगुरुणो पासे सोऊण सयलसिद्धंतं ।
सिरिकणयणंदिगुरुणा सत्तट्ठाणं समुद्दिट्ठं ॥ ३९६ ॥
जह चक्केण य चक्की छक्खंडं साहियं अविग्घेण ।
तह मइचक्केण मया छक्खंडं साहियं सम्मं ॥ ३९७ ॥

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ત્રિચૂલિકા પ્રકરણના પ્રારંભમાં જિનેન્દ્રદેવોને નમસ્કાર કરવામાં આવ્યા છે, તથા ત્રિચૂલિકા પ્રકરણના કથનની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. આ પ્રકરણમાં નીચે જણાવેલી ત્રણ ચૂલિકાઓનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે : નવપ્રશ્નચૂલિકા, પંચભાગહારચૂલિકા અને દશકરણચૂલિકા. દશકરણચૂલિકાના વ્યાખ્યાનના પ્રારંભમાં આચાર્યે પોતાના શ્રુતગુરુ અભયનન્દિને નમસ્કાર કર્યા છે :

जस्स य पायपसायेणणंतसंसारजलहिमुत्तिण्णो ।
वीरिंदणंदिवच्छो णमामि तं अभयणंदिगुरुं ॥ ४३६ ॥

સ્થાનસમુત્કીર્તન પ્રકરણના પ્રારંભમાં આચાર્યે નેમિનાથને પ્રણામ કર્યા છે. પ્રસ્તુત પ્રકરણમાં નીચે જણાવેલા વિષયોનું વિવેચન છે : ગુણસ્થાનોમાં પ્રકૃતિસંખ્યા સહિત બંધાદિસ્થાન, ઉપયોગ-યોગ-સંયમ-લેશ્યા-સમ્યક્ત્વની અપેક્ષાએ મોહનીય કર્મનાં ઉદયસ્થાનો તથા પ્રકૃતિઓની સંખ્યા, મોહનીય કર્મનાં સત્ત્વસ્થાન, નામ કર્મનાં જીવપદ, નામ કર્મનાં બંધાદિસ્થાન તથા ભંગ, બંધ-ઉદય-સત્ત્વના ત્રિસંયોગી ભંગો, જીવસમાસની અપેક્ષાએ બંધ-ઉદય-સત્ત્વસ્થાન, માર્ગણાઓની અપેક્ષાએ બંધ-ઉદય-સત્ત્વસ્થાન, એક આધાર અને બે આધેયોની અપેક્ષાએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધાદિસ્થાન, બે આધારો અને એક આધેયની અપેક્ષાએ બન્ધાદિસ્થાન.

પ્રત્યય પ્રકરણના પ્રારંભમાં આચાર્યે મુનિ અભયનન્દિ, ગુરુ ઈન્દ્રનન્દિ તથા સ્વામી વીરનન્દિને પ્રણામ કર્યા છે :

णमिऊण अभयणंदि सुदसायरपारगिंदणंदिगुरुं ।

वरवीरणंदिणाहं पयडीणं पच्चयं वोच्छं ॥ ७८५ ॥

ત્યાર પછી આસ્રવોનું ભેદસહિત સ્વરૂપ જણાવતાં આચાર્યે મૂલપ્રત્યયો અને ઉત્તરપ્રત્યયોનું કથન કર્યું છે તથા પ્રત્યયોની વ્યુચ્છિત્તિ અને અનુદય તેમ જ કર્મોના બંધનાં કારણો અને પરિણામો ઉપર પ્રકાશ ફેંક્યો છે.

ભાવચૂલિકા પ્રકરણના પ્રારંભમાં ગોમ્મટ જિનેન્દ્રચન્દ્રને પ્રણામ કર્યા છે :

गोम्मटजिणिंदचंदं पणमिय गोम्मटपयत्थसंजुत्तं ।

गोम्मटसंगहविसयं भावगयं चूलियं वोच्छं ॥ ८११ ॥

ત્યાર બાદ ભાવવિષયક નીચેની બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે : ભેદસહિત ભાવોનાં નામ, ભાવોની ઉત્પત્તિનું કારણ, ભાવોના સ્થાનભંગ અને પદભંગ, એકાન્તમતના વિવિધ ભેદ.

ત્રિકરણચૂલિકા પ્રકરણના પ્રારંભમાં ગ્રંથકારે આચાર્ય વીરનન્દિ અને ગુરુ ઈન્દ્રનન્દિને પ્રણામ કરવા માટે આમ કહ્યું છે :

णमह गुणरयणभूसण सिद्धंतामियमहद्धिभवभावं ।
वरवीरणंदिचंदं णिम्मलगुणमिंदणंदिगुरुं ॥ ८९६ ॥

પ્રસ્તુત પ્રકરણમાં નીચે જણાવેલાં ત્રણ કરણોનું વિવેચન કરવામાં આવ્યું છે : અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તકરણ.

કર્મસ્થિતિરચના પ્રકરણના પ્રારંભમાં સિદ્ધોને નમસ્કાર કરવામાં આવ્યા છે. પ્રકરણમાં નીચે જણાવેલ વિષયોનું પ્રતિપાદન છે : કર્મસ્થિતિરચનાના પ્રકારો, કર્મસ્થિતિરચનાની અંકસંદૃષ્ટિ, કર્મસ્થિતિરચનાની અર્થદૃષ્ટિ, સત્તારૂપ ત્રિકોણ યંત્રરચના, સ્થિતિના ભેદો, સ્થિતિબંધાધ્યવસાયસ્થાન, રસબંધાધ્યવસાયસ્થાન.

ગ્રંથના અંતે પ્રશસ્તિપરક આઠ ગાથાઓ છે. તે ગાથાઓમાં ગ્રંથરચનાનું પ્રયોજન જણાવતાં આચાર્યે મુનિ અજિતસેનને સાદર યાદ કર્યા છે, ગોમ્મટરાયને (ચામુંડરાયને) આશીર્વાદ આપ્યા છે તથા ગોમ્મટરાયકૃત ગોમ્મટસારની દેશી

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કે કર્ણાટકી વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે. આ ગાથાઓ નીચે મુજબ છે :

गोम्मटसंगहसुत्तं गोम्मटदेवेण गोम्मटं रइयं ।
कम्माण णिज्जरट्ठं तच्चट्ठवधारणट्ठं च ॥ ९६५ ॥
जम्हि गुणा विस्संता गणहरदेवादिइड्ढिपत्ताणं ।
सो अजियसेणणाहो जस्स गुरू जयउ सो राओ ॥ ९६६ ॥
सिद्धंतुदयतडुग्गयणिम्मलवरणेमिचंदकरकलिया ।
गुणरयणभूसणंबुहिमइवेला भरउ भुवणयलं ॥ ९६७ ॥
गोम्मटसंगहसुत्तं गोम्मटसिहरुवरि गोम्मटजिणो य ।
गोम्मटरायविणिम्मियदक्खिणकुक्कडजिणो जयउ ॥ ९६८ ॥
जेण विणिम्मियपडिमावयणं सव्वट्ठसिद्धिदेवेहिं ।
सव्वपरमोहिजोगिहिं दिट्ठं सो गोम्मटो जयउ ॥ ९६९ ॥
वज्जयणं जिणभवणं ईसिपभारं सुवण्णकलसं तु ।
तिहुवणपडिमाणिक्कं जेण कयं जयउ सो राओ ॥ ९७० ॥
जेणुब्भियथंभुवरिमजक्खतिरीटग्गकिरणजलधोया ।
सिद्धाण सुद्धपाया सो राओ गोम्मटो जयउ ॥ ९७१ ॥
गोम्मटसुत्तल्लिहणे गोम्मटरायेण जा कया देसी ।
सो राओ चिरकालं णामेण य वीरमत्तंडो ॥ ९७२ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

કર્મપ્રકૃતિ — આ ૧૬૧ ગાથાઓનો એક સંગ્રહગ્રંથ છે.[1] તેને પ્રાયઃ ગોમ્મટસારના કર્તા નેમિચંદ્રાચાર્યની કૃતિ માનવામાં આવે છે. આ ગ્રંથનો અધિકાંશ ભાગ ગોમ્મટસારની ગાથાઓનો બન્યો છે. તેમાં ગોમ્મટસારની ૧૦૨ ગાથાઓ જેમની તેમ ઉદ્ધૃત કરવામાં આવી છે.

## ગોમ્મટસારની વ્યાખ્યાઓ

ગોમ્મટસાર ઉપર સૌપ્રથમ ગોમ્મટરાયે (ચામુંડરાયે) કર્ણાટકી એટલે કન્નડ ભાષામાં વૃત્તિ લખી છે. આ વૃત્તિનું અવલોકન ખુદ નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તીએ

---

૧. આ ગ્રન્થ પં. હીરાલાલ શાસ્ત્રી દ્વારા સંપાદિત-અનૂદિત થઈ ભારતીય જ્ઞાનપીઠ, કાશીથી સન્ ૧૯૬૪માં પ્રકાશિત થયો છે. આ સંસ્કરણમાં ત્રણ ટીકાઓ સમ્મિલિત છે : ૧. મૂળ ગાથાઓ સાથે જ્ઞાનભૂષણ-સુમતિકીર્તિની સંસ્કૃત ટીકા, ૨. અજ્ઞાત આચાર્યકૃત સંસ્કૃત ટીકા, ૩. સંસ્કૃત ટીકાગર્ભિત પં. હેમરાજરચિત ભાષા ટીકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યું હતું. આ વૃત્તિના આધારે કેશવવર્ણીએ સંસ્કૃતમાં ટીકા લખી છે. પછી અભયચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીએ મન્દપ્રબોધિની નામની સંસ્કૃત ટીકા રચી છે. આ બંને સંસ્કૃત ટીકાઓને આધારે પં. ટોડરમલ્લે સમ્યગ્જ્ઞાનચન્દ્રિકા નામની હિન્દી ટીકા લખી છે. આ ટીકાઓના આધારે જીવકાણ્ડનો હિન્દી અનુવાદ પં. ખૂબચન્દ્રે તથા કર્મકાણ્ડનો હિન્દી અનુવાદ પં. મનોહરલાલે કર્યો છે. શ્રી જે. એલ. જૈનીએ તેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

## લબ્ધિસાર (ક્ષપણાસારગર્ભિત)

**ક્ષપણાસારગર્ભિત લબ્ધિસાર**[1] પણ નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તીની જ કૃતિ છે. ગોમ્મટસારમાં જીવ અને કર્મના સ્વરૂપનું વિસ્તૃત વિવેચન છે, જ્યારે લબ્ધિસારમાં કર્મથી મુક્ત થવાના ઉપાયોનું પ્રતિપાદન છે. લબ્ધિસારમાં ૬૪૯ ગાથાઓ છે. આ ગાથાઓમાં ૨૬૧ ગાથાઓ ક્ષપણાસારની છે. લબ્ધિસારમાં ત્રણ પ્રકરણ છેઃ દર્શનલબ્ધિ, ચારિત્રલબ્ધિ અને ક્ષાયિકચારિત્ર. આ ત્રણમાંથી ક્ષાયિકચારિત્ર પ્રકરણને ક્ષપણાસારના રૂપમાં સ્વતંત્ર ગ્રન્થ પણ ગણવામાં આવે છે.

ગ્રંથના પ્રારંભમાં આચાર્યે સિદ્ધો, અર્હન્તો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને વંદન કર્યાં છે તથા સમ્યગ્દર્શનલબ્ધિ અને સમ્યક્ચારિત્રલબ્ધિના પ્રરૂપણનો સંકલ્પ પ્રગટ કર્યો છે. દર્શનલબ્ધિ પ્રકરણમાં નીચેની પાંચ લબ્ધિઓનું વિવેચન છે : ૧. ક્ષયોપશમલબ્ધિ, ૨. વિશુદ્ધિલબ્ધિ, ૩. દેશનાલબ્ધિ, ૪. પ્રાયોગ્યલબ્ધિ, ૫. કરણલબ્ધિ. ચારિત્રલબ્ધિ પ્રકરણમાં દેશચારિત્ર અને સકલચારિત્રનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. આમાં ઉપશમચારિત્રનું વિસ્તૃત વિવેચન છે. ક્ષાયિકચારિત્ર પ્રકરણમાં અર્થાત્ ક્ષપણાસારમાં ચારિત્રમોહની ક્ષપણાનું (ક્ષયનું) વિધાન કરતાં આચાર્યે અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તકરણનું સ્વરૂપ સમજાવ્યું છે. તેમાં નીચેના વિષયોનું પણ નિરૂપણ છે : સંક્રમણ, કૃષ્ટિકરણ, કૃષ્ટિવેદન, સમુદ્ઘાત, મોક્ષસ્થાન. ગ્રન્થના અંતે ગ્રંથકારે પોતાનું નામ નેમિચન્દ્ર દર્શાવ્યું છે તથા પોતાને (જ્ઞાનદાતા) વીરનન્દિ અને ઈન્દ્રનન્દિના વત્સ તેમ જ (દીક્ષાદાતા) અભયનન્દિના શિષ્ય કહ્યા છે અને પોતાના ગુરુને નમસ્કાર કર્યા છેઃ

---

૧. (અ) પં. મનોહરલાલકૃત હિન્દી અનુવાદસહિત — પરમશ્રુત પ્રભાવક મંડલ, મુંબઈ, સન્ ૧૯૧૬

(આ) કેશવકર્ણીકૃત સંસ્કૃત ટીકા અને ટોડરમલ્લકૃત હિન્દી ટીકા સાથે — ભારતીય જૈન સિદ્ધાન્ત પ્રકાશની સંસ્થા, કલકત્તા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वीरिंदणंदिवच्छेणप्पसुदेणभयणंदिसिस्सेण ।
दंसणचरित्तलद्धी सुसूयिया णेमिचंदेण ॥ ६४८ ॥
जस्स य पायपसाएणणंतसंसारजलहिमुत्तिण्णो ।
वीरिंदणंदिवच्छो णमामि तं अभयणंदिगुरुं ॥ ६४९ ॥

લબ્ધિસારની વ્યાખ્યાઓ

લબ્ધિસાર ઉપર બે ટીકાઓ છે : કેશવવર્ણીકૃત સંસ્કૃત ટીકા અને ટોડરમલ્લકૃત હિન્દી ટીકા. સંસ્કૃત ટીકા ચારિત્રલબ્ધિ પ્રકરણ સુધી જ છે. હિન્દી ટીકાકાર ટોડરમલ્લે ચારિત્રલબ્ધિ પ્રકરણ સુધી તો સંસ્કૃત ટીકા અનુસાર વ્યાખ્યાન કર્યું છે પરંતુ ક્ષાયિકચારિત્ર પ્રકરણનું અર્થાત્ ક્ષપણાસારનું વ્યાખ્યાન માધવચન્દ્રકૃત સંસ્કૃત ગદ્યાત્મક ક્ષપણાસાર અનુસાર કર્યું છે.

પંચસંગ્રહ

અમિતગતિકૃત પંચસંગ્રહ[1] સંસ્કૃત ગદ્ય-પદ્યાત્મક ગ્રન્થ છે. તેની રચના વિ.સં.૧૦૭૩માં થઈ છે. તે ગોમ્મટસારના સંસ્કૃત રૂપાન્તર જેવો છે. તેના પાંચે પ્રકરણોની શ્લોકસંખ્યા ૧૪૫૬ છે. લગભગ ૧૦૦૦ શ્લોકપ્રમાણ ગદ્યભાગ છે.

પ્રાકૃત [2]પંચસંગ્રહના મૂળ ગ્રન્થના કર્તા તથા ભાષ્યગાથાના કર્તાનાં નામો અને સમય બંને જ્ઞાત નથી. તેની ગાથાસંખ્યા ૧૩૨૪ છે. ગદ્યભાગ લગભગ ૫૦૦ શ્લોકપ્રમાણ છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

●

૧. માણિકચન્દ દિગમ્બર જૈન ગ્રન્થમાલા, મુંબઈ, સન્ ૧૯૨૭
૨. સંસ્કૃત ટીકા, પ્રાકૃત વૃત્તિ તથા હિન્દી અનુવાદ સહિત – ભારતીય જ્ઞાનપીઠ, કાશી, સન્ ૧૯૬૦ (સંપાદક પં. હીરાલાલ જૈન). ગ્રન્થના અંતે શ્રીપાલસુત ડઢવિરચિત સંસ્કૃત પંચસંગ્રહ પણ આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમિક પ્રકરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમિક પ્રકરણોનો ઉદ્ભવ અને વિકાસ

સમગ્ર જૈન વાઙ્મયના આગમિક અને આગમેતર એમ બે વિભાગ કરી શકાય. આગમિક સાહિત્ય એટલે આગમ અને તેની સાથે સમ્બદ્ધ વ્યાખ્યાત્મક ગ્રન્થો. તેનાથી ભિન્ન સાહિત્ય 'આગમેતર' છે અને તે આગમોની જેમ 'આગમપ્રવિષ્ટ' નથી, પરંતુ 'આગમબાહ્ય' છે.

આગમોને આધારે રચાયેલાં પ્રકરણોને આ વિભાગમાં 'આગમિક પ્રકરણ' કહેવામાં આવ્યાં છે. દિગંબરાચાર્ય કુંદકુંદના ગ્રન્થોનો પણ સમાવેશ આગમિક પ્રકરણોમાં કરવામાં આવ્યો છે. આ સમગ્ર વાઙ્મય આગમેતર સાહિત્યનો એક ભાગ છે.

જૈન આગમોમાં દિટ્ઠિવાય (દૃષ્ટિવાદ) નામના બારમા અંગનું, મહત્ત્વ અને વિશાળતાની દૃષ્ટિએ, અગ્ર સ્થાન છે; તેમાં પણ તેનો પુવ્વગય (પૂર્વગત) નામનો ઉપવિભાગ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેના પુવ્વ (પૂર્વ) નામના ઉપવિભાગ અને પુવ્વના પાહુડ (પ્રાભૃત) નામથી પ્રસિદ્ધ અનુવિભાગોમાંથી કેટલાંક પ્રાભૃતોનાં નામોનો વિચાર કરતાં એવું લાગે છે કે તેમનામાં અમુક અમુક વિષય સંબંધી નિબંધ સમાન નિરૂપણ હશે. આજે 'દૃષ્ટિવાદ' અંગ લુપ્ત થઈ ગયું છે, તેથી તેમાં આવેલાં પ્રકરણો વિશે કંઈ કહેવા જેવું રહેતું નથી.

'પૂર્વગત'ની રચના પછી આયાર (આચાર) વગેરે અગીઆર અંગોની તથા કાલાન્તરમાં ઈતર આગમોની રચના થઈ. તેમનામાંથી જે વિભિન્ન પઈણ્ણગોની (પ્રકીર્ણકોની) રચના થઈ તે બધાં આજે ઉપલબ્ધ નથી. પરંતુ તે (ઉપલબ્ધ અને અનુપલબ્ધ પ્રકીર્ણક) પ્રાભૃત વગેરેની રચના પછી લખાયેલાં આગમિક પ્રકરણોના ઉદ્ભવના આદિકાલને અવશ્ય સૂચિત કરે છે.

ઉપલબ્ધ આગમોમાં 'ઉત્તરજ્ઝયણ'(ઉત્તરાધ્યયન)નાં કેટલાંય અધ્યયનો અને 'પણ્ણવણા' (પ્રજ્ઞાપના)નું પ્રત્યેક પય (પદ) એક એક વિષયનું ક્રમબદ્ધ નિરૂપણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે અને એ રીતે પ્રકરણમાં કેવું નિરૂપણ હોવું જોઈએ તેનો બોધ કરાવે છે.

આગમિક પ્રકરણોની રચના કેમ થઈ એ પણ વિચારણીય પ્રશ્ન છે. વિચાર કરતાં એનાં કારણો નીચે મુજબ જણાય છે :

૧. આગમોનું પઠન-પાઠન સામાન્ય કક્ષાના લોકોને માટે દુર્ગમ જણાતાં તે આગમોના સારરૂપે ભિન્ન ભિન્ન કૃતિઓની રચના થવી સ્વાભાવિક છે. આ રીતે રચાયેલી કૃતિઓને 'આગમિક પ્રકરણ' કહે છે.

૨. ઘણી વાર એવું જોવામાં આવ્યું છે કે આગમોમાં કેટલાય વિષયો અહીંતહીં વિખરાયેલા હોય છે. એવા વિષયોમાં કેટલાક તો મહત્ત્વના હોય છે જ; તેથી એવા વિષયોના સુસંકલિત અને સુવ્યવસ્થિત નિરૂપણની આવશ્યકતા રહે છે. આ આવશ્યકતા પૂરી કરવા માટે સુસમ્બદ્ધ પ્રકરણો રચાવાં જોઈએ, અને એવું થયું પણ છે.

૩. આગમોમાં આવતા વિષયો સરળતાથી કંઠસ્થ કરી શકાય તે માટે તેમની રચના પદ્યમાં હોવી જોઈએ, પરંતુ આગમોમાં આવનારા તે બધા વિષયો પદ્યમાં નથી હોતા. આગમિક પ્રકરણોની રચના પાછળનું આ પણ એક કારણ છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૪. આગમોમાં આવતા ગહન વિષયોમાં પ્રવેશ કરવા માટે પ્રવેશદ્વાર સમાન કૃતિઓની એટલે કે પ્રકરણોની યોજના હોવી જોઈએ અને આ દિશામાં પ્રયત્નો પણ કરવામાં આવ્યા.

૫. જૈન આચાર-વિચારનો એટલે કે જૈન સંસ્કૃતિનો સામાન્ય બોધ સુગમતાથી થઈ શકે એ દૃષ્ટિએ પણ આગમિક પ્રકરણોનો ઉદ્ભવ થઈ શકે છે અને થયો પણ છે.

આ રીતે ઉપર્યુક્ત એક યા બીજા કારણે પૂર્વાચાર્યોએ આગમોના આધારે જે સુશ્લિષ્ટ અને સાંગોપાંગ પ્રકરણ પાઈય (પ્રાકૃત)માં અને વળી પદ્યમાં લખ્યાં તે 'આગમિક પ્રકરણ' કહેવાય છે.

એવું લાગે છે કે પ્રારંભમાં આગમિક પ્રકરણ પ્રાકૃત પદ્યમાં લખાયાં, પરંતુ કાલાન્તરમાં સંસ્કૃતમાં પદ્ય અને ગદ્ય ઉભયરૂપમાં તેમની રચના થઈ. સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયોમાં 'થોકડા' (સ્તબક) નામથી પ્રસિદ્ધ સાહિત્ય આગમિક પ્રકરણોની માનો કે ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં રચાયેલી આવૃત્તિઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ છે. તેમનામાં જીવ, કર્મ, લોક, દ્વીપ, ધ્યાન વગેરે વિષયો અંગે જૈન આગમોમાં આવતા વિચારોનું સંકલન કરવામાં આવે છે. આ રીતે તેમનામાં વિચારોનો સંગ્રહ અર્થાત્ થોક હોવાથી તેમનું 'થોકડા' નામ સાર્થક જણાય છે.

વિષયની દૃષ્ટિએ આગમિક પ્રકરણોના મુખ્ય બે વિભાગ કરી શકાય : (૧) તાત્ત્વિક એટલે કે અધિકાંશે દ્રવ્યાનુયોગ અને કોઈક કોઈક ઠેકાણે ગણિતાનુયોગ સંબંધી વિચારોનું નિરૂપણ કરનારાં પ્રકરણો અને (૨) આચાર એટલે કે ચરણકરણાનુયોગનું નિરૂપણ કરનારાં પ્રકરણો.

●

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજું પ્રકરણ

# આગમસાર અને દ્રવ્યાનુયોગ

## આચાર્ય કુન્દકુન્દના ગ્રન્થ

દ્રાવિડ ભાષામાં કોણ્ડકુણ્ડ નામથી પ્રસિદ્ધ આચાર્ય કુન્દકુન્દ દિગંબર પરંપરાના એક અગ્રગણ્ય અને સમ્માનનીય મુનિવર તથા ગ્રન્થકાર છે. બોધપાહુડના અંતિમ પદ્યના આધારે કેટલાક લોકો તેમને શ્રુતકેવલી ભદ્રબાહુના શિષ્ય માને છે, પરંતુ આ માન્યતા યોગ્ય નથી. તે જ રીતે શિવભૂતિના શિષ્ય હોવાની કેટલાક શ્વેતાંબરોની કલ્પના પણ યોગ્ય નથી. દિગંબર ગ્રંથોમાં તેમનાં વિવિધ નામોનો ઉલ્લેખ મળે છે, જેમ કે પદ્મનન્દી, ગૃધ્રપિચ્છ, વક્રગ્રીવ અને એલાચાર્ય, પરંતુ આ નામોનું ખરાપણું શંકાસ્પદ છે. કુન્દકુન્દાચાર્ય ક્યારે થયા એ અંગે કોઈ સ્પષ્ટ અને પ્રામાણિક ઉલ્લેખ મળતો નથી. તેમણે સ્ત્રીમુક્તિ તથા જૈન સાધુઓની સચેલતા જેવા શ્વેતાંબરીય મન્તવ્યોનું જે ઉગ્રતાથી નિરસન કર્યું છે તે ઉપરથી લાગે છે કે જૈનોના શ્વેતાંબર અને દિગંબર જેવા બે વર્ગ ૭૮ ઈ.સ.ની આસપાસ થઈ ગયા પછી તે થયા છે.

કુન્દકુન્દાચાર્યના બધા જ ગ્રન્થ પ્રાકૃત પદ્યમાં છે[૧], અર્થાત્ તેમનો એક પણ ગ્રન્થ ન તો ગદ્યમાં છે કે ન તો સંસ્કૃતમાં છે. પવયણસાર[૨] (પ્રવચનસાર)

---

૧. ‘દસભત્તિ’માં ગદ્યાત્મક અંશ છે, પરંતુ તે કુન્દકુન્દની મૌલિક રચના હોવા અંગે સંદેહ છે.

૨. આ કૃતિ અમૃતચન્દ્રસૂરિકૃત તત્ત્વપ્રદીપિકા નામની સંસ્કૃત વૃત્તિ, જયસેનસૂરિકૃત તાત્પર્યવૃત્તિ, હેમરાજ પાંડેની વિક્રમ સંવત્ ૧૭૦૯માં લખાયેલી હિન્દી ‘બાલબોધિની’ (ભાષા ટીકા), ડૉ. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેના મૂળ અંગ્રેજી અનુવાદ અને વિસ્તૃત પ્રસ્તાવના આદિ સાથે ‘રાયચન્દ્ર જૈન શાસ્ત્રમાલા’માં ૧૯૩૫ ઈ.સ.માં પ્રકાશિત થઈ છે. અમૃતચન્દ્રસૂરિની ઉપર્યુક્ત ટીકા તથા ગુજરાતી અનુવાદ આદિ સાથે તેની એક આવૃત્તિ ‘જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ’ સોનગઢ તરફથી પણ ૧૯૪૮માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાકૃતના એક પ્રકાર જૈન શૌરસેનીમાં આર્યા છંદમાં રચાયો છે. તેની બે વાચનાઓ મળે છે. તે બેમાંથી એકને અમૃતચંદ્રે પોતાની વૃત્તિમાં અપનાવી છે, તો બીજીને જયસેન, બાલચન્દ્ર[1] વગેરેએ પોતપોતાની ટીકામાં સ્વીકારી છે. પહેલી વાચનામાં કુલ ૨૭૫ પદ્યો છે. ત્રણ શ્રુતસ્કન્ધોમાં વિભક્ત તેના પ્રત્યેક સ્કન્ધમાં ક્રમશઃ ૯૨, ૧૦૮ અને ૭૫ ગાથાઓ છે અને તે ત્રણ સ્કન્ધોમાં જ્ઞાનતત્ત્વ, જ્ઞેયતત્ત્વ અને ચરણતત્ત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બીજી વાચના પહેલીથી વિસ્તૃત છે. તેના ત્રણ અધિકારોમાં ક્રમશઃ ૧૦૧, ૧૧૩ અને ૯૭ (કુલ ૩૧૧) પદ્ય છે.

પવયણસાર, પંચત્થિકાયસંગહસુત્ત અથવા પંચત્થિકાયસાર અને સમયસાર આ ત્રણના સમૂહને 'પ્રાભૃતત્રય' પણ કહે છે. આ વેદાન્તીઓના પ્રસ્થાનત્રયની યાદ અપાવે છે.[2]

## પ્રવચનસાર

પવયણસારનો પ્રારંભ પંચપરમેષ્ઠીના નમસ્કારથી થાય છે. તેમાં નીચે જણાવેલી બાબતોને વ્યવસ્થિતપણે પ્રસ્તુત કરવામાં આવી છે :

પ્રથમ અધિકાર – સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો મોક્ષમાર્ગના રૂપે ઉલ્લેખ, ચારિત્રનો ધર્મરૂપે નિર્દેશ, ધર્મનું શમ સાથે ઐક્ય અને શમનું લક્ષણ, દ્રવ્યનું લક્ષણ, જીવના ત્રણ પરિણામ – શુભ, અશુભ અને શુદ્ધ, શુદ્ધ ઉપયોગવાળા (પરિણામવાળા) જીવને નિર્વાણની અને શુભ ઉપયોગવાળા જીવને સ્વર્ગની પ્રાપ્તિ, અશુભ ઉપયોગનું દુઃખદાયી ફળ, સર્વજ્ઞનું સ્વરૂપ, 'સ્વયમ્ભૂ' શબ્દની વ્યાખ્યા, જ્ઞાન દ્વારા સર્વવ્યાપિતા, શ્રુતકેવલી, સૂત્ર અને અતીન્દ્રિય જ્ઞાન તથા ક્ષાયિક જ્ઞાનની વ્યાખ્યા, તીર્થંકરોની સ્વાભાવિક પ્રવૃત્તિઓ, દ્રવ્યોની તથા પ્રત્યેક દ્રવ્યના પર્યાયોની અનન્તતા, પુદ્ગલનું લક્ષણ, પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનનું સ્પષ્ટીકરણ, સિદ્ધ પરમાત્માની સૂર્ય સાથે તુલના, ઇન્દ્રિયજન્ય સુખની અસારતા, તીર્થંકરના સમગ્ર સ્વરૂપના બોધથી આત્મજ્ઞાન, અને મોહનાં લિંગો.

દ્વિતીય અધિકાર – દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં લક્ષણ અને સ્વરૂપ તેમ જ તે ત્રણેનો પરસ્પર સંબંધ, સપ્તભંગીનું સૂચન, જીવ વગેરે પાંચ અસ્તિકાય અને

---

૧. તેમની ટીકા કન્નડ ભાષામાં છે.

૨. પ્રસ્થાનત્રયમાં વૈદિક ધર્મના મૂલરૂપ ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતાનો સમાવેશ થાય છે.

जैन साहित्य JAINSITE.com जैन ज्यादि शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલનું નિરૂપણ, પરમાણુ અને પ્રદેશની સ્પષ્ટતા, પ્રમેયનું લક્ષણ, નામ કર્મનું કાર્ય, સ્કન્ધોની ઉત્પત્તિ, શુદ્ધ આત્માનું સ્વરૂપ, બંધની વ્યાખ્યા, અને મમત્વનો અભાવ.

તૃતીય અધિકાર – જૈન શ્રમણનાં અચેલતા વગેરે બાહ્ય અને પરિગ્રહત્યાગ વગેરે આભ્યન્તર લિંગ, શ્રમણના મૂલ ગુણ, છેદોપસ્થાનક મુનિ, નિર્યાપક શ્રમણ, અપ્રમત્તતા, શ્રમણોનો આહાર, સ્વાધ્યાયનું મહત્ત્વ, આદર્શ શ્રમણતા, શુભ ઉપયોગમાં વિદ્યમાન શ્રમણોની પ્રવૃત્તિ, ગુણાધિક શ્રમણોની સમ્માનવિધિ, અને શુદ્ધ જીવનું સ્વરૂપ.

સોળમી ગાથામાં કેવળજ્ઞાન વગેરે ગુણ પ્રાપ્ત કરનારને 'સ્વયમ્ભૂ' કહેવામાં આવ્યા છે, કારણ કે અન્ય કોઈ દ્રવ્યની સહાય વિના તે પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે; તે સ્વયં છ કારકરૂપ બની પોતાની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. સિદ્ધસેન દિવાકરે પ્રથમ દ્વાત્રિંશિકાના પહેલા શ્લોકમાં અને સમન્તભદ્રે સ્વયમ્ભૂસ્તોત્રમાં 'સ્વયમ્ભૂ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

અધિકાર ૧, ગાથા ૫૭-૫૮માં પ્રત્યક્ષ અને પરોક્ષની જે વ્યાખ્યા આપવામાં આવી છે તે ન્યાયાવતાર (શ્લોક ૪)નું સ્મરણ કરાવે છે. અધિ. ૧, ગાથા ૪૬માં અને સન્મતિપ્રકરણ (કાંડ ૧, ગાથા ૧૭-૧૮)માં એકાન્તવાદમાં સંસાર અને મોક્ષની અનુપપત્તિ એક જેવી દર્શાવાઈ છે.[1] કુન્દકુન્દે દ્રવ્યની ચર્ચા જે રીતે અનેકાન્તદૃષ્ટિએ કરી છે તેવી જ રીતે સિદ્ધસેને સન્મતિપ્રકરણના ત્રીજા કાંડમાં જ્ઞેયના વિશે કરી છે.[2]

વ્યાખ્યાઓ – પવયણસાર ઉપર સંસ્કૃત, કન્નડ અને હિન્દીમાં વ્યાખ્યાઓ છે. સંસ્કૃત વ્યાખ્યાઓમાં અમૃતચન્દ્રની વૃત્તિ સૌથી પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ છે. તેમણે પુરુષાર્થસિદ્ધ્યુપાય અને તત્ત્વાર્થસાર નામના ગ્રન્થો લખ્યા છે તથા સમયસાર અને પંચત્થિકાયસંગહ ઉપર ટીકાઓ લખી છે. અમૃતચંદ્રનો સમય ઈ.સ.ની દસમી સદી લગભગ છે. તેમણે લખેલી વૃત્તિનું નામ તત્ત્વદીપિકા છે.

બીજી સંસ્કૃત ટીકા જયસેનકૃત તાત્પર્યવૃત્તિ છે. તેમાં ટીકાકારે પંચત્થિકાયસંગહની ટીકાનો નિર્દેશ કર્યો છે.[3] દાર્શનિક વિષયોના નિરૂપણમાં તે

---

૧. સમન્તભદ્રે પણ એવું જ કર્યું છે. જુઓ સ્વયમ્ભૂસ્તોત્ર, શ્લોક ૧૪

૨. જુઓ સન્મતિપ્રકરણનો ગુજરાતી પરિચય, પૃ. ૬૨

૩. જુઓ પૃ. ૧૨૧, ૧૬૨ અને ૧૮૭

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમૃતચન્દ્રને અનુસરે છે અને તેમની વૃત્તિનો પણ ઉપયોગ કરે છે. જયસેનનો સમય ઈ.સ.ની બારમી સદીના દ્વિતીય ચરણ આસપાસ છે.

પ્રભાચન્દ્રકૃત સરોજભાસ્કર[1] પવયણસારની ત્રીજી ટીકા છે. તેની રચના સમયસારની બાલચન્દ્રકૃત ટીકા પછી થઈ છે. તેમનો સમય ઈ.સ.ની ચૌદમી સદીનો પ્રારંભ હશે એવું લાગે છે. તેમણે દવ્વસંગહ (દ્રવ્યસંગ્રહ)ની ટીકા લખી છે અને આઠ પાહુડો પર પંજિકા લખી હતી એવું પણ કેટલાક માને છે.

મલ્લિષેણ નામના કોઈ દિગંબરે તેના ઉપર સંસ્કૃતમાં ટીકા લખી હતી એવું કહેવાય છે. તે ઉપરાંત વર્ધમાને પણ એક વૃત્તિ લખી છે.

બાલાવબોધ – હેમરાજ પાંડેએ વિ.સં.૧૭૦૯માં હિન્દીમાં બાલાવબોધ લખ્યો છે અને તેના માટે તેમણે અમૃતચન્દ્રની ટીકાનો ઉપયોગ કર્યો છે. આ બાલાવબોધની પ્રશસ્તિમાં શાહજહાંનો ઉલ્લેખ આવે છે. પદ્મમન્દિરગણીએ પણ વિ.સં.૧૬૫૧માં એક બાલાવબોધ લખ્યો છે.

## સમયસાર

કુન્દકુન્દાચાર્યની જૈન શૌરસેની પદ્યમાં (મુખ્યપણે આર્યામાં) રચાયેલી આ[2] એક મહત્ત્વની કૃતિ છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જેવા શ્વેતાંબર વિદ્વાનોની દૃષ્ટિમાં પણ આ એક સમ્માન્ય ગ્રંથ છે. તેની પણ બે વાચના મળે છે. એકમાં ૪૧૫ પદ્ય છે તો બીજીમાં ૪૩૯. અમૃતચંદ્રે આખી કૃતિને નવ અંકોમાં વિભક્ત કરી છે. પ્રારંભની ૩૮ ગાથાઓ સુધીના ભાગને તેમણે પૂર્વરંગ કહ્યો છે.

કુન્દકુન્દાચાર્યની ઉપલબ્ધ બધી કૃતિઓમાં સમયસાર સૌથી મોટી કૃતિ છે. તેમાં જીવ વગેરે નવ તત્ત્વોની શુદ્ધ નિશ્ચયનયાનુસારી પ્રરૂપણાને અગ્ર સ્થાન

---

૧. તેને પ્રવચનસરોજભાસ્કર પણ કહે છે.

૨. તે રાયચન્દ્ર જૈન ગ્રન્થમાલામાં ૧૯૧૯માં પ્રકાશિત થયેલ છે. અંગ્રેજી અનુવાદ સાથે Sacred Books of the Jainas સિરીઝમાં ૧૯૩૦માં, તથા અમૃતચન્દ્ર અને જયસેનની ટીકાઓ સાથે 'સનાતન જૈન ગ્રન્થમાલા' બનારસમાં પણ ૧૯૪૪માં તે મુદ્રિત થઈ ગયો છે. તે ઉપરાંત શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહનો ગુજરાતી પદ્યાત્મક અનુવાદ 'જૈન અતિથિ સેવા સમિતિ', સોનગઢ તરફથી ૧૯૪૦માં પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપવામાં આવ્યું છે. આ શુદ્ધ નિશ્ચયનયને સમજવા માટે વ્યવહારનયની આવશ્યકતા છે એમ તેમાં (ગાથા ૭ વગેરે) કહેવામાં આવ્યું છે. આ કૃતિમાં કેટલાય વિષયોની પુનરાવૃત્તિ દેખાય છે.તેમાં નીચે જણાવેલા વિષયો આવે છે:

જીવના સ્વસમય અને પરસમયની વિચારણા[1], જ્ઞાયક ભાવ અપ્રમત્ત છે અર્થાત્ પ્રમત્ત નથી એવું વિધાન, ભૂતાર્થ અર્થાત્ શુદ્ધ નય દ્વારા જીવ વગેરે નવ તત્ત્વોનો બોધ જ સમ્યગ્દર્શન, જે નય આત્માને બંધરહિત, પરથી અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, વિશેષરહિત અને અસંયુક્ત દેખે છે તે નય શુદ્ધ નય, સાધુ દ્વારા રત્નત્રયની આરાધના, પ્રત્યાખ્યાનનો જ્ઞાનરૂપે ઉલ્લેખ, ભૂતાર્થનો આશ્રય લેનારો જીવ જ સમ્યગ્દૃષ્ટિ, કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનનાં ભેદ, વ્યવહારનય અનુસાર બધા અધ્યવસાય વગેરેનો જીવરૂપે નિર્દેશ, જીવનું અરસ, અરૂપ વગેરે રૂપે વર્ણન, બંધનું કારણ, જીવપરિણામરૂપ નિમિત્તથી પુદ્ગલોનું કર્મરૂપે પરિણમન, જીવનું પુદ્ગલ-કર્મના નિમિત્તથી પરિણમન, નિશ્ચયનય અનુસાર આત્માનું પોતાનું જ કર્તૃત્વ અને ભોક્તૃત્વ, મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાનનો અજીવ અને જીવના રૂપે ઉલ્લેખ, પુદ્ગલકર્મના કર્તા જ્ઞાની યા અજ્ઞાની નથી એવું કથન, બંધના મિથ્યાત્વ આદિ ચાર હેતુ, આ હેતુઓના મિથ્યાદૃષ્ટિથી શરૂ કરી સયોગિકેવલી સુધી તેર ભેદ, સાંખ્યદર્શનની પુરુષ-પ્રકૃતિ વિષયક માન્યતાઓનું નિરસન, જીવમાં તેના પ્રદેશો સાથે કર્મ બદ્ધ અને સ્પૃષ્ટ છે એવું વ્યવહારનયનું મન્તવ્ય અને અબદ્ધ અને અસ્પૃષ્ટ છે એવું નિશ્ચયનયનું મન્તવ્ય, કર્મના શુભ અને અશુભ બે પ્રકાર, જ્ઞાનીને દ્રવ્યઆસ્રવોનો અભાવ, સંવરનો ઉપાય, જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ, સમ્યગ્દષ્ટિના નિઃશંકિત આદિ આઠ ગુણોનું નિશ્ચયનય અનુસાર નિરૂપણ, અજ્ઞાનમય અધ્યવસાયનો બંધના કારણરૂપે નિર્દેશ, માત્ર વ્યવહારનયના આલંબનની નિરર્થકતા, અભવ્યના ધર્માચરણના હેતુરૂપે ભોગની પ્રાપ્તિ, આત્માનું પ્રજ્ઞા દ્વારા ગ્રહણ, વિષકુંભના પ્રતિક્રમણ આદિ અને અમૃતકુંભના અપ્રતિક્રમણ આદિ આઠ આઠ પ્રકાર, આત્માનું કથંચિત્ કર્તૃત્વ અને ભોક્તૃત્વ, ખડી માટીના દૃષ્ટાંત દ્વારા નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્પષ્ટીકરણ, દ્રવ્યલિંગના સ્વીકારનું કારણ વ્યવહારનય, અજ્ઞાનીઓની (આત્માનું ખરું સ્વરૂપ ન જાણનારાઓની) 'જીવ કોને કહેવો' એ વિશે ભિન્ન ભિન્ન માન્યતાઓ (જેમકે કોઈ અધ્યવસાયને, કોઈ કર્મને, કોઈ અધ્યવસાયોના તીવ્ર

૧. અહીં આ બંને શબ્દોનો આધ્યાત્મિક દૃષ્ટિએ અર્થ કરવામાં આવ્યો છે, પરંતુ સન્મતિપ્રકરણ (કાંડ ૩, ગાથા ૪૭ અને ૬૭)માં તેમનો 'દર્શન'ના અર્થમાં પ્રયોગ થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ અનુભાગને, કોઈ નોકર્મને, કોઈ કર્મના ઉદયને, કોઈ તીવ્રતા આદિ ગુણોથી ભિન્ન પ્રતીત થનારને, કોઈ જીવ અને અજીવના મિશ્રણને અને કોઈ કર્મના સંયોગને જીવ માને છે.)

જેમ સુવર્ણ અગ્નિમાં તપાવવા છતાં પોતાનું સુવર્ણત્વ છોડતું નથી, તેમ કર્મના ઉદયથી તપ્ત બનવા છતાં જ્ઞાની પણ પોતાનું જ્ઞાનીપણું છોડતો નથી એમ ૧૮૪મા પદ્યમાં કહ્યું છે.

જેમ વિષ ખાવા છતાં પણ (વિષ-)વૈદ્ય મરતો નથી, તેમ પુદ્‌ગલકર્મના ઉદયનો ભોગ કરવા છતાં પણ જ્ઞાની કર્મથી બંધાતો નથી. (૧૯૫)

૮૫મા પદ્યમાં કહેવામાં આવ્યું છે કે જો આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા બને અને તેનો ભોગ કરે તો તે પેલી બંને ક્રિયાઓથી અભિન્ન સિદ્ધ થાય અને એ વાત તો જૈન સિદ્ધાન્તને માન્ય નથી.

ટીકાઓ – તેના ઉપર અમૃતચન્દ્રે આત્મખ્યાતિ નામની ટીકા લખી છે. તેમાં ૨૬૩ પદ્યોનો એક કલશ છે.[1] આ ટીકાના અંતે, સમગ્ર મૂલકૃતિનું સ્પષ્ટીકરણ પ્રસ્તુત કરવા ઉપરાંત, પરિશિષ્ટના રૂપે નીચે જણાવેલી બાબતો ઉપર વિચાર રજૂ કર્યા છે :

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૧. આત્માના અનન્ત ધર્મો છે. આ ગ્રન્થમાં કુન્દકુન્દાચાર્યે તેને માત્ર જ્ઞાનરૂપ કહ્યો છે, તો શું તેનો સ્યાદ્વાદ સાથે વિરોધ નહીં થાય ?

૨. જ્ઞાનમાં ઉપાયભાવ અને ઉપેયભાવ બંને કેવી રીતે ઘટી શકે ?

આ ટીકામાં તેમણે પવયણસાર ઉપરની સ્વોપજ્ઞ ટીકાનો નિર્દેશ કર્યો છે.

જયસેને તાત્પર્યવૃત્તિ[2] નામની ટીકા સંસ્કૃતમાં લખી છે. તે ઉપરાંત તેના ઉપર ટીકા લખનારાઓનાં નામ આ પ્રમાણે છે : પ્રભાચન્દ્ર, નયકીર્તિના શિષ્ય બાલચન્દ્ર, વિશાલકીર્તિ અને જિનમુનિ. તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક સંસ્કૃત ટીકા પણ છે.

---

૧. આ કલશ ઉપર શુભચન્દ્રે સંસ્કૃતમાં અને રાયમલ્લ તથા જયચન્દ્રે એક એક ટીકા હિન્દીમાં લખી છે.

૨. આમાં પંચત્થિકાયસંગહ ઉપરની પોતાની ટીકાનો ઉલ્લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમસાર

શ્રી કુન્દકુન્દાચાર્ય રચિત આ પદ્યાત્મક કૃતિ[1] પણ જૈન શૌરસેનીમાં છે. તેમાં ૧૮૭ ગાથા છે અને ટીકાકાર પદ્મપ્રભ મલધારીદેવના મતે તે બાર અધિકારોમાં વિભક્ત છે. અનન્ત સુખના ઈચ્છુકે કયા કયા નિયમ પાળવા જોઈએ તે અહીં જણાવવામાં આવ્યું છે. નિયમ એટલે અવશ્ય કરણીય. અવશ્યકરણીયથી અહીં અભિપ્રેત છે સમ્યક્ત્વ આદિ રત્નત્રય. તેમાં 'પરમાત્મ' તત્ત્વનું અવલંબન લેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ જ તત્ત્વ અન્તસ્તત્ત્વ, કારણપરમાત્મા, પરમ પારિણામિક ભાવ વગેરે નામથી પણ જણાવાય છે.[2]

નિયમસારમાં નીચે જણાવેલા વિષયોની ચર્ચા કરવામાં આવી છે :

આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વની ઉત્પત્તિ, અઢાર દોષોનો ઉલ્લેખ, આગમ એટલે પરમાત્માના મુખમાંથી નીકળેલાં શુદ્ધ વચન, જીવ આદિ છ તત્ત્વાર્થ, જ્ઞાન અને દર્શનરૂપ ઉપયોગના પ્રકાર, સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય, મનુષ્ય વગેરેના ભેદો, વ્યવહાર અને નિશ્ચયથી કર્તૃત્વ અને ભોક્તૃત્વ, પુદ્ગલ વગેરે અજીવ પદાર્થોનું સ્વરૂપ, હેય અને ઉપાદેય તત્ત્વ, શુદ્ધ જીવમાં બંધસ્થાન, ઉદયસ્થાન, ક્ષાયિક વગેરે ચાર ભાવોનાં સ્થાન, જીવસ્થાન અને માર્ગણાસ્થાનનો અભાવ, શુદ્ધ જીવનું સ્વરૂપ, સંસારી જીવનો સિદ્ધ પરમાત્માથી અભેદ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા, અહિંસા આદિ પાંચ મહાવ્રતની, ઈર્યા આદિ પાંચ સમિતિની તથા વ્યવહાર અને નિશ્ચયનયની અપેક્ષાએ મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિની સ્પષ્ટતા, પંચપરમેષ્ઠીનું સ્વરૂપ, ભેદવિજ્ઞાન દ્વારા નિશ્ચયચારિત્રની પ્રાપ્તિ, નિશ્ચયનય અનુસાર પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, ચતુર્વિધ આલોચના, પ્રાયશ્ચિત્ત, પરમ સમાધિ (સામાયિક) અને

---

૧. પદ્મપ્રભની સંસ્કૃત ટીકા તથા શીતલપ્રસાદજીકૃત હિન્દી અનુવાદ સાથે આ ગ્રન્થ 'જૈન-ગ્રન્થ-રત્નાકર કાર્યાલય' તરફથી વિ.સં.૧૯૭૨માં પ્રકાશિત થયો છે. તે ઉપરાંત Sacred Books of the Jainas સિરિઝમાં આરાથી તેનો અંગ્રેજી અનુવાદ તથા હિમ્મતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ આદિ સાથે 'જૈન સ્વાધ્યાય મન્દિર ટ્રસ્ટ' સોનગઢ તરફથી પણ પ્રકાશિત થયો છે.

૨. જુઓ ગુજરાતી અનુવાદવાળી આવૃત્તિનો ઉપોદ્ઘાત, પૃ. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમ ભક્તિનું[1] નિરૂપણ, નિશ્ચયનય અનુસાર આવશ્યક કર્મ[2], આભ્યંતર અને બાહ્ય જલ્પ, બહિરાત્મા અને અન્તરાત્મા, વ્યવહાર અને નિશ્ચયનય અનુસાર સર્વજ્ઞતા[3], કેવલજ્ઞાનીમાં જ્ઞાન અને દર્શનનો એક જ સમયમાં સદ્ભાવ[4], સિદ્ધનું સ્વરૂપ તથા સિદ્ધ થનારની ગતિ અને તેનું સ્થાન.

આમાં પ્રતિક્રમણ વગેરે જે આવશ્યકો ગણાવ્યાં છે તેમની અપેક્ષાએ મૂલાચારમાં ભેદ છે. તેમાં આલોચનાનો ઉલ્લેખ નથી અને પરમ ભક્તિના બદલે સ્તુતિ અને વંદનાનો નિર્દેશ છે.[5]

૯૪મી ગીથામાં પડિક્કમણ સુત્ત નામની કૃતિનો ઉલ્લેખ છે. ૧૭મી ગાથામાં કહ્યું છે કે એનો વિસ્તાર 'લોયવિભાગ'માંથી જાણી લેવો. સર્વનન્દી વગેરે દ્વારા રચિત 'લોયવિભાગ' નામની એકથી વધુ કૃતિઓ છે ખરી, પરંતુ અહીં તો પુસ્તકવિશેષના બદલે લોકવિભાગનું સૂચક સાહિત્ય અભિપ્રેત હોય એવું જણાય છે.

ટીકા – પદ્મપ્રભ મલધારીદેવે સંસ્કૃતમાં તાત્પર્યવૃત્તિ નામની ટીકા લખી છે. તેમાં તેમણે અમૃતાશીતિ, શ્રુતબન્ધુ અને માર્ગપ્રકાશમાંથી ઉદ્ધરણ આપ્યાં છે. તે ઉપરાંત અકલંક, અમૃતચન્દ્ર, ગુણભદ્ર, ચન્દ્રકીર્તિ, પૂજ્યપાદ, માધવસેન, વીરનન્દી, સમન્તભદ્ર, સિદ્ધસેન અને સોમદેવના ઉલ્લેખો આવે છે.

આ તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં મૂળ કૃતિને બાર શ્રુતસ્કન્ધોમાં વિભક્ત કરવામાં આવી છે. આ ટીકામાં પ્રત્યેક ગાથાની ગદ્યાત્મક વ્યાખ્યા પછી પદ્યો પણ આવે છે. એવાં પદ્યો કુલ ૩૧૧ છે. ગુજરાતી અનુવાદવાળી ઉપર્યુક્ત આવૃત્તિમાં આવા પ્રત્યેક પદ્યને 'કલશ' કહ્યું છે.

---

૧. આ પરમ ભક્તિના બે પ્રકાર છે : ૧. નિર્વાણભક્તિ (નિર્વાણની ભક્તિ) અને ૨. યોગભક્તિ (યોગની ભક્તિ)
૨. ૧૨૧મી ગાથામાં નિશ્ચયથી કાયોત્સર્ગનું નિરૂપણ છે.
૩. કેવલી સર્વ જાણે છે અને દેખે છે તે વ્યવહારનયની દૃષ્ટિએ સર્વજ્ઞતા છે. કેવલી પોતાના આત્માને જાણે છે અને દેખે છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ સર્વજ્ઞતા છે.
૪. આ વિષયમાં સૂર્યના પ્રકાશ અને તાપનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.
૫. જુઓ પવયણસારનો અંગ્રેજી ઉપોદ્ઘાત, પૃ. ૪૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચાસ્તિકાયસાર

પંચત્થિકાયસંગહસુત્ત[1] (પંચાસ્તિકાયસંગ્રહસૂત્ર) એટલે કે પંચત્થિકાયસાર[2] (પંચાસ્તિકાયસાર)ના કર્તા પણ કુન્દકુન્દાચાર્ય છે. પદ્યાત્મક જૈન શૌરસેનીમાં રચાયેલી આ કૃતિ બે વાચનાઓમાં મળે છે : એકમાં અમૃતચન્દ્રની ટીકા અનુસાર ૧૭૩ ગાથા છે, જ્યારે બીજીમાં જયસેન અને બ્રહ્મદેવકૃત ટીકા અનુસાર ૧૮૧ પદ્ય છે. અંતિમ પદ્યમાં જો કે 'પંચત્થિકાયસંગહસુત્ત' નામ આવે છે પરંતુ બીજું નામ વિશેષ પ્રચલિત છે. તેના ટીકાકાર અમૃતચન્દ્રના મતે આ આખી કૃતિ બે શ્રુતસ્કન્ધોમાં વિભક્ત છે. પ્રથમ શ્રુતસ્કન્ધમાં ૧૦૪ ગાથા છે, જ્યારે બીજામાં ૧૦૫થી ૧૭૩ એટલે કે ૬૯ ગાથા છે. પ્રારંભના ૨૬ પદ્ય પીઠબન્ધરૂપ છે અને ૬૪મી વગેરે ગાથાઓનો નિર્દેશ 'સિદ્ધાન્તસૂત્ર' નામથી કરવામાં આવ્યો છે. સો ઈન્દ્રના નમસ્કાર પામેલા જિનોને વન્દન કરી આનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમાં નીચે જણાવેલા વિષયો આવે છે :

સમયના નિરૂપણની પ્રતિજ્ઞા, અસ્તિકાયોના સમવાયરૂપ (સમૂહરૂપ) 'સમય', અસ્તિકાયનું લક્ષણ, પાંચ અસ્તિકાય અને કાલનું નિરૂપણ, દ્રવ્યનાં ત્રણ લક્ષણ, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર સંબંધ, વિવક્ષા અનુસાર દ્રવ્યની સપ્તભંગી, જીવ દ્રવ્યના (અશુદ્ધ પર્યાયોની અપેક્ષાએ) ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવ, વ્યવહારકાળના સમય, નિમેષ, કાષ્ઠા, કલા, નાલી, અહોરાત્ર, માસ, ઋતુ, અયન અને સંવત્સર જેવા ભેદ, સંસારી જીવનું સ્વરૂપ, સિદ્ધનું સ્વરૂપ અને તેનું સુખ, જીવનું લક્ષણ[3], મુક્તિનું સ્વરૂપ, જ્ઞાન અને દર્શનના પ્રકાર, જ્ઞાની અને જ્ઞાનનો સંબંધ, સંસારી જીવનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ, જીવના

---

૧. આ કૃતિ અમૃતચન્દ્રકૃત તત્ત્વદીપિકા કે સમયવ્યાખ્યા નામની સંસ્કૃત ટીકા તથા હેમરાજ પાંડેના બાલાવબોધ પરથી પન્નાલાલ બાકલીવાલકૃત હિંદી અનુવાદ સાથે 'રાયચંદ્ર જૈન ગ્રંથમાલા'માં ૧૯૦૪માં તથા અંગ્રેજી અનુવાદ સાથે આરાથી પ્રકાશિત થઈ છે. આ ગ્રન્થમાલામાં પ્રકાશિત તેની બીજી આવૃત્તિમાં અમૃતચન્દ્ર અને જયસેનની સંસ્કૃત ટીકાઓ તથા હેમરાજ પાંડેનો બાલાવબોધ છપાયાં છે. અમૃતચન્દ્રની ટીકા સાથે ગુજરાતી અનુવાદ 'દિગમ્બર સ્વાધ્યાય મન્દિર' તરફથી વિ.સં.૨૦૧૪માં પ્રકાશિત થયો છે.

૨. ધવલામાં 'પંચત્થિકાયસાર'નો ઉલ્લેખ છે.

૩. ચાર પ્રકારના પ્રાણો દ્વારા જે જીવે છે, જીવશે અને પહેલાં જીવતો હતો તે 'જીવ' છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક, બે એવા દસ વિકલ્પ, પુદ્ગલના સ્કન્ધ આદિ ચાર પ્રકાર, પરમાણુનું સ્વરૂપ, શબ્દની પૌદ્ગલિકતા, ધર્માસ્તિકાય આદિનું સ્વરૂપ, રત્નત્રયનાં લક્ષણ, જીવ વગેરે નવ તત્ત્વોનું નિરૂપણ, જીવના ભેદ-પ્રભેદ, પ્રશસ્ત રાગ અને અનુકમ્પાની સ્પષ્ટતા, વ્યવહાર અને નિશ્ચયનયની અપેક્ષાએ મોક્ષ અને મોક્ષમાર્ગની વિચારણા[1] તથા જીવનું સ્વસમય અને પરસમયમાં પ્રવર્તન.

કર્તાએ ખુદે પ્રસ્તુત કૃતિને 'સંગ્રહ' કહી છે. તેમાં પરંપરાગત પદ્ય સંકલિત કરવામાં આવ્યાં હોય એવું લાગે છે. ૨૭મી ગાથામાં જીવનાં લક્ષણ જે ક્રમે આપવામાં આવ્યાં છે તે જ ક્રમે તેમનું નિરૂપણ નથી કરવામાં આવ્યું. શું સંગ્રહરૂપતા એનું કારણ હશે ?

પ્રસ્તુત કૃતિની બારમી ગાથાનો પૂર્વાર્ધ સન્મતિના પ્રથમ કાંડની બારમી ગાથાના પૂર્વાર્ધનું સ્મરણ કરાવે છે. પંચત્થિકાયસંગહની ગાથા ૧૫થી ૨૧માં 'સત્' અને 'અસત્' વિષયક વાદોની અનેકાન્ત દૃષ્ટિએ જે વિચારણા કરવામાં આવી છે તે સન્મતિના તૃતીય કાંડની ગાથા ૫૦થી ૫૨માં દેખાય છે. તેની ૨૭મી ગાથામાં આત્માનું સ્વરૂપ જૈન દૃષ્ટિએ દર્શાવ્યું છે; આ જ વસ્તુ સન્મતિના ત્રીજા કાંડની ગાથા ૫૪-૫૫માં આત્મા વિશે છ મુદ્દાઓનો નિર્દેશ કરીને કહેવામાં આવી છે.[2] સન્મતિના ત્રીજા કાંડની ૮થી ૧૫ ગાથાઓ કુન્દકુન્દના ગુણ અને પર્યાયની ભિન્નતારૂપ વિચારનું ખંડન કરનારી છે એમ કહી શકાય. તેમાં 'ગુણ'ના પ્રચલિત અર્થમાં અમુક અંશે પરિવર્તન જોઈ શકાય છે.

ટીકાઓ — પ્રસ્તુત કૃતિ ઉપર અમૃતચન્દ્રે તત્ત્વદીપિકા કે સમયવ્યાખ્યા નામ ધરાવતી ટીકા લખી છે. તેમાં ટીકાકારે કહ્યું છે કે દ્રવ્યમાં પ્રતિસમય પરિવર્તન થવા છતાં તેના સ્વભાવને અર્થાત્ મૂળ ગુણને અબાધિત રાખવાનું કાર્ય 'અગુરુલઘુ' નામનો ગુણ કરે છે. ૧૪૬મી ગાથાની ટીકામાં મોક્ખપાહુડમાંથી એક ઉદ્ધરણ ટાંકવામાં આવ્યું છે. તે ઉપરાંત જયસેન[3], બ્રહ્મદેવ, જ્ઞાનચન્દ્ર,

---

૧. આ વિભાગને કેટલાક લોકો 'ચૂલિકા' કહે છે.

૨. જુઓ સન્મતિપ્રકરણની પ્રસ્તાવના, પૃ. ૬૨

૩. તેમની ટીકાનું નામ 'તાત્પર્યવૃત્તિ' છે. તેની પુષ્પિકા અનુસાર મૂળ કૃતિ ત્રણ અધિકારોમાં વિભક્ત છે. પ્રથમ અધિકારમાં ૧૧૧ ગાથા છે અને આઠ અન્તરાધિકાર છે. બીજા અધિકારમાં ૫૦ ગાથા છે અને દસ અન્તરાધિકાર છે તથા તૃતીય અધિકારમાં ૨૦ ગાથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મલ્લિષેણ અને પ્રભાચન્દ્રે[1] પણ સંસ્કૃતમાં ટીકા રચી છે.[2] તે ટીકાઓ ઉપરાંત અજ્ઞાતકર્તૃક બે સંસ્કૃત ટીકાઓ પણ છે; તે બેમાંથી એકનું નામ 'તાત્પર્યવૃત્તિ' છે એમ જિનરત્નકોશમાં (વિભાગ ૧, પૃ. ૨૩૧) નોંધ્યું છે.

મૂલકૃતિ ઉપર હેમરાજ પાંડેએ હિન્દીમાં બાલાવબોધ રચ્યો છે.[3]

આઠ પાહુડ

કેટલાકનું માનવું છે કે કુન્દકુન્દે ૮૪ પાહુડ લખ્યાં હતાં. આ વાત સાચી માની લઈએ તો પણ આ બધાં પાહુડોનાં નામ આજ સુધી મળ્યાં નથી.[4] અહીં તો અમે જૈન શૌરસેનીમાં રચાયેલાં પદ્યાત્મક આઠ પાહુડોના વિશે જ કંઈક કહીશું. આ પાહુડોનાં નામ છે : ૧. દંસણપાહુડ, ૨. ચારિત્તપાહુડ, ૩. સુત્તપાહુડ, ૪. બોધપાહુડ, ૫. ભાવપાહુડ, ૬. મોકખપાહુડ, ૭. લિંગપાહુડ, ૮. સીલપાહુડ.[5]

૧. દંસણપાહુડ (દર્શનપ્રાભૃત) – તેમાં ૩૬ આર્યા છંદ છે. વર્ધમાનસ્વામીને એટલે કે મહાવીરને નમસ્કાર કરી 'સમ્યક્ત્વનો માર્ગ સંક્ષેપમાં હું કહીશ' એવી પ્રતિજ્ઞા સાથે આ કૃતિનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમાં સમ્યક્ત્વને ધર્મનું મૂળ કહ્યું છે. સમ્યક્ત્વ વિના નિર્વાણની પ્રાપ્તિ થતી નથી અને ભવભ્રમણ થાય છે, પછી ભલે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય કે ઉગ્ર તપશ્ચર્યા કરી હોય

---

છે અને તે બાર વિભાગોમાં વિભક્ત છે. આમ આ ટીકા અનુસાર કુલ ૧૮૧ ગાથા થાય છે. જયસેનની આ ટીકાનો ઉલ્લેખ પવયણસાર અને સમયસારની તેમની ટીકાઓમાં છે. આ ત્રણમાંથી પંચત્થિકાયસંગહની ટીકામાં સૌથી વધારે ઉદ્ધરણો આવે છે.

૧. તેમની ટીકાનું નામ 'પ્રદીપ' છે.
૨. કેટલાકના મતે દેવજિતે પણ સંસ્કૃતમાં ટીકા રચી છે.
૩. બાલચન્દ્રે કન્નડમાં ટીકા લખી છે.
૪. આ આઠ પાહુડ અને પ્રત્યેકની સંસ્કૃત છાયા, દંસણપાહુડ આદિ પ્રારંભના છ પાહુડોની શ્રુતસાગરકૃત સંસ્કૃત ટીકા, રયણસાર અને બારસાણુવેકખા 'ષટ્પ્રાભૃતાદિસંગ્રહ'ના નામથી માણિકચન્દ્ર દિગમ્બર જૈન ગ્રન્થમાળામાં પ્રકાશિત થયાં છે.
૫. તેંતાલીસ પાહુડોનાં નામ પવયણસારની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ.૨૫ના ટિપ્પણ)માં આપવામાં આવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

– આમ કહી સમ્યક્ત્વનું મહત્ત્વ દર્શાવ્યું છે. સમ્યક્ત્વીને જ્ઞાનલાભ અને કર્મક્ષય શક્ય છે તથા તે વન્દનીય છે. સમ્યક્ત્વ વિષયસુખનું વિરેચન અને સમસ્ત દુઃખનું નાશક છે – આવા કથન દ્વારા સમ્યક્ત્વના માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. વ્યવહારની દૃષ્ટિએ જિનેશ્વર દ્વારા પ્રરૂપિત જીવ આદિ દ્રવ્યોમાં શ્રદ્ધા સમ્યક્ત્વ છે, તો નિશ્ચયની દૃષ્ટિએ આત્મા પોતે સમ્યક્ત્વ છે વગેરે વાતો અહીં રજૂ કરવામાં આવી છે. ૨૯મી ગાથામાં તીર્થંકર ચોસઠ ચામરોથી યુક્ત હોય છે અને તેમને ચોત્રીસ અતિશય હોય છે એ વાતનો તથા ૩૫મી ગાથામાં તેમનો દેહ ૧૦૦૮ લક્ષણોથી સંપન્ન હોય છે એ વાતનો ઉલ્લેખ છે.

ટીકા – દંસણપાહુડ અને બીજા પાંચ પાહુડો ઉપર પણ વિદ્યાનન્દીના શિષ્ય અને મલ્લિભૂષણના ગુરુભાઈ શ્રુતસાગરે[1] સંસ્કૃતમાં ટીકા લખી છે. દંસણપાહુડની ટીકામાં (પૃ.૨૭-૨૮) ૧૦૦૮ લક્ષણોમાંથી કેટલાંક લક્ષણો આપવામાં આવ્યાં છે.[2] દંસણપાહુડ આદિ છ પાહુડો ઉપર અમૃતચન્દ્રે ટીકા લખી હતી એમ કેટલાકનું માનવું છે.[3]

૨. ચારિત્તપાહુડ (ચારિત્રપ્રાભૃત) – આમાં ૪૪ ગાથા છે. બીજી ગાથામાં તેનું નામ 'ચારિત્તપાહુડ' કહ્યું છે, જ્યારે ૪૪મી ગાથામાં તેના 'ચરણપાહુડ' નામનો નિર્દેશ છે. આ પાહુડ ચારિત્ર અને તેમના પ્રકાર વગેરે ઉપર પ્રકાશ ફેંકે છે. તેમાં ચારિત્રના દર્શનાચારચારિત્ર અને સંયમચરણચારિત્ર એવા બે પ્રકાર જણાવ્યા છે. નિઃશંકિત આદિનો સમ્યક્ત્વના આઠ ગુણના રૂપમાં ઉલ્લેખ છે.

સંયમચરણચારિત્રના બે ભેદ છે : સાગાર અને નિરાગાર. પાંચ અણુવ્રત, ત્રણ અણુવ્રત અને ચાર શિક્ષાવ્રત – સાગારનું અર્થાત્ ગૃહસ્થનું ચારિત્ર છે, જ્યારે પાંચ ઈન્દ્રિયનું સંવરણ, પાંચ મહાવ્રતોનું પાલન તથા પચ્ચીસ ક્રિયાઓ (ભાવનાઓ), પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓનું પાલન – આ નિરાગારનું

---

૧. તેમનો પરિચય, તેમણે રચેલી ઔદાર્યચિન્તામણિ આદિ વિવિધ કૃતિઓના નિર્દેશ સાથે, મેં મારા 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' (ખંડ ૧ : સાર્વજનીન સાહિત્ય પૃ. ૪૨-૪૪, ૪૯ અને ૩૦૦)માં આપ્યો છે.

૨. ઉદાહરણાર્થ – W. Deneke. જુઓ Festagabe Jacobi (p. 163 f.)

૩. જુઓ પ્રો. વિન્ટર્નિત્સનો ગ્રન્થ History of Indian Literature, Vol. II, p. 577

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કે સાધુનું ચારિત્ર છે. પાંચ મહાવ્રતોમાં અહિંસા વગેરે પ્રત્યેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ ગણાવી છે. સમ્યક્ત્વને પામેલો જીવ જ્ઞાનમાર્ગ ઉપર છે, તે પાપાચરણ કરતો નથી અને છેવટે મોક્ષે જાય છે એમ તેમાં કહેવામાં આવ્યું છે.

તેની સાતમી ગાથાને 'અતિચારની આઠ ગાથા'ના નામથી પ્રસિદ્ધ શ્વેતાંબરીય પ્રતિક્રમણસૂત્રની ત્રીજી ગાથાના રૂપમાં જોવામાં આવે છે.

ટીકા – ચારિત્રપાહુડ ઉપર શ્રુતસાગરની ટીકા છે.

૩. સુત્તપાહુડ (સૂત્રપ્રાભૃત) – આ ૨૭ ગાથાની કૃતિ છે. તેમાં કહ્યું છે કે જેમ દોરો પરોવેલી સોય નાશ પામતી નથી એટલે કે ખોવાતી નથી તેમ જ સૂત્રનો જ્ઞાતા સંસારમાં ભટકતો નથી એટલે કે તે ભવનો (સંસારનો) નાશ કરે છે. સૂત્રનો અર્થ તીર્થંકરે કહ્યો છે. જીવ વગેરે પદાર્થોમાંથી હેય અને ઉપાદેયને જે જાણે છે તે 'સદ્દૃષ્ટિ' છે. તીર્થંકરોએ અચેલતા અને પાણિપાત્રતાનો ઉપદેશ આપ્યો છે, તેથી તેનાથી જુદો માર્ગ મોક્ષમાર્ગ નથી. જે સંયમી આરમ્ભ-પરિગ્રહથી વિરક્ત અને બાવીસ પરીષહોને સહન કરનારો હોય તે વન્દનીય છે; જ્યારે જે લિંગી દર્શન અને જ્ઞાનનો યોગ્ય ધારક હોય પરંતુ વસ્ત્ર ધારણ કરતો હોય તે 'ઈચ્છકાર'ને યોગ્ય છે. સચેલકને, પછી ભલે તે તીર્થંકર હોય, મુક્તિ મળતી નથી. સ્ત્રીનાં નાભિ વગેરે સ્થાનોમાં સૂક્ષ્મ જીવો હોય છે, તેથી તે દીક્ષા લઈ શકતી નથી. જેમણે ઈચ્છા ઉપર કાબૂ મેળવી લીધો છે તેઓ બધાં દુઃખોથી મુક્ત હોય છે. આ કથન ઉપરથી એ જાણી શકાય છે કે આ પાહુડમાં અચેલકતા અને સ્ત્રીની દીક્ષા માટેની અયોગ્યતા ઉપર ભાર આપવામાં આવ્યો છે.

ટીકા – તેની ટીકા રચનાર શ્રુતસાગર છે.

૪. બોધપાહુડ (બોધપ્રાભૃત) – આમાં ૬૨ ગાથા છે. આચાર્યોને નમસ્કારથી તેનો પ્રારંભ થાય છે. તેની ત્રીજી અને ચોથી ગાથામાં તેમાં આવનારા અગીઆર અધિકારોનો નિર્દેશ છે. તેમનાં નામ નીચે મુજબ છે :

૧. આયતન, ૨. ચૈત્યગૃહ, ૩. જિનપ્રતિમા, ૪. દર્શન, ૫. જિનબિમ્બ, ૬. જિનમુદ્રા, ૭. જ્ઞાન, ૮. દેવ, ૯. તીર્થ, ૧૦. તીર્થંકર અને ૧૧. પ્રવ્રજ્યા.

૨૩મી ગાથામાં કહ્યું છે કે જેની પાસે મતિજ્ઞાનરૂપી સ્થિર ધનુષ છે, શ્રુતજ્ઞાનરૂપી પ્રત્યંચા છે અને રત્નત્રયરૂપી બાણ છે તથા જેનું લક્ષ્ય પરમાર્થ છે તે મોક્ષમાર્ગથી ચલિત-સ્ખલિત થતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્તિમ ગાથામાં પ્રવ્રજ્યાને જન્મસમયના સ્વરૂપવાળી એટલે કે નગ્નરૂપવાળી, આયુધરહિત, શાન્ત, અને અન્ય દ્વારા નિર્મિત ગૃહમાં નિવાસ કરનારી કહી છે.

ટીકા – આના ઉપર શ્રુતસાગરની ટીકા છે. અંતિમ ત્રણ ગાથાઓને તેમણે 'ચૂલિકા' કહી છે. પૃ. ૧૬૬ ઉપર પદ્માસન અને સુખાસનનાં લક્ષણો આપ્યાં છે.

૫. ભાવપાહુડ (ભાવપ્રાભૃત) – આમાં ૧૬૩ પદ્ય છે અને આ પદ્યો અધિકાંશ આર્યા છન્દમાં છે. આ દૃષ્ટિએ ઉપલબ્ધ બધાં (આઠ) પાહુડોમાં આ સૌથી મોટું પાહુડ છે. કેવળ આ દૃષ્ટિએ જ નહિ, પરંતુ બીજી અનેક દૃષ્ટિએ આ વિશેષ મહત્ત્વનું પાહુડ છે. તેની પહેલી ગાથામાં 'ભાવપાહુડ' શબ્દ જોવા મળે છે. ભાવ એટલે કે પરિણામની વિશુદ્ધિ. આ પાહુડમાં આવી વિશુદ્ધિથી થનારા વિવિધ લાભ તથા વિશુદ્ધિના અભાવમાં થનારી વિવિધ પ્રકારની હાનિ વિસ્તારથી જણાવી છે. બાહ્ય નગ્નત્વની જરા જેટલીય કીમત નથી, અંદરથી આત્મા દોષમુક્ત એટલે કે નગ્ન બન્યો હોય તો જ બાહ્ય નગ્નત્વ સાર્થક છે; ભાવલિંગ વિના દ્રવ્યલિંગ નિરર્થક છે – આ વાત સ્પષ્ટ રૂપે રજૂ કરવામાં આવી છે.

સાચો ભાવ ઉત્પન્ન ન થવાને કારણે સંસારી જીવે નરક અને તિર્યંચ ગતિમાં અનેક જાતની યાતનાઓ સહન કરી છે અને મનુષ્ય તથા દેવનાં પણ કષ્ટો ઉઠાવ્યાં છે. આખા લોકમાં, મધ્યભાગમાં ગોસ્તનના આકારના આઠ પ્રદેશો સિવાય, આ જીવ સર્વત્ર ઉત્પન્ન થયો છે.[1] તેણે અનન્ત ભવોમાં જનનીનું જે દૂધ પીધું છે, તેના મૃત્યુથી માતાઓએ જે આંસુ વહાવ્યાં છે, તેનાં વાળ અને નખ જે કાપવામાં આવ્યાં છે તથા તેણે જે શરીરો ધારણ કર્યાં છે, તેમનું પરિમાણ બહુ જ મોટું છે. એક અન્તર્મુહૂર્તમાં તેણે નિગોદના રૂપે ૬૬૩૩૬ વાર, દ્વીન્દ્રિયના રૂપે ૮૦ વાર, ત્રીન્દ્રિયના રૂપે ૬૦ વાર અને ચતુરિન્દ્રિયના રૂપે ૪૦ વાર મરણનો અનુભવ કર્યો છે.[2] તે સિવાય, તે પાસત્થ (પાર્શ્વસ્થ) ભાવનાથી અનેક વાર દુઃખી થયો છે.

ગર્વને કારણે બાહુબલીને કેવળજ્ઞાનની અપ્રાપ્તિ, નિંદાને કારણે મધુપિંગ મુનિને સાચા શ્રમણત્વનો અભાવ અને વસિષ્ઠ મુનિને દુઃખ સહન કરવું પડવું,

---

૧. જુઓ ગાથા ૩૬ ૨. જુઓ ગાથા ૨૮-૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભ્યંતર દોષને કારણે દંડક નામના નગરને બાળી નાખવાથી જિનલિંગી બાહુનું રૌરવ નરકમાં પડવું, સમ્યક્ત્વ વગેરેમાંથી ચ્યુત થવાને કારણે દીપાયન શ્રમણનું સંસારભ્રમણ, યુવતીઓથી ઘેરાયેલા રહેવા છતાં ભાવશ્રમણ શિવકુમારની અલ્પ સંસારિતા, શ્રુતકેવલી ભવ્યસેનને[1] સમ્યક્ત્વના અભાવમાં ભાવશ્રમણત્વની અપ્રાપ્તિ તથા તુસમાસ (તુષમાષ)ની[2] ઉદ્દ્યોષણા કરનાર શિવભૂતિની ભાવશુદ્ધિને કારણે મુક્તિ – આ પ્રકારનાં વિવિધ દૃષ્ટાન્તો અહીં આપવામાં આવ્યાં છે.

૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી અને ૩૨ વૈનયિક – આમ કુલ ૩૬૩ પાખંડીઓનો નિર્દેશ કરીને તેમના માર્ગને ઉન્માર્ગ કહીને જિનમાર્ગમાં મન લગાવવાનો ઉપદેશ આપ્યો છે.

શાલિસિક્થ મત્સ્ય (તન્દુલમત્સ્ય) અશુદ્ધ ભાવને કારણે મહાનરકમાં ગયો, એમ ૮૬મી ગાથામાં કહ્યું છે.

મોક્ષપ્રાપ્તિ માટે આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવો જોઈએ. કર્મરૂપ બીજનો નાશ થતાં મોક્ષ મળે છે.[3] આત્મા જ્યારે પરમાત્મા બને છે ત્યારે તે જ્ઞાની, શિવ, પરમેષ્ઠી, સર્વજ્ઞ, વિષ્ણુ, ચતુર્મુખ અને બુદ્ધ કહેવાય છે. (જુઓ ગાથા ૧૪૯). રત્નત્રયની પ્રાપ્તિ માટે પાંચ જ્ઞાનની વિચારણા, કષાય અને નોકષાયનો ત્યાગ, તીર્થંકરનામકર્મના ઉપાર્જન માટેનાં સોળ કારણોનું પરિશીલન, બાર પ્રકારની તપશ્ચર્યાનું સેવન, શુદ્ધ ચારિત્રનું પાલન, પરીષહોને સહન કરવા, સ્વાધ્યાય, બાર અનુપ્રેક્ષાઓનું ચિન્તન, જીવ આદિ સાત તત્ત્વો અને નવ પદાર્થોનું જ્ઞાન, ચૌદ ગુણસ્થાનોની વિચારણા તથા દશવિધ વૈયાવૃત્ત્ય વગેરેનો ઉલ્લેખ તેમાં છે. મન શુદ્ધ હોય તો અર્થ વગેરે ચાર પુરુષાર્થ સિદ્ધ થઈ શકે છે એમ ૧૬૨મા પદ્યમાં કહ્યું છે.

---

૧. પૃ. ૧૯૮ ઉપર શ્રુતસાગરે કહ્યું છે કે ભવ્યસેન અગીઆર અંગોના ધારક હોવાથી ચૌદ પૂર્વના અર્થને જાણતા હતા. તેથી અહીં તેમને શ્રુતકેવલી કહ્યા છે.

૨. તુષ એટલે કે ફોતરાંથી જેમ માષ એટલે કે અડદ ભિન્ન છે તેમ શરીરથી આત્મા ભિન્ન છે એ વાતના સૂચક 'તુષમાષ' શબ્દનું ઉચ્ચારણ કરનારા, કેવળ છ પ્રવચનમાત્રાના જ્ઞાતા, પરમ વૈરાગ્યશાળી શિવભૂતિ હતા એમ શ્રુતસાગરે ટીકામાં (પૃ. ૨૦૭) કહ્યું છે. આ વાત શ્વેતાંબરોને 'મા તુસ મા રુસ' કથાનું સ્મરણ કરાવે છે.

૩. આ વાત ૧૨૪મી ગાથામાં કહેવામાં આવી છે. તે તત્ત્વાર્થસૂત્ર (અ.૧૦ સૂ. ૭)ના સ્વોપજ્ઞ ભાષ્યના આઠમા શ્લોકનું સ્મરણ કરાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ભાવપાહુડમાં ચારિત્તપાહુડ અને બોધપાહુડની જેમ વ્યવસ્થિત નિરૂપણ નથી. એવું જણાય છે કે તેમાં સંગ્રહને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. લિંગનું નિરૂપણ લિંગપાહુડમાં પણ છે. ભાવપાહુડમાં બીજા બધાં પાહુડોની અપેક્ષાએ જૈન પારિભાષિક શબ્દો અને દૃષ્ટાન્તો અધિક છે. ગુણભદ્રકૃત આત્માનુશાસન અને ભાવપાહુડ વચ્ચે બહુ સામ્ય છે.

ટીકા — આના ઉપર શ્રુતસાગરની ટીકા છે.

૬. મોક્ખપાહુડ (મોક્ષપ્રાભૃત) — આમાં ૧૦૬ પદ્ય છે.[૧] અંતિમ પદ્યમાં આ કૃતિનું નામ આપ્યું છે. આ કૃતિમાં પરમાત્માના સ્વરૂપનું વર્ણન છે અને એ સ્વરૂપનું જ્ઞાન થતાં મુક્તિ મળે છે એમ કહ્યું છે. આત્માનાં પર, આભ્યંતર અને બાહ્ય એવા ત્રણ સ્વરૂપોનો નિર્દેશ કરીને ઈન્દ્રિયરૂપી બહિરાત્માનો પરિત્યાગ કરી કર્મરહિત પરમાત્માનું ધ્યાન ધરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની સ્પષ્ટતા ન કરવાથી હાનિ થાય છે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ખાણમાંથી[૨] નીકળેલા સુવર્ણ અને શુદ્ધ કરેલા સુવર્ણ વચ્ચે જેવું અંતર છે તેવું અંતર અન્તરાત્મા અને પરમાત્મા વચ્ચે છે. જે યોગી વ્યવહારમાં ઊંઘે છે એટલે કે વ્યવહારમાં પડ્યો નથી તે પોતાના કાર્યમાં જાગ્રત છે અને જે વ્યવહારમાં જાગ્રત છે એટલે કે લોકોપચારમાં રચ્યોપચ્યો છે તે યોગી આત્માના કાર્યમાં ઊંઘે છે. તેથી સાચો યોગી બધા વ્યવહારોથી સર્વથા મુક્ત થઈ પરમાત્માનું ધ્યાન કરે છે. પુણ્ય અને પાપનો ત્યાગ 'ચારિત્ર' છે. સમ્યક્ત્વ આદિ રત્નત્રય મેળવ્યા વિના ઉત્તમ ધ્યાન અશક્ય છે. ધર્મધ્યાન આજ પણ શક્ય છે. ઉગ્ર તપ કરનાર અજ્ઞાનીને જે કર્મનો ક્ષય કરવામાં અનેક ભવ લાગે છે તે કર્મનો ક્ષય ત્રણ ગુપ્તિથી યુક્ત જ્ઞાની અન્તર્મુહૂર્તમાં કરી નાખે છે. જે અચેતન પદાર્થને ચેતન માને છે તે અજ્ઞાની છે, જ્યારે ચેતન દ્રવ્યમાં જે આત્માને માને છે તે જ્ઞાની છે. તપ વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાનું તપ પણ નિરર્થક છે, તેથી જ્ઞાન અને તપ બંનેથી યુક્ત બનતાં જ મોક્ષ મળે છે.

---

૧. કેટલાંક પદ્ય અનુષ્ટુપમાં છે. અધિકાંશ ભાગ આર્યા છન્દમાં છે.
૨. ૨૪મા પદ્યની ટીકામાં (પૃ. ૩૨૦) શ્રુતસાગરે સીસામાંથી સોનું બનાવવાની વિધિની સૂચક એક પ્રાચીન ગાથા ઉદ્ધૃત કરી એનું વિવેચન કર્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રાભૃતની કેટલીય ગાથાઓનું સમાધિશતકના પદ્યો સાથે સામ્ય જણાય છે. જો આ પાહુડના કર્તા કુન્દકુન્દ જ હોય તો પૂજ્યપાદે એનો ઉપયોગ કર્યો છે એમ કહી શકાય.

ટીકા – શ્રુતસાગરની તેના ઉપર ટીકા છે.

૭. લિંગપાહુડ (લિંગપ્રાભૃત) – આમાં ૨૨ ગાથા છે. અંતિમ ગાથામાં 'લિંગપાહુડ' નામ છે. સાચો શ્રમણ કોણ કહેવાય તે આમાં સમજાવ્યું છે. ભાવલિંગરૂપ સાધુતાથી રહિત દ્રવ્યલિંગ વ્યર્થ છે એમ અહીં કહેવામાં આવ્યું છે. સાધુવેશમાં રહીને જે નાચવું, ગાવું, વગેરે કાર્ય કરે તે સાધુ નથી, પરંતુ પશુ છે; જે શ્રમણ અબ્રહ્મનું આચરણ કરે છે તે સંસારમાં ભટકે છે; જે શ્રમણ વિવાહ કરાવે, કૃષિકર્મ, વાણિજ્ય અને જીવહિંસા કરાવે તે દ્રવ્યલિંગી શ્રમણ નરકમાં જાય છે – આવા કથન દ્વારા તેમાં કુસાધુનું સ્વરૂપ વર્ણવ્યું છે. લિંગ વિશેનું નિરૂપણ અમુક અંશે ભાવપાહુડમાં પણ છે.

ટીકા – લિંગપાહુડ અને સીલપાહુડ ઉપર એક પણ સંસ્કૃત ટીકા જો રચાઈ હોય તો તે પ્રભાચન્દ્રની મનાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૮. સીલપાહુડ (શીલપ્રાભૃત) – આ કૃતિમાં ૪૦ ગાથા છે. તેમાં શીલનું મહત્ત્વ દર્શાવ્યું છે. પ્રથમ ગાથામાં શીલના (બ્રહ્મચર્યના) ગુણો કહેવાની પ્રતિજ્ઞા છે. બીજી ગાથામાં કહ્યું છે કે શીલનો જ્ઞાનની સાથે વિરોધ નથી. પાંચમી ગાથામાં ઉલ્લેખ છે કે ચારિત્રરહિત જ્ઞાન, દર્શનરહિત લિંગગ્રહણ અને સંયમરહિત તપ નિરર્થક છે. સોળમી ગાથામાં વ્યાકરણ, છન્દ, વૈશેષિક, વ્યવહાર અને ન્યાયશાસ્ત્રનો ઉલ્લેખ છે. ઓગણીસમા પદ્યમાં જીવદયા, દમ, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સન્તોષ, સમ્યગ્દર્શન, જ્ઞાન અને તપને શીલનો પરિવાર ગણ્યો છે. દશપૂર્વી સુરત્તપુત્ત (સાત્યકિપુત્ર) વિષયલોલુપતાના કારણે નરકમાં ગયો એમ ત્રીસમી ગાથામાં કહ્યું છે.

આમ આઠ પાહુડોનો સંક્ષિપ્ત પરિચય થયો.[૧] આ પાહુડો કુન્દકુન્દરચિત છે કે નહિ એનો નિર્ણય કરવા માટે વિશિષ્ટ સાધનની અપેક્ષા છે. આ બધી સંગ્રહાત્મક કૃતિઓ છે. તેમનું સમીક્ષાત્મક સંસ્કરણ પ્રકાશિત થવું જોઈએ. કેટલાંક પાહુડોમાં અપભ્રંશનાં ચિહ્ન જણાય છે. પાહુડોનો ઉપયોગ ઉત્તરાકાલીન ગ્રન્થકારોએ કર્યો છે. જોઈન્દુની કૃતિ પાહુડોનું સ્મરણ કરાવે છે.

---

૧. અંગ્રેજી પરિચય માટે જુઓ પવયણસારની અંગ્રેજી પ્રસ્તાવના, પૃ. ૨૯-૩૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવસમાસ

આ ગ્રન્થના[1] કર્તાનું નામ અજ્ઞાત છે, પરંતુ તે પૂર્વધર હતા એમ મનાય છે. જૈન મહારાષ્ટ્રીમાં રચિત આ કૃતિમાં ૨૮૬ આર્યા છન્દ છે. તેમના સિવાયની બીજી કોઈ કોઈ પ્રક્ષિપ્ત ગાથાઓ પણ છે. એવી એક ગાથાનો નિર્દેશ મલધારી હેમચન્દ્રસૂરિએ તેની ટીકાના અંતે (પત્ર ૩૦૧) કર્યો છે અને તેની વ્યાખ્યા પણ કરી છે, જો કે એમ કરતાં તેમણે સૂચન કર્યું છે કે પૂર્વ ટીકામાં તેની વ્યાખ્યા મળતી નથી. 'વલભી' વાચનાને અનુસરનારી આ કૃતિનો પ્રારંભ ચોવીસ તીર્થંકરોના નમસ્કારથી થાય છે. પ્રારંભની ગાથામાં અનંત જીવોના ચૌદ સમાસનું (સંક્ષેપનું) વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. ચાર નિક્ષેપ; છ અને આઠ અનુયોગદ્વાર; ગતિ, ઈન્દ્રિય ઈત્યાદિ ચૌદ માર્ગણાઓ દ્વારા જીવસમાસોનો બોધ; આહાર, ભવ્યત્વ વગેરેની અપેક્ષાએ જીવોના પ્રકાર; મિથ્યાત્વ વગેરે ચૌદ ગુણસ્થાન; નારક વગેરેના પ્રકાર; પૃથ્વીકાય વગેરેના ભેદ; ધર્માસ્તિકાય વગેરે અજીવના ભેદ; અંગુલના ત્રણ પ્રકાર; કાળના સમય, આવલિકા વગેરે ભેદોથી લઈને પલ્યોપમ વગેરેનું સ્વરૂપ; સંખ્યાના ભેદ-પ્રભેદ[2]; જ્ઞાન, દર્શન, નય અને ચારિત્રના પ્રકાર; નારક વગેરે જીવોનું માન; સમુદ્ઘાત; નારક વગેરેનું આયુષ્ય તથા તેનો વિરહકાલ; અને ગતિ, વેદ, વગેરેની અપેક્ષાએ જીવોનું અને પ્રદેશની અપેક્ષાએ અજીવ પદાર્થોનું અલ્પબહુત્વ — આ બધા વિષયોનું નિરૂપણ આ કૃતિમાં આવે છે.

ગાથા ૩૦, ૩૬, ૬૫ વગેરેમાં[3] પૃથ્વીકાય વગેરેના જે પ્રકારો જણાવ્યા છે તે ઉપલબ્ધ આગમોમાં દેખાતા નથી.

ટીકા — જીવસમાસ ઉપર વિશેષાવશ્યકભાષ્ય વગેરેના ટીકાકાર મલધારી હેમચન્દ્રસૂરિએ વિ.સં. ૧૧૬૪માં યા તેની આસપાસના સમયમાં ૬૬૨૭ શ્લોકપ્રમાણ વૃત્તિ લખી છે. તેના પહેલાં એક વૃત્તિ અને એક ટીકા લખાઈ હતી એમ ૪૭મી અને ૧૫૮મી ગાથા ઉપરની વૃત્તિના ઉલ્લેખથી જણાય છે[4],

---

૧. આ ગ્રન્થ મલધારી હેમચન્દ્રની વૃત્તિ સાથે 'આગમોદય સમિતિ' તરફથી ૧૯૨૭માં પ્રકાશિત થયો છે. તેના પ્રારંભમાં લઘુ અને બૃહદ્ વિષયાનુક્રમ પણ આપવામાં આવ્યો છે.

૨. કુલ એકવીસ ભેદ.

૩. જુઓ મુદ્રિત આવૃત્તિનો ઉપોદ્ઘાત, પત્ર ૧૧.

૪. જુઓ અનુક્રમથી પત્ર ૩૩ અને ૧૫૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ તે બેમાંથી એક પણ આજ સુધી મળી નથી. ઉપર્યુક્ત વૃત્તિનો 'મૂલવૃત્તિ' નામથી અને ટીકાનો 'અર્વાચીન ટીકા' નામથી હેમચંદ્રસૂરિએ પોતાની વૃત્તિમાં નિર્દેશ કર્યો છે.

## જીવવિયાર (જીવવિચાર)

જૈન મહારાષ્ટ્રીમાં ૫૧ આર્યા છન્દોમાં રચાયેલી આ કૃતિની[1] ૫૦મી ગાથામાં કર્તાએ શ્લેષ દ્વારા પોતાનું 'શાન્તિસૂરિ' નામ સૂચવ્યું છે. આથી વિશેષ એમના વિશે કંઈ માહિતી મળતી નથી. પ્રો. વિન્ટર્નિત્સે તેમનો સ્વર્ગવાસ ૧૦૩૯માં થયો હોવાનું જણાવ્યું છે[2], પરંતુ તે વિચારણીય છે.

પ્રસ્તુત કૃતિમાં જીવોના સંસારી અને સિદ્ધ એ બે ભેદોનું નિરૂપણ કરીને તેમના પ્રભેદોનું વર્ણન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત સંસારી જીવોનાં આયુષ્ય, દેહમાન, પ્રાણ, યોનિ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.

ટીકાઓ – ખરતરગચ્છના ચન્દ્રવર્ધનગણીના પ્રશિષ્ય અને મેઘનન્દનના શિષ્ય પાઠક રત્નાકરે સલેમસાહના રાજ્યમાં વિ.સં. ૧૬૧૦માં ઘલ્લૂમાં પ્રાકૃત વૃત્તિના આધારે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. આ સંસ્કૃત વૃત્તિ પ્રકાશિત થઈ ગઈ છે, પરંતુ પ્રાકૃત વૃત્તિ આજ સુધી મળી નથી. ઉપર્યુક્ત મેઘનન્દને વિ.સં.૧૬૧૦માં વૃત્તિ રચી હતી એવો ઉલ્લેખ જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૧૪૨) છે, તે ભ્રાન્ત જણાય છે. વિ.સં.૧૬૯૮માં સમયસુંદરે પણ એક વૃત્તિ લખી હતી. ઈશ્વરાચાર્યે અર્થદીપિકા નામની ટીકા લખી છે અને તેના આધારે ભાવસુંદરે પણ એક ટીકા

---

૧. ભીમસી માણેકે લઘુપ્રકરણસંગ્રહમાં વિ.સં.૧૯૫૯માં તેનું પ્રકાશન કર્યું છે. એક અજ્ઞાતકર્તૃક ટીકા સાથે તે જૈન આત્માનન્દ સભા તરફથી પ્રકાશિત થઈ છે. સંસ્કૃત છાયા તથા પાઠક રત્નાકરકૃત વૃત્તિ સાથે મૂલ કૃતિ 'યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાલા' મહેસાણાએ ૧૯૧૫માં પ્રકાશિત કરી હતી. મૂલકૃતિ, સંસ્કૃત છાયા, પાઠક રત્નાકરની વૃત્તિ (પ્રશસ્તિરહિત), જયન્ત પી. ઠાકરે કરેલા મૂળના અનુવાદ તથા વૃત્તિના અંગ્રેજી સારાંશ સાથે તે 'જૈન સિદ્ધાન્ત સોસાયટી' અમદાવાદ તરફથી ૧૯૫૦માં પ્રકાશિત થઈ છે.

૨. જુઓ A History of Indian Literature, Vol. II, p. 588.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લખી છે. તે ઉપરાંત ક્ષમાકલ્યાણે વિ.સં. ૧૮૫૦માં તથા કોઈ અજ્ઞાત લેખકે પ્રદીપિકા નામની અવચૂરિટીકા લખી છે.

આ કૃતિનો ફ્રેંચ અનુવાદ ગેરિનો (Guarinot)એ કર્યો છે અને તે 'જર્નલ એશિયાટિક'માં મૂળ સાથે ૧૯૦૨માં પ્રકાશિત થયો છે. આ ઉપરાંત જયન્ત પી. ઠાકરે કરેલો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત થયો છે. વળી, ગુજરાતી અને હિન્દી અનુવાદો પણ કેટલાંય સ્થાનોથી પ્રકાશિત થયા છે.

### પણ્ણવણાતઈયપદસંગહણી (પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી)

આ ૧૩૩ પદ્યની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી સંગ્રહાત્મક કૃતિ[1] છે. તેના સંગ્રહકર્તા નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિ છે. તેમણે પણ્ણવણાના (પ્રજ્ઞાપનાના) ૩૬ પદોમાંથી 'અપ્પબહુત્ત' (અલ્પબહુત્વ) નામના ત્રીજા પદને ધ્યાનમાં રાખી જીવોનું ૨૭ દ્વારો દ્વારા અલ્પબહુત્વ દર્શાવ્યું છે.

ટીકાઓ – કુલમંડનસૂરિએ વિ.સં.૧૪૭૧માં તેની અવચૂર્ણિ લખી છે. તે ઉપરાંત જ્ઞાનવિજયના શિષ્ય જીવવિજયે વિ.સં.૧૭૮૪માં આ સંગ્રહણી ઉપર બાલાવબોધ પણ લખ્યો છે.

### જીવાજીવાભિગમસંગહણી (જીવાજીવાભિગમસંગ્રહણી)

અજ્ઞાતકર્તૃક આ કૃતિમાં ૨૨૩ પદ્ય છે. તેની એક જ હસ્તલિખિત પ્રતિનો ઉલ્લેખ જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૧૪૩) છે અને તે પ્રતિ સૂરતના એક ભંડારમાં છે. પ્રતિને જોયા પછી જ તેનો વિશેષ પરિચય આપી શકાય, પરંતુ નામ ઉપરથી તો એવું અનુમાન થાય છે કે તેમાં જીવાજીવાભિગમસૂત્રના વિષયોનો સંગ્રહ હશે.

### જમ્બૂદ્વીપસમાસ

આ કૃતિ[2]ના કર્તા વાચક ઉમાસ્વાતિ છે એમ કેટલાક વિદ્વાનોનું કહેવું છે. તેને ક્ષેત્રસમાસ પણ કહે છે. તેના પ્રારંભમાં એક પદ્ય છે, જ્યારે બાકીનો બધો

---

૧. અવચૂરિ સાથે તેનું પ્રકાશન જૈન આત્માનન્દ સભા, ભાવનગર, તરફથી વિ.સં.૧૯૭૪માં થયું છે.

૨. સભાષ્ય તત્ત્વાર્થાધિગમ સાથે તેનું પ્રકાશન 'બિબ્લિયોથિકા ઈણ્ડિકા' સિરિઝમાં બંગાલ રોયલ એશિયાટિક સોસાયટી તરફથી ૧૯૦૩માં થયું છે; તેમાં વિજયસિંહસૂરિરચિત ટીકા પણ સાથે છે. તે ઉપરાંત આ ટીકા સાથે મૂલ કૃતિ 'સત્યવિજય ગ્રન્થમાલા' અમદાવાદ તરફથી પણ ૧૯૨૨માં પ્રકાશિત થઈ છે.

જૈન સાઈટ JAINSITE

ભાગ ગદ્યમાં છે. તે ચાર આહ્નિકમાં વિભક્ત છે. તેમાં ભરત ક્ષેત્ર, હિમવત્ (પર્વત), હૈમવત (ક્ષેત્ર), મહાહિમવત્ (પર્વત), હરિવર્ષ (ક્ષેત્ર), નિષધ (પર્વત), નીલગિરિ (પર્વત), રમ્યક (ક્ષેત્ર), રુક્મિન્ (પર્વત), હૈરણ્યવત (ક્ષેત્ર), શિખરિન્ (પર્વત), ઐરાવત (ક્ષેત્ર), મેરુ, વક્ષસ્કાર, ઉત્તરકુરુ, દેવકુરુ, ૩૨ વિજય, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ, પુષ્કરાર્ધ, નન્દીશ્વર દ્વીપ અને પરિધિ વગેરેથી સંબદ્ધ સાત કરણોના વિશે જાણકારી આપવામાં આવી છે.

ટીકા – પ્રસ્તુત કૃતિ ઉપર હરિભદ્રસૂરિના શિષ્ય વિજયસિંહસૂરિએ વિ.સં.૧૨૧૫માં ટીકા લખી છે. તેના પ્રારંભમાં સાત અને અંતમાં સોળ (૪+૧૨)ની પ્રશસ્તિ છે. તે ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક વૃત્તિ ૨૮૮૦ શ્લોકપ્રમાણની છે.[1]

## સમયખિત્તસમાસ (સમયક્ષેત્રસમાસ) અથવા ખેત્તસમાસ (ક્ષેત્રસમાસ)

વિ.સં. ૫૪૫થી ૬૫૦માં થઈ ગયેલા જિનભદ્રગણી ક્ષમાશ્રમણે રચેલી આ કૃતિ[2] જૈન મહારાષ્ટ્રીમાં છે અને તેમાં ૬૩૭ ગાથા (પાઠાન્તર અનુસાર ૬૫૫ ગાથા) છે.[3]

પ્રસ્તુત કૃતિ પોતાના નામ 'સમયખિત્તસમાસ' અનુસાર સમયક્ષેત્રનું અર્થાત્ જેટલા ક્ષેત્રમાં સૂર્ય વગેરેની ગતિના આધારે સમયની ગણના કરવામાં આવે છે તેટલા ક્ષેત્રનું એટલે કે અઢી દ્વીપનું (=મનુષ્યલોકનું) નિરૂપણ કરે છે. તેમાં

---

૧. જુઓ જિનરત્નકોશ, વિભાગ ૧, પૃ. ૯૮

૨. મલયગિરિની ટીકા સાથે આ ગ્રન્થ વિ.સં.૧૯૭૭માં જૈનધર્મ પ્રસારક સભાએ બૃહત્ક્ષેત્રસમાસ નામે છપાવ્યો છે. તેમાં મૂળ ગ્રન્થને પાંચ અધિકારોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. તે અધિકારોમાં ક્રમશઃ ૩૯૮, ૯૦, ૮૧, ૧૧ અને ૭૬ (કુલ ૬૫૬) પદ્ય છે.

૩. આના ઉપર મલયગિરિએ જે ટીકા લખી છે તેમાં ઉપાન્ત્ય ગાથામાં આવેલા ૬૩૭ના ઉલ્લેખને જ લક્ષ્યમાં રાખ્યો છે, પાઠાન્તરને નહિ. આશ્ચર્યની વાત તો એ છે કે આ રીતે તેમને ૬૩૭ પદ્યસંખ્યા તો માન્ય છે પરંતુ ટીકા ૬૫૬ પદ્યો ઉપર છે. તેમણે ક્યાંય પણ ક્ષેપક પદ્યોનો નિર્દેશ કર્યો નથી. જો આમ જ માની લેવામાં આવે તો ૧૯ અધિક પદ્યો ક્યાં છે એનો નિર્ણય કરવો બાકી રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ અધિકાર છે અને ક્રમશઃ જમ્બૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ અને પુષ્કરવરદ્વીપના અડધા ભાગ વિશે જાણકારી આપવામાં આવી છે. પ્રથમ અધિકારમાં પ્રસંગવશ સૂર્ય, ચન્દ્ર અને નક્ષત્રોની ગતિના વિશે તથા દ્વિતીય અધિકારમાં ૫૬ અન્તર્દ્વીપોના વિશે વિસ્તૃત નિરૂપણ છે. આમ આમાં ખગોળ અને ભૂગોળની ચર્ચા આવે છે. આમાં જે ચાલીસ[1] કરણસૂત્ર[2] છે તે એના મહત્ત્વમાં વધારો કરે છે.

ટીકાઓ – પ્રસ્તુત કૃતિ ઉપર દસ વૃત્તિઓ મળે છે. તે દસમાંથી ત્રણ તો અજ્ઞાતકર્તૃક છે. બાકીની વૃત્તિઓના કર્તાઓનાં નામ અને એમના રચનાસમયનો ઉલ્લેખ નીચે મુજબ છે :

હરિભદ્રસૂરિ (વિ.સં.૧૧૮૫), સિદ્ધસૂરિ (વિ.સં.૧૧૯૨), મલયગિરિસૂરિ (વિ.સં.૧૨૦૦ લગભગ), વિજયસિંહ (વિ.સં.૧૨૧૫), દેવભદ્ર (વિ.સં.૧૨૩૩), દેવાનન્દ (વિ.સં.૧૪૫૫) અને આનન્દસૂરિ.

આમાં હરિભદ્રસૂરિ સિવાયના બાકીના વૃત્તિકારોની વૃત્તિઓનો ગ્રન્થાગ્ર (શ્લોકપ્રમાણ) અનુક્રમે ૩૦૦૦, ૭૮૮૭, ૩૨૫૬, ૧૦૦૦, ૩૩૩૨ અને ૨૦૦૦ શ્લોક છે. તે બધીમાં મલયગિરિકૃત ટીકા (વૃત્તિ) સૌથી મોટી છે. તેના પ્રારંભમાં ત્રણ[3] અને અન્તમાં પાંચ[4] શ્લોક પ્રશસ્તિરૂપ છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ક્ષેત્રવિચારણા

આને નરખિત્તપયરણ (નરક્ષેત્રપ્રકરણ)[5] તથા લઘુક્ષેત્રસમાસ[6] પણ કહે છે. ૨૬૪ પદ્યમાં જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ કૃતિના પ્રણેતા રત્નશેખરસૂરિ છે.

---

૧. ઉદાહરણાર્થ જુઓ પદ્ય ૭, ૧૩, ૧૪ વગેરે
૨. આ કરણસૂત્રોની વ્યાખ્યા 'જમ્બૂદ્દીવકરણચુણ્ણિ'માં જણાય છે. આ ચૂર્ણિમાં અન્ય કરણસૂત્રોનું પણ સ્પષ્ટીકરણ છે.
૩. પ્રથમ પદ્યમાં જિનવચનની તથા દ્વિતીયમાં જિનભદ્રગણીની પ્રશંસા છે.
૪. આના આરંભના ત્રણ પદ્યોમાં પણ જિનભદ્રગણીની પ્રશંસા છે.
૫. આ કૃતિ સ્વોપજ્ઞવૃત્તિ સાથે જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૨માં પ્રકાશિત કરી છે.
૬. આ નામની એક કૃતિ મુક્તિ-કમલ-જૈન-મોહનમાલામાં વિ.સં.૧૯૯૦માં છપાઈ છે. તેમાં ચન્દુલાલ નાનચન્દકૃત ગુજરાતી વિવેચન તથા યંત્રો અને ચિત્રોને સ્થાન આપવામાં આવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વજ્રસેનસૂરિના શિષ્ય તથા હેમતિલકસૂરિના પટ્ટધર હતા. તેમણે વિ.સં.૧૪૨૮માં સિરિવાલકહા અને વિ.સં.૧૪૪૭માં ગુણસ્થાનકમારોહની રચના કરી છે.

પ્રસ્તુત કૃતિ જિનભદ્રીય સમયખિત્તસમાસના આધારે તૈયાર કરવામાં આવી છે. તેથી તે બંનેમાં વિષયની સમાનતા છે.

ટીકાઓ – તેના ઉપર લખાયેલી સ્વોપજ્ઞવૃત્તિનું પરિમાણ ૧૬૦૦ શ્લોકનું છે. આ વૃત્તિમાં સમયખિત્તસમાસની મલયગિરિસૂરિકૃત ટીકાનો આધાર લેવામાં આવ્યો છે. વળી, તેના પર અજ્ઞાતકર્તૃક ટિપ્પણ પણ છે. તેને અવચૂરિ પણ કહે છે. તે ઉપરાંત પાર્શ્વચન્દ્રે[1] તથા ઉદયસાગરે એક એક બાલાવબોધ પણ લખ્યો છે.

## ખેત્તસમાસ (ક્ષેત્રસમાસ)

આની રચના દેવાનન્દે વિ.સં.૧૩૨૦માં કરી છે.[2] આ નામની બીજી પણ કેટલીય પ્રાકૃત પદ્યરચનાઓ મળે છે, તેમના કર્તાઓ અને ગાથાસંખ્યા નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૧. સોમતિલકસૂરિ[3] | ગાથા ૩૮૭ |
| ૨. પદ્મદેવસૂરિ | ગાથા ૬૫૬ |
| ૩. શ્રીચન્દ્રસૂરિ | ગાથા ૩૪૧ |

દેવાનન્દનો ક્ષેત્રસમાસ સાત વિભાગોમાં વિભક્ત છે. તેના ઉપર સ્વોપજ્ઞવૃત્તિ પણ છે.

## જમ્બૂદીવસંગહણી (જમ્બૂદ્વીપસંગ્રહણી)

જૈન મહારાષ્ટ્રીમાં ૨૯ પદ્યોમાં રચાયેલી આ કૃતિના[4] કર્તા હરિભદ્રસૂરિ છે.[5] તેમણે તેમાં જમ્બૂદ્વીપ વિશે જાણકારી રજૂ કરી છે. તેમાં નીચે જણાવેલાં દસ દ્વારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે :

૧. એમના નામે એક નવો ગચ્છ શરૂ થયો છે.
૨. આ જ વર્ષમાં ચન્દ્રપ્રભે ક્ષેત્રસમાસ નામની કૃતિ લખી છે.
૩. તેમની આ કૃતિને નવ્યક્ષેત્રસમાસ કે બૃહત્ક્ષેત્રસમાસ પણ કહે છે.
૪. પ્રભાનન્દસૂરિની વૃત્તિ સાથે આને જૈનધર્મ પ્રસારક સભાએ સન્ ૧૯૧૫માં પ્રકાશિત કરી છે.
૫. આ જ આચાર્ય અનેકાન્તજયપતાકાના પ્રણેતા છે કે કોઈ બીજા એ જાણવાનું બાકી રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. ખંડ, ૨. યોજન, ૩. ક્ષેત્ર, ૪. પર્વત, ૫. કૂટ (શિખર), ૬. તીર્થ, ૭. શ્રેણિ, ૮. વિજય, ૯. દ્રહ અને ૧૦. નદી.

ટીકાઓ – આ કૃતિ ઉપર ત્રણ વૃત્તિઓ મળે છે. તે ત્રણમાંથી બે અજ્ઞાતકર્તૃક છે. ત્રીજી વૃત્તિ કૃષ્ણગચ્છના પ્રભાનન્દસૂરિએ વિ.સં.૧૩૯૦માં લખી છે. તેના પ્રારંભમાં પ્રસ્તુત કૃતિનો ક્ષેત્રસંગ્રહણી નામથી અને અંતે પ્રશસ્તિમાં ક્ષેત્રાદિસંગ્રહણી નામથી નિર્દેશ છે.

સંગહણી (સંગ્રહણી અથવા બૃહત્સંગ્રહણી)

તેના કર્તા વિશેષાવશ્યકભાષ્ય, સમયક્ષેત્રસમાસ વગેરે મનનીય કૃતિઓના પ્રણેતા જિનભદ્રગણી ક્ષમાશ્રમણ છે.

કર્તાએ પોતે પહેલી ગાથામાં પ્રસ્તુત ગ્રંથનું નામ 'સંગહણી'[1] જણાવ્યું છે, પરંતુ તેના પછી રચાયેલી અન્ય સંગ્રહણીઓથી તેનો ભેદ દર્શાવવા માટે તેને 'બૃહત્સંગ્રહણી' કહેવામાં આવે છે.

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ સંગ્રહણીમાં ઉપર ઉપરથી જોતાં ૩૬૭ ગાથા હોવાનું જણાય છે, પરંતુ ગાથા ૭૩ અને ૭૫ ઉપરની વિવૃત્તિમાં મલયગિરિએ કરેલા ઉલ્લેખથી જ્ઞાત થાય છે કે ૭૩થી ૭૯ સુધીની સાત ગાથા પ્રક્ષિપ્ત છે. આ ઉપરાંત ૯, ૧૦, ૧૫, ૧૬, ૬૮, ૬૯ અને ૭૨ આ સાત ગાથાઓને મલયગિરિ અન્યકર્તૃક કહે છે. આ સાતમાંથી અંતિમ ત્રણ ગાથા અર્થાત્ ૬૮, ૬૯, ૭૨ સૂરપણ્ણત્તિની છે. આ હિસાબે સંગ્રહણીમાં ૩૫૩ ગાથા જિનભદ્રની છે. કેટલાકના મતે મૂલ ગાથાઓ લગભગ ૨૭૫ હતી પરંતુ વખત જતાં કોઈએ ને કોઈએ તેમાં અન્યાન્ય ગાથાઓ દાખલ કરી દેતાં લગભગ વધીને ૫૦૦ જેટલી થઈ ગઈ.

વિષય – પ્રસ્તુત કૃતિમાં નીચે જણાવેલા વિષયોને સ્થાન આપવામાં આવ્યું છે એમ તેની ગાથા ૨-૩માં કહ્યું છે :

---

૧. આ 'બૃહત્સંગ્રહણી' નામથી મલયગિરિસૂરિકૃત વિવૃત્તિ સાથે ભાવનગરથી વિ.સં.૧૯૭૨માં પ્રકાશિત થઈ છે. જૈનધર્મ પ્રસારક સભાએ વિ.સં.૧૯૯૧માં 'શ્રીબૃહત્સંગ્રહણી' નામથી જે પુસ્તક પ્રકાશિત કર્યું છે તેમાં મૂળ તથા મલયગિરિની ટીકાનો ગુજરાતી અનુવાદ છે. અનુવાદક છે કુંવરજી આનન્દજી. અનુવાદમાં ૨૩ અને અંતે શ્રી જેઠાભાઈ હરિભાઈ શાસ્ત્રીએ તૈયાર કરેલાં ૪૧ યંત્રો આપવામાં આવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવો અને નારકોનાં આયુષ્ય, ભવન અને અવગાહન; મનુષ્યો અને તિર્યંચોના શરીરોનું માન તથા આયુષ્યોનું પ્રમાણ; દેવો અને નારકોના ઉપપાત (જન્મ) અને ઉદ્વર્તનનો વિરહકાલ; એક સમયમાં થનારા ઉપપાત અને ઉદ્વર્તનની સંખ્યા તથા બધા જીવોની ગતિ અને આગતિનું આનુપૂર્વી અનુસાર વર્ણન. ઉપરાંત, દેવોનાં શરીરનો વર્ણ, તેમનાં ચિહ્ન વગેરે વાતો પણ તેમાં આવે છે. સંક્ષેપમાં કહી શકાય કે તેમાં જૈન દૃષ્ટિએ ખગોળ અને ભૂગોળનું વર્ણન આવે છે. સાથે સાથે નારક, મનુષ્ય અને તિર્યંચના વિશે પણ કેટલીક જાણકારી તેમાં મળે છે.

પ્રસ્તુત કૃતિની રચના પણ્ણવણા વગેરેના આધારે થઈ છે. તેમાં જો કોઈ ભૂલ થઈ હોય તો તેને માટે જિનભદ્રગણીએ ક્ષમા માગી છે.

ટીકાઓ – ૭૩મી ગાથા ઉપરની મલયગિરિકૃત વિવૃત્તિમાંથી જાણવા મળે છે કે હરિભદ્રસૂરિએ પ્રસ્તુત કૃતિ ઉપર એક ટીકા લખી હતી. પૂર્ણભદ્રના શિષ્ય અને નમિસાધુના ગુરુ શીલભદ્રે વિ.સં.૧૧૩૯માં ૨૮૦૦ શ્લોકપ્રમાણ એક વિવૃત્તિ અને મુનિપતિચરિતના કર્તા હરિભદ્રે એક વૃત્તિ લખી છે એવો ઉલ્લેખ જિનરત્નકોશમાં છે.

મલયગિરિસૂરિએ તેના ઉપર એક વિવૃત્તિ લખી છે. આ વિવૃત્તિ જીવ અને જગત વિશેના વિશ્વકોશ જેવી છે. ૫૦૦ શ્લોકપ્રમાણની આ વિવૃત્તિમાં વિવિધ યંત્રો પણ આપવામાં આવ્યાં છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

૩૬૪મી ગાથામાં સંક્ષિપ્તતર સંગ્રહણીના વિશે સૂચના છે. તેના અનુસાર તેના પછીની બે ગાથામાં શરીર વગેરે ચોવીસ દ્વારોનું વર્ણન આવે છે.

## સંખિત્તસંગહણી (સંક્ષિપ્તસંગ્રહણી) અથવા સંગહણિરયણ (સંગ્રહણિરત્ન)

આ કૃતિનું[1] પ્રાકૃત નામ તેના છેલ્લા પદ્યમાં આવે છે. તેના રચનાર શ્રીચન્દ્રસૂરિ છે. તેમાં જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી ૨૭૩ આર્યા ગાથાઓ છે.

---

૧. ૨૭૩ ગાથાની આ કૃતિ દેવભદ્રસૂરિની ટીકા સાથે દેવચન્દ લાલભાઈ પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૧૫માં પ્રકાશિત કરી છે. તેની ગાથાસંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. ૩૪૯ ગાથાવાળી મૂળકૃતિ સંસ્કૃત છાયા અને મુનિ યશોવિજયજીકૃત ગુજરાતી શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ સાથે 'મુક્તિ-કમલ-જૈન-મોહનમાલા'ના ૪૭મા પુષ્પ રૂપે સન્ ૧૯૩૯માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીચન્દ્રસૂરિ 'મલધારી' હેમચન્દ્રના લઘુ શિષ્ય હતા. તેમણે વિ.સં.૧૧૯૩માં મુણિસુવ્વયચરિય (મુનિસુવ્રતચરિત) લખ્યું. તે ઉપરાંત ખેત્તસમાસ ('નમિઉં વીરં'થી શરૂ થનાર) પણ લખ્યો છે.[1] તે એક વખત લાટ દેશના કોઈ રાજાના, સંભવતઃ સિદ્ધરાજ જયસિંહના, મંત્રી (મુદ્રાધિકારી) હતા. તેમણે પ્રસ્તુત કૃતિમાં ઉપર્યુક્ત સંગ્રહણીગત નવ અધિકારોને સ્થાન આપ્યું છે. આ અધિકારોનાં નામ પહેલી બે ગાથામાં આપવામાં આવ્યાં છે. જો કે આ કૃતિમાં સંગ્રહણીના જેટલી જ ગાથાઓ છે તેમ છતાં તેમાં અર્થનું આધિક્ય છે એમ કહેવામાં આવે છે. કેટલાય દસકાઓથી સંગહણીરયણનો જ અધ્યયન માટે ઉપયોગ કરાઈ રહ્યો છે.

ટીકાઓ – શ્રીચન્દ્રસૂરિના જ શિષ્ય દેવભદ્રસૂરિએ તેના ઉપર સંસ્કૃતમાં એક ટીકા લખી છે. તેમણે પોતાની ટીકામાં સૂરપણ્ણત્તિની નિર્યુક્તિમાંથી ઉદ્ધરણો દીધાં છે તથા અનુયોગદ્વારની ચૂર્ણિ અને તેની હારિભદ્રીય ટીકાનો ઉલ્લેખ કર્યો છે.

તે ઉપરાંત તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા તથા ધર્મનન્દનગણી અને ચારિત્રમુનિએ રચેલી એક એક અવચૂરિ પણ છે. દયાસિંહગણીએ વિ.સં.૧૪૯૭માં અને શિવનિધાનગણીએ વિ.સં.૧૬૮૦માં તેના ઉપર એક એક બાલાવબોધ પણ લખ્યો છે.

## વિચારછત્તીસિયાસુત્ત (વિચારષટ્ત્રિંશિકાસૂત્ર)

આને દણ્ડકપ્રકરણ અથવા લઘુસંગ્રહણી[2] પણ કહે છે. તેની રચના

---

પ્રકાશિત થઈ છે. તેમાં ૬૫ ચિત્ર અને ૧૨૪ યંત્ર આપવામાં આવ્યાં છે. અંતે મૂલ કૃતિ ગુજરાતી અર્થ સાથે આપવામાં આવી છે. આ પ્રકાશનનું નામ 'ત્રૈલોક્યદીપિકા' કે 'શ્રીબૃહત્સંગ્રહણીસૂત્રમ્' આપવામાં આવ્યું છે. તેની સાથે સમ્બદ્ધ પાંચ પરિશિષ્ટ આ માલાના પરમા પુષ્પના રૂપમાં વિ.સં.૨૦૦૦માં એક અલગ પુસ્તિકારૂપે છપાયાં છે.

૧. પ્રત્યાખ્યાનકલ્પાકલ્પવિચાર એટલે કે લઘુપ્રવચનસારોદ્ધારપ્રકરણ પણ તેમની કૃતિ છે.

૨. ગ્રન્થપ્રકાશક સભા તરફથી ગુજરાતી શબ્દાર્થ અને વિસ્તારાર્થ અને યંત્ર વગેરે સાથે 'દણ્ડકપ્રકરણ' નામે સન્ ૧૯૨૫માં આ પ્રકાશિત થયેલ છે. તેના ઉત્તર ભાગમાં સ્વોપજ્ઞ અવચૂર્ણિ તથા રૂપચન્દ્રની સંસ્કૃત વૃત્તિ સાથે મૂલ કૃતિ આપવામાં આવી છે.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

ધવલચન્દ્રના શિષ્ય ગજસારે જૈન મહારાષ્ટ્રીની ૪૪ ગાથામાં કરી છે. તેમાં જો કે તેમણે ચોવીસ દંડકોના વિષયમાં શરીર વગેરે ચોવીસ દ્વારોનો નિર્દેશ કરી જાણકારી આપી છે, તેમ છતાં તેની રચના તીર્થંકરોની વિજ્ઞપ્તિરૂપ છે.

ટીકાઓ – સ્વયં ગજસારે વિ.સં.૧૫૭૯માં તેના ઉપર એક અવચૂર્ણિ લખી છે. છેલ્લી ગાથાની અવચૂર્ણિમાં લેખકે પ્રસ્તુત કૃતિને વિચારષટ્ત્રિંશિકાસૂત્ર કહી છે. તેમાં સૂચિત કરવામાં આવ્યું છે તે અનુસાર પહેલાં યંત્રના રૂપમાં તેની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉદયચન્દ્રના શિષ્ય રૂપચન્દ્રે વિ.સં.૧૬૭૫માં પોતાના બોધને માટે તેના ઉપર એક વૃત્તિ લખી છે. તેના પ્રારંભમાં પ્રસ્તુત કૃતિને 'લઘુસંગ્રહણી' કહી છે. આ વૃત્તિ ૫૩૬ શ્લોકપ્રમાણ છે. મૂલ કૃતિ પર સમયસુંદરની પણ એક ટીકા છે.

પવયણસારુદ્ધાર (પ્રવચનસારોદ્ધાર)

જૈન મહારાષ્ટ્રીમાં પ્રાયઃ આર્યા છન્દમાં રચાયેલાં ૧૫૯૯ પદ્યોમાં અત્યંત મૂલ્યવાન આ ગ્રન્થના[1] પ્રણેતા નેમિચન્દ્રસૂરિ છે. તે આમ્રદેવના (અમ્મએવના) શિષ્ય અને જિનચન્દ્રસૂરિના પ્રશિષ્ય હતા. યશોદેવસૂરિ એમના લઘુ ગુરુભાઈ થાય.

JAINSITE

પ્રસ્તુત ગ્રન્થ જૈન પ્રવચનના સારભૂત પદાર્થોનો બોધ કરાવે છે. તેમાં આવેલા અનેક વિષયો પ્રદ્યુમ્નસૂરિના વિચારસારમાં (વિચારસારમાં) જોવામાં આવે છે, પરંતુ એવા પણ અનેક વિષયો છે જે એકમાં છે તો બીજામાં નથી.[2] તેથી આ બંને ગ્રન્થ એકબીજાના પૂરક છે.

પ્રવચનસારોદ્ધારમાં ૨૭૬ દ્વાર છે. તે દ્વારોમાં નીચે જણાવેલા વિષયોનું નિરૂપણ છે.

---

૧. આ ગ્રન્થ સિદ્ધસેનસૂરિકૃત તત્ત્વપ્રકાશિની નામની વૃત્તિ સાથે બે ભાગમાં દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ અનુક્રમે સન્ ૧૯૨૨ અને ૧૯૨૬માં પ્રકાશિત કર્યા છે. બીજા ભાગના પ્રારંભમાં ઉપોદ્ઘાત છે અને અન્તે વૃત્તિગત પાઠો, વ્યક્તિઓ, ક્ષેત્રો અને નામોની અકારાદિ ક્રમે સૂચી છે. પ્રથમ ભાગમાં ૧૦૩ દ્વાર અને ૭૭૧ ગાથા છે, જ્યારે બીજા ભાગમાં ૧૦૪થી ૨૭૬ દ્વાર અને ૭૭૨થી ૧૫૯૯ ગાથા છે.

૨. એવા વિષયોની સૂચી ઉપોદ્ઘાતમાં આપી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. ચૈત્યવન્દન, ૨. વન્દનક, ૩. પ્રતિક્રમણ, ૪. પ્રત્યાખ્યાન, ૫. કાયોત્સર્ગ, ૬. શ્રાદ્ધ પ્રતિક્રમણના ૧૨૫ અતિચાર, ૭. ભરતક્ષેત્રના અતીત, વર્તમાન અને અનાગત તથા ઐરાવતક્ષેત્રના વર્તમાન અને અનાગત તીર્થંકરોનાં નામ, ૮-૯. ઋષભ વગેરેના આદ્ય ગણધરો અને આદ્ય પ્રવર્તિનીઓનાં નામ, ૧૦. વીસ સ્થાનક[1], ૧૧-૧૨. તીર્થંકરોનાં માતા-પિતાનાં નામ તથા તેમની ગતિ, ૧૩-૧૪. એક સાથે વિચરણ કરનારા તથા જન્મ લેનારા તીર્થંકરોની ઉત્કૃષ્ટ અને જઘન્ય સંખ્યા, ૧૫-૨૫. ઋષભ વગેરે તીર્થંકરોના ગણધર, સાધુ, સાધ્વી, વિકુર્વિક, વાદી, અવધિજ્ઞાની, કેવલી, મનઃપર્યાયજ્ઞાની, શ્રુતકેવલી, શ્રાવક અને શ્રાવિકાની સંખ્યા, ૨૬-૩૪. ઋષભ વગેરે તીર્થંકરોનાં યક્ષ, શાસનદેવી, દેહમાન, લાંછન, વર્ણ, વ્રતધારી પરિવારની સંખ્યા, આયુષ્ય, શિવગમન, પરિવારની સંખ્યા અને નિર્વાણભૂમિ, ૩૫. તીર્થંકરોની વચ્ચેનું અંતર, ૩૬. તીર્થોચ્છેદ, ૩૭-૩૮. દશ તથા ચોરાશી આશાતના, ૩૯-૪૧. તીર્થંકરોનાં આઠ પ્રાતિહાર્ય, ચોત્રીશ અતિશય અને અઢાર દોષોનો અભાવ, ૪૨. અર્હચ્ચતુષ્ક[2], ૪૩-૪૫. ઋષભ વગેરેનાં નિષ્ક્રમણ, કેવલજ્ઞાન અને નિર્વાણસમયનાં તપ, ૪૬. ભાવી જિનેશ્વર, ૪૭. ઊર્ધ્વલોક વગેરેમાંથી એક જ સમયમાં સિદ્ધ થનારની ઉત્કૃષ્ટ સંખ્યા, ૪૮. એક જ સમયમાં સિદ્ધ થનારની સંખ્યા, ૪૯. સિદ્ધોના પંદર ભેદ, ૫૦. અવગાહનાના આધારે સિદ્ધોની સંખ્યા, ૫૧. ગૃહિલિંગ વગેરેથી સિદ્ધ થનારની સંખ્યા, ૫૨. એક સમય ઈત્યાદિમાં સિદ્ધ થનારની સંખ્યા, ૫૩. લિંગના (વેદના) આધારે સિદ્ધ થનારની સંખ્યા, ૫૪-૫૫. સિદ્ધસંસ્થાન અને અવસ્થાન, ૫૬-૫૮. સિદ્ધોની ઉત્કૃષ્ટ આદિ અવગાહના, ૫૯. શાશ્વત જિનપ્રતિમાનાં નામ, ૬૦-૬૨. જિનકલ્પી, સ્થવિરકલ્પી અને સાધ્વીનાં ઉપકરણોની સંખ્યા, ૬૩. જિનકલ્પીની એક વસતિમાં ઉત્કૃષ્ટ સંખ્યા, ૬૪. આચાર્યના છત્રીશ ગુણ, ૬૫. વિનયના બાવન ભેદ, ૬૬. ચરણસપ્તતિ, ૬૭. કરણસપ્તતિ, ૬૮. જંઘાચારણ અને વિદ્યાચારણની ગમનશક્તિ, ૬૯. પરિહારવિશુદ્ધિ, ૭૦. યથાલન્દિકનું સ્વરૂપ, ૭૧. નિર્યામકની સંખ્યા, ૭૨-૭૩. પચીસ શુભ અને પચીસ અશુભ ભાવના, ૭૪-૭૬. મહાવ્રતોની, કૃતિકર્મની[3] અને ક્ષેત્રને આધારે ચારિત્રની સંખ્યા, ૭૭. સ્થિતકલ્પ, ૭૮. અસ્થિતકલ્પ, ૭૯-૮૫. ભક્તિચૈત્ય ઈત્યાદિ ચૈત્યના, ગંડિકા વગેરે પુસ્તકના, દંડના, તૃણના, ચર્મના, દૂષ્યના (વસ્ત્રના) અને અવગ્રહના પાંચ પાંચ

૧. તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કરવા માટેનાં.

૨. નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિન. ૩. વન્દનક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાર, ૮૬. બાવીસ પરીષહ, ૮૭. સાધુની સાત મંડલી, ૮૮. દશ બાબતોનો ઉચ્છેદ, ૮૯. ક્ષપકશ્રેણિ, ૯૦. ઉપશમશ્રેણિ, ૯૧. ચોવીસ હજાર સ્થંડિલ, ૯૨. ચૌદ પૂર્વ, ૯૩-૯૫. નિર્ગ્રન્થ શ્રમણ અને ગ્રાસૈષણાના પાંચ પાંચ પ્રકાર, ૯૬. પિંડૈષણા અને પાનૈષણાના સાત સાત પ્રકાર, ૯૭. ભિક્ષાચર્યાના આઠ માર્ગ, ૯૮. દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત, ૯૯. ઓઘસામાચારી, ૧૦૦. પદવિભાગસામાચારી, ૧૦૧. દશ પ્રકારની સામાચારી, ૧૦૨. ભવનિર્ગ્રંથત્વની સંખ્યા, ૧૦૩. સાધુનો વિહાર, ૧૦૪. અપ્રતિબદ્ધ વિહાર, ૧૦૫. ગીતાર્થ અને અગીતાર્થનો કલ્પ, ૧૦૬. પરિષ્ઠાપનોચ્ચાર, ૧૦૭-૧૦૯. દીક્ષા માટે અયોગ્ય પુરુષ વગેરેની સંખ્યા, ૧૧૦. વિકલાંગ, ૧૧૧. સાધુએ ગ્રહણ કરવા યોગ્ય વસ્ત્ર, ૧૧૨. શય્યાતરનો પિંડ, ૧૧૩. શ્રુતની અપેક્ષાએ સમ્યક્ત્વ[1], ૧૧૪. નિર્ગ્રન્થોની ચારે ગતિઓ, ૧૧૫-૧૧૮. ક્ષેત્ર, માર્ગ, કાલ અને પ્રમાણની અતિક્રાન્તિ, ૧૧૯-૧૨૦. દુઃશય્યા અને સુખશય્યાના ચાર ચાર પ્રકાર, ૧૨૧. તેર ક્રિયાસ્થાન, ૧૨૨. સામાયિકના આકર્ષ, ૧૨૩. અઢાર હજાર શીલાંગ, ૧૨૪. સાત નય, ૧૨૫. વસ્ત્રગ્રહણની વિધિ, ૧૨૬. આગમ વગેરે પાંચ વ્યવહાર, ૧૨૭. ચોલપટ્ટાદિ પાંચ યથાજાત, ૧૨૮. રાત્રિજાગરણની વિધિ, ૧૨૯. આલોચનાદાયક ગુરુની શોધ, ૧૩૦. આચાર્ય વગેરેની પ્રતિજાગરણા, ૧૩૧. ઉપધિને ધોવાનો સમય, ૧૩૨. ભોજનના ભાગ[2], ૧૩૩. વસતિની શુદ્ધિ[3], ૧૩૪. સંલેખના, ૧૩૫. વસતિનું ગ્રહણ[4], ૧૩૬. જલની અચિત્તતા, ૧૩૭. દેવ આદિની અપેક્ષાએ દેવી આદિની સંખ્યા, ૧૩૮. દશ આશ્ચર્ય, ૧૩૯. ચાર પ્રકારની ભાષા, ૧૪૦. વચનના સોળ પ્રકાર, ૧૪૧-૧૪૨. મહિના અને વર્ષના પાંચ પાંચ પ્રકાર, ૧૪૩. લોકના ખંડક, ૧૪૪-૧૪૭. સંજ્ઞાના ત્રણ, ચાર, દશ અને પંદર પ્રકાર, ૧૪૮-૧૪૯. સમ્યક્ત્વના સડસઠ અને દસ ભેદ, ૧૫૦. કુલકોટિની સંખ્યા, ૧૫૧. યોનિની સંખ્યા, ૧૫૨. 'त्रैकाल्यं द्रव्यषट्कं'થી શરૂ થતા શ્લોકની વ્યાખ્યા[5], ૧૫૩. શ્રાવકોની અગીઆર પ્રતિમા, ૧૫૪-૧૫૫. ધાન્ય અને ક્ષેત્રાતીતની અચિત્તતા, ૧૫૬. ધાન્યના ચોવીસ પ્રકાર, ૧૫૭. મૃત્યુના સત્તર ભેદ, ૧૫૮-૧૬૨. પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી અને પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ, ૧૬૩-૧૬૪. પંદર કર્મભૂમિઓ અને

---

૧. શ્રુતકેવલી નિશ્ચયથી સમ્યક્ત્વી હોય છે.

૨. કવલની અર્થાત્ કોળિયાની સંખ્યા ૩. વસતિના સાત ગુણ ૪. બળદની કલ્પના

૫. આને ૯૭૧મા પદ્યના રૂપે મૂલમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીસ અકર્મભૂમિઓ, ૧૬૫. મદના આઠ પ્રકાર, ૧૬૬. હિંસાના ભેદ, ૧૬૭. ૧૦૮ પરિણામ, ૧૬૮. બ્રહ્મચર્યના અઢાર પ્રકાર, ૧૬૯. ચોવીસ કામ, ૧૭૦. દસ પ્રાણ, ૧૭૧. દસ કલ્પવૃક્ષ, ૧૭૨. નરકોનાં નામ અને ગોત્ર, ૧૭૩. નારકાવાસોની સંખ્યા, ૧૭૪-૧૭૬. નારકનાં દુઃખ, આયુષ્ય અને દેહમાન, ૧૭૭. નરકમાં ઉત્પત્તિ અને મૃત્યુનો વિરહ, ૧૭૮-૧૭૯. નારકોની લેશ્યા અને તેમનું અવધિજ્ઞાન, ૧૮૦. પરમાધાર્મિક, ૧૮૧. નરકોમાંથી નીકળેલા જીવોની લબ્ધિ, ૧૮૨. નરકોમાં ઉત્પન્ન થનારા જીવો, ૧૮૩-૧૮૪. નરકોમાંથી નીકળનારા જીવોની સંખ્યા, ૧૮૫-૧૮૬. એકેન્દ્રિય વગેરેની કાયસ્થિતિ તથા ભવસ્થિતિ, ૧૮૭. તેમનાં શરીરોનું પરિમાણ, ૧૮૮. ઈન્દ્રિયોનું સ્વરૂપ અને તેમના વિષયો, ૧૮૯. જીવોની લેશ્યા, ૧૯૦-૧૯૧. એકેન્દ્રિય વગેરેની ગતિ અને આગતિ, ૧૯૨-૧૯૩. એકેન્દ્રિય વગેરેનાં જન્મ, મરણ અને વિરહ તથા તેમની સંખ્યા, ૧૯૪. દેવોના પ્રકાર અને તેમની સ્થિતિ, ૧૯૫. ભવનપતિ વગેરેનાં ભવન, ૧૯૬-૧૯૮. દેવોનાં દેહમાન, લેશ્યા અને અવધિજ્ઞાન, ૧૯૯-૨૦૧. દેવોના ઉત્પાદ-વિરહ, ઉદ્વર્તના-વિરહ અને તેમની સંખ્યા, ૨૦૨-૨૦૩. દેવોની ગતિ અને આગતિ, ૨૦૪. સિદ્ધિગતિમાં વિરહ, ૨૦૫. સંસારી જીવોના આહાર અને ઉચ્છ્વાસ, ૨૦૬. ૩૬૩ પાખંડી, ૨૦૭. આઠ પ્રકારના પ્રમાદ, ૨૦૮. ભરત વગેરે બાર ચક્રવર્તી, ૨૦૯. અચલ આદિ નવ હલધર (બલદેવ), ૨૧૦. ત્રિપૃષ્ઠ વગેરે નવ હરિ (વાસુદેવ), ૨૧૧. અશ્વગ્રીવ વગેરે નવ પ્રતિવાસુદેવ, ૨૧૨. ચક્રવર્તીનાં ચૌદ અને વાસુદેવનાં સાત રત્નો, ૨૧૩. નવનિધિ, ૨૧૪. જીવસંખ્યાકુલક, ૨૧૫-૨૧૬. કર્મની આઠ મૂલ પ્રકૃતિ અને ૧૫૮ ઉત્તરપ્રકૃતિ, ૨૧૭. બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા, ૨૧૮. કર્મોની સ્થિતિ, ૨૧૯-૨૨૦. ૪૨ પુણ્યપ્રકૃતિ અને ૮૨ પાપપ્રકૃતિ, ૨૨૧. ઔપશમિક વગેરે છ ભાવ અને તેમના પ્રકાર, ૨૨૨-૨૨૩. જીવ અને અજીવના ચૌદ ચૌદ ભેદ, ૨૨૪. ચૌદ ગુણસ્થાન, ૨૨૫. ચૌદ માર્ગણાઓ, ૨૨૬. બાર ઉપયોગ, ૨૨૭. પંદર યોગ, ૨૨૮. પરલોકની અપેક્ષાએ ગુણસ્થાન, ૨૨૯. ગુણસ્થાનનું કાલમાન, ૨૩૦. નારક વગેરેનો વિકુર્વણાકાલ, ૨૩૧. સાત સમુદ્ઘાત, ૨૩૨. છ પર્યાપ્તિ, ૨૩૩. અનાહારકના ચાર ભેદ, ૨૩૪. સાત ભયસ્થાન, ૨૩૫. અપ્રશસ્ત ભાષાના છ પ્રકાર, ૨૩૬. શ્રાવકના ૨, ૮, ૩૨, ૭૩૫ અને ૧૬૮૦૬ પ્રકાર તથા બાર વ્રતના ૧૩, ૮૪, ૧૨, ૮૭૨૦૨ ભંગ, ૨૩૭. અઢાર પાપસ્થાન, ૨૩૮. મુનિના સત્તાવીસ ગુણ, ૨૩૯. શ્રાવકના એકવીસ ગુણ, ૨૪૦. માદા તિર્યંચની ઉત્કૃષ્ટ ગર્ભસ્થિતિ, ૨૪૧-૨૪૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યસ્ત્રીની ગર્ભસ્થિતિ અને કાયસ્થિતિ, ૨૪૩. ગર્ભસ્થ જીવનો આહાર, ૨૪૪. ગર્ભસમ્ભૂતિ, ૨૪૫-૨૪૬. પુત્ર અને પિતાની સંખ્યા, ૨૪૭. સ્ત્રીનો ગર્ભાભાવનો કાલ અને પુરુષનો અબીજત્વનો કાલ, ૨૪૮. ગર્ભનું સ્વરૂપ, ૨૪૯. દેશવિરતિ વગેરેના લાભનો સમય, ૨૫૦. મનુષ્યગતિની અપ્રાપ્તિ, ૨૫૧-૨૫૨. પૂર્વાંગ અને પૂર્વનું પરિમાણ, ૨૫૩. લવણશિખાનું પરિમાણ, ૨૫૪. ઉત્સેધ વગેરે ત્રણ પ્રકારના અંગુલ, ૨૫૫. તમસ્કાય, ૨૫૬. સિદ્ધ વગેરે છ અનન્ત, ૨૫૭. અષ્ટાંગ નિમિત્ત, ૨૫૮. માન, ઉન્માન, પ્રમાણ, ૨૫૯. અઢાર પ્રકારનાં ભક્ષ્ય (ભોજ્ય), ૨૬૦. ષટ્સ્થાનક વૃદ્ધિ અને હાનિ, ૨૬૧. સંહરણને માટે અયોગ્ય જીવ (શ્રમણી આદિ), ૨૬૨. છપ્પન અન્તર્દ્વીપ, ૨૬૩. જીવ અને અજીવનું અલ્પબહુત્વ, ૨૬૪. યુગપ્રધાનોની સંખ્યા, ૨૬૫. ઉત્સર્પિણીમાં અંતિમ જિનનું તીર્થ, ૨૬૬. દેવોનો પ્રવીચાર[1], ૨૬૭. આઠ કૃષ્ણરાજી, ૨૬૮. અસ્વાધ્યાય, ૨૬૯. નન્દીશ્વરદ્વીપનું સ્વરૂપ, ૨૭૦. અઠ્ઠાવીસ લબ્ધિઓ, ૨૭૧. વિવિધ તપ, ૨૭૨. પાતાલકલશ, ૨૭૩. આહારકનું સ્વરૂપ, ૨૭૪. અનાર્ય દેશ, ૨૭૫. આર્ય દેશ અને ૨૭૬. સિદ્ધના એકત્રીસ ગુણ.

અન્તે પ્રશસ્તિમાં કર્તાએ પોતાના વંશનો પરિચય આપી પોતાનું નામ આપ્યું છે અને પોતાની વિનમ્રતા પ્રગટ કરી છે.

સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે આમાં ઋષભ આદિ ચોવીસ તીર્થંકરો અંગે જુદા જુદા પ્રકારની માહિતી આપવામાં આવી છે; સિદ્ધ, સાધુ, શ્રાવક, કાલ, કર્મગ્રન્થિ, આહાર, જીવવિચાર, નય વગેરે વિશે અનેક બાબતો આમાં આવે છે; દેવ અને નારકોના વિષયમાં પણ વિચાર કરવામાં આવ્યો છે તથા ભૌગોલિક અને ગર્ભવિદ્યાના વિષયમાં પણ કેટલીક વાતોનો આમાં નિર્દેશ છે.

જીવસંખાકુલય (જીવસંખ્યાકુલક) નામની સત્તર પદ્યની[2] પોતાની કૃતિ નેમિચન્દ્રસૂરિએ ૨૧૪મા દ્વારમાં મૂળમાં જ સમાવી લીધી છે. સાતમા દ્વારની ૩૦૩મી ગાથામાં શ્રીચન્દ્ર નામના મુનિપતિનો ઉલ્લેખ છે. એવું લાગે છે કે કદાચ ગાથા ૨૮૭થી ૩૦૩ તે મુનિવર દ્વારા રચિત પ્રાકૃત કૃતિ હોય.[3] ગાથા ૪૭૦માં શ્રીચન્દ્રસૂરિનો ઉલ્લેખ છે. સંભવ છે કે તે જ મુનિપતિ હોય. ગાથા

---

૧. અબ્રહ્મનું સેવન

૨. ગાથા ૧૨૩૨થી ૧૨૪૮ સુધીના નાના કુલક ઉપર એક અજ્ઞાતકર્તૃક વૃત્તિ છે.

૩. જુઓ બીજા ભાગનો ઉપોદ્ઘાત, પત્ર ૪ આ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૫૭થી ૪૭૦ પણ કદાચ તેમની રચના હોય. શ્રીચન્દ્ર નામના બે કે પછી અભિન્ન એક જ મુનિવર અભિપ્રેત હોય તો પણ તેમના વિશે વિશેષ માહિતી નથી મળતી કે જેના આધારે પવયણસારુદ્ધારની પૂર્વસીમા નિશ્ચિત કરી શકાય. ગાથા ૨૩૫માં આવસ્સયચુણ્ણિનો નિર્દેશ છે.

ટીકાઓ — આના ઉપર સિદ્ધસેનસૂરિની ૧૬૫૦૦ શ્લોકપ્રમાણ તત્ત્વપ્રકાશિની નામની એક વૃત્તિ છે. તનો રચનાકાળ 'કવિસાગરરવિ' અર્થાત્ વિક્રમ સંવત ૧૨૪૮ અથવા ૧૨૭૮ છે. વૃત્તિમાં અનેક ઉદ્ધરણો આવે છે. પ્રારંભના ત્રણ પદ્યોમાંથી પહેલામાં જૈનજ્યોતિની પ્રશંસા કરવામાં આવી છે અને બીજામાં વર્ધમાન વિભુ (મહાવીર સ્વામી)ની સ્તુતિ છે. વૃત્તિના અંતે ૧૯ પદ્યની પ્રશસ્તિ છે, તેમાંથી કર્તાની ગુરુપરમ્પરા જ્ઞાત થાય છે. આ પરંપરા આ પ્રકારે છે : અભયદેવસૂરિ[1], ધનેશ્વરસૂરિ, અજિતસિંહસૂરિ, વર્ધમાનસૂરિ, દેવચન્દ્રસૂરિ, ચન્દ્રપ્રભસૂરિ, ભદ્રેશ્વરસૂરિ, અજિતસિંહસૂરિ, દેવપ્રભસૂરિ.[2]

સિદ્ધસેનસૂરિએ પોતાની આ વૃત્તિમાં સ્વરચિત નીચે જણાવેલી ત્રણ કૃતિઓનો નિર્દેશ કર્યો છે :

૧. પઉમપ્પહચરિય[3] પત્ર ૪૪૦ આ

૨. સામાઆરી પત્ર ૪૪૩ અ

૩. સ્તુતિ[4] પત્ર ૧૮૦ આ ('जम्मि सिरिपासपडिमं'થી શરૂ થતી)

આ ઉપરાંત રવિપ્રભના શિષ્ય ઉદયપ્રભે આના ઉપર ૩૨૦૩ શ્લોકપ્રમાણ 'વિષમપદ' નામની વ્યાખ્યા લખી છે. આ રવિપ્રભ યશોભદ્રના શિષ્ય અને ધર્મઘોષના પ્રશિષ્ય હતા. આના પર એક બીજી ૩૩૦૩ શ્લોકપ્રમાણ વિષમપદપર્યાય નામની અજ્ઞાતકર્તૃક ટીકા છે. એક અન્ય ટીકા પણ છે, પરંતુ એના કર્તાનું નામ અજ્ઞાત છે. પદ્મમન્દિરગણીએ એના ઉપર એક બાલાવબોધ લખ્યો છે. તેની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૬૫૧માં લખાયેલી મળે છે.

---

૧. વાદમહાર્ણવના કર્તા
૨. પ્રમાણપ્રકાશના પ્રણેતા
૩. આ કૃતિનું આદ્ય પદ્ય જ આપવામાં આવ્યું છે.
૪. આ કૃતિનું એક જ પદ્ય આપવામાં આવ્યું છે.

जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્તરિસયઠાણપયરણ (સપ્તતિશતસ્થાનપ્રકરણ)

૩૫૯ ગાથાની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ કૃતિના[1] પ્રણેતા સોમતિલકસૂરિ છે. તે તપાગચ્છના ધર્મઘોષસૂરિના શિષ્ય સોમપ્રભસૂરિના શિષ્ય હતા. સોમપ્રભસૂરિનો જન્મ વિ.સં.૧૩૫૫માં થયો હતો. તેમણે દીક્ષા ૧૩૬૯માં લીધી હતી અને સૂરિપદ ૧૩૭૭માં પ્રાપ્ત કર્યું હતું. તેમનો સ્વર્ગવાસ ૧૪૨૪માં થયો હતો. આ કૃતિમાં ઋષભ વગેરે તીર્થંકરો વિશે ભવ આદિ ૧૭૦ બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે.

ટીકા – આના ઉપર રામવિજયગણીના શિષ્ય દેવવિજયે ૨૯૦૦ શ્લોકપ્રમાણવાળી એક ટીકા વિ.સં.૧૩૭૦માં લખી છે.

પુરુષાર્થસિદ્ધ્યુપાય

તેના[2] કર્તા પ્રવચનસાર વગેરેના ટીકાકાર દિગમ્બર અમૃતચન્દ્રસૂરિ છે. તેમાં ૨૨૬ આર્યા પદ્ય છે. તેને 'જિનપ્રવચનરહસ્યકોશ' તથા 'શ્રાવકાચાર'[3] પણ

---

૧. આને દેવવિજયકૃત ટીકા સાથે જૈન આગમોદય સમિતિએ વિ.સં.૧૯૭૫માં પ્રકાશિત કરી છે. તે પછી શ્રી ઋષિસાગરસૂરિરચિત છાયા સાથે મૂલ કૃતિ 'બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમન્દિર' વીજાપુર તરફથી વિ.સં.૧૯૯૦માં છપાઈ છે, તેનો ઋષિસાગરસૂરિકૃત ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયો છે.

૨. આ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ રાયચન્દ્ર જૈન ગ્રંથમાલામાં વીર સંવત્ ૨૪૩૧ (સન્ ૧૯૦૪)માં અને ચોથી વીર સંવત્ ૨૪૭૯ (સન્ ૧૯૫૩)માં પ્રકાશિત થઈ છે. ચોથી આવૃત્તિમાં પં. નાથૂરામ પ્રેમીની હિંદીમાં લખેલી ટીકાને સ્થાન આપ્યું છે. આ ભાષાટીકા પં. ટોડરમલની અપૂર્ણ ટીકાને આધારે લખાઈ છે. આ ઉપરાંત જગમન્દરલાલ જૈનીનાં અંગ્રેજી અનુવાદ સાથે મૂલ કૃતિ સન્ ૧૯૩૩માં પ્રકાશિત થઈ છે.

૩. આ નામ મેઘવિજયગણીની 'જુત્તિપબોહનાડય'માં આવે છે. તેમણે 'જુત્તિપબોહનાડય' (ગાથા ૭)ની ટીકામાં 'सव्वे भावा जम्हा'થી શરૂ થતી ગાથાને અમૃતચન્દ્રરચિત જણાવી છે. આ તથા 'હાઢસી' ગાથામાં આવનારી અને 'संघो को वि न तारइ'થી શરૂ થતી ગાથા પણ અમૃતચન્દ્રની છે એમ જણાવ્યું છે, પરંતુ આ વિચારણીય જણાય છે. જુઓ ઉપર્યુક્ત ચોથી આવૃત્તિમાં 'જૈન સાહિત્ય અને ઈતિહાસ'માંથી ઉદ્ધૃત અંશ.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહે છે. તેના પ્રારંભમાં પરમ જ્યોતિ અર્થાત્ ચેતનારૂપ પ્રકાશનો જય હો એમ કહી અનેકાન્તને નમસ્કાર કર્યા છે. પછી નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્વરૂપ જણાવ્યું છે. તે ઉપરાંત કર્મના કર્તા અને ભોક્તારૂપે આત્માનો ઉલ્લેખ, ધર્મોપદેશની રીત, સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેના નિઃશંકિત આદિ આઠ અંગ, સાત તત્ત્વ, સમ્યગ્જ્ઞાનની વિચારણા, હિંસાનું સ્વરૂપ, શ્રાવકના બાર વ્રત અને સંલેખના તથા તેમના પાંચ પાંચ અતિચાર, તપના બે ભેદ, છ આવશ્યક, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશવિધ ધર્મ, બાર ભાવનાઓ, પરીષહ, બંધનું સ્વરૂપ, અનેકાન્તની સ્પષ્ટતા તથા ગ્રન્થકારે દર્શાવેલી પોતાની લઘુતા – આ રીતે અનેક વિષયોનું આલેખન આમાં કરવામાં આવ્યું છે.

આશાધરે ધર્મામૃતની સ્વોપજ્ઞ ટીકામાં આમાંથી કેટલાંય પદ્યો ઉદ્ધૃત કર્યા છે.

ટીકાઓ અને અનુવાદ – આના ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા છે. પંડિત ટોડરમલે તેના ઉપર એક ભાષાટીકા લખી છે, પરંતુ તે અપૂર્ણ રહેતાં દોલતરામજીએ તેને વિ.સં.૧૮૨૭માં પૂરી કરી છે. બીજી એક ભાષાટીકા પં. ભૂધરે વિ.સં.૧૮૭૧માં લખી છે.[1]

## તત્ત્વાર્થસાર

આ કૃતિ[2] દિગંબર અમૃતચન્દ્રની છે. આખી કૃતિ સાત અધ્યાયોમાં વિભક્ત છે. તેમાં જીવ વગેરે સાત પદાર્થોનું નિરૂપણ છે.

અ. ૫, શ્લો.૯માં તેમણે કહ્યું છે કે કેવલી સચેલક હોઈ શકે છે અને તે ગ્રાસાહાર (કવલાહાર) કરે છે એ તો વિપરીત મિથ્યાત્વ છે. આ ઉપરથી અમૃતચન્દ્રસૂરિ દિગંબર હતા એ ફલિત થાય છે. અ.૭, શ્લો.૧૦માં ષષ્ઠ, અષ્ટમ વગેરે પ્રયોગ આવે છે. તે ઉપરથી સૂચવાય છે કે તેમને શ્વેતાંબર ગ્રન્થોનો પરિચય હતો.

---

૧. આનો અંગ્રેજી અનુવાદ જગમંદરલાલ જૈનીએ કર્યો છે અને તે છપાયો પણ છે.

૨. આ કૃતિ સન્ ૧૯૦૫માં 'સનાતન જૈન ગ્રન્થમાલા'માં છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવતત્તપયરણ (નવતત્ત્વપ્રકરણ)

'જીવાજીવા પુણ્ણં'થી શરૂ થતા આ[1] અજ્ઞાતકર્તૃક પ્રકરણમાં જૈન મહારાષ્ટ્રીમાં વિરચિત ૩૦ આર્યા છન્દ છે. તેમાં જીવ વગેરે નવ તત્ત્વોનું સ્વરૂપ જણાવ્યું છે.

ટીકાઓ – પ્રસ્તુત કૃતિ ઉપર નીચે જણાવેલી સંસ્કૃત ટીકાઓ છે :

૧. દેવસુંદરસૂરિના શિષ્ય કુલમંડનની વૃત્તિ. કુલમંડને 'રામાબ્ધિશક્રે' અર્થાત્ ૧૪૪૩માં 'વિચારામૃતસંગ્રહ' લખ્યો છે. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૪૫૫માં થયો હતો.[2]

૨. દેવસુંદરસૂરિના શિષ્ય સાધુરત્ને રચેલી અવચૂરિ. તેની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૫૧૫ની લખેલી મળે છે.

૩. અંચલગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્યશેખરસૂરિકૃત વિવરણ. તેનો ઉલ્લેખ તેમણે પોતે જ પોતાની 'આવશ્યકદીપિકા'માં કર્યો છે.

૪. પરમાનન્દસૂરિએ રચેલું ૨૫૦ શ્લોકપ્રમાણ વિવરણ.

૫. ખરતરગચ્છના સકલચન્દ્રના શિષ્ય સમયસુંદરે વિ.સં.૧૬૯૮માં રચેલી ટીકા.

૬. વિ.સં. ૧૭૯૭માં રત્નચન્દ્રે રચેલી ટીકા.

૭. પાર્શ્વાકપુર ગચ્છના કલ્યાણના પ્રશિષ્ય અને હર્ષના શિષ્ય તેજસિંહકૃત ટીકા. ઉપરાંત, બીજી બેત્રણ અજ્ઞાતકર્તૃક ટીકાઓ પણ છે.

ગુજરાતી બાલાવબોધ વગેરે – દેવસુંદરસૂરિના શિષ્ય સોમસુંદરસૂરિએ વિ.સં.૧૫૦૨માં એક બાલાવબોધ લખ્યો છે. તેની તે જ વર્ષમાં લખાયેલી હસ્તપ્રત મળે છે. હર્ષવર્ધન ઉપાધ્યાયે પણ એક બાલાવબોધ લખ્યો છે. તપાગચ્છના શાન્તિવિજયગણીના શિષ્ય માનવિજયગણીએ જૂની ગુજરાતીમાં અવચૂરિ લખી છે. ઉપરાંત, ખરતરગચ્છના વિવેકરત્નસૂરિના શિષ્ય રત્નપાલે જૂની ગુજરાતીમાં વાર્તિક લખ્યું છે.[3]

---

૧. ભીમસી માણેકે સન્ ૧૯૦૩માં 'લઘુપ્રકરણસંગ્રહ'માં આ પ્રકરણને પ્રકાશિત કર્યું છે. એ સિવાય પણ અનેક સ્થાનોએથી તેનું પ્રકાશન થયું છે.

૨. જુઓ પટ્ટાવલીસમુચ્ચય, ભાગ ૧, પૃ. ૬૫

૩. પ્રસ્તુત કૃતિના અનેક ગુજરાતી અને હિન્દી અનુવાદો થયા છે તથા તેનાં વિવેચનો લખાયાં છે અને તે પ્રકાશિત પણ થયાં છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અંગુલસત્તરિ (અંગુલસપ્તતિ)

તેના[1] કર્તા મુનિચન્દ્રસૂરિ છે. તે યશોભદ્રસૂરિના શિષ્ય, આનન્દસૂરિ અને ચન્દ્રપ્રભસૂરિના ગુરુભાઈ તથા અજિતદેવસૂરિ અને વાદી દેવસૂરિના ગુરુ હતા. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૧૭૮માં થયો હતો. તેમણે નાનીમોટી ૩૧ રચનાઓ[2] કરી છે.

અંગુલસત્તરિમાં જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૭૦ આર્યા પદ્ય છે. પહેલી ગાથામાં ઋષભદેવને નમન કરીને અંગુલનું લક્ષણ કહેવાની પ્રતિજ્ઞા કરી છે. આ રચનામાં ઉત્સેધાંગુલ, આત્માંગુલ અને પ્રમાણાંગુલનું સ્વરૂપ સમજાવ્યું છે. સાથે સાથે આ ત્રણેનો ઉપયોગ પણ સૂચવ્યો છે. કોઈ કોઈ બાબતમાં મતાંતરોનો ઉલ્લેખ કરી તેમનામાં દૂષણો જણાવ્યાં છે. નગરી વગેરેનાં પરિમાણોનો અહીં વિચાર કરવામાં આવ્યો છે.

ટીકાઓ — આના ઉપર મુનિચન્દ્રસૂરિએ પોતે સ્વોપજ્ઞ ટીકા લખી છે. અજ્ઞાતકર્તૃક એક અવચૂરિ પણ તેના ઉપર છે.[3]

## છટ્ઠાણપયરણ (ષટ્સ્થાનપ્રકરણ)

जैन साईट JAINSITE.com

તેના[4] કર્તા જિનેશ્વરસૂરિ છે. તે વર્ધમાનસૂરિના શિષ્ય, બુદ્ધિસાગરસૂરિના ગુરુભાઈ તથા નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિના ગુરુ છે. તેમણે વિ.સં.૧૦૮૦માં હારિભદ્રીય અષ્ટકપ્રકરણ ઉપર વૃત્તિ લખી છે.

જૈનમ્ જયતિ શાસનમ્

પ્રસ્તુત કૃતિને 'શ્રાવકવક્તવ્યતા' પણ કહે છે. જૈન મહારાષ્ટ્રીમાં આર્યા છન્દમાં વિરચિત આ ગ્રન્થમાં ૧૦૪ પદ્ય છે. આખી કૃતિ છ સ્થાનકોમાં વિભક્ત છે. તેમનાં નામ તથા પ્રત્યેક સ્થાનકની પદસંખ્યા નીચે પ્રમાણે છે : વ્રતપરિકર્મત્વ - ૨૬, શીલવત્ત્વ - ૨૪, ગુણવત્ત્વ - ૫, ઋજુવ્યવહાર - ૧૭, ગુરુની શુશ્રૂષા - ૬, તથા પ્રવચનકૌશલ્ય - ૨૬. આ છ સ્થાનકગત ગુણોથી વિભૂષિત

---

૧. ગુજરાતી અનુવાદ સાથે આ કૃતિ 'મહાવીર જૈન સભા' ખંભાત તરફથી સન્ ૧૯૧૮માં પ્રકાશિત થઈ છે.

૨. તેમનાં નામ મેં સવૃત્તિક અનેકાન્તજયપતાકા (ખંડ ૧)માં મારી અંગ્રેજી પ્રસ્તાવનામાં (પૃ.૩૦) આપ્યાં છે.

૩. કોઈએ આનો ગુજરાતી અનુવાદ કર્યો છે અને તે પ્રકાશિત પણ થયો છે.

૪. 'જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ' સૂરત તરફથી જિનપાલની વૃત્તિ સાથે તેનું પ્રકાશન સન્ ૧૯૩૩માં થયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાવક ઉત્કૃષ્ટ છે એમ તેમાં કહ્યું છે. આ સ્થાનકોના અનુક્રમે ૪, ૬, ૫, ૪, ૩ અને ૬ ભેદ કરવામાં આવ્યા છે.

ટીકાઓ — જિનેશ્વરસૂરિના શિષ્ય અને નવાંગીવૃત્તિકાર અભયદેવે તેના ઉપર ૧૬૪૮ શ્લોકપ્રમાણનું એક ભાષ્ય લખ્યું છે.[1] જિનપતિસૂરિના શિષ્ય ઉપાધ્યાય જિનપાલે વિ.સં.૧૨૬૨માં ૧૪૯૪ શ્લોકપ્રમાણવાળી એક વૃત્તિ સંસ્કૃતમાં લખી છે. તેના પ્રારંભમાં ત્રણ પદ્ય, પ્રત્યેક સ્થાનકના અંતે એક એક અને છેક અંતે પ્રશસ્તિના રૂપે અગીઆર પદ્ય છે. બાકીનો બધો ભાગ ગદ્યમાં છે. ઉપરાંત, એક વૃત્તિ થારાપદ્ર ગચ્છના શાન્તિસૂરિએ લખી છે અને એક અજ્ઞાતકર્તૃક છે.

## જીવાણુસાસણ (જીવાનુશાસન)

તેના[2] કર્તા દેવસૂરિ છે. તે વીરચન્દ્રસૂરિના શિષ્ય હતા, તેથી તે વાદી દેવસૂરિથી જુદા છે. આ ગ્રંથમાં આગમ વગેરેના ઉલ્લેખ સાથે જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૩૨૩ આર્યા છન્દ છે. આખો ગ્રંથ ૩૮ અધિકારોમાં[3] વિભક્ત છે. તે અધિકારોમાં નીચે જણાવેલા વિષયોની ચર્ચા કરવામાં આવી છે.

૧. જિનપ્રતિમાની પ્રતિષ્ઠા, ૨. પાર્શ્વસ્થને વન્દન, ૩. પાક્ષિક પ્રતિક્રમણ, ૪. વન્દનકત્રય, ૫. સાધ્વી દ્વારા શ્રાવિકાની નન્દી, ૬. દાનનો નિષેધ, ૭. માઘમાલાનું પ્રતિપાદન, ૮. ચતુર્વિંશતિપટ્ટક વગેરેની વિચારણા, ૯. અવિધિકરણ, ૧૦. સિદ્ધને બલિ, ૧૧. પાર્શ્વસ્થ વગેરે પાસે શ્રવણ આદિ, ૧૨. વિધિચૈત્ય, ૧૩. દર્શનપ્રભાવક આચાર્ય, ૧૪. સંઘ, ૧૫. પાર્શ્વસ્થ વગેરેની અનુવર્તના, ૧૬. જ્ઞાન વગેરેની અવજ્ઞા, ૧૭-૧૮. ગચ્છ અને ગુરુનાં વચનનો અત્યાગ, ૧૯. બ્રહ્મશાન્તિ વગેરેનું પૂજન, ૨૦. શ્રાવકોને આગમ ભણવાનો અધિકાર, ૨૧. શિષ્યના ખભા પર બેસી વિહાર, ૨૨. માસકલ્પ, ૨૩. આચાર્યની મલિનતાનો વિચાર, ૨૪. કેવળ સ્ત્રીઓનું વ્યાખ્યાન, ૨૫. શ્રાવકોનું પાર્શ્વસ્થ વગેરેને વન્દન, ૨૬. શ્રાવકની સેવા, ૨૭. સાધ્વીઓને ધર્મકથનનો નિષેધ, ૨૮. જિનદ્રવ્યનું ઉત્પાદન, ૨૯. અશુદ્ધ ગ્રહણનું કથન, ૩૦. પાર્શ્વસ્થ આદિની પાસે કરવામાં આવેલા તપની નિન્દા, ૩૧. પાર્શ્વસ્થ વગેરે દ્વારા

૧. આ અપ્રકાશિત જણાય છે.

૨. આને સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ સાથે 'હેમચન્દ્રાચાર્ય જૈન સભા' પાટણે સન્ ૧૯૨૮માં પ્રકાશિત કરેલ છે.

૩. આ અધિકારોનાં નામ ૩૧૭-૩૨૧ ગાથામાં આપવામાં આવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્મિત જિનમંદિરમાં પૂજા, ૩૨. મિથ્યાદષ્ટિ કોણ, ૩૩. વેશનું અપ્રામાણ્ય, ૩૪. અસંયતનો અર્થ, ૩૫. પ્રાણીઓનો વધ કરનારને દાન, ૩૬. ચારિત્રની સત્તા, ૩૭. આચરણા અને ૩૮. ગુણોની સ્તુતિ.

ટીકા – કર્તાએ પોતે જ એક મહિનામાં જ સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં અણહિલ્લપુરમાં એક વૃત્તિ લખી છે. તેની શરૂઆતમાં એક પદ્યની અને અન્તે પાંચ પદ્યની એક પ્રશસ્તિ છે. આ વૃત્તિનું સંશોધન નેમિચન્દ્રસૂરિએ કર્યું છે.

## સિદ્ધપંચાસિયા (સિદ્ધપંચાશિકા)

આની[1] રચના જગચ્ચન્દ્રસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિએ કરી છે. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૩૨૭માં થયો હતો. તેમની બીજી રચનાઓમાં પાંચ નવ્ય કર્મગ્રન્થ, ત્રણ ભાષ્ય, दाणाइकुलय (દાનાદિકુલક), ધર્મરત્નટીકા, સવૃત્તિક સઢદિણકિચ્ચ (શ્રાદ્ધદિનકૃત્ય) અને સુદર્શનાચરિત્ર (સહકર્તા વિજયચન્દ્રસૂરિ) છે. સિદ્ધપંચાસિયા જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી ૫૦ ગાથાઓની કૃતિ છે. તેની રચના સિદ્ધપાહુડના આધારે થઈ છે. તેમાં સિદ્ધના અનન્તરસિદ્ધ અને પરંપરાસિદ્ધ એવા બે ભેદ કરવામાં આવ્યા છે. ૧. સત્પદપ્રરૂપણા, ૨. દ્રવ્યપ્રમાણ, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના, ૫. કાલ, ૬. અન્તર. ૭. ભાવ અને ૮. અલ્પબહુત્વ એ આઠ દૃષ્ટિએ પ્રથમ પ્રકારનો વિચાર કરવામાં આવ્યો છે. આ આઠ ઉપરાંત સન્નિકર્ષ દ્વારા પણ દ્વિતીય પ્રકારનું નિરૂપણ છે. આ બંને પ્રકારના સિદ્ધો વિશે નીચે જણાવેલી પંદર વાતોના આધાર પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

૧. ક્ષેત્ર, ૨. કાલ, ૩. ગતિ, ૪. વેદ, ૫. તીર્થ, ૬. લિંગ, ૭. ચારિત્ર, ૮. બુદ્ધ, ૯. જ્ઞાન, ૧૦. અવગાહના, ૧૧. ઉત્કૃષ્ટતા, ૧૨. અન્તર, ૧૩. અનુસમય, ૧૪. ગણના અને ૧૫. અલ્પબહુત્વ.

ટીકાઓ – આના ઉપર કર્તાએ પોતે ૭૧૦ શ્લોકપ્રમાણવાળી એક ટીકા લખી છે. ઉપરાંત, કેટલીય ટીકાઓ અને અવચૂરિઓ અજ્ઞાતકર્તૃક છે.[2] વિદ્યાસાગરે વિ.સં.૧૭૮૧માં તેના ઉપર એક બાલાવબોધ પણ લખ્યો છે.

---

૧. આ કૃતિ અજ્ઞાતકર્તૃક અવચૂરિ સાથે જૈન આત્માનન્દ સભા, ભાવનગરથી પ્રકાશિત થઈ છે.

૨. તે બધામાંથી એક અવચૂરિ પ્રકાશિત પણ થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોયમપુચ્છા (ગૌતમપૃચ્છા)

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ અજ્ઞાતકર્તૃક કૃતિમાં[1] ૬૪ આર્યા છન્દ છે. તેમાં મહાવીરસ્વામીના પ્રથમ ગણધર ગૌતમગોત્રીય ઈન્દ્રભૂતિએ પૂછેલા ૪૮ પ્રશ્નો પ્રારંભની ૧૨ ગાથાઓમાં આપી તેરમી ગાથાથી મહાવીરસ્વામીએ આપેલા આ પ્રશ્નોના ઉત્તરો છે. ધર્મ અને અધર્મનું ફળ આમાં સૂચવાયું છે. કયા કર્મથી સંસારી જીવ નરક વગેરે ગતિ પામે છે ? કયા કર્મથી તેમને સૌભાગ્ય યા દૌર્ભાગ્ય, પાંડિત્ય યા મૂર્ખતા, ધનિકતા યા દરિદ્રતા, અપંગતા, વિકલેન્દ્રિયતા, અનારોગ્યતા, દીર્ઘસંસારિતા વગેરે પ્રાપ્ત થાય છે ? આ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

ટીકાઓ – તેના ઉપર નીચે જણાવેલી વ્યાખ્યાઓ સંસ્કૃતમાં લખાઈ છે.

૧. રુદ્રપલ્લીય ગચ્છના દેવભદ્રસૂરિના શિષ્ય શ્રીતિલકરચિત વૃત્તિ. તેનું પરિમાણ ૫૬૦૦ શ્લોક છે અને તેનો પ્રારંભ 'માધુર્યધુર્ય'થી થાય છે. આ વૃત્તિ વિક્રમની ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં રચાઈ છે.

૨. વિ.સં. ૧૭૩૮માં જગતારિણી નગરીમાં ખરતરગચ્છના સુમતિહંસના શિષ્ય મતિવર્ધને લખેલી એક ૩૮૦૦ શ્લોકપ્રમાણ ધરાવતી વૃત્તિ છે.

૩-૬. અભયદેવસૂરિ, કેસરગણી અને ખરતરગચ્છના અમૃતધર્મના શિષ્ય ક્ષમાકલ્યાણે લખેલી અને ચોથી એક અજ્ઞાતકર્તૃક 'वीरं जिनं प्रणम्यादौ'થી શરૂ થતી ટીકા – આમ આ ચાર બીજી પણ ટીકાઓ છે.

બાલાવબોધ – સુધાભૂષણના શિષ્ય જિનસૂરિએ[2], સોમસુંદરસૂરિએ[3] અને વિ.સં.૧૮૮૪માં પદ્મવિજયગણીએ એક એક બાલાવબોધ લખ્યો છે. આ ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક બાલાવબોધ પણ છે.

સિદ્ધાન્તાર્ણવ

તેના કર્તા અમરચન્દ્રસૂરિ છે. તે નાગેન્દ્ર ગચ્છના શાન્તિસૂરિના શિષ્ય હતા. તેમણે તથા તેમના ગુરુભાઈ આનન્દસૂરિએ બાલ્યાવસ્થામાં પ્રખર વાદીઓને

---

૧. આ કૃતિ મતિવર્ધનની ટીકાની સાથે હીરાલાલ હંસરાજે સન્ ૧૯૨૦માં છાપી છે. તેમણે જ અજ્ઞાતકર્તૃક ટીકા, જેમાં છત્રીસ કથાઓ આવે છે, સાથે પણ આ કૃતિ સન્ ૧૯૪૧માં પ્રકાશિત કરી છે. ઉપરાંત, અજ્ઞાતકર્તૃક ટીકા સાથે મૂલ કૃતિ 'નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાલા'માં વિ.સં.૨૦૧૩માં પ્રકાશિત થઈ છે.

૨. તેમની ટીકાને પણ વૃત્તિ કહે છે.

૩. તેમની ટીકાને ચૂર્ણિ પણ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીત્યા હતા. તેથી સિદ્ધરાજ જયસિંહે તે બંનેને અનુક્રમે 'સિંહશિશુક' અને 'વ્યાઘ્રશિશુક' બિરુદ આપ્યાં હતાં. ગંગેશકૃત તત્ત્વચિન્તામણિમાં જે 'સિંહવ્યાઘ્રલક્ષણ' અધિકાર છે તે આ બંને સૂરિઓનાં વ્યાપ્તિનાં લક્ષણોને લક્ષ્યમાં રાખીને છે એમ ડૉ. સતીશચન્દ્ર વિદ્યાભૂષણે કહ્યું છે. સિદ્ધાન્તાર્ણવની એક પણ હસ્તલિખિત પ્રતિ મળતી નથી.

વનસ્પતિસપ્તતિકા

તેના રચનાર અંગુલસત્તરિ આદિના કર્તા મુનિચન્દ્રસૂરિ છે. તેનું નામ જોતાં તેમાં ૭૦ પદ્ય હોવા જોઈએ. તેમાં વનસ્પતિ વિશે જાણકારી દીધી હશે. આ કૃતિ અમુદ્રિત છે, તેથી તેની હસ્તલિખિત પ્રતિ જોયા પછી જ વિશેષ કહી શકાય.

ટીકાઓ – પ્રસ્તુત કૃતિ ઉપર બે વૃત્તિઓ છે : એક સ્વોપજ્ઞ અને બીજી નાગેન્દ્ર ગચ્છના ગુણદેવસૂરિકૃત. એક અવચૂરિ પણ છે, પરંતુ તેના કર્તાનું નામ અજ્ઞાત છે.

કાલશતક

આ કૃતિ ઉપર્યુક્ત મુનિચન્દ્રસૂરિની છે. તે અપ્રકાશિત છે, પરંતુ નામ ઉપરથી જણાય છે કે તેમાં સો કે સોથી કંઈક વધુ પદ્યો હશે અને તે પદ્યોમાં કાલ ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો હશે.

શાસ્ત્રસારસમુચ્ચય

તેના[1] કર્તા દિગંબર માઘનન્દી છે. તે કુમુદચન્દ્રના શિષ્ય હતા. તેમને 'હોયલ' વંશના રાજા નરસિંહે સન્ ૧૨૬૫માં અનુદાન આપ્યું હતું. આ કૃતિ ઉપરાંત તેમણે પદાર્થસાર, શ્રાવકાચાર અને સિદ્ધાન્તસાર નામના ગ્રંથો પણ લખ્યા છે.

ટીકા – આના ઉપર કન્નડ ભાષામાં એક ટીકા છે.

સિદ્ધાન્તાલાપકોદ્ધાર, વિચારામૃતસાર અથવા વિચારસંગ્રહ

૨૨૦૦ શ્લોકપ્રમાણ આ કૃતિના કર્તા તપાગચ્છીય દેવચન્દ્રસૂરિના શિષ્ય કુલમંડનસૂરિ છે.

---

૧. આ માણિકચંદ્ર ગ્રન્થમાલાના ૨૧મા ગ્રંથાંકના રૂપમાં વિ.સં.૧૯૭૯માં પ્રકાશિત થઈ છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### વિંશતિસ્થાનકવિચારામૃતસંગ્રહ

વિ.સં. ૧૫૦૨માં રચાયેલી ૨૮૦૦ શ્લોકપ્રમાણવાળી આ કૃતિના[1] કર્તા તપાગચ્છના જયચન્દ્રસૂરિના શિષ્ય જિનહર્ષ છે. તેમણે તેના પ્રારંભમાં ધર્મના દાન વગેરે ચાર પ્રકારોનો તથા દાન અને શીલના પેટાભેદોનો નિર્દેશ કરીને વિંશતિસ્થાનકતપને અપ્રતિમ કહ્યું છે. પછી નીચે જણાવેલાં વીસ સ્થાનકો ગણાવ્યાં છે :

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. પ્રવચન, ૪-૭. ગુરુ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વીનું વાત્સલ્ય, ૮. અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ, ૯. દર્શન (સમ્યક્ત્વ), ૧૦. વિનય, ૧૧. આવશ્યકનું અતિચારરહિત પાલન, ૧૨. શીલવ્રત, ૧૩. ક્ષણલવ (શુભધ્યાન), ૧૪. તપ, ૧૫. ત્યાગ, ૧૬. વૈયાવૃત્ય, ૧૭. સમાધિ, ૧૮. અપૂર્વજ્ઞાનગ્રહણ, ૧૯. શ્રુતભક્તિ, ૨૦. પ્રવચનની પ્રભાવના.

આમાં આ વીસ સ્થાનોની જાણકારી આપવામાં આવી છે અને સાથે સાથે જ એ સ્થાનોથી સંબદ્ધ કથાઓ પણ પદ્યમાં આપી છે. અંતે બાવીસ પદ્યોની પ્રશસ્તિ છે.

### સિદ્ધાન્તોદ્ધાર

ચક્રેશ્વરસૂરિએ ૨૧૩ ગાથાઓમાં સિદ્ધાન્તોદ્ધાર[2] લખ્યો છે. તેને સિદ્ધાન્તસારોદ્ધાર પણ કહે છે. તે પ્રકરણસમુચ્ચયમાં છપાયો છે. આ ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક સિદ્ધાન્તસારોદ્ધાર પણ છે.

### ચચ્ચરી (ચર્ચરી)

આ અપભ્રંશ કૃતિમાં[3] ૪૭ પદ્ય છે. તેની રચના ખરતરગચ્છના જિનદત્તસૂરિએ વાગ્જડ (વાગડ) દેશના વ્યાઘ્રપુર નામના નગરમાં કરી છે. તેમનો જન્મ વિ.સં. ૧૧૩૨માં થયો હતો. તેમણે વિ.સં.૧૧૪૧માં ઉપાધ્યાય

---

૧. દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૨૨માં આ કૃતિ પ્રકાશિત કરી છે.

૨. આ નામની એક કૃતિ વિમલસૂરિના શિષ્ય ચન્દ્રકીર્તિગણીએ વિ.સં.૧૨૧૨માં લખી છે. તેમાં જૈનધર્મ અને તત્ત્વજ્ઞાનથી સમ્બદ્ધ લગભગ ત્રણ હજાર સિદ્ધાન્તોનું બે વિભાગમાં નિરૂપણ છે.

૩. આ કૃતિ સંસ્કૃત છાયા તથા ઉપાધ્યાય જિનપાલરચિત વ્યાખ્યા સાથે 'ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ'ના ૩૭મા પુષ્પ તરીકે સન્ ૧૯૨૭માં પ્રકાશિત 'અપભ્રંશકાવ્યત્રયી'માં પૃ. ૧-૨૭ ઉપર છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મદેવ પાસે દીક્ષા લીધી હતી અને વિ.સં.૧૧૬૯માં સૂરિપદ પ્રાપ્ત કર્યું હતું.

ચૈત્યવિધિ ઉપર પ્રકાશ નાખનારી આ ચર્ચરી નૃત્ય કરનારા 'પ્રથમ મંજરી' ભાષામાં[1] ગાય છે એમ ઉપાધ્યાય જિનપાલે તેની વ્યાખ્યામાં લખ્યું છે. આ રીતે આ નૃત્યગીતાત્મક કૃતિ દ્વારા કર્તાએ પોતાના ગુરુ જિનવલ્લભસૂરિની સ્તુતિ કરી છે. તેમાં તેમની વિદ્વત્તાનું તથા તેમણે સૂચવેલા વિધિમાર્ગનું વર્ણન છે. વિધિચૈત્યગૃહની વિધિ, ઉત્સૂત્ર ભાષણનો નિષેધ વગેરે બાબતોને પણ અહીં સ્થાન આપવામાં આવ્યું છે.

ગણહરસદ્ધસયગ (ગણધરસાર્ધશતક)ની સુમતિગણિકૃત બૃહદ્‌વૃત્તિમાં આ ચર્ચરીનાં ૧૬, ૧૮ અને ૨૧થી ૨૫ પદ્ય ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.

ટીકા — ચર્ચરી ઉપર ઉપાધ્યાય જિનપાલે સંસ્કૃતમાં વિ.સં. ૧૨૯૪માં એક વ્યાખ્યા લખી છે. તે જિનપતિસૂરિના શિષ્ય હતા. તેમણે ચર્ચરીની બારમી ગાથાની વ્યાખ્યામાં ઉવએસરસાયણ (ઉપદેશરસાયન) ઉપર વિ.સં.૧૨૧૨માં પોતે લખેલા વિવરણનો ઉલ્લેખ કર્યો છે.

### વીસિયા (વિંશિકા)

આ કૃતિ જિનદત્તસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં રચી છે. આ નામે તો આ કૃતિનો ઉલ્લેખ જિનરત્નકોશમાં નથી. પ્રસ્તુત કૃતિમાં વીસ પદ્યો હશે.

### કાલસરૂવકુલય (કાલસ્વરૂપકુલક)

આ કૃતિના[2] કર્તા પણ જિનદત્તસૂરિ છે. અપભ્રંશમાં 'પદ્ધટિકા' છન્દમાં રચાયેલી આ કૃતિમાં વિવિધ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. તેમાં તેમણે પોતાના સમયનું વિષમ સ્વરૂપ જણાવ્યું છે. મીન રાશિમાં શનિની સંક્રાન્તિ થઈને મેષ રાશિમાં તે જાય અને વક્રી બને તો દેશનો નાશ, પરચક્રનો પ્રવેશ અને મોટાં મોટાં નગરોનો વિનાશ થાય છે. ગાય અને આકડાના દૂધના દૃષ્ટાંત દ્વારા સુગુરુ અને કુગુરુનો ભેદ, કુગુરુની ધતૂરાના ફૂલ સાથે તુલના, શ્રદ્ધાહીન લોકોની

---

૧. અપભ્રંશકાવ્યત્રયીની પ્રસ્તાવના (પૃ.૧૧૪)માં તેનો 'પઢ(ટ)મંજરી' તરીકે ઉલ્લેખ છે. ત્યાં પટમંજરી રાગના વિશે થોડી જાણકારી આપવામાં આવી છે.

૨. આ કૃતિ ઉપાધ્યાય સૂરપાલકૃત વ્યાખ્યા સાથે 'અપભ્રંશકાવ્યત્રયી'માં છપાઈ છે (પૃ. ૬૭-૮૦).

જૈન साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિપરીત વર્તણૂક, અસંયતની પૂજા, ચાહિલ દ્વારા પ્રદર્શિત માર્ગ, એકતા માટે પ્રમાર્જનીનું દૃષ્ટાન્ત, શ્લેષપૂર્વક ગ્રહ અને નક્ષત્રના દૃષ્ટાંત દ્વારા ઔચિત્યથી યુક્ત મનુષ્યને ધનની પ્રાપ્તિ, લોહચુંબક યુક્ત અને તેનાથી રહિત જહાજના દૃષ્ટાંત દ્વારા લોભના ત્યાગથી થનાર લાભનું વર્ણન વગેરે વિષયો આ કૃતિમાં છે.

ટીકા – ઉપાધ્યાય સૂરપ્રભે આના ઉપર એક વ્યાખ્યાટીકા લખી છે. તે જિનપતિસૂરિના શિષ્ય અને જિનપાલ, પૂર્ણભદ્રગણી, જિનેશ્વરસૂરિ તથા સુમતિગણીના સતીર્થ્ય હતા. તેમણે ઉપાધ્યાય ચન્દ્રતિલકને વિદ્યાનન્દવ્યાકરણ ભણાવ્યું હતું અને દિગંબર વાદી યમદંડને સ્તમ્ભતીર્થ નગરમાં હરાવ્યા હતા. તેમણે ૨૮મા પદ્યની વ્યાખ્યામાં લખ્યું છે કે ગ્રહો પણ ધીરે ધીરે નક્ષત્રો ઉપર આરોહણ કરે છે, તેથી ધન ન મળવાને કારણે આકુળવ્યાકુળ થવું ઉચિત નથી.

### આગમિયવત્થુવિયારસાર (આગમિકવસ્તુવિચારસાર)

આ કૃતિ[1] જૈન મહારાષ્ટ્રીમાં ૮૬ પદ્યોમાં રચાઈ છે.[2] તેથી તેને 'છાસીઈ' (ષડશીતિ) પણ કહે છે. તેને પ્રાચીન કર્મગ્રન્થોમાંનો એક માનવામાં આવે છે. તેમાં જીવમાર્ગણા, ગુણસ્થાન, ઉપયોગ, યોગ અને લેશ્યાનું નિરૂપણ છે. તેના કર્તા ખરતરગચ્છના જિનવલ્લભસૂરિ છે. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૧૬૭માં થયો હતો.

જૈનમ્ જયતિ શાસનમ્

ટીકાઓ – તેના ઉપર અનેક ટીકાઓ લખાઈ છે.

૧. જિનવલ્લભગણીકૃત ટીકા.

૨. વુત્તિ (વૃત્તિ) – ૮૦૫ શ્લોકપ્રમાણની જૈન મહારાષ્ટ્રીમાં લખાયેલી આ વૃત્તિ કર્તાના શિષ્ય રામદેવગણીએ વિ.સં.૧૧૭૩માં લખી છે. તેની કાગળ ઉપર લખાયેલી એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૨૪૬ની મળે છે. તેનાથી પ્રાચીન કોઈ જૈન હસ્તલિખિત કાગળની પ્રતિ દેખવા-સાંભળવામાં આવી નથી.

---

૧. મલયગિરિની વૃત્તિ તથા બૃહદ્ગચ્છીય હરિભદ્રસૂરિની વિવૃતિ સાથે વિ.સં. ૧૯૭૨માં આ કૃતિ જૈન આત્માનન્દ સભાએ પ્રકાશિત કરી છે.

૨. એક હસ્તલિખિતપ્રતિમાં ૯૪ પદ્યો છે. તેના માટે જુઓ ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર તરફથી પ્રકાશિત મારું Descriptive Catalogue of the Government Collection of Manuscripts, Vol. XVIII, Part I, No. 129.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. વિવૃતિ — ૮૫૦ શ્લોકપ્રમાણની આ સંસ્કૃત વિવૃતિ હરિભદ્રસૂરિએ વિ.સં.૧૧૭૨માં લખી છે. તે બૃહદ્ગચ્છના જિનદેવસૂરિના શિષ્ય હતા.

૪. ટીકા — મલયગિરિસૂરિની આ ટીકા ૨૪૧૦ શ્લોકપ્રમાણની છે.

૫. વૃત્તિ — ૧૬૭૨ શ્લોકપ્રમાણની આ વૃત્તિના લેખક ચન્દ્રકુલના ધર્મસૂરિના શિષ્ય યશોભદ્રસૂરિ છે.

૬. વિવરણ — આ મેરુવાચકની કૃતિ છે.

૭. ટીકા — આ અજ્ઞાતકર્તૃક છે.[1]

## સૂક્ષ્માર્થવિચારસાર અથવા સાર્ધશતકપ્રકરણ

આ કૃતિ[2] ખરતરગચ્છના જિનવલ્લભસૂરિની છે. તે નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય હતા. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૧૬૭માં થયો હતો. આ કૃતિમાં કર્મસિદ્ધાન્તનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ટીકાઓ — આના ઉપર અનેક ટીકાઓ છે. એક અજ્ઞાતકર્તૃક ભાષ્ય છે. અંગુલસત્તરિ વગેરેના પ્રણેતા મુનિચંદ્રસૂરિએ વિ.સં.૧૧૭૦માં આના ઉપર એક ચુણ્ણિ (ચૂર્ણિ) લખી છે. શીલભદ્રના શિષ્ય ધનેશ્વરસૂરિએ ૧૧૭૧માં ૩૭૦૦ શ્લોકપ્રમાણની એક વૃત્તિ લખી છે. બીજી વૃત્તિ હરિભદ્રસૂરિએ ૧૧૭૨માં લખી છે. ત્રીજી એક વૃત્તિ ચક્રેશ્વરે પણ લખી છે. કર્તાના શિષ્ય રામદેવગણિએ તથા મહેશ્વરસૂરિએ તેના ઉપર એક એક ટીકા લખી છે. એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે. કોઈએ ૧૪૦૦ શ્લોકપ્રમાણનું વૃત્તિ-ટિપ્પણ પણ લખ્યું છે.

## પ્રશ્નોત્તરરત્નમાલા અથવા રત્નમાલિકા

પ્રશ્નોત્તરરૂપની ૨૯ પદ્યોની[3] આ કૃતિ[4] સર્વમાન્ય સામાન્ય નીતિ ઉપર પ્રકાશ ફેંકે છે. તેના પ્રણેતા વિમલસૂરિ છે. અનેક વિદ્વાનોના મતે તેના લેખક દિગંબર જિનસેનના અનુરાગી રાજા અમોઘવર્ષ છે. કેટલાક એને બૌદ્ધ કૃતિ માને છે, તો કેટલાક વૈદિક હિન્દુઓની.[5]

---

૧. કેટલાયનું માનવું છે કે આના ઉપર બે ભાષ્ય પણ લખાયાં હતાં.

૨. ધનેશ્વરસૂરિની વૃત્તિ સાથે આને જૈનધર્મ પ્રસારક સભાએ પ્રકાશિત કરી છે.

૩. કોઈ કોઈ હસ્તલિખિત પ્રતિમાં ૩૦ પદ્યો છે.

૪. દેવેન્દ્રકૃત ટીકા સાથે આ કૃતિને હીરાલાલ હંસરાજે જામનગરથી સન્ ૧૯૧૪માં પ્રકાશિત કરી છે.

૫. આ વિશે જુઓ મારું પુસ્તક 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ', ખંડ ૧, પૃ. ૨૪૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકાઓ – હેમપ્રભે વિ.સં.૧૨૨૩ યા મતાન્તરે ૧૨૭૩માં ૨૧૩૪ શ્લોકપ્રમાણની એક વૃત્તિ લખી છે. તેનો આરંભ 'चन्द्रादित्यमहौषधी'થી થાય છે. તે ધર્મઘોષના શિષ્ય યશોઘોષના શિષ્ય હતા. આ ઉપરાંત ઉપલબ્ધ અન્ય બે વૃત્તિઓમાંથી એક વૃત્તિ મુનિભદ્રે લખી છે અને અજ્ઞાતકર્તૃક બીજી ૮૫૮૦ શ્લોકપ્રમાણની છે.[૧] સંઘતિલકના શિષ્ય દેવેન્દ્રે વિ.સં.૧૪૨૯માં ૭૩૨૬ શ્લોકપ્રમાણની એક ટીકા લખી છે. તેમાં પ્રત્યેક પ્રશ્ન ઉપર એક એક કથા આપવામાં આવી છે.[૨]

## સર્વસિદ્ધાન્તવિષમપદપર્યાય

આ પાર્શ્વદેવગણી અપરનામ શ્રીચન્દ્રસૂરિની કૃતિ છે. તે શીલભદ્રસૂરિના શિષ્ય હતા. શ્રીચન્દ્રસૂરિએ ન્યાયપ્રવેશકવ્યાખ્યા પર પંજિકા અને વિ.સં.૧૨૨૮માં નિરયાવલીસુયક્ખંધ ઉપર વૃત્તિ લખી છે. પ્રસ્તુત કૃતિ ૨૨૬૪ શ્લોકપ્રમાણ છે અને વિવિધ આગમોની વ્યાખ્યાઓમાં આવતા દુર્બોધ સ્થાનો ઉપર પ્રકાશ પાડે છે.

આ નામની અન્ય કૃતિઓ પણ મળે છે. ખરતરગચ્છીય જિનરાજસૂરિના શિષ્ય જિનભદ્રસૂરિએ પણ 'સર્વસિદ્ધાન્તવિષમપદપર્યાય' નામનો ગ્રંથ લખ્યો છે. તેને 'સમસ્તસિદ્ધાન્તવિષમપદપર્યાય' પણ કહે છે. આ જિનભદ્રસૂરિએ જયસાગરની સન્દેહદોલાવલીના સંશોધનમાં વિ.સં.૧૪૯૫માં સહાય કરી હતી.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૧. આ અજ્ઞાતકર્તૃક વૃત્તિની વિ.સં.૧૪૪૧ની એક હસ્તલિખિત પ્રતિ મળે છે.

૨. પ્રસ્તુત કૃતિનો ફ્રેંચ અનુવાદ થયો છે અને તે છપાયો પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ધર્મોપદેશ

## ઉવએસમાલા (ઉપદેશમાલા)

૫૪૨ આર્યા[1]છન્દમાં રચાયેલી આ કૃતિના[2] કર્તા ધર્મદાસગણિ છે.[3] તેમના વિશે એવી માન્યતા પ્રચલિત છે કે તે પોતે મહાવીરસ્વામીના હાથે દીક્ષા પામેલા તેમના શિષ્ય હતા, પરંતુ આ માન્યતા વિચારણીય છે કારણ કે આ ગ્રંથમાં ૭૦ જેટલી જે કથાઓનું સૂચન છે તેમનામાં વજ્રસ્વામીનો પણ ઉલ્લેખ છે. તેની ભાષા પણ આચારાંગ વગેરે જેટલી પ્રાચીન નથી.

આચારશાસ્ત્રની પ્રવેશિકાના શ્રીગણેશ આ કૃતિથી થાય છે અને આ દિશામાં મલધારી હેમચન્દ્રસૂરિએ સબળ પ્રયત્ન કર્યો છે એમ એમની 'ઉવએસમાલા' જોવાથી જણાય છે. પ્રસ્તુત કૃતિમાં નીચે જણાવેલા વિષયોનું રસપ્રદ અને સદૃષ્ટાંત નિરૂપણ છે:

ગુરુનું મહત્ત્વ, આચાર્યના ગુણો, વિનય, પુરુષપ્રધાન ધર્મ, ક્ષમા, અજ્ઞાનતપશ્ચર્યાનું મૂલ્ય, પ્રવ્રજ્યાનો પ્રભાવ, સહનશીલતા, પાંચ આસ્રવોનો ત્યાગ, શીલનું પાલન, સમ્યક્ત્વ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન, ચાર કષાયો ઉપર વિજય, સાચું શ્રામણ્ય, સંયમ, અપ્રમાદ, અપરિગ્રહ અને દયા.

આમ આ કૃતિમાં જીવનશોધન અને આધ્યાત્મિક ઉન્નતિ માટે અત્યન્ત મૂલ્યવાન સામગ્રી ભરી પડી છે.

---

૧. લગભગ ત્રણ ગાથાઓ પ્રક્ષિપ્ત છે.

૨. આ કૃતિ અનેક સ્થાનોથી પ્રકાશિત થઈ છે. મુંબઈથી સન્ ૧૯૨૯માં 'શ્રી શ્રુતજ્ઞાન અમીધારા'નાં પૃ. ૧૨૨-૧૫૦માં છપાઈ છે. આ ઉપરાંત જામનગરથી હીરાલાલ હંસરાજે સન્ ૧૯૩૪માં રામવિજયગણીકૃત વૃત્તિ સાથે તથા સન્ ૧૯૩૯માં સિદ્ધર્ષિની ટીકા સાથે પ્રકાશિત કરી છે. રામવિજયગણીકૃત ટીકાનો ગુજરાતી અનુવાદ પણ છપાયો છે.

૩. જુઓ અંતિમ ભાગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'દોસસયમૂલજાલં'થી શરૂ થતી આ કૃતિની ૫૧મી ગાથાના સો અર્થ ઉદયધર્મે વિ.સં.૧૬૦૫માં કર્યા છે. ૪૭૧મી ગાથામાં 'માસાહસ' નામના પક્ષીનો ઉલ્લેખ છે.

ટીકાઓ — પ્રસ્તુત 'ઉવએસમાલા' ઉપર લગભગ વીસ સંસ્કૃત ટીકાઓ છે. કૃષ્ણર્ષિના શિષ્ય જયસિંહે વિ.સં.૯૧૩માં જૈન મહારાષ્ટ્રીમાં એક વૃત્તિ લખી છે. દુર્ગસ્વામીના શિષ્ય અને ઉપમિતિભવપ્રપંચાકથાના કર્તા સિદ્ધર્ષિએ તેના ઉપર વિ.સં.૯૬૨માં 'હેયોપાદેયા' નામની ૯૫૦૦ શ્લોકપ્રમાણ એક બીજી વૃત્તિ લખી છે. ઉવએસમાલાની બધી ટીકાઓમાં આ અગ્રસ્થાન ધરાવે છે. તેના ઉપર લખાયેલી બીજી એક મહત્ત્વની ટીકાનું નામ 'દોઘટ્ટી' છે.[1] 'વાદી' દેવસૂરિના શિષ્ય રત્નપ્રભસૂરિની આ ટીકા ૧૧૫૫૦ શ્લોકપ્રમાણ છે અને તેનો રચનાકાળ વિ.સં.૧૨૩૮ છે. તેમાં સિદ્ધર્ષિનો ઉલ્લેખ છે. આ ટીકામાં એક રણસિંહની કથા આવે છે, તેમાં કહ્યું છે કે તે વિજયસેન રાજા અને વિજયા રાણીનો પુત્ર હતો. આ વિજયસેન દીક્ષા લઈ અવધિજ્ઞાની થયા હતા અને તેમણે પોતાના સંસારી પુત્ર માટે 'ઉવએસમાલા' લખી હતી. આ વિજયસેન જ ધર્મદાસગણી છે. દોઘટ્ટીની વિ.સં.૧૫૨૮માં લખાયેલી એક હસ્તપ્રતિમાં ચાર વિભાગ કરી પ્રત્યેક વિભાગને 'વિશ્રામ' કહ્યો છે. ઉપરાંત, તેના પુનઃ બે ભાગ કરી પ્રત્યેક ભાગને 'ખંડ' સંજ્ઞા પણ આપી છે. પ્રથમ ખંડમાં પ્રારંભની ૯૧ ગાથાઓ છે. દોઘટ્ટી વૃત્તિમાં ઉવએસમાલામાં સૂચિત કથાઓ જૈન મહારાષ્ટ્રીમાં અને કેટલીક અપભ્રંશમાં છે, જ્યારે વ્યાખ્યા તો સંસ્કૃતમાં જ છે.

સિદ્ધર્ષિકૃત હેયોપાદેયામાં કથાનક અલ્પ અને સંક્ષિપ્ત હોવાથી વર્ધમાનસૂરિએ તેમાં બીજાં કથાનકો ઉમેરી દીધાં છે. તેની વિ.સં.૧૨૯૮માં લખાયેલી એક પ્રતિ મળે છે. નાગેન્દ્રગચ્છના વિજયસેનના શિષ્ય ઉદયપ્રભે ૧૨૯૯માં ૧૨૨૭૪ શ્લોકપ્રમાણની 'કર્ણિકા' નામની ટીકા લખી છે.[2]

---

૧. તેની પહેલી ગાથામાં 'ઘટાઘટી' એવો શબ્દપ્રયોગ આવે છે, તેના આધારે આ ટીકાનું નામ 'દોઘટ્ટી' પડ્યું છે એમ કેટલાક માને છે. આ ટીકાને 'વિશેષવૃત્તિ' પણ કહે છે.

૨. આ ઉપરાંત બીજી સંસ્કૃત વગેરે ટીકાઓનો નિર્દેશ મેં મારા લેખ 'ધર્મદાસગણીકૃત ઉવએસમાલા અને એનાં પ્રકાશનો અને વિવરણો' (આત્માનન્દ પ્રકાશ)માં કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉવએસપય (ઉપદેશપદ)

૧૦૩૯ આર્યા છન્દોમાં જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા આ ગ્રન્થના[1] કર્તા હરિભદ્રસૂરિ છે. તેમણે આ ગ્રન્થમાં ઉત્તરાધ્યયનની નિર્યુક્તિ, નન્દી, સન્મતિપ્રકરણ વગેરેની કેટલીય ગાથાઓ મૂળમાં જ ગૂંથી લીધી છે.[2] આ કૃતિમાં માનવભવની દુર્લભતાસૂચક દશ દૃષ્ટાન્ત, જૈન આગમોનું અધ્યયન, ચાર પ્રકારની બુદ્ધિ, ધાર્મિક બોધ આપવાની અને ગ્રહણ કરવાની પદ્ધતિ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થની સ્પષ્ટતા વગેરે વિષયો ઉપર વિચાર કરવામાં આવ્યો છે.

ટીકાઓ – ઉવએસપય ઉપર કોઈકે ગહન વૃત્તિ લખી હતી એવું આ કૃતિની મુનિચન્દ્રસૂરિરચિત (વિ.સં.૧૧૭૪) સુખસમ્બોધની નામની વિવૃતિના પ્રારંભિક ભાગ (શ્લોક ૩) ઉપરથી જણાય છે. આ મહાકાય[3] વિવૃતિના કર્તાને તેમના શિષ્ય રામચન્દ્રગણિએ સહાય કરી હતી. આ વિવૃતિમાં કેટલાંય કથાનકો જૈન મહારાષ્ટ્રીમાં છે.

વિ.સં. ૧૦૫૫માં શ્રી વર્ધમાનસૂરિએ તેના ઉપર એક ટીકા લખી છે. તેની પ્રશસ્તિ પાર્શ્વિલગણીએ રચી છે. આ આખી ટીકાનો પ્રથમાદર્શ આર્યદેવે તૈયાર કર્યો હતો. 'વન્દે દેવનરેન્દ્ર'થી શરૂ થતી આ ટીકાનું પરિમાણ ૬૪૧૩ શ્લોકપ્રમાણ છે. મૂલ ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઉપદેશપ્રકરણ

૧૦૦૦ શ્લોકપ્રમાણની આ પદ્યાત્મક કૃતિ[4] અજ્ઞાતકર્તૃક છે. તેમાં ધર્મ, પૂજા, દાન, દયા, સજ્જન, વૈરાગ્ય અને સૂક્ત જેવા વિવિધ અધિકારોને સ્થાન આપવામાં આવ્યું છે.

---

૧. મુનિચન્દ્રસૂરિની સુખસમ્બોધની નામની વિવૃતિ સાથે આ કૃતિ 'મુક્તિ-કમલ-જૈન-મોહનમાલા'માં બે ભાગોમાં અનુક્રમે સન્ ૧૯૨૩ અને ૧૯૨૫માં પ્રકાશિત થઈ છે.

૨. ધર્મોપદેશમાલાવિવરણના પ્રાસ્તાવિક(પૃ.૧૪)માં જિનવિજયજીએ ઉવએસપયને ધર્મદાસગણીકૃત ઉવએસમાલાની અનુકૃતિરૂપ માન્યું છે.

૩. મૂલ કૃતિ સાથે આનું શ્લોકપ્રમાણ ૧૪૫૦૦ છે.

૪. આના પરિચય માટે જુઓ Descriptive Catalogue of Govt. Collections of MSS. Vol. XVIII, pp. 331-332

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધમ્મોવએસમાલા (ધર્મોપદેશમાલા)

જૈન મહારાષ્ટ્રીમાં ૯૮ આર્યા છન્દમાં રચાયેલી આ કૃતિ[1]ના લેખક કૃષ્ણ મુનિના શિષ્ય અને પ્રસ્તુત કૃતિના આદ્ય વિવરણકાર જયસિંહસૂરિ મનાય છે. આ કૃતિ ધર્મદાસગણીકૃત ઉવએસમાલાનું પ્રાયઃ અનુકરણ કરે છે.

ટીકા – આ કૃતિ ઉપર ઉપર્યુક્ત જયસિંહસૂરિએ ૫૭૭૮ શ્લોકપ્રમાણ એક વિવરણ નાગોરમાં વિ.સં.૯૧૫માં પૂરું કર્યું હતું. તેમાં વ્યાખ્યા સંસ્કૃતમાં છે પરંતુ ૧૫૬ કથાઓ જૈન મહારાષ્ટ્રીમાં છે. આ કથાઓ અનેક દૃષ્ટિએ મહત્ત્વની છે. સત્પુરુષના સંગના મહિમાને સૂચવવા માટે ૧૯મી ગાથાના વિવરણમાં વંકચૂલની કથા આપવામાં આવી છે. પૃ. ૧૯૩-૧૯૪ ઉપર ઋષભદેવ વગેરે ચોવીસ તીર્થંકરોની સ્તુતિરૂપ જયકુસુમમાલાની રચના વિવરણકારે જૈન મહારાષ્ટ્રીમાં કરી છે. આ ઉપરાંત આ વિવરણના અંતે આ તીર્થંકરોના ગણધરો અને શ્રુતસ્થવિરોના[2] વિશે જૈન મહારાષ્ટ્રી પદ્યમાં જાણકારી આપવામાં આવી છે. પ્રસ્તુત વિવરણમાં ધર્મદાસગણીકૃત ઉવએસમાલાના પોતાના (જયસિંહસૂરિના) વિવરણનાં ઉલ્લેખો અનેક સ્થાને આવે છે. તેમણે 'દ્વિમુનિચરિત'[3] અને 'નેમિનાથચરિત' પણ લખ્યાં છે.

વળી, આ કૃતિ ઉપર હર્ષપુરીય ગચ્છના (મલધારી) હેમચન્દ્રસૂરિના પટ્ટધર વિજયસિંહસૂરિએ વિ.સં.૧૧૯૧માં ૧૪,૪૭૧ શ્લોકપ્રમાણ વિવરણ સંસ્કૃતમાં લખ્યું છે. તેમાં કથાઓનો વિસ્તાર છે. આ ઉપરાંત મદનચન્દ્રસૂરિના શિષ્ય મુનિદેવે વિ.સં.૧૩૨૫માં એક વૃત્તિ લખી છે અને તેમાં તેમણે જયસિંહસૂરિકૃત વિવરણનો ઉપયોગ કર્યો છે.

ઉવએસમાલા (ઉપદેશમાલા)

'પુષ્પમાલા'ના નામે જાણીતી અને 'કુસુમમાલા'ના ગૌણ નામને ધારણ કરનારી તથા આધ્યાત્મિક રૂપકોથી અલંકૃત જૈન મહારાષ્ટ્રીના ૫૦૫ આર્યા

---

૧. આ કૃતિ જયસિંહસૂરિકૃત વિવરણસહિત 'સિંઘી જૈન ગ્રન્થમાલા'ના ૨૮મા ગ્રન્થાંકના રૂપે સન્ ૧૯૪૯માં પ્રકાશિત થઈ છે.

૨. જમ્બૂસ્વામીથી લઈને દેવવાચક સુધીના

૩. જુઓ ઉપર્યુક્ત પ્રકાશનની પ્રસ્તાવના, પૃ. ૬

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છન્દમાં રચાયેલી આ કૃતિના[1] પ્રણેતા મલધારી હેમચન્દ્રસૂરિ છે. તેમણે તેમાં પોતાનું નામ ધર્મદાસગણીની જેમ કુશળતાપૂર્વક સૂચિત કર્યું છે. ધર્મદાસગણીની ઉપદેશમાલાના અનુકરણરૂપ આ કૃતિ છે. તેમાં વિવિધ દૃષ્ટાંતો આપી નીચે જણાવેલા વીસ અધિકારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

૧. અહિંસા, ૨. જ્ઞાન, ૩. દાન, ૪. શીલ, ૫. તપ, ૬. ભાવના, ૭. સમ્યક્ત્વની શુદ્ધિ, ૮. ચારિત્રની શુદ્ધિ, ૯. ઈન્દ્રિયો ઉપર વિજય, ૧૦. કષાયોનો નિગ્રહ, ૧૧. ગુરુકુલવાસ, ૧૨. દોષોની આલોચના, ૧૩. ભવવૈરાગ્ય, ૧૪. વિનય, ૧૫. વૈયાવૃત્ય, ૧૬. સ્વાધ્યાયપ્રેમ, ૧૭. અનાયતનનો ત્યાગ, ૧૮. નિન્દાનો પરિહાર, ૧૯. ધર્મમાં સ્થિરતા, ૨૦. અનશનરૂપ પરિજ્ઞા.

ટીકાઓ — બૃહટ્ટિપ્પનિકા (ક્રમાંક ૧૭૭) અનુસાર લેખકની પોતાની લખેલી સ્વોપજ્ઞ વૃત્તિ વિ.સં.૧૧૭૫માં રચાઈ છે. તેનું પરિમાણ લગભગ ૧૩,૦૦૦ શ્લોકપ્રમાણ છે. તેમાં મૂલ કૃતિમાં દૃષ્ટાન્ત દ્વારા સૂચિત કથાઓ ગદ્ય અને પદ્યમાં જૈન મહારાષ્ટ્રીમાં આપવામાં આવી છે. આ ઉપરાંત અંચલગચ્છના જયશેખરસૂરિએ વિ.સં.૧૪૬૨માં ૧૯૦૦ શ્લોકપ્રમાણ અવચૂરિ, સાધુ સોમગણીએ વિ.સં.૧૫૧૨માં વૃત્તિ, અન્ય કોઈએ વિ.સં.૧૫૧૯ના પહેલાં એક બીજી વૃત્તિ અને મેરુસુંદરે બાલાવબોધની રચના કરી છે.[2]

ઉવએસરસાયણ (ઉપદેશરસાયન)

ચચ્ચરી ઈત્યાદિના કર્તા જિનદત્તસૂરિએ 'પદ્ધટિકા' છન્દમાં અપભ્રંશમાં તેની રચના[3] કરી છે. તેના વિવરણકારના મતાનુસાર તે બધા રાગોમાં ગવાય છે. તેમાં લોકપ્રવાહ, સુગુરુનું સ્વરૂપ, ચૈત્યવિધિ તથા શ્રાવક અને શ્રાવિકાની હિતશિક્ષા — આ બધા વિષયોને સ્થાન અપાયું છે.

---

૧. શ્રી કર્પૂરવિજયજીકૃત ભાવાનુવાદ સાથે આ કૃતિ 'જૈન શ્રેયસ્કર મંડલ', મહેસાણાએ સન્ ૧૯૧૧માં પ્રકાશિત કરી છે. તે પછી સ્વોપજ્ઞ વૃત્તિ સાથે તે 'ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા' રતલામથી વિ.સં.૧૯૯૩માં પ્રકાશિત થઈ છે.

૨. શ્રી કર્પૂરવિજયજીએ આનો ભાવાનુવાદ કર્યો છે અને તે છપાયો પણ છે.

૩. જિનપાલકૃત સંસ્કૃત વ્યાખ્યા સાથે આ રચના 'અપભ્રંશકાવ્યત્રયી'માં (પૃ.૨૯-૬૬) છપાઈ છે. કર્તાએ અંતિમ પદ્યમાં 'ઉવએસરસાયણ' નામ આપ્યું છે. જિનપાલે પોતાની વ્યાખ્યાના આરંભમાં તેને ઉપદેશરસાયન અને ધર્મરસાયન રાસક (રાસા) કહી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસ્તુત કૃતિનાં ૪, ૬, ૨૭, ૨૯, ૩૩, ૩૪, ૬૯ અને ૭૧ પદ્ય ગણહરસદ્ધસયગ (ગણધરસાર્ધશતક)ની સુમતિગણીની બૃહદ્વૃત્તિમાં ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.

ટીકાઓ – જિનપાલે વિ.સં.૧૨૯૨માં સંસ્કૃતમાં એક વ્યાખ્યા લખી છે. તે ઉપરાંત ભાંડાગારિક નેમિચન્દ્રે તેના ઉપર એક વિવરણ લખ્યું હતું એમ કેટલાક કહે છે.

## ઉપદેશકન્દલી

જૈન મહારાષ્ટ્રીનાં ૧૨૫ પદ્યોમાં રચાયેલી આ કૃતિના પ્રણેતા આસડ છે. તે 'ભિન્નમાલ' કુલના કટુકરાજના પુત્ર અને જાસડના ભાઈ હતા. તેમની માતાનું નામ રઆનલદેવી હતું. તેમની આ રચના અભયદેવસૂરિના[1] ઉપદેશનું પરિણામ છે. આ જ આસડે વિ.સં.૧૨૪૮માં વિવેગમંજરી (વિવેકમંજરી) રચી છે. તેમને પૃથ્વીદેવી અને જૈતલ્લ નામની બે પત્ની હતી. જૈતલ્લદેવીથી તેમને રાજડ અને જૈત્રસિંહ નામના બે પુત્ર થયા હતા.

ટીકા – ઉપર્યુક્ત અભયદેવસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિના શિષ્ય બાલચન્દ્રસૂરિએ આસડના પુત્ર જૈત્રસિંહની વિનંતીથી તેના ઉપર ૭,૬૦૦ શ્લોકપ્રમાણની એક ટીકા લખી હતી અને આ કાર્યમાં પ્રદ્યુમ્ન[2] અને પદ્મચન્દ્રે[3] સહાય કરી હતી. વળી, ઉપદેશકન્દલી ઉપર લખાયેલી એક ટીકાની વિ.સં.૧૨૯૬માં લખાયેલી એક હસ્તલિખિત પ્રતિ મળે છે. આ ટીકાનો તથા મૂળ કૃતિનો કેટલોક ભાગ Descriptive Catalogue of Govt. Collections of MSS (Vol. XVIII, part I) માં છપાયો છે.

## હિતોપદેશમાલા-વૃત્તિ

આને હિતોપદેશમાલાપ્રકરણ પણ કહે છે.[4] આ પ્રકરણ પરમાનન્દસૂરિએ વિ.સં.૧૩૦૪માં રચ્યું હતું. તે નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય દેવભદ્રસૂરિના શિષ્ય હતા.

---

૧. તે 'ચન્દ્રકુલ'ના દેવેન્દ્રસૂરિના શિષ્ય ભદ્રેશ્વરના પટ્ટધર હતા.
૨. તે દેવાનન્દગચ્છના કનકપ્રભના શિષ્ય હતા.
૩. તે બૃહદ્ગચ્છના ધનેશ્વરસૂરિના શિષ્ય હતા.
૪. જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પૃ. ૪૦૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉવએસચિંતામણિ (ઉપદેશચિન્તામણિ)

જૈન મહારાષ્ટ્રીના ૪૧૫ પદ્યોમાં રચાયેલી આ કૃતિના[1] લેખક અંચલગચ્છના મહેન્દ્રસૂરિના શિષ્ય જયશેખરસૂરિ છે. તે ચાર વિભાગોમાં વિભક્ત છે અને તે ચારમાં ક્રમશઃ ધર્મની પ્રશંસા, ધર્મની સામગ્રી, દેશવિરતિ અને સર્વવિરતિનું નિરૂપણ છે. ચોથા અધિકારના ઉપાન્ત્ય (૧૫૭મા) પદ્યમાં કર્તાએ પોતાનું પ્રાકૃત નામ કુંજર, નયર, વિસેસ, આહવ, સરસ, પસૂણ અને વરિસ એ શબ્દોના મધ્યાક્ષર દ્વારા સૂચિત કર્યું છે.

ટીકાઓ – આના ઉપર એક સ્વોપજ્ઞ ટીકા છે, તે ૧૨,૦૬૪ શ્લોકપ્રમાણની છે. આ ટીકા વિ.સં.૧૪૩૬માં 'નૃસમુદ્ર' નગરમાં રચવામાં આવી હતી. આ ઉપરાંત કર્તાએ પોતે જ આ જ વર્ષમાં ૪૩૦૫ શ્લોકપ્રમાણની અવચૂરિ પણ લખી છે. મેરુતુંગે આના ઉપર એક વૃત્તિ અને કોઈ અજ્ઞાત લેખકે એક અવચૂરિ પણ લખી છે.[2]

પ્રબોધચિન્તામણિ

આ કૃતિને[3] ઉપર્યુક્ત જયશેખરસૂરિએ વિ.સં.૧૪૬૨માં ૧૯૯૧ પદ્યોમાં રચી છે. તે સાત અધિકારોમાં વિભક્ત છે અને તે અધિકારોમાં મોહ અને વિવેકનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. પ્રથમ અધિકારમાં ચિદાનન્દમય પ્રકાશને વંદન કરીને પરમાત્માનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બીજામાં આગામી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર બનનાર પદ્મનાભ તથા તેમના શિષ્ય ધર્મરુચિનું જીવનવૃત્તાન્ત છે. ત્રીજામાં મોહ અને વિવેકની ઉત્પત્તિ તથા મોહ દ્વારા રાજ્યની પ્રાપ્તિનું વર્ણન આવે છે. ચોથામાં વિવેકના વિવાહ તથા તેને મળેલ રાજ્યના વિશે નિરૂપણ છે. પાંચમામાં મોહ દ્વારા મોકલવામાં આવેલ દૂત અને કન્દર્પના દિગ્વિજયની વાત આવે છે. છઠ્ઠામાં કન્દર્પનો પ્રવેશ, 'કલિ'કાલ અને વિવેકનું પ્રસ્થાન નિરૂપવામાં આવ્યું છે. સાતમામાં મોહ અને

---

૧. સ્વોપજ્ઞ ટીકા અને ગુજરાતી અનુવાદ સાથે આ કૃતિ ચાર ભાગોમાં હીરાલાલ હંસરાજે પ્રકાશિત કરી છે, પરંતુ જિનરત્નકોશ (વિ.૧, પૃ. ૪૭)માં મૂલ કૃતિમાં ૫૪૦ ગાથા હોવાનો અને હીલાલાલ હંસરાજે સન્ ૧૯૧૯માં તેને પ્રકાશિત કરી હોવાનો ઉલ્લેખ છે.

૨. મૂલ અને સ્વોપજ્ઞ ટીકાનો શ્રી હરિશંકર કાલિદાસ શાસ્ત્રીએ કરેલો ગુજરાતી અનુવાદ છપાયો છે.

૩. આ ગ્રન્થ જૈનધર્મ પ્રસારક સભાએ વિ.સં.૧૯૬૫માં પ્રકાશિત કર્યો છે. આ જ સભાએ તેનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેકનું યુદ્ધ, વિવેકનો વિજય અને પરમાત્માનું વર્ણન છે તથા છેલ્લે પ્રશસ્તિ છે. આમાં પ્રસંગોપાત્ત અજૈન દર્શનોના વિશે પણ જાણકારી આપવામાં આવી છે.

ઉપદેશરત્નાકર

આ[1] અધ્યાત્મકલ્પદ્રુમ વગેરેના કર્તા અને સોમસુંદરસૂરિના શિષ્ય સહસ્રાવધાની મુનિસુંદરસૂરિની[2] પદ્યાત્મક કૃતિ છે. અનેક દૃષ્ટાંતોથી અલંકૃત આ કૃતિ સંપૂર્ણપણે સંસ્કૃતમાં કે જૈન મહારાષ્ટ્રીમાં નથી. તેમાં કુલ ૪૪૭ પદ્ય છે, તેમાંથી ૨૩૪ સંસ્કૃતમાં છે અને બાકીનાં ૨૧૩ જૈન મહારાષ્ટ્રીમાં છે. વચ્ચે વચ્ચે ૫૬ પદ્ય ઉદ્ધરણરૂપે આવે છે. તેમને ન ગણીએ તો આ કૃતિ ૩૯૧ પદ્યોની ગણાય.

આ આખી કૃતિ ત્રણ અધિકારોમાં વિભક્ત છે. પ્રથમ અધિકારને 'પ્રાચ્યતટ' અને અંતિમને 'અપરતટ' કહ્યો છે. પ્રથમ બે અધિકારોમાં ચાર ચાર અંશ અને પ્રત્યેક અંશમાં અલ્પાધિક તરંગ છે. અંતિમ તટમાં આઠ વિભાગ છે અને તેમનામાંથી પ્રથમ ચારનો 'તરંગ' નામથી નિર્દેશ છે.[3]

આ કૃતિમાં વિવિધ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જેવા કે શ્રોતાની યોગ્યતા, સાચો ધર્મ, જીવોનું વૈવિધ્ય, સાધુઓની વૃત્તિ, ધર્મનું ફળ, ક્ષત્રિય વગેરેનો ધર્મ, જિનપૂજા, અને જિનેશ્વરનું સ્વરૂપ.

---

૧. આ કૃતિના પહેલા બે અધિકારોનું સ્વોપજ્ઞ વૃત્તિ સહિત પ્રકાશન દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૧૪માં કર્યું છે. જિનરત્નકોશ (વિ.૧, પૃ.૫૨)માં આ પ્રકાશનનું વર્ષ સન્ ૧૯૨૨ આપ્યું છે, પરંતુ તે ખોટું છે. આ કૃતિની સંપૂર્ણ આવૃત્તિ ચન્દનસાગરજીના ગુજરાતી અનુવાદ અને મારી વિસ્તૃત પ્રસ્તાવના સાથે 'જૈન પુસ્તકપ્રચારક સંસ્થા'એ વિ.સં.૨૦૦૫માં પ્રકાશિત કરી છે.

૨. તેમના જીવનકાળ અને કૃતિકલાપના વિશે મેં ઉપર્યુક્ત ભૂમિકામાં (પૃ.૫૯-૯૨) વિગતે પરિચય આપ્યો છે. તેમનો જન્મ વિ.સં.૧૪૦૩ અને સ્વર્ગવાસ વિ.સં.૧૫૦૩માં થયો હોવાનું મનાય છે.

૩. જુઓ ઉપર્યુક્ત ભૂમિકા (પૃ.૮). ત્યાં કેટલીક વિશેષ વાતો કહી છે.

JAINSITE જૈન સાઈટ .com જૈન સાહિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા – કર્તાએ પોતે તેના ઉપર વૃત્તિ લખી છે. તેનું અર્થાત્ મૂલ સહિત તેનું પરિમાણ ૭૬૭૫ શ્લોકપ્રમાણ છે. અપરતટ ઉપર વૃત્તિ નથી.[1]

### ૧. ઉપદેશસપ્તતિકા

આનું બીજું નામ 'ગૃહસ્થધર્મોપદેશ' પણ છે. વિ.સં.૧૫૦૩માં રચાયેલી ૩૦૦૦ શ્લોકપ્રમાણની આ કૃતિ[2]ના કર્તા સોમધર્મગણી છે. તે સોમસુંદરસૂરિના શિષ્ય ચારિત્રરત્નગણીના શિષ્ય હતા. આ કૃતિ પાંચ અધિકારોમાં વિભક્ત છે. તેમાં ઉપદેશાત્મક ૭૫ કથાઓ છે. પ્રસ્તુત કૃતિમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વનું નિરૂપણ છે. પહેલા અને ત્રીજા તત્ત્વને માટે બે બે અને બીજાને માટે એક અધિકાર છે. આ પાંચ અધિકારોમાંથી પહેલા અધિકારમાં તીર્થંકરની પૂજા, દેવવ્રત વગેરે વિષય છે. બીજામાં તીર્થનું અને ત્રીજામાં ગુરુના ગુણોનાં કીર્તન, વન્દન અને તેમની પૂજાનું વર્ણન છે. ચોથો ચાર કષાય વિષયક છે અને પાંચમો ગૃહસ્થધર્મ વિષયક છે.[3]

### ૨. ઉપદેશસપ્તતિકા

जैन साईट JAINSITE.com

આની[4] રચના ખરતરગચ્છના ક્ષેમરાજે કરી છે.

ટીકાઓ – આના ઉપર લેખકે પોતે એક ટીકા લખી છે. ૭૯૭૫ શ્લોકપ્રમાણ ધરાવતી આ ટીકા વિ.સં.૧૫૪૭માં રચાઈ છે. આ ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

---

૧. શ્રી ચન્દનસાગરજીએ આ મૂલ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને તે છપાયો પણ છે.

૨. આ કૃતિ જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૧માં પ્રકાશિત કરી છે. ઉપરાંત 'જૈન સસ્તું સાહિત્ય ગ્રન્થમાળા'માં વિ.સં.૧૯૯૮માં પણ તે પ્રકાશિત થઈ છે.

૩. આનો ગુજરાતી અનુવાદ જૈન આત્માનન્દ સભાએ પ્રકાશિત કર્યો છે.

૪. આ ગ્રન્થ સ્વોપજ્ઞ ટીકા અને ગુજરાતી અનુવાદ સાથે જૈન ધર્મ પ્રસારક સભાએ (મૂલ અને ટીકા સન્ ૧૯૧૭માં તથા અનુવાદ વિ.સં.૧૯૭૬માં) પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદેશતરંગિણી

૩૩૦૦ શ્લોકપ્રમાણની આ ગદ્યાત્મક કૃતિને[1] 'ધર્મોપદેશતરંગિણી' પણ કહે છે. તેના કર્તા છે રત્નમન્દિરગણી. તે તપાગચ્છના સોમસુન્દરસૂરિના શિષ્ય નન્દિરત્નગણીના શિષ્ય હતા. તેમણે વિ.સં.૧૫૧૭માં 'ભોજપ્રબંધ' લખ્યો છે. અનેક દૃષ્ટાંત અને સૂક્તિઓથી અલંકૃત પ્રસ્તુત કૃતિનો પ્રારંભ શત્રુંજય વગેરે વિવિધ તીર્થોના સંકીર્તન સાથે થયો છે. આ કૃતિ પાંચ તરંગોમાં વિભક્ત છે. અંતિમ બે તરંગ પહેલા ત્રણ તરંગોની અપેક્ષાએ બહુ જ નાના છે. પહેલા તરંગમાં દાન, શીલ, તપ અને ભાવનું નિરૂપણ છે. બીજામાં જિનમન્દિર વગેરે સાત ક્ષેત્રોમાં દાન દેવાનું કથન છે. ત્રીજા તરંગમાં જિનપૂજાનો, ચોથામાં તીર્થયાત્રાનો અને પાંચમામાં ધર્મોપદેશનો અધિકાર છે. પત્ર ૨૬૮માં વસંતવિલાસના નામોલ્લેખ સાથે એક ઉદ્ધરણ પણ આપ્યું છે.[2]

૧. આત્માનુશાસન

આ હરિભદ્રસૂરિની કૃતિ મનાય છે, પરંતુ હજુ સુધી તે મળી નથી.

૨. આત્માનુશાસન

૨૭૦ શ્લોકોની આ કૃતિ[3] દિગંબર જિનસેનાચાર્યના શિષ્ય ગુણભદ્રની રચના છે. તેમાં વિવિધ છન્દોનો ઉપયોગ થયો છે. તેમાં શિકારનો નિષેધ,

---

૧. આ કૃતિ યશોવિજય જૈન ગ્રન્થમાલામાં બનારસથી વીર સંવત્ ૨૪૩૭માં પ્રકાશિત થઈ છે. તેની વિ.સં.૧૫૧૯ની એક હસ્તલિખિત પ્રતિ મળી છે. તેની જાણકારી મેં DCGCM (Vol. XVIII, Part I, No. 201)માં આપી છે.

૨. આનો ગુજરાતી અનુવાદ હીરાલાલ હંસરાજે કર્યો છે, તે અનેક દૃષ્ટિએ દૂષિત છે.

૩. આ કૃતિ 'સનાતન જૈન ગ્રંથમાળા'માં સન્ ૧૯૦૫માં પ્રકાશિત થઈ છે. ટીકા તથા જગમન્દરલાલ જૈનીના અંગ્રેજી અનુવાદ સાથે તે Sacred Books of the Jainas ગ્રન્થમાલામાં આરાથી સન્ ૧૯૨૮માં પ્રકાશિત થઈ છે. પં. ટોડરમલે રચેલી ભાષાટીકા સાથે તેને ઈન્દ્રલાલ શાસ્ત્રીએ જયપુરથી 'મલ્લિસાગર દિ. જૈન ગ્રન્થમાલા'માં વીરસંવત્ ૨૪૮૨માં પ્રકાશિત કરી છે. આ ઉપરાંત પં. વંશીધર શાસ્ત્રીકૃત ભાષાટીકા સાથે પણ મૂલ કૃતિ છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલની કરાલતા, પરીષહ અને દુ:ખોને સહન કરવા, ગુરુની કઠોર વાણીની આદરણીયતા, આત્માનું સ્વરૂપ વગેરે વિષયો છે. તેમાં મુક્તિની સાધના માટેનો ઉપદેશ દેવામાં આવ્યો છે. ૨૬૯મા શ્લોકમાં શ્લેષ દ્વારા કર્તાએ પોતાનું અને પોતાના ગુરુનું નામ સૂચવ્યું છે.

ટીકા – તેના ઉપર પ્રભાચન્દ્રે એક ટીકા લખી છે. તેને આત્માનુશાસનતિલક કહે છે કે અન્યને એ વિચારણીય છે. આ મૂલ કૃતિ ઉપર પં. ટોડરમલે તથા પં. વંશીધર શાસ્ત્રીએ એક એક ભાષાટીકા લખી છે.[1]

## ધર્મસાર

આ હરિભદ્રસૂરિની કૃતિ છે. તેનો ઉલ્લેખ પંચસંગ્રહ (ગાથા ૮)ની ટીકા (પત્ર ૧૧ આ)માં મલયગિરિસૂરિએ કર્યો છે, પરંતુ આજ સુધી તે મળી જ નથી.

ટીકા – પ્રસ્તુત કૃતિ ઉપર મલયગિરિસૂરિએ એક ટીકા લખી છે, પરંતુ તે પણ મૂલની જેમ અપ્રાપ્ય છે. આ ટીકાનો ઉલ્લેખ મલયગિરિએ ધર્મસંગ્રહણીમાં કર્યો છે.

## ધર્મબિન્દુ

આ હરિભદ્રસૂરિની આઠ અધ્યાયોમાં વિભક્ત કૃતિ[2] છે. આ અધ્યાયોમાં અલ્પાધિક સૂત્રો છે. તેમની કુલ સંખ્યા ૫૪૨ છે. આ કૃતિ ગૃહસ્થ અને શ્રમણોના સામાન્ય તથા વિશેષ ધર્મો પર પ્રકાશ નાખે છે. તેમાં નીચે જણાવેલા અધ્યાયો છે. ૧. ગૃહસ્થસામાન્યધર્મ, ૨. ગૃહસ્થદેશનાવિધિ, ૩. ગૃહસ્થવિશેષદેશનાવિધિ, ૪. યતિસામાન્યદેશનાવિધિ, ૫. યતિધર્મદેશનાવિધિ, ૬. યતિધર્મવિશેષદેશનાવિધિ, ૭. ધર્મફલદેશનાવિધિ, ૮. ધર્મફલવિશેષદેશનાવિધિ.

---

૧. શ્રી જગમન્દરલાલ જૈનીએ તેનો અંગ્રેજી અનુવાદ પણ કર્યો છે.

૨. આ કૃતિ મુનિચન્દ્રસૂરિની ટીકા સાથે જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૬૭માં પ્રકાશિત કરી છે. તેનો ગુજરાતી અનુવાદ સન્ ૧૯૨૨માં છપાયો છે. આ ઉપરાંત મુનિચન્દ્રસૂરિની ટીકા સાથે મૂલ કૃતિનો અમૃતલાલ મોદીએ કરેલો હિંદી અનુવાદ 'હિન્દી જૈન સાહિત્ય પ્રચારક મંડલ', અમદાવાદે સન્ ૧૯૫૧માં પ્રકાશિત કર્યો છે.

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કૃતિ માર્ગાનુસારીના ૩૫ ગુણો ઉપર પ્રકાશ નાખે છે.

ટીકા – આના ઉપર મુનિચન્દ્રસૂરિએ ૩૦૦૦ શ્લોકપ્રમાણની એક ટીકા લખી છે. તેની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૧૮૧ની મળે છે.[1]

ધર્મરત્નકરંડક

૯૫૦૦ શ્લોકપ્રમાણનો આ ગ્રન્થ[2] અભયદેવસૂરિના શિષ્ય વર્ધમાને વિ.સં.૧૧૭૨માં લખ્યો છે.

ટીકા – આના ઉપર વિ.સં.૧૧૭૨માં લખાયેલી સ્વોપજ્ઞ વૃત્તિ છે. તેના સંશોધકોનાં નામ અશોકચન્દ્ર, ધનેશ્વર, નેમિચન્દ્ર અને પાર્શ્વચન્દ્ર છે.

ધમ્મવિહિ (ધર્મવિધિ)

આ ચન્દ્રકુલના સર્વદેવસૂરિના શિષ્ય શ્રીપ્રભસૂરિની કૃતિ છે.[3] જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૫૦ પદ્ય આમાં છે. તેમાં નીચે જણાવેલાં આઠ દ્વારોનું નિરૂપણ છે : ૧. ધર્મની પરીક્ષા, ૨. તેની પ્રાપ્તિ, ૩. ધર્મના ગુણ તથા અતિશય, ૪. ધર્મના નાશનાં કારણો, ૫. ધર્મ દેનાર ગુરુ, ૬. ધર્મને યોગ્ય કોણ ? ૭. ધર્મના પ્રકાર, ૮. ધર્મનું ફળ.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. આનો ગુજરાતી અનુવાદ મણિલાલ દોશીએ કર્યો છે અને તે છપાયો પણ છે. મૂલ અને ઉપર્યુક્ત ટીકાનો હિન્દી અનુવાદ અમૃતલાલ મોદીએ કર્યો છે. તે પ્રકાશિત થયો છે. તે ઉપરાંત ડૉ. સુઆલીએ ઈટાલિયન ભાષામાં પણ મૂલનો અનુવાદ કર્યો છે. પહેલા ત્રણ અધ્યાયોનો અનુવાદ ટિપ્પણીઓ સાથે Journal of Italian Asiatic Society (Vol.21)માં છપાયો છે.

૨. આ કૃતિ હીરાલાલ હંસરાજે બે ભાગોમાં સન્ ૧૯૨૫માં પ્રકાશિત કરી છે.

૩. પહેલા કેવળ મૂલ કૃતિ 'હંસવિજયજી ફ્રી લાયબ્રેરી'એ વિ.સં.૧૯૫૪માં છપાવી હતી, પરંતુ પછી સન્ ૧૯૨૪માં ઉદયસિંહસૂરિકૃત વૃત્તિ અને સંસ્કૃત છાયા સાથે આ કૃતિ ઉક્ત લાયબ્રેરીએ પુનઃ પ્રકાશિત કરી હતી. તેના પ્રારંભમાં મૂલ કૃતિ તથા તેની સંસ્કૃત છાયા પણ આપવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ દ્વારોના નિરૂપણમાં વિભિન્ન ઉદાહરણો આપવામાં આવ્યાં છે. કથાઓ નીચે મુજબ છે : ઈલાપુત્ર, ઉદયનરાજા, કામદેવ શ્રાવક, જમ્બૂસ્વામી, નન્દમણિકાર, પ્રદેશી રાજા, મૂલદેવ, વંકચૂલ, વિષ્ણુકુમાર, સમ્પ્રતિ રાજા, સુભદ્રા, સુરદત્ત શ્રેષ્ઠી અને સ્થૂલિભદ્ર. આ કથાઓની પદ્યસંખ્યા ૪૩૭૫ છે. આમાંથી કેવળ જમ્બૂસ્વામી કથાના પદ્ય ૧૪૫૦ છે.

આમાં સમ્યક્ત્વની પ્રાપ્તિથી દેશવિરતિની પ્રાપ્તિ સુધીનો ક્રમ દર્શાવ્યો છે. તેમાં દાનાદિ ચતુર્વિધ ધર્મ તથા ગૃહસ્થધર્મ અને સાધુધર્મ એમ દ્વિવિધ ધર્મના વિશે કથન છે. આ ધર્મોનું નિરૂપણ કરતી વખતે સમ્યક્ત્વના દસ પ્રકાર અને શ્રાવકના બાર વ્રતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ટીકાઓ – કર્તાએ પોતે આના ઉપર ટીકા લખી હતી, પરંતુ તેમના પ્રશિષ્ય ઉદયસિંહે વિ.સં.૧૨૫૩માં તેના ખોવાઈ જવાનો ઉલ્લેખ ધર્મવિધિની પોતાની વૃત્તિની પ્રશસ્તિમાં (શ્લોક ૬) કર્યો છે. ઉદયસિંહની આ વૃત્તિ ૫૫૨૦ શ્લોકપ્રમાણ છે અને ચન્દ્રાવતીમાં વિ.સં.૧૨૮૬માં રચાઈ છે. તેમાં મૂલમાં આપવામાં આવેલાં ઉદાહરણોની સ્પષ્ટતા માટે તેર કથાઓ આપી છે. આ કથાઓ જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા પદ્યોમાં છે. આ વૃત્તિના અંતે વીસ પદ્યોની પ્રશસ્તિ છે.

મૂલ કૃતિ ઉપર એક બીજી વૃત્તિ જયસિંહસૂરિની છે, જે ૧૧૧૪૨ શ્લોકપ્રમાણ છે. તેમણે 'ઉવએસસાર' એવા નામાન્તરવાળી અન્ય ધમ્મવિહિ ઉપર ટીકા લખી છે.

## ધર્મામૃત

દિગંબર આશાધરે[1] આ પદ્યાત્મક કૃતિ[2] બે ભાગોમાં રચી છે. આ બે ભાગોને અનુક્રમે 'અનગારધર્મામૃત' અને 'સાગારધર્મામૃત' કહે છે. પહેલા

---

૧. તેમણે પૂજ્યપાદરચિત 'ઈષ્ટોપદેશ' અને તેની સ્વોપજ્ઞ મનાતી ટીકા ઉપર ટીકા લખી છે અને તેમાં ઉપર્યુક્ત સ્વોપજ્ઞ ટીકાનો સમાવેશ કરી લીધો છે.

૨. આ કૃતિ સ્વોપજ્ઞ ટીકા સાથે માણિકચંદ્ર દિગંબર ગ્રન્થમાલામાં છપાઈ છે. તે ઉપરાંત સાગારધર્મામૃત 'વિજયોદયા' ટીકા સાથે 'સરલ જૈન ગ્રન્થમાલા'એ જબલપુરથી વીર સંવત્ ૨૪૮૨ અને ૨૪૮૪માં પ્રકાશિત કરી છે. તેમાં મોહનલાલ શાસ્ત્રીનો હિન્દી અનુવાદ પણ છપાયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગમાં નવ અધ્યાય છે. તેમનામાં સાધુઓના આચારનું નિરૂપણ છે. બીજા ભાગમાં આઠ અધ્યાય છે અને તેમનામાં શ્રાવકોના આઠ મૂલગુણ[૧] તથા બાર વ્રતોને બાર ઉત્તરગુણ માની તેમનું સ્વરૂપ જણાવ્યું છે. આ સંબંધમાં વિશેષ જાણકારી મેં મારા 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' ભાગ ૨માં રજૂ કરી છે.

આશાધર બધેરવાલ જાતિના રાજમાન્ય સલ્લક્ષણ અને તેમની પત્ની શ્રીરત્નીના પુત્ર હતા. તેમનો જન્મ માંડવગઢમાં થયો હતો. મહાવીર તેમના વિદ્યાગુરુ છે. તેમણે પોતાની પત્ની સરસ્વતીથી જન્મેલા પુત્ર છાહડની પ્રશંસા કરી છે. તેમણે નલકચ્છપુરના રાજા અર્જુનદેવના રાજ્યમાં પાંત્રીસ વર્ષ વીતાવ્યાં હતાં અને ઘણું સાહિત્ય રચ્યું હતું. ઉદયસેને 'નયવિશ્વચક્ષુ' અને 'કલિકાલિદાસ' કહીને તથા મદનકીર્તિએ 'પ્રજ્ઞાપુંજ' કહીને તેમની પ્રશંસા કરી છે. તેમના બીજા ગ્રંથો નીચે પ્રમાણે છે : અધ્યાત્મરહસ્ય, ક્રિયાકલાપ, જિનયજ્ઞકલ્પ અને તેની ટીકા, ત્રિષષ્ટિસ્મૃતિશાસ્ત્ર, નિત્યમહોદ્યોત, પ્રમેયરત્નાકર, ભરતેશ્વરાભ્યુદય, રત્નત્રયવિધાન, રાજીમતીવિપ્રલમ્ભ, સહસ્રનામસ્તવન અને તેની ટીકા. આ ઉપરાંત, તેમણે અમરકોશ, અષ્ટાંગહૃદય, આરાધનાસાર, ઈષ્ટોપદેશ, કાવ્યાલંકાર, ભૂપાલચતુર્વિંશતિકા અને મૂલારાધના આ બધા અન્યકર્તૃક ગ્રન્થો ઉપર પણ ટીકાઓ લખી છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

ટીકાઓ – તેના ઉપર આશાધરે પોતે 'જ્ઞાનદીપિકા' નામની પંજિકા લખી છે. આ ઉપરાંત, તેમણે પોતે જ 'ભવ્યકુમુદચંદ્રિકા' નામની બીજી ટીકા પણ લખી છે. આ ટીકા જ્ઞાનદીપિકાની અપેક્ષાએ મોટી છે. અનગારધર્મામૃતની આ સ્વોપજ્ઞ ટીકા વિ.સં.૧૩૦૦ની રચના છે, જ્યારે સાગારધર્મામૃતની સ્વોપજ્ઞ ટીકા વિ.સં.૧૨૯૬માં લખાઈ છે.[૨]

---

૧. એ ત્રણ રીતે ગણવામાં આવે છે : ૧. મદ્ય, માંસ અને મધુ આ ત્રણ પ્રકાર અને પાંચ પ્રકારના ઉદુમ્બર ફળોનો ત્યાગ, ૨. ઉપર્યુક્ત ત્રણ પ્રકાર તથા સ્થૂલ હિંસા આદિ પાંચ પાપોનો ત્યાગ અને ૩. મદ્ય, માંસ અને દ્યૂત તથા ઉપર્યુક્ત પાંચ પાપોનો ત્યાગ.

૨. અનગારધર્મામૃત અને ભવ્યકુમુદચન્દ્રિકાનો હિન્દી અનુવાદ 'હિન્દી ટીકા' નામથી પં. ખૂબચન્દે કર્યો છે. તે ખુશાલચન્દ પાનાચન્દ ગાંધીએ સોલાપુરથી સન્ ૧૯૨૭માં પ્રકાશિત કર્યો છે. સાગારધર્મામૃતનો હિંદી અનુવાદ લાલારામે કર્યો છે અને બે ભાગોમાં 'દિગંબર જૈન પુસ્તકાલય' સૂરતથી પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મોપદેશપ્રકરણ

૮૩૩૨ શ્લોકપ્રમાણની આ કૃતિ યશોદેવે વિ.સં.૧૩૦૫માં રચી છે. તેને પ્રાકૃતમૂલ તથા બહુકથાસંગ્રહ પણ કહે છે.

ધર્મસર્વસ્વાધિકાર

ઉપદેશચિન્તામણિ આદિના પ્રણેતા જયશેખરસૂરિએ ૨૦૦ શ્લોકમાં તેની[1] રચના કરી છે. પહેલા શ્લોકમાં કહ્યું છે કે ધર્મનું રહસ્ય સાંભળવું જોઈએ, સાંભળીને તે ધર્મને ધારણ કરવો જોઈએ અને પોતાને જે પ્રતિકૂળ હોય તેનું આચરણ બીજા પ્રત્યે ન કરવું જોઈએ. બીજા શ્લોકમાં કહ્યું છે કે જેમ કષ (કસોટીના પથ્થર પર ઘસવું), તાપ, છેદન અને તાડન એ ચાર રીતે સોનાની પરીક્ષા કરવામાં આવે છે તેમ ધર્મની શ્રુત (જ્ઞાન), શીલ, તપ અને દયા ગુણોથી પરીક્ષા કરવી જોઈએ. આ કૃતિમાં અહિંસાનો મહિમા, માંસભક્ષણના દોષ, બ્રાહ્મણનાં લક્ષણ, અબ્રહ્મનાં દૂષણો, બ્રહ્મચર્યના ગુણ, ક્રોધ અને ક્ષમાનું સ્વરૂપ, રાત્રિભોજનના દોષો, તીર્થોનો અધિકાર, ગાળ્યા વિનાના પાણીનો ઉપયોગ કરવામાં દોષ, તપ અને દાનનો મહિમા, અતિથિનું સ્વરૂપ તથા મધ ખાવામાં અને કંદમૂળભક્ષણ કરવામાં દોષો – આવી વિવિધ બાબતોનું વર્ણન આવે છે. આ કહેતી વખતે મહાભારત, સ્મૃતિ વગેરે અજૈન ગ્રન્થોમાંથી પ્રસ્તુત વિષય સાથે સમ્બદ્ધ પદ્ય ક્યાંક ક્યાંક ગૂંથી લીધા છે અને આમ અજૈનોને પણ જૈન મન્તવ્ય રુચિકર લાગે એવો પ્રયત્ન કર્યો છે.[2]

ભવભાવણા (ભવભાવના)

આ કૃતિ[3] ઉપદેશમાલા વગેરેના કર્તા મલધારી હેમચન્દ્રસૂરિની છે. તેમાં ઉપમિતિભવપ્રપંચા કથાના આધાર ઉપર આયોજિત રૂપક આવે છે. જૈન

---

૧. હીરાલાલ હંસરાજકૃત ગુજરાતી અનુવાદ સાથે આ કૃતિને ભીમસી માણેકે સન્ ૧૯૦૦માં પ્રકાશિત કરી છે. તેની સાથે કર્પૂરપ્રકર તથા તેનો હીરાલાલ હંસરાજે કરેલો ગુજરાતી અનુવાદ પણ આપવામાં આવ્યો છે. આ પ્રકાશનનું નામ 'ધર્મસર્વસ્વાધિકાર' તથા 'કસ્તુરીપ્રકરણ' છે, પરંતુ 'કસ્તુરીપ્રકરણ'ના બદલે 'કસ્તૂરીપ્રકર' હોવું જોઈએ.

૨. હીરાલાલ હંસરાજે આનો ગુજરાતી અનુવાદ કર્યો છે અને તે છપાયો પણ છે.

૩. આ કૃતિ સ્વોપજ્ઞ ટીકા સાથે ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થાએ બે ભાગમાં પ્રકાશિત કરી છે. પ્રથમ ભાગમાં ૧થી ૩૬૦ પત્ર છે, જ્યારે બીજામાં ૩૬૧થી ૬૯૨ છે. બીજા ભાગમાં સંસ્કૃત ઉપોદ્‌ઘાત, વિષયાનુક્રમ અને પાંચ પરિશિષ્ટ વગેરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહારાષ્ટ્રીમાં રચાયેલાં આર્યાછન્દનાં ૫૩૧ પદ્ય આમાં છે. તેનો મુખ્ય વિષય બાર ભાવનાઓમાંથી ભવભાવના કે સંસારભાવના છે. ૩૨૨ ગાથાઓ કેવળ એના વિશે છે. ભવભાવના ઉપરાંત બીજી અગીઆર ભાવનાઓનું પ્રસંગવશ નિરૂપણ તેમાં આવે છે. એક જ ભવની બાલ્ય આદિ અવસ્થાઓનું પણ એમાં વર્ણન છે. લેખકની ઉપદેશમાલા સાથે આ કૃતિનો વિચાર કરનારને આચારધર્મનો યથેષ્ટ બોધ થઈ શકે છે. તે નીતિશાસ્ત્રનો પણ માર્ગ દર્શાવી શકે છે.

ટીકાઓ — આ કૃતિ ઉપર વિ.સં.૧૧૭૦માં રચાયેલી ૧૨,૯૫૦ શ્લોકપ્રમાણવાળી એક સ્વોપજ્ઞ વૃત્તિ છે. તેમાં મૂળમાં સૂચિત દૃષ્ટાંતોની કથાઓ પ્રાયઃ જૈન મહારાષ્ટ્રીમાં આપવામાં આવી છે. આ કથાઓ ઉપદેશમાલાની સ્વોપજ્ઞ વૃત્તિમાં આવતી કથાઓથી પ્રાયઃ ભિન્ન છે. આ બંને વૃત્તિઓની કથાઓને ભેગી કરતાં એક મહત્ત્વપૂર્ણ કથાકોશ બની શકે છે. આ વૃત્તિના અધિકાંશ ભાગમાં નેમિનાથ[1] અને ભુવનભાનુના[2] ચરિત્રો આવે છે.

ભવભાવના ઉપર જિનચન્દ્રસૂરિએ એક ટીકા લખી છે. તે ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક ટીકા અને અવચૂરિ પણ છે. વળી, તેના ઉપર માણિક્યસુંદરે વિ.સં.૧૭૬૩માં એક બાલાવબોધ લખ્યો છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### ભાવનાસાર

આ અજિતપ્રભની કૃતિ છે. તેમણે પોતે તેનો ઉલ્લેખ વિ.સં.૧૩૭૬માં રચેલ શાન્તિનાથચરિત્રની પ્રસ્તાવનામાં કર્યો છે. આ અજિતપ્રભ પૂર્ણિમાગચ્છના વીરપ્રભના શિષ્ય હતા.

### ભાવનાસન્ધિ

અપભ્રંશમાં રચાયેલી ૭૭ પદ્યોની આ કૃતિ[3]ના કર્તા શિવદેવસૂરિના શિષ્ય જયદેવ છે. તેમાં સન્ ૧૦૫૪માં સ્વર્ગવાસી થનાર મુંજના વિશે ઉલ્લેખ છે.

---

૧. જુઓ પત્ર ૭થી ૨૬૮. આ ચરિત્ર જૈન મહારાષ્ટ્રીનાં ૪૦૫૦ (૮+૪૦૪૨) પદ્યોમાં રચાયું છે. તેમાં સાથે સાથે નવમા વાસુદેવ કૃષ્ણનું ચરિત્ર પણ આલેખવામાં આવ્યું છે.

૨. જુઓ પત્ર ૨૭૯થી ૩૬૦. આ ચરિત્ર મુખ્યપણે સંસ્કૃત ગદ્યમાં છે.

૩. આ કૃતિ Annals of the Bhandarkar Oriental Research Institute (Vol.XII)માં છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૃહન્મિથ્યાત્વમથન

તેના કર્તા હરિભદ્રસૂરિ છે એમ સુમતિગણીએ ગણધરસાર્દ્ધશતકની બૃહદ્વૃત્તિમાં કહ્યું છે પણ આ કૃતિ આજ સુધી મળી નથી.

દરિસણસત્તરિ (દર્શનસપ્તતિ) અથવા સાવયધમ્મપયરણ (શ્રાવકધર્મપ્રકરણ)

આ હરિભદ્રસૂરિની જૈન મહારાષ્ટ્રીનાં ૧૨૦ પદ્યોમાં રચાયેલી કૃતિ[1] છે. તેમાં સમ્યક્ત્વ અને શ્રાવકના સાગારધર્મનું નિરૂપણ છે.[2]

દરિસણસુદ્ધિ (દર્શનશુદ્ધિ) અથવા દરિસણસત્તરિ (દર્શનસપ્તતિ)

આ હરિભદ્રસૂરિની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલ ૭૦ પદ્યોની કૃતિ છે.[3] તેમાં સમ્યક્ત્વના ૬૭ બોલ ઉપર પ્રકાશ પાડ્યો છે. તેને સમ્યક્ત્વસપ્તતિકા પણ કહે છે. તેની પાંચમી અને છઠ્ઠી ગાથા કોઈ પુરોગામીની કૃતિમાંથી ઉદ્ધૃત કરવામાં આવી છે. ગાથા ૫૯-૬૩માં આત્માનું લક્ષણ અને સ્વરૂપ સમજાવ્યું છે.

ટીકાઓ — વિ.સં. ૧૪૨૨માં રચાયેલા ૭૭૧૧ શ્લોકપ્રમાણ 'તત્ત્વકૌમુદી' નામના વિવરણના કર્તા ગુણશેખરસૂરિના શિષ્ય સંઘતિલકસૂરિ છે. તેમાં વિવિધ કથાઓ આપવામાં આવી છે, તેમાંથી કેટલીક સંસ્કૃતમાં છે તો કેટલીક પ્રાકૃતમાં છે. આ ઉપરાંત બે ઉપલબ્ધ અવચૂરિઓમાંથી એક ગુણનિધાનસૂરિના શિષ્યની છે અને બીજી અજ્ઞાતકર્તૃક છે. મુનિસુંદરસૂરિના શિષ્ય શિવમંડનગણીએ પણ તેના ઉપર એક ટીકા લખી છે. શાન્તિચન્દ્રના શિષ્ય રત્નચન્દ્રગણીએ વિ.સં.૧૬૭૬માં તેના ઉપર એક બાલાવબોધ લખ્યો છે.

સમ્મત્તપયરણ (સમ્યક્ત્વપ્રકરણ) અથવા દંસણસુદ્ધિ (દર્શનશુદ્ધિ)

આ પ્રકરણ ચન્દ્રપ્રભસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં લખ્યું છે. તેનો પ્રારંભ 'પત્તભવણ્ણતીરં'થી થાય છે. તેમાં સમ્યક્ત્વની શુદ્ધિના વિશે વિચાર કરવામાં આવ્યો છે.

---

૧. આ ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થાએ સન્ ૧૯૨૯માં પ્રકાશિત કરેલ પ્રકરણસન્દોહમાં છપાઈ છે (પત્ર ૧-૮)

૨. એની પહેલી ગાથા નીચે મુજબ છે :

नमिऊण वद्धमाणं सावगधम्मं समासओ वुच्छं ।
सम्मत्ताई भावत्थसंगयसुत्तनीईए ॥ १ ॥

૩. આ કૃતિ તત્ત્વકૌમુદી સહિત દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૧૩માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકાઓ — કર્તાએ પોતે જ આના ઉપર બૃહદ્વૃત્તિ લખી છે, તેનો પ્રારંભ 'યદ્વક્ત્રામ્ભોજવ્યાપ્ય:'થી થાય છે. ધર્મઘોષસૂરિના શિષ્ય વિમલગણીએ વિ.સં.૧૧૮૪માં તેના પર એક ટીકા લખી છે. ચન્દ્રપ્રભસૂરિના શિષ્ય ધર્મઘોષસૂરિના શિષ્ય દેવભદ્રે પણ તેના ઉપર ૫૨૭ શ્લોકપ્રમાણ વૃત્તિ લખી છે. આ ઉપરાંત, તેના ઉપર ૮૦૦૦ શ્લોકપ્રમાણ રત્નમહોદધિ નામની એક વૃત્તિ છે, તેનો પ્રારંભ ચક્રેશ્વરે કર્યો હતો અને તેમના પ્રશિષ્ય તિલકસૂરિએ વિ.સં.૧૨૭૭માં તેને પૂરી કરી હતી. વળી, તેના ઉપર અજ્ઞાતકર્તૃક એક વૃત્તિ અને બીજી એક ટીકા પણ મળે છે. તેમાંથી વૃત્તિ ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ છે અને જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી કથાઓથી વિભૂષિત છે.

### ૧. સમ્યક્ત્વકૌમુદી

૯૯૫ શ્લોકપ્રમાણ આ કૃતિ જયશેખરે વિ.સં.૧૪૫૭માં રચી છે. તેમાં સમ્યક્ત્વનું નિરૂપણ છે.

### ૨. સમ્યક્ત્વકૌમુદી

આની[1] રચના જયચન્દ્રસૂરિના શિષ્ય જિનહર્ષગણીએ વિ.સં.૧૪૮૭માં કરી છે. તે સાત પ્રસ્તાવોમાં વિભક્ત છે. તેમાં સમ્યક્ત્વી અર્હદ્દાસનું ચરિત્ર આલેખ્યું છે. તે ઉપરાંત તેમાં સમ્યક્ત્વ, મિથ્યાત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, વીસ સ્થાનક, અગીઆર પ્રતિમા, આઠ દૃષ્ટિ વગેરે વિષયોનું પણ નિરૂપણ આવે છે. સંસ્કૃત અને જૈન મહારાષ્ટ્રીમાં ઉધ્ધરણો આપ્યાં છે.[2]

### ૩. સમ્યક્ત્વકૌમુદી

આ કૃતિ ચૈત્રગચ્છના ગુણાકરસૂરિએ વિ.સં.૧૫૦૪માં લખી છે. તે ૧૪૮૮ શ્લોકપ્રમાણ છે.

### ૪. સમ્યક્ત્વકૌમુદી

તેના કર્તા આગમગચ્છના સિંહદત્તસૂરિના શિષ્ય સોમદેવસૂરિ છે. તેમણે પદ્યમાં વિ.સં.૧૫૭૩માં ૩૩૫૨ શ્લોકપ્રમાણ આ કૃતિ રચી છે.

---

૧. જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૦માં આનું પ્રકાશન કર્યું છે.
૨. કર્તાના શિષ્ય જિનભદ્રગણીએ તેના ઉપર એક વૃત્તિ વિ.સં.૧૪૯૭માં લખી છે અને તે છપાઈ પણ છે, એવું જિનરત્નકોશ (વિ.૧, પૃ.૪૨૪)માં જણાવ્યું છે, પણ તે ખોટું જણાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ઉપરાંત બીજી અગીઆર કૃતિઓ સમ્યક્ત્વકૌમુદી નામવાળી મળે છે. તેમાંથી ચાર અજ્ઞાતકર્તૃક[1] છે; બાકીનીના કર્તાઓનાં નામ નીચે મુજબ છે : ધર્મકીર્તિ, મંગરસ, મલ્લિભૂષણ, યશઃકીર્તિ, વત્સરાજ, યશસ્સેન અને વાદિભૂષણ.

સટ્ઠિસય (ષષ્ઠિશત)

૧૬૧ પદ્યોની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ કૃતિના[2] પ્રણેતા ભાંડાગારિક (ભંડારી) નેમિચન્દ્ર છે. તે મારવાડના મરોટ ગામના નિવાસી હતા. તેમણે પોતાના પુત્ર આંબડને જિનપતિસૂરિ પાસે દીક્ષા અપાવી હતી. આ જ આંબડ આગળ ઉપર જિનેશ્વરસૂરિ (વિ.સં.૧૨૪૫-૧૩૩૧) નામથી પ્રસિદ્ધ થયા. નેમિચન્દ્ર ઉપર જિનવલ્લભસૂરિના ગ્રંથોનો પ્રભાવ પડ્યો હતો. તેમણે અપભ્રંશમાં ૩૫ પદ્યોમાં 'જિણવલ્લહસૂરિ-ગુણવણ્ણણ' લખ્યું છે. તે ઉપરાંત તેમણે 'પાસનાહથોત્ત' પણ રચ્યું છે.

સટ્ઠિસયમાં અભિનિવેશ અને શિથિલ આચારની કઠોર આલોચના કરી છે. તેમાં સદ્ગુરુ, કુગુરુ, મિથ્યાત્વ, સદ્ધર્મ, સદાચાર વગેરેનું સ્વરૂપ સમજાવ્યું છે. તેમાં જે સામાન્ય ઉપદેશ આપવામાં આવ્યો છે તે ધર્મદાસગણીની ઉપદેશમાલાથી પ્રભાવિત છે.

JAINSITE
जैनम् जयति शासनम्

ટીકાઓ — તેના ઉપર એક ટીકા ખરતરગચ્છના તપોરત્ન અને ગુણરત્ને વિ.સં.૧૫૦૧માં લખી છે. બીજી ટીકાના કર્તા ધર્મમંડનગણી છે. સહજમંડનગણીએ તેના ઉપર એક વ્યાખ્યાન લખ્યું છે. એક અજ્ઞાતકર્તૃક અવચૂરિ પણ છે. જયસોમગણીએ તેના ઉપર એક સ્તબક લખ્યું છે તથા

---

૧. એકના કર્તા શ્રુતસાગરના શિષ્ય છે.

૨. આ અનેક સ્થાનોથી પ્રકાશિત થઈ છે. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરાએ સન્ ૧૯૫૩માં 'ષષ્ઠિશતકપ્રકરણ' નામે પ્રકાશિત કરી છે. તેમાં સોમસુંદરસૂરિ, જિનસાગરસૂરિ અને મેરુસુંદર આ ત્રણેના બાલાવબોધ અને 'જિણવણ્ણણ' અને 'પાસનાહથોત્ત' પણ છપાયાં છે. તે ઉપરાંત ગુણરત્નની ટીકા સાથે મૂલ કૃતિ 'સત્યવિજય જૈન ગ્રન્થમાલા', અમદાવાદે સન્ ૧૯૨૪માં અને ગુજરાતી અનુવાદ સાથે મૂલ કૃતિ હીરાલાલ હંસરાજે વિ.સં.૧૯૭૬માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોમસુંદરગણીએ વિ.સં.૧૪૯૬માં, જિનસાગરસૂરિએ વિ.સં.૧૫૦૧માં, ધર્મદેવે વિ.સં.૧૫૧૫માં તથા મેરુસુંદરે વિ.સં.૧૫૦૦થી ૧૫૫૦ વચ્ચે એક એક બાલાવબોધ લખ્યો છે.[1]

દાણસીલતવભાવણાકુલય (દાનશીલતપભાવનાકુલક)

વિ.સં. ૧૩૨૭માં સ્વર્ગવાસ પામનાર તપાગચ્છના દેવેન્દ્રસૂરિએ જૈન મહારાષ્ટ્રીના ૮૦ પદ્યોમાં તેની[2] રચના કરી છે. તેમાં તેમણે દાન, શીલ, તપ અને ભાવનાનું વીસ વીસ ગાથાઓમાં વર્ણન કર્યું છે.

ટીકાઓ — તેના ઉપર ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ એક ટીકા રાજવિજયગણીના શિષ્ય દેવવિજયગણીએ વિ.સં.૧૬૬૬માં લખી છે. બીજી એક ૫૫૦૦ શ્લોકપ્રમાણ ટીકા લાભકુશલગણીએ લખી છે. તેની વિ.સં.૧૭૬૬માં લખાયેલી એક હસ્તલિખિત પ્રતિ મળે છે.

દાણુવએસમાલા (દાનોપદેશમાલા)

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ કૃતિના પ્રણેતા દેવેન્દ્રસૂરિ છે. તે સંઘતિલકસૂરિના પટ્ટધર શિષ્ય હતા. આ કૃતિમાં દાન વિશે ઉપદેશ આપવામાં આવ્યો છે.

ટીકા — કર્તાએ પોતે જ તેના ઉપર વિ.સં.૧૪૧૮માં વૃત્તિ લખી છે.

દાનપ્રદીપ

૬૬૬૫ શ્લોકપ્રમાણ અને બાર પ્રકાશોમાં વિભક્ત આ ગ્રન્થ[3] ચારિત્રરત્નગણીએ વિક્રમ સં. ૧૪૯૯માં ચિત્રકૂટ (ચિત્તોડ)માં લખ્યો છે. તે જિનસુંદરસૂરિ અને સોમસુંદરસૂરિના શિષ્ય હતા.

તેના પહેલા પ્રકાશમાં કહ્યું છે કે દાન વગેરે ચાર પ્રકારના ધર્મોમાં દાનથી જ બાકીના ત્રણ પ્રકારના ધર્મોની સ્થિરતા થાય છે, તથા તીર્થંકરની પ્રથમ દેશના પણ દાનધર્મના વિષયમાં હોય છે, તેથી દાનરૂપ ધર્મ જ મુખ્ય છે. દાનના ત્રણ પ્રકાર છે : ૧. જ્ઞાનદાન, ૨. અભયદાન અને ૩. ઉપષ્ટમ્ભદાન.

---

૧. આનો ગુજરાતી અનુવાદ હીરાલાલ હંસરાજે પ્રકાશિત કર્યો છે.

૨. આ કૃતિ હીરાલાલ હંસરાજે ધર્મરત્નમંજૂષા અને લાભકુશલગણીકૃત ટીકા સાથે ત્રણ ભાગોમાં સન્ ૧૯૧૫માં પ્રકાશિત કરી છે.

૩. આ ગ્રંથ જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૪માં પ્રકાશિત કર્યો છે. તેનો ગુજરાતી અનુવાદ, બારે પ્રકાશોના ગુજરાતી સારાંશ સાથે, આ સભાએ વિ.સં.૧૯૮૦માં છપાવ્યો છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્ત, વિત્ત અને પાત્રની વિશુદ્ધિ શાસ્ત્રાનુસાર વિસ્તારથી સમજાવવા માટે તેમાં મેઘરથ રાજાની કથા આપવામાં આવી છે.

બીજા પ્રકાશમાં દાનના ત્રણ પ્રકારોની સ્પષ્ટતા કરી જ્ઞાનદાનના પ્રકારો તથા જ્ઞાન લેતી-દેતી વખતે ધ્યાનમાં રાખવા યોગ્ય કાલ વગેરે આઠ આચારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ આઠ આચારોથી સમ્બદ્ધ આઠ કથાઓ અને ખાસ કરીને વિજય રાજાનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે.

ત્રીજા પ્રકાશમાં અભયદાનનો મહિમા, તેનું વિવેચન, અંશતઃ અને સર્વાંશતઃ દયાની વિચારણા અને આ વિષયમાં શંખ શ્રાવકની કથા — આમ વિવિધ બાબતો આવે છે. પ્રસંગોપાત્ત અજૈન કપિલ ઋષિ, શાન્તિનાથ, મુનિસુવ્રતસ્વામી, મહાવીરસ્વામી, મેતાર્ય મુનિ, ધર્મરુચિ અને કુમારપાલની દયાવિષયક પ્રવૃત્તિઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ચોથા પ્રકાશમાં ઉપષ્ટમ્ભદાનનો અર્થ સમજાવી અને જઘન્યાદિ ત્રણ પાત્રોનો ઉલ્લેખ કરી દાનના આઠ પ્રકાર તથા વસતિ, શયન વગેરેનું વર્ણન કર્યું છે. પછી વંકચૂલની કથા કહી શય્યાદાનના વિશે કોશાની, ઉપાશ્રયના દાન વિશે અવન્તીસુકુમાલની અને વસતિદાનના વિશે તારાચન્દ્ર અને કુરુચન્દ્રની કથા કહેવામાં આવી છે.

પાંચમા પ્રકાશમાં શયનદાનનો અર્થ સમજાવી એ દાનના સંબંધમાં પ્રજ્ઞાકર રાજાની કથા આપી છે.

છઠ્ઠા પ્રકાશમાં આસનદાનનું વર્ણન કરી તેના અંગે કવિરાજની કથા આપી છે. સાથે સાથે ગર્ભિત ધન ઉપર દંડવીર્યનો તથા ધર્મ ઉપર ધર્મબુદ્ધિ મંત્રીનો વૃત્તાન્ત આપ્યો છે.

સાતમા પ્રકાશમાં આહારદાનના પ્રકારો અને તેની સાથે સંબંધ ધરાવતી કનકરથની કથા આપી છે. શ્રેયાંસકુમાર, શાલિભદ્ર, ભદ્ર અને અતિભદ્રનાં દૃષ્ટાંતો પણ આપ્યાં છે.

આઠમા પ્રકાશમાં આરનાલ વગેરે નવ પ્રકારના પ્રાસુક જલનું તથા દ્રાક્ષોદક વગેરે બાર પ્રકારના જલનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. પાનદાનના વિષયમાં રત્નપાલ રાજાની કથા આપવામાં આવી છે.

નવમા પ્રકાશમાં ઔષધદાનના વિશે વિચાર કરવામાં આવ્યો છે. તેના સંબંધમાં મુખ્યપણે ધનદેવ અને ધનદત્તની કથા આપીને ઋષભદેવે પૂર્વ ભવમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરેલી મુનિની ચિકિત્સાની વાત રજૂ કરી છે.

દસમા પ્રકાશમાં જિનકલ્પીની બાર ઉપાધિઓ, સચેલક અને અચેલક બે પ્રકારના ધર્મ, વસ્ત્રદાનનો મહિમા અને તેના ઉપર ધ્વજભુજંગ રાજાની કથા — આમ વિવિધ બાબતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અગીઆરમા પ્રકાશમાં તુંબ, લાકડું, માટી — આ ત્રણે પ્રકારના પાત્રોનો ઉલ્લેખ કરી પાત્રદાનના વિષયમાં ધનપતિ શ્રેષ્ઠીની કથા આપવામાં આવી છે.

બારમા પ્રકાશમાં આશંસા, અનાદર, પશ્ચાત્તાપ, વિલંબ અને ગર્વ — દાનના આ પાંચ દોષોનું અને તેના વિપરીત પાંચ ગુણોનું નિરૂપણ કરી તેમના વિશે બે વૃદ્ધા સ્ત્રીઓની, યક્ષ શ્રાવક અને ધન વેપારીની, ભીમની, જીર્ણશ્રેષ્ઠીની, નિધિદેવ અને ભોગદેવની, સુધન અને મદનની, કૃતપુણ્ય અને દશાર્ણભદ્રની, ધનસારશ્રેષ્ઠી તથા શકુન્તલાદેવીની કથાઓ આપવામાં આવી છે.

અન્તે પ્રશસ્તિ છે, તેમાં કર્તાએ પોતાની ગુરુપરંપરા, દાનપ્રદીપનું રચનાસ્થાન, રચનાવર્ષ વગેરે ઉપર પ્રકાશ નાખ્યો છે.

## દાનાદિપ્રકરણ

દ્રોણાચાર્યના શિષ્ય સૂરાચાર્યે રચેલી (વિક્રમની ૧૧મી શતાબ્દીનો ઉત્તરાર્ધ), સાત અવસરોમાં વિભક્ત અને કુલ ૫૩૭ સંસ્કૃત પદ્યોવાળી આ કૃતિ છે.[૨]

## સીલોવએસમાલા (શીલોપદેશમાલા)

જયસિંહસૂરિના શિષ્ય જયકીર્તિની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ કૃતિમાં[૩] આર્યા છન્દનાં કુલ ૧૧૬ પદ્ય છે. તેમાં શીલ અર્થાત્ બ્રહ્મચર્યના પાલન માટે દૃષ્ટાન્તપૂર્વક ઉપદેશ આપ્યો છે. શીલનું ફળ, સ્ત્રીસંગનો દોષ, સ્ત્રીને સાથે રાખવાથી અપવાદ, સ્ત્રીની નિન્દા અને પ્રશંસા વગેરે બાબતોનું નિરૂપણ છે.

ટીકાઓ — રુદ્રપલ્લીયગચ્છના સંઘતિલકસૂરિના શિષ્ય સોમતિલકસૂરિએ[૩] વિ.સં.૧૩૯૪માં લાલસાધુના પુત્ર છાજૂના માટે આ ગ્રન્થ ઉપર શીલતરંગિણી નામની વૃત્તિ લખી છે. તેના પ્રારંભના સાત શ્લોકોમાં મંગલાચરણ છે અને

૧. સોમતિલકસૂરિની શીલતરંગિણી નામની ટીકા સાથે આ મૂલ કૃતિ હીરાલાલ હંસરાજે સન્ ૧૯૦૯માં પ્રકાશિત કરી છે. તેના પહેલાં સન્ ૧૯૦૦માં મૂલ કૃતિ શીલતરંગિણીના ગુજરાતી અનુવાદ સાથે 'જૈન વિદ્યાશાલા' અમદાવાદે પ્રકાશિત કરી હતી.

૨. લા. દ. વિદ્યામંદિરે આ કૃતિ વિસ્તૃત અંગ્રેજી પ્રસ્તાવના સાથે પ્રકાશિત કરી છે.

૩. તેમનું બીજું નામ વિદ્યાતિલક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતે ચૌદ શ્લોકોની પ્રશસ્તિ છે. મૂલમાં સૂચિત દૃષ્ટાંતોના સ્પષ્ટીકરણ માટે ૩૯ કથાઓ આપી છે. તે કથાઓ નીચે પ્રમાણે છે : ગુણસુંદરી અને પુણ્યપાલ, દ્વૈપાયન અને વિશ્વામિત્ર, નારદ, રિપુમર્દન નૃપ, વિજયપાલ નૃપ, બ્રહ્મા, ચન્દ્ર, સૂર્ય, ઇન્દ્ર, આર્દ્રકુમાર, નન્દિષેણ મુનિ, રથનેમિ, નેમિનાથ, મલ્લિનાથ, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, સુદર્શન શ્રેષ્ઠી, વંકચૂલ, સુભદ્રા, મદનરેખા, સુંદરી, અંજના, નર્મદાસુંદરી, રતિસુંદરી, ઋષિદત્તા, દવદન્તી, કમલા, કલાવતી, શીલવતી, નન્દ યતિ, રોહિણી, કુલવાલક, દ્રૌપદી, નૂપુરપંડિતા, દત્તદુહિતા, અગડદત્ત, પ્રદેશી નૃપ, સીતા અને ધનશ્રી.

આ ઉપરાંત તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક વૃત્તિ પણ છે. વળી, લલિતકીર્તિ અને પુણ્યકીર્તિએ મૂલ ગ્રંથ ઉપર એક એક ટીકા લખી છે.

ખરતરગચ્છના રત્નમૂર્તિના શિષ્ય મેરુસુંદરે તેના ઉપર એક બાલાવબોધ લખ્યો છે.[1]

૧. ધર્મકલ્પદ્રુમ

પ્રાસંગિક કથાઓ અને સુભાષિતોથી અલંકૃત આ કૃતિ[2] ૪૨૪૮ શ્લોકમાં આગમગચ્છના મુનિસાગરના શિષ્ય ઉદયધર્મગણીએ લખી છે. તેમણે વિ.સં.૧૫૪૩માં મલયસુંદરીરાસ અને ૧૫૫૦માં કથા બત્તીસીની રચના કરી છે.

પ્રસ્તુત ગ્રન્થ દાનધર્મ, શીલધર્મ, તપોધર્મ અને ભાવધર્મ— આ ચાર શાખાઓમાં વિભક્ત છે. તેમાં પહેલી શાખામાં ત્રણ, બીજીમાં બે, ત્રીજીમાં એક અને ચોથીમાં બે પલ્લવ છે. આમ અષ્ટપલ્લવયુક્ત આ કૃતિ દાન આદિ ચતુર્વિધ ધર્મનો બોધ કરાવે છે. તેમાં ક્રમશઃ ૩૪૦, ૫૨૫, ૬૪૪, ૪૫૭, ૮૬૭, ૬૨૮, ૪૦૦ અને ૩૮૭ પદ્યો છે. પ્રથમ પલ્લવમાં ધર્મના મહિમાનું વર્ણન છે. આ ગ્રન્થનું સંશોધન ધર્મદેવે કર્યું છે.

૨. ધર્મકલ્પદ્રુમ

આ રચના પૂર્ણિમાગચ્છના ધર્મદેવની વિ.સં.૧૬૬૭ની રચના છે એવો ઉલ્લેખ મળે છે.

---

૧. મૂલ કૃતિ અને શીલતરંગિણી ટીકાનો ગુજરાતી અનુવાદ જૈન વિદ્યાશાલાના કોઈ શાસ્ત્રીએ કર્યો છે અને તે છપાયો પણ છે.

૨. આ કૃતિ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ વિ.સં.૧૯૭૩માં પ્રકાશિત કરી હતી, પરંતુ તેમાં અશુદ્ધિઓ હોવાથી જૈનધર્મ પ્રસારક સભાએ વિ.સં.૧૯૮૪માં બીજી આવૃત્તિ પ્રકાશિત કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. ધર્મકલ્પદ્રુમ

આ નામની બે અજ્ઞાતકર્તૃક કૃતિઓ પણ મળે છે.

વિવેગમંજરી (વિવેકમંજરી)

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા ૧૪૪ પદ્યોની આ કૃતિ[1] આસડે વિ.સં. ૧૨૪૮માં લખી છે. તેના પહેલા પદ્યમાં મહાવીરસ્વામીને વંદન કર્યાં છે. પછી વિવેકનો મહિમા સમજાવ્યો છે અને તેના ભૂષણરૂપ મનની શુદ્ધિનો ઉલ્લેખ કર્યો છે. આ શુદ્ધિના ચાર કારણો જણાવી તેમનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે. એ ચાર કારણો નીચે મુજબ છે : ૧. ચાર શરણોની પ્રતિપત્તિ અર્થાત્ તેમનો સ્વીકાર, ૨. ગુણોની સાચી અનુમોદના, ૩. દુષ્કર્મોની – પાપોની નિન્દા અને ૪. બાર ભાવનાઓ.[2]

તીર્થંકર, સિદ્ધ, સાધુ અને ધર્મ – આ ચારેને મંગલ કહીને તેમનું શરણ લેવા કહ્યું છે. વર્તમાન ચોવીસીનાં નામ આપી તેમને તથા અતીત ચોવીસી વગેરેના તીર્થંકરોને નમસ્કાર કર્યા છે. પ્રસંગોપાત્ત દૃષ્ટાન્તોનો પણ નિર્દેશ કર્યો છે. ગાથા ૫૦-૫૩માં ભિન્ન ભિન્ન મુનિઓનાં તથા ગાથા ૫૬-૫૮માં સીતા વગેરે સતીઓનાં નામ આવે છે. પ્રારંભની સાત ગાથાઓમાંથી છ ગાથાઓ તીર્થંકરોની સ્તુતિપરક છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ટીકા – તેના ઉપર બાલચન્દ્રની એક વૃત્તિ છે. તેની વિ.સં.૧૩૨૨માં લખાયેલી એક હસ્તલિખિત પ્રતિ મળી છે. મૂલમાં સૂચિત દૃષ્ટાંતોના સ્પષ્ટીકરણ માટે સંસ્કૃત શ્લોકોમાં નાનીમોટી કથાઓ વૃત્તિમાં આપવામાં આવી છે. ઉદાહરણાર્થ, બાહુબલિની કથા ('ભારતભૂષણ' નામના ચાર સર્ગોવાળા મહાકાવ્યના રૂપમાં), સનત્કુમારની કથા, સ્થૂલિભદ્રની કથા, શાલિભદ્રની કથા, વજ્રસ્વામીની કથા, અભયકુમારની કથા (ચાર પ્રકારની બુદ્ધિ ઉપર લખાયેલ એક એક પ્રકાશના રૂપમાં), સીતાની કથા ('સીતાચરિત' નામે ચાર સર્ગોવાળા

---

૧. 'જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા'માં આ (ગા. ૧-૫૮) બાલચન્દ્રની વૃત્તિ સાથે પ્રથમ ભાગ રૂપે બનારસથી વિ.સં.૧૯૭૫માં છપાઈ હતી. આનો બીજો ભાગ વિ.સં.૧૯૭૬માં પ્રકાશિત થયો હતો. તેમાં ૫૯થી ૧૪૪ ગાથાઓ આપવામાં આવી છે.

૨. આ ચારને ચાર દ્વાર કહીને વૃત્તિકારે પ્રત્યેક દ્વાર માટે 'પરિમલ' સંજ્ઞાનો પ્રયોગ કર્યો છે. પ્રથમ પરિમલમાં ૨૫ ગાથાઓ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાકાવ્યના રૂપમાં), દવદન્તીની ચાર સર્ગોમાં કથા), વિલાસવતીની કથા, અંજનાસુંદરીની કથા અને નર્મદાસુંદરીની કથા.

વિવેગવિલાસ (વિવેકવિલાસ)

આ ગ્રન્થ[1] વાયડગચ્છના જીવદેવસૂરિ[2]ના શિષ્ય જિનદત્તસૂરિએ ૧૩૨૩ પદ્યોમાં રચ્યો છે. તેમાં બાર ઉલ્લાસ છે. આ એક સર્વસામાન્ય કૃતિ છે. તેની રચના સન્ ૧૨૩૧માં સ્વર્ગવાસ પામનાર જાબાલિપુરના રાજા ઉદયસિંહ[3], તેમના મંત્રી દેવપાલ અને તેમના પુત્ર ધનપાલને પ્રસન્ન કરવા માટે થઈ હતી. તેમાં માનવજીવનને સફળ બનાવવા માટે જે બાબતોનું સામાન્ય જ્ઞાન આવશ્યક છે તેમનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પહેલા પાંચ ઉલ્લાસોમાં દિનચર્યાની, છઠ્ઠામાં ઋતુચર્યાની, સાતમામાં વર્ષચર્યાની, આઠમામાં જન્મચર્યાની અર્થાત્ સમગ્ર ભવના જીવનવ્યવહારની જાણકારી સંક્ષેપમાં આપવામાં આવી છે. નવમા અને દસમા ઉલ્લાસમાં અનુક્રમે પાપ અને પુણ્યનાં કારણો જણાવ્યાં છે. અગીઆરમાં ઉલ્લાસમાં આધ્યાત્મિક વિચાર અને ધ્યાનનું સ્વરૂપ દર્શાવ્યું છે. બારમો ઉલ્લાસ મૃત્યુસમયનાં કર્તવ્યોનો તથા પરલોકનાં સાધનોનો બોધ કરાવે છે. અંતે દસ પદ્યોની પ્રશસ્તિ છે.

દિનચર્યા એટલે દિન-રાતનો વ્યવહાર. તેના પાંચ ભાગ કર્યા છે : ૧. પાછલી રાતના આઠમા ભાગથી અર્થાત્ અર્ધ પ્રહર રાત્રિથી પ્રહર દિન, ૨. અઢી પ્રહર દિન, ૩. સાડા ત્રણ પ્રહર દિન, ૪. સૂર્યાસ્ત સુધીનો દિન, અને ૫. સાડા ત્રણ પ્રહર રાત્રિ. એમાંથી પ્રત્યેક ભાગ માટે અનુક્રમે એક એક ઉલ્લાસ છે. પ્રારંભમાં સ્વપ્ન, સ્વર અને દન્તધાવનવિધિ (દાતણ કરવું)ના વિશે નિરૂપણ છે.

---

૧. આ ગ્રન્થ 'સરસ્વતી ગ્રંથમાલા'માં વિ.સં.૧૯૭૬માં છપાયો છે. તે ઉપરાંત પં. દામોદર ગોવિંદાચાર્યકૃત ગુજરાતી અનુવાદ સાથે આ મૂલ ગ્રંથ સન્ ૧૮૯૮માં પણ છપાયો છે. આ વિવેકવિલાસનો માધવાચાર્યે સર્વદર્શનસંગ્રહમાં ઉલ્લેખ કર્યો છે.

૨. પ્રથમ ઉલ્લાસના ત્રીજા પદ્યના આદ્ય અક્ષરો દ્વારા આ નામ સૂચવાય છે.

૩. તેમના વંશનું નામ 'બાહુમા' છે. જુઓ પ્રશસ્તિ, શ્લોક ૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા – આના ઉપર ભાનુચન્દ્રગણિએ વિ.સં.૧૬૭૧માં એક વૃત્તિ લખી છે. તેનું સંશોધન જયવિજયે કર્યું છે.[1]

૧. વદ્ધમાણદેસણા (વર્ધમાનદેશના)

૩૧૬૩ પદ્ય સુધી જૈન મહારાષ્ટ્રીમાં તથા ૧૦ પદ્ય સુધી સંસ્કૃતમાં રચાયેલી આ કૃતિના[2] કર્તા શુભવર્ધનગણી છે. તેનો રચનાકાળ વિ.સં.૧૫૫૨ છે. જાવડની[3] વિનંતીથી તેમણે આ ગ્રન્થ રચ્યો છે. તે લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય સાધુવિજયના શિષ્ય હતા. વર્ધમાનસ્વામીએ અર્થાત્ મહાવીરસ્વામીએ ઉવાસગદસા નામના સાતમા અંગનો જે અર્થ કહ્યો હતો તે સુધર્માસ્વામીએ જમ્બૂસ્વામીને કહ્યો. તે અર્થને આમાં સ્થાન આપ્યું છે, તેથી આ કૃતિને 'વર્ધમાનદેશના' કહે છે. તે દસ ઉલ્લાસોમાં વિભક્ત છે. ઉલ્લાસાનુસાર તેની પદ્યસંખ્યા ક્રમશઃ ૮૦૩, ૭૨૪, ૩૬૦, ૨૪૪, ૧૩૫, ૨૨૫, ૧૮૬, ૧૭૮, ૧૦૭ અને ૨૧૧ છે. આમ તેમાં કુલ પદ્યસંખ્યા ૩૧૭૩ છે. પ્રત્યેક ઉલ્લાસના અંતે એક પદ્ય સંસ્કૃતમાં છે અને તે બધા ઉલ્લાસમાં એકસરખું છે.

પ્રત્યેક ઉલ્લાસમાં આનન્દ વગેરે દસ શ્રાવકોમાંથી એક એકનો અધિકાર છે. પ્રથમ ઉલ્લાસમાં સમ્યક્ત્વના વિશે આરામશોભાની કથા આપવામાં આવી છે. તેમાં શ્રાવકના બાર વ્રતોને સમજાવવા માટે હરિબલ માછીમાર, હંસ નૃપ, લક્ષ્મીપુંજ, મદિરાવતી, ધનસાર, ચારુદત્ત, ધર્મ નૃપ, સુરસેન અને મહાસેન, કેસરી ચોર,, સુમિત્ર મંત્રી, રણશૂર નૃપ, અને જિનદત્ત આ બાર વ્યક્તિઓની એક એક કથા આપવામાં આવી છે.

રાત્રિભોજનવિરમણના વિશે હંસ અને કેશવની કથા આપવામાં આવી છે. બાકીના નવ ઉલ્લાસોમાં જે એક એક અવાન્તર કથા આવે છે તેની યાદી નીચે મુજબ છે :

---

૧. આનો ગુજરાતી અનુવાદ પં. દામોદર ગોવિંદાચાર્યે કર્યો છે અને તે છપાયો પણ છે.

૨. આ ગ્રન્થ જૈનધર્મ પ્રસારક સભાએ બે ભાગોમાં વિ.સં.૧૯૮૪ અને ૧૯૮૮માં છપાવ્યો છે. પ્રથમ ભાગમાં ત્રણ ઉલ્લાસ અને બીજામાં બાકીના બધા ઉલ્લાસ છે. તેના પહેલાં વિ.સં.૧૯૬૦માં બાલાભાઈ છગનલાલે તે પ્રકાશિત કર્યો હતો.

૩. તે ગ્યાસુદીન ખિલજીના કોશાધિકારી હતા. તેમને 'લઘુશાલિભદ્ર' પણ કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિગ્રહપરિમાણના વિશે રત્નસારની, જૈનધર્મની આરાધનાના સંબંધમાં સહસ્રમલ્લની, ધર્મનું માહાત્મ્ય સૂચવવા ધૃષ્ટકની[1], સુપાત્રદાનના વિષયમાં ધનદેવ અને ધનમિત્રની, શીલ અર્થાત્ પરસ્ત્રીના ત્યાગના વિષયમાં કુલધ્વજની, તપના સંબંધમાં દામન્નકની, ભાવનાના વિષયમાં અસમ્મતની, જીવદયાના વિષયમાં ભીમની અને જ્ઞાનના સંબંધમાં સાગરચન્દ્રની.

આ કૃતિમાં બાર વ્રતોના અતિચાર અને સમ્યક્ત્વ આદિના આલાપક પણ આવે છે.

૨. વદ્ધમાણદેસણા

આ ઉવાસગદસાનું પદ્યાત્મક પ્રાકૃત રૂપાન્તર છે. તેના કર્તાનું નામ જ્ઞાત નથી. તેનો પ્રારંભ 'વીરજિણંદ'થી થાય છે.

૩. વર્ધમાનદેશના

આ સર્વવિજયનો ૩૪૦૦ શ્લોકપ્રમાણ ગ્રન્થ છે. તેની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૭૧૫ની મળે છે.

૪. વર્ધમાનદેશના

આ ગદ્યાત્મક કૃતિ[2] રત્નલાભગણીના શિષ્ય રાજકીર્તિગણીએ લખી છે. તે દસ ઉલ્લાસોમાં વિભક્ત છે. તેમાં અનુક્રમે આનન્દ વગેરે શ્રાવકોનો વૃત્તાન્ત આપ્યો છે. આ કૃતિ વિષય અને કથાઓની દૃષ્ટિએ શુભવર્ધનગણીકૃત 'વદ્ધમાણદેસણા' સાથે મળતી આવે છે.[3]

---

૧. તેની કથા દ્વારા, દુષ્ટ સ્ત્રીઓ પોતાના પતિને વશ કરવા માટે કેવાં કેવાં દુષ્કૃત્યો કરે છે તથા મંત્ર-ઔષધિનો પ્રભાવ કેવો હોય છે તે દર્શાવ્યું છે.

૨. આ કૃતિ હીરાલાલ હંસરાજે વીર સંવત્ ૨૪૬૩માં પ્રકાશિત કરી છે. તે પહેલાં હરિશંકર કાલિદાસ શાસ્ત્રીનો ગુજરાતી અનુવાદ મગનલાલ હઠીસિંહે સન્ ૧૯૦૦માં છપાવ્યો હતો. આના વિશે વિશેષ માહિતી 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ'માં (ખંડ ૨, ઉપખંડ ૧) આપી છે.

૩. આનો ગુજરાતી અનુવાદ હરિશંકર કાલિદાસ શાસ્ત્રીએ કર્યો છે અને તે છપાયો પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબોહપયરણ (સંબોધપ્રકરણ)

૧૫૯૦ પદ્યની આ કૃતિ[1] હરિભદ્રસૂરિએ મુખ્યપણે[2] જૈન મહારાષ્ટ્રીમાં લખી છે. તે બાર અધિકારોમાં વિભક્ત છે. તેમાં દેવ, સદ્ગુરુ, કુગુરુ, સમ્યક્ત્વ, શ્રાવક અને તેની પ્રતિમાઓ અને વ્રતો, સંજ્ઞા, લેશ્યા, ધ્યાન, આલોચના આદિ બાબતોનું નિરૂપણ છે. તેની કેટલીય કથાઓ રત્નશેખરસૂરિએ સંબોહસત્તરિમાં ઉદ્ધૃત કરી છે.[3]

૧. સંબોહસત્તરિ (સંબોધસપ્તતિ)

આ કૃતિ હરિભદ્રસૂરિએ લખી હતી એમ કેટલાય માને છે, પરંતુ તેની એક પણ હસ્તલિખિત પ્રતી મળી નથી.

૨. સંબોહસત્તરિ (સંબોધસપ્તતિ)

૭૫ કે ૭૬ પદ્યોની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી આ કૃતિના[4] પ્રણેતા રત્નશેખરસૂરિ છે. તે જયશેખરસૂરિના શિષ્ય વજ્રસેનસૂરિના શિષ્ય હતા. તે પુરોગામીઓના ગ્રંથોમાંથી ગાથાઓ ઉદ્ધૃત કરી કૃતિ રચે છે. તેમાં દેવ, ગુરુ, કુગુરુ, ધર્મનું સ્વરૂપ, સમ્યક્ત્વની દુર્લભતા, સૂરિના ૩૬ ગુણ, સામાન્ય સાધુ અને શ્રાવકના ગુણ, જિનાગમનું માહાત્મ્ય, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું ફળ, શીલની પ્રધાનતા, કષાય, પ્રમાદ, નિદ્રા, શ્રાવકની અગીઆર પ્રતિમાઓ, અબ્રહ્મ અને માંસના દોષો, જિનદ્રવ્ય અને પૂજા – આ વિવિધ વિષયોનું નિરૂપણ છે.

ટીકાઓ – તેના ઉપર અમરકીર્તિસૂરિની એક વૃત્તિ છે. તે માનકીર્તિગણિના શિષ્ય હતા. આ વૃત્તિના પ્રારંભમાં બે અને અંતમાં ત્રણ પદ્ય છે. આ વૃત્તિ

---

૧. આ કૃતિ જૈનધર્મ પ્રસારક સભાએ સન્ ૧૯૧૬માં છપાવી છે. તેમાં અનેક યંત્ર છે. તેને સંબોધતત્ત્વ પણ કહે છે.

૨. બીજા અધિકારનાં પથી ૧૨ પદ્ય સંસ્કૃતમાં છે.

૩. આનો ગુજરાતી અનુવાદ વિજયોદયસૂરિના શિષ્ય પં. મેરુવિજયગણીએ કર્યો છે. આ અનુવાદ જૈનધર્મ પ્રસારક સભાએ સન્ ૧૯૫૧માં પ્રકાશિત કર્યો છે. તેના અંતિમ પૃ. ૨૬૫-૩૦૦ ઉપર હરિભદ્રકૃત પૂયાપંચાસગ, જિણચેઈયવંદણવિહિ અને દિકખાપયરણના ગુજરાતી અનુવાદો આપ્યા છે.

૪. આ કૃતિ અમરકીર્તિસૂરિની ટીકા સાથે હીરાલાલ હંસરાજે સન્ ૧૯૧૧માં છપાવી છે. તેમાં મૂળની ૭૬ ગાથાઓ છે. તે ઉપરાંત, આ જ મૂલ કૃતિ ગુણવિનયની વૃત્તિ સાથે જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૨માં પ્રકાશિત કરી છે. તેમાં ૭૫ ગાથાઓ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત થઈ છે. આ મૂલ કૃતિ ઉપર એક બીજી વૃત્તિ જયસોમના શિષ્ય ગુણવિનયે વિ.સં. ૧૬૫૧માં લખી છે. તેના પ્રારંભમાં પાંચ પદ્ય છે અને અન્તમાં ચોત્રીસ પદ્યોની પ્રશસ્તિ તથા તેના પછી વૃત્તિકારની અગીઆર પદ્યોની પટ્ટાવલી છે.[1]

## ૩. ' સંબોહસત્તરિ (સંબોધસપ્તતિ)

જૈન મહારાષ્ટ્રીના ૭૦ પદ્યોમાં રચાયેલી આ કૃતિના[2] કર્તા અંચલગચ્છના જયશેખરસૂરિ છે એવો જિનરત્નકોશમાં (ખંડ ૧, પૃ. ૪૨૨) ઉલ્લેખ છે, પરંતુ તે વિચારણીય છે. આ ઉપર્યુક્ત કૃતિ હોય એવું લાગે છે.

ટીકાઓ – આના ઉપર યશોવિજયજીની ટીકા છે. તેની એક હસ્તલિખિત પ્રતિ અમદાવાદના વિમલગચ્છના ઉપાશ્રયમાં છે.[3] ઉપરાંત, એક અજ્ઞાતકર્તૃક અવચૂરિની વિ.સં.૧૫૩૭ની હસ્તલિખિત પ્રતિ મળે છે. વિ.સં.૧૫૨૮માં મેરુસુંદરે એક બાલાવબોધ પણ લખ્યો છે.

## સુભાષિતરત્નસન્દોહ

મથુરાસંઘના માધવસેનના શિષ્ય અમિતગતિની[4] આ કૃતિ[5] છે.તેમાં ૯૨૨

---

૧. આ મૂલ કૃતિનો ગુજરાતી અનુવાદ કેટલાંય સ્થાનોથી પ્રકાશિત થયો છે.

૨. આ કૃતિ ગુણવિનયના વિવરણ અને બાલાવબોધ સહિત જૈન આત્માનન્દ સભાએ સન્ ૧૯૨૨માં પ્રકાશિત કરી છે.

૩. જુઓ જિનરત્નકોશ (વિ.૧, પૃ. ૪૨૨). આ જયશેખરસૂરિકૃત સંબોહસત્તરિની ટીકા છે એવું માન્યું છે. અવચૂરિ અને બાલાવબોધ માટે પણ એવું જ માની લીધું છે. મને તો આ ત્રણે રત્નશેખરીય કૃતિ ઉપર હોય એવું લાગે છે.

૪. તેમની વિવિધ કૃતિઓનો ઉલ્લેખ મેં મારા 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' (ખંડ ૧, પૃ. ૨૪૪-૨૪૫)માં કર્યો છે.

૫. આ કૃતિ કાવ્યમાલા (સન્ ૧૯૦૯, બીજી આવૃત્તિ)માં છપાઈ છે. તે ઉપરાંત હિંદી અનુવાદ સાથે આ કૃતિ 'હરિભાઈ દેવકરણ ગ્રન્થમાલા' કલકત્તાએ સન્ ૧૯૧૭માં પ્રકાશિત કરી છે. આર. શ્મિટ અને જોહાનિસ હર્ટલે મૂલ કૃતિનું સંપાદન કરી જર્મન ભાષામાં અનુવાદ કર્યો છે અને Z.D.M.G.(Vol.59 & 61) માં સન્ ૧૯૦૦ અને ૧૯૦૫માં પ્રકાશિત થયો છે. વળી દયાલજી ગંગાધર ભણસાળી અને ભોગીલાલ અમૃતલાલ ઝવેરીકૃત ગુજરાતી અનુવાદ સાથે મૂલ કૃતિ હીરજી ગંગાધર ભણસાળીએ વિ.સં.૧૯૮૮માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્લોક છે. તે ૩૨ પ્રકરણોમાં વિભક્ત છે. ૨૩મા પ્રકરણમાં આપ્તના સ્વરૂપનું વર્ણન કરતી વખતે વૈદિક દેવોની સમાલોચના કરી છે. તેના અંતિમ ૨૧૭ શ્લોકોમાં શ્રાવકોના ધર્મ ઉપર પ્રકાશ નાખ્યો છે.[1]

સિન્દૂરપ્રકર

આને[2] સૂક્તિમુક્તાવલી અને સોમશતક પણ કહે છે. તેમાં ૧૦૦ પદ્ય છે. તેના કર્તા 'શતાર્થી' સોમપ્રભસૂરિ છે. તે વિજયસિંહસૂરિના શિષ્ય હતા. આ કૃતિમાં દેવ, ગુરુ, ધર્મ, સંઘ, અહિંસા આદિ પાંચ મહાવ્રત, ક્રોધ આદિ ચાર કષાય, દાન, શીલ, તપ અને ભાવનું નિરૂપણ છે.

ટીકાઓ – તેના ટીકાકારોનાં નામ આ પ્રમાણે છે : ગુણકીર્તિસૂરિ (વિ. સં. ૧૬૬૭), ચરિત્રવર્ધન (વિ.સં.૧૫૦૫), જિનતિલકસૂરિ, ધર્મચન્દ્ર, ભાવચરિત્ર, વિમલસૂરિ અને હર્ષકીર્તિ. કેટલાક વિદ્વાન આ નામોમાં ગુણાકરસૂરિ અને પ્રમોદકુશલગણીનાં નામો પણ ગણાવે છે.[3]

સૂક્તાવલી

પદ્માનન્દ મહાકાવ્ય વગેરેના કર્તા અમરચન્દ્રસૂરિની આ કૃતિ છે એમ ચતુર્વિંશતિપ્રબંધ (પૃ. ૧૨૯)માં[4] કહ્યું છે, પરંતુ તેની એક પણ હસ્તલિખિત પ્રતિ મળતી નથી.

વજ્જાલગ્ગ

આને[5] પદ્યાલય, વજ્જાલય, વિજ્જાલય પણ કહે છે. તેના કર્તા જયવલ્લભ છે. તેમાં જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા ૭૯૫ અને મોટી વાચના અનુસાર ૧૩૩૦ પદ્ય છે.

---

૧. તેનો ગુજરાતી અનુવાદ એ દયાલજી ગંગાધર ભણસાળી અને ભોગીલાલ અમૃતલાલ ઝવેરીના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. આ અનુવાદ છપાયો છે. તેનો હિંદી અનુવાદ પણ છપાયો છે. તે ઉપરાંત જર્મન ભાષામાં આર. શ્મિટ અને જોહાનિસ હર્ટલે કરેલો અનુવાદ પણ પ્રકાશિત થયો છે.

૨. આ ગ્રંથ કાવ્યમાલા (ગુચ્છક ૭)માં પ્રકાશિત થયો છે. તે ઉપરાંત હર્ષકીર્તિસૂરિકૃત ટીકા સાથે આ કૃતિ સન્ ૧૧૨૪માં છપાઈ છે.

૩. આનો પવોલિનીએ ઈટાલિયન ભાષામાં અનુવાદ કર્યો છે.

૪. ફાર્બસ ગુજરાતી સભાએ પ્રકાશિત કરેલ અને મેં સંપાદિત કરેલ સંસ્કરણના આ પૃષ્ઠાંક છે.

૫. આ કૃતિ 'બિબ્લિઓથિકા ઈણ્ડિકા' કલકત્તાથી ત્રણ ભાગોમાં સન્ ૧૯૧૪, ૧૯૨૩ અને ૧૯૪૪માં પ્રો. જ્યૂલિયસ લેબરે પ્રકાશિત કરી છે. તેમાં સંસ્કૃત છાયા, રત્નદેવગણીની

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ૯૫ વજ્જા અર્થાત્ પદ્ધતિમાં વિભક્ત છે, જેમ કે સોયરવજ્જા, ગાહા-વજ્જા, વગેરે. તેમાં ઘણાં પદ્ય સુભાષિત છે. આ ગાહાસત્તસઈનું સ્મરણ કરાવે છે. પ્રસ્તુત કૃતિમાં ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થોનું નિરૂપણ છે.

ટીકા – તેના ઉપર રત્નદેવગણીએ એક ટીકા વિ.સં.૧૩૯૩માં હરિભદ્રસૂરિના શિષ્ય ધર્મચન્દ્રની વિનંતીથી લખી છે. આ ટીકામાં 'ગઉડવહ'માંથી ઉદ્ધરણો લેવામાં આવ્યાં છે.

## નીતિધનદ યા નીતિશતક

દેહડના પુત્ર ધનદે – ધનરાજ સંઘપતિએ વિ.સં. ૧૪૯૦માં મંડપદુર્ગમાં આ કૃતિ[1] લખી છે. તે જ રીતે તેમણે વૈરાગ્યશતક અને શૃંગારશતક પણ લખ્યાં છે. આ ત્રણેને ધનશતકત્રય અથવા ધનદત્રિશતી પણ કહે છે. આ ત્રણમાં શૃંગારશતક સૌપ્રથમ લખાયું છે. આ વસ્તુ તેના ચોથા શ્લોકમાંથી જ્ઞાત થાય છે. આ ધનદ ખરતર જિનભદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે નીતિશતક વિવિધ છન્દોમાં લખ્યું છે. તેમાં ૧૦૩ શ્લોક છે. પ્રથમ શ્લોકમાં કર્તાએ ખરતરગચ્છના મુનિ પાસે તેનો અભ્યાસ કર્યો હતો તથા પ્રસ્તુત કૃતિનું નામ 'નયધનદ' છે એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કૃતિના પ્રારંભમાં નીતિની મહત્તાનું વર્ણન છે. પછી નૃપતિની નીતિ વિશે નિરૂપણ છે. રાજા, મંત્રી અને સેવક કેવા હોવા જોઈએ એ વાતનો પણ તેમાં ઉલ્લેખ છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## વૈરાગ્યધનદ યા વૈરાગ્યશતક

આ પણ ઉપર્યુક્ત ધનદની કૃતિ છે. તેની રચના નીતિધનદ પછી થઈ હશે તેમ જણાય છે. તેમાં ૧૦૮ પદ્ય છે અને તે સ્રગ્ધરા છન્દમાં છે. બીજા શ્લોકમાં તેને 'શમશતક' કહેલ છે અને કર્તાના શ્રીમાલ કુલનો નિર્દેશ કરેલ

---

ટીકામાંથી ઉદ્ધરણ અને પ્રારંભના ૯૦ પદ્યોનાં પાઠાન્તર આપવામાં આવ્યાં છે. તેમાં પ્રસ્તાવના વગેરે પણ આપેલ છે. પ્રો.એન.એ. ગોરેએ સન્ ૧૯૪૫માં પ્રારંભનાં ૩૦૦ પદ્ય છપાવ્યાં છે. પછી તેમણે પ્રારંભના ૨૦૦ પદ્ય અંગ્રેજી અનુવાદ સાથે સન્ ૧૯૪૭માં પ્રકાશિત કર્યાં છે.

૧. આ શતક તથા ધનદકૃત વૈરાગ્યશતક અને શૃંગારશતક કાવ્યમાલાના ગુચ્છક ૧૩ના બીજા સંસ્કરણમાં છપાયાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેમાં યોગ, કાલની કરાલતા, વિષયોની વિડમ્બના અને વૈરાગ્યપોષક તત્ત્વોનું નિરૂપણ છે.

### પદ્માનન્દશતક યા વૈરાગ્યશતક

આ[1] ધનદેવના[2] પુત્ર પદ્માનન્દની રચના છે. તેમાં ૧૦૩ પદ્ય શાર્દૂલવિક્રીડિત છન્દમાં છે. તેમાં વૈરાગ્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને ખરા યોગીનું અને કામાતુર જનોનું સ્વરૂપ દર્શાવ્યું છે.

### અણુસાસણંકુસકુલય (અનુશાસનાંકુશકુલક)

અંગુલસત્તરિ વગેરેના પ્રણેતા મુનિચન્દ્રસૂરિરચિત આ કૃતિમાં જૈન મહારાષ્ટ્રીની ૨૫ ગાથાઓ છે. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૧૭૮માં થયો હતો.

### રયણત્તયકુલય (રત્નત્રયકુલક)

આ[3] પણ ઉપર્યુક્ત મુનિચન્દ્રરચિત કુલક છે. તેમાં ૩૧ ગાથાઓ છે અને તેમનામાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોનું – રત્નોનું સ્વરૂપ સમજાવ્યું છે.

### ગાહાકોશ (ગાથાકોશ)

આને રસાઉલ તથા રસાઉલગાહાકોસ પણ કહે છે. આ પણ ઉપર્યુક્ત મુનિચન્દ્રસૂરિની રચના છે. તેનું શ્લોકપ્રમાણ ૩૮૪ છે.

### મોક્ષોપદેશપંચાશત

આ[4] પણ મુનિચન્દ્રસૂરિની ૫૧ પદ્યની કૃતિ છે. તેમાં સંસારને વિષવૃક્ષ કહી તેનાં મૂળ, શાખા વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પછી નરક વગેરે ચાર ગતિઓનાં દુઃખોનું વર્ણન આવે છે. ત્યાર પછી સંસાર, વિવેક, દેવ (પરમેશ્વર), ગુરુ અને ધર્મનું સ્વરૂપ સંક્ષેપમાં આપ્યું છે.

---

૧. આની ચોથી આવૃત્તિ 'કાવ્યમાલા' ગુચ્છક ૭માં પ્રકાશિત થઈ છે.

૨. આ શ્રેષ્ઠીએ જિનવલ્લભસૂરિનો ઉપદેશ સાંભળી નાગપુર (નાગોર)માં નેમિનાથનું ચૈત્યાલય બનાવડાવ્યું હતું, આ વાત પ્રસ્તુત કૃતિના ૧૦૨મા શ્લોકમાંથી જાણવા મળે છે.

૩. આ કુલક 'પ્રકરણસમુચ્ચય'નાં પત્ર ૪૧-૪૩માં છપાયું છે.

૪. આ કૃતિ ઉપર્યુક્ત 'પ્રકરણસમુચ્ચય'નાં પત્ર ૧૯-૨૨માં છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિઓવએસકુલય (હિતોપદેશકુલક)

આ[1] નામની મુનિચન્દ્રસૂરિની બે રચનાઓ છે. તે બંનેમાં જૈન મહારાષ્ટ્રીમાં ૨૫ ૨૫ ગાથાઓ છે. તે બંનેમાં હિતકર ઉપદેશ આપવામાં આવ્યો છે.

ઉવએસકુલય (ઉપદેશકુલક)

આ[2] પણ મુનિચન્દ્રસૂરિની કૃતિ છે. તેમાં ૩૩ ગાથાઓ જૈન મહારાષ્ટ્રીમાં છે. તેમાં શોકને પિશાચ કહીને તેને દૂર કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તે ઉપરથી તેને 'સોગહરઉવએસકુલય' પણ કહે છે. તેમાં ધાર્મિક ઉપદેશ આપવામાં આવ્યો છે, તેથી તેને 'ધમ્મોવએસ' પણ કહે છે.

નાણપ્પયાસ (જ્ઞાનપ્રકાશ)

અનેકવિધ સ્તોત્ર વગેરેના રચનાર ખરતર જિનપ્રભસૂરિની આ અપભ્રંશ રચના છે. તેમાં ૧૧૩ પદ્યો છે. 'કુલક' નામથી પ્રસિદ્ધ આ કૃતિનો વિષય જ્ઞાનનું નિરૂપણ છે.

ટીકા — તેની સંસ્કૃત ટીકાના કર્તાનું નામ અજ્ઞાત છે.

ધમ્માધમ્મવિયાર (ધર્માધર્મવિચાર)

આ પણ ઉપર્યુક્ત જિનપ્રભસૂરિની અપભ્રંશ રચના છે. તેમાં ૧૮ પદ્ય છે. તેનો પ્રારંભ 'અહ જણ નિસુણિજ્જઉ'થી થાય છે. તેમાં ધર્મ અને અધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

સુબોધપ્રકરણ

આ હરિભદ્રસૂરિની કૃતિ છે એમ કેટલાક માને છે, પરંતુ આજ સુધી તે અપ્રાપ્ય છે.

સામણ્ણગુણોવએસકુલય (સામાન્યગુણોપદેશકુલક)

આ અંગુલસત્તરિ વગેરેના કર્તા ઉપર્યુક્ત મુનિચન્દ્રસૂરિની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી ૨૫ પદ્યોની કૃતિ છે. તેમાં સામાન્ય ગુણોનો ઉપદેશ દેવામાં આવ્યો હશે એવું તેના નામ ઉપરથી લાગે છે.

---

૧. આ નામની બે કૃતિઓ પ્રકરણસમુચ્ચયમાં અનુક્રમે ૨૫-૨૭ અને ૨૭-૨૮ પત્રો ઉપર છપાઈ છે.

૨. આ પણ પ્રકરણસમુચ્ચયમાં (પત્ર ૩૬-૩૮)માં છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મબોધકુલક

આ રચના જયશેખરસૂરિની છે.

વિદ્યાસાગરશ્રેષ્ઠિકથા

૫૦ પદ્યોની આ કૃતિ ચૈત્રગચ્છના ગુણાકરસૂરિએ લખી છે.

ગદ્યગોદાવરી

આ કૃતિ યશોભદ્રે લખી છે એવું કેટલાય માને છે.

કુમાલપાલપ્રબન્ધ

આ કૃતિ[1] સોમસુંદરસૂરિના શિષ્ય જિનમંડનગણીની છે. તે અંશતઃ ગદ્યમાં અને અંશતઃ પદ્યમાં વિ.સં.૧૯૪૨માં રચાઈ છે. તે ૨૪૫૬ શ્લોકપ્રમાણ છે. તેમાં કુમારપાલ રાજાનો અધિકાર વર્ણવ્યો છે.

દુવાલસકુલય (દ્વાદશકુલક)

આ[2] ખરતર જિનવલ્લભસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં ભિન્ન ભિન્ન છન્દોમાં લખી છે. તેની પદ્યસંખ્યા ૨૩૨ છે.

ટીકાઓ — તેના ઉપર ૩૩૬૩ શ્લોકપ્રમાણ એક ટીકા જિનપાલે વિ.સં.૧૨૯૩માં લખી છે. ઉપરાંત, તેના ઉપર એક વિવરણ ઉપલબ્ધ છે, તે ભાંડાગારિક નેમિચન્દ્રે લખ્યું છે એમ કેટલાય માને છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

●

૧. આ પ્રબન્ધ જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૧માં પ્રકાશિત કર્યો છે.

૨. આ કૃતિ જિનપાલની ટીકા સાથે 'જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ' એ સન્ ૧૯૩૪માં પ્રકાશિક કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથું પ્રકરણ

# યોગ અને અધ્યાત્મ

યોગના વિવિધ અર્થ થાય છે. પ્રસ્તુત સંદર્ભમાં સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કરતા જીવનાં દુઃખોનો સર્વથા નાશ કરી શાશ્વત આનન્દની દશા પ્રાપ્ત કરાવનાર – પરમાત્મા બનાવનાર સાધન 'યોગ' છે. સંક્ષેપમાં કહીએ તો મુક્તિનો માર્ગ ઉન્મુક્ત કરનારું સાધન 'યોગ' છે. આ દૈહિક અને ભૌતિક આસક્તિના ઉચ્છેદથી શક્ય છે. આવું હોવાથી અમારા દેશમાં – ભારતવર્ષમાં અને કાલાન્તરે અન્યત્ર તપને યોગ માનવાની વૃત્તિ ઉત્પન્ન થઈ. આગળ જતાં ધ્યાનરૂપ આભ્યન્તર તપને શ્રેષ્ઠ માનતાં યોગીએ ધ્યાનમાં તલ્લીન રહેવું જોઈએ એવી માન્યતા રૂઢ થઈ. ત્યાર પછી યોગનો અર્થ સમદર્શિતા કરાવા લાગ્યો. આમ યોગનું બાહ્ય રૂપ બદલાતું રહ્યું છે જ્યારે એનું આન્તરિક તથા મૌલિક સ્વરૂપ તેમ જ ધ્યેય તો સ્થિર જ રહ્યું છે.

JAINSITE.com

આપણો દેશ યોગ અને અધ્યાત્મની જન્મભૂમિ મનાય છે. આ અવસર્પિણી કાલમાં જૈનોના પ્રથમ તીર્થંકર ઋષભદેવ થયા છે. તેમને વૈષ્ણવો અને શૈવો પોતપોતાની રીતે મહાપુરુષ યા અવતારી પુરુષ માને છે. કેટલાક તેમને 'અવધૂત'[1] કહે છે. એક દૃષ્ટિએ જોઈએ તો તે આદ્ય યોગી જ નહિ, યોગીરાજ પણ છે. એવું મનાય છે કે તેમણે યોગમાર્ગ પ્રવર્તાવ્યો. તેથી જ યોગવિષયક સાહિત્યની વિપુલ માત્રામાં રચના થઈ છે, પરંતુ તે આજ સર્વાંશતઃ ઉપલબ્ધ નથી, તેનો અધિકાંશ તો નામશેષ જ રહ્યો છે. જૈન સાહિત્યના એક અંગરૂપ યોગસાહિત્યને માટે પણ એ જ પરિસ્થિતિ છે. જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ (મુંબઈ) દ્વારા પ્રકાશિત 'જૈન ગ્રન્થાવલી'ના પૃ. ૧૦૯થી ૧૧૩ ઉપર 'અધ્યાત્મ ગ્રન્થ' શીર્ષક નીચે પચાસ ગ્રન્થની યાદી આપી છે. આ વિષયના કેટલાય ગ્રન્થોનો તેમાં જુદા જુદા શીર્ષકો નીચે નિર્દેશ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત જૈન ગ્રન્થોના પ્રકાશન પછી બીજા કેટલાય ગ્રંથો જ્ઞાત થયા છે. તેમાંથી જેટલા

---

૧. તેમનો ધૂતરૂપ અંશ આચારાંગ(શ્રુત.૧)ના છઠ્ઠા અધ્યયન 'ધુય'નું (સં. 'ધૂત'નું) સ્મરણ કરાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્ય છે તેટલા ગ્રંથોના વિશે પ્રાયઃ શતકવાર પરિચય દેવાનો અહીં હું પ્રયત્ન કરીશ. તેનો આરંભ મહર્ષિ પતંજલિકૃત 'યોગદર્શન' વિષયક જૈન વક્તવ્યથી કરું છું.

સભાષ્ય યોગદર્શનની જૈન વ્યાખ્યા

મહર્ષિ પતંજલિએ ૧૯૫ સૂત્રોમાં ઉપર્યુક્ત યોગદર્શનની રચના કરી છે અને તેને ચાર પાદોમાં વિભક્ત કર્યું છે. તે પાદોનાં નામ તથા પ્રત્યેક પાદમાં આવતાં સૂત્રોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. સમાધિપદ | ૫૧ |
| ૨. સાધનનિર્દેશ | ૫૫ |
| ૩. વિભૂતિપાદ | ૫૫ |
| ૪. કૈવલ્યપદ | ૩૪ |

સાંખ્યદર્શન અનુસાર સાંગોપાંગ યોગપ્રક્રિયાનું નિરૂપણ કરનાર આ યોગદર્શન ઉપર વ્યાસે એક મહત્ત્વપૂર્ણ ભાષ્ય લખ્યું છે. તેનો યથાયોગ્ય ઉપયોગ કરીને ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજીગણીએ આ યોગદર્શનના ૨૭ સૂત્રો ઉપર વ્યાખ્યા લખી છે.[1] આ વ્યાખ્યા દ્વારા તેમણે બે કાર્ય કર્યાં છે : ૧. સાંખ્યદર્શન અને જૈનદર્શન વચ્ચે જે ભેદ છે તે સ્પષ્ટ કર્યો છે, અને ૨. આ બે દર્શનો વચ્ચે જ્યાં માત્ર પરિભાષાનો જ ભેદ છે ત્યાં તેમણે સમન્વય કર્યો છે.

પં. શ્રી સુખલાલજી સંઘવીએ આ વ્યાખ્યાનો હિંદીમાં સાર આપ્યો છે અને તે પ્રકાશિત પણ થયો છે.

યોગદર્શનના બીજા પાદના ૨૯મા સૂત્રમાં યોગનાં નીચે જણાવેલાં આઠ અંગો ગણાવ્યાં છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. તેમાંથી યમ, નિયમ અને આસનના બદલે એકમાત્ર તર્ક અને પ્રાણાયામથી સમાધિ સુધીના પાંચ એમ કુલ છ યોગાંગોના સિંહસૂરિગણીકૃત નિરૂપણ ઉપર હવે આપણે વિચાર કરીશું.

---

૧. આ વ્યાખ્યા વિવરણ તથા હિંદી સાર સાથે પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### યોગનાં છ અંગ

સિંહસૂરિગણી વાદિક્ષમાશ્રમણે 'દ્વાદશારનયચક્ર'ના[૧] ત્રીજા આરાની ન્યાયાગમાનુસારિણી નામની વૃત્તિમાં (વિ.૧., પૃ. ૩૩૨) નીચે આપેલું પદ્ય 'को योग: ?'ના ઉલ્લેખ સાથે આપ્યું છે :

प्रत्याहारस्तथा ध्यानं प्राणायामोऽथ धारणा ।
तर्क: समाधिरित्येष षडङ्गो योग उच्यते ॥

આ શ્લોક અમૃતનાદ ઉપનિષદ્માં (૬) 'तर्कश्चैव समाधिश्च' આવા ત્રીજા પાદવાળો છે, તથા અત્રિસ્મૃતિમાં પણ આ શ્લોક છે. આ ઉદ્ધરણનું સ્પષ્ટીકરણ ઉપર્યુક્ત વૃત્તિમાં (પૃ.૩૨૨) આવે છે. તેમાં પ્રાણાયામના રેચક, કુમ્ભક અને પૂરક આ ત્રણ ભેદોનો નિર્દેશ કરી તેમનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવ્યું છે. તર્કના સ્પષ્ટીકરણમાં પલ્યંક, સ્વસ્તિક અને વીરાસન આ ત્રણ આસનોનો ઉલ્લેખ આવે છે. અંતે આ ષડંગ યોગ દ્વારા સર્વત્ર પૃથ્વી ઈત્યાદિ મૂર્તિરૂપ ઈશ્વરનું દર્શન કરી ભાવિત આત્મા તેને પોતાના આત્મામાં કેવી રીતે દેખે છે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આમ યોગનાં છ અંગોનો ઉલ્લેખ કરનાર ઉપર્યુક્ત ક્ષમાશ્રમણે મધ્યસ્થલક્ષી હરિભદ્રસૂરિની અથવા પોતાના પુરોગામી સિદ્ધસેનગણીની જેમ પોતાની આ વૃત્તિમાં બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિનો કે તેમની કોઈ કૃતિનો ઉલ્લેખ કર્યો નથી. પરિણામે તે સિદ્ધસેનગણીના પહેલાં થયા છે એમ મનાય છે.

### યોગનિર્ણય

ગુણગ્રાહી અને સત્યાન્વેષક શ્રી હરિભદ્રસૂરિએ[૨] યોગદૃષ્ટિસમુચ્ચય (શ્લોક ૧)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં (પત્ર ૨) ઉત્તરાધ્યયનની સાથે 'યોગનિર્ણય' નામના યોગવિષયક ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે પરંતુ આજ સુધી તે ઉપલબ્ધ થયો નથી. તેમાં યોગદૃષ્ટિસમુચ્ચયમાં નિર્દિષ્ટ ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું નિરૂપણ હશે, મિત્રા વગેરે આઠ દૃષ્ટિઓનું કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું,

---

૧. આનું પ્રકાશન ચાર આરા સુધીના ભાષ્ય તથા તેની ટીકા વગેરે સાથે આત્માનન્દ સભાએ સન્ ૧૯૬૭માં ભાવનગરથી કર્યું છે. તેનું સંપાદન ટિપ્પણ વગેરે સાથે મુનિ શ્રી જમ્બૂવિજયજીએ કર્યું છે.

૨. તેમનો પરિચય કરાવતી મારી કૃતિઓનો નિર્દેશ મેં આગળ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે યોગવિષયક કોઈ અન્ય બાબત હશે, એ બતાવવું સંભવ નથી. આ યોગનિર્ણયનો ઉલ્લેખ શ્રી હરિભદ્રસૂરિ સિવાય બીજા કોઈએ કર્યો નથી. કોઈ અજૈન વિદ્વાને કર્યો હોય તો જાણ નથી. વળી, તેની સાથે ઉત્તરાધ્યયનનો ઉલ્લેખ હોવાથી તે એક જૈન કૃતિ હશે એમ મારું માનવું છે. તેના રચનાકાલની ઉત્તરાવધિ વિક્રમની ૮મી સદી છે.

### યોગાચાર્યની કૃતિ

યોગદૃષ્ટિસમુચ્ચયના શ્લોક ૧૪, ૧૯, ૨૨, ૨૫ અને ૩૫ની સ્વોપજ્ઞ વૃત્તિમાં 'યોગાચાર્ય'નો ઉલ્લેખ આવે છે. 'લલિતવિસ્તરા'માં (પ. ૭૬ અ) 'योगाचार्याः' એવો ઉલ્લેખ છે. આ બંને ઉલ્લેખ એક જ વ્યક્તિના વિશે હશે. એવું લાગે છે કે કોઈ જૈન યોગાચાર્ય હરિભદ્રસૂરિ પહેલાં થયા છે. તેમની કોઈ કૃતિ ઉપલબ્ધ નથી. આ કૃતિ વિક્રમની સાતમી સદીની તો હશે જ.

### હારિભદ્રીય કૃતિઓ

સમભાવભાવી શ્રી હરિભદ્રસૂરિએ[1] યોગવિષયક અનેક ગ્રન્થ લખ્યા છે, જેમકે ૧. યોગબિન્દુ, ૨. યોગદૃષ્ટિસમુચ્ચય, ૩. યોગશતક, ૪. બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય, ૫. જોગવિંશિકા, ૬. ષોડશકનાં કેટલાંય પ્રકરણો (ઉદાહરણાર્થ ૧૦-૧૪ અને ૧૬). અન્ય ગ્રન્થોમાં પણ પ્રસંગોપાત્ત યોગવિષયક બાબતોને હરિભદ્રસૂરિએ સ્થાન આપ્યું છે. આ બધી કૃતિઓમાંથી 'બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય' વિશે હમણા હમણા જ જાણકારી મળી છે. તેના તથા અન્ય ગ્રન્થોના વિષયમાં આગળ જણાવીશું.

### યોગબિન્દુ

અનુષ્ટુપ્ છન્દના ૫૨૭ પદ્યોમાં રચાયેલી હરિભદ્રસૂરિની આ કૃતિ[2] અધ્યાત્મ

---

૧. તેમના જીવન અને રચનાઓ વિશે મેં 'અનેકાન્તજયપતાકા'ના ખંડ ૧ (પૃ. ૧૭-૨૯) અને ખંડ ૨ (પૃ.૧૦-૧૦૬)ની મારા અંગ્રેજી ઉપોદ્ઘાતમાં તથા શ્રી હરિભદ્રસૂરિ, ષોડશકની પ્રસ્તાવના, સમરાઈચ્ચકહાચરિયના ગુજરાતી અનુવાદવિષયક મારો દૃષ્ટિપાત વગેરેમાં કેટલીક બાબતોનો નિર્દેશ કર્યો છે. ઉપદેશમાલા અને બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય પણ તેમની કૃતિઓ છે. તેમાં પણ ઉપદેશમાલા તો આજ સુધી મળી જ નથી.

૨. આ કૃતિ અજ્ઞાતકર્તૃક વૃત્તિ સાથે 'જૈન ધર્મ પ્રસારક સભા'એ સન્ ૧૯૧૧માં પ્રકાશિત કરી છે. તેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર પ્રકાશ નાખે છે. તેમાં વિવિધ વિષયોનું નિરૂપણ આવે છે, જેમકે યોગનો પ્રભાવ, યોગની ભૂમિકારૂપ પૂર્વસેવા, વિષ, ગર, અનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત એ પાંચ પ્રકારના અનુષ્ઠાન[૧], સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સાધનભૂત યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણનું વિવેચન, વિરતિ, મોક્ષ, આત્માનું સ્વરૂપ, કાર્યની સિદ્ધિમાં સ્વભાવ, કાલ, આદિ પાંચ કારણોનું બલાબલ, મહેશ્વરવાદી અને પુરુષાદ્વૈતવાદીના મતોનું નિરસન, અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષેપ આ પાંચ આધ્યાત્મિક વિકાસની ભૂમિકાઓમાંથી પ્રથમ ચારનો પતંજલિના કથનાનુસાર સમ્પ્રજ્ઞાતના રૂપમાં અને અંતિમનો અસંપ્રજ્ઞાતના રૂપમાં નિર્દેશ, ગોપેન્દ્ર[૨] અને કાલાતીતનાં[૩] મન્તવ્યો તથા સર્વદેવનમસ્કારની ઉદારવૃત્તિના

---

સંપાદન ડૉ. એલ. સુઆલીએ (L.Suali) કર્યું છે. તે પછી આ જ કૃતિ 'જૈન ગ્રન્થ પ્રસારક સભા'એ સન્ ૧૯૪૦માં પ્રકાશિત કરી છે. કેવળ મૂલ કૃતિ ગુજરાતી અર્થ (અનુવાદ) અને વિવેચન સાથે 'બુદ્ધિસાગર જૈન જ્ઞાનમંદિર'એ 'સુખસાગરજી ગ્રન્થમાળા'ના ત્રીજા પ્રકાશન રૂપે સન્ ૧૯૫૦માં પ્રકાશિત કરી છે. આજકાલ આ મૂલ કૃતિ અંગ્રેજી અનુવાદ આદિ સાથે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તરફથી છપાઈ છે.

જૈનમ્ જયતિ શાસનમ્

૧. વૈયાકરણ વિનયવિજયગણીએ 'શ્રીપાલરાજાનો રાસ' શરૂ કર્યો હતો, પરંતુ વિ.સં.૧૭૩૮માં તેમનું અવસાન થતાં તે અપૂર્ણ રહ્યો હતો. ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજીએ તૃતીય ખંડની પાંચમી ઢાળ અથવા તેના અમુક અંશથી આગળનો ભાગ પૂરો કર્યો. તેમણે ચોથા ખંડની સાતમી ઢાળના ૨૯મા પદ્યમાં આ વિષ વગેરે પાંચ અનુષ્ઠાનોનો ઉલ્લેખ કરીને પદ્ય ૩૦-૩૩માં તેમનું વિવેચન કર્યું છે. આ ઉપરાંત ૨૬મા પદ્યમાં પણ અનુષ્ઠાનથી સમ્બદ્ધ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગનો તેમણે નિર્દેશ કર્યો છે.

૨. શ્રી હરિભદ્રસૂરિએ અન્ય સંપ્રદાયોના જે વિદ્વાનોનો માનપૂર્વક નિર્દેશ કર્યો છે તેમાં એક ગોપેન્દ્ર પણ છે. સાંખ્યયોગાચાર્યોના મત સાથે તેમનો પોતાનો મત મળે છે એવું તેમણે કહ્યું છે. હરિભદ્રસૂરિએ લલિતવિસ્તરામાં (પૃ. ૪૫ આ) 'ભગવદ્‌ગોપેન્દ્ર' એવા સન્માનસૂચક નામ સાથે તેમનો ઉલ્લેખ કર્યો છે. ગોપેન્દ્ર કે તેમની કોઈ કૃતિના વિશે કોઈ અજૈન વિદ્વાને નિર્દેશ કર્યો હોય તો તેની જાણ મને નથી.

૩. તે પરસ્પર વિરુદ્ધ વાતોનો સમન્વય કરે છે. આ દૃષ્ટિએ આ ક્ષેત્રમાં તે હરિભદ્રસૂરિના પુરોગામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશે 'ચારિસંજીવની' ન્યાય અને કાલાતીતની અનુપલબ્ધ કૃતિમાંથી સાત અવતરણ.

યોગબિન્દુના ૪૫૯મા શ્લોકમાં 'સમાધિરાજ'[1] નામના બૌદ્ધ ગ્રંથનો ઉલ્લેખ આવે છે, પરંતુ વૃત્તિકારને તેનું જ્ઞાન ન હોવાથી તેમણે તેનો જુદો જ અર્થ કર્યો છે.

યોગબિન્દુમાં યોગના અધિકારી-અનધિકારીનો નિર્દેશ કરતી વખતે મોહમાં મુગ્ધ, ચરમાવર્તમાં રહેલા સંસારી જીવોને તેમણે 'ભવાભિનન્દી' કહ્યા છે, જ્યારે ચરમાવર્તમાં રહેલા શુક્લપાક્ષિક, ભિન્નગ્રન્થિ અને ચારિત્રી જીવોને યોગના અધિકારી માન્યા છે. આ અધિકારની પ્રાપ્તિ પૂર્વસેવાથી થઈ શકે છે એમ કહેતી વખતે પૂર્વસેવાનો અર્થ મર્યાદિત ન કરતાં વિશાળ કર્યો છે. તેમણે તેનાં ચાર અંગો ગણાવ્યાં છે : ૧. ગુરુપ્રતિપત્તિ અર્થાત્ દેવ આદિનું પૂજન, ૨. સદાચાર, ૩. તપશ્ચર્યા અને ૪. મુક્તિના પ્રત્યે અદ્વેષ. ગુરુ એટલે માતા, પિતા, કલાચાર્ય, સગાસંબંધી, વૃદ્ધ અને ધર્મોપદેશક. આમ હરિભદ્રસૂરિએ 'ગુરુ'નો વિસ્તૃત અર્થ કર્યો છે. આજકાલ પૂર્વસેવાનો જે હ્રાસ થઈ રહ્યો છે

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

કહેવાય. 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' (પૃ.૮૦)માં તે શૈવ, પાશુપત યા અવધૂત પરંપરાના હશે એવી કલ્પના કરવામાં આવી છે.

૧. આ બૌદ્ધ ગ્રંથ લલિતવિસ્તરની જેમ મિશ્ર સંસ્કૃતમાં રચાયો છે. તેનો ઉલ્લેખ શ્લોક ૪૫૯માં નૈરાત્મ્યદર્શનથી મુક્તિ માનનારના મંતવ્યની આલોચના કરતી વખતે આવે છે. આ મન્તવ્યનું નિરૂપણ 'સમાધિરાજ'માં (પરિવર્ત ૭, શ્લોક ૨૮-૨૯) આવે છે. આ 'સમાધિરાજ' ગ્રન્થ બે સ્થાનેથી પ્રકાશિત થયો છે : ૧. ગિલ્ગિટ મેન્યુસ્ક્રીપ્ટ્સના બીજા ભાગમાં સન્ ૧૯૪૧માં અને ૨. મિથિલા ઈન્સ્ટીટ્યૂટ, દરભંગા (બિહાર)થી સન્ ૧૯૬૧માં. પ્રથમ પ્રકાશનના સંપાદક ડૉ. નલિનાક્ષ દત્ત છે અને બીજાના ડૉ. પી.એલ.વૈદ્ય છે. ડૉ. વૈદ્ય દ્વારા સંપાદિત સમાધિરાજ બૌદ્ધ સંસ્કૃત ગ્રંથાવલીના દ્વિતીય ગ્રન્થના રૂપે પ્રકાશિત થયો છે.

સમાધિરાજના ત્રણ ચીની અનુવાદ થયા છે. ચોથો અનુવાદ ભોટ (તિબેટન) ભાષામાં થયો છે. આ ચોથા અનુવાદમાં સર્વાધિક પ્રક્ષિપ્તાંશ છે એવું મનાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે શોચનીય છે. આધુનિક શિક્ષામાં પૂર્વસેવાને ધાર્મિક શિક્ષાના મૂળ તરીકે માન્ય રાખવામાં આવે તો આજની વિષમ પરિસ્થિતિમાં ખૂબ લાભ થઈ શકે છે.

વૃત્તિ – 'सद्योगचिन्तामणि'થી શરૂ થતી આ વૃત્તિનું શ્લોકપ્રમાણ ૩૬૨૦ છે. યોગબિન્દુના સ્પષ્ટીકરણ માટે આ વૃત્તિ અતિ મહત્ત્વની છે. કેટલાક આને સ્વોપજ્ઞ માને છે, પરંતુ 'સમાધિરાજ'નો જે ખોટો અર્થ કર્યો છે તેનાથી આ મત અનુચિત સિદ્ધ થાય છે. યોગદષ્ટિસમુચ્ચય તથા યોગશતક ઉપર એક એક સ્વોપજ્ઞ વૃત્તિ છે અને તે મળે પણ છે. યોગબિન્દુ ઉપર પણ સ્વોપજ્ઞ વૃત્તિ હશે એવી કલ્પના થાય છે.[1]

## યોગશતક (જોગસયગ)

શ્રી હરિભદ્રસૂરિએ જેમ સંસ્કૃતમાં યોગવિષયક ગ્રન્થ લખ્યા છે તેમ પ્રાકૃતમાં પણ લખ્યા છે. તેમાંનો એક યોગશતક[2] છે અને બીજો છે વીસવીસિયાની

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૧. પ્રો. મણિલાલ ન. દ્વિવેદીએ યોગબિન્દુનો ગુજરાતી અનુવાદ કર્યો હતો અને તે 'વડોદરા દેશી કેળવણી ખાતું'એ સન્ ૧૮૯૯માં પ્રકાશિત કર્યો હતો.

યોગબિન્દુ અને તેની અજ્ઞાતકર્તૃક વૃત્તિ વગેરેના વિશે વિશેષ જાણકારી મેળવવા જુઓ લેખકના 'શ્રી હરિભદ્રસૂરિ' તથા 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' ગ્રન્થ.

૨. તે ગુજરાતી અર્થ, વિવેચન, પ્રસ્તાવના, વિષયસૂચી તથા છ પરિશિષ્ટો સાથે અમદાવાદથી 'ગુજરાત વિદ્યાસભા'એ પ્રકાશિત કર્યું છે. તેનું સંપાદન ડૉ. ઈન્દુકલા હીરાચન્દ ઝવેરીએ કર્યું છે. આ કૃતિનું નામ 'યોગશતક' રાખ્યું છે. સન્ ૧૯૬૫માં આ જ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ તતા બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય સાથે 'યોગશતક' નામે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદે પ્રકાશિત કરી છે. તેનું સંપાદન મુનિ પુણ્યવિજયજીએ કર્યું છે. તેમની સંસ્કૃત પ્રસ્તાવના, ડૉ. ઈન્દુકલા હી. ઝવેરીનો અંગ્રેજી ઉપોદ્‌ઘાત, સંસ્કૃતમાં વિષયાનુક્રમ, ડૉ. કે. કે. દીક્ષિતકૃત યોગશતકનો અંગ્રેજી અનુવાદ, આઠ પરિશિષ્ટ તથા યોગશતક અને બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચયની તાડપત્રીય પ્રતિઓના એક એક પત્રની પ્રતિકૃતિથી તે સમૃદ્ધ છે.

ડૉ. ઈન્દુકલા ઝવેરી દ્વારા સંપાદિત યોગશતકનો હિંદી અનુવાદ પણ ગુજરાત વિદ્યાસભાએ પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોગવિહાણ-વીસિયા નામની ૧૭મી વીસિયા રૂપે. પ્રસ્તુત યોગશતક ગ્રન્થમાં નીચે જણાવેલા વિષયો આવે છે :

નમસ્કાર, યોગનું નિશ્ચય અને વ્યવહાર બંને દૃષ્ટિએ લક્ષણ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેનાં લક્ષણો, વ્યવહારથી યોગનું સ્વરૂપ, નિશ્ચય યોગથી ફલની સિદ્ધિ, યોગીનું સ્વરૂપ, આત્મા અને કર્મનો સંબંધ, યોગના અધિકારીનાં લક્ષણો, અપુનર્બન્ધકનું લક્ષણ, સમ્યગ્દૃષ્ટિનાં શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુ તથા દેવનું વૈયાવૃત્ત્ય (સેવા) એ ત્રણ લિંગ, ચારિત્રીનાં લિંગ, યોગીઓની ત્રણ કથાઓ અને તદનુસાર ઉપદેશ, ગૃહસ્થનો યોગ, સાધુની સામાચારી, અપાત્રને યોગ દેવાથી પેદા થનારાં અનિષ્ટો, યોગની સિદ્ધિ, મતાન્તર, ઉચ્ચ ગુણસ્થાનની પ્રાપ્તિની વિધિ, અરતિ દૂર કરવાના ઉપાય, અનભ્યાસીનાં કર્તવ્ય, રાગ, દ્વેષ અને મોહનો આત્માના દોષરૂપે નિર્દેશ, કર્મનું સ્વરૂપ, સંસારી જીવ સાથે તેનો સંબંધ, કર્મનાં કારણ, કર્મની પ્રવાહરૂપે અનાદિતા, મૂર્ત કર્મનો અમૂર્ત આત્મા ઉપર પ્રભાવ, રાગાદિ દોષોનું સ્વરૂપ તથા તદ્વિષયક ચિન્તન, મૈત્રી આદિ ચાર ભાવનાઓ, આહારવિષયક સ્પષ્ટીકરણ, સર્વસમ્પત્કારી ભિક્ષા, યોગજન્ય લબ્ધિઓ અને એમનું ફળ, કાયિક પ્રવૃત્તિની અપેક્ષાએ માનસિક ભાવનાની શ્રેષ્ઠતાનાં સૂચક દૃષ્ટાંતોના રૂપમાં મંડૂકચૂર્ણ અને તેની ભસ્મ તથા માટીનો ઘડો અને સુવર્ણકલશ, વિકાસસાધકના બે પ્રકાર, આશયરત્નનો વાસીચન્દનના રૂપમાં ઉલ્લેખ તથા કાલજ્ઞાનના ઉપાય.

યોગશતકની ગાથા ૯, ૩૭, ૬૨, ૮૫, ૮૮, ૯૨ અને ૯૭માં નિર્દિષ્ટ બાબતો બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચયના શ્લોક ૩૭, ૧૩૬, ૧૬૩, ૨૬૩-૨૬૫, ૧૭૧, ૪૧૩ અને ૩૯૨-૩૯૪માં મળે છે.[૧]

જ્યાં સુધી વિષયનો સંબંધ છે ત્યાં સુધી યોગબિન્દુમાં આવતી યોગવિષયક કેટલીય વાતો યોગશતકમાં સંક્ષેપમાં આવે છે.[૨] આનું સમર્થન યોગશતકની સ્વોપજ્ઞ ટીકામાં આવતા યોગબિન્દુનાં ઉદ્ધરણોથી થાય છે.

સ્વોપજ્ઞ વ્યાખ્યા – આ વ્યાખ્યા હરિભદ્રે પોતે લખી છે. આનું અથવા મૂલસહિત આ વ્યાખ્યાનું પરિમાણ ૭૫૦ શ્લોક છે. આ સંક્ષિપ્ત વ્યાખ્યાની

---

૧. જુઓ મુનિ શ્રી પુણ્યવિજયજીની પ્રસ્તાવના, પૃ. ૪

૨. જુઓ યોગશતકની ગુજરાતી પ્રસ્તાવના, પૃ. ૫૪-૫૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચના એવી રીતે થઈ છે કે તેના આધારે મૂલના પ્રાકૃત પદ્યોની સંસ્કૃત છાયા સુગમતાથી તૈયાર કરી શકાય છે. તેમાં હરિભદ્રસૂરિએ પોતાના અને અન્યકર્તૃક[1] ગ્રન્થોમાંથી ઉદ્ધરણો આપ્યાં છે. જેમકે યોગબિન્દુ (શ્લોક ૬૭-૬૯, ૧૦૧-૧૦૫, ૧૧૮, ૨૦૧-૨૦૫, ૨૨૨-૨૨૬, ૩૫૮, ૩૫૯); લોકતત્ત્વનિર્ણય (શ્લોક ૭); શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સ્ત. ૭, શ્લોક ૨-૩); અને અષ્ટકપ્રકરણ (અષ્ટક ૨૯). આ બધા સ્વરચિત ગ્રન્થો છે. નીચે દર્શાવેલાં પ્રતીકોવાળા ઉદ્ધરણોનાં મૂળ અજ્ઞાત છે.

श्रेयांसि बहुविघ्नानि० (પૃ.૧), शक्तिः सफलैर्व०(પૃ.૫), ऊर्ध्वाधःसमाधि०(પૃ.૯), सम्भृतसुगुप्त (પૃ.૧૦), सांसिद्धिक०(પૃ.૧૬), आग्रही बत (પૃ.૩૯), द्विविधं हि भिक्षवः! पुण्यं० (પૃ.૩૮), धर्मधाता० (પૃ.૪૦), पञ्चाहात्० (પૃ.૪૨), प्रध्मान० (પૃ.૪૩) અને जल्लेसे मरड (પૃ.૪૩).[2]

યોગદૃષ્ટિસમુચ્ચય

આ કૃતિ[3] શ્રી હરિભદ્રસૂરિએ ૨૨૬ પદ્યોમાં રચી છે. તેમાં યોગના ૧. ઈચ્છાયોગ, ૨. શાસ્ત્રયોગ અને ૩. સામર્થ્યયોગ આ ત્રણ ભેદોનું તથા સામર્થ્યયોગના ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ એ બે પેટાભેદોનું નિરૂપણ કરવામાં

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. પૃ. ૧૧ ઉપર ષષ્ટિતંત્ર અને ભગવદ્ગીતાનાં ઉદ્ધરણો છે.

૨. આ પદ્યો અન્યકર્તૃક છે, પરંતુ યોગબિન્દુમાં એવી રીતે ગૂંથી લીધાં છે કે તે મૂલનાં જ હોય એવું લાગે છે.

૩. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, સૂરતે સન્ ૧૯૧૧માં પ્રકાશિત કરી છે. તે ઉપરાંત વૃત્તિ સાથે મૂલ કૃતિ જૈન ગ્રન્થ પ્રસારક સભાએ સન્ ૧૯૪૦માં પ્રકાશિત કરી છે. મૂલકૃતિ, તેનો દોહાઓમાં ગુજરાતી અનુવાદ, પ્રત્યેક પદ્યનો અક્ષરશઃ ગદ્યાત્મક અનુવાદ, હારિભદ્રીય વૃત્તિનો અનુવાદ, આ વૃત્તિના આધારે 'સુમનોનન્દિની બૃહદ્ ટીકા' નામનું વિસ્તૃત વિવેચન, પ્રત્યેક અધિકારના અંતે સારરૂપ ગુજરાતી પદ્ય, ઉપોદ્ઘાત અને વિષયાનુક્રમણિકા — આ રીતે ડૉ. ભગવાનદાસ મ. મહેતા દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ સામગ્રી સાથે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ 'યોગદૃષ્ટિસમુચ્ચય સવિવેચન' નામથી મુંબઈથી સન્ ૧૯૫૦માં આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યું છે. પછી ૧. મિત્રા, ૨. તારા, ૩. બલા, ૪. દીપ્રા, ૫. સ્થિરા, ૬. કાંતા, ૭. પ્રભા અને ૮. પરા – આ આઠ દૃષ્ટિઓનું વિશદ અને મનનીય વિવરણ છે. દીપ્રા નામની ચોથી દૃષ્ટિના નિરૂપણમાં અવેદ્યસંવેદ્ય પદ[1], વેદ્યસંવેદ્ય પદ, કુતર્કનિન્દા, સર્વજ્ઞતત્ત્વ અને સર્વજ્ઞોમાં અભેદ, સર્વજ્ઞની દેશના અને સર્વજ્ઞવાદ જેવા વિવિધ અધિકારો છે. અન્તે ૧. ગોત્રયોગી, ૨. કુલયોગી, ૩. પ્રવૃત્તચક્રયોગી અને ૪. નિષ્પન્નયોગી વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે. પ્રસ્તુત કૃતિમાં સંસારી જીવની અચરમાવર્તકાલીન અવસ્થાને 'ઓઘદૃષ્ટિ' અને ચરમાવર્તકાલીન અવસ્થાને 'યોગદૃષ્ટિ' કહી છે. આઠ યોગદૃષ્ટિઓમાંથી પહેલી ચારમાં મિથ્યાત્વનો અંશ હોવાથી તેમને અવેદ્યસંવેદ્યપદવાળી, અસ્થિર અને સદોષ ગણી છે, જયારે બાકીની ચારને વેદ્યસંવેદ્યપદવાળી ગણી છે. પહેલી ચાર દૃષ્ટિઓમાં ચૌદ ગુણસ્થાનોમાંથી પહેલાં ત્રણ ગુણસ્થાન હોય છે, પાંચમી અને છઠ્ઠીમાં તે પછીનાં ત્રણ ગુણસ્થાનો હોય છે, સાતમીમાં તે પછીનાં બે અને આઠમીમાં બાકીનાં છ ગુણસ્થાનો હોય છે.

ઉપર્યુક્ત આઠ દૃષ્ટિઓનું આલેખન ન્યાયાચાર્ય શ્રી યશોવિજયગણીએ દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાની દ્વાત્રિંશિકા ૨૧-૨૪માં તથા 'આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય'માં કર્યું છે. સ્વ. મોતીચંદ ગિ. કાપડિયાએ આ વિષયને લઈને ગુજરાતીમાં 'જૈન દૃષ્ટિએ યોગ'[2] નામનું પુસ્તક લખ્યું છે. તે ઉપરાંત આ વિષયનું નિરૂપણ ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજીએ અધ્યાત્મતત્ત્વાલોકમાં કર્યું છે.

સ્વોપજ્ઞ વૃત્તિ – ૧૧૭૫ શ્લોકપ્રમાણ આ વૃત્તિ ગ્રંથકારે પોતે રચી મૂલના વિષયનું વિશદ સ્પષ્ટીકરણ કર્યું છે. મિત્રા આદિ આઠ દૃષ્ટિઓની પાતંજલ યોગદર્શન (૨.૨૯)માં આવતાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ આઠ યોગાંગો સાથે જેમ મૂલમાં તુલના કરી છે તેવી જ રીતે તેમની તુલના શ્લોક ૧૬ની વૃત્તિમાં ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન,

---

૧. જેમાં બાહ્ય વેદ્ય વિષયોનું યથાર્થરૂપે સંવેદન અર્થાત્ જ્ઞાન નથી હોતું.
૨. આની બીજી આવૃત્તિ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈએ વિ.સં.૨૦૧૦માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ્રાન્તિ, અન્યમુદ્, રોગ અને આસંગ[1]ની સાથે (તેમના અભાવોની સાથે) તથા આ જ શ્લોકની વૃત્તિમાં અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ, મીમાંસા, શુદ્ધ પ્રતિપત્તિ અને પ્રવૃત્તિ[2] સાથે પણ કરવામાં આવી છે. આમ જે ત્રિવિધ તુલના કરવામાં આવી છે તે ક્રમશઃ પતંજલિ, ભાસ્કરબન્ધુ અને દત્તના મન્તવ્યો સાથેની તુલના જણાય છે.[3]

ટીકા – આ સોમસુંદરસૂરિના શિષ્ય સાધુરાજગણીની ૪૫૦ શ્લોકપ્રમાણ ધરાવતી રચના છે. તે આજ સુધી અપ્રકાશિત છે.[4]

બ્રહ્મસિદ્ધિસમુચ્ચય

આના[5] પ્રણેતા આચાર્ય હરિભદ્રસૂરિ છે એવો મુનિ શ્રી પુણ્યવિજયજીનો મત છે અને મને તે યથાર્થ જણાય છે. તેમના મતે તેની એક ખંડિત તાડપત્રીય પ્રતિ, જે તેમને મળી હતી તે, વિક્રમની બારમી શતાબ્દીમાં લખાઈ હતી.

આ સંસ્કૃત ગ્રન્થના ૪૨૩ પદ્ય જ મુશ્કેલીથી મળ્યાં છે અને તે પણ પૂર્ણ નથી. આદ્ય પદ્યમાં મહાવીરને નમસ્કાર કરીને બ્રહ્માદિની પ્રક્રિયા, તેમના સિદ્ધાન્ત અનુસાર, સમજાવવાની પ્રતિજ્ઞા કરી છે. આ ગ્રન્થનું મહત્ત્વ એક દૃષ્ટિએ એ છે કે તેમાં સર્વ દર્શનોનો સમન્વય સાધવામાં આવ્યો છે. શ્લોક ૩૯૨-૩૯૪માં મૃત્યુસૂચક ચિહ્નોનો ઉલ્લેખ છે. પ્રસ્તુત ગ્રન્થમાં હારિભદ્રીય કૃતિઓમાંથી જે કેટલાંક પદ્ય મળે છે તેમનો નિર્દેશ પણ શ્રી પુણ્યવિજયજીએ કર્યો છે, જેમકે શ્લોક ૬૨ લલિતવિસ્તરામાં આવે છે. ષોડશક પ્રકરણમાં અદ્વેષ, જિજ્ઞાસા વગેરે આઠ અંગોનો જેવો ઉલ્લેખ છે તેવો જ ઉલ્લેખ શ્લોક ૩૫માં પણ છે. ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું જે નિરૂપણ શ્લોક ૧૮૮-૧૯૧માં છે તે લલિતવિસ્તરા અને યોગદૃષ્ટિસમુચ્ચયની યાદ અપાવે છે. પ્રસ્તુત કૃતિના શ્લોક ૫૪માં અપુનર્બન્ધકનો ઉલ્લેખ છે. તે યોગદૃષ્ટિસમુચ્ચયમાં પણ છે.

---

૧. આ ખેદ વગેરેના સ્પષ્ટીકરણ માટે જુઓ ષોડશક (ષો. ૧૪, શ્લોક ૨-૧૧)

૨. જુઓ ષોડશક (ષો. ૧૬, શ્લોક ૧૪)

૩. જુઓ સમદર્શી આચાર્ય હરિભદ્ર, પૃ. ૮૬

૪. પં. ભાનુવિજયગણીએ યોગદૃષ્ટિસમુચ્ચયપીઠિકા નામની કૃતિ લખી છે, તે પ્રકાશિત છે.

૫. આ નામ મુનિ શ્રી પુણ્યવિજયજીએ આપ્યું છે. આ કૃતિ પ્રકાશિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોગવિહાણવીસિયા (યોગવિધાનવિંશિકા)

શ્રી હરિભદ્રસૂરિએ જે 'વીસવીસિયા' લખી છે તે વીસ વિભાગોમાં વિભક્ત છે. તેમાં સત્તરમા વિભાગનું નામ 'જોગવિહાણવીસિયા'[1] છે. તેમાં વીસ ગાથા છે. તેનો વિષય 'યોગ' છે. ગાથા ૧માં કહ્યું છે કે જે પ્રવૃત્તિ મુક્તિ ભણી લઈ જાય તે 'યોગ' છે. આ પ્રમાણે અહીં યોગનું લક્ષણ આપ્યું છે. ગાથા ૨માં યોગના પાંચ પ્રકાર ગણાવ્યા છેઃ ૧. સ્થાન, ૨. ઊર્ણ, ૩. અર્થ, ૪. આલંબન અને ૫. અનાલંબન.[2] તેમાંથી પ્રથમ બે 'કર્મયોગ' છે અને બાકીના ત્રણ 'જ્ઞાનયોગ' છે. આ પાંચ પ્રકારોમાંથી પ્રત્યેકના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ એવા ચાર ચાર ભેદ છે. આમ અહીં યોગના ૮૦ ભેદોનું નિરૂપણ છે. ગાથા ૮માં અનુકમ્પા, નિર્વેદ, સંવેગ અને પ્રશમનો નિર્દેશ છે. આમ અહીં તત્ત્વાર્થસૂત્ર (અ.૧, સૂત્ર ૨)ની હારિભદ્રીય ટીકાની જેમ સમ્યક્ત્વનાં આસ્તિક્ય વગેરે પાંચ લક્ષણો પશ્ચાદાનુપૂર્વીથી આપવામાં આવ્યાં છે. ગાથા ૧૪માં કહ્યું છે કે તીર્થના રક્ષણના બહાને અશુદ્ધ પ્રથા ચાલુ રાખવાથી તીર્થનો ઉચ્છેદ થાય છે. ગાથા ૧૭-૨૦માં શુદ્ધ આચરણના ચાર પ્રકારોનો ઉલ્લેખ છે. આ કૃતિમાં

---

૧. આ કૃતિ વીસવિસિયાનો એક અંશ હોવાથી તેના નીચે જણાવેલાં બે પ્રકાશનોમાં તેને સ્થાન મળ્યું છે :

(અ) ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામનું વીસવીસિયા ઈત્યાદિ સાથે સન્ ૧૯૨૭નું પ્રકાશન

(આ) પ્રો. કે.વી.અભ્યંકર દ્વારા સંપાદિત અને સન્ ૧૯૩૨માં પ્રકાશિત આવૃત્તિ. આ બીજા પ્રકાશનમાં વીસવીસિયાની સંસ્કૃત છાયા, પ્રસ્તાવના, અંગ્રેજી ટિપ્પણ અને સારાંશ વગેરે આપવામાં આવ્યાં છે.

(ઇ) 'યોગદર્શન તથા યોગવિંશિકા' નામનું જે પુસ્તક આત્માનન્દ જૈન પુસ્તક પ્રચારક મંડલ, આગરાથી સન્ ૧૯૨૨માં પ્રકાશિત થયું છે તેમાં પ્રસ્તુત કૃતિ, તેનું ન્યાયાચાર્યકૃત વિવરણ, કૃતિનો હિંદી સાર આપ્યો છે.

(ઈ) 'પાતંજલ યોગદર્શન' ઉપર 'યોગાનુભવસુખસાગર' તથા હરિભદ્રસૂરિરચિત 'યોગવિંશિકા ગુર્જર ભાષાનુવાદ' નામનો ગ્રંથ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર, વિજાપુર (ઉત્તર ગુજરાત) દ્વારા વિ.સં.૧૯૯૭માં પ્રકાશિત થયો છે. તેમાં ઋદ્ધિસાગરસૂરિકૃત જોગવિહાણ-વીસિયાનો અર્થ, ભાવાર્થ અને ટીકા આપવામાં આવી છે.

૨. આ પાંચેનો ષોડશકમાં (ષો.૧૩, ૪) નિર્દેશ છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આધ્યાત્મિક વિકાસની પ્રાથમિક ભૂમિકાનો વિચાર કર્યા વિના આગળની ભૂમિકાઓનો નિર્દેશ કર્યો છે.

પ્રસ્તુત કૃતિની વિષય અને શૈલીની દૃષ્ટિએ ષોડશક સાથે તુલના કરી શકાય તેમ છે.

**વિવરણ** – જોગવિહાણવીસિયાના ઉપર ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજીગણીએ સંસ્કૃતમાં વિવરણ લખ્યું છે. તેમાં તીર્થનો અર્થ સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું છે કે જૈનોનો સમૂહ તીર્થ નથી. જો તે સમૂહ આજ્ઞારહિત હોય તો તેને 'હાડકાંઓનો ઢગલો' સમજવો જોઈએ. સૂત્રોક્ત યથોચિત ક્રિયા કરનાર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય જ તીર્થ છે.

આ વિવરણમાં આવતી કેટલીક ચર્ચાઓમાં તર્કશૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. યોગબિન્દુગત અધ્યાત્મ આદિ યોગનાં પાંચ ભેદોને ઉપાધ્યાયજીએ ક્રમશઃ સ્થાન વગેરેમાં ઘટાવ્યા છે.[1]

## પરમપ્પયાસ (પરમાત્મપ્રકાશ)

આ ૩૪૫ દોહાઓમાં અપભ્રંશમાં રચાયેલી જોગસારના કર્તા જોઈન્દુ(યોગીન્દુ)ની કૃતિ[2] છે. તેમાં પરમાત્માના સ્વરૂપ ઉપર પ્રકાશ નાખ્યો છે. તે બે અધિકારોમાં વિભક્ત છે. તેનો આરંભ પરમાત્મા તથા પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને કર્યો છે. ભટ્ટ પ્રભાકરની વિનંતીથી યોગીન્દુ પરમાત્માનું સ્વરૂપ તેમને સમજાવે છે. એમ કરતી વખતે કુન્દકુન્દાચાર્ય[3] અને પૂજ્યપાદ[4]ની જેમ

---

૧. આના સ્પષ્ટીકરણ માટે જુઓ યોગશતકની ગુજરાતી પ્રસ્તાવના, ૫૭ (ટિપ્પણ)

૨. આ 'રાયચન્દ્ર જૈન ગ્રંથમાળા'માં બ્રહ્મદેવની ટીકા સાથે સન્ ૧૯૧૫માં પ્રકાશિત થઈ છે. તે જ વર્ષે રિખવદાસ જૈનના અંગ્રેજી અનુવાદ સાથે પણ પ્રકાશિત થઈ છે. અંગ્રેજીમાં વિશિષ્ટ પ્રસ્તાવના તથા જોગસાર સાથે તેનું સંપાદન ડૉ. એ. એન. ઉપાધ્યેએ કર્યું જે 'રાયચન્દ્ર જૈન ગ્રન્થમાલા'માં સન્ ૧૯૩૭માં છપાયું છે. તેની બીજી આવૃત્તિ સન્ ૧૯૬૦માં પ્રકાશિત થઈ છે અને તેમાં અંગ્રેજી પ્રસ્તાવનાનો હિંદીમાં સાર પણ આપ્યો છે. બીજા સંસ્કરણ અનુસાર તેમાં કુલ ૩૫૩ દોહા છે.

૩. જુઓ મોક્ષપાહુડ, ગા. ૫-૮

૪. જુઓ સમાધિશતક, પૃ. ૨૮૧-૨૯૬ (સનાતન જૈન ગ્રન્થમાલાનું પ્રકાશન)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે આત્માના બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા આ ત્રણ ભેદોનું નિરૂપણ કરે છે. આત્માના સ્વરૂપના નિર્દેશક અજૈન મન્તવ્યો પણ તેમણે જણાવ્યાં છે અને જૈન દૃષ્ટિ અનુસાર તેમની આલોચના પણ કરી છે. તેમાં પરમાત્માના વિકલ અને સકલ આ ભેદોનો નિર્દેશ કરી તેમનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. પ્રસંગોપાત્ત દ્રવ્ય, ગુણપર્યાય, કર્મ, નિશ્ચયનય અનુસાર સમ્યગ્દષ્ટિ, મિથ્યાત્વ, મોક્ષ, નૈશ્ચયિક અને વ્યાવહારિક મોક્ષમાર્ગ અને શુદ્ધ ઉપયોગ ઉપર પણ પ્રકાશ નાખ્યો છે.

ટીકાઓ – આ પરમપ્પયાસ ઉપર બ્રહ્મદેવ, પ્રભાચન્દ્ર અને અન્ય કોઈએ એક એક ટીકા લખી છે. પહેલી પ્રકાશિત છે.

સમાન નામક કૃતિ – પદ્મનન્દીએ સંસ્કૃતમાં ૧૩૦૦ શ્લોકપ્રમાણ 'પરમાત્મપ્રકાશ' નામની એક કૃતિ રચી છે.

## જોગસાર (યોગસાર) અથવા દોહાસાર

પરમપ્પયાસના કર્તા જોઈન્દુ(યોગીન્દુ)એ ૧૦૮ અપભ્રંશ દોહાઓમાં અધ્યાત્મવિષયક આ કૃતિ[1] રચી છે. તેના અંતિમ પદમાં તેના કર્તાનો નામોલ્લેખ 'जोगिचंद मुणि' એ રૂપે મળે છે. તેથી તેને યોગિચન્દ્રની કૃતિ કહેવામાં આવે છે. તેના પ્રથમ પ્રકાશનમાં (પૃ.૧૯) કર્તાનું નામ યોગીન્દ્રદેવ આપ્યું છે, પરંતુ ખરું નામ તો યોગીન્દુ છે. તેની સાથે નિયપ્પટ્ઠગ (નિજાત્માષ્ટક) અને અમૃતાશીતિ તથા પરમપ્પયાસ (પરમાત્મપ્રકાશ) પણ એમની રચનાઓ છે એવો અહીં ઉલ્લેખ છે. નિયમસારની પદ્મપ્રભ મલધારીદેવકૃત ટીકામાં જે ઉદ્ધરણ આવે છે તે અમૃતાશીતિમાં તો મળતું નથી, તેથી 'तथा चोक्तं श्रीयोगीन्द्रदैवेः – मुक्त्यङ्गनालिमपुनर्भवसांख्यमूलं' એવું તે તેમના અધ્યાત્મસન્દોહનું કે બીજી કોઈ

---

૧. આ કૃતિને 'માણિકચન્દ્ર દિગમ્બર જૈન ગ્રંથમાલા'ના ૨૧મા ગ્રન્થના રૂપમાં પ્રકાશિત 'સિદ્ધાન્તસારાદિસંગ્રહ'માં સંસ્કૃત છાયા સાથે પૃ.૫૫-૭૪ ઉપર સ્થાન મળ્યું છે. તે ઉપરાંત આ ગ્રન્થમાં ૮૨ પદ્યોમાં રચાયેલી અમૃતાશીતિ (પૃ.૮૫-૧૦૧) અને આઠ પદ્યોનું નિજાત્માષ્ટક પણ છપાયાં છે.

આ યોગસાર 'રાયચન્દ્ર જૈન ગ્રન્થમાલા'માં પરમાત્મપ્રકાશના પરિશિષ્ટરૂપે સન્ ૧૯૩૭માં પ્રકાશિત થયો છે. તેનું સંપાદન ડૉ. એ.એન.ઉપાધ્યેએ કર્યું છે. સન્ ૧૯૬૦માં તેનું દ્વિતીય સંસ્કરણ પણ છપાયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃતિનું હશે, એમ તેની પ્રસ્તાવનામાં કહ્યું છે. યોગસારની એક હસ્તપ્રતિ વિ.સં.૧૧૯૨માં લખાયેલી મળી છે. તેનો મુખ્ય વિષય પરમપ્પયાસને મળતો છે.

ટીકાઓ — યોગસાર ઉપર સંસ્કૃતમાં બે ટીકા લખાઈ છે. એકના કર્તા અમરકીર્તિના શિષ્ય ઈન્દ્રનન્દી છે. બીજી ટીકા અજ્ઞાતકર્તૃક છે.

સમાન નામક કૃતિઓ — 'વીતરાગ' અમિતગતિએ 'યોગસાર'[1] નામની એક ઔપદેશિક કૃતિ લખી છે. તે નવ વિભાગોમાં વિભક્ત છે. ગુરુદાસે પણ 'યોગસાર' નામની એક બીજી કૃતિ રચી છે. તે ઉપરાંત 'યોગસાર' નામની એક કૃતિ કોઈ વિદ્વાને લખી છે અને તેના ઉપર અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે. આ યોગસાર શું તે તો નથી જેનો પરિચય આગળ દેવામાં આવ્યો છે ?

યોગસાર

આ પદ્યાત્મક કૃતિના[2] પહેલા પદ્યમાં કર્તાએ પોતાની કૃતિનું નામ સૂચિત કર્યું છે. તેમણે આખી કૃતિમાં પોતાનો પરિચય તો શું પોતાનું નામ સુદ્ધાં જણાવ્યું નથી. ૧. યશાવસ્થિતદેવસ્વરૂપોપદેશક, ૨. તત્ત્વસારધર્મોપદેશક, ૩. સામ્યોપદેશ, ૪. સત્ત્વોપદેશ અને ૫. ભાવશુદ્ધિજનકોપદેશ આ પાંચ પ્રસ્તાવોમાં આ કૃતિ વિભક્ત છે. આ પાંચે પ્રસ્તાવોની પદ્યસંખ્યા ક્રમશઃ ૪૬, ૩૮, ૩૧, ૪૨ અને ૪૯ છે. આમ આમાં કુલ ૨૦૬ પદ્યો છે અને તે સુગમ સંસ્કૃતમાં અનુષ્ટુપ છન્દમાં રચાઈ છે.

ઉપર્યુક્ત પાંચે પ્રસ્તાવોનાં નામ આ કૃતિમાં આવતા વિષયોના દ્યોતક છે. આ કૃતિનો મુખ્ય વિષય અનાદિકાળથી ભવભ્રમણ કરતો જીવ કેવી રીતે પરમ પદ પ્રાપ્ત કરી શકે છે એ દર્શાવવું તે છે. તેના ઉપાયો સ્પષ્ટરૂપે અહીં દર્શાવ્યા છે. આ કૃતિમાં અભય, કાલશૌકરિક, વીર વગેરે નામો આવે છે.

---

૧. આ કૃતિ 'સનાતન જૈન ગ્રન્થાવલી'ના ૧૬મા ગ્રન્થરૂપે સન્ ૧૯૧૮માં પ્રકાશિત થઈ છે.

૨. આ કૃતિ શ્રી હરગોવિંદદાસ ત્રિકમલાલ શેઠના ગુજરાતી અનુવાદ સાથે 'જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા કાર્યાલય' વારાણસી દ્વારા વિ.સં.૧૯૬૭માં પ્રકાશિત થઈ હતી. આ સંસ્કરણ હવે દુષ્પ્રાપ્ય છે, તેથી 'જૈન સાહિત્ય વિકાસ મંડલ'એ તેને ફરી છપાવ્યું છે. તેમાં પાઠાન્તર, અનુવાદ અને પરિશિષ્ટના રૂપમાં પદ્યોના પ્રતીકોની સૂચી આપી છે. પ્રાક્કથનમાં પ્રત્યેક પ્રસ્તાવમાં આવતા વિષયોનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચનાસમય – પ્રસ્તુત કૃતિની રચના ક્યારે થઈ તેનો તેમાં નિર્દેશ નથી, પરંતુ તેની પૂર્વસીમા દ્વિતીય પ્રસ્તાવના નીચે આપેલા શ્લોકના આધાર પર નક્કી કરી શકાય છે :

नाञ्चलो मुखवस्त्रं न न राका न चतुर्दशी ।
न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः ॥ २४ ॥

આ શ્લોકમાં નીચે જણાવેલા મતાન્તરોનો ઉલ્લેખ છે :

૧. 'અંચલ' મત[1] પ્રતિક્રમણ કરતી વખતે વસ્ત્રનો છેડો મુખની આગળ રાખે છે, તો અન્ય મત મુખવસ્ત્રિકા (મુહપત્તિ) રાખવાનો આગ્રહ રાખે છે.

૨. એક મત અનુસાર પાક્ષિક પ્રતિક્રમણ પૂનમે કરવું જોઈએ, તો બીજા મત અનુસાર ચૌદશે.

૩. એક મત અનુસાર શ્રાવકોએ કરેલી પ્રતિષ્ઠા સ્વીકાર્ય છે, તો બીજા અનુસાર આચાર્યોએ કરેલી પ્રતિષ્ઠા.

આ રીતે અહીં જે મતમતાન્તરોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તેના આધારે આ મતોની ઉત્પત્તિ પછી પ્રસ્તુત કૃતિની રચના થઈ છે એવું ફલિત થાય છે. તેથી આ વિક્રમની બારમી સદીની પહેલાંની રચના નથી.

## યોગશાસ્ત્ર અથવા અધ્યાત્મોપનિષદ્

આ કૃતિ[2] કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિની છે. તે બાર પ્રકાશોમાં વિભક્ત છે. આ પ્રકાશોની પદ્યસંખ્યા ક્રમશઃ ૫૬, ૧૧૫, ૧૫૬, ૧૩૬, ૨૭૩, ૮,

---

૧. આ મતની ઉત્પત્તિ વિ.સં.૧૧૬૯માં થઈ છે.

૨. આનું પ્રકાશન સન્ ૧૯૧૨માં 'જૈન ધર્મ પ્રસારક સભા'એ કર્યું હતું. તેના પછી આ સભાએ ધર્મદાસગણીકૃત ઉવએસમાલા (ઉપદેશમાલા) સાથે સન્ ૧૯૧૫માં આને પુનઃ પ્રકાશિત કરી. આ જ સભાએ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે આ યોગશાસ્ત્ર સન્ ૧૯૨૬માં છપાવ્યું છે. શાસ્ત્રવિશારદ ધર્મવિજયજીએ (વિજયધર્મસૂરિએ) સ્વોપજ્ઞ વૃત્તિ સાથે એનું જે સંપાદન કર્યું હતું તેનો કેટલોક અંશ 'બિબ્લિયોથિકા ઈણ્ડિકા'માં પ્રકાશિત થયો. સમગ્ર મૂલ કૃતિ 'વિજયદાનસૂરીશ્વર ગ્રન્થમાલા'માં સન્ ૧૯૩૯માં પ્રકાશિત થઈ છે. હીરાલાલ હંસરાજકૃત ગુજરાતી અનુવાદ તથા સ્વોપજ્ઞ વૃત્તિ (વિવરણ)ના ભાવાર્થ સાથે આ સંપૂર્ણ કૃતિ ભીમસિંહ માણેકે સન્ ૧૮૯૯માં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૮, ૮૧, ૧૬, ૨૪, ૬૧ અને ૫૫ છે. આમ તેમાં કુલ ૧૧૯૯ શ્લોક છે.

પ્રકાશ ૧૨, શ્લોક ૫૫ તથા પ્રકાશ ૧ શ્લોક ૪ની સ્વોપજ્ઞ વૃત્તિ અનુસાર પ્રસ્તુત કૃતિ યોગોપાસનાના અભિલાષી કુમારપાલની વિનંતીનું પરિણામ છે. શાસ્ત્ર, સદ્‌ગુરુની વાણી અને સ્વાનુભવના આધારે આ યોગશાસ્ત્રની રચના કરવામાં આવી છે. મોહરાજપરાજય (અંક ૫)માં નિર્દિષ્ટ સૂચના અનુસાર મુમુક્ષુઓ માટે આ કૃતિ વજ્રકવચ સમાન છે. વીતરાગસ્તોત્રના વીસ પ્રકાશો સાથે આ કૃતિના બાર પ્રકાશોનો પાઠ પરમાર્હત કુમારપાલ પોતાની દન્તશુદ્ધિ માટે કરતા હતા એવું કહેવાય છે.

**વિષય** – પ્રકાશ ૧, શ્લોક ૧૫માં કહ્યું છે કે ચાર પુરુષાર્થોમાં શ્રેષ્ઠ મોક્ષનું કારણ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ 'યોગ' છે. તેનું નિરૂપણ જ આ યોગશાસ્ત્રનો મુખ્ય વિષય છે. પ્રકાશ ૧, શ્લોક ૧૮-૪૬માં શ્રમણધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે. આ ઉપરાંત આ ગ્રન્થનો અધિકાંશ ભાગ ગૃહસ્થધર્મ સંબંધી છે. તેના ૨૮૨ પદ્યો છે.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

પ્રકાશિત કરી હતી. ઈ. વિણ્ડિશે (E. Windish) પ્રારંભના ચાર પ્રકાશોનું સંપાદન કર્યું છે, તેમણે જ તેનો જર્મન ભાષામાં અનુવાદ પણ કર્યો છે. આ અનુવાદ સાથે પ્રકાશ ૧-૪ Z.D.M.G.(Vol. 28, p. 185ff.) માં છપાયા છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે (પ્રકાશ ૧-૪) ગુજરાતી અનુવાદ તથા દૃષ્ટાંતોના સાર સાથે બીજી આવૃત્તિ સન્ ૧૯૪૯માં પ્રકાશિત કરી છે. આની પ્રથમ આવૃત્તિ સન્ ૧૯૪૧માં તેણે છાપી હતી. તેના સંપાદક તથા મૂલના અનુવાદક શ્રી ખુશાલદાસ છે. તેમાં હેમચન્દ્રસૂરિની જીવનરેખા, તેમના ગ્રન્થો, યોગ સંબંધી કેટલીક બીજી જાણકારી, ત્રણ પરિશિષ્ટ, પદ્યાનુક્રમ, વિષયાનુક્રમ, વિશિષ્ટ શબ્દોની સૂચી આમ વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં કહ્યું છે કે પ્રકાશ ૨નો શ્લોક ૩૯ અન્યયોગવ્યવ- ચ્છેદદ્વાત્રિંશિકા (શ્લોક ૧૧)ની સ્યાદ્વાદમંજરીમાં આવે છે. તેના બારે પ્રકાશોનો છાયાનુવાદ દસ પ્રકરણોમાં શ્રી ગોપાલદાસ પટેલે કર્યો છે. ઉપોદ્‌ઘાત, વિષયાનુક્રમણિકા, ટિપ્પણ, પારિભાષિક શબ્દ આદિ સૂચીઓ, સુભાષિતાત્મક મૂલ શ્લોક અને તેમના અનુવાદ સાથે આ ગ્રન્થ 'પૂંજાભાઈ જૈન ગ્રન્થમાલા'માં યોગશાસ્ત્ર નામથી સન્ ૧૯૩૮માં પ્રકાશિત થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આખા ગ્રન્થના બે વિભાગ કરી શકાય. ૧થી ૪ના પ્રથમ વિભાગમાં મુખ્યપણે ગૃહસ્થધર્મને ઉપયોગી બાબતો આવે છે, જ્યારે બાકીના ૫થી ૧૨ પ્રકાશોના બીજા ભાગમાં પ્રાણાયામ વગેરેની ચર્ચા આવે છે.

બીજા પ્રકાશમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ તથા શ્રાવકોના બાર વ્રતોમાંથી પહેલાં પાંચ અણુવ્રતોનો વિચાર કરવામાં આવ્યો છે.

ત્રીજા પ્રકાશમાં શ્રાવકોનાં બાકીનાં સાત વ્રત, બાર વ્રતોના અતિચાર, મહાશ્રાવકની દિનચર્યા અને શ્રાવકના મનોરથો આમ વિવિધ બાબતો આવે છે.

ચોથા પ્રકાશમાં આત્માની સમ્યક્ત્વ આદિ રત્નત્રય સાથે એકતા, બાર ભાવના, ચાર પ્રકારના ધ્યાન અને આસનોના વિશે કહેવામાં આવ્યું છે.

પાંચમા પ્રકાશમાં પ્રાણાયામના પ્રકારો અને કાલજ્ઞાનનું નિરૂપણ છે.

છઠ્ઠા પ્રકાશમાં પાતંજલ યોગદર્શનમાં નિર્દિષ્ટ પરકાયપ્રવેશના ઉપર પ્રકાશ પાડ્યો છે.

સાતમા પ્રકાશમાં ધ્યાતા, ધ્યેય, ધારણા અને ધ્યાનની ચર્ચા આવે છે.

આઠથી અગિઆર પ્રકાશોમાં ક્રમશઃ પદસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન, રૂપાતીત ધ્યાન અને શુક્લ ધ્યાનનું સ્વરૂપ સમજાવ્યું છે.

બારમા પ્રકાશમાં બે બાબત છે : ૧. યોગની સિદ્ધિ, અને ૨. પ્રસ્તુત ગ્રન્થની રચનાનું પ્રયોજન. અહીં રાજયોગની ભલામણ કરવામાં આવી છે.

સ્વોપજ્ઞ વૃત્તિ — ગ્રન્થકારે પોતે આ વૃત્તિ[1] લખી છે. તેના અંતે બે શ્લોક છે. પહેલામાં આનો 'વૃત્તિ' તરીકે અને બીજામાં 'વિવૃતિ' તરીકે નિર્દેશ છે, જ્યારે પ્રત્યેક પ્રકાશના અંતે આનો 'વિવરણ' નામથી ઉલ્લેખ છે. ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ આ વૃત્તિ વચ્ચે વચ્ચે આવતા શ્લોકો અને વિવિધ અવતરણોથી સમૃદ્ધ છે. પ્રકાશ ૩, શ્લોક ૧૩૦ની વૃત્તિ (પત્ર ૨૪૭ આ થી પત્ર ૨૫૦

૧. આની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૨૯૨ની પાટણના એક ભંડારમાં છે. વિ.સં.૧૨૫૦ની એક તાડપત્રીય પ્રતિ પણ છે એવું જાણવામાં આવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અ)માં પ્રતિક્રમણની વિધિ સંબંધી ૩૩ ગાથાઓ[1] કોઈ પ્રાચીન કૃતિમાંથી ઉદ્ધૃત કરવામાં આવી છે. 'इरियावहिय' 'तस्स उत्तरी' 'अन्नत्थ' 'नमुत्थुणं' 'अरिहंतचेइयाणं' 'लोगस्स' 'पुक्खरवर' 'सिद्धाणं बुद्धाणं' 'जय वीयराय' — આ સૂત્રોનું સ્પષ્ટીકરણ આ વૃત્તિમાં કરવામાં આવ્યું છે.

આ વૃત્તિમાં પ્રસંગોપાત્ત અનેક કથાઓ આવે છે. તેમના દ્વારા નીચે જણાવેલ વ્યક્તિઓની જીવનરેખા આપવામાં આવી છે.

અભયકુમાર, આદિનાથ અથવા ઋષભદેવ, આનન્દ, કુચિકર્ણ, કૌશિક, કામદેવ, કાલસૌરિકપુત્ર, કાલકાચાર્ય, ચન્દ્રાવતંસક, ચિલાતિપુત્ર, ચુલિનીપિતા, તિલક, દૃઢપ્રહારી, નન્દ, પરશુરામ, બ્રહ્મદત્ત, ભરત ચક્રવર્તી, મરુદેવી, મંડિક, મહાવીરસ્વામી, રાવણ, રૌહિણેય, વસુ (નૃપતિ), સગર ચક્રવર્તી, સંગમક, સનત્કુમાર ચક્રવર્તી, સુદર્શન શ્રેષ્ઠી, સુભૂમ ચક્રવર્તી અને સ્થૂલભદ્ર.

આ વિશે વિશેષ માહિતી 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ'માં (ખંડ ૨, ઉપખંડ ૨) આપવામાં આવી છે.

યોગિરમા — આ ટીકા[2] દિ૦ અમરકીર્તિના શિષ્ય ઈન્દ્રનન્દીએ શક સંવત્ ૧૧૮૦માં ચન્દ્રમતી માટે લખી છે.[3] તેમાં યોગશાસ્ત્રનો યોગપ્રકાશ અને યોગસારના નામથી નિર્દેશ છે. આ ટીકાના આરંભે ત્રણ શ્લોક છે.

जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. આ ગાથાઓ ગુજરાતી અનુવાદ સાથે 'પ્રતિક્રમણસૂત્રપ્રબોધટીકા' (ભાગ ૩, પૃ. ૮૨૪-૮૩૨)માં ઉદ્ધૃત કરી છે.

૨. આ ટીકાની એક હસ્તપ્રતિ કારંજા (અકોલા)ના શાસ્ત્રભંડારમાં છે. પ્રત્યેક પૃષ્ઠ ઉપર ૧૧થી ૧૨ પંક્તિઓ છે અને પ્રત્યેક પંક્તિમાં ૫૫થી ૬૦ અક્ષરો છે. તેમાં ૭૭ પત્ર છે. પ્રત્યેક પત્રનું માપ ૧૧.૨૫''x ૪.૭૫'' છે. તે ૪૦૦-૫૦૦ વર્ષ પ્રાચીન છે, એમ કહી શકાય. આ હસ્તપ્રતિ ઉપર પં. જુગલકિશોરજી મુખ્તારે એક લેખ 'આચાર્ય હેમચન્દ્રના યોગશાસ્ત્ર ઉપર એક પ્રાચીન દિગંબર ટીકા' નામથી લખ્યો છે. આ લેખ 'શ્રમણ'માં (વર્ષ ૧૮, અંક ૧૧) છપાયો છે. તેના આધારે આ ટીકાનો પરિચય આપ્યો છે.

૩. ટીકામાં 'ખાષ્ટેશે' એટલો જ ઉલ્લેખ છે. કોઈ સંવત્નો ઉલ્લેખ નથી, પરંતુ તે વિક્રમીય તો હોઈ શકે જ નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલા શ્લોકમાં વીર જિનેશ્વરને વંદન કર્યાં છે, બીજામાં ટીકાકારે પોતાના ગુરુને પ્રણામ કર્યા છે. સાથે સાથે પોતાના ગુરુનું 'चतुर्धागमवेदी' વગેરે વિશેષણો દ્વારા વર્ણન કર્યું છે. અંતે પ્રશસ્તિરૂપ એક શ્લોક છે. તેમાં પ્રસ્તુત ટીકાનું નામ, રચનાવર્ષ તથા કોના બોધ માટે આ ટીકા લખવામાં આવી છે – આ બધી વાતો કહી છે. આ ટીકામાં યોગશાસ્ત્રના પ્રણેતા હેમચન્દ્રસૂરિને 'विद्वद्विशिष्ट' અને 'परमयोगीश्वर' કહ્યા છે.

હેમચન્દ્રસૂરિકૃત યોગશાસ્ત્રના બારે પ્રકાશો ઉપર તેમનું સ્વોપજ્ઞ વિવરણ છે, પરંતુ તે વિવરણના અધિકાંશ ભાગમાં પ્રકાશ ૧-૪નું સ્પષ્ટીકરણ જ આવે છે.[1] પાંચમો પ્રકાશ સૌથી મોટો છે. આ યોગિરમા ટીકા નવ વિભાગોમાં વિભક્ત છે. તેમાં ૫૮ શ્લોકોનો 'ગર્ભોત્પત્તિ' નામનો પ્રથમ અધિકાર છે. તે આજ સુધી પ્રકાશિત યોગશાસ્ત્ર અને તેના સ્વોપજ્ઞ વિવરણમાં નથી. આને આધારે શ્રી જુગલકિશોરજીએ એવી સંભાવના વ્યક્ત કરી છે કે યોગશાસ્ત્રની પ્રથમ લખાયેલ પ્રતિઓમાં તે હશે, પરંતુ નિરર્થક જણાવાથી પછીથી તેને કાઢી નાખવામાં આવ્યો હશે.

આ યોગિરમા ટીકા અન્તિમ આઠ પ્રકાશો પર સવિશેષ પ્રકાશ નાખે છે. તેના આઠ અધિકાર અનુક્રમે પ્રકાશ ૫થી ૧૨ છે. તેમાં મૂલના નામથી નિર્દિષ્ટ શ્લોકોની સંખ્યા યોગશાસ્ત્ર સાથે મેળવવાથી ઓછાવત્તાપણું જણાય છે. તે ઉપરાંત, તેમાં પાઠભેદ પણ છે. ચોથા અને પાંચમા અધિકારોમાં જે સ્પષ્ટીકરણ આવે છે તેમાં આવતા કેટલાય મંત્રો અને યંત્રો યોગશાસ્ત્ર અથવા તેના સ્વોપજ્ઞ વિવરણમાં મળતા નથી. સાતમા અધિકારના કેટલાક શ્લોક સ્વોપજ્ઞ વિવરણગત આન્તરશ્લોક છે.

વૃત્તિ – આ વૃત્તિ અમરપ્રભસૂરિની રચના છે. તે પદ્મપ્રભસૂરિના શિષ્ય હતા. આ વૃત્તિની એક હસ્તપ્રત વિ.સં.૧૬૧૯માં લખાયેલી મળે છે.

ટીકા-ટિપ્પણ – આ અજ્ઞાતકર્તૃક રચના છે.

અવચૂરિ – આના કર્તાનું નામ જ્ઞાત નથી.

બાલાવબોધ – આ ગુજરાતી સ્પષ્ટીકરણના પ્રણેતા સોમસુન્દરસૂરિ છે. તે તપાગચ્છના દેવસુન્દરસૂરિના શિષ્ય હતા. તેમની કૃતિની એક હસ્તપ્રતિ

---

૧. આ ચારે પ્રકાશોમાં ત્રીજો સૌથી મોટો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિ.સં.૧૫૦૮માં લખાયેલી મળે છે. મેરુસુન્દરગણિએ વિ.સં.૧૫૦૮માં બાલાવબોધ લખ્યો હતો એવો જિનરત્નકોશ (વિ.૧, પૃ. ૩૨૪)માં ઉલ્લેખ છે. ગણીજીએ ઉપર્યુક્ત બાલાવબોધની હસ્તપ્રત (નકલ) તો નહીં લખી હોય ? એવો પ્રશ્ન થાય છે.

વાર્તિક – આના કર્તાનું નામ ઈન્દ્રસૌભાગ્યગણી[1] છે.

જ્ઞાનાર્ણવ, યોગાર્ણવ અથવા યોગપ્રદીપ

આ કૃતિ[2] દિગંબર શુભચન્દ્રે ૨૦૭૭ શ્લોકોમાં રચી છે. તે ૪૨ સર્ગોમાં વિભક્ત છે. જ્ઞાનાર્ણવની રચના અંશતઃ શિથિલ છે. તે ઉપદેશપ્રધાન ગ્રન્થ છે. તેથી લાગે છે કે કાલાન્તરમાં તેમાં પ્રક્ષેપો થતા રહ્યા હશે. તેની ભાષા સુગમ અને શૈલી હૃદયંગમ છે. તેથી આ કૃતિ સાર્વજનીન બની શકે તેવી છે; પરંતુ શુભચન્દ્રના મતે ગૃહસ્થ યોગનો અધિકારી નથી, આ મુદ્દે જ્ઞાનાર્ણવ હૈમ યોગશાસ્ત્રથી ભિન્ન છે. તેથી તેમાં મહાવ્રતો અને તેમની ભાવનાઓનું હૈમ યોગશાસ્ત્રની અપેક્ષાએ વિશેષ નિરૂપણ છે.

જ્ઞાનાર્ણવમાં (સર્ગ ૨૧-૨૭) કહ્યું છે કે આત્મા પોતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. તેને કષાયરહિત બનાવવાનું નામ જ મોક્ષ છે. તેનો ઉપાય ઈન્દ્રિયો ઉપર વિજયપ્રાપ્તિ છે. આ વિજયપ્રાપ્તિનો ઉપાય ચિત્તની શુદ્ધિ છે, આ શુદ્ધિનો ઉપાય રાગ-દ્વેષવિજય છે, આ વિજયનો ઉપાય સમત્વ છે અને સમત્વની પ્રાપ્તિ જ ધ્યાનની યોગ્યતા છે.

આ રીતે જે વિવિધ બાબતો આમાં આવે છે તેમની તુલના યોગશાસ્ત્ર (પ્રકાશ ૪) સાથે કરવા જેવી છે.

જ્ઞાનાર્ણવમાં પ્રાણાયામનું નિરૂપણ લગભગ ૧૦૦ શ્લોકોમાં આવે છે, જો કે હેમચન્દ્રસૂરિની જેમ જ તેના કર્તા પણ પ્રાણાયામને નિરુપયોગી અને અનર્થકારી માને છે. જ્ઞાનાર્ણવમાં અનુપ્રેક્ષાવિષયક લગભગ ૨૦૦ શ્લોક છે.

---

૧. સંપૂર્ણ મૂલ કૃતિ તથા તેના પ્ર.૧-૪નો ગુજરાતી અને જર્મન અનુવાદ પ્રકાશિત થયો છે. આઠમા પ્રકાશનો ગુજરાતી અનુવાદ 'મહાપ્રભાવિક નવસ્મરણ' નામના પુસ્તકમાં પૃ. ૧૨૨-૧૩૪ ઉપર છપાયો છે. તેના સંબંધી પથી ૨૩ અર્થાત્ ૧૯ ચિત્રો તેમાં આપવામાં આવ્યાં છે. પાંચમું ચિત્ર ધ્યાનસ્થ પુરુષનું છે, જ્યારે બાકીનાં પદસ્થ ધ્યાન સંબંધી છે.

૨. આ કૃતિ 'રાયચન્દ જૈન શાસ્ત્રમાલા'માં સન્ ૧૯૦૭માં પ્રકાશિત થઈ છે.

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના સર્ગ ૨૯થી ૪૨માં પ્રાણાયામ અને ધ્યાનના વિશે વિસ્તૃત વિવેચન છે. જ્ઞાનાર્ણવમાં પવનજયથી મૃત્યુનું ભાવિસૂચન થાય છે, એમ કહ્યું છે, પરંતુ તેના માટે શકુન, જ્યોતિષ વગેરે અન્ય ઉપાયોનો નિર્દેશ નથી.

રચનાસમય – જ્ઞાનાર્ણવના કેટલાય શ્લોક ઈષ્ટોપદેશની વૃત્તિમાં દિગંબર આશાધરે ઉદ્ધૃત કર્યા છે. આના આધારે વિ.સં.૧૨૫૦ આસપાસ આની રચના થઈ હશે, એમ માની શકાય. જ્ઞાનાર્ણવમાં દિગંબર જિનસેન અને અકલંકનો ઉલ્લેખ છે, તેથી તેના આધારે તેની પૂર્વસીમા નક્કી કરી શકાય છે. જિનરત્નકોશમાં (વિ.૧, પૃ.૧૫૦) જ્ઞાનાર્ણવની એક હસ્તપ્રતિ વિ.સં.૧૨૮૪માં લખાઈ હોવાનો ઉલ્લેખ છે. આ જ્ઞાનાર્ણવની ઉત્તરસીમા નક્કી કરવામાં સહાયક છે. જ્ઞાનાર્ણવની રચના હૈમ યોગશાસ્ત્રના પહેલાં થઈ કે પછી એના વિશે જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસમાં (ખંડ ૨, ઉપખંડ ૧) ચર્ચા કરવામાં આવી છે.

જ્ઞાનાર્ણવ ઉપર નીચે જણાવેલી ત્રણ ટીકાઓ છે :

૧. તત્ત્વત્રયપ્રકાશિની – આ દિગંબર શ્રુતસાગરની રચના છે. તે દેવેન્દ્રકીર્તિના અનુગામી વિદ્યાનન્દીના શિષ્ય હતા. તેમની આ કૃતિ તેમના ગુરુભાઈ સિંહનન્દીની વિનંતીના પરિણામે રચાઈ છે.

૨. ટીકા – તેના કર્તાનું નામ નયવિલાસ છે.

૩. ટીકા – આ અજ્ઞાતકર્તૃક છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### જ્ઞાનાર્ણવસારોદ્ધાર

જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૧૫૦) આનો ઉલ્લેખ આવે છે. આ ઉપર્યુક્ત જ્ઞાનાર્ણવનું સંક્ષિપ્ત રૂપ છે કે પછી ન્યાયાચાર્ય શ્રી યશોવિજયગણીના જ્ઞાનાર્ણવનું એ જ્ઞાત નથી.

### ધ્યાનદીપિકા

આ કૃતિ[૧] ખરતરગચ્છના દીપચન્દ્રના શિષ્ય દેવચન્દ્રે વિ.સં.૧૭૬૬માં તત્કાલીન ગુજરાતી ભાષામાં રચી છે. શુભચન્દ્રકૃત જ્ઞાનાર્ણવનો લાભ જેઓ

૧. આ કૃતિ 'અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ' દ્વારા શ્રીમદ્ દેવચન્દ્ર (ભા.૨)ના સન્ ૧૯૨૯માં પ્રકાશિત દ્વિતીય આવૃત્તિના પૃ. ૧થી ૧૨૩માં આવે છે. ત્યાં તેનું નામ પુષ્પિકા અનુસાર 'ધ્યાનદીપિકા ચતુષ્પદી' રાખ્યું છે, પરંતુ ગ્રન્થકારે તો અંતિમ પદ્યમાં 'ધ્યાનદીપિકા' નામનિર્દેશ કર્યો છે. આથી અહીં તે નામ રાખવામાં આવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન લઈ શકતા હોય તેમના માટે તેના સારરૂપ આ કૃતિ રચવામાં આવી છે. તે છ ખંડોમાં વિભક્ત છે. પ્રથમ ખંડમાં અનિત્યત્વ વગેરે બાર ભાવનાઓનું, બીજા ખંડમાં સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને પાંચ મહાવ્રતોનું, ત્રીજા ખંડમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને મોહવિજયનું, ચોથા ખંડમાં ધ્યાન અને ધ્યેયનું, પાંચમા ખંડમાં ધર્મધ્યાન, શુક્લધ્યાન, પિંડસ્થ વગેરે ધ્યાનના ચાર પ્રકાર તથા યંત્રોનું, અને છઠ્ઠા ખંડમાં સ્યાદ્વાદનું નિરૂપણ છે.

પ્રસ્તુત કૃતિનો આરંભ દોહાથી કરવામાં આવ્યો છે. તે પછી ઢાળ અને દોહા આ ક્રમે બાકીનો ભાગ રચાયો છે. ભિન્ન ભિન્ન દેશીઓમાં કુલ ૫૮ ઢાળ છે.

અંતે હાજહંસના પ્રસાદથી આની રચના કરાઈ હોવાનો તથા કુંભકરણ નામના મિત્રના સંગનો ઉલ્લેખ આવે છે. કર્તાએ છેલ્લી ઢાળમાં રચનાવર્ષ, ઢાળોની સંખ્યા અને ખંડ નહિ પણ અધિકારના રૂપમાં છ અધિકારોનો નિર્દેશ કર્યો છે. 'ખંડ' શબ્દ પુષ્પિકાઓમાં વપરાયો છે.

યોગપ્રદીપ

આ કૃતિ[1] ૧૪૩ પદ્યોમાં રચાઈ છે. તેમાં સરળ સંસ્કૃત ભાષામાં યોગનું નિરૂપણ છે. તેનો મુખ્ય વિષય આત્મા છે. તેના યથાર્થ સ્વરૂપનું તેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપરાંત તેમાં પરમાત્મા સાથે શુદ્ધ અને શાશ્વત મિલનનો માર્ગ — પરમ પદની પ્રાપ્તિનો ઉપાય દર્શાવ્યો છે. આ કૃતિમાં પ્રસંગોપાત્ત ઉન્મનીભાવ, સમરસતા, રૂપાતીત ધ્યાન, સામાયિક, શુક્લ ધ્યાન, અનાહત નાદ, નિરાકાર ધ્યાન વગેરે બાબતો આવે છે. ચિન્તનના અભાવને કારણે મન જાણે નાશ પામ્યું હોય એવી એની અવસ્થાને ઉન્મની કહે છે.

આ ગ્રન્થના પ્રણેતાનું નામ જ્ઞાત નથી. એવું લાગે છે કે ગ્રન્થકારે તેની રચનામાં હેમચન્દ્રસૂરિકૃત યોગશાસ્ત્ર, શુભચન્દ્રકૃત જ્ઞાનાર્ણવ તથા કોઈ કોઈ

---

૧. આ કૃતિ શ્રી જીતમુનિએ સંપાદિત કરી હતી અને જોધપુરથી વીર સંવત્ ૨૪૪૮માં પ્રકાશિત થઈ છે. તેવી જ રીતે પં. હીરાલાલ હંસરાજ સંપાદિત આ કૃતિ સન્ ૧૯૧૧માં પ્રકાશિત થઈ છે. 'જૈન સાહિત્ય વિકાસ મંડલ'એ આ ગ્રન્થ અજ્ઞાતકર્તૃક બાલાવબોધ, ગુજરાતી અનુવાદ અને વિશિષ્ટ શબ્દોની સૂચી સાથે સન્ ૧૯૬૦માં પ્રકાશિત કર્યો છે. તેમાં કોઈ કોઈ પદ્ય અશુદ્ધ જણાય છે, અન્યથા મુદ્રણ વગેરે પ્રશંસનીય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપનિષદ્નો ઉપયોગ કર્યો હશે. એક અજ્ઞાતકર્તૃક યોગસારની સાથે તેનું અમુક અંશે સામ્ય છે, એવું કહેવાય છે.

નેમિદાસરચિત 'પંચપરમેષ્ઠીમંત્રરાજ ધ્યાનમાલા'માં યોગશાસ્ત્ર અને પતંજલિકૃત યોગસૂત્રની સાથે આનો ઉલ્લેખ આવવાથી તે જમાનામાં પ્રસ્તુત કૃતિ પ્રચલિત હશે એવું અનુમાન થાય છે.

બાલાવબોધ – આ કૃતિ ઉપર કોઈએ જૂની ગુજરાતીમાં બાલાવબોધ લખ્યો છે. ભાષાના અભ્યાસીઓ માટે આ એક અવલોકનીય સાધન છે.[1]

ઝાણજ્ઝયણ અથવા ઝાણસય

આનું સંસ્કૃત નામ ધ્યાનાધ્યયન અને ધ્યાનશત[2] છે. હરિભદ્રસૂરિએ તેનો ધ્યાનશતક નામથી નિર્દેશ કર્યો છે. મેં જે હસ્તપ્રતો જોઈ છે તેમનામાં ૧૦૬ ગાથાઓ છે, જ્યારે તેની મુદ્રિત આવૃત્તિઓમાં ૧૦૫ ગાથાઓ છે. તેથી સૌપ્રથમ ૧૦૬ઠ્ઠી ગાથા DCGCM (Vol. XVII, pt. 3, p. 416) અનુસાર અહીં ઉદ્ધૃત કરવામાં આવે છે :

पंचुत्तरेण गाहासएण झाणस्स यं(जं) समक्खायं ।
जिणभद्दखमासमणेहिं कम्मविसोहीकरणं जइणो ॥ ०१६ ॥

આમ અહીં પ્રસ્તુત કૃતિની ૧૦૬ ગાથાઓ હોવાનું સૂચન છે. સાથે સાથે સ્પષ્ટ સૂચન છે કે તેના કર્તા જિનભદ્ર ક્ષમાશ્રમણ છે. આ જિનભદ્ર વિશેષાવશ્યકભાષ્યના કર્તા હોવાનું જણાય છે, કારણ કે પ્રસ્તુત કૃતિ ઉપર હરિભદ્રસૂરિએ જે ટીકા લખી છે તેમાં તેમણે આ કૃતિને શાસ્ત્રાન્તર અને મહાન અર્થવાળી કહી છે. આ ઉલ્લેખ આ પ્રમાણે છે :

---

૧. પ્રસ્તુત કૃતિનો ગુજરાતીમાં અનુવાદ પણ થયો છે.

૨. આ કૃતિ આવસ્સયનિજ્જુત્તિ અને હારિભદ્રીય શિષ્યહિતા નામની ટીકા સાથે આગમોદય સમિતિએ ચાર ભાગોમાં પ્રકાશિત કરી છે. તેના પૂર્વભાગમાં (પત્ર ૫૮૨ અ-૬૧૧ અ) આવસ્સયની આ નિર્યુક્તિની ગાથા ૧૨૭૧ની પછી આ ૧૦૫ ગાથાઓ આવે છે. આ ઝાણજ્ઝયણ હારિભદ્રીય ટીકા તથા મલધારી હેમચંદ્રસૂરિકૃત ટિપ્પનક સાથે 'વિનય-ભક્તિ-સુંદર-ચરણ ગ્રન્થમાલા'ના ત્રીજા પુષ્પરૂપે વિ.સં.૧૯૯૭માં પ્રકાશિત થયું છે અને તેમાં તેના કર્તા જિનભદ્ર છે એમ કહ્યું છે. આ કૃતિની સ્વતંત્ર હસ્તપ્રત મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ध्यानशतकस्य च महार्थत्वाद् वस्तुतः शास्त्रान्तरत्वात् प्रारम्भ एव विघ्नविनायकोपशान्तये मङ्गलार्थमिष्टदेवतानमस्कारमाह ।'

હરિભદ્રસૂરિએ અથવા તેમની શિષ્યહિતાના ટિપ્પનકારે આ કૃતિના કર્તા કોણ છે એ લખ્યું નથી. આ કૃતિ આવશ્યકનિર્યુક્તિના એક ભાગરૂપ (પ્રતિક્રમણનિર્યુક્તિ પછી) છે, તેથી તેના કર્તા નિર્યુક્તિકાર ભદ્રબાહુ છે એવી કલ્પના થઈ શકે અને પં. દલસુખભાઈ માલવણિયા તો એવું માનવા પ્રેરાયા પણ છે.[1] આમ પ્રસ્તુત કૃતિના કર્તા તરીકે કોઈ જિનભદ્ર ક્ષમાશ્રમણનો, તો કોઈ ભદ્રબાહુસ્વામીનો નિર્દેશ કરે છે. પ્રથમ પક્ષ માન્ય રાખતાં ક્ષમાશ્રમણના સત્તાસમયનો વિચાર કરવો જોઈએ. વિચારશ્રેણી અનુસાર જિનભદ્રનો સ્વર્ગવાસ વીરસંવત્ ૧૧૨૦માં એટલે કે વિ.સં.૬૫૦માં થયો હતો, પરંતુ ધર્મસાગરીય પટ્ટાવલી અનુસાર તે વિ.સં.૭૦૫થી ૭૧૦ વચ્ચે મનાય છે. વિશેષાવશ્યકની એક હસ્તપ્રતમાં શકસંવત્ ૫૩૧ અર્થાત્ વિ.સં.૬૬૬નો ઉલ્લેખ છે. આ પરિસ્થિતિમાં પ્રસ્તુત કૃતિની પૂર્વસીમા આવશ્યકનિર્યુક્તિની આસપાસનો સમય તથા ઉત્તરસીમા જિનભદ્રના વિ.સં.૬૫૦માં સ્વર્ગવાસનો સમય માની શકાય. અહીં આ કૃતિના કર્તા અને તેના સમય વિશે આથી વધુ કંઈ કહી શકાય તેમ નથી.

હા, તેમાં આવતા વિષય વિશે કંઈક કહેવું અવસરપ્રાપ્ત છે. તેની પહેલી ગાથામાં મહાવીરસ્વામીને પ્રણામ કરવામાં આવ્યા છે. તેમ કરતી વખતે તેમને જોગીસર (યોગીશ્વર) કહ્યા છે. આ પહેલાં કોઈ ગ્રન્થકારે શું આવું કહ્યું છે ?

પ્રસ્તુત કૃતિનો વિષય ધ્યાન છે. તે ધ્યાનનું નિરૂપણ કરે છે. બીજી ગાથામાં ધ્યાનનું લક્ષણ દર્શાવતાં કહ્યું છે કે સ્થિર અધ્યવસાય જ ધ્યાન છે, જે ચલ (અનવસ્થિત) છે તે ચિત્ત છે અને આ ચિત્તના ઓઘદૃષ્ટિએ ભાવના, અનુપ્રેક્ષા અને ચિન્તા એ ત્રણ પ્રકાર છે.

તે પછી નીચેની બાબતોનું નિરૂપણ છે : છદ્મસ્થના ધ્યાનના સમયના રૂપમાં અન્તર્મુહૂર્તનો ઉલ્લેખ; યોગોનો અર્થાત્ કાયિક વગેરે પ્રવૃત્તિઓનો નિરોધ જ જિનોનો (કેવલજ્ઞાનીઓનો) ધ્યાનકાલ; ધ્યાનના આર્ત, રૌદ્ર, ધર્મ્ય (ધર્મ) અને શુક્લ એ ચાર પ્રકાર તથા તેમનાં ફળ; આર્તધ્યાનના ભેદોનું સ્વરૂપ, આર્તધ્યાનનાં

૧. જુઓ ગણધરવાદની પ્રસ્તાવના, પૃ. ૪૧

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ બીજ, આર્તધ્યાન કરનારની લેશ્યા અને તેમનાં લિંગ; રૌદ્રધ્યાનના ચાર ભેદ; રૌદ્રધ્યાન કરનારની લેશ્યા અને તેમનાં લિંગ; ધર્મ્ય(ધર્મ)ધ્યાનને લક્ષ્યમાં રાખી જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના અને વૈરાગ્યભાવના - આ ચાર ભાવનાઓનું સ્વરૂપ; ધ્યાન સંબંધી દેશ, કાલ, આસન અને આલંબન; ધર્મ્ય(ધર્મ) ધ્યાનના ચાર ભેદ; તેના તથા શુક્લધ્યાનના ચાર ભેદોમાંથી પહેલા બે ભેદોના ધ્યાતા; ધર્મધ્યાન પછી કરવામાં આવતી અનુપ્રેક્ષા (ભાવના); ધર્મધ્યાન કરનારની લેશ્યા તથા તેમનાં લિંગ; શુક્લધ્યાન માટે આલંબન, કેવલજ્ઞાનીઓ દ્વારા કરાતા યોગનિરોધની વિધિ; શુક્લધ્યાનમાં ધ્યાતા, અનુપ્રેક્ષા, લેશ્યા અને લિંગ; ધર્મધ્યાન અને શુક્લધ્યાનનાં ફળ; અને ૧૦૫મી ગાથા દ્વારા ઉપસંહાર.

ટીકા — ઝાણજ્ઝયાણ ઉપર સમભાવી હરિભદ્રસૂરિએ જે ટીકા લખી છે તેમાં પહેલાં (પત્ર ૫૮૧ આમાં) ધ્યાન વિશે સંક્ષિપ્ત માહિતી આપી છે. તે પછી ૧૦૫ ગાથાઓ ઉપર પોતાની ટીકા લખી છે અને તે પ્રકાશિત પણ થઈ છે. તેનું ટિપ્પણ પણ છપાયું છે. તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

ધ્યાનવિચાર

આની[1] એક હસ્તપ્રતિ પાટણના કોઈ ભંડારમાં છે. ગદ્યાત્મક આ સંસ્કૃત કૃતિ ધ્યાનમાર્ગના ૨૪ પ્રકાર, ચિન્તા, ભાવના-ધ્યાન, અનુપ્રેક્ષા, ભવનયોગ, કરણયોગ જેવા વિવિધ વિષયો ઉપર પ્રકાશ નાખે છે. આ પ્રત્યેક વિષય

૧. આ કૃતિ 'જૈન સાહિત્ય વિકાસ મંડલ' તરફથી સન્ ૧૯૬૧માં પ્રકાશિત 'નમસ્કારસ્વાધ્યાય' (પ્રાકૃત વિભાગ)ના પૃ. ૨૨૫-૨૬૦માં ગુજરાતી અનુવાદ, સન્તુલના વગેરે માટે ટિપ્પણ અને સાત પરિશિષ્ટો સાથે છપાઈ છે. આ પ્રાકૃત વિભાગ જ્યારે છપાતો હતો તે જ વખતે આ આખી રચના તે સંસ્થાએ સન્ ૧૯૬૦માં સ્વતંત્ર પુસ્તિકારૂપે આરંભમાં દેહષટ્કોણયન્ત્ર (ભારતીય યન્ત્ર) અને અંતે બે યંત્રચિત્રો સાથે પ્રકાશિત કરી હતી. તેમાં પ્રથમ યંત્રચિત્ર ચોવીસ તીર્થંકરોની માતાઓ પોતાના તીર્થંકર થનાર પુત્ર તરફ જુએ છે તે સંબંધી છે, જ્યારે બીજું યંત્રચિત્ર ધ્યાનના વીસમા પ્રકાર 'પરમ માત્રા'નું ચોવીસ વલયો સહિત આલેખન છે. આ યંત્રચિત્ર તો ઉપર્યુક્ત નમસ્કારસ્વાધ્યાયમાં પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓછાવત્તા વિસ્તારથી આ કૃતિમાં નિરૂપાયો છે. તેનો અહીં ક્રમશઃ વિચાર કરવામાં આવે છે.

ધ્યાનમાર્ગના ચોવીસ પ્રકારોનાં નામ બે ભાગમાં જણાવ્યા મુજબ છે : ૧. ધ્યાન, ૨. શૂન્ય, ૩. કલા, ૪. જ્યોતિ, ૫. બિન્દુ, ૬. નાદ, ૭. તારા, ૮. લય, ૯. લવ, ૧૦. માત્રા, ૧૧. પદ, અને ૧૨. સિદ્ધિ.

આ બારે સાથે પ્રારંભમાં 'પરમ' શબ્દ લગાવતાં બીજા બાર પ્રકાર થાય છે, જેમ કે પરમ ધ્યાન, પરમ શૂન્ય વગેરે. બંને ભાગોનાં નામોનો સરવાળો કરતાં કુલ ૨૪ થાય છે. આ ૨૪ પ્રકારોનું સ્વરૂપ સમજાવતી વખતે શૂન્યના દ્રવ્યશૂન્ય અને ભાવશૂન્ય એવા બે ભેદ કરીને દ્રવ્યશૂન્યના બાર પ્રભેદ અવતરણ દ્વારા ગણાવ્યા છે, જેમ કે ક્ષિપ્ત ચિત્ત, દીપ્ત ચિત્ત, વગેરે. કલાથી પદ સુધીના નવેના પણ દ્રવ્ય અને ભાવથી બે બે પ્રકારો કર્યા છે. ભાવકલાની બાબતમાં પુણ્ય(ષ્ય)મિત્રનું દૃષ્ટાન્ત આપ્યું છે. પરમ બિન્દુના સ્પષ્ટીકરણમાં ૧૧ ગુણશ્રેણી ગણાવી છે. દ્રવ્યલય અર્થાત્ વજ્રલેપ[1] વગેરે દ્રવ્ય દ્વારા વસ્તુઓનો સંશ્લેષ થાય છે એમ કહ્યું છે.

ધ્યાનના ૨૪ પ્રકારોને કરણના ૯૬ પ્રકારો વડે ગુણવાથી ૨૩૦૪ થાય છે. તેને ૯૬ કરણયોગોથી ગુણવાથી ૨,૨૧,૧૮૪ ભેદ થાય છે. તેવી જ રીતે ઉપર્યુક્ત ૨૩૦૪ને ૯૬ ભવનયોગોથી ગુણવાથી ૨,૨૧,૧૮૪ ભેદ થાય છે. તે બંનેનો સરવાળો કરવાથી ૪,૪૨,૩૬૮ થાય છે.

પરમ લવ એટલે કે ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી.[2] પરમ માત્રા એટલે ચોવીસ વલયો દ્વારા વેષ્ટિત આત્માનું ધ્યાન. એમ કહીને પ્રથમ વલયના રૂપમાં શુભાક્ષર વલયથી શરૂ કરી અંતિમ ૯૬ કરણવિષયક વલયોનો ઉલ્લેખ અમુક સ્પષ્ટીકરણ સાથે કરવામાં આવ્યો છે.

ચિન્તાના બે પ્રકાર અને પ્રથમ પ્રકારના બે ઉપપ્રકાર જણાવ્યા છે. યોગારૂઢ થનારના અભ્યાસના જ્ઞાનભાવના આદિ ચાર પ્રકાર અને તેમના ઉપપ્રકાર, ભવનયોગાદિના યોગ, વીર્ય આદિ આઠ પ્રકાર, તેમના ત્રણ ત્રણ ઉપપ્રકાર અને તેમના પ્રણિધાન આદિ ચાર ચાર ભેદ — આમ કુલ મળીને ૯૬ ભેદ; પ્રણિધાન વગેરેને સમજાવવા માટે અનુક્રમે પ્રસન્નચન્દ્ર, ભરતેશ્વર, દમદન્ત અને

---

૧. બૃહત્સંહિતામાં આનું વર્ણન છે. વિશેષ માટે જુઓ સાનુવાદ વસ્તુસારપ્રકરણ (વત્થુસારપયરણ), પૃ. ૧૪૭-૧૪૮

૨. આના માટે જુઓ લેખકનું લખાણ 'કર્મસિદ્ધાન્તસંબંધી સાહિત્ય', પૃ. ૯૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુણ્યભૂતિનાં દૃષ્ટાન્તોનો ઉલ્લેખ; ભવનયોગ અને કરણયોગનું સ્પષ્ટીકરણ, ૯૬ (૧૨x૮)કરણ, છદ્મસ્થના ધ્યાનના ૪,૪૨,૩૬૮ પ્રકાર અને યોગના ૨૯૦ આલંબનોના વિશે આ કૃતિમાં નિર્દેશ છે.

મરુદેવાની જેમ જે યોગ સહજ ભાવે થાય છે, તે ભવનયોગ અને તે જ યોગ ઉપયોગપૂર્વક જ્યારે કરાય છે ત્યારે કરણયોગ કહેવાય છે.

જિનરત્નકોશમાં (વિ.૧, પૃ.૧૯૯) એક અજ્ઞાતકર્તૃક ધ્યાનવિચારનો ઉલ્લેખ છે. તે આ જ કૃતિ છે કે બીજી એ તો તેની હસ્તપ્રતિ જોયા પછી જ કહી શકાય.

ધ્યાનદંડકસ્તુતિ

વજ્રસેનસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિએ જિનરત્નકોશના ઉલ્લેખ (વિ.૧, પૃ.૧૦૬) અનુસાર વિ.સં.૧૪૪૭માં 'ગુણસ્થાનક્રમારોહ'ની રચના કરી છે.[1] તેના શ્લોક પરની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૩૭)માં ધ્યાનનું સ્વરૂપ જણાવતી વખતે અને શ્લોક ૫૪ની વૃત્તિ (પત્ર ૩૮)માં પ્રાણાયામનું સ્પષ્ટીકરણ કરતી વખતે ધ્યાનદંડકસ્તુતિનો ઉલ્લેખ કરી તેમાંથી નીચે જણાવેલ એક એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે.

नासावंशाग्रभागास्थितनयनयुगो मुक्तताराप्रचारः
शेषाक्षक्षीणवृत्तिस्त्रिभुवनविवरोद्भ्रान्तयोगैकचक्षुः ।।
पर्यङ्कातङ्कशून्यः परिकलितघनोच्छ्वासनिःश्वासवातः
स ध्यानारूढमूर्तिश्चिरमवतु जिनो जन्मसम्भूतिभीतेः ।।
संकोच्यापानरन्ध्रं हुतवहसदृशं तन्तुवत् सूक्ष्मरूपं
धृत्वा हृत्पद्मकोशे तदनु च गलके तालुनि प्राणशक्तिम् ।
नीत्वा शून्यातिशून्यां पुनरपि खगतिं दीप्यमानां समन्तात्
लोकालोकावलोकां कलयति स कलां यस्य तुष्टो जिनेशः।।

આ બંને ઉદ્ધરણો ઉપર વિચાર કરતાં નીચેની બાબતોનું જ્ઞાન થાય છે.

પ્રસ્તુત કૃતિ સંસ્કૃતમાં છે. તે પદ્યાત્મક હશે. તે જિનેશ્વરની સ્તુતિરૂપ છે, તેથી જૈન રચના છે. તેનો વિષય ધ્યાન છે, તે તેનું નિરૂપણ કરે છે.

૧. આ ગ્રંથ જુદી જુદી સંસ્થાઓ તરફથી પ્રકાશિત થયો છે. તેનો વિશેષ પરિચય આગળ આવશે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૧૯૯) ધ્યાનવિષયક જે કૃતિઓનો નિર્દેશ છે તેમાંથી ધ્યાનવિચાર અને ધ્યાનશતક ઉપર વિચાર કર્યો. હવે બાકીની કૃતિઓ વિશે કંઈક વિચાર કરીએ છીએ.

ધ્યાનચતુષ્ટયવિચાર

એના નામ અનુસાર એમાં આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એમ ધ્યાનના ચાર પ્રકારોનું નિરૂપણ હોવું જોઈએ.

ધ્યાનદીપિકા

આ કૃતિ સકલચન્દ્રે વિ.સં.૧૬૨૧માં રચી છે.

ધ્યાનમાલા

આ નેમિદાસની કૃતિ છે.

ધ્યાનસાર

આ નામની બે કૃતિઓ છે. એકના કર્તા યશઃકીર્તિ છે, બીજાના કર્તાનું નામ અજ્ઞાત છે.

ધ્યાનસ્તવ

આ ભાસ્કરનન્દીની સંસ્કૃત રચના છે.

ધ્યાનસ્વરૂપ

આમાં ભાવવિજયે વિ.સં.૧૬૯૬માં ધ્યાનનું સ્વરૂપ નિરૂપ્યું છે.

અનુપ્રેક્ષા

તેને ભાવના પણ કહે છે. તેનું નિરૂપણ શ્વેતાંબર અને દિગંબર બંનેએ પ્રાકૃત, સંસ્કૃત, કન્નડ, ગુજરાતી વગેરે ભાષાઓમાં એક યા બીજા રૂપે કર્યું છે. મરણસમાહિ નામના પ્રકીર્ણક (શ્વેતાંબરીય આગમ)માં અનુપ્રેક્ષા સંબંધી ૭૦ ગાથાઓ છે.

૧. બારસાણુવેક્ખા (દ્વાદશાનુપ્રેક્ષા)

દિગંબરાચાર્ય શ્રી કુન્દકુન્દની આ કૃતિમાં[1] ૯૧ ગાથાઓ છે. તેના નામથી સૂચિત નીચે જણાવેલી બાર અનુપ્રેક્ષાઓનું તેમાં નિરૂપણ છે :

---

૧. આ 'માણિકચન્દ્ર દિગંબર જૈન ગ્રન્થમાલા'માં વિ.સં.૧૯૭૭માં પ્રકાશિત થઈ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. અધ્રુવત્વ, ૨. અશરણત્વ, ૩. એકત્વ, ૪. અન્યત્વ, ૫. સંસાર, ૬. લોક, ૭. અશુચિત્વ, ૮. આશ્રવ, ૯. સંવર, ૧૦. નિર્જરા, ૧૧. ધર્મ અને ૧૨. બોધિદુર્લભતા.

આ વિષયનું નિરૂપણ વટ્ટકેરના મૂલાચારમાં (પ્રક.૮) અને શિવાર્યે (શિવકોટિએ) ભગવતી આરાધનામાં કર્યું છે. ધવલે અપભ્રંશમાં રચેલ પોતાના હરિવંશપુરાણમાં કહ્યું છે કે સિંહનન્દીએ અનુપ્રેક્ષા વિશે કોઈ રચના કરી હતી.

૨. બારસાનુવેક્ખા અથવા કાર્તિકેયાનુપ્રેક્ષા

કાર્તિકેય (અપર નામ કુમાર) રચિત આ કૃતિમાં[1] ૪૮૯ ગાથાઓ છે. તેમાં ઉપર્યુક્ત બાર અનુપ્રેક્ષાઓનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.

ટીકા — મૂલસંઘના વિજયકીર્તિના શિષ્ય શુભચન્દ્રે વિ.સં.૧૬૧૩માં આ ટીકા લખી છે.

૩. દ્વાદશાનુપ્રેક્ષા

આ નામની ત્રણ સંસ્કૃત કૃતિઓ છે : ૧. સોમદેવકૃત, ૨. કલ્યાણકીર્તિકૃત અને ૩. અજ્ઞાતકર્તૃક.

દ્વાદશભાવના

આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે, તેમાં ૯૮૩ શ્લોકપ્રમાણ છે.

દ્વાદશભાવનાકુલક

આ પણ એક અજ્ઞાતકર્તૃક રચના છે.

શાન્તસુધારસ

ગીતગોવિંદ જેવા આ ગેય કાવ્યના[2] પ્રણેતા વૈયાકરણ વિનયવિજયગણી છે.

---

૧. આ નાથારંગ ગાંધીએ પ્રકાશિત કરી છે. તે ઉપરાંત 'સુલભ જૈન ગ્રન્થમાલા'માં પણ સન્ ૧૯૨૧માં પ્રકાશિત થઈ છે.

૨. આ કૃતિ પ્રકરણરત્નાકર (ભાગ ૨)માં તથા સન્ ૧૯૨૪માં શ્રુતજ્ઞાનઅમીધારામાં પ્રકાશિત થઈ છે. જૈન ધર્મ પ્રસારક સભાએ ગંભીરવિજયગણીકૃત ટીકા સાથે આ કૃતિ વિ.સં.૧૯૬૯માં પ્રકાશિત કરી હતી. તે ઉપરાંત આ સભાએ મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના અનુવાદ અને વિવેચન સાથે આ કૃતિ બે ભાગમાં ક્રમશઃ સન્ ૧૯૩૬ અને ૧૯૩૭માં પ્રકાશિત કરી છે. પ્રસ્તુત કૃતિ ઉપર મ.કિ.મહેતાએ પણ અર્થ અને વિવેચન લખેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ગન્ધપુર (ગાન્ધાર) નગરમાં ૨૩૪ શ્લોકોની આ કૃતિ વિ.સં.૧૭૨૩માં રચી છે. તેમાં તેમણે બાર ભાવનાઓ ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓને પણ સ્થાન આપ્યું છે.

ટીકા – ગંભીરવિજયજીએ તથા કોઈ તેરાપંથીએ પણ પ્રસ્તુત કૃતિ ઉપર એક એક સંસ્કૃત ટીકા લખી છે.

અનુવાદ અને વિવેચન – મૂલનાં અનુવાદ અને વિવેચન લખાયાં છે અને છપાયાં પણ છે.

### ૧. સમાધિતન્ત્ર

જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૪૨૧) આ ગ્રન્થ કુન્દકુન્દાચાર્યે લખ્યો છે એવો ઉલ્લેખ છે. તેના ઉપર બે ટીકાઓ લખાઈ છે : ૧. પર્વતધર્મરચિત અને ૨. નાથુલાલકૃત. આ બંને ટીકાઓ તથા મૂલ અપ્રકાશિત જણાય છે. તેથી આ કૃતિ વિશે કેવળ એટલું જ કહી શકાય કે તેમાં સમાધિનું નિરૂપણ હોવું જોઈએ.

### ૨. સમાધિતન્ત્ર કે સમાધિશતક

આ[1] દિગંબરાચાર્ય પૂજ્યપાદની ૧૦૫ પદ્યોની રચના છે. તેનું 'સમાધિશતક' નામ ૧૦૫મા પદ્યમાં આવે છે. ડૉ. પી.એલ.વૈદ્યના મતે આ પદ્ય તથા પદ્યનંબર ૨, ૩, ૧૦૩ અને ૧૦૪ પ્રક્ષિપ્ત છે. આ કૃતિમાં આત્માના બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા આ ત્રણ ભેદો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

---

૧. આ કૃતિ 'સનાતન જૈન ગ્રંથમાલા'માં સન્ ૧૯૦૫માં પ્રકાશિત થઈ છે. ફતેહચંદ દેહલીએ આ જ કૃતિ દિલ્હીથી અન્વયાર્થ અને હિંદી ભાવાર્થ સાથે વિ.સં.૧૯૭૮માં છપાવી છે. તે પહેલાં અંગ્રેજી અનુવાદ સાથે એમ.એન. દ્વિવેદીએ અમદાવાદથી સન્ ૧૮૯૫માં આ કૃતિ છપાવી હતી. મરાઠી અનુવાદ સાથે તેની બીજી આવૃત્તિ સોલાપુરના આર.એન. શાહે સન્ ૧૯૪૦માં પ્રકાશિત કરી છે.

પ્રસ્તુત કૃતિ ઉપર દિગંબરાચાર્ય પ્રભાચન્દ્રકૃત ટીકા છે. તેનો તથા મૂળનો અનુવાદ મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કર્યો છે. તે એક ગ્રંથના રૂપે 'સમાધિશતક' નામથી 'વડોદરા દેવી કેળવણી ખાતું' તરફથી સન્ ૧૮૯૧માં પ્રકાશિત થયો છે.

જૈન સાઈટ JAINSITE જૈન પી.એલ.વૈદ્યના સમતે

ચાર વિવરણ – પ્રસ્તુત કૃતિ ઉપર ત્રણ ટીકાઓ અને એક વૃત્તિ એમ કુલ ચાર વિવરણો લખાયાં છે. ટીકાકારોનાં નામ અનુક્રમે પ્રભાચન્દ્ર, પર્વતધર્મ અને યશશ્ચન્દ્ર છે. વૃત્તિકારનું નામ મેઘચન્દ્ર છે.

પ્રસ્તુત કૃતિ બધા ધર્મોના અનુયાયીઓ માટે અને વિશેષતઃ જૈનોને માટે ઉપયોગી હોવાથી ન્યાયાચાર્યશ્રી યશોવિજયજીએ[1] તેના ઉદ્ધરણરૂપ ૧૦૪ દોહાઓમાં 'સમાધિશતક'[2] નામનો ગ્રંથ લખ્યો છે.

સમાધિદ્વાત્રિંશિકા

આ કૃતિ અજ્ઞાતકર્તૃક છે. તેમાં બત્રીસ પદ્ય છે.

સમતાકુલક

આ કૃતિ પણ અજ્ઞાતકર્તૃક છે. તે સંભવતઃ પ્રાકૃતમાં છે.

સામ્યશતક

આ વિજયસિંહસૂરિએ ૧૦૬ શ્લોકોમાં રચેલી કૃતિ[3] છે. તે ચન્દ્રકુલના અભયદેવસૂરિના શિષ્ય હતા.

જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૩૨૧-૩૨૨) 'યોગ' શબ્દથી શરૂ થતી કૃતિઓનો નિર્દેશ છે. તેમાં નીચે જણાવેલી કૃતિઓના કર્તાઓનાં નામ આપ્યાં નથી. તેથી યથેષ્ટ સાધનોના અભાવમાં તે નામો નક્કી કરવા શક્ય નથી. તે કૃતઓનાં નામ નીચે પ્રમાણે છે :

યોગદૃષ્ટિસ્વાધ્યાયસૂત્ર, યોગભક્તિ, યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા[4], યોગરત્નસમુચ્ચય[5], યોગરત્નાવલી, યોગવિવેકદ્વાત્રિંશિકા, યોગસંકથા, યોગસંગ્રહ, યોગસંગ્રહસાર, યોગાનુશાસન[6] અને યોગાવતારદ્વાત્રિંશિકા.

---

૧. તેમણે વૈરાગ્યકલ્પલતામાં (સ્તબક ૧, શ્લોક ૧૨૭-૨૫૮) સમાધિનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. હિંદીમાં પણ ૧૦૫ દોહામાં તેમણે સમતાશતક અથવા સામ્યશતક લખ્યું છે.

૨. આનો પરિચય યશોદોહન (પૃ. ૨૯૫-૨૯૭)માં આપ્યો છે.

૩. આ પુસ્તક એ.એમ.એણ્ડ કંપનીએ મુંબઈથી સન્ ૧૯૧૮માં પ્રકાશિત કર્યું છે.

૪. આમાં યોગનો પ્રભાવ ૩૨ કે એકાધ અધિક પદ્યોમાં દર્શાવ્યો હશે.

૫. આનું શ્લોકપ્રમાણ ૪૫૦ છે.

૬. આ ગ્રન્થ ૧૫૦૦ શ્લોક-પરિમાણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગવિષયક નીચે જણાવેલી કૃતિઓ પણ ઉલ્લેખનીય છે :

૧. યોગકલ્પદ્રુમ – ૪૧૫ શ્લોકપ્રમાણની અજ્ઞાતકર્તૃક આ કૃતિમાંથી એક ઉદ્ધરણ પત્તનસ્થ જૈન ભાંડાગારીય ગ્રન્થસૂચી (ભાગ ૧, પૃ. ૧૮૯)માં આપ્યું છે.

૨. યોગતરંગિણી – આના ઉપર જિનદત્તસૂરિએ ટીકા લખી છે.

૩. યોગદીપિકા – આના કર્તા આશાધર છે.

૪. યોગભેદદ્વાત્રિંશિકા – આની રચના પરમાનન્દે કરી છે.

૫. યોગમાર્ગ –આ સોમદેવની કૃતિ છે.

૬. યોગરત્નાકર – આ જયકીર્તિની રચના છે.

૭. યોગલક્ષણદ્વાત્રિંશિકા – આના કર્તાનું નામ પરમાનન્દ છે.

૮. યોગવિવરણ – આ યાદવસૂરિની રચના છે.

૯. યોગસંગ્રહસાર – આના કર્તા જિનચન્દ્ર છે. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિનો ઉલ્લેખ પહેલાં કરી ગયા છીએ.

૧૦. યોગસંગ્રહસારપ્રક્રિયા અથવા અધ્યાત્મપદ્ધતિ –નન્દીગુરુની આ કૃતિમાંથી પત્તનસૂચીમાં (ભાગ ૧, પૃ. ૫૬) ઉદ્ધરણો આપવામાં આવ્યાં છે.

૧૧. યોગસાર – આ ગુરુદાસની રચના છે.

૧૨. યોગાંગ – ૪૫૦૦ શ્લોકપ્રમાણ આ ગ્રન્થના પ્રણેતા શાન્તરસ છે. તેમાં યોગનાં અંગોનું નિરૂપણ છે.

૧૩. યોગામૃત – આ વીરસેનની કૃતિ છે.

અધ્યાત્મકલ્પદ્રુમ

આ પદ્યાત્મક કૃતિના[1] પ્રણેતા 'સહસ્રાવધાની' મુનિસુંદરસૂરિ છે. આ કૃતિ નીચે જણાવેલ સોળ અધિકારોમાં વિભક્ત છે :

---

૧. આ ગ્રન્થ ચારિત્રસંગ્રહમાં સન્ ૧૮૮૪માં પ્રકાશિત થયો હતો. આ જ ગ્રન્થ ધનવિજયગણીકૃત અધિરોહિણી નામની ટીકાના આધારે યોજિત ટિપ્પણો અને જૈન પારિભાષિક શબ્દોના સ્પષ્ટીકરણાત્મક પરિશિષ્ટો સાથે સન્ ૧૯૦૬માં નિર્ણયસાગર મુદ્રણાલય તરફથી પ્રકાશિત થયો છે. તે પછી આ મૂલ કૃતિ ધનવિજયગણીની ઉપર્યુક્ત ટીકા સાથે મનસુખભાઈ ભગુભાઈ તથા જમનાભાઈ ભગુભાઈએ વિ. સં. ૧૯૭૧માં છપાવી હતી. આ ટીકા, રત્નચન્દ્રગણીકૃત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. સમતા, ૨. સ્ત્રીમમત્વમોચન, ૩. અપત્યમમત્વમોચન, ૪. ધનમમત્વમોચન, ૫. દેહમમત્વમોચન, ૬. વિષયપ્રમાદત્યાગ, ૭. કષાયત્યાગ, ૮. શાસ્ત્રાભ્યાસ, ૯. મનોનિગ્રહ, ૧૦. વૈરાગ્યોપદેશ, ૧૧. ધર્મશુદ્ધિ, ૧૨. ગુરુશુદ્ધિ, ૧૩. યતિશિક્ષા, ૧૪. મિથ્યાત્વાદિનિરોધ, ૧૫. શુભવૃત્તિ, ૧૬. સામ્યસ્વરૂપ.

આ બધાં શીર્ષક અધિકારમાં આવતા વિષયોના બોધક છે.

આ કૃતિ શાન્તરસથી ભરપૂર છે. તે મુમુક્ષુઓને મમતાનો પરિત્યાગ કરવાનો, કષાયાદિનો નાશ કરવાનો, મનોવિજય કરવાનો, વૈરાગ્યપથના અનુરાગી બનવાનો તથા સમતા અને સામ્યનું સેવન કરવાનો ઉપદેશ આપે છે.

પૌર્વાપર્વ – ઉપદેશરત્નાકરના સ્વોપજ્ઞ વિવરણમાં અધ્યાત્મકલ્પદ્રુમમાંથી કેટલાંક પદ્યો ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આ દૃષ્ટિએ અધ્યાત્મકલ્પદ્રુમ આ વિવરણની અપેક્ષાએ પ્રાચીન ગણી શકાય. રત્નચન્દ્રગણીના કથન અનુસાર ગુર્વાવલીની રચના અધ્યાત્મકલ્પદ્રુમની પહેલાં થઈ છે.

વિવરણ – પ્રસ્તુત કૃતિ ઉપર ત્રણ વિવરણ છે :

૧. ધનવિજયગણીકૃત અધિરોહિણી.

૨. સૂરતમાં વિ.સં.૧૬૨૪માં રત્નસૂરિરચિત અધ્યાત્મકલ્પલતા.

૩. ઉપાધ્યાય વિદ્યાસાગરકૃત ટીકા.

આમાંથી પહેલાં બે વિવરણ પ્રકાશિત જણાય છે.

બાલાવબોધ – ઉપર્યુક્ત અધ્યાત્મકલ્પલતાના આધારે હંસરત્ને અધ્યાત્મકલ્પદ્રુમ ઉપર એક બાલાવબોધ લખ્યો છે. જીવવિજયે પણ વિ.સં.૧૭૮૦માં એક બાલાવબોધ રચ્યો છે.

---

અધ્યાત્મકલ્પલતા નામની એક અન્ય ટીકા, મૂલનો રંગવિલાસ દ્વારા ચોપઈમાં કરવામાં આવેલો અધ્યાત્મરાસ નામનો અનુવાદ તથા મો.દ.દેસાઈના વિસ્તૃત ઉપોદ્ઘાત સાથે 'દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા'એ સન્ ૧૯૪૦માં આ ગ્રન્થ પ્રકાશિત કર્યો છે. 'જૈનધર્મ પ્રસારક સભા'એ મૂલની, તેના મો.ગિ. કાપડિયાકૃત ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ તથા ઉપર્યુક્ત અધ્યાત્મરાસ સાથે, બીજી આવૃત્તિ સન્ ૧૯૧૧માં પ્રકાશિત કરી હતી. પ્રકરણરત્નાકર (ભાગ ૨)માં મૂલ કૃતિ હંસરત્નના બાલાવબોધ સાથે સન્ ૧૯૦૩માં પ્રકાશિત કરવામાં આવી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અધ્યાત્મરાસ**

આ પદ્યમયી કૃતિ રંગવિલાસે રચી છે. તે પ્રકાશિત છે.

**અધ્યાત્મસાર**

આ ન્યાયાચાર્ય યશોવિજયગણીની અધ્યાત્મવિષયક સંસ્કૃત રચના[1] છે. તે સાત પ્રબન્ધોમાં વિભક્ત છે. આ પ્રબન્ધોમાં ક્રમશઃ ૪, ૩, ૪, ૩, ૩, ૨ અને ૨ એમ ૨૧ અધિકાર છે. આ કૃતિ ૧૩૦૦ શ્લોકપ્રમાણ છે. તેમાં કુલ ૯૪૯ પદ્ય છે.

વિષય — ૨૧ અધિકારોના વિષયો પ્રબન્ધાનુસાર અનુક્રમે આ પ્રમાણે છે :

પ્રબન્ધ ૧ — અધ્યાત્મશાસ્ત્રનું માહાત્મ્ય, અધ્યાત્મનું સ્વરૂપ, દંભનો ત્યાગ અને ભવનું સ્વરૂપ.

પ્રબન્ધ ૨ — વૈરાગ્યનો સંભવ, તેના ભેદો અને વૈરાગ્યનો વિષય.

પ્રબન્ધ ૩ — મમતાનો ત્યાગ, સમતા, સદનુષ્ઠાન અને ચિત્તશુદ્ધિ.

પ્રબન્ધ ૪ — સમ્યક્ત્વ, મિથ્યાત્વનો ત્યાગ તથા અસદ્ગ્રહ અથવા કદાગ્રહનો ત્યાગ.

પ્રબન્ધ ૫ — યોગ, ધ્યાન અને ધ્યાન(સ્તુતિ).

પ્રબન્ધ ૬ — આત્માનો નિશ્ચય.

પ્રબન્ધ ૭ — જિનમતની સ્તુતિ, અનુભવ અને સજ્જનતા.

પ્રથમ પ્રબન્ધના અધ્યાત્મસ્વરૂપ નામના બીજા અધિકારમાં એક

---

૧. આ કૃતિને જૈન શાસ્ત્રકથાસંગ્રહ (સન્ ૧૮૮૪માં પ્રકાશિત)ની બીજી આવૃત્તિમાં સ્થાન મળ્યું છે. આ જ કૃતિ પ્રકરણરત્નાકર (ભાગ ૨)માં વીરવિજયના ટબા સાથે સન્ ૧૯૦૩માં પ્રકાશિત થઈ હતી. નરોત્તમ ભાણજીએ આ મૂલ કૃતિ ગંભીરવિજયગણીની ટીકા સાથે વિ.સં.૧૯૫૨માં છપાવી હતી. તેમણે મૂલ, ઉપર્યુક્ત ટીકા તથા મૂલના ગુજરાતી અનુવાદ સાથે સન્ ૧૯૧૬માં છપાવ્યાં હતાં. 'જૈનધર્મ પ્રસારક સભા' તરફથી મૂલ કૃતિ ઉપર્યુક્ત ટીકા સાથે પ્રકાશિત કરવામાં આવી હતી. આ જ મૂલ કૃતિ અધ્યાત્મોપનિષદ્ અને જ્ઞાનસાર સાથે નગીનદાસ કરમચંદે 'અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષદ્-જ્ઞાનસાર-પ્રકરણત્રયી' નામથી વિ.સં.૧૯૯૪માં પ્રકાશિત કરી છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ जैन साइट

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકથી અધિક નિર્જરા કરનારના વીસ વર્ગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[1] આ પ્રબન્ધના ચોથા અધિકારમાં સંસારને સમુદ્ર વગેરે વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે.

ટીકા – ગંભીરવિજયજીએ વિ.સં.૧૯૫૨માં આ કૃતિ ઉપર ટીકા લખી છે અને તે પ્રકાશિત પણ થઈ છે. તેમાં ક્યાંક ક્યાંક ત્રુટિ જણાય છે.

ટબો – ટબાના કર્તા વીરવિજય છે. તે પણ છપાયો છે.

અધ્યાત્મોપનિષદ્

આ પણ ન્યાયાચાર્ય યશોવિજયગણીની કૃતિ[2] છે. તે ચાર વિભાગોમાં વિભક્ત છે અને તેમની પદ્યસંખ્યા અનુક્રમે ૭૭, ૬૫, ૪૪ અને ૨૩ છે. આમ તેમાં કુલ ૨૦૩ પદ્ય છે. તેમાંથી અધિકાંશ પદ્ય અનુષ્ટુપ્‌માં છે.

વિષય – પ્રત્યેક અધિકારનું નામ અન્વર્થ છે. તે નામ છે : શાસ્ત્રયોગશુદ્ધિ, જ્ઞાનયોગશુદ્ધિ, ક્રિયાયોગશુદ્ધિ અને સામ્યયોગશુદ્ધિ.

પ્રારંભમાં એવંભૂત નયના આધારે અધ્યાત્મનો અર્થ આપ્યો છે. તે અર્થ નીચે મુજબ છે.

૧. આત્માનું જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપ આચાર અને વીર્યાચાર આ પાંચ આચારોમાં વિહરણ અધ્યાત્મ છે.

૨. બાહ્ય વ્યવહારથી મહત્ત્વ પ્રાપ્ત ચિત્તને મૈત્રી આદિ ચાર ભાવનાઓથી વાસિત કરવું 'અધ્યાત્મ' છે.

પ્રસ્તુત કૃતિના વિષયોની વિશેષ જાણકારી 'યશોદોહન' નામના ગ્રંથમાં (પૃ.૨૭૯-૨૮૦) આપવામાં આવી છે. સાથે સાથે જ જ્ઞાનસારમાં (પૃ.૨૮૦), વૈરાગ્યકલ્પલતામાં (પ્રથમ સ્તબક, પૃ. ૨૮૧) તથા વીતરાગસ્તોત્રમાં (પ્રક.૮) પ્રસ્તુત કૃતિના જે પદ્ય મળે છે તેમનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

---

૧. આ વિષયનું નિરૂપણ આચારાંગ (શ્રુ.૧, અ.૪) અને તેની નિર્યુક્તિ (ગાથા ૨૨૨-૨૨૩)ની ટીકા (પત્ર ૧૬૦ આ)માં શીલાંકસૂરિએ કર્યું છે.

૨. આ કૃતિ 'જૈનધર્મ પ્રસારક સભા'એ વિ.સં.૧૯૬૫માં પ્રકાશિત કરી હતી. ત્યાર પછી 'શ્રી શ્રુતજ્ઞાન અમીધારા'ના પૃ. ૪૭થી ૫૭માં તે સન્ ૧૯૩૬માં છપાઈ છે. આ અધ્યાત્મસાર અને જ્ઞાનસાર સાથે પણ પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. અધ્યાત્મબિંદુ

આ નામનો એક ગ્રંથ ન્યાયાચાર્ય યશોવિજયગણીએ લખ્યો હતો એવું કેટલાકનું કહેવું છે, પરંતુ એવું માનવા માટે કોઈ પ્રમાણ નથી મળતું.

૨. અધ્યાત્મબિંદુ

આ ઉપાધ્યાય હર્ષવર્ધનની કૃતિ છે. તેમાં ૩૨ શ્લોક છે. તેથી તેને 'અધ્યાત્મબિંદુ-દ્વાત્રિંશિકા' પણ કહે છે. તેની પ્રશસ્તિના આધારે તેના કર્તાનું નામ હંસરાજ પણ હોય એવું લાગે છે.[1]

અધ્યાત્મોપદેશ

આ શ્રી યશોવિજયગણીની કૃતિ છે એવું કેટલાય માને છે, પરંતુ તેના માટે કોઈ વિશ્વસનીય પ્રમાણ આજ સુધી કોઈએ રજૂ કર્યું નથી.

અધ્યાત્મકમલમાર્તંડ

આ દિગંબર રાજમલ્લ કવિ વિરચિત ૨૦૦ શ્લોકપ્રમાણ ધરાવતી કૃતિ છે.[2] આ ઉપરાંત તેમણે વિ.સં.૧૬૪૧માં લાટીસંહિતા, પંચાધ્યાયી[3] (અપૂર્ણ) તથા વિ.સં.૧૬૩૨માં જમ્બૂસ્વામિચરિત એ ત્રણ કૃતિઓ પણ રચી છે. પ્રસ્તુત કૃતિ ચાર પરિચ્છેદોમાં વિભક્ત છે અને તેમનામાં ક્રમશઃ ૧૪, ૨૫, ૪૨ અને ૨૦ શ્લોક છે. આમ તેમાં કુલ ૧૦૧ શ્લોક છે. તેની એક હસ્તપ્રતિમાં આ ઉપરાંત ૫ પદ્ય પ્રાકૃતમાં અને ચાર સંસ્કૃતમાં છે. હસ્તપ્રતિના લેખકે પ્રશસ્તિના બે શ્લોક લખ્યા છે.

---

૧. આ કૃતિની સ્વોપજ્ઞ વિવરણ સહિત જે ચાર હસ્તપ્રતો મુંબઈ સરકારના સ્વામિત્વની છે તેમનો પરિચય DCGCM (Vol. XVIII, Pt. I, pp. 162-166)માં આપ્યો છે. (આ કૃતિ એલ.ડી.ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદે પ્રકાશિત કરી છે, જેમાં ડૉ. નગીન. જી. શાહની વિસ્તૃત અંગ્રેજી પ્રસ્તાવના છે.)

૨. આ 'માણિકચંદ્ર દિગંબર જૈન ગ્રન્થમાલા'માં વિ.સં. ૧૯૯૩માં પ્રકાશિત થઈ છે. પ્રારંભમાં આ કવિનું જમ્બૂસ્વામીચરિત આવે છે. અંતમાં અધ્યાત્મકમલમાર્તંડ સંબંધી અધિક પદ્યો પણ આપવામાં આવ્યાં છે.

૩. તેના કર્તાએ મંગલાચરણમાં તેને ગ્રન્થરાજ કહેલ છે. તેમાં બે પ્રકરણ છે. પહેલામાં ૭૭૦ શ્લોકોમાં દ્રવ્યસામાન્યનું અને બીજામાં દ્રવ્યવિશેષનું નિરૂપણ છે. આ કૃતિ ધર્મનો બોધ કરાવવાનું સુગમ સાધન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ પરિચ્છેદમાં મોક્ષ અને મોક્ષમાર્ગ, બીજામાં દ્રવ્યસામાન્યનું લક્ષણ, ત્રીજામાં દ્રવ્યવિશેષ અને ચોથામાં જીવ વગેરે સાત તત્ત્વો અને નવ પદાર્થોનું નિરૂપણ છે.

### અધ્યાત્મતરંગિણી

આના[1] કર્તા દિગંબર સોમદેવ છે.

### અધ્યાત્માષ્ટક

આની[2] રચના વાદિરાજે કરી છે.

### અધ્યાત્મગીતા

આ[3] ખરતરગચ્છના દેવચન્દ્રે ગુજરાતીમાં ૪૯ પદ્યોમાં રચી છે. તે દીપચન્દ્રના શિષ્ય અને ધ્યાનદીપિકાના પ્રણેતા છે. જિનવાણી અને જિનાગમને પ્રણામ કરીને આ ગ્રન્થમાં આત્માનું સાત નયો અનુસાર નિરૂપણ કરવામાં આવ્યું છે. આત્માનો સ્વભાવ, તેનો પરભાવ, તેની સિદ્ધાવસ્થા વગેરે બાબતોનું પણ નિરૂપણ આ લઘુ કૃતિમાં કરવામાં આવ્યું છે. વિષય ગહન છે.

જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૫-૬) 'અધ્યાત્મ' શબ્દથી શરૂ થતાં નામોવાળી વિવિધ કૃતિઓનો ઉલ્લેખ આ પ્રમાણે છે : અધ્યાત્મભેદ, અધ્યાત્મકલિકા, અધ્યાત્મપરીક્ષા, અધ્યાત્મપ્રદીપ, અધ્યાત્મપ્રબોધ, અધ્યાત્મલિંગ અને અધ્યાત્મસારોદ્ધાર.

આમાંથી કોઈ પણ કૃતિના કર્તાનું નામ જિનરત્નકોશમાં આપ્યું નથી, તેથી આ બધી કૃતિઓને અજ્ઞાતકર્તૃક કહી શકાય.

### ગુણસ્થાનક્રમારોહ, ગુણસ્થાનક અથવા ગુણસ્થાનરત્નરાશિ

આની[4] રચના રત્નશેખરસૂરિએ વિ.સં.૧૪૪૭માં કરી છે. તે વજ્રસેનસૂરિના

---

૧-૨. 'માણિકચંદ્ર દિગંબર જૈન ગ્રન્થમાલા'માં ગ્રન્થાંક ૧૩ રૂપે વિ.સં.૧૯૭૫માં આ બંને કૃતિઓ પ્રકાશિત થઈ છે.

૩. આ કૃતિ શ્રીમદ્ દેવચન્દ્ર (ભાગ ૨)ના પૃ. ૧૮૮-૧૯૫ ઉપર પ્રકાશિત થઈ છે.

૪. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે 'દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા'એ સન્ ૧૯૧૬માં પ્રકાશિત કરી હતી. મૂલ કૃતિ અને તેના ગુજરાતી ભાવાનુવાદને સારાભાઈ જેસિંગભાઈ દ્વારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્ય હતા. પ્રસ્તુત કૃતિમાં નીચે જણાવેલા ૧૪ ગુણસ્થાનોનું નિરૂપણ આવે છે : ૧. મિથ્યાદષ્ટિ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર (સમ્યગ્મિથ્યાદષ્ટિ), ૪. અવિરત, ૫. દેશવિરત, ૬. પ્રમત્તસંયત, ૭. અપ્રમત્ત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિબાદરસમ્પરાય, ૧૦. સૂક્ષ્મસમ્પરાય, ૧૧. ઉપશાન્તમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગીકેવલી, ૧૪. અયોગીકેવલી

સ્વોપજ્ઞવૃત્તિ — આમાં (પત્ર ૩૭-૩૮) ધ્યાનદંડકસ્તુતિમાંથી બે ઉદ્ધરણ આપવામાં આવ્યાં છે તથા ચર્પરિન્‌ની કોઈ કૃતિમાંથી પાંચ ઉદ્ધરણ આપ્યાં છે (પત્ર ૪૦-૪૧)

અવચૂરિ — અજ્ઞાતકર્તૃક છે.

બાલાવબોધ — આ શ્રીસારે લખ્યો છે.

ગુણસ્થાનકનિરૂપણ

આના કર્તા હર્ષવર્ધન છે. 'ગુણસ્થાનસ્વરૂપ' આ કૃતિનું બીજું નામ જણાય છે.

ગુણસ્થાનક્રમારોહ

આ નામની એક કૃતિ જેમ રત્નશેખરસૂરિએ રચી છે તેમ બીજી કૃતિ ૨૦૦૦ શ્લોકપ્રમાણની વિમલસૂરિએ અને ત્રીજી જયશેખરસૂરિએ રચી છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ગુણસ્થાનદ્વાર

આના કર્તાનું નામ અજ્ઞાત છે.

ગુણઠ્ઠાણકમારોહ (ગુણસ્થાનક્રમારોહ)

આને જિનભદ્રસૂરિએ રચીને 'લોકનાલ' નામની વૃત્તિથી વિભૂષિત કરેલ છે.

ગુણઠ્ઠાણસય (ગુણસ્થાનશત)

આ કૃતિ દેવચન્દ્રે ૧૦૭ પદ્યોમાં લખી છે.

ગુણઠ્ઠાણમગ્ગણઠ્ઠાણ (ગુણસ્થાનમાર્ગણાસ્થાન)

આ રચના નેમિચન્દ્રની છે.

---

વિ.સં.૨૦૧૩માં પ્રકાશિત 'શ્રી સ્વાધ્યાયસંદોહ'માં સ્થાન મળ્યું છે. 'જૈનધર્મ પ્રસારક સભા'એ મૂલ કૃતિ તથા સ્વોપજ્ઞ વૃત્તિના અનુવાદ સાથે વિ.સં.૧૯૮૯માં આને પ્રકાશિત કરેલ છે. તે ઉપરાંત મૂલ કૃતિ હિંદી શ્લોકાર્થ અને હિંદી વ્યાખ્યાર્થ સાથે 'શ્રી આત્મ-તિલક ગ્રંથ સોસાયટી' તરફથી વિ.સં.૧૯૭૫માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉપરાંત ગુણસ્થાન વિશે બીજી કેટલીક રચનાઓ ગુજરાતીમાં થઈ છે. તેમનાં નામ વગેરેનું વિવરણ 'કર્મસિદ્ધાન્તસંબંધી સાહિત્ય' પૃ. ૯૩-૯૪માં આપ્યું છે.

સંસારી આત્માના અધઃપતનમાં - તેની અવનતિમાં આઠે કર્મોમાં 'મોહનીય' કર્મ પ્રમુખ છે અને તેનો ફાળો સૌથી અધિક છે. તેનો સંપૂર્ણ ક્ષય થતાં સંસારી આત્મા સર્વજ્ઞત્વ અને પછી પરમ પદ પ્રાપ્ત કરે છે — પરમાત્મા બને છે.

ઉપશમશ્રેણિસ્વરૂપ અને ક્ષપકશ્રેણિસ્વરૂપ

આ બંનેની એક એક હસ્તપ્રતિ અમદાવાદમાં ડહેલાના ભંડારમાં છે.

ખવગસેઢી (ક્ષપકશ્રેણિ)

ક્ષપકશ્રેણીનું સ્વરૂપ પ્રસંગવશ વિવિધ પ્રાચીન ગ્રંથોમાં દર્શાવવામાં આવ્યું છે. તેના આધારે આ કૃતિ[1] મુનિ શ્રી ગુણરત્નવિજયે પ્રાકૃતમાં ૨૭૧ ગાથાઓમાં રચી છે તથા તેના ઉપર ૧૭૨૫૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત વૃત્તિ પણ લખી છે.

ઠિઈબંધ (સ્થિતિબંધ)

મૂલપ્રકૃતિ-સ્થિતિબંધના[2] મૂલગાથાકાર મુનિ શ્રી વીરશેખરવિજય છે. તેની સંસ્કૃત ટીકા મુનિ શ્રી જગચ્ચન્દ્રવિજયે લખી છે. મૂલ ગ્રન્થમાં ૮૭૬ ગાથાઓ છે. ખવગસેઢી અને ઠિઈબંધ અને તેમની ટીકાઓના પ્રેરક, માર્ગદર્શક અને સંશોધક આચાર્ય વિજયપ્રેમસૂરિ છે.

●

૧. ટીકા સહિત ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડાએ સન્ ૧૯૬૯માં પ્રકાશિત કરી છે.
૨. આ કૃતિ પણ ટીકા સહિત ત્યાંથી જ સન્ ૧૯૬૯માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચમું પ્રકરણ

# અનગાર અને સાગારનો આચાર

## પ્રશમરતિ

આ કૃતિ[1] તત્ત્વાર્થસૂત્ર વગેરેના કર્તા ઉમાસ્વાતિની છે, તેમાં ૩૧૩ શ્લોકો છે. સંક્ષિપ્ત, સુબોધક અને મનમોહક આ કૃતિ નીચે જણાવેલા બાવીસ અધિકારોમાં વિભક્ત છે :

૧. પીઠબન્ધ, ૨. કષાય, ૩. રાગ આદિ, ૪. આઠ કર્મ, ૫-૬. કરણાર્થ, ૭. આઠ મદસ્થાન, ૮. આચાર, ૯. ભાવના, ૧૦. ધર્મ, ૧૧. કથા, ૧૨. જીવ, ૧૩. ઉપયોગ, ૧૪. ભાવ, ૧૫. ષટ્વિધ દ્રવ્ય, ૧૬. ચરણ, ૧૭. શીલાંક, ૧૮. ધ્યાન, ૧૯. ક્ષપકશ્રેણી, ૨૦. સમુદ્ઘાત, ૨૧. યોગનિરોધ અને ૨૨. શિવગમનવિધાન અને ફલ.

તેના ૧૩૫મા શ્લોકમાં મુનિઓના વસ્ત્ર અને પાત્રના વિશે નિરૂપણ છે. તેમાં જીવ વગેરે નવ તત્ત્વોનું નિરૂપણ પણ આવે છે.

પ્રસ્તુત કૃતિ તત્ત્વાર્થસૂત્રના કર્તાની જ છે એમ સિદ્ધસેનગણી અને હરિભદ્રસૂરિએ કહ્યું છે.

---

૧. આ મૂલ કૃતિ તત્ત્વાર્થસૂત્ર ઈત્યાદિ સાથે 'બિબ્લિઓથિકા ઈણ્ડિકા'માં સન્ ૧૯૦૪માં તથા એક અજ્ઞાતકર્તૃક ટીકા સાથે જૈનધર્મ પ્રસારક સભા તરફથી વિ.સં.૧૯૬૬માં પ્રકાશિત કરવામાં આવી છે. એક અન્ય અજ્ઞાતકર્તૃક ટીકા અને એ. બેલિની (A.Ballini)ના ઈટાલિયન અનુવાદ સાથે પ્રસ્તુત કૃતિ Journal of the Italian Asiatic Society (Vol.XXV & XXIX)માં છપાઈ છે. દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ હારિભદ્રીય વૃત્તિ અને અજ્ઞાતકર્તૃક અવચૂર્ણિ સાથે આ કૃતિ વિ.સં.૧૯૯૬માં પ્રકાશિત કરી છે. કર્પૂરવિજયજીકૃત ગુજરાતી અનુવાદ વગેરે સાથે પ્રસ્તુત કૃતિ જૈન ધર્મ પ્રસારક સભાએ વિ.સં.૧૯૮૮માં છાપી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકાઓ – ૧૮૦૦ શ્લોકપ્રમાણની એક ટીકા વિ.સં.૧૧૮૫માં હરિભદ્રસૂરિએ લખી છે. તે ઉપરાંત બે અજ્ઞાતકર્તૃક ટીકાઓ પણ છે, તેમાંની એકની હસ્તપ્રતિ ૧૪૯૮ની મળે છે. હારિભદ્રીય ટીકાની પ્રશસ્તિ (શ્લોક ૩)થી જાણવા મળે છે કે તેના પહેલાં પણ બીજી ટીકાઓ લખાઈ હતી અને તે ટીકાઓ મોટી હતી. કોઈએ તેના ઉપર ચૂર્ણિ પણ લખી છે.[1]

**પંચસુત્તય (પંચસૂત્રક)**

અજ્ઞાતકર્તૃક આ કૃતિ[2] પાંચ સૂત્રોમાં વિભક્ત છે. તેના વિષયો અનુક્રમે આ પ્રમાણે છે :

૧. પાપનો પ્રતિઘાત અને ગુણના બીજનું આધાન, ૨. શ્રમણધર્મની પરિભાવના, ૩. પ્રવ્રજ્યા લેવાની વિધિ, ૪. પ્રવ્રજ્યાનું પાલન, ૫. પ્રવ્રજ્યાનું ફળ – મોક્ષ.

પ્રથમ સૂત્રમાં અરિહંત વગેરે ચાર શરણોનો સ્વીકાર અને સુકૃતની અનુમોદનાને સ્થાન આપ્યું છે. બીજા સૂત્રમાં અધર્મમિત્રોનો ત્યાગ, કલ્યાણમિત્રોનો સ્વીકાર તથા લોકવિરુદ્ધ આચરણોનો પરિહાર, વગેરે વાતો કહેવામાં આવી છે. ત્રીજા સૂત્રમાં દીક્ષા માટે માતાપિતાની અનુજ્ઞા કેવી રીતે પ્રાપ્ત કરવી જોઈએ તે જણાવ્યું છે અને ચોથા સૂત્રમાં આઠ પ્રવચનમાતાનું પાલન, ભાવચિકિત્સા માટે પ્રયાસ તથા લોકસંજ્ઞાનો ત્યાગ – આ બાબતોનું નિરૂપણ છે. પાંચમા સૂત્રમાં મોક્ષના સ્વરૂપનું વર્ણન આવે છે.

ટીકાઓ – હરિભદ્રસૂરિએ આના ઉપર ૮૮૦ શ્લોકપ્રમાણની એક ટીકા લખી છે. તેમણે મૂલ કૃતિનું નામ 'પંચસૂત્રક' લખ્યું છે, જ્યારે ન્યાયાચાર્ય

---

૧. પ્રો. રાજકુમાર શાસ્ત્રીએ હિંદીમાં ટીકા લખી છે અને તે મૂલ તથા હારિભદ્રીય ટીકા સાથે 'રાયચન્દ્ર જૈન શાસ્ત્રમાલા'માં છપાઈ છે. વિશેષ માહિતી માટે જુઓ લેખકની પ્રશમરતિ અને સમ્બન્ધકારિકા, ઉત્થાનિકા, પૃ. ૧૨-૧૫

૨. આ કૃતિ ગુજરાતી અનુવાદ સાથે જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૦માં પ્રકાશિત કરી છે. ડૉ. એ.એન. ઉપાધ્યેએ અંગ્રેજી પ્રસ્તાવના સહિત સન્ ૧૯૩૪માં છપાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યશોવિજયજીએ તેને 'પંચસૂત્રી' કહી છે. તેના ઉપર મુનિચન્દ્રસૂરિ તથા કોઈ અજ્ઞાત લેખકે એક એક અવચૂરિ લખી છે.[1]

## મૂલાયાર (મૂલાચાર)

તેને[2] 'આચારાંગ' પણ કહે છે. તેના કર્તા વટ્ટકેરે તેને બાર અધ્યાયોમાં વિભક્ત કરેલ છે. તેમાં સામાયિક વગેરે છ આવશ્યકોનું નિરૂપણ છે.

આ એક સંગ્રહાત્મક કૃતિ છે. શ્રી પરમાનન્દ શાસ્ત્રીના મતે તેના કર્તા કુન્દકુન્દાચાર્યથી ભિન્ન છે. તેના કર્તા વટ્ટકેરે કુન્દકુન્દાચાર્યના ગ્રંથોમાંથી, આવશ્યક નિર્યુક્તિમાંથી, સન્મતિપ્રકરણમાંથી તથા શિવાર્યકૃત આરાધનામાંથી ગાથાઓ ઉદ્ધૃત કરી છે.[3]

ટીકાઓ — આના ઉપર ૧૨,૫૦૦ શ્લોકપ્રમાણની 'સર્વાર્થસિદ્ધિ' નામની ટીકા વસુનન્દીએ લખી છે અને તે પ્રકાશિત પણ થઈ ગઈ છે. આ મૂલાચાર ઉપર મેઘચન્દ્રે પણ ટીકા લખી છે.

## ૧. પંચનિયંઠી (પંચનિર્ગ્રન્થી)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આને હરિભદ્રસૂરિની રચના માનવામાં આવે છે, તે આજ સુધી અપ્રાપ્ય છે. નામ ઉપરથી જણાય છે કે તેમાં પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક આ પાંચ પ્રકારના નિર્ગ્રંથોનું નિરૂપણ હશે.

## ૨. પંચનિયંઠી (પંચનિર્ગ્રન્થી)

આ કૃતિ[4] નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં ૧૦૭ પદ્યોમાં રચી છે. તેને 'પંચનિર્ગ્રન્થીવિચારસંગ્રહણી' પણ કહે છે. 'વિયાહપણ્ણત્તિ'

---

૧. પ્રસ્તુત કૃતિનો ગુજરાતી અનુવાદ થયો છે અને તે છપાયો પણ છે. હારિભદ્રીય ટીકાના આધારે મૂલ કૃતિનું ગુજરાતી વિવેચન મુનિ શ્રી ભાનુવિજયજીએ કર્યું છે. આ વિવેચન 'પંચસૂત્ર યાને ઉચ્ચ પ્રકાશના પંથે' નામથી 'વિજયદાનસૂરીશ્વર ગ્રન્થમાલા'માં વિ.સં. ૨૦૦૭માં છપાયું છે.

૨. સર્વાર્થસિદ્ધિ ટીકા સાથે આ કૃતિ 'માણિકચન્દ્ર દિગમ્બર જૈન ગ્રન્થમાલા'માં છપાઈ છે.

૩. જુઓ અનેકાન્ત, વર્ષ ૨, પૃ. ૩૧૯-૩૨૪

૪. અજ્ઞાતકર્તૃક અવચૂરિ સાથે જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૪માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(શતક ૨૫)ના આધારે આયોજિત છે. તેમાં પુલાક, બકુશ વગેરે પાંચ પ્રકારના નિર્ગ્રન્થોનું નિરૂપણ છે.

પંચવત્થુગ (પંચવસ્તુક)

આ હરિભદ્રસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં રચેલી ૧૭૧૪ પદ્યોની કૃતિ[૧] છે. તે નીચે જણાવેલા પાંચ અધિકારોમાં વિભક્ત છે : ૧. પ્રવ્રજ્યાની વિધિ, ૨. પ્રતિદિનની ક્રિયા, ૩. વ્રતોના વિશે સ્થાપના, ૪. અનુયોગ અને ગણની અનુજ્ઞા અને ૫. સંલેખના. આ પાંચ બાબતો સંબંધી પદ્યોની સંખ્યા ક્રમશઃ ૨૨૮, ૩૮૧, ૩૨૧, ૪૩૪ અને ૩૫૦ છે.

આ ગ્રન્થ જૈન શ્રમણોએ વિશેષરૂપે મનન કરવા યોગ્ય છે. તેમાં દીક્ષા કોને, ક્યારે અને કોણ આપી શકે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. બીજી બાબતમાં ઉપધિની પ્રતિલેખના, ઉપાશ્રયનું પ્રમાર્જન, ભિક્ષાની (ગોચરીની) વિધિ, ઈર્યાપથિકીપૂર્વક કાયોત્સર્ગ, ગોચરીની આલોચના, ભોજનપાત્રોનું પ્રક્ષાલન, સ્થંડિલનો વિચાર અને તેની ભૂમિ તથા પ્રતિક્રમણ – આ બધાંનો વિચાર કરવામાં આવ્યો છે. ચોથા અધિકારમાં 'થયપરિણ્ણા'[૨] (સ્તવપરિજ્ઞા), જેને એક પાહુડ માનવામાં આવે છે, ઉદ્ધૃત કરવામાં આવી છે. આ તે ગ્રન્થની મહત્તામાં વધારો કરે છે. તેના દ્વારા દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

જૈનમ્ જયતિ શાસનમ્

ટીકા – ૫૦૫૦ શ્લોકપ્રમાણની 'શિષ્યહિતા' નામની વ્યાખ્યા સ્વયં ગ્રન્થકારે લખી છે. ન્યાયાચાર્ય યશોવિજયજીએ 'માર્ગવિશુદ્ધિ' નામની કૃતિ 'પંચવત્થુગ'ના આધારે લખી છે. તેમણે 'પ્રતિમાશતક'ના શ્લોક ૬૭ની સ્વોપજ્ઞ ટીકામાં 'થયપરિણ્ણા'ને ઉદ્ધૃત કરી તેનું સંક્ષેપમાં સ્પષ્ટીકરણ કર્યું છે.[૩]

---

૧. સ્વોપજ્ઞ ટીકા સાથે દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૩૨માં પ્રકાશિત કરી છે.
૨. આના વિશે વિશેષ માહિતી 'જૈન સત્યપ્રકાશ' (વર્ષ ૨૧, અંક ૧૨)માં પ્રકાશિત 'થયપરિણ્ણા (સ્તવપરિજ્ઞા) અને તેની યશોવ્યાખ્યા' નામના લેખમાં આપવામાં આવી છે.
૩. આગમોદ્ધારક આનન્દસાગરસૂરિએ આનો ગુજરાતી અનુવાદ કર્યો છે અને તે ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થાએ સન્ ૧૯૩૭માં પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દંસણસાર (દર્શનસાર)

જૈન શૌરસેનીમાં વિરચિત ૫૧ પદ્યોની આ કૃતિ[1] દેવસેને વિ.સં.૯૯૦માં લખી છે. તેમાં તેમણે નવ અજૈન સંપ્રદાય તથા જૈન સંપ્રદાયોમાંથી શ્વેતાંબર સંપ્રદાયનો વિચાર કર્યો છે. તે દ્રાવિડ, યાપનીય, કાષ્ઠા, માથુરા અને ભિલ્લય સંઘોને જૈનાભાસ માને છે. આ દેવસેન વિમલસેનના શિષ્ય અને આરાધનાસારના કર્તા છે.

દર્શનસારદોહા

આ માઈલ્લ ધવલની રચના છે.

૧. શ્રાવકપ્રજ્ઞપ્તિ

આ નામની સંસ્કૃત કૃતિની[2] રચના ઉમાસ્વાતિએ કરી હતી એવું અનુમાન ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ ટીકા, ધર્મબિન્દુની મુનિચન્દ્રસૂરિકૃત ટીકા વગેરેમાં આવેલા ઉલ્લેખો ઉપરથી થાય છે, પરંતુ તે આજ સુધી મળી નથી.

૨. સાવયપણ્ણત્તિ (શ્રાવકપ્રજ્ઞપ્તિ)

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી ૪૦૫ કારિકાની આ કૃતિ[3] પ્રશમરતિ વગેરેના કર્તા ઉમાસ્વાતિની છે એવો ઉલ્લેખ કેટલીય હસ્તપ્રતિઓના અંતે આવે છે, પરંતુ આ તો હરિભદ્રસૂરિની કૃતિ છે એવું 'પંચાસગ'ની અભયદેવસૂરિકૃત વૃત્તિ, લાવણ્યસૂરિકૃત દ્રવ્યસપ્તતિ વગેરેમાં આવતા ઉલ્લેખો ઉપરથી જણાય છે.

પ્રસ્તુત કૃતિમાં 'સાવગ' શબ્દની વ્યુત્પત્તિ, સમ્યક્ત્વ, આઠ પ્રકારના કર્મ, નવ તત્ત્વ, શ્રાવકના બાર વ્રતોનું નિરૂપણ છે અને અંતે શ્રાવકની સામાચારી – આમ વિવિધ વિષયો આવે છે. શ્રાવકના પહેલા અને નવમા વ્રતની વિચારણામાં કેટલીક મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

---

૧. આ કૃતિ Annals of Bhandarkar Oriental Research Institute (Vol.XV. pp. 198-206)માં છપાઈ છે. તેનું સંપાદન ડૉ. એ.એન.ઉપાધ્યેએ કર્યું છે.

૨. જુઓ બીજા વ્રતની વ્યાખ્યામાં 'અતિથિ' સંબંધી આપવામાં આવેલું અવતરણ.

૩. કે.પી.મોદીએ સંપાદિત કરેલી આ કૃતિ સંસ્કૃત છાયા સાથે 'જ્ઞાન પ્રસારક મંડલ' મુંબઈએ પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા – તેના ઉપર હરિભદ્રસૂરિએ પોતે 'દિક્પ્રદા' નામની સંસ્કૃત ટીકા લખી છે. તેમાં જીવની નિત્યાનિત્યતા અને સંસારમોચક મત વગેરે કેટલાક ચર્ચાસ્પદ વિષયોનું નિરૂપણ છે.[1]

રત્નકરંડક શ્રાવકાચાર

આને 'ઉપાસકાધ્યયન' પણ કહે છે. તે[2] સાત પરિચ્છેદોમાં વિભક્ત છે. કેટલાક વિદ્વાનો તેને આપ્તમીમાંસા વગેરેના કર્તા સમન્તભદ્રની કૃતિ માને છે. પ્રભાચન્દ્રની જે ટીકા છપાઈ છે તેમાં તો આખી કૃતિ પાંચ જ પરિચ્છેદોમાં વિભાજિત કરવામાં આવી છે. તેમની પદ્યસંખ્યા ક્રમશઃ ૪૧, ૫, ૪૪, ૩૧ અને ૨૯ છે. આમ તેમાં કુલ ૧૫૦ પદ્યો છે.

પ્રથમ પરિચ્છેદમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ દર્શાવ્યું છે. તેમાં આપ્ત, સુદેવ, આઠ મદ, સમ્યક્ત્વના નિઃશંકિત આદિ આઠ અંગ વગેરેની માહિતી આપવામાં આવી છે. બીજા પરિચ્છેદમાં સમ્યગ્જ્ઞાનનું લક્ષણ આપીને પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગનું સંક્ષિપ્ત સ્વરૂપ જણાવ્યું છે. ત્રીજા પરિચ્છેદમાં સકલ અને વિકલ એ ચારિત્રના બે પ્રકાર દર્શાવી વિકલ ચારિત્રના બાર ભેદ અર્થાત્ શ્રાવકના બાર વ્રતોનો નિર્દેશ કરીને પાંચ અણુવ્રત અને તેમના અતિચારોનું વર્ણન કર્યું છે. ચોથા પરિચ્છેદમાં આ જ રીતે ત્રણ ગુણવ્રતોનું, પાંચમામાં ચાર શિક્ષાવ્રતોનું, છઠ્ઠામાં સંલેખના (સમાધિમરણ)નું અને સાતમામાં શ્રાવકની અગીઆર પ્રતિમાઓનું નિરૂપણ છે.

---

૧. મૂલ કૃતિનો કોઈએ ગુજરાતી અનુવાદ કર્યો છે. આ અનુવાદ 'જ્ઞાન પ્રસારક મંડલ' મુંબઈએ પ્રકાશિત કર્યો છે. તેની પ્રસ્તાવનામાં કહ્યું છે કે મૂલમાં ૪૦૫ ગાથાઓ છે, પરંતુ ૩૨મી અને ૫૨મી ગાથા પછીની એક એક ગાથા ટીકાકારની છે. તેથી ૪૦૩ ગાથાઓ મૂલની છે એમ મનાય અને અનુવાદ પણ તેટલી જ ગાથાઓનો આપવામાં આવ્યો છે.

૨. આ કૃતિ પ્રભાચન્દ્રની ટીકા તથા પં. જુગલકિશોર મુખ્તારની વિસ્તૃત હિંદી પ્રસ્તાવનાની સાથે માણિકચન્દ્ર દિગમ્બર જૈન ગ્રન્થમાલામાં વિ.સં.૧૯૮૨માં પ્રકાશિત થઈ છે. તે પહેલાં હિન્દી અને અંગ્રેજી અનુવાદ સાથે મૂલ કૃતિ શ્રી ચમ્પતરાય જૈને સન્ ૧૯૧૭માં છપાવી હતી. કોઈએ મૂલનો મરાઠી અનુવાદ પણ છપાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકાઓ – આના ઉપર પ્રભાચન્દ્રે ૧૫૦૦ શ્લોકપ્રમાણ ટીકા લખી છે. બીજી ટીકા જ્ઞાનચન્દ્રે લખી છે. આ ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

પંચાસગ (પંચાશક)

જૈન મહારાષ્ટ્રીમાં હરિભદ્રસૂરિએ રચેલી આ કૃતિમાં[1] ૧૯ પંચાશક છે. તેમાં પ્રત્યેક વિષય માટે ૫૦-૫૦ પદ્ય છે. આ ૧૯ પંચાશકોનાં નામ નીચે પ્રમાણે છે :

૧. શ્રાવકધર્મ, ૨. દીક્ષા, ૩. ચૈત્યવન્દન, ૪. પૂજા, ૫. પ્રત્યાખ્યાન, ૬. સ્તવન, ૭. જિનભવન, ૮. પ્રતિષ્ઠા, ૯. યાત્રા, ૧૦. શ્રાવકપ્રતિમા, ૧૧. સાધુધર્મ, ૧૨. યતિસામાચારી, ૧૩. પિંડવિધિ, ૧૪. શીલાંગ, ૧૫. આલોચનાવિધિ, ૧૬. પ્રાયશ્ચિત્ત, ૧૭. કલ્પવ્યવસ્થા, ૧૮. સાધુપ્રતિમા, અને ૧૯. તપોવિધિ.

પહેલા પંચાશકમાં 'શ્રાવક' શબ્દનો અર્થ, શ્રાવકના બાર વ્રત તથા તેમના અતિચાર, વ્રતોનું કાલમાન, સંલેખના અને શ્રાવકોની દિનચર્યા – આમ વિવિધ બાબતોની માહિતી આપવામાં આવી છે.

ટીકાઓ – અભયદેવસૂરિએ વિ.સં.૧૧૨૪માં એક વૃત્તિ લખી છે. હરિભદ્રે પણ તેના ઉપર ટીકા લખી છે એવો ઉલ્લેખ જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૨૩૧) છે. વળી, તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

વીરગણીના શિષ્ય શ્રીચન્દ્રસૂરિના શિષ્ય યશોદેવે પહેલા પંચાશક ઉપર જૈન મહારાષ્ટ્રીમાં વિ.સં.૧૧૭૨માં એક ચૂર્ણિ લખી છે.[2] તેમણે વિ.સં.૧૧૮૦માં પક્ખિસૂત્રનું વિવરણ લખ્યું છે.આ ચૂર્ણિના પ્રારંભમાં ત્રણ પદ્ય અને અન્તે પ્રશસ્તિના ચાર પદ્ય છે. બાકીનો આખો ગ્રન્થ ગદ્યમાં છે. આ ચૂર્ણિમાં સમ્યક્ત્વના પ્રકાર, તેનાં યતના, અભિયોગ અને દૃષ્ટાન્ત[3], 'કરેમિ ભંતે'થી શરૂ થતું સામાયિકસૂત્ર અને તેનો અર્થ તથા મનુષ્યભવની દુર્લભતાનાં દૃષ્ટાંત – આમ અન્યાન્ય વિષયોનું નિરૂપણ છે. આ ચૂર્ણિમાં સામાચારી વિશે અનેક

---

૧. આ કૃતિ અભયદેવસૂરિકૃત વૃત્તિ સાથે જૈન ધર્મ પ્રસારક સભાએ સન્ ૧૯૧૨માં છપાવી છે.

૨. પ્રથમ પંચાશકની આ ચૂર્ણિ પાંચ પરિશિષ્ટો સાથે દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૫૨માં છપાવી છે.

૩. આ તથા અન્ય દૃષ્ટાંતોની સૂચી પાંચમા પરિશિષ્ટમાં આપવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાર ઉલ્લેખ આવે છે; તેથી જણાય છે કે ચૂર્ણિકાર સામાચારીને બહુ જ મહત્ત્વપૂર્ણ માને છે. મુખ્યપણે મંડનાત્મક શૈલીમાં રચાયેલી આ ચૂર્ણિ (પત્ર ૧૦૪ આ)માં 'તુલાદંડન્યાય'નો ઉલ્લેખ છે.

આવશ્યકની ચૂર્ણિના દેશવિરતિ અધિકારની 'જારિસો જઇભેઓ'થી શરૂ થતી ગાથાઓના આધારે જેમ નવપયપયરણમાં નવ દ્વારોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેમ અહીં પણ નવ દ્વારોનું નિરૂપણ છે.

આ ચૂર્ણિની રચનામાં આધારભૂત સામગ્રી રૂપે વિવિધ ગ્રંથોનું સાક્ષ્ય આપવામાં આવ્યું છે અને અન્તે પંચાશકની અભયદેવસૂરિકૃત વૃત્તિ, આવશ્યકની ચૂર્ણિ અને વૃત્તિ, નવપયપયરણ અને સાવયપણ્ણત્તિનો ઉપયોગ કર્યો હોવાનો ઉલ્લેખ છે.[1]

## ધર્મસાર

આ હરિભદ્રસૂરિની કૃતિ છે. પંચસંગ્રહની ૮મી ગાથાની ટીકામાં (પત્ર ૧૧ આ) મલયગિરિસૂરિએ તેનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ આજ સુધી તે મળી નથી.

ટીકા – દેવેન્દ્રસૂરિએ 'છાસીઇ' કર્મગ્રન્થની પોતાની વૃત્તિમાં (પૃ.૧૬૧) તેનો ઉલ્લેખ કર્યો છે પણ મૂલની જેમ તે પણ આજ સુધી મળી શકી નથી.

## સાવયધમ્મતંત (શ્રાવકધર્મતંત્ર)

હરિભદ્રસૂરિની જૈન મહારાષ્ટ્રીમાં ૧૨૦ ગાથાની આ કૃતિ[2] 'વિરહ' પદથી અંકિત છે. તેને શ્રાવકધર્મપ્રકરણ પણ કહે છે. તેમાં 'શ્રાવક' શબ્દની અન્વર્થતા,

---

૧. પ્રથમ પંચાશકનો મુનિશ્રી શુભંકરવિજયકૃત ગુજરાતી અનુવાદ 'નેમિ-વિજ્ઞાન-ગ્રન્થમાલા'માં (સન્ ૧૯૪૯માં) પ્રકાશિત થયો છે અને તેનું નામ 'શ્રાવકધર્મવિધાન' રાખ્યું છે.

પ્રથમ ચાર પંચાશક અને તેટલા જ ભાગની અભયદેવસૂરિની વૃત્તિનો સારાંશ ગુજરાતીમાં પં. ચન્દ્રસાગરગણીએ તૈયાર કર્યો છે. તે સારાંશ 'સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ'એ સન્ ૧૯૪૯માં પ્રકાશિત કર્યો છે.

૨. માનદેવસૂરિકૃત વૃત્તિ સાથે આ કૃતિ સન્ ૧૯૪૦માં 'કેશરબાઈ જૈન જ્ઞાનમન્દિર'એ 'શ્રી શ્રાવક ધર્મવિધિપ્રકરણ'ના નામથી પ્રકાશિત કરી છે. તેમાં ગુજરાતીમાં વિષયસૂચી તથા મૂલ અને વૃત્તિગત પદ્યોની અકારાદિ ક્રમે સૂચી આપવામાં આવી છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મના અધિકારીનાં લક્ષણ, સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પ્રકાર, પાર્શ્વસ્થ આદિનો પરિહાર કરવાની સૂચના, અનુમતિનું સ્વરૂપ, દર્શનાચારના નિઃશંકિત આદિ આઠ પ્રકારોની સ્પષ્ટતા, આઠ પ્રભાવકોનો નિર્દેશ, શ્રાવકના બાર વ્રત અને તેમના અતિચાર – આ રીતે વિવિધ વિષયોનું નિરૂપણ છે.

ટીકા – શ્રી માનદેવસૂરિએ આના ઉપર એક વૃત્તિ લખી છે. અન્તે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે કોઈ પ્રાચીન વૃત્તિના આધારે તેમણે પોતાની આ વૃત્તિ લખી છે. પ્રારંભમાં એક પદ્ય તથા અન્તે પ્રશસ્તિના રૂપમાં બે પદ્ય છે.

## નવપયપયરણ (નવપદપ્રકરણ)

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૧૩૭ પદ્યોની આ કૃતિ[1] ઊકેશગચ્છના[2] દેવગુપ્તસૂરિએ લખી છે. તેમનું પહેલાંનું નામ જિનચન્દ્રગણી હતું. તેમણે 'નવતત્તપયરણ' લખ્યું છે. પ્રસ્તુત કૃતિમાં અરિહંત વગેરે નવ પદોનું નિરૂપણ હશે એમ કૃતિના નામ ઉપરથી લાગે છે, પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. અહીં તો મિથ્યાત્વ, સમ્યક્ત્વ, શ્રાવકનાં બાર વ્રતો અને સંલેખના આ વિષયોનો ૧. યાદશ, ૨. યતિભેદ, ૩. યથોત્પત્તિ, ૪. દોષ, ૫. ગુણ, ૬. યતના, ૭. અતિચાર, ૮. ભંગ અને ૯. ભાવના – આ નવ પદો દ્વારા નવ નવ ગાથાઓમાં વિચાર કરવામાં આવ્યો છે. પહેલી ગાથામાં મંગલ, અભિધેય વગેરે આવે છે, જ્યારે બીજી ગાથા આવશ્યકની દેશવિરતિઅધિકારવિષયક ચૂર્ણિમાં ઉદ્ધૃત પૂર્વગત ગાથા છે. આ ઉપરાંત બીજી પણ કોઈ કોઈ ગાથા મૂલ યા ભાવાર્થ રૂપે આ ચૂર્ણિની જણાય છે.

ટીકાઓ – કર્તાએ પોતે જ વિ.સં.૧૦૭૩માં રચેલી સ્વોપજ્ઞ ટીકાનું નામ શ્રાવકાનન્દકારિણી છે. આમાં કેટલીય કથાઓ આવે છે. આ ટીકા ઉપરાંત દેવગુપ્તસૂરિના પ્રશિષ્ય અને સિદ્ધસૂરિના શિષ્ય તથા અન્ય સિદ્ધસૂરિના ગુરુભાઈ યશોદેવે વિ.સં.૧૧૬૫માં એક વિવરણ લખ્યું છે. તેને બૃહદ્વૃત્તિ પણ કહે

---

૧. આ કૃતિ શ્રાવકાનન્દકારિણી નામની સ્વોપજ્ઞ ટીકા સાથે દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૨૬માં તથા યશોદેવના વિવરણ સાથે સન્ ૧૯૨૭માં છપાવી છે.

૨. આ ગચ્છમાં દેવગુપ્ત, કક્કસૂરિ, સિદ્ધસૂરિ અને જિનચન્દ્ર વારંવાર આવે છે, તેથી ગુરુ અને ગુરુભાઈનું જે એક જ નામ છે તે યથાર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. વિવરણકારનું દીક્ષાસમયનું નામ ધનદેવ હતું. આ વિવરણ ઉપર્યુક્ત ૧૩૭ ગાથાઓ ઉપરાંત એક વધારાની ગાથા પર પણ છે.[1] સ્વોપજ્ઞ ટીકાનું વિસ્તૃત સ્પષ્ટીકરણ આ વિવરણમાં છે.

આ વિવરણમાં કુદેવ, કુગુરુ અને કુધર્મનું સ્વરૂપ; મિથ્યાત્વના આભિગ્રાહિક આદિ પ્રકાર; જમાલિના ચારિત્રમાં 'ક્રિયમાણ કૃત' વિષયક ચર્ચા; ગોષ્ઠામાહિલના વૃત્તાન્તમાં આર્યરક્ષિત સંબંધી કેટલીય વાતો, ગોષ્ઠામાહિલે મથુરામાં નાસ્તિકનો કરેલો પરાજય; ચિલાતીપુત્રના અધિકારમાં વૈદિક વાદ, પહેલા વ્રતના સ્વરૂપનો વિચાર કરતી વખતે ૨૯૩ કર્માદાન; સામાયિકના વિશે નયવિચાર; પૌષધના અતિચારોના કથન સમયે સ્થંડિલના ૧૦૨૪ પ્રકાર તથા સંલેખનાના વિષયમાં નિર્યામકના પ્રકાર — આમ વિવિધ બાબતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ વિવરણનું ચક્રેશ્વરસૂરિ વગેરેએ સંશોધન કર્યું છે. આ ૧૫૦૦ શ્લોકપ્રમાણ વિવરણમાં (પત્ર ૨૪૨ આ) જે વસુદેવસૂરિનો નિર્દેશ છે તેમના 'ખંતિકુલય' સિવાય બીજા ગ્રંથો જાણવામાં આવ્યા નથી.

સંઘતિલકસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિએ વિ.સં.૧૪૫૨માં અભિનવવૃત્તિ નામની એક વૃત્તિ લખી છે.

ઉપાસકાચાર

વિ.સં. ૧૦૫૦માં રચાયેલી આ પદ્યાત્મક સંસ્કૃત કૃતિ[2] સુભાષિતરત્નસંદોહના કર્તા અને માથુર સંઘના માધવસેનના શિષ્ય અમિતગતિની રચના છે. તે પંદર

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

૧. આ ૧૩૮મી ગાથા વિવરણકારને મળી હશે. બાકી મૂલકર્તાએ ન તો તેને સ્વતંત્રપણે આપી છે અને ન તો તેના ઉપર ટીકા લખી છે. તે ગાથામાં કહ્યું છે કે કક્કસૂરિના શિષ્ય જિનચન્દ્રગણીએ આત્મસ્મરણ માટે અને અન્ય જનો ઉપર ઉપકાર કરવાની દૃષ્ટિએ આ નવપદ (પ્રકરણ)ની રચના કરી છે.

૨. આ કૃતિ વિ.સં.૧૯૭૯માં 'અનન્તકીર્તિ દિગંબર જૈન ગ્રન્થમાલા'માં પ્રકાશિત થઈ છે. તેની પં. ભાગચન્દ્રકૃત વચનિકાથી યુક્ત બીજી આવૃત્તિ 'શ્રાવકાચાર' નામે શ્રી મૂલચંદ કિસનદાસ કાપડિયાએ વિ.સં.૨૦૧૫માં છપાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિચ્છેદોમાં વિભક્ત છે. તેમાં શ્રાવકના આચારનું નિરૂપણ છે. કુલ ૧૪૬૪ શ્લોકોની આ કૃતિનો પ્રારંભ પંચ પરમેષ્ઠી, દર્શન, જ્ઞાન, ચારિત્ર, સરસ્વતી અને ગુરુના સ્મરણથી કરવામાં આવ્યો છે. અંતે પ્રશસ્તિ રૂપે નવ શ્લોક છે. આ પંદર પરિચ્છેદોનો[1] મુખ્ય વિષય નીચે મુજબ છે :

૧. સંસારનું સ્વરૂપ, ૨. મિથ્યાત્વનું સ્વરૂપ અને તેના ત્યાગનો ઉપદેશ, ૩. જીવ વગેરે પદાર્થોનું નિરૂપણ, ૪. ચાર્વાક, વિજ્ઞાનાદ્વૈત, બ્રહ્માદ્વૈત અને પુરુષાદ્વૈતનું ખંડન તથા કુદેવનું સ્વરૂપ, ૫. મદ્ય, માંસ, મધુ, રાત્રિભોજન અને ક્ષીરવૃક્ષનાં ફળનો ત્યાગ, ૬. અણુવ્રત, ૭. વ્રતનો મહિમા, ૮. છ આવશ્યક, ૯. દાનનું સ્વરૂપ, ૧૦. પાત્ર, કુપાત્ર અને અપાત્રની સ્પષ્ટતા, ૧૧. અભયદાનનું ફળ, ૧૨. તીર્થંકર વગેરેનું તથા ઉપવાસનું સ્વરૂપ, ૧૩. સંયમનું સ્વરૂપ, ૧૪. બાર અનુપ્રેક્ષા, ૧૫. દાન, શીલ, તપ, ભાવનાનું નિરૂપણ.

શ્રાવકાચાર

૪૬૨૨ શ્લોકપરિમાણ અંશતઃ સંસ્કૃત અને અંશતઃ કન્નડમાં રચાયેલા આ ગ્રન્થના કર્તા કુમુદચન્દ્રના શિષ્ય માઘનન્દી છે. તેને પદાર્થસાર પણ કહે છે. આ માઘનન્દીને વિ.સં.૧૨૬૫માં 'હોયલ' વંશના નરસિંહ નામના રાજાએ દાન દીધું હતું. તેમણે શાસ્ત્રસારસમુચ્ચય, શ્રાવકાચારસાર અને સિદ્ધાન્તસાર પણ લખ્યા છે.

ટીકા – કુમુદચન્દ્રે તેના પર એક ટીકા લખી છે.

શ્રાવકધર્મવિધિ

આ ગ્રન્થ જિનપતિસૂરિના શિષ્ય જિનેશ્વરે વિ.સં.૧૩૦૩માં લખ્યો છે. તેને શ્રાવકધર્મ પણ કહે છે.

ટીકા – તેના ઉપર ૧૫૧૩૧ શ્લોકપ્રમાણ એક ટીકા લક્ષ્મીતિલકગણીએ અભયતિલકની સહાયતાથી વિ.સં.૧૩૧૭માં લખી છે.

---

૧. પ્રથમ પરિચ્છેદના નવમા પદ્યમાં ઉપાસકાચારના વિચારનો સાર કહેવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાદ્ધગુણશ્રેણિસંગ્રહ

આને શ્રાદ્ધગુણસંગ્રહ અથવા શ્રાદ્ધગુણવિવરણ[1] પણ કહે છે. તેની રચના સોમસુન્દરના શિષ્ય જિનમંડનગણીએ વિ.સં.૧૪૧૮માં કરી છે. તેમણે જ વિ.સં.૧૪૧૨માં કુમારપાલપ્રબંધ લખ્યો છે. ધર્મપરીક્ષા નામની કૃતિ પણ તેમની રચના છે. હેમચંદ્રસૂરિકૃત યોગશાસ્ત્ર પ્રકાશ ૧ના અન્તે સામાન્યગૃહસ્થધર્મ વિશે જે દસ શ્લોક છે તેમાં માર્ગાનુસારિતાના ૩૫ ગુણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તે શ્લોકો પ્રસ્તુત કૃતિના આરંભે (પત્ર ૨ આ) ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. તેમનું વિસ્તૃત નિરૂપણ આમાં આવે છે.

પ્રારંભમાં 'સાવગ' અને 'શ્રાવક' શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી છે. ૩૫ ગુણોને સમજાવવા જુદી જુદી જાતની કથાઓ આપવામાં આવી છે. વચ્ચે વચ્ચે સંસ્કૃત અને પ્રાકૃત અવતરણ આપવામાં આવ્યાં છે. અન્તે સાત શ્લોકોની પ્રશસ્તિ છે. તેમાં રચનાસ્થાન[2] અને રચનાકાલનો[3] નિર્દેશ કરવામાં આવ્યો છે.

ઉપર્યુક્ત ૩૫ ગુણ નીચે પ્રમાણે છે :

૧. ન્યાયસમ્પન્ન વૈભવ, ૨. શિષ્ટાચારની પ્રશંસા, ૩. કુલ અને શીલની સમાનતા ધરાવતી અન્ય ગોત્રની વ્યક્તિ સાથે વિવાહ, ૪. પાપભીરુતા, ૫. પ્રચલિત દેશાચારનું પાલન, ૬. રાજા વગેરેની નિન્દાથી અલિપ્ત રહેવું, ૭. યોગ્ય નિવાસસ્થાનમાં બારણાવાળું મકાન, ૮. સત્સંગ, ૯. માતાપિતાનું પૂજન, ૧૦. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ, ૧૧. નિંદ્ય પ્રવૃત્તિઓથી અલિપ્ત રહેવું, ૧૨. પોતાની આર્થિક સ્થિતિ અનુસાર ખર્ચ કરવાની વૃત્તિ, ૧૩. સંપત્તિ અનુસાર અને અનુરૂપ વેશભૂષા, ૧૪. બુદ્ધિના શુશ્રૂષા આદિ આઠ ગુણોની યુક્તતા, ૧૫. પ્રતિદિન ધર્મનું શ્રવણ, ૧૬. અજીર્ણતા થતાં ભોજનનો ત્યાગ, ૧૭. ભૂખ લાગતાં અનુકૂળ ભોજન, ૧૮. ધર્મ, અર્થ અને કામનું પરસ્પર બાધારહિત સેવન, ૧૯. અતિથિ, સાધુ અને દીનની યથાયોગ્ય સેવા,

૧. 'શ્રાદ્ધગુણવિવરણ' નામથી આ ગ્રંથ જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૦માં પ્રકાશિત કર્યો છે. તેનો ગુજરાતી અનુવાદ પ્રવર્તક કાન્તિવિજયજીના શિષ્ય શ્રી ચતુરવિજયજીએ કર્યો છે, તે જૈન આત્માનન્દ સભાએ જ સન્ ૧૯૧૬માં પ્રકાશિત કર્યો છે.

૨. અણહિલપત્તનનગર

૩. મનુનન્દાષ્ટક અર્થાત્ ૧૪૯૮. અહીં 'અંકાનાં વામતો ગતિઃ' નિયમનું પાલન થયું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૦. સર્વદા કદાગ્રહથી મુક્તિ, ૨૧. ગુણ પ્રતિ પક્ષપાત, ૨૨. પ્રતિષિદ્ધ દેશ અને કાળની ક્રિયાનો ત્યાગ, ૨૩. સ્વબલાબલનો પરામર્શ, ૨૪. વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધ જનોની પૂજા, ૨૫. પોષ્યજનોનું યથાયોગ્ય પોષણ, ૨૬. દીર્ઘદર્શિતા, ૨૭. વિશેષજ્ઞતા અર્થાત્ સારા-નરસાનો વિવેક, ૨૮. કૃતજ્ઞતા, ૨૯. લોકપ્રિયતા, ૩૦. લજ્જાળુતા, ૩૧. કૃપાળુતા, ૩૨. સૌમ્ય આકાર, ૩૩. પરોપકાર કરવાની તત્પરતા, ૩૪. અન્તરંગ છ શત્રુઓનો પરિહાર કરવા માટેની ઉદ્યુક્તતા અને ૩૫. જિતેન્દ્રિયતા.

ધર્મરત્નકરંડક

૧૫૦૦ શ્લોકપ્રમાણ આ કૃતિ[1] અભયદેવસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ વિ.સં.૧૧૭૨માં લખી છે.

ટીકા – તેના પર કર્તાએ પોતે જ વિ.સં.૧૧૭૨માં વૃત્તિ લખી છે. તેનું સંશોધન અશોકચન્દ્ર, ધનેશ્વર, નેમિચન્દ્ર અને પાર્શ્વચન્દ્ર એમ ચાર મુનિઓએ કર્યું છે.

ચેઈઅવંદણભાસ (ચૈત્યવંદનભાષ્ય)

દેવેન્દ્રસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં ૬૩ પદ્યોવાળી આ રચના[2] કરી છે. તે તપાગચ્છના સ્થાપક જગચ્ચન્દ્રસૂરિના પટ્ટધર શિષ્ય હતા. તેમણે કમ્મવિવાગ (કર્મવિપાક) વગેરે પાંચ નવ્ય કર્મગ્રન્થ અને તેમની ટીકા, ગુરુવંદણભાસ અને પચ્ચક્ખાણભાસ, દાણાઈકુલય, સુદંસણાચરિય તથા સઢદિણકિચ્ચ અને તેની ટીકા વગેરે ગ્રંથો લખ્યા છે. વ્યાખ્યાનકલામાં તે સિદ્ધહસ્ત હતા. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૩૨૭માં થયો હતો.

---

૧. આ કૃતિ હીરાલાલ હંસરાજે બે ભાગોમાં સન્ ૧૯૧૫માં છપાવી છે.

૨. આ કૃતિ અનેક સ્થાનેથી ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થઈ છે. 'સંઘાચાર વિધિ' સાથે ઋષભદેવસજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થાએ સન્ ૧૯૩૮માં તેને પ્રકાશિત કરી છે. તેના સંપાદક શ્રી આનન્દસાગરસૂરિએ પ્રારંભમાં મૂલ કૃતિ આપી પછી સંઘાચારવિધિનો સંક્ષિપ્ત અને વિસ્તૃત વિષયાનુક્રમ સંસ્કૃતમાં આપ્યો છે. તે પછી કથાઓની સૂચી, સ્તુતિસ્થાન, સ્તુતિસંગ્રહ, દેશનાસ્થાન, દેશનાસંગ્રહ, સૂક્તિઓના પ્રતીક, સાક્ષીરૂપ ગ્રંથોની નામાવલી, સાક્ષીશ્લોકોનાં પ્રતીકો અને વિસ્તૃત ઉપક્રમ (પ્રસ્તાવના) છે. પ્રસ્તાવનાના અંતે ધર્મઘોષસૂરિકૃત સ્તુતિસ્તોત્રોની સૂચી આપવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની પહેલી ગાથામાં વંદનીયને વંદન કરીને ચૈત્યવંદન આદિનું નિરૂપણ વૃત્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરેના આધારે કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. પછી ચૈત્યવંદન અર્થાત્ દેવવંદનની વિધિનું પાલન ચોવીસ દ્વારોથી યથાવત્ થતું હોવાથી તે ચોવીસ દ્વારોનાં નામો પ્રત્યેક દ્વારના પ્રકારોની સંખ્યા સાથે આપવામાં આવ્યાં છે. તે દ્વારો આ પ્રકારે છે :

૧. નૈષધ વગેરે દર્શનત્રિક, ૨. પાંચ અભિગમ, ૩. દેવને વંદન કરતી વખતે સ્ત્રી અને પુરુષે ઊભા રહેવાની દિશા, ૪. ત્રણ અવગ્રહ, ૫. ત્રિવિધ વંદન, ૬. પંચાંગ પ્રણિપાત, ૭. નમસ્કાર, ૮-૧૦. નવકાર આદિ નવ સૂત્રોના વર્ણની સંખ્યા તથા તે સૂત્રોનાં પદો અને સમ્પદાની સંખ્યા, ૧૧. 'નમુ ત્થુ ણં' વગેરે પાંચ દંડક, ૧૨. દેવવંદનના બાર અધિકાર, ૧૩. ચાર વંદનીય, ૧૪. ઉપદ્રવ દૂર કરવા માટે સમ્યગ્દષ્ટિ દેવોનું સ્મરણ, ૧૫. નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિન, ૧૬. ચાર સ્તુતિ, ૧૭. આઠ નિમિત્ત, ૧૮. દેવવંદનના બાર હેતુ, ૧૯. કાયોત્સર્ગના સોળ આકાર, ૨૦. કાયોત્સર્ગના ૧૯ દોષ, ૨૧. કાયોત્સર્ગનું પ્રમાણ, ૨૨. સ્તવન સંબંધી વિચાર, ૨૩. સાત વાર ચૈત્યવંદન અને ૨૪. દસ આશાતના.

આ ચોવીસ દ્વારોના ૨૦૭૪ પ્રકાર ગણાવી ૬૨મી ગાથામાં દેવવંદનની વિધિ આપવામાં આવી છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## સંઘાચારવિધિ

આ ગ્રન્થ ઉપર્યુક્ત દેવેન્દ્રસૂરિના શિષ્ય ધર્મઘોષસૂરિએ વિ.સં.૧૩૨૭ પહેલાં લખ્યો છે. તે ૮૫૦૦ શ્લોકપ્રમાણની રચના છે અને સંભવતઃ ધર્મઘોષસૂરિએ પોતે જ પોતાના હસ્તાક્ષરમાં લખેલી વિ.સં.૧૩૨૯ની હસ્તપ્રતિ મળે છે. આ સંઘાચારવિધિ ચેઈયવંદણસુત્તની વૃત્તિ છે. તેમાં લગભગ પચાસ કથાઓ, દેવ અને ગુરુની સ્તુતિઓ, વિવિધ દેશનાઓ, સુભાષિત, મતાન્તર અને તેમનું ખંડન વગેરે આવે છે.

## સાવગવિહિ (શ્રાવકવિધિ)

આ જિનપ્રભસૂરિની દોહાછંદમાં અપભ્રંશમાં ૩૨ પદ્યોમાં રચાયેલી કૃતિ છે. તેનો ઉલ્લેખ પત્તન-સૂચીમાં આવે છે.

## ગુરુવંદણભાસ (ગુરુવંદનભાષ્ય)

ચેઈયવંદણભાસ વગેરેના કર્તા દેવેન્દ્રસૂરિની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી ૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદ્યોની આ કૃતિ[1] છે. પ્રથમ ગાથામાં ગુરુવંદનના ત્રણ પ્રકાર – ફિટ્ટા (સ્ફેટિકા), છોભ (સ્તોભ) અને બારસાવર્ત (દ્વાદશાવર્ત) જણાવ્યા છે. પછી વંદનનો હેતુ, વંદનનાં પાંચ નામ[2] તથા વંદનના બાવીસ દ્વાર – આમ વિવિધ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બાવીસ દ્વાર નીચે પ્રમાણે છે.

૧. વંદનના પાંચ નામ, ૨. વંદનવિષયક પાંચ ઉદાહરણ, ૩. પાર્શ્વસ્થ વગેરે અવંદનીય, ૪. આચાર્ય વગેરે વંદનીય, ૫-૬. વંદનના ચાર અદાતા અને ચાર દાતા, ૭. નિષેધના તેર સ્થાનક, ૮. અનિષેધના ચાર સ્થાનક, ૯. વંદનનાં કારણ, ૧૦. આવશ્યક, ૧૧. મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન, ૧૨. શરીરનું પ્રતિલેખન, ૧૩. વંદનના બત્રીસ દોષ, ૧૪. વંદનના ચાર ગુણ, ૧૫. ગુરુની સ્થાપના, ૧૬. અવગ્રહ, ૧૭-૧૮. 'વંદણય સુત્ત'ના અક્ષરો અને પદોની સંખ્યા, ૧૯. સ્થાનક, ૨૦. વંદનમાં ગુરુવચન, ૨૧. ગુરુની તેત્રીસ આશાતના અને ૨૨. વંદનની વિધિ.

### પચ્ચક્ખાણભાસ (પ્રત્યાખ્યાનભાષ્ય)

આ ચેઈયવંદણભાસ વગેરેના કર્તા દેવેન્દ્રસૂરિની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી ૪૮ ગાથાઓની કૃતિ છે.[3] છે. તેમાં પ્રત્યાખ્યાનના દસ પ્રકાર, પ્રત્યાખ્યાનની ચાર વિધિ, ચતુર્વિધ આહાર, બાવીસ આકાર, અદ્વિરુક્ત, દસ વિકૃતિ, ત્રીસ વિકૃતિગત (છ મૂલ વિકૃતિના ત્રીસ નિર્વિકૃતિક), પ્રત્યાખ્યાનના મૂલ ગુણ અને ઉત્તર ગુણ એવા બે પ્રકાર, પ્રત્યાખ્યાનની છ શુદ્ધિ અને પ્રત્યાખ્યાનનું ફળ – આમ નવ દ્વારોનું સવિસ્તર નિરૂપણ છે.

### મૂલસુદ્ધિ (મૂલશુદ્ધિ)

આને સિદ્ધાન્તસાર તથા સ્થાનકસૂત્ર પણ કહે છે. જૈન મહારાષ્ટ્રીનાં ૨૫૨ પદ્યોમાં રચાયેલી આ કૃતિના[4] કર્તા પ્રદ્યુમ્નસૂરિ છે. તેની એક હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૧૮૯ની મળી છે. તેમાં સમ્યક્ત્વગુણના વિષયમાં વિવરણ છે.

---

૧. ચેઈયવંદણભાસ તથા ગુરુવંદણભાસની સાથે પ્રસ્તુત કૃતિ 'ચૈત્યવંદનાદિભાષ્યત્રયમ્'માં ગુજરાતી અનુવાદ સાથે સન્ ૧૯૦૯માં છપાઈ છે. પ્રકાશક છે : યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાલા.

૨. વંદન, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ.

૩. કોઈએ આનો ગુજરાતી અનુવાદ કર્યો છે અને તે પ્રકાશિત પણ થયો છે.

૪. (પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીએ (અમદાવાદ) મૂલશુદ્ધિપ્રકરણ નામથી આ કૃતિ ટીકા સાથે પ્રકાશિત કરી છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા — તેના ઉપર દેવચન્દ્રે વિ.સં.૧૧૬૦માં ૧૩,૦૦૦ શ્લોકપ્રમાણ એક ટીકા લખી છે. તે કર્તાના પ્રશિષ્ય હતા. તેમણે શાન્તિનાથચરિત્ર લખ્યું છે.

આરાહણા (આરાધના)

આને ભગવઈ આરાહણા (ભગવતી આરાધના) તથા મૂલારાહણા (મૂલારાધના)[1] પણ કહે છે. તેમાં ૨૧૬૬ પદ્ય જૈન શૌરસેનીમાં છે. તે આઠ પરિચ્છેદોમાં વિભક્ત છે. તેમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ ચાર આરાધનાઓનું નિરૂપણ છે. આ ગ્રન્થ મુખ્યપણે મુનિધર્મનું પ્રતિપાદન કરે છે અને સમાધિમરણનું સ્વરૂપ સમજાવે છે. વિસ્તારથી કહીએ તો પ્રસ્તુત કૃતિમાં નીચે જણાવેલી બાબતોનું આલેખન થયું છે :

સમ્યક્ત્વનો મહિમા, તપનું સ્વરૂપ, મરણના સત્તર પ્રકારોનો ઉલ્લેખ, તેમાંથી પંડિતપંડિત મરણ, પંડિત મરણ, બાલપંડિત મરણ, બાલ મરણ અને બાલબાલ મરણ — આ પાંચનાં નામ અને તેમના સ્વામીઓનો ઉલ્લેખ, સૂત્રકારના ચાર પ્રકાર, સમ્યક્ત્વના આઠ અતિચાર, સમ્યક્ત્વની આરાધનાનું ફળ, સ્વામી વગેરે, આરાધનાનું સ્વરૂપ, મિથ્યાત્વના વિષયમાં વિચારણા, પંડિત મરણનું નિરૂપણ, ભક્તપરિજ્ઞામરણના પ્રકાર તથા સવિચારભક્તપ્રત્યાખ્યાન.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com जैन साईट

સવિચારભક્તપ્રત્યાખ્યાનનું નિરૂપણ નીચે જણાવેલ ચાલીસ અધિકારોમાં કરવામાં આવેલ છે :

૧. તીર્થંકર, ૨. લિંગ, ૩. શિક્ષા, ૪. વિનય, ૫. સમાધિ, ૬. અનિયત વિહાર, ૭. પરિણામ, ૮. ઉપાધિત્યાગ, ૯. દ્રવ્યશ્રિતિ અને ભાવશ્રિતિ, ૧૦. ભાવના, ૧૧. સંલેખના, ૧૨. દિશા, ૧૩. ક્ષમણ, ૧૪. અનુવિશિષ્ટ શિક્ષા, ૧૫. પરગણચર્યા, ૧૬. માર્ગણા, ૧૭. સુસ્થિત, ૧૮. ઉપસમ્પદા, ૧૯. પરીક્ષા, ૨૦. પ્રતિલેખન, ૨૧. આપૃચ્છા, ૨૨. પ્રતિચ્છન્ન, ૨૩. આલોચના,

---

૧. આ ગ્રન્થ સદાસુખની હિન્દી ટીકા સાથે શક સંવત્ ૧૮૩૧માં કોલ્હાપુરથી પ્રકાશિત થયો છે. તે પછી મૂલ ગ્રન્થની સદાસુખ કાશલીવાલકૃત હિન્દી વચનિકા સહિત બીજી આવૃત્તિ 'અનન્તવીર્ય દિગંબર જૈન ગ્રન્થમાલા'માં પં. નાથૂરામજી પ્રેમીની વિસ્તૃત ભૂમિકા સાથે વિ.સં.૧૯૮૯માં પ્રકાશિત થઈ છે. તેમાં ૨૧૬૬ ગાથાઓ છે. તેમાં કેટલાંય અવતરણોનો પણ સમાવેશ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૪. આલોચનાના ગુણ-દોષ, ૨૫. શય્યા, ૨૬. સંસ્તર, ૨૭. નિર્યાપક, ૨૮. પ્રકાશન, ૨૯. આહારની હાનિ, ૩૦. પ્રત્યાખ્યાન, ૩૧. ક્ષામણ, ૩૨. ક્ષપણ, ૩૩. અનુશિષ્ટિ, ૩૪. સારણ, ૩૫. કવચ, ૩૬. સમતા, ૩૭. ધ્યાન, ૩૮. લેશ્યા, ૩૯. આરાધનાનું ફળ અને ૪૦. વિજહના.

ચાલીસમા અધિકારમાં નિશીથિકાનું સ્વરૂપ, તેનાં દ્વારો, નિમિત્તજ્ઞાન, સાધુના મરણના સમયે ધીરવીરનું જાગરણ, મૃતક મુનિના અંગૂઠાનું બંધન અને છેદન, વન આદિમાં મૃત્યુ પામેલા મુનિના કલેવરનું ત્યાં પડ્યું રહેવું ઉચિત ન હોવાથી ગૃહસ્થે તેને શિબિકામાં લાવવું, ક્ષપકના શરીરસ્થાપનની વિધિ, ક્ષપકના શરીરનાં અવયવોનું પક્ષીઓ દ્વારા અપહરણ કરાતાં તે ઉપરથી ફલાદેશ અને ક્ષપકની ગતિનું કથન.

આ ગ્રન્થના કર્તા 'પાણિતલભોજી' શિવાર્ય છે.[1] તેમણે પોતાના ગુરુઓ તરીકે જિનનંદી, સર્વગુપ્ત અને મિત્રનન્દી એ ત્રણનો 'આર્ય' શબ્દ સાથે ઉલ્લેખ કર્યો છે.

આરાધનાની કેટલીક ગાથાઓ મૂલાચારમાં તથા કોઈ કોઈ શ્વેતાંબર ગ્રન્થમાં પણ મળે છે. તેનો 'વિજહના' નામનો ચાલીસમો અધિકાર વિલક્ષણ છે. તેમાં આરાધક મુનિના મૃતકસંસ્કારનું વર્ણન છે.

ટીકાઓ – તેના ઉપર એક ટીકા છે. તેને કેટલાક વસુનન્દીની રચના માને છે. આ ઉપરાંત તેના ઉપર ચન્દ્રનન્દીના શિષ્ય બલદેવના શિષ્ય અપરાજિતની 'વિજયોદયા' નામની બીજી એક ટીકા છે. વળી, આશાધરની ટીકા છે, તેનું નામ 'દર્પણ' છે, તેને 'મૂલારાધનાદર્પણ' પણ કહે છે. અમિતગતિની ટીકા પણ છે, તેનું નામ 'મરણકરંડિકા' છે. આ ટીકાઓ ઉપરાંત તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક પંજિકા પણ છે.[2]

૧. જિનસેને આદિપુરાણમાં જે શિવકોટિનો ઉલ્લેખ કર્યો છે તે પ્રસ્તુત ગ્રન્થકાર જ છે એ શંકાસ્પદ છે.

૨. જિનદાસ પાર્શ્વનાથે આનો હિંદી અનુવાદ કર્યો છે. સદાસુખે પણ અનુવાદ કર્યો છે. તેમનો હિન્દી વચનિકા નામનો આ અનુવાદ વિ.સં.૧૯૦૮માં પૂર્ણ થયો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરાહણાસાર (આરાધનાસાર)

વિ.સં.૯૯૦ આસપાસ દેવસેને જૈન શૌરસેનીમાં રચાયેલાં પદ્યોમાં આ કૃતિ[1] લખી છે. તે વિમલદેવના શિષ્ય હતા એમ ગજાધરલાલ જૈને પ્રસ્તાવનામાં (પૃ.૨) લખ્યું છે. દેવસેન નામના બીજા પણ અનેક ગ્રન્થકાર થયા છે. ઉદાહરણાર્થ, આલપપદ્ધતિના કર્તા, ચન્દનષષ્ટ્યુદ્યાપનના કર્તા, સુલોચનાચરિત્રના કર્તા અને સંસ્કૃતમાં આરાધનાના કર્તા.

તેની પહેલી ગાથામાં આવેલા 'સુરસેણવંદિયં'ના ભિન્ન ભિન્ન પદચ્છેદ કરીને ભિન્ન ભિન્ન અર્થ કરવામાં આવ્યા છે. આમ કરતી વખતે 'રસ' અને દિય (દ્વિજ)ના ભિન્ન ભિન્ન અર્થો કરવામાં આવ્યા છે.

તેમાં તપશ્ચર્યા, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના સમુદાયને આરાધનાનો સાર કહ્યો છે. આ સાર વ્યવહાર અને નિશ્ચયથી બે પ્રકારનો છે. વ્યવહારથી સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ, સમ્યક્ચારિત્રના તેર પ્રકારોનો અને તપશ્ચર્યાના બાર પ્રકારોનો સામાન્ય નિર્દેશ, શુદ્ધ નિશ્ચયનય અનુસાર આરાધનાની સ્પષ્ટતા, વ્યવહારથી જે ચતુર્વિધ આરાધના છે તેનો નિશ્ચયનયપૂર્વકની આરાધના સાથે કાર્યકારણભાવનો સંબંધ, વિશુદ્ધ આત્માની આરાધના કરવાનો ઉપદેશ, આરાધક અને વિરાધકનું સ્વરૂપ, સંન્યાસની યોગ્યતા, પરિગ્રહના ત્યાગથી લાભ, નિશ્ચયનયની અપેક્ષાએ નિર્ગ્રન્થતા, કષાયો અને પરિષહો ઉપર વિજય, (દાવાનલરૂપી) અચેતનકૃત ઉપસર્ગ શિવભૂતિએ, તિર્યંચકૃત ઉપસર્ગ સુકુમાલ અને કોસલ એ બે મુનિઓએ, મનુષ્યકૃત ઉપસર્ગ ગુરુદત્ત રાજાએ, પાંડવોએ અને ગજકુમારે તથા દેવકૃત ઉપસર્ગ શ્રીદત્તે અને સુવર્ણભદ્રે સહન કર્યા હતા એનો ઉલ્લેખ, ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરવાની આવશ્યકતા, અસંયમીની અવદશા, નિર્વિકલ્પ સમાધિનું સ્વરૂપ, સમ્યગ્દર્શન આદિની આત્માથી અભિન્નતા અને એવો આત્મા અવલંબન આદિથી (વિભાવ પરિણામોથી) રહિત હોવાથી તેની કથંચિત્ શૂન્યતા, ઉત્તમ ધ્યાનનો પ્રભાવ, વિશુદ્ધ ભાવનાઓનું ફળ, ચતુર્વિધ આરાધનાનું ફળ, આરાધનાનું સ્વરૂપ પ્રદર્શિત કરનાર મુનિવરોને વન્દન, તથા પ્રણેતાની લઘુતા – આ વિષયો આવે છે.

---

૧. રત્નકીર્તિની ટીકા સાથે આ કૃતિ માણિકચન્દ્ર દિગંબર જૈન ગ્રન્થમાલામાં વિ.સં.૧૯૭૩માં પ્રકાશિત થઈ છે. મૂલ કૃતિ ગજાધરલાલ જૈનકૃત હિંદી અનુવાદ સાથે વીર સંવત્ ૨૪૮૪માં 'શ્રી શાન્તિસાગર જૈન સિદ્ધાન્ત પ્રકાશિની સંસ્થા'એ છપાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા – તેના ઉપર માથુર સંઘના ક્ષેમકીર્તિના શિષ્ય રત્નકીર્તિએ ૨૨૦૦ શ્લોકપ્રમાણની એક ટીકા લખી છે. તેમાં શુભચન્દ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવ, પરમાત્મપ્રકાશ અને સમયસારમાંથી ઉદ્ધરણો આપવામાં આવ્યાં છે. માઈલ્લ ધવલે જે આરાધનાસાર ઉપર ટીકા લખી છે તે પ્રસ્તુત કૃતિ છે કે અન્ય એ જ્ઞાત નથી.

## આરાધના

આ કૃતિ માધવસેનના શિષ્ય અમિતગતિની રચના છે. આ કૃતિ શિવાર્યકૃત 'આરાહણા'નો સંસ્કૃત પદ્યાત્મક અનુવાદ છે.

## સામાયિકપાઠ કિંવા ભાવનાદ્વાત્રિંશિકા

આ અજ્ઞાતકર્તૃક રચના[1] છે. તેમાં ૩૩ શ્લોક છે.

## આરાહણાપડાયા (આરાધનાપતાકા)

આની રચના વીરભદ્રે વિ.સં.૧૦૭૮માં જૈન મહારાષ્ટ્રીમાં ૯૯૦ પદ્યોમાં કરી છે. તેમાં ભત્તપરિણ્ણા, પિંડનિજ્જુત્તિ વગેરેની ગાથાઓ દષ્ટિગોચર થાય છે.

## આરાહણાકુલય (આરાધનાકુલક)

આ નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં ૮૫ પદ્યોમાં રચ્યો છે.

## સંવેગરંગશાલા

આના કર્તા સુમતિવાચક અને પ્રસન્નચન્દ્રસૂરિના શિષ્ય દેવભદ્રસૂરિ છે. આનો ઉલ્લેખ કર્તાએ પાર્શ્વનાથચરિત્રમાં તથા વિ.સં.૧૧૫૮માં રચાયેલ કથારત્નકોશમાં કર્યો છે. તેને આરાધનારત્ન પણ કહે છે. તેની એક પણ હસ્તલિખિત પ્રતિ આજ સુધી મળી નથી.

## આરાહણાસત્થ (આરાધનાશાસ્ત્ર)

સંભવતઃ આ દેવભદ્રની કૃતિ છે.

---

૧. માણિકચંદ્ર દિગંબર જૈન ગ્રંથમાલામાં પ્રકાશિત થઈ છે.

JAINSITE.com જૈન જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચલિંગી

જૈન મહારાષ્ટ્રીમાં જિનેશ્વરસૂરિરચિત આ કૃતિમાં[1] ૧૦૧ પદ્ય છે. તેમાં સમ્યક્ત્વનાં શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિક્ય એ પાંચ લિંગોનું નિરૂપણ છે.

ટીકાઓ – તેના ઉપર જિનચન્દ્રસૂરિના શિષ્ય જિનપતિસૂરિએ ૬૬૦૦ શ્લોકપ્રમાણ એક વિવરણ લખ્યું છે. આ વિવરણ ઉપર જિનપતિસૂરિના શિષ્ય જિનપાલે ટિપ્પણ લખ્યું છે. આ ઉપરાંત સર્વરાજે ૧૩૪૮ શ્લોકપ્રમાણ એક લઘુવૃત્તિ લખી છે.

દંસણસુદ્ધિ (દર્શનશુદ્ધિ)

આને[2] સમ્યક્ત્વપ્રકરણ કહે છે. તેની રચના જયસિંહના શિષ્ય ચન્દ્રપ્રભે જૈન મહારાષ્ટ્રીનાં ૨૨૬ પદ્યોમાં કરી છે. તેમાં સમ્યક્ત્વનો અધિકાર છે.

ટીકાઓ – તેના ઉપર વિમલગણીએ વિ.સં.૧૧૮૪માં ૧૨,૧૦૦ શ્લોકપ્રમાણ એક ટીકા લખી છે. તે મૂલ ગ્રન્થના કર્તાના શિષ્ય ધર્મઘોષસૂરિના શિષ્ય હતા.

દેવભદ્રે પણ તેના ઉપર ચન્દ્રપ્રભના શિષ્ય શાન્તિભદ્રસૂરિની સહાયથી એક ટીકા લખી છે. આ ટીકા ૩૦૦૮ શ્લોકપ્રમાણ છે. આ દેવભદ્ર વિમલગણીના શિષ્ય હતા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સમ્યક્ત્વાલંકાર

આ વિવેકસમુદ્રગણીની રચના છે. આનો ઉલ્લેખ જેસલમેરના સૂચીપત્રમાં કરવામાં આવ્યો છે.

યતિદિનકૃત્ય

આ રચના હરિભદ્રસૂરિની મનાય છે. તેમાં શ્રમણોની દૈનંદિન પ્રવૃત્તિઓના વિશે નિરૂપણ છે.

---

૧. આ કૃતિ જિનપતિના વિવરણ સાથે 'જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ' સૂરતથી સન્ ૧૯૧૯માં પ્રકાશિત થઈ છે.

૨. દેવભદ્રની ટીકા સાથે આ ગ્રન્થ હીરાલાલ હંસરાજે સન્ ૧૯૧૩માં છપાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીઇજીયકપ્પ (યતિજીતકલ્પ)

આની રચના જૈન મહારાષ્ટ્રીમાં ધર્મઘોષસૂરિના શિષ્ય અને ૨૮ યમકસ્તુતિના પ્રણેતા સોમપ્રભસૂરિએ કરી છે. તેમાં ૩૦૬ ગાથાઓ છે. તેની પ્રારંભની ૨૪ ગાથાઓ જિનભદ્રગણીકૃત જીતકલ્પમાંથી લેવામાં આવી છે. તેમાં શ્રમણોના આચારનું નિરૂપણ છે.

ટીકાઓ – સોમતિલકસૂરિએ તેના ઉપર એક વૃત્તિ લખી હતી પરંતુ તે અપ્રાપ્ય છે. બીજી વૃત્તિ દેવસુંદરસૂરિના શિષ્ય સાધુરત્ને વિ.સં.૧૩૫૬માં લખી છે. તે ૫૭૦૦ શ્લોકપ્રમાણ છે. તેમાં તેમણે ઉપર્યુક્ત સોમતિલકસૂરિની વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે.

જઈસામાયારી (યતિસામાચારી)

કાલકસૂરિના સન્તાનીય અને વિ.સં.૧૪૧૨માં પાર્શ્વનાથચરિત રચનાર શ્રી ભાવદેવસૂરિએ યતિસામાચારી[1] સંકલિત કરી છે. તેમાં ૧૫૪ ગાથાઓ છે.[2] આ સંક્ષિપ્ત રચના છે એમ પહેલી ગાથામાં કહ્યું છે અને તે સાચું પણ છે, કારણ કે દેવસૂરિએ આ નામની જે કૃતિ રચી છે તે વિસ્તૃત છે. આ જ ભાવદેવસૂરિએ અલંકારસાર પણ લખ્યો છે.

ઉત્તરાધ્યયન અને ઓઘનિર્યુક્તિમાં સામાચારી આપવામાં આવી છે પણ તેમાં વિહાર વગેરેની પણ વાતો આવે છે, જ્યારે પ્રસ્તુત કૃતિ જૈન સાધુઓની દિનચર્યા પર - પ્રાભાતિક જાગરણથી સંસ્તારક સુધીની વિધિ પર્યંતની તેમની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડે છે.

ટીકા – તેના ઉપર મતિસાગરસૂરિએ સંસ્કૃતમાં સંક્ષિપ્ત વ્યાખ્યા – અવચૂરિ લખી છે. તે ૩૫૦૦ શ્લોકપ્રમાણ છે. તેના પ્રારંભમાં ચાર શ્લોક છે, બાકીની આખી ટીકા ગદ્યમાં છે. આ કૃતિમાં કેટલાંક અવતરણો પણ આવે છે.

---

૧. આ નામ પહેલી ગાથામાં આપ્યું છે, જ્યારે છેલ્લી ગાથામાં 'જઈદિણચરિયા' એવું નામ આવે છે. 'પંચાસગ'ના બારમા પંચાસગનું નામ પણ જઈસામાયારી છે. આને 'યતિદિનચર્યા' નામથી મતિસાગરકૃત વ્યાખ્યા સાથે ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થાએ સન્ ૧૯૩૬માં પ્રકાશિત કરી છે.

૨. આનો ગ્રન્થાગ્ર ૧૯૨ શ્લોકપ્રમાણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિંડવિસુદ્ધિ (પિંડવિશુદ્ધિ)

આ જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૧૦૩ પદ્યોની કૃતિ[1] છે. તેને 'પિંડવિસોહિ' પણ કહે છે. તેના કર્તા જિનવલ્લભસૂરિએ તેમાં આહારની ગવેષણના ૪૨ દોષોનો નિર્દેશ કરી તેમના ઉપર વિચારણા કરી છે.

ટીકાઓ – તેના ઉપર 'સુબોધા' નામની ૨૮૦૦ શ્લોકપ્રમાણ એક ટીકા શ્રીચન્દ્રસૂરિના શિષ્ય યશોદેવે વિ.સં.૧૧૭૬માં લખી છે. અજિતપ્રભસૂરિએ પણ બીજી એક ટીકા લખી છે. શ્રીચન્દ્રસૂરિએ વિ.સં.૧૧૭૮માં એક વૃત્તિ લખી છે. ઉદયસિંહે 'દીપિકા' નામની ૭૦૩ શ્લોકપ્રમાણ એક ટીકા વિ.સં.૧૨૯૫માં લખી છે. તે શ્રીપ્રભના શિષ્ય માણિક્યપ્રભના શિષ્ય હતા. આ ટીકા ઉપર્યુક્ત સુબોધાના આધારે રચવામાં આવી છે. આ ઉપરાંત બીજી એક ટીકા અજ્ઞાતકર્તૃક દીપિકા નામની છે. આ મૂલ કૃતિ ઉપર રત્નશેખસૂરિના શિષ્ય સંવેગદેવગણીએ વિ.સં.૧૫૧૩માં એક બાલાવબોધ લખ્યો છે.

સઙ્ઢજીયકપ્પ (શ્રાદ્ધજીતકલ્પ)

આ દેવેન્દ્રસૂરિના શિષ્ય ધર્મઘોષસૂરિએ વિ.સં. ૧૩૫૭માં લખ્યો છે. તેમાં ૧૪૧ અને કોઈ કોઈ મતે ૨૨૫ પદ્યો છે. તેમાં શ્રાવકોની પ્રવૃત્તિઓ પર વિચાર કરવામાં આવ્યો છે.

ટીકાઓ – આના ઉપર સોમતિલકસૂરિએ ૨૫૪૭ શ્લોકપ્રમાણ એક વૃત્તિ રચી છે. તે ઉપરાંત એક અવચૂરિ પણ છે.

૧. સઙ્ઢદિણકિચ્ચ (શ્રાદ્ધદિનકૃત્ય)

જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૩૪૪ પદ્યોની આ કૃતિ જગચ્ચન્દ્રસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિની રચના છે. તેમાં શ્રાવકોના દૈનંદિન કૃત્યોના વિશે વિચાર કરવામાં આવ્યો છે.

ટીકા – તેના ઉપર ૧૨૮૨૦ શ્લોકપ્રમાણ એક સ્વોપજ્ઞ વૃત્તિ છે. તે ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક અવચૂરિ પણ છે.

૨. સઙ્ઢદિણકિચ્ચ (શ્રાદ્ધદિનકૃત્ય)

'વીરં નમે(મિ)ઊણ તિલોયભાણું'થી શરૂ થતી અને જૈન મહારાષ્ટ્રીનાં ૩૪૧ પદ્યોમાં લખાયેલી આ કૃતિ[2] ઉપર્યુક્ત 'સઙ્ઢદિણકિચ્ચ' છે કે અન્ય, એ વિચારણીય

---

૧. આ ગ્રન્થ શ્રીચન્દ્રસૂરિની વૃત્તિ સાથે 'વિજયદાન ગ્રન્થમાલા' સૂરતથી સન્ ૧૯૩૯માં પ્રકાશિત થયો છે.

૨. રામચન્દ્રગણીના શિષ્ય આનન્દવલ્લભકૃત હિન્દી બાલાવબોધની સાથે આ ગ્રન્થ સન્ ૧૮૭૬માં 'બનારસ જૈન પ્રભાકર' મુદ્રણાલયમાં છપાયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેની ગાથા ૨થી ૭માં શ્રાવકના અઠ્ઠાવીસ કર્તવ્યો ગણાવ્યાં છે, જેવાં કે – ૧. 'નવકાર' ગણીને શ્રાવકે જાગવું, ૨. હું શ્રાવક છું એ વાત યાદ રાખવી, ૩. અણુવ્રત વગેરે કેટલાં વ્રત લીધાં છે તેનો વિચાર કરવો, ૪. મોક્ષનાં સાધનોનો વિચાર કરવો. ત્યાર પછી ઉપર્યુક્ત ૨૮ કર્તવ્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

બાલાવબોધ – તેના ઉપર રામચન્દ્રગણીના શિષ્ય આનન્દવલ્લભે વિ.સં.૧૮૮૨માં એક બાલાવબોધ લખ્યો છે.

## સઢવિહિ (શ્રાદ્ધવિધિ)

જૈન મહારાષ્ટ્રીમાં વિરચિત ૧૭ પદ્યોની આ કૃતિના[1] કર્તા સોમસુન્દરસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિ છે. તેમાં દિવસ, રાત, પર્વ, ચાતુર્માસ, સંવત્સર અને જન્મ આ છ બાબતો વિશે શ્રાવકોનાં કૃત્યોની રૂપરેખા આપવામાં આવી છે.

ટીકાઓ – તેના ઉપર 'વિધિકૌમુદી' નામની સ્વોપજ્ઞ વૃત્તિ વિ.સં.૧૫૦૬માં લખવામાં આવી છે. તે વિવિધ કથાઓથી વિભૂષિત છે. તેના પ્રારંભમાં ૯૦૦ શ્લોકોની સંસ્કૃત કથા ભદ્રતા વગેરે ગુણો સમજાવવા આપવામાં આવી છે. આગળ થાવચ્ચા (સ્થાપત્યા)પુત્રની અને રત્નસારની કથાઓ આવે છે.

આ વૃત્તિમાં શ્રાવકના એકવીસ ગુણ તથા મૂર્ખના સો લક્ષણો વગેરે વિવિધ વાતો આવે છે. વ્યવહારશાસ્ત્ર અનુસાર ભોજનની વિધિ પચીસ સંસ્કૃત શ્લોકોમાં આપવામાં આવી છે અને તે પછી આગમ વગેરેમાંથી અવતરણો આપવામાં આવ્યાં છે. આ વિધિકૌમુદીમાં નીચે જણાવેલ વ્યક્તિઓ વગેરેનાં દૃષ્ટાન્તો (કથાનક) આવે છે.

ગામનો કુલપુત્ર, સુરસુન્દરકુમારની પાંચ પત્નીઓ, શિવકુમાર, વડની સમડી (રાજકુમારી), અંબડ પરિવ્રાજકના સાત સો શિષ્યો, દશાર્ણભદ્ર, ચિત્રકાર, કુન્તલા રાણી, ધર્મદત્ત નૃપ, સાંઢણી, પ્રદેશી રાજા, જીર્ણ શ્રેષ્ઠી, ભાવડ શ્રેષ્ઠી,

---

૧. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે જૈન આત્માનન્દ સભાએ વિ.સં.૧૯૭૪માં પ્રકાશિત કરી છે. મૂલ અને વિધિકૌમુદી ટીકાના ગુજરાતી અનુવાદ સાથે આ કૃતિ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૫૨માં છાપી છે. આ ગુજરાતી અનુવાદ વિક્રમવિજયજી અને ભાસ્કરવિજયજીએ કર્યો છે. તેની પ્રસ્તાવના (પૃ.૩) દ્વારા જાણીએ છીએ કે બીજા ત્રણ ગુજરાતી અનુવાદો પણ પ્રકાશિત થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભડ શ્રેષ્ઠી, શેઠની પુત્રી, બે મિત્ર, હેલાક શ્રેષ્ઠી, વિશ્વ મારું (વિજયપાલ), મહણસિંહ, ધનેશ્વર, દેવ અને યશઃશ્રેષ્ઠી, સોમનૃપ, રંક શ્રેષ્ઠી, વૃદ્ધા, મંથર કોયરી, ધન્ય શ્રેષ્ઠી, ધનેશ્વર શ્રેષ્ઠી, ધર્મદાસ, દ્રમક મુનિ, દંડવીર્ય નૃપ, લક્ષ્મણા સાધ્વી અને ઉદાયન નૃપતિ.

**વિષયનિગ્રહકુલક**

આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે. તેમાં ઈન્દ્રિયોને સંયમમાં રાખવાનો ઉપદેશ છે.

ટીકા – તેના ઉપર વિ.સં.૧૩૩૭માં ભાલચન્દ્રે ૧૦,૦૦૮ શ્લોકપ્રમાણ એક વૃત્તિ લખી છે.

**પ્રત્યાખ્યાનસિદ્ધિ**

આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

ટીકાઓ – તેના ઉપર ૭૦૦ શ્લોકપ્રમાણ એક વિવરણ સોમસુન્દરસૂરિના શિષ્ય જયચન્દ્રે લખ્યું છે. જિનપ્રભસૂરિએ પણ એક વિવરણ લખ્યું છે. ઉપરાંત તેના પર કોઈએ ૧૫૦૦ શ્લોકપ્રમાણ ટીકા પણ લખી છે.

JAINSITE.com

**આચારપ્રદીપ**

૪૦૬૫ શ્લોકપ્રમાણ આ કૃતિ[1] મુનિસુંદરસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિએ વિ.સં.૧૫૧૬માં રચી છે. તેમનો જન્મ વિ.સં.૧૪૫૭ યા ૧૪૫૨માં થયો હતો. તેમણે દીક્ષા વિ.સં.૧૪૬૩માં ગ્રહણ કરી અને પંડિત પદ ૧૪૮૩માં, વાચક પદ ૧૪૯૩માં અને સૂરિ પદ ૧૫૦૨માં પ્રાપ્ત કર્યું હતું. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૫૧૭માં થયો હતો. સાધુરત્નસૂરિ તેમના પ્રતિબોધક ગુરુ હતા તથા ભુવનસુન્દરસૂરિ તેમના વિદ્યાગુરુ હતા.

રત્નશેખરસૂરિએ વિ.સં. ૧૪૯૬માં અર્થદીપિકા અર્થાત્ શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ અને વિ. સં. ૧૫૦૬માં સઢવિહિ (શ્રાદ્ધવિધિ) અને તેની વૃત્તિ લખી છે.

---

૧. આ ગ્રન્થ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૨૭માં પ્રકાશિત કર્યો છે. તેમાં આનન્દસાગરસૂરિનો સંસ્કૃત ઉપોદ્ઘાત છે અને અવતરણોનો અનુક્રમ પણ આપ્યો છે. તેનો પ્રથમ પ્રકાશ, પ્રાકૃત વિભાગની સંસ્કૃત છાયા અને ગુજરાતી અનુવાદ ખેડાની જૈનોદય સભાએ વિ.સં.૧૯૫૮માં છપાવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાદ્ધવિધિવૃત્તિનો ઉલ્લેખ શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિમાં અને આચારપ્રદીપનો ઉલ્લેખ શ્રાદ્ધવિધિવૃત્તિમાં આવે છે. તેનું કારણ આચારપ્રદીપના ઉપોદ્‌ઘાતમાં એવું આપ્યું છે કે વિષય પહેલેથી નિશ્ચિત કર્યા હશે અને ગ્રન્થરચના પછી થઈ હશે, પરંતુ મને તો એવું લાગે છે કે ગ્રન્થ લખ્યા પછી કાલાન્તરે તેમાં અભિવૃદ્ધિ કરવામાં આવી હશે અને તેને પરિણામે આ સ્થિતિ પેદા થઈ હશે.

પ્રસ્તુત કૃતિ પાંચ પ્રકાશોમાં વિભક્ત છે. તે પ્રકાશોમાં ક્રમશઃ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એમ આચારના આ પાંચ ભેદોનું, પ્રત્યેક ભેદના ઉપભેદો સાથે નિરૂપણ કરવામાં આવ્યું છે.[1] સાથે સાથે તેમાં વિવિધ કથાનક[2] તથા સંસ્કૃત અને પ્રાકૃત ઉદ્ધરણો આપવામાં આવ્યાં છે. અંતે પંદર શ્લોકોની પ્રશસ્તિ છે. તેના પ્રથમ પ્રકાશનો ગુજરાતી અનુવાદ રામચન્દ્ર દીનાનાથ શાસ્ત્રીએ કર્યો છે અને તે છપાયો પણ છે.

ચારિત્રસાર

અજિતસેનના શિષ્યે આની રચના કરી છે.

ચારિત્રસાર કિંવા ભાવનાસારસંગ્રહ

૧૭૦૦ શ્લોકપ્રમાણની આ કૃતિ[3] ચામુંડરાજ અપર નામ રણરંગસિંહે લખી છે. તે જિનસેનના શિષ્ય હતા.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

---

૧. આ વિષય નિશીથના ભાષ્ય અને ચૂર્ણિમાં તથા દશવૈકાલિકની નિર્યુક્તિમાં આવે છે.

૨. પૃથ્વીપાલ નૃપના કથાનકમાં સમસ્યાઓ તથા ગણિતનાં ઉદ્ધરણો આપવામાં આવ્યાં છે. લેખકે તેમના વિશે 'રાજકન્યાઓની પરીક્ષા' અને 'રાજકન્યાઓની ગણિતની પરીક્ષા' આ બે લેખોમાં વિચાર કર્યો છે. પહેલો લેખ 'જૈનધર્મપ્રકાશ' (પુ. ૭૫, અંક ૨-૩-૪)માં છપાયો છે. ગણિતના વિષયમાં અંગ્રેજીમાં પણ લેખકે એક લેખ લખ્યો છે, તે Annals of Bhandarkar Oriental Research Institute (Vol.XVIII)માં છપાયો છે.

૩. આ કૃતિ મણિકચંદ્ર દિગંબર જૈન ગ્રન્થમાલામાં વીર સંવત્ ૨૪૪૩માં પ્રકાશિત થઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુપારતંતથોત્ત (ગુરુપારતન્ત્ર્યસ્તોત્ર)

અપભ્રંશના ૨૧ પદ્યોમાં રચાયેલી આ કૃતિના[1] કર્તા જિનદત્તસૂરિ છે. તેને સુગુરુપારતંત્ર્યસ્તોત્ર, સ્મરણા અને મયરહિયથોત્ત પણ કહે છે. તેમાં કેટલાક મુનિવરોનું ગુણકીર્તન છે. ઉદાહરણાર્થ, સુધર્મસ્વામી, દેવસૂરિ, નેમિચન્દ્રસૂરિ, ઉદ્યોતનસૂરિ વગેરે.

ટીકાઓ — જયસાગરગણીએ વિ.સં.૧૩૫૮માં તેના ઉપર એક ટીકા લખી છે. તે ઉપરાંત ધર્મતિલકે, સમયસુન્દરગણીએ તથા બીજા કોઈએ પણ એક એક ટીકા લખી છે. સમયસુંદરગણીની ટીકા 'સુખાવબોધા' પ્રકાશિત પણ થઈ ગઈ છે.

ધર્મલાભસિદ્ધિ

આ કૃતિ હરિભદ્રસૂરિની રચના છે એવો ગણહરસદ્ધયગ (ગણધરસાર્ધશતક)ની સુમતિકૃત ટીકામાં ઉલ્લેખ છે. આ કૃતિ અત્યાર સુધી અનુપલબ્ધ છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૧. આ સ્તોત્ર સંસ્કૃત છાયા સાથે 'અપભ્રંશકાવ્યત્રયી'માં એક પરિશિષ્ટ રૂપે સન્ ૧૯૨૭માં છપાયું છે. તે ઉપરાંત સમયસુન્દરગણીની સુખાવબોધા નામની ટીકા સાથે સપ્તસ્મરણસ્તવમાં 'જિનદત્તસૂરિ જ્ઞાન ભંડાર'એ સન્ ૧૯૪૨માં છપાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છઠ્ઠું પ્રકરણ

# વિધિ-વિધાન, કલ્પ, મંત્ર, તંત્ર, પર્વ અને તીર્થ

## પૂજાપ્રકરણ

આને પૂજાવિધિપ્રકરણ[1] પણ કહે છે. તેના કર્તા વાચક ઉમાસ્વાતિ છે એમ કેટલાક માને છે. ૧૯ શ્લોકની આ કૃતિ મુખ્યપણે અનુષ્ટુપ્ છંદમાં છે. તેમાં ગૃહચૈત્ય (ગૃહમન્દિર) કેવી જમીનમાં બનાવવું જોઈએ, દેવની પૂજા કરનારે કઈ દિશા યા વિદિશાથી પૂજા કરવી જોઈએ, પુષ્પપૂજા માટે કયાં અને કેવાં પુષ્પોનો ઉપયોગ કરવો જોઈએ, વસ્ત્ર કેવાં હોવા જોઈએ વગેરે બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત નવ અંગની પૂજા, અષ્ટપ્રકારી પૂજા તથા એકવીસ પ્રકારની પૂજા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## દશભક્તિ

'ભક્તિ' નામથી પ્રસિદ્ધ કૃતિઓ બે પ્રકારની મળે છે : ૧. જૈન શૌરસેનીમાં રચાયેલી અને ૨. સંસ્કૃતમાં રચાયેલી. પ્રથમ પ્રકારની કૃતિઓના[2] પ્રણેતા

---

૧. બંગાળની 'રોયલ એશિયાટિક સોસાયટી' દ્વારા વિ.સં.૧૯૫૯માં પ્રકાશિત સભાષ્ય તત્ત્વાર્થધિગમસૂત્રના બીજા પરિશિષ્ટરૂપે આ કૃતિ છપાઈ છે. તેમાં જે પાઠાન્તર આપવામાં આવ્યાં છે તેમાં પંદરમા શ્લોકના સ્થાને સંપૂર્ણ પાઠાન્તર છે. તેનો શ્રી કુંવરજી આણંદજીકૃત ગુજરાતી અનુવાદ 'શ્રી જમ્બૂદ્વીપસમાસ ભાષાન્તર પૂજાપ્રકરણ ભાષાન્તરસહિત' નામથી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરે વિ.સં.૧૯૯૫માં પ્રકાશિત કર્યો છે.

૨. આ પ્રકારની ભત્તિ (ભક્તિ) પ્રભાચન્દ્રની ક્રિયાકલાપ નામની સંસ્કૃત ટીકા તથા પં. જિનદાસના મરાઠી અનુવાદ સાથે સોલાપુરથી સન્ ૧૯૨૧માં પ્રકાશિત થઈ છે. ઉપર્યુક્ત બંને પ્રકારની ભક્તિ 'દશભક્ત્યાદિસંગ્રહ'માં સંસ્કૃત અન્વય અને હિન્દી અન્વય તથા ભાવાર્થની સાથે 'અખિલ વિશ્વ જૈન મિશન' સંસ્થાએ સલાલ (સાબરકાંઠા)થી વીર સંવત્ ૨૪૮૧માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુન્દકુન્દાચાર્ય છે, તો બીજા પ્રકારની કૃતિઓના પ્રણેતા પૂજ્યપાદ છે એમ પ્રભાચન્દ્રે સિદ્ધભક્તિ (ગાથા ૧૨)ની ક્રિયાકલાપ નામની ટીકામાં કહ્યું છે, પરંતુ બંને પ્રકારની કૃતિઓ કેટલી કેટલી છે એનો ઉલ્લેખ તેમણે કર્યો નથી.

૧. સિદ્ધભત્તિ (સિદ્ધભક્તિ) – આમાં બાર પદ્ય છે એવું પ્રભાચન્દ્રની ટીકા જોતાં લાગે છે. આ ભક્તિમાં ક્યાં-ક્યાંથી અને કઈ-કઈ રીતે જીવ સિદ્ધ થયા છે એ જણાવીને તેમને વંદન કરવામાં આવ્યાં છે. તેમાં સિદ્ધોનાં સુખ અને અવગાહના વિશે ઉલ્લેખ છે. અંતે આલોચના આવે છે.

૨. સુદભત્તિ (શ્રુતભક્તિ) – આમાં બાર અંગોનાં નામ આપીને દૃષ્ટિવાદના ભેદો અને પ્રભેદોના વિશે નિર્દેશ કરવામાં આવ્યો છે.

૩. ચારિત્તભત્તિ (ચારિત્રભક્તિ) – આમાં દસ પદ્ય છે. તેમાં ચારિત્રના સામાયિક વગેરે પાંચ પ્રકાર તથા સાધુઓના મૂલ ગુણો અને ઉત્તર ગુણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

૪. અણગારભત્તિ (અનગારભક્તિ) – ૨૩ પદ્યોની આ કૃતિને 'યોગભક્તિ' પણ કહે છે. તેમાં સાચા શ્રમણનું સ્વરૂપ જણાવ્યું છે અને તેમના સદ્ગુણોને બેત્રણથી લઈને ચૌદ સુધીના સમૂહ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યા છે. તેમની તપશ્ચર્યાનો અને ભિન્ન ભિન્ન પ્રકારની લબ્ધિઓનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કૃતિમાં ગુણધારી અનગારોનું સંકીર્તન છે.

૫. આયરિયભત્તિ (આચાર્યભક્તિ) – આમાં દસ પદ્ય છે. તેમાં આદર્શ આચાર્યનું સ્વરૂપ દર્શાવ્યું છે. તેમને ક્ષમામાં પૃથ્વી સમાન, પ્રસન્ન ભાવમાં સ્વચ્છ જલ જેવા, કર્મરૂપ બંધનને સળગાવી દેવામાં અગ્નિ તુલ્ય, વાયુ જેવા નિઃસંગ, આકાશ જેવા નિર્લેપ અને સાગરસમ અક્ષોભ્ય કહ્યા છે.

૬. પંચગુરુભત્તિ (પંચગુરુભક્તિ) – સાત પદ્યોની આ કૃતિને 'પંચપરમેટ્ઠિભત્તિ' પણ કહે છે. તેમાં અરિહંત વગેરે પાંચ પરમેષ્ઠિઓનું સ્વરૂપ દર્શાવી તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે. તેમાં પહેલાં છ પદ્ય સ્રગ્વિણી છન્દમાં છે અને અંતિમ પદ્ય આર્યામાં છે.

૭. તિત્થયરભત્તિ (તીર્થંકરભક્તિ) – આમાં[1] આઠ પદ્ય છે. તેમાં

---

૧. દશભક્ત્યાદિસંગ્રહ પૃ.૧૨-૧૩માં આ ભક્તિ આવે છે, પરંતુ ત્યાં તેનો 'ભત્તિ' રૂપે નિર્દેશ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋષભદેવથી મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોનું સંકીર્તન છે. આ ભક્તિ શ્વેતાંબરોના 'લોગસ્સ સુત્ત' સાથે મળતી આવે છે.

૮. નિવ્વાણભત્તિ (નિર્વાણભક્તિ) – આમાં ૨૭ પદ્ય છે. તેમાં ઋષભ વગેરે ચોવીસ તીર્થંકર, બલભદ્ર અને કેટલાય મુનિઓનું નામ લઈને તેમની નિર્વાણભૂમિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે આ ભક્તિ ભૌગોલિક દૃષ્ટિએ તથા પૌરાણિક માન્યતાની દૃષ્ટિએ મહત્ત્વની કૃતિ છે.[1]

ટીકા – ઉપર્યુક્ત આઠ ભક્તિઓમાંથી પ્રથમ પાંચ ઉપર પ્રભાચન્દ્રની ક્રિયાકલાપ નામની ટીકા છે. આ પાંચને અનુરૂપ સંસ્કૃત ભક્તિઓ ઉપર તથા નિર્વાણભક્તિ અને નન્દીશ્વરભક્તિ ઉપર પણ તેમની ટીકા છે. ઈતર ભક્તિઓના કર્તા કુન્દકુન્દાચાર્ય છે કે અન્ય કોઈ, એનો નિર્ણય કરવો બાકી છે. આ જ વાત બીજી સંસ્કૃત ભક્તિઓને પણ લાગુ પડે છે.

દશભક્ત્યાદિસંગ્રહમાં નીચે જણાવેલી બાર ભક્તિઓ પ્રાકૃત કંડિકા અને ક્ષેપક શ્લોક સહિત યા રહિત તથા અન્વય, હિન્દી અન્વયાર્થ અને ભાવાર્થની સાથે છે – સિદ્ધભક્તિ, શ્રુતભક્તિ, ચારિત્રભક્તિ, યોગિભક્તિ, આચાર્યભક્તિ, પંચગુરુભક્તિ, તીર્થંકરભક્તિ, શાન્તિભક્તિ, સમાધિભક્તિ, નિર્વાણભક્તિ, નન્દીશ્વરભક્તિ અને ચૈત્યભક્તિ. તે ભક્તિઓના પદ્યોની સંખ્યા ક્રમશઃ ૧૦ (૯+૧), ૩૦, ૧૦, ૮, ૧૧, ૧૧, ૫, ૧૫, ૧૮, ૩૦, ૬૦ અને ૩૫ છે.

૧. સિદ્ધભક્તિ – આમાં સિદ્ધના ગુણ, સુખ, અવગાહના આદિ બાબતો આવે છે.

૨. શ્રુતભક્તિ – આમાં પાંચ જ્ઞાનની સ્તુતિ કરવામાં આવી છે. કેવળજ્ઞાનને છોડી બાકીના જ્ઞાનોના ભેદ-પ્રભેદ અને દૃષ્ટિવાદના પૂર્વ વગેરે વિભાગોનું નિરૂપણ છે.

૩. ચારિત્રભક્તિ – આમાં જ્ઞાનાચાર વગેરે પાંચ આચારોની સ્પષ્ટતા કરવામાં આવી છે.

૪. યોગિભક્તિ – આમાં મુનિઓના વનવાસનું વર્ણન છે તથા વિવિધ ઋતુઓમાં તેમને સહન કરવા પડતા પરીષહોની બાબતોનું વર્ણન છે.

---

૧. આ આઠ ભક્તિઓનો સારાંશ અંગ્રેજીમાં પ્રવચનસારની પ્રસ્તાવના (પૃ. ૨૬-૨૮)માં ડૉ. ઉપાધ્યેએ આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. આચાર્યભક્તિ — આમાં આચાર્યના ગુણોનું વર્ણન છે.

૬. પંચગુરુભક્તિ — આમાં પાંચ પરમેષ્ઠીઓની રૂપરેખાનું આલેખન છે.

૭. તીર્થંકરભક્તિ — આમાં ઋષભ વગેરે ચોવીસ તીર્થંકરોનાં નામ આવે છે.

૮. નિર્વાણભક્તિ — આમાં મહાવીરસ્વામીના પાંચ કલ્યાણકોનું વર્ણન છે.

૯. શાન્તિભક્તિ — આમાં શાન્તિપ્રાપ્તિ, પ્રભુસ્તુતિનું ફળ, શાન્તિનાથને વંદન, આઠ પ્રાતિહાર્યોનાં નામ વગેરેનું વર્ણન છે.

૧૦. સમાધિભક્તિ — આમાં સર્વજ્ઞના દર્શનની, સંન્યાસપૂર્વક મૃત્યુની અને પરમાત્માની ભક્તિની ઈચ્છા વિશે ઉલ્લેખ છે.

૧૧. નન્દીશ્વરભક્તિ — આમાં ત્રૈલોક્યનાં ચૈત્યાલયો અને નન્દીશ્વર દ્વીપના વિષયમાં જાણકારી આપવામાં આવી છે.

૧૨. ચૈત્યભક્તિ — આમાં વિવિધ જૈન ચૈત્યાલયો અને પ્રતિમાઓનું કીર્તન અને જિનેશ્વરને મહાનદની આપવામાં આવેલી સાંગોપાંગ ઉપમા વગેરે વાતો આવે છે.

**આવશ્યકસપ્તતિ**

આને પાક્ષિકસપ્તતિ પણ કહે છે. તે મુનિચન્દ્રની રચના છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**સુખપ્રબોધિની**

આ વાદી દેવસૂરિના શિષ્ય મહેશ્વરસૂરિએ લખેલી કૃતિ છે. આની રચનામાં તેમને વજ્રસેનગણીએ સહાય કરી હતી.

**સમ્મત્તુપાયણવિહિ (સમ્યક્ત્વોત્પાદનવિધિ)**

આ કૃતિ મુનિચંદ્રસૂરિએ રચી છે. તેની ભાષા જૈન મહારાષ્ટ્રી છે. તેમાં ૨૯૫ પદ્યો છે. તેની એક પણ હસ્તલિખિત પ્રતિનો ઉલ્લેખ જિનરત્નકોશમાં નથી.

**પચ્ચક્ખાણસરૂપ (પ્રત્યાખ્યાનસ્વરૂપ)**

૩૨૯ ગાથાની[૧] આ કૃતિની[૨] રચના યશોદેવસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં વિ.સં.૧૧૮૨માં કરી છે. તે વીરગણીના શિષ્ય ચન્દ્રસૂરિના શિષ્ય હતા. આ

---

૧. જિનરત્નકોશ (વિ.૧, પૃ. ૨૬૩)માં જે ૩૯૦ ગાથાઓનો ઉલ્લેખ છે તે ભ્રાન્ત જણાય છે.

૨. ચાર સો શ્લોકપ્રમાણ આ કૃતિ સારસ્વતવિભ્રમ, દાનષટ્ત્રિંશિકા, વિસેસણવઈ (વિશેષણવતી) તથા વીસ વિંશિકાઓ સાથે ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થાએ સન્ ૧૯૨૭માં પ્રકાશિત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃતિના પ્રારંભમાં પ્રત્યાખ્યાનના પર્યાય આપવામાં આવ્યા છે. તેમાં અદ્ધાપ્રત્યાખ્યાનનું વિસ્તૃત નિરૂપણ છે. તેમાં ૧. પ્રત્યાખ્યાન લેવાની વિધિ, ૨. તદ્વિષયક વિશુદ્ધિ, ૩. સૂત્રની વિચારણા, ૪. પ્રત્યાખ્યાન પારવાની વિધિ, ૫. સ્વયં પાલન, અને ૬. પ્રત્યાખ્યાનનું ફળ આ છ બાબતો અનુક્રમથી જણાવવામાં આવી છે. આમ તેમાં છ દ્વારોનું વર્ણન છે. ત્રીજા દ્વારમાં નમસ્કાર સહિત પૌરુષી, પુરિમાર્ધ, એકાશન, એકસ્થાન, આચામ્લ, અભક્તાર્થ,ચરમ, દેશાવકાશિક, અભિગ્રહ અને વિકૃતિ આ દસનો અર્થ સમજાવ્યો છે. વચ્ચે વચ્ચે નમસ્કારસહિત પ્રત્યાખ્યાનનાં બીજાં સૂત્રો પણ આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત દાન અને પ્રત્યાખ્યાનનાં ફળના વિષયમાં દૃષ્ટાંતો પણ આપવામાં આવ્યાં છે.

૩૨૮મી ગાથામાં આવેલા નિર્દેશ અનુસાર પ્રસ્તુત કૃતિની રચના આવશ્યક, પંચાશક અને પણવત્થુ (પંચવત્થુગ)ના વિવરણના આધારે કરવામાં આવી છે.

ટીકા – આના ઉપર ૫૫૦ પદ્યોની એક અજ્ઞાતકર્તૃક વૃત્તિ છે.

સંઘપટ્ટક

જિનવલ્લભગણીએ વિવિધ છન્દોવાળાં ૪૦ પદ્યોમાં તેની[1] રચના કરી છે. તેમાં નીતિ અને સદાચારના વિષયમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ચિતોડના મહાવીર જિનાલયના એક સ્તંભ ઉપર કોતરવામાં આવેલ છે. એનું ૩૮મું પદ્ય ષડરચક્રબન્ધથી વિભૂષિત છે.

ટીકાઓ – જિનપતિસૂરિએ તેના ઉપર ૩૬૦૦ શ્લોકપ્રમાણ એક બૃહટ્ટીકા લખી છે. આ ટીકાના આધારે હંસરાજગણીએ એક ટીકા રચી છે. લક્ષ્મીસેને વિ.સં.૧૩૩૩માં ૫૦૦ શ્લોકપ્રમાણ એક લઘુટીકા લખી છે. તે હમ્મીરના પુત્ર હતા. આ ઉપરાંત સાધુકીર્તિએ પણ તેના ઉપર એક ટીકા લખી છે.

તેના ઉપર ત્રણ વૃત્તિઓ પણ મળે છે. તેમાંની એકના કર્તા જિનવલ્લભગણીના શિષ્ય છે અને બીજીના કર્તા વિવેકરત્નસૂરિ છે. ત્રીજી અજ્ઞાતકર્તૃક છે. દેવરાજે વિ.સં.૧૭૧૫માં તેના ઉપર એક પંજિકા પણ લખી છે.

---

૧. આ કૃતિ 'અપભ્રંશ કાવ્યત્રયી'ના પરિશિષ્ટના રૂપમાં સન્ ૧૯૨૭માં છપાઈ છે. તે પહેલાં જિનપતિસૂરિની બહટ્ટીકા અને કોઈએ કરેલા ગુજરાતી અનુવાદ સાથે બાલાભાઈ છગનલાલે સન્ ૧૯૦૭માં તેને છપાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અણુટ્ઠાણવિહિ (અનુષ્ઠાનવિધિ) અથવા સુહબોહસામાયારી (સુખબોધ-સામાચારી)

ધનેશ્વરસૂરિના શિષ્ય શ્રીચન્દ્રસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં મુખ્યપણે ગદ્યમાં આની[1] રચના કરી છે. સૂરિજીએ મુનિસુવ્રતસ્વામીચરિત્ર આદિ ગ્રન્થો પણ લખ્યા છે.

અવતરણોથી યુક્ત પ્રસ્તુત કૃતિ ૧૩૮૯ શ્લોકપ્રમાણ છે. તેના પ્રારંભમાં ચાર પદ્ય છે. પહેલા પદ્યમાં મહાવીરસ્વામીને નમસ્કાર કરીને અનુષ્ઠાનવિધિ કહેવાની પ્રતિજ્ઞા કરી છે. તે પછીનાં ત્રણ પદ્યોમાં આ કૃતિનાં વીસ દ્વારોનાં નામ આપવામાં આવ્યાં છે. તે દ્વારોમાં નીચે જણાવેલા વિષયોનું નિરૂપણ આવે છે.

સમ્યક્ત્વારોપણ અને વ્રતારોપણની વિધિ, ષાણ્માસિક સામાયિક, દર્શન વગેરે પ્રતિમાઓ, ઉપધાનની વિધિ[2], ઉપધાન પ્રકરણ, માલારોપણની વિધિ, ઈન્દ્રિયવિજય આદિ વિવિધ તપ[3], આરાધના, પ્રવ્રજ્યા, ઉપાસના અને લોંચની વિધિ, રાત્રિક આદિ પ્રતિક્રમણ, આચાર્ય, ઉપાધ્યાય અને મહત્તરા એ ત્રણ પદોની વિધિ, ગણની અનુજ્ઞા, યોગ, અચિત્ત પરિષ્ઠાપના અને પૌષધની વિધિ, સમ્યક્ત્વ આદિનો મહિમા તથા તેમની પ્રતિષ્ઠા[4], ધ્વજારોપણ અને કલશારોપણની વિધિ.

પ્રસ્તુત કૃતિનો ઉલ્લેખ જઈજીયકપ્પ (યતિજીતકલ્પ)ની વૃત્તિમાં સાધુરત્નસૂરિએ કર્યો છે.

સામાચારી

તિલકાચાર્યની આ કૃતિ[5] મુખ્યતઃ સંસ્કૃત ગદ્યમાં રચિત છે. તે શ્રી ચન્દ્રપ્રભસૂરિના વંશજ અને શિવપ્રભના શિષ્ય હતા. ૧૪૨૧ શ્લોકપ્રમાણ આ

---

૧. આ કૃતિ સુબોધાસામાચારીના નામથી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ સન્ ૧૯૨૨માં છપાવી છે.

૨. કોઈએ ૫૩ ગાથાઓનું જૈન મહારાષ્ટ્રીમાં આ પ્રકરણ લખ્યું છે. તેનો આરંભ 'પંચનમોક્કારે કિલ'થી થાય છે.

૩. ૩૭ પ્રકારનાં તપનું સ્વરૂપ સંસ્કૃતમાં આપવામાં આવ્યું છે. તેમાં મુકુટસપ્તમી આદિનું પણ નિરૂપણ છે.

૪. વિવિધપ્રતિષ્ઠાકલ્પના આધારે આની યોજના કરવામાં આવી છે એવું અન્તે કહ્યું છે.

૫. આ કૃતિ પ્રકાશિત છે. તેની એક તાડપત્રીય હસ્તલિખિત પ્રતિ વિ.સં.૧૪૦૯ની મળે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃતિના પ્રારંભમાં એક અને અંતમાં પ્રશસ્તિરૂપે છ શ્લોક છે. પહેલા શ્લોકમાં સમ્યગ્દર્શનનન્દી વગેરેની વિધિરૂપ સામાચારીનું કથન કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. તે પછી તેમાં નીચે જણાવેલ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે :

દેશવિરતિ-સમ્યક્ત્વારોપનન્દીની વિધિ, કેવલ દેશવિરતિનન્દીની વિધિ, શ્રાવકોનાં વ્રતોના કરોડો ભંગો સાથે શ્રાવકનાં વ્રતો અને અભિગ્રહોનાં પ્રત્યાખ્યાનોની વિધિ, ઉપાસકની પ્રતિમાઓનાં અનુજ્ઞાપનોની વિધિ, ઉપધાનની નન્દીની વિધિ, ઉપધાનની વિધિ, માલારોપણની નન્દીની વિધિ, સામાયિક અને પૌષધ લેવાની તથા તે બંનેને પારવાની વિધિ, પૌષધિક દિનકૃત્યની વિધિ, બત્રીસ પ્રકારનાં તપનું કુલક, તપનાં યન્ત્રો, કલ્યાણક, શ્રાવકનાં પ્રાયશ્ચિત્તોનું યન્ત્ર, પ્રવ્રજ્યાની વિધિ, લોંચની વિધિ, ઉપસ્થાપનાની વિધિ, રાત્રિક આદિ પ્રતિક્રમણથી ગર્ભિત સાધુ દિનચર્યા, યોગના ઉત્ક્ષેપ અને નિક્ષેપપૂર્વક યોગનન્દીની વિધિ, યોગના અનુજ્ઞાનની વિધિ, યોગના તપની વિધિ, યોગક્ષમાશ્રમણની વિધિ, યોગનાં કલ્પ્યાકલ્પ્યની વિધિ, ગણી અને યોગીના ઉપહનનની વિધિ, અનધ્યાયની વિધિ, કાલગ્રહણની વિધિ, વસતિ અને કાલના પ્રવેદનની વિધિ, સ્વાધ્યાયના પ્રસ્થાપનની વિધિ, કાલમંડલપ્રતિલેખનની વિધિ, વાચનાચાર્યના સ્થાપનની તથા તેના વિદ્યાયન્ત્રલેખનની વિધિ, આચાર્ય અને ઉપાધ્યાયની પ્રતિષ્ઠાની વિધિ અને મહત્તરાના સ્થાપનની વિધિ.

પ્રસંગવશ આ ગ્રંથમાં વર્ધમાન વિદ્યા, સંસ્કૃતમાં છ શ્લોકોનું ચૈત્યવંદન, મિથ્યાત્વના હેતુઓનું નિરૂપણ કરનારી આઠ ગાથાઓ, ઉપધાનવિધિવિષયક પીસ્તાલીસ ગાથાઓ, તપના વિશે પચીસ ગાથાઓનું કુલક, સંસ્કૃતના છત્રીસ શ્લોકોમાં રોહિણીની કથા, તેત્રીસ આગમોનાં નામ વગેરે વાતો પણ આવે છે.

## પ્રશ્નોત્તરશત અથવા સામાચારીશતક

આના[1] કર્તા સોમસુંદરગણી છે. તેમાં સો અધિકાર આવે છે અને તે અધિકારો પાંચ પ્રકાશોમાં વિભક્ત છે. આ પ્રકાશોના અધિકારોની સંખ્યા ૩૭,

---

૧. આ ગ્રન્થ સામાચારીશતક નામથી 'જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર' સંસ્થાએ સન્ ૧૯૩૯માં પ્રકાશિત કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧, ૧૭, ૨૭ અને ૧૨ છે. તેના પ્રારંભમાં દસ શ્લોક છે અને અંતે પ્રશસ્તિના રૂપમાં આઠ શ્લોક છે. મુખ્યપણે આ ગ્રન્થ ગદ્યમાં છે. આ ગ્રંથ દ્વારા ખરતરગચ્છવિષયક જાણકારી આપણને મળે છે. આ ગ્રન્થની મુદ્રિત આવૃત્તિમાં અધિકાર પ્રમાણે વિષયાનુક્રમ આપવામાં આવ્યો છે. આમ સો અધિકારો વિશે જે માહિતી આપવામાં આવી છે તેમાંથી કેટલીક નીચે મુજબ છે :

'કરેમિ ભંતે' પછી ઈર્યાપથિકી, પર્વના દિવસે જ પૌષધનું આચરણ, મહાવીરસ્વામીનાં છ કલ્યાણક, અભયદેવસૂરિના ગચ્છના રૂપે ખરતરનો ઉલ્લેખ, સાધુઓ સાથે સાધ્વીઓના વિહારનો નિષેધ, દ્વિદલવિચાર, તરુણ સ્ત્રીને મૂલ પ્રતિમાપૂજનનો નિષેધ, શ્રાવકોને અગીઆર પ્રતિમાઓ વહન કરવાનો નિષેધ, શ્રાવણ અથવા ભાદરવો અધિક હોય તો પર્યુષણ પર્વ ક્યારે કરવું, સૂરિને જ જિન પ્રતિમાની પ્રતિષ્ઠાનો અધિકાર, તિથિની વૃદ્ધિમાં આદ્ય તિથિનો સ્વીકાર, કાર્તિક બે હોય તો પ્રથમ કાર્તિકમાં ચાતુર્માસાદિક પ્રતિક્રમણ, જિન પ્રતિમાનું પૂજન, યોગોપધાનની વિધિ, ચતુર્થીના દિવસે પર્યુષણ, જિનવલ્લભ, જિનદત્ત અને જિનપતિ આ સૂરિઓની સામાચારી, પદસ્થોની વ્યવસ્થા, લોંચ, અસ્વાધ્યાય, ગુરુના સ્તૂપની પ્રતિષ્ઠાની, શ્રાવકના પ્રતિક્રમણની, પૌષધ લેવાની, દીક્ષા દેવાની અને ઉપધાનની વિધિ, સાધ્વીને કલ્પસૂત્ર વાંચવાનો અધિકાર, વિંશતિસ્થાનક તપની અને શાન્તિની વિધિ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### પડિક્કમણસામાચારી (પ્રતિક્રમણસામાચારી)

આ જિનવલ્લભગણીની જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલાં ૪૦ પદ્યોની કૃતિ છે. તેમાં પ્રતિક્રમણ વિશે વિચારણા કરવામાં આવી છે. આ સામાચારી શતક (પત્ર ૧૩૭ અ-૧૩૮ આ)માં ઉદ્ધૃત કરવામાં આવી છે.

### સામાચારી (સામાચારી)

જૈન મહારાષ્ટ્રીમાં વિરચિત ૩૦ પદ્યોની આ કૃતિના કર્તા જિનદત્તસૂરિ છે. આ ઉપર્યુક્ત સામાચારીશતક (પત્ર ૧૩૮આ-૧૩૯આ)માં ઉદ્ધૃત કરવામાં આવી છે. આ સામાચારીમાં મૂલ પ્રતિમાની પૂજાનો સ્ત્રીને નિષેધ વગેરે વાતો આવે છે.

### ૧. પોસહવિહિપયરણ (પૌષધવિધિપ્રકરણ)

આ પણ ઉપર્યુક્ત જિનવલ્લભગણીની કૃતિ છે. તેનો સારાંશ પંદર પદ્યોમાં જિનપ્રભસૂરિએ વિહિમગ્ગપ્પવા (વિધિમાર્ગપ્રપા)ના પૃ. ૨૧-૨૨ ઉપર આપ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને તેના ચૌદમા પદ્યમાં જિનવલ્લભસૂરિકૃત 'પોસહવિહિપયરણ' જોવાનો નિર્દેશ કર્યો છે. આમાં પૌષધની વિધિનો વિચાર કરવામાં આવ્યો છે.

ટીકા – આના ઉપર જિનમાણિક્યસૂરિના શિષ્ય જિનચન્દ્રસૂરિએ વિ.સં.૧૬૧૭માં ૩૫૫૫ શ્લોકપ્રમાણ એક ટીકા લખી છે.

૨. પોસહવિહિપયરણ (પૌષધવિધિપ્રકરણ)

જૈન મહારાષ્ટ્રીમાં દેવભદ્રરચિત આ કૃતિમાં ૧૧૮ પદ્ય છે. આ નામની એક કૃતિ ચક્રેશ્વરસૂરિએ ૯૨ પદ્યોમાં રચી છે. આ બંનેનો વિષય પૌષધની વિધિની વિચારણા છે.

પોસહિયપાયચ્છિત્તસામાયારી (પૌષધિકપ્રાયશ્ચિત્તસામાચારી)

અજ્ઞાતકર્તૃક આ કૃતિમાં જૈન મહારાષ્ટ્રીમાં ૧૮ પદ્ય છે.

ટીકા – આના ઉપર તિલકાચાર્યે એક વૃત્તિ લખી છે.

સામાયારી (સામાચારી)

જિનદત્તસૂરિના પ્રશિષ્ય જિનપતિસૂરિએ જૈન મહારાષ્ટ્રીના ૭૯ પદ્યોમાં આ કૃતિ રચી છે. સામાચારીશતક (પત્ર ૧૩૯ આ-૧૪૧ આ)માં આને ઉદ્ધૃત કરવામાં આવી છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વિહિમગ્ગપ્પવા (વિધિમાર્ગપ્રપા)

જિનપ્રભસૂરિએ પ્રાયઃ જૈન મહારાષ્ટ્રીમાં[1] કોશલ (અયોધ્યા)માં વિ.સં.૧૩૬૩માં આની[2] રચના કરી હતી. તે ૩૫૭૫ શ્લોકપ્રમાણ છે. 'વિધિમાર્ગ' ખરતરગચ્છનું બીજું નામ છે. આમ આ કૃતિમાં ખરતરગચ્છના અનુયાયીઓના વિધિવિધાનનો નિર્દેશ છે. આ રચના પ્રાયઃ ગદ્યમાં છે. પ્રારંભના પદ્યમાં કહેવામાં આવ્યું છે કે આ શ્રાવકો અને સાધુઓની સામાચારી છે. અન્તે સોળ પદ્યોની પ્રશસ્તિ છે. તેમાં પ્રથમ છ પદ્યોમાં પ્રસ્તુત કૃતિ જે ૪૧ દ્વારોમાં વિભક્ત છે તેમનાં નામ આવે છે અને તેરમા પદ્યમાં કર્તાએ સરસ્વતી અને પદ્માવતીને પ્રાર્થના કરી છે કે તેઓ શ્રુતની ઋદ્ધિ સમર્પિત કરે. ઉપર્યુક્ત ૪૧ દ્વારોમાં નીચે જણાવેલા વિષયોને સ્થાન મળ્યું છે :

---

૧. મુદ્રાવિધિ નામના ૩૭મા દ્વારનું નિરૂપણ સંસ્કૃતમાં છે (પૃ. ૧૧૪-૧૧૬)

૨. આ 'જિનદત્તસૂરિ ભંડાર ગ્રન્થમાલા'માં સન્ ૧૧૪૧માં પ્રકાશિત થઈ છે. તેનો પ્રથમાદર્શ કર્તાના શિષ્ય ઉદયાકરગણીએ લખ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. સમ્યક્ત્વારોપણની વિધિ, ૨. પરિગ્રહના પરિમાણની વિધિ, ૩. સામાયિકના આરોપણની વિધિ, ૪. સામાયિક લેવાની અને પારવાની વિધિ, ૫. ઉપધાનનિક્ષેપણની વિધિ, ૬. ઉપધાનસામાચારી, ૭. ઉપધાનની વિધિ, ૮. માલારોપણની વિધિ, ૯. પૂર્વાચાર્યકૃત ઉવહાણપઈટ્ઠાપંચાશય[1] (ઉપધાનપ્રતિષ્ઠાપંચાશક), ૧૦. પૌષધની વિધિ, ૧૧. દૈવસિક પ્રતિક્રમણની વિધિ, ૧૨. પાક્ષિક પ્રતિક્રમણની વિધિ, ૧૩. રાત્રિક પ્રતિક્રમણની વિધિ, ૧૪. તપ[2] કરવાની વિધિ, ૧૫. નન્દીની રચનાની વિધિ, ૧૬. પ્રવ્રજ્યાની વિધિ, ૧૭. લોંચ કરવાની વિધિ, ૧૮. ઉપયોગની વિધિ, ૧૯. આદ્ય અટનની વિધિ, ૨૦. ઉપસ્થાપનાની વિધિ, ૨૧. અનધ્યાયની વિધિ, ૨૨. સ્વાધ્યાયપ્રસ્થાપનની વિધિ, ૨૩. યોગનિક્ષેપની વિધિ, ૨૪. યોગની વિધિ, ૨૫. કલ્પ-તિપ્પ સામાચારી, ૨૬. યાચનાની વિધિ, ૨૭. વાચનાચાર્યની સ્થાપનાની વિધિ, ૨૮. ઉપાધ્યાયની સ્થાપનાની વિધિ, ૨૯. આચાર્યની[3] સ્થાપનાની વિધિ, ૩૦. પ્રવર્તિની અને મહત્તરાની સ્થાપનાની વિધિ, ૩૧. ગણની અનુજ્ઞાની વિધિ, ૩૨. અનશનની વિધિ[4], ૩૩. મહાપારિષ્ઠાપનિકાની[5] વિધિ, ૩૪. પ્રાયશ્ચિત્તની વિધિ, ૩૫. જિનબિંબની પ્રતિષ્ઠાની વિધિ, ૩૬. સ્થાપનાચાર્યની પ્રતિષ્ઠાની વિધિ, ૩૭. મુદ્રાવિધિ, ૩૮. ચોસઠ યોગિનીઓના નામોલ્લેખ સાથે એમના ઉપશમપ્રકાર, ૩૯. તીર્થયાત્રાની વિધિ, ૪૦. તિથિની વિધિ અને ૪૧. અંગવિદ્યાસિદ્ધિની વિધિ.

આ દ્વારોમાં નિરૂપિત વિષયોના ત્રણ વિભાગ કરી શકાય. ૧થી ૧૨ દ્વારોમાં આવતા વિષયોનો મુખ્યપણે શ્રાવકના જીવનની સાથે સંબંધ છે, ૧૩થી ૨૯ સુધીનાં દ્વારોમાં આવતા વિષયોનો મુખ્યપણે સાધુજીવનની સાથે સંબંધ છે, જ્યારે ૩૦થી ૪૧ સુધીનાં દ્વારોમાં આવતા વિષયોનો સંબંધ શ્રાવક અને સાધુ બંનેના જીવન સાથે છે.

---

૧. આમાં ૫૧ પદ્ય જૈન મહારાષ્ટ્રીમાં છે.
૨. આમાં અનેક પ્રકારનાં તપોનાં નામ આવે છે. મુકુટસપ્તમી વગેરે તપ અનાદરણીય છે, એમ પણ કહ્યું છે.
૩. આ વિષયમાં અનુશિષ્ટિના રૂપમાં પૃ. ૬૮થી ૭૧ ઉપર જે ૩થી ૫૫ ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે તે મનનીય છે.
૪. આમાં કાલધર્મપ્રાપ્ત સાધુના શરીરના અંતિમ સંસ્કારનું નિરૂપણ છે.
૫. આની રચના વિનયચંદ્રસૂરિના ઉપદેશથી કરવામાં આવી છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાંય દ્વારોના ઉપવિષયો 'વિષયાનુક્રમ'માં દર્શાવ્યા છે. ઉદાહરણાર્થ – પાંચમા દ્વારમાં પંચમંગલઉપધાન; ચોવીસમા દ્વારમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ વગેરે ચાર અંગ, નિશીથાદિ છેદસૂત્ર, છઠ્ઠાથી અગીઆરમું અંગ, ઔપપાતિક વગેરે ઉપાંગ, પ્રકીર્ણક, મહાનિશીથની વિધિ અને યોગવિધાન પ્રકરણ; ચોત્રીસમા દ્વારમાં જ્ઞાનાતિચાર, દર્શનાતિચાર અને મૂલગુણ સંબંધી પ્રાયશ્ચિત્તો, પિંડાલોચનાવિધાન પ્રકરણ, ઉત્તરગુણ, વીર્યાચાર અને દેશવિરતિનાં પ્રાયશ્ચિત્તો અને આલોચનાગ્રહણવિધિપ્રકરણ તથા ૩૫મા દ્વારમાં પ્રતિષ્ઠાવિધિસંગ્રહગાથા, અધિવાસનાધિકાર, નન્ધાવર્તલેખન, જલાનયન, કલશારોપણ અને ધ્વજારોપણની વિધિ, પ્રતિષ્ઠોપકરણસંગ્રહ, કૂર્મપ્રતિષ્ઠાવિધિ, પ્રતિષ્ઠાસંગ્રહકાવ્ય, પ્રતિષ્ઠાવિધિગાથા અને કહારયણકોસ (કથારત્નકોશ)માંથી ધ્વજારોપણવિધિ.

પ્રસ્તુત કૃતિમાં કઈ રચનાઓ સમગ્રરૂપે અથવા અંશતઃ સંગૃહીત કરવામાં આવી છે, તેની નોંધ નીચે મુજબ છે. ઉપધાનની વિધિ નામના સાતમા દ્વારના નિરૂપણમાં માનદેવસૂરિકૃત ૫૪ ગાથાઓનું 'ઉવહાણવિહિ'[1] નામનું પ્રકરણ, નવમા દ્વારમાં ૫૧ ગાથાઓનું 'ઉવહાણપઈટ્ઠાપંચાસય'[2],નન્દિરચનાવિધિ નામના પંદરમા દ્વારમાં ૩૬ ગાથાઓનું 'અરિહાણાદિથોત્ત'[3],યોગવિધિ નામના ચાળીસમા દ્વારના નિરૂપણમાં ઉત્તરાધ્યયનનું ૧૩ ગાથાઓનું ચોથું અધ્યયન[4], પ્રતિષ્ઠાવિધિ નામના પાંત્રીસમા દ્વારના નિરૂપણમાં 'કહારયણકોસ'માંથી ૫૦ ગાથાઓનું 'ધયારોવણવિહિ'[5] (ધ્વજારોપણવિધિ) નામનું પ્રકરણ તથા ચંદ્રસૂરિકૃત સાત પ્રતિષ્ઠાસંગ્રહકાવ્ય.[6] ૬૮ ગાથાઓનું જે 'જોગવિહાણપયરણ' પૃ. ૫૮થી ૬૨ ઉપર આવે છે તે સ્વયં ગ્રન્થકારની રચના હશે એવું અનુમાન થાય છે.

## પ્રતિક્રમણક્રમવિધિ

સોમસુન્દરસૂરિના શિષ્ય જયચન્દ્રસૂરિએ વિ.સં.૧૫૦૬માં આની[7] રચના કરી છે. એનું આ નામ ઉપાન્ત્ય પદ્યમાં દેખાય છે. તેના પ્રારંભમાં એક પદ્ય

૧. જુઓ પૃ. ૧૨-૧૪
૨. જુઓ પૃ. ૧૬-૧૯
૩. જુઓ પૃ. ૩૧-૩૩
૪. જુઓ પૃ. ૪૯-૫૦
૫. જુઓ પૃ. ૧૧૧-૧૧૪
૬. જુઓ પૃ. ૧૧૦-૧૧૧
૭. આ કૃતિ 'પ્રતિક્રમણગર્ભહેતુ' નામે શ્રી પાનાચંદ વહાલજીએ સન્ ૧૮૯૨માં છપાવી છે. તેનો 'પ્રતિક્રમણહેતુ' નામથી ગુજરાતી સાર જૈન ધર્મ પ્રસારક સભાએ સન્ ૧૯૦૫માં પ્રકાશિત કર્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને અન્તે ત્રણ પદ્ય છે. આ ઉપરાંત અંતિમ ભાગમાં પ્રતિક્રમણના આઠ પર્યાયોના વિષયમાં એક એક દૃષ્ટાન્ત પદ્યમાં છે, પત્ર ૨૪ આ અને ૨૫ અમાં આવેલા ઉલ્લેખ અનુસાર આ દૃષ્ટાન્તો આવશ્યકની લઘુવૃત્તિમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.

મુખ્યપણે ગદ્યાત્મક આ કૃતિમાં પ્રતિક્રમણનાં સૂત્રોના ક્રમના પ્રયોજન ઉપર તથા પ્રતિક્રમણમાં અમુક ક્રિયા પછી અમુક ક્રિયા શા માટે કરવામાં આવે છે તેના ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. વચ્ચે વચ્ચે ઉદ્ધરણો પણ આપવામાં આવ્યાં છે. અહીં પ્રતિક્રમણથી આવશ્યક અભિપ્રેત છે. આ આવશ્યક સામાયિક આદિ છ અધ્યયનાત્મક છે. આ સામાયિક આદિ વડે જ્ઞાનાચાર આદિ પાંચ આચારોમાંથી કોની શુદ્ધિ થાય છે એ બતાવ્યું છે. દેવવંદનના બાર અધિકાર, કાયોત્સર્ગના ૧૯ દોષ, વંદનકના ૩૨ દોષ, દૈવસિક આદિ પાંચ પ્રતિક્રમણોની વિધિ, પ્રતિક્રમણના પ્રતિક્રમણ, પ્રતિચારણા, પ્રતિહરણા, વારણા, નિવૃત્તિ, નિન્દા, ગર્હા અને શુદ્ધિ એ આઠ પર્યાય અને તેમાંથી પહેલા સાતની સ્પષ્ટતા કરવા માટે અનુક્રમે માર્ગ, પ્રાસાદ, દૂધનું શીકું, વિષભોજન, બે કન્યા, ચિત્રકારની પુત્રી અને પતિઘાતક સ્ત્રી એ સાત દૃષ્ટાન્ત તથા આઠમા પર્યાયના બોધ માટે વસ્ત્ર અને ઔષધિનાં બે દૃષ્ટાન્ત આપવામાં આવ્યાં છે. અન્તે ગન્ધર્વ નાગદત્ત અને વૈદ્યનાં દૃષ્ટાન્તો આપ્યાં છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### પર્યુષણાવિચાર

હર્ષસેનગણીના શિષ્ય હર્ષભૂષણગણીની આ કૃતિ છે. તેને પર્યુષણાસ્થિતિ અને વર્તિતભાદ્રપદપર્યુષણાવિચાર પણ કહે છે. તેની રચના વિ.સં.૧૪૮૬માં થઈ છે. તેમાં ૨૫૮ પદ્યો છે. તેમાં પર્યુષણાના વિશે વિચાર કરવામાં આવ્યો છે.

### શ્રાદ્ધવિધિવિનિશ્ચય

આ પણ ઉપર્યુક્ત હર્ષભૂષણગણીની કૃતિ છે. તેની રચના વિ.સં.૧૪૮૦માં થઈ છે.

### દશલાક્ષણિકવ્રતોદ્યાપન

આના[1] કર્તા અભયનન્દીના શિષ્ય સુમતિસાગર છે. તેનો પ્રારંભ 'વિમલગુણ-સમૃદ્ધ' થી કરવામાં આવ્યો છે. તેમાં ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ,

૧. આને 'શાન્તિસાગર દિગંબર ગ્રન્થમાલા' (સન્ ૧૯૫૪)ના 'દિગંબર જૈન વ્રતોદ્યાપનસંગ્રહ'ની બીજી આવૃત્તિના અંતે આપવામાં આવેલ છે. તેમાં આશાધરકૃત મહાભિષેક, મહીચન્દ્રશિષ્ય જયસાગરકૃત રવિવ્રતોદ્યાપન તથા શ્રીભૂષણકૃત ષોડશકારણવ્રતોદ્યાપન પણ છપાયાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દસ પ્રકારના ધર્માંગોના વિષયમાં એક એક પૂજા અને તેના અંતે જયમાલા તથા અન્તે સમુચ્ચય જયમાલા આમ વિવિધ વિષય આવે છે. જયમાલા સિવાય આખો ગ્રન્થ પ્રાયઃ સંસ્કૃતમાં છે.

**દશલક્ષણવ્રતોદ્યાપન**

આ કૃતિ જ્ઞાનભૂષણની છે. તેને દશલક્ષણોદ્યાપન પણ કહે છે. તેમાં ક્ષમા વગેરે દસ ધર્માંગો વિશે માહિતી આપી છે.

**૧. પઈટ્ઠાકપ્પ (પ્રતિષ્ઠાકલ્પ)**

ભદ્રબાહુસ્વામીએ આની રચના કરી હતી એવો ઉલ્લેખ સકલચંદ્રગણીકૃત પ્રતિષ્ઠાકલ્પને અંતે આવે છે.

**૨. પ્રતિષ્ઠાકલ્પ**

આ શ્યામાચાર્યની રચના છે એવું સકલચંદ્રગણીએ પોતાના ગ્રન્થ 'પ્રતિષ્ઠાકલ્પ'ના અંતે કહ્યું છે.

**૩. પ્રતિષ્ઠાકલ્પ**

આ કૃતિ હરિભદ્રસૂરિની કહેવાય છે. સકલચંદ્રગણીએ પોતાના 'પ્રતિષ્ઠાકલ્પ'ના અંતે જે હરિભદ્રસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પનો ઉલ્લેખ કર્યો છે તે આ જ હશે. પરંતુ આ કૃતિ હજુ સુધી મળી નથી.

**૪. પ્રતિષ્ઠાકલ્પ**

આ કૃતિને કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિકૃત માનવામાં આવે છે. સકલચંદ્રગણીકૃત પ્રતિષ્ઠાકલ્પના અંતે આનો ઉલ્લેખ છે, એવું લાગે છે.

**૫. પ્રતિષ્ઠાકલ્પ**

આ ગુણરત્નાકરસૂરિની રચના છે. તેનો ઉલ્લેખ સકલચંદ્રગણીકૃત પ્રતિષ્ઠાકલ્પના અંતે છે.

**૬. પ્રતિષ્ઠાકલ્પ**

આ કૃતિ ભાવનન્દીની રચના કહેવાય છે.

**૭. પ્રતિષ્ઠાકલ્પ**

આ હસ્તિમલ્લની રચના છે.

**૮. પ્રતિષ્ઠાકલ્પ**

આ હીરવિજયસૂરિના શિષ્ય સકલચન્દ્રગણીની કૃતિ[1] છે. તેમણે ગણધરસ્તવન, બાર ભાવના, મુનિશિક્ષાસ્વાધ્યાય, મૃગાવતી-આખ્યાન (વિ.સં.૧૬૪૪),

---

૧. જુઓ – જિનરત્નકોશ, વિભાગ ૧, પૃ. ૨૬૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાસુપૂજ્યજિનપુણ્યપ્રકાશરાસ (વિ.સં.૧૬૭૧), વીરજિન હમચડી, વીરહુંડી-સ્તવન, સત્તરભેદીપૂજા, સાધુકલ્પલતા (વિ.સં.૧૬૮૨) અને હીરવિજયસૂરિદેશનાસુરવેલિ (વિ.સં.૧૬૯૨) ગ્રંથોની રચના કરી છે.

આ પ્રતિષ્ઠાકલ્પના પ્રારંભમાં જિનબિંબની પ્રતિષ્ઠા અને પૂજાવિધિ કહેવાની પ્રતિજ્ઞા કરી છે. ત્યાર પછી નીચે જણાવેલા વિષયો તેમાં આવે છે.

પ્રતિષ્ઠા કરનાર શ્રાવકનું લક્ષણ, પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું લક્ષણ, સ્નાત્રના પ્રકાર, મંડપનું સ્વરૂપ, ભૂમિનું શોધન, વેદિકા, દાતણ વગેરેના મંત્ર, પહેલા દિવસની વિધિ – જલયાત્રા, કુંભસ્થાપનની વિધિ; બીજા દિવસની વિધિ – નન્દ્યાવર્તનું પૂજન; ત્રીજા દિવસની વિધિ – ક્ષેત્રપાલ, દિક્પાલ, ભૈરવ, સોળ વિદ્યાદેવી અને નવગ્રહોનું પૂજન; ચોથા દિવસની વિધિ – સિદ્ધચક્રનું પૂજન; પાંચમા દિવસની વિધિ – વીસ સ્થાનકનું પૂજન; છઠ્ઠા દિવસની વિધિ – ચ્યવનકલ્યાણકની વિધિ, ઈન્દ્ર અને ઈન્દ્રાણીનું સ્થાપન, ગુરુનું પૂજન, ચ્યવનમંત્ર, પ્રાણપ્રતિષ્ઠા; સાતમા દિવસની વિધિ – જન્મકલ્યાણકની વિધિ, શુચીકરણ, સકલીકરણ, દિક્કુમારીઓ, ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓનો ઉત્સવ; આઠમા દિવસની વિધિ – અઢાર અભિષેક અને અઢાર સ્નાત્ર; નવમા દિવસની વિધિ – કેવલજ્ઞાનકલ્યાણક, અંજનવિધિ, નિર્વાણકલ્યાણક, જિનબિંબની સ્થાપના અને દષ્ટિ, સકલીકરણ, શુચિવિધિ, બલિવિષયક મંત્ર, સંક્ષિપ્ત પ્રતિષ્ઠાવિધિ, જિનબિંબના પરિકર, કલશના આરોપણ તેમ જ ધ્વજારોપણની વિધિ, ધ્વજાદિવિષયક મંત્ર, ધ્વજાદિનું પરિમાણ અને ચોત્રીસનું યંત્ર.[1]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. આ યંત્ર નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૫ | ૧૬ | ૩ | ૧૦ |
| ૪ | ૯ | ૬ | ૧૫ |
| ૧૪ | ૭ | ૧૨ | ૧ |
| ૧૧ | ૨ | ૧૩ | ૮ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રન્થના અન્તે ગુણરત્નાકરસૂરિ, જગચ્ચન્દ્રસૂરિ, શ્યામાચાર્ય, હરિભદ્રસૂરિ અને હેમચન્દ્રસૂરિ દ્વારા રચિત ભિન્ન ભિન્ન પ્રતિષ્ઠાકલ્પોનો આધાર લીધો હોવાનો અને વિજયદાનસૂરિની સમક્ષ તેમની સાથે મેળવી લીધો હોવાનો ઉલ્લેખ છે.[1]

**પ્રતિષ્ઠાસારસંગ્રહ**

વસુનન્દીએ લગભગ ૭૦૦ શ્લોકોમાં આની રચના કરી છે. આ છ વિભાગોમાં વિભક્ત છે. આ કૃતિનો ઉલ્લેખ આશાધરે જિનયજ્ઞકલ્પમાં કર્યો છે.

ટીકા — આના ઉપર એક સ્વોપજ્ઞવૃત્તિ છે.

**જિનયજ્ઞકલ્પ**

આની[2] રચના આશાધરે વિ.સં.૧૨૮૫માં કરી છે. તેને પ્રતિષ્ઠાકલ્પ યા પ્રતિષ્ઠાસારોદ્ધાર પણ કહે છે. તેમાં વસુનન્દીની આ વિષયની પ્રતિષ્ઠાસારસંગ્રહ નામની કૃતિનો ઉલ્લેખ છે.

**રત્નત્રયવિધાન**

આ પણ આશાધરની કૃતિ છે. તેને 'રત્નત્રયવિધિ' પણ કહે છે. તેનો ઉલ્લેખ આશાધરે ધર્મામૃતની પ્રશસ્તિમાં કર્યો છે.

**સૂરિમંત્ર**

આના[3] સંબંધમાં વિધિમાર્ગપ્રપા (પૃ.૬૭)માં કહ્યું છે કે આ સૂરિમન્ત્ર મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને ૨૧૦૦ અક્ષરપ્રમાણ કહ્યો હતો અને તેમણે (ગૌતમસ્વામીએ) તે મન્ત્રને ૩૨ શ્લોકોમાં ગૂંથ્યો હતો. તે ધીમે ધીમે ઘટતો જાય છે અને દુઃપ્રસહ મુનિના સમયમાં તે અઢી શ્લોકપ્રમાણ રહેશે.

આ મંત્રમાં પાંચ પીઠ છે : ૧. વિદ્યાપીઠ, ૨. મહાવિદ્યા — સૌભાગ્યપીઠ, ૩. ઉપવિદ્યા — લક્ષ્મીપીઠ, ૪. મંત્રયોગ — રાજપીઠ, અને ૫. સુમેરુપીઠ.

---

૧. મૂળ કૃતિનો કોઈએ ગુજરાતી અનુવાદ કર્યો છે. સોમચંદ હરગોવિંદદાસ અને છબીલદાસ કેસરીચંદ સંઘવી આ મૂલ કૃતિના સંયોજક અને પ્રકાશક છે. તેમણે આ ગુજરાતી અનુવાદ વિ.સં. ૨૦૧૨માં પ્રકાશિત કર્યો છે. તેમાં જિનભદ્રા, પરમેષ્ઠિમુદ્રા વગેરે ઓગણીસ મુદ્રાઓનાં ચિત્રો આપ્યાં છે. પહેલી પટ્ટિકા ઉપર ચ્યવન અને જન્મકલ્યાણકોનું એક એક ચિત્ર છે અને બીજી ઉપર કેવલજ્ઞાનકલ્યાણક તથા અંજનક્રિયાનું એક એક ચિત્ર છે.

૨. આ કૃતિ શ્રી મનોહર શાસ્ત્રીએ વિ.સં.૧૯૭૪માં પ્રકાશિત કરી છે.

૩. આ પ્રકાશિત છે. (જુઓ પછીની ટિપ્પણી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદેશવિવરણ — આને સૂરિવિદ્યાકલ્પ પણ કહે છે. તેની રચના જિનપ્રભસૂરિએ કરી છે. એવું લાગે છે કે આને જ સૂરિમન્ત્રબૃહત્કલ્પવિવરણના નામે પ્રકાશિત કરવામાં આવેલ છે.

## સૂરિમન્ત્રકલ્પ

આની રચના જિનપ્રભસૂરિએ કરી છે એવું તેમણે પોતે જ વિધિમાર્ગપ્રપા (પૃ.૬૭)માં લખ્યું છે.

## સૂરિમન્ત્રબૃહત્કલ્પવિવરણ

આ જિનપ્રભસૂરિની રચના[1] છે. તેમાં સૂરિમંત્રના અક્ષરોનો ફલાદેશ ક્યારેક ગદ્યમાં તો ક્યારેક પદ્યમાં દર્શાવ્યો છે. પ્રારંભમાં 'અર્હન્'ને નમસ્કાર કરીને સૂરિમંત્રના કલ્પના તથા આમ્નાના ઉપદેશના આધારે સંપ્રદાયનો અંશ બતાવવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. ત્યાર પછી વિદ્યાપીઠ, વિદ્યા, ઉપવિદ્યા, મંત્રપીઠ અને મંત્રરાજ આ પાંચ પ્રસ્થાનોનો ઉલ્લેખ કરી પાંચ પ્રસ્થાનોનાં નાન્દીપદોની સંખ્યા દર્શાવી છે. જિનપ્રભસૂરિએ પોતાને સોળ નાન્દીપદ અભિપ્રેત છે એમ કહીને તેમનો ઉલ્લેખ કર્યો છે. તેમાં વિવિધ રોગોને દૂર કરવાની વિધિ બતાવવામાં આવી છે.

## વર્ધમાનવિદ્યાકલ્પોદ્ધાર

આનો[2] ઉદ્ધાર વાચક ચન્દ્રસેને કર્યો છે. તેના પ્રારંભમાં ઉપાધ્યાય, વાચનાચાર્ય, મહત્તરા અને પ્રવર્તિનીના નિત્યકૃત દર્શાવ્યાં છે. ત્યાર પછી

---

૧. આ કૃતિ ડાહ્યાભાઈ મહોકમલાલે અમદાવાદથી સન્ ૧૯૩૪માં પ્રકાશિત કરી છે. તેનું સંશોધન મુનિ (હવે સૂરિ) શ્રી પ્રીતિવિજયજીએ કર્યું છે. તેમાં કોઈ કોઈ પંક્તિ ગુજરાતીમાં દેખાય છે. સંભવતઃ તે સંશોધકે જોડી દીધી હશે. ક્યાંક ક્યાંક જૈન મહારાષ્ટ્રીમાં લખેલું જણાય છે. શલ્યોદ્ધાર તથા નિધિનિર્ણયના સંબંધમાં કેટલાંય કોષ્ઠકો આપવામાં આવ્યાં છે. અન્તે સૂરિમન્ત્ર છે.

૨. આ કૃતિ જિનપ્રભસૂરિકૃત બૃહત્ હ્રીંકારકલ્પવિવરણની સાથે 'સૂરિમંત્રયંત્રસાહિત્યાદિગ્રન્થાવલિ' પુષ્પ ૮-૯માં શ્રી ડાહ્યાભાઈ મહોકમલાલે અમદાવાદથી પ્રકાશિત કરી છે. તેમાં પ્રકાશનવર્ષ આપ્યું નથી. તેમાં જિનપ્રભસૂરિકૃત 'વદ્ધમાણવિજ્જાથવણ' પણ છપાયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂમિશુદ્ધિ, સકલીકરણ, વજસ્વામીચરિત અને ત્રીજી પીઠમાં સૂચિત વર્ધમાનવિદ્યાકલ્પની દેવતાવસરવિધિ, વર્ધમાનવિદ્યાસમ્પ્રદાય, દ્વિતીયા અને તૃતીયા વર્ધમાનવિદ્યા, વર્ધમાનયંત્ર, મંત્રની શુદ્ધિ, પ્રાફસેવા, બૃહત્ વર્ધમાનવિદ્યા અને ગૌતમવાક્ય – આ રીતે વિવિધ વાતો કહેવામાં આવી છે. આ ઉપરાંત આ કૃતિમાં કેટલીક મુદ્રાઓનો પણ ઉલ્લેખ છે.[1]

## બૃહત્ હ્રીંકારકલ્પ

'હ્રીંકારેણ વિના યન્ત્ર'થી આ મૂળ કૃતિનો[2] આરંભ થાય છે, એવું લાગે છે. જો એમ ન હોય તો જિનપ્રભસૂરિ દ્વારા રચિત વિવરણના ગદ્યાત્મક ભાગની પછીનું આ આદ્ય પદ્ય છે. પ્રારંભમાં આ પ્રકારનો મંત્ર આપ્યો છે – "ૐ ह्रीं ऐं त्रैलोक्यमोहिनी चामुण्डा महादेवी सुरवन्दनी ह्रीं ऐं स्वाहा !" આના પછી પૂજાવિધિ, ધ્યાનવિધિ, માયાબીજમંત્રના આરાધનની વિધિ, હોમની વિધિ, માયાબીજના ત્રણ સ્તવન, માયાબીજકલ્પ, હવનની વિધિ, પરમેષ્ઠિચક્રના વિષયમાં લાલ, પીળી વગેરે માયાબીજસાધનવિધિ, ચોર વગેરેથી રક્ષણ, વશ્યમંત્રની વિધિ, આકર્ષણની વિધિ, હ્રીંકારવિધાન, હ્રીંલેખાકલ્પ અને માયાકલ્પ આ રીતી વિવિધ વાતો આવે છે.

ટીકા – આ મૂળ કૃતિના ઉપર જિનપ્રભસૂરિએ એક વિવરણ લખ્યું છે. તેમાં કેટલોક ભાગ સંસ્કૃતમાં છે તો કેટલોક ભાગ ગુજરાતીમાં છે. ઉપર્યુક્ત વિષયોમાંથી મૂળના કયા અને વિવરણના કયા, એ સ્પષ્ટપણે કહી શકાતું નથી, કારણ કે મુદ્રિત પુસ્તકમાં મોટા ટાઈપમાં જે પદ્ય છપાયાં છે તે મૂળના છે કે નહિ તે વિચારણીય છે.

---

૧. 'વર્ધમાનવિદ્યાપટ'ના વિષયમાં એક લેખ ડૉ. ઉમાકાન્ત શાહે લખ્યો છે અને તે Journal of the Indian Society of Oriental Arts, Vol.IXમાં સન્ ૧૯૪૧માં પ્રકાશિત થયો છે.

૨. આ કૃતિ યા એનું જિનભદ્રસૂરિકૃત વિવરણ યા તે બંને 'બૃહત્હ્રીંકારકલ્પવિવરણમ્ તથા (વાચક ચન્દ્રસેનોદ્ધૃત) 'વર્ધમાનવિદ્યાકલ્પ'ના નામથી જે પુસ્તક 'શ્રીસૂરિમન્ત્રયન્ત્ર-સાહિત્યાદિ-ગ્રન્થાવલિ', પુષ્પ ૮-૯ છપાયું છે તેમાં દેખાય છે. તેનું પ્રકાશન વર્ષ આપ્યું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. વર્ધમાનવિદ્યાકલ્પ

અનેક અધિકારોમાં વિભક્ત આ કૃતિ[૧] યશોદેવસૂરિના શિષ્ય વિબુધચન્દ્રના શિષ્ય અને ગણિતતિલકના વૃત્તિકાર સિંહતિલકસૂરિએ લખી છે. તેના પ્રારંભના ત્રણ અધિકારોમાં અનુક્રમે ૮૯, ૭૭ અને ૩૬ પદ્ય છે.

૨. વર્ધમાનવિદ્યાકલ્પ

આ નામની એક કૃતિ યશોદેવે તથા બીજા કોઈએ પણ લખી છે.

મંત્રરાજરહસ્ય

૮૦૦ શ્લોકપ્રમાણ આ કૃતિ ઉપર્યુક્ત સિંહતિલકસૂરિએ 'ગુણ-ત્રય-ત્રયોદશ' અર્થાત્ વિ.સં.૧૩૩૩માં લખી છે.

ટીકા – આના ઉપર સ્વયં કર્તાએ લીલાવતી નામની વૃત્તિ લખી છે.

વિદ્યાનુશાસન

આ જિનસેનના શિષ્ય મલ્લિષેણની કૃતિ છે. તે ચોવીસ પ્રકરણોમાં વિભક્ત છે. તેમાં ૫૦૦૦ મંત્ર છે.[૨]

વિદ્યાનુવાદ

આ વિવિધ યંત્ર, મંત્ર અને તંત્રની સંગ્રહાત્મક કૃતિ[૩] છે. આ સંગ્રહ સુકુમારસેન નામના કોઈ મુનિએ કર્યો છે. તેમાં 'વિજ્જાણુવાય' પૂર્વમાંથી અવતરણો આપવામાં આવ્યાં છે. આ સંગ્રહમાં કહ્યું છે કે ઋષભ આદિ ચોવીસ તીર્થંકરોની એક એક શાસનદેવીના સંબંધમાં એક એક કલ્પની રચના કરવામાં આવી હતી. સુકુમારસેને અંબિકાકલ્પ, ચક્રેશ્વરીકલ્પ, જ્વાલામાલિનીકલ્પ અને ભૈરવપદ્માવતીકલ્પ આ ચાર કલ્પો દેખ્યા હતા.[૪]

---

૧. આ કૃતિ સિંહતિલકસૂરિની જ વૃત્તિ સાથે સંપાદિત થઈને ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝમાં સન્ ૧૯૩૭માં પ્રકાશિત થઈ છે.

૨. જુઓ 'અનેકાન્ત' વર્ષ ૧, પૃ. ૪૨૯

૩. આની કેટલીય પ્રતો અજમેર અને જયપુરના ભંડારોમાં છે, એવું પં. ચન્દ્રશેખર શાસ્ત્રીએ 'ભૈરવપદ્માવતીકલ્પ'ની પ્રસ્તાવનામાં (પૃ.૭) કહ્યું છે.

૪. આ પરિચય ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ.૮)ના આધારે આપ્યો છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભૈરવપદ્માવતીકલ્પ

જિનસેનના શિષ્ય મલ્લિષેણે આની[1] રચના કરી છે. આ જિનસેન કનકસેનગણીના શિષ્ય અને અજિતસેનગણીના પ્રશિષ્ય હતા. આને આધારે મલ્લિષેણની ગુરુપરમ્પરા નીચે પ્રમાણે દર્શાવી શકાય –

અજિતસેનગણી
|
કનકસેનગણી
|
જિનસેન
|
મલ્લિષેણ

પ્રસ્તુત મલ્લિષેણ દિગંબર છે. તેમણે આ ભૈરવપદ્માવતીકલ્પ ઉપરાંત જ્વાલિનીકલ્પ, નાગકુમારચરિત્ર અર્થાત્ શ્રુતપંચમીકથા, મહાપુરાણ[2] અને સરસ્વતીમંત્રકલ્પ નામના ગ્રંથો પણ લખ્યા છે. પ્રસ્તુત કૃતિનાં ૩૩૧ પદ્ય દસ અધિકારોમાં વિભક્ત છે.[3] શ્રી નવાબ દ્વારા પ્રકાશિત પુસ્તકમાં ૩૨૮ પદ્ય છે. તેમાં અન્ય પ્રકાશનમાં ઉપલબ્ધ 'વનારુણાસિતૈઃ'થી શરૂ થનારું ત્રીજા અધિકારનું તેરમું પદ્ય, 'સ્તમ્ભને તુ'થી શરૂ થનારું ચોથા અધિકારનું શ્રીરંજિકા યંત્રવિષયક બાવીસમું પદ્ય તથા 'સિન્દૂરારુણ'થી શરૂ થનારું એકવીસમું પદ્ય આમ કુલ ત્રણ પદ્ય નથી.

પ્રથમ અધિકારના ચોથા પદ્યમાં દસે અધિકારોનાં નામ આપ્યાં છે. તે નામો નીચે મુજબ છે : ૧. સાધકનું લક્ષણ, ૨. સકલીકરણની ક્રિયા,

---

૧. આ કૃતિ બંધુસેનના વિવરણ તથા ગુજરાતી અનુવાદ, ૪૪ યંત્ર, ૩૧ પરિશિષ્ટ અને આઠ ત્રિરંગી ચિત્રો સાથે સારાભાઈ નવાબે સન્ ૧૯૩૭માં પ્રકાશિત કરી છે. આ ઉપરાંત પં. ચંદ્રશેખર શાસ્ત્રીકૃત હિન્દી ભાષાટીકા, ૪૯ યંત્ર અને પદ્માવતીવિષયક કેટલીય રચનાઓ સાથે આ કૃતિ શ્રી મૂલચંદ કિસનદાસ કાપડિયાએ વીરસંવત્ ૨૪૭૯માં પ્રકાશિત કરી છે.

૨. આને ત્રિષષ્ટિમહાપુરાણ કે ત્રિષષ્ટિશલાકાપુરાણ પણ કહે છે. તેનો રચનાકાળ વિ.સં.૧૧૯૪ છે.

૩. દસમા અધિકારના [illegible]મા પદ્યમાં પ્રસ્તુત કૃતિ ૪૦૦ શ્લોકની હોવાની તથા સરસ્વતીએ કર્તાને વરદાન આપ્યું હોવાની વાતનો ઉલ્લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. દેવીના પૂજનની વિધિ, ૪. બાર યંત્રોના ભેદોનું કથન, ૫. સ્તમ્ભન, ૬. સ્ત્રીનું આકર્ષણ, ૭. વશ્યકર્મનું યંત્ર, ૮. દર્પણ આદિ નિમિત્ત, ૯. વશ્ય (વશીકરણ)ની ઔષધિ અને ૧૦. ગારુડિક.

પ્રથમ અધિકારના પહેલા શ્લોકમાં પાર્શ્વનાથને પ્રણામ કરીને 'ભૈરવપદ્માવતીકલ્પ'ને કહેવાની પ્રતિજ્ઞા આવે છે. બીજામાં પદ્માવતીનું વર્ણન આવે છે અને ત્રીજામાં તેનાં તોતલા, ત્વરિતા, નિત્યા, ત્રિપુરા, કામસાધિની અને ત્રિપુરભૈરવી એ છ નામ આપ્યાં છે.[1] પાંચમામાં કર્તા અને પુસ્તકનાં નામ છે તથા આર્યા, ગીતિ અને શ્લોક (અનુષ્ટુપ્)માં રચના કરવામાં આવશે, એવો નિર્દેશ છે. પદ્ય ૬થી ૧૦માં મંત્રસાધક અર્થાત્ મંત્ર સિદ્ધ કરનાર સાધકનાં વિવિધ લક્ષણો આપ્યાં છે; જેવાં કે કામ, ક્રોધ આદિ ઉપર વિજય પ્રાપ્ત, જિનેશ્વર અને પદ્માવતીનો ભક્ત, મૌન ધારણ કરનાર, ઉદ્યમી, સંયમી જીવન જીવનાર, સત્યવાદી, દયાળુ અને મંત્રના બીજભૂત પદોનું અવધારણ કરનાર, અગીઆરમા પદ્યમાં ઉપર્યુક્ત ગુણોથી રહિત જે તપ કરે છે તેને પદ્માવતી અનેક પ્રકારનાં વિઘ્નો ઊભા કરી હેરાન કરે છે, એવું કહ્યું છે.

બીજા અધિકારમાં મંત્રસાધક દ્વારા કરવામાં આવતી આત્મરક્ષાના વિષયમાં, સાધ્ય અને સાધકના અંશ ગણવાની રીતના વિષયમાં તથા કયો મંત્ર ક્યારે સફળ થાય છે, એના વિષયમાં માહિતી આપવામાં આવી છે. બારમા પદ્યમાં પદ્માવતીનું વર્ણન આવે છે, જેમાં તેને ત્રણ નેત્રોવાળી અને કુર્કુટ-સર્પરૂપ વાહનવાળી કહેવામાં આવી છે.[2] આ ઉપરાંત, આય, સિદ્ધ, સાધ્ય, સુસિદ્ધ અને શત્રુની વ્યાખ્યા આપવામાં આવી છે.

ત્રીજા અધિકારમાં શાન્તિ, વિદ્વેષ, વશીકરણ, બન્ધ, સ્ત્રીઆકર્ષણ અને સ્તમ્ભન આ છ પ્રકારનાં કર્મોનું અને તેમની દીપન, પલ્લવ, સમ્પુટ, રોધન, ગ્રથન અને વિદર્ભન નામની વિધિનું નિરૂપણ છે. તેના પછી ઉપર્યુક્ત છ પ્રકારનાં કર્મોનાં કાળ, દિશા, મુદ્રા, આસન, વર્ણ, મનના આદિનું વિવેચન છે. ત્યાર બાદ ગૃહયંત્રોદ્ધાર, લોકપાલ અને આઠ દેવીઓની સ્થાપના,

---

૧. આ નામો પદ્માવતીના ભિન્ન ભિન્ન વર્ણ તથા હાથમાં રહેલી ભિન્ન ભિન્ન વસ્તુઓના આધારે દેવામાં આવ્યાં છે. તેમની સ્પષ્ટતા 'અનેકાન્ત' (વર્ષ ૧, પૃ. ૪૩૦)માં કરવામાં આવી છે.

૨. આવા વર્ણવાળી એક દેવીની વિ.સં.૧૨૫૪માં પ્રતિષ્ઠિત મૂર્તિ ઈડરના સંભવનાથના દિગંબર મંદિરમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહ્વાહન, સ્થાપના, સન્નિધિ, પૂજન અને વિસર્જન આ પાંચ ઉપચારોના વિષયમાં તથા મન્ત્રોદ્ધાર, પદ્માવતી અને પાર્શ્વયક્ષના જપ અને હોમ તથા ચિન્તામણિ યંત્રના વિષયમાં માહિતી આપવામાં આવી છે.

ચોથા અધિકારના પ્રારંભમાં 'ક્લીં' રંજિકાયંત્ર કેવી રીતે બનાવવું એ સમજાવ્યું છે. તે પછી રંજિકાયંત્રના હ્રીં, હુઁ, ય, યઃ, હ, ફટ્, મ, ઈ, ક્ષવષટ્, લ અને શ્રીં[1] આ અગીઆર ભેદોનું વર્ણન આવે છે. આ બાર યંત્રોમાંથી અનુક્રમે એક એક યંત્ર સ્ત્રીને મોહમુગ્ધ બનાવનાર, સ્ત્રીને આકર્ષિત કરનાર, શત્રુનો પ્રતિષેધ કરનાર, પરસ્પર વિદ્વેષ કરનાર, શત્રુના કુળનું ઉચ્ચાટન કરનાર, શત્રુને પૃથ્વી પર કાગડાની જેમ ઘુમાવનાર, શત્રુનો નિગ્રહ કરનાર, સ્ત્રીને વશ કરનાર, સ્ત્રીને સૌભાગ્ય દેનાર, ક્રોધાદિનું સ્તમ્ભન કરનાર અને ગ્રહ આદિથી રક્ષણ કરનાર છે. આમાં કાગડા વિશે અને મૃત પ્રાણીના હાડકાની કલમ વિશે પણ ઉલ્લેખ છે.

પાંચમા અધિકારમાં પોતાનાં ઈષ્ટ, વાણી, દિવ્ય અગ્નિ, જલ, તુલા, સર્પ, પક્ષી, ક્રોધ, ગતિ, સેના, જીભ અને શત્રુના સ્તમ્ભનનું નિરૂપણ છે. આ ઉપરાંત તેમાં 'વાર્તાલી' મંત્ર તથા કોરંટક વૃક્ષની લેખણનો ઉલ્લેખ છે.

છઠ્ઠા અધિકારમાં ઈષ્ટ સ્ત્રીને આકર્ષવાના વિવિધ ઉપાયો બતાવ્યા છે.

સાતમા અધિકારમાં દાહજ્વરની શાન્તિનો, મંત્રની સાધનાનો, ત્રણે લોકના પ્રાણીઓને વશ કરવાનો, મનુષ્યને ક્ષુબ્ધ કરવાનો, ચોર, શત્રુ અને હિંસક પ્રાણીઓથી નિર્ભય બનવાનો, લોકોને અસમય નિદ્રાધીન કરવાનો, વિધવાઓને ક્ષુબ્ધ કરવાનો, કામદેવ જેવા બનવાનો, સ્ત્રીને આકર્ષવાનો અને ઉષ્ણ જ્વરનો નાશ કરવાનો ઉપાય બતાવ્યો છે; વળી, વરયક્ષિણીને વશ કરવાના ઉપાયો બતાવ્યા છે. તેમાં હોમની વિધિ પણ બતાવી છે અને તેનાથી ભાઈ-ભાઈમાં વૈરભાવ અને શત્રુનું મરણ કેવી રીતે થાય તેની રીત પણ સૂચવવામાં આવી છે.

આઠમા અધિકારમાં 'દર્પણનિમિત્ત' મંત્ર તથા 'કર્ણપિશાચિની' મંત્રને સિદ્ધ કરવાની વિધિ દર્શાવી છે. તે ઉપરાંત અંગુષ્ઠનિમિત્ત અને દીપનિમિત્ત તથા સુન્દરી નામની દેવીને સિદ્ધ કરવાની વિધિ પણ દર્શાવી છે. સાર્વભૌમ રાજા, પર્વત, નદી, ગ્રહ ઈત્યાદિના નામથી શુભ-અશુભ ફલકથન માટે કેવી રીતે

---

૧. આની સાથે સંબદ્ધ રંજિકાયંત્રનું ૨૨મું પદ્ય સારાભાઈ મ. નવાબ દ્વારા સંપાદિત આવૃત્તિમાં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણતરી કરવી જોઈએ એ પણ આમાં કહેવામાં આવ્યું છે. મૃત્યુ, જય, પરાજય અને ગર્ભિણીને થનાર પ્રસવ વિશે પણ કેટલીય વાતો કહી છે.

નવમા અધિકારમાં મનુષ્યોને વશ કરવા માટે કયા કયા ઔષધોનો ઉપયોગ કરી તિલક કેવી રીતે તૈયાર કરવું, સ્ત્રીને વશ કરવાનું ચૂર્ણ, તેને મોહિત કરવાનો ઉપાય, રાજાને વશ કરવા માટે કાજળ કેવી રીતે તૈયાર કરવું, કઈ ઔષધિ ખવડાવવાથી ખાનારો પિશાચની જેમ વર્તે, અદશ્ય થવાની વિધિ, વીર્યસ્તંભન અને તુલાસ્તંભનના ઉપાય, સ્ત્રીમાં દ્રાવ ઉત્પન્ન કરવાની વિધિ, વસ્તુના ક્રયવિક્રમ માટે શું કરવું તથા રજસ્વલા અને ગર્ભધારણથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે કઈ ઔષધિઓ લેવી જોઈએ — આમ વિવિધ વાતો બતાવી છે.

દસમા અધિકારમાં નીચે જણાવેલી આઠ બાબતોના વર્ણનની પ્રતિજ્ઞા કરવામાં આવી છે અને તેનો નિર્વાહ પણ કરવામાં આવ્યો છે.

JAINSITE

૧. સાપ કરડ્યો હોય તે વ્યક્તિને કેવી રીતે ઓળખવી. (સંગ્રહ)
૨. શરીર ઉપર મંત્રના અક્ષરો કેવી રીતે લખવા. (અંગન્યાસ)
૩. સાપ કરડ્યો હોય તે વ્યક્તિનું કેવી રીતે રક્ષણ કરવું. (રક્ષાવિધાન)
૪. દંશનો આવેગ કેવી રીતે રોકવો. (સ્તંભનવિધાન)
૫. શરીરમાં ચડતા ઝેરને કેવી રીતે રોકવું. (સ્તંભનવિધાન)
૬. ઝેર કેવી રીતે ઉતારવું. (વિષાપહાર)
૭. કપડા વગેરે આચ્છાદિત કરવાનું કૌતુક. (સચોદ્ય)
૮. ખડીથી આલેખેલ સાપના દાંત વડે કરડાવવું. (ખટિકાસર્પકૌતુકવિધાન).

આ અધિકારમાં 'ભેરંડવિદ્યા' તથા 'નાગાકર્ષણ' મંત્રનો ઉલ્લેખ છે. તે ઉપરાંત આ અધિકારમાં આઠ પ્રકારના નાગ વિશે નીચે પ્રમાણે માહિતી આપી છે :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નામ : | અનન્ત | વાસુકિ | તક્ષક | કર્કોટક | પદ્મ | મહાપદ્મ | શંખપાલ | કુલિક |
| કુલ : | બ્રાહ્મણ | ક્ષત્રિય | વૈશ્ય | શૂદ્ર | શૂદ્ર | વૈશ્ય | ક્ષત્રિય | બ્રાહ્મણ |
| વર્ણ : | સ્ફટિક | રક્ત | પીત | શ્યામ | શ્યામ | પીત | રક્ત | સ્ફટિક |
| વિષ : | અગ્નિ | પૃથ્વી | વાયુ | સમુદ્ર | સમુદ્ર | વાયુ | પૃથ્વી | અગ્નિ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જય અને વિજય જાતિના નાગ દેવકુલના આશીવિષવાળા હોય છે અને જમીન ઉપર ન રહેતા હોવાથી તેમના વિશે આટલું જ કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં નાગની ફેણ, ગતિ અને દૃષ્ટિના સ્તંભન વિશે તથા નાગને ઘડામાં કેવી રીતે ઉતારવો એના વિશે પણ માહિતી આપી છે.

ટીકા — આના ઉપર બંધુષેણે લખેલું એક વિવરણ સંસ્કૃતમાં છે. તેનો પ્રારંભ એક શ્લોકથી થાય છે, બાકીનો આખો ગ્રન્થ ગદ્યમાં છે. તેમાં કોઈ કોઈ મંત્ર તથા મન્ત્રોદ્ધાર પણ આવે છે.

## અદ્ભુતપદ્માવતીકલ્પ

આ શ્વેતાંબર યશોભદ્રના ચન્દ્ર નામના શિષ્યની રચના[1] છે. તેમાં કેટલા અધિકાર છે એ નિશ્ચિતપણે કહી શકાતું નથી, પરંતુ મુદ્રિત પુસ્તક અનુસાર તેમાં ઓછામાં ઓછા છ પ્રકરણ છે. તેમાંથી પ્રથમ બે અનુપલબ્ધ છે. સરલીકરણ નામના ત્રીજા પ્રકરણમાં સત્તર પદ્ય છે. દેવીઅર્ચનના ક્રમ અને યંત્ર ઉપર પ્રકાશ પાડનારા ચોથા પ્રકરણમાં સડસઠ પદ્ય છે. 'પાત્રવિધિલક્ષણ' નામના પાંચમા પ્રકરણમાં સત્તર પદ્ય છે. તેમાંથી પંદરમું પદ્ય ત્રુટિત છે. તેની પછી ગદ્ય આવે છે, જેનો કેટલોક ભાગ ગુજરાતીમાં પણ છે. 'દોષલક્ષણ' નામના છઠ્ઠા પ્રકરણમાં અઢાર પદ્ય છે. તેના પંદરમા પદ્ય પછી બંધમંત્ર, માલામંત્ર વગેરે વિષયક ગદ્યાત્મક ભાગ આવે છે. સોળમા પદ્ય પછી પણ એક ગદ્યાત્મક મન્ત્ર છે.

## રક્તપદ્માવતી

આ એક અજ્ઞાતકર્તૃક રચના[2] છે. તેના પ્રકાશિત પુસ્તકમાં આ નામ દેખાતું નથી. તેમાં રક્તપદ્માવતીના પૂજનની વિધિ છે. ષટ્કોણપૂજા, ષટ્કોણાન્તરાલકર્ણિકામધ્ય-ભૂમિપૂજા, પદ્માષ્ટપત્રપૂજા, પદ્માવતી દેવીના દ્વિતીય ચક્રનું વિધાન અને પદ્માવતીનું આહ્વાનસ્તવ — આવા વિવિધ વિષયો તેમાં આવે છે.

---

૧. આ કૃતિના પ્રકરણ ૩થી ૬ શ્રી સારાભાઈ મણિલાલ નવાબે જે ભૈરવપદ્માવતીકલ્પ સન્ ૧૯૩૭માં પ્રકાશિત કર્યો છે તેના પ્રથમ પરિશિષ્ટરૂપે (પૃ.૧-૧૪) આપ્યાં છે.

૨. આ નામે આ કૃતિ ઉપર્યુક્ત ભૈરવપદ્માવતીકલ્પના ત્રીજા પરિશિષ્ટ રૂપે (પૃ.૧૮-૨૦) છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. જ્વાલિનીકલ્પ

આની રચના ભૈરવપદ્માવતીકલ્પ વગેરેના કર્તા મલ્લિષેણે કરી છે.

૨. જ્વાલિનીકલ્પ

આ નામની બીજી ત્રણ કૃતિઓ છે. તેમાંથી એકના કર્તાનું નામ જ્ઞાત નથી. બીજી બેના કર્તા ચલ્લાચાર્ય (એલાચાર્ય) અને ઈન્દ્રનન્દી છે. આ બંને સંભવતઃ એક જ વ્યક્તિ છે, એમ જિનરત્નકોશ (વિ.૧, પૃ. ૧૫૧)માં કહ્યું છે. ઈન્દ્રનન્દીની કૃતિને જ્વાલા-માલિનીકલ્પ, જ્વાલિનીમત અને જ્વાલિનીમતવાદ પણ કહે છે. ૫૦૦ શ્લોકપ્રમાણવાળી આ કૃતિની રચના તેમણે શકસંવત્ ૮૬૧માં માનખેડમાં કૃષ્ણરાજના રાજ્યકાળમાં કરી છે.[1] તેના માટે તેમણે એલાચાર્યની કૃતિનો આધાર લીધો છે. આ ઈન્દ્રનન્દી બપ્પનન્દીના શિષ્ય હતા.

કામચાંડાલિનીકલ્પ

આ પણ ઉપર્યુક્ત મલ્લિષેણની પાંચ અધિકારોમાં વિભક્ત રચના છે.

ભારતીકલ્પ અથવા સરસ્વતીકલ્પ

આ ભૈરવપદ્માવતીકલ્પ વગેરેના કર્તા મલ્લિષેણની કૃતિ છે.[2] તેના પ્રથમ શ્લોકમાં 'સરસ્વતીકલ્પ' કહેવાની પ્રતિજ્ઞા કરી છે, જ્યારે ત્રીજામાં 'ભારતીકલ્પ'ની રચના કરવામાં આવે છે એમ કહ્યું છે. ૭૮મા શ્લોકમાં 'ભારતીકલ્પ' જિનસેનના પુત્ર મલ્લિષેણે રચ્યો છે, એવો ઉલ્લેખ છે.

બીજા શ્લોકમાં વાણીનું વર્ણન કરતાં તેને ત્રણ નેત્રવાળી કહી છે. ચોથા શ્લોકમાં સાધકનાં લક્ષણો આપ્યાં છે. શ્લોક ૫-૭માં સકલીકરણનું નિરૂપણ આવે છે. આ કલ્પમાં ૭૮ શ્લોક તથા કેટલોક ગદ્યાંશ છે. તેમાં પૂજાવિધિ, શાન્તિકયંત્ર, વશ્યયંત્ર, રંજિકાદ્વાદશયંત્રોદ્ધાર, સૌભાગ્યરક્ષા, આજ્ઞાક્રમ અને ભૂમિશુદ્ધિ વગેરે વિશેના મંત્રો છે.

---

૧. આના વિષયો વગેરે માટે જુઓ 'અનેકાન્ત' વર્ષ ૧, પૃ. ૪૩૦ તથા ૫૫૫

૨. આ કૃતિ 'સરસ્વતીમંત્રકલ્પ' નામથી શ્રી સારાભાઈ નવાબ દ્વારા પ્રકાશિત ભૈરવપદ્માવતીકલ્પના ૧૧મા પરિશિષ્ટરૂપે (પૃ.૬૧-૬૮) છપાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### સરસ્વતીકલ્પ

આ નામની એક એક કૃતિ અર્હદ્દાસ અને વિજયકીર્તિએ લખી છે.

### સિદ્ધયંત્રચક્રોદ્ધાર

આ વિ.સં.૧૪૨૮માં રત્નશેખરસૂરિવિરચિત સિરિવાલકહામાંથી ઉદ્ધૃત કરેલો ભાગ છે. તેમાં સિરિવાલકહાની ૧૯૬થી ૨૦૫ અર્થાત્ ૧૦ ગાથાઓ છે. તેનું મૂળ 'વિજ્જપ્પવાય' નામનું દસમું પૂર્વ છે. ઉપર્યુક્ત રત્નશેખરસૂરિ વજ્રસેનસૂરિ યા હેમતિલકસૂરિ યા બંનેના શિષ્ય હતા.

ટીકા — આના ઉપર ચન્દ્રકીર્તિએ એક ટીકા લખી છે.

### સિદ્ધચક્રયન્ત્રોદ્ધાર-પૂજનવિધિ

આનો[1] પ્રારંભ ૨૪ પદ્યોની 'વિધિચતુર્વિંશતિકા'થી કરવામાં આવ્યો છે. મુદ્રિત પુસ્તિકામાં પ્રારંભના સાડા તેર પદ્યો નથી, કારણ કે આ પુસ્તક જે હસ્તલિખિત પોથી ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે તેમાં પ્રથમ પત્ર ન હતું.

આ પહેલી ચોવીસી પછી 'સિદ્ધચક્રતપોવિધાનોદ્યાપન' નામની ચોવીસ પદ્યોની આ બીજી ચતુર્વિંશતિકા છે. તેના પછી 'સિદ્ધચક્રારાધનફલ' નામની ત્રીજી ચતુર્વિંશતિકા છે. આ ત્રણે ચતુર્વિંશતિકાઓ સંસ્કૃતમાં છે.

આ ત્રણે ચતુર્વિંશતિકાઓ ઉપરાંત તેમાં સિદ્ધચક્રની પૂજનવિધિ પણ આપવામાં આવી છે. તેના પછી નવ શ્લોકોનું સંસ્કૃતમાં સિદ્ધચક્રસ્તોત્ર છે. આ જ રીતે તેમાં આઠ શ્લોકોનું વજ્રપંજરસ્તોત્ર, આઠ શ્લોકોનું લબ્ધિપદગતિમહર્ષિસ્તોત્ર, ક્ષીરાદિ સ્નાત્રવિષયક સંસ્કૃત શ્લોક, જલપૂજા આદિ આઠ પ્રકારની પૂજાના સંસ્કૃત શ્લોક, ચૌદ શ્લોકોની સંસ્કૃતમાં 'સિદ્ધચક્રવિધિ'[2] અને પંદર પદ્યોનું જૈન મહારાષ્ટ્રીમાં વિરચિત 'સિદ્ધચક્કપ્પભાવથોત્ત' તથા યથાસ્થાન દિક્પાલ અને યક્ષ-યક્ષિણીના પૂજનના વિશે ઉલ્લેખ છે.

---

૧. આ કૃતિ 'નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રન્થમાલા'માં અમદાવાદથી વિ.સં.૨૦૦૮માં 'સિદ્ધચક્રમહાયંત્ર'ની સાથે પ્રકાશિત થઈ છે.

૨. મુદ્રિત કૃતિમાં આને 'સિદ્ધચક્રસ્વરૂપસ્તવન' કહ્યું છે.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. દીપાલિકાકલ્પ

આ પદ્યાત્મક કૃતિની[૧] રચના વિનયચન્દ્રસૂરિએ ૨૭૮ પદ્યોમાં કરી છે. તે રત્નસિંહસૂરિના શિષ્ય હતા. તેમણે વિ.સં.૧૩૨૫માં કલ્પનિરુક્તની રચના કરી છે. પ્રસ્તુત કૃતિનો આરંભ મહાવીરસ્વામી અને શ્રુતદેવતાના સ્મરણ સાથે કરવામાં આવ્યો છે. તેમાં મૌર્ય વંશના ચંદ્રગુપ્તના પુત્ર બિંદુસાર, તેના પુત્ર અશોકશ્રી, અશોકના પુત્ર કુણાલ (અવન્તિનાથ) અને કુણાલના પુત્ર સંપ્રતિ — આ રીતે સંપ્રતિના પૂર્વજો વિશે ઉલ્લેખ છે. આર્ય સુહસ્તિસૂરિ જીવત્સ્વામીની પ્રતિમાના વંદન માટે ઉજ્જયિનીમાં આવ્યા હતા. એક વાર રથયાત્રામાં તેમને જોઈને સંપ્રતિને જાતિસ્મરણ જ્ઞાન થયું. સંપ્રતિએ સૂરિને રાજ્ય ગ્રહણ કરવાની પ્રાર્થના કરી. સૂરિએ ઈન્કાર કરીને તેને ધર્મારાધન કરવા કહ્યું. ત્યારે સંપ્રતિએ દીપાલિકા પર્વની ઉત્પત્તિ કેવી રીતે થઈ, એ અંગે પૂછ્યું. એટલે સૂરિએ મહાવીરસ્વામીના ચ્યવનથી નિર્વાણ સુધીનું વૃત્તાન્ત કહ્યું. તેના અંતે પુણ્યપાલ પોતે જોયેલાં આઠ સ્વપ્નોનું ફળ પૂછે છે અને મહાવીરસ્વામીએ એનું જે ફળકથન કર્યું તેનો નિર્દેશ છે. ત્યાર પછી ગૌતમસ્વામીના ભાવી જીવન વિશે પૂછવામાં આવતાં તેના ઉત્તરરૂપે કેટલીય વાતો કહીને કલ્કી રાજાના ચરિત્રનો અને તેના પુત્ર દત્તની કથાનો ઉલ્લેખ છે. ત્યાર બાદ પાંચમા આરાના અંતિમ ભાગનું અને છઠ્ઠા આરાના આદિનું વર્ણન કરવામાં આવ્યું છે. ભાવઉદ્યોતરૂપ મહાવીરસ્વામીનું નિર્વાણ થતાં અઢાર રાજાઓએ દ્રવ્યોદ્યોત કર્યો અને તે દીપાવલિકા પર્વના નામથી પ્રસિદ્ધ થયો, એમ કહ્યું છે. નન્દિવર્ધનનો શોક દૂર કરવા માટે તેમની બેન સુદર્શનાએ તેમને બીજના દિવસે ભોજન કરાવ્યું હતું, એ ઉપરથી ભ્રાતૃદ્વિતીયા (ભાઈબીજ)નો ઉદ્ભવ થયો. આ સાંભળી

---

૧. આ કૃતિ છાણીથી 'લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલા'ના ૧૪મા મણિરૂપે સન્ ૧૯૪૫માં પ્રકાશિત થઈ છે. તેમાં કલ્કીની જન્મકુંડળી નીચે મુજબ આપવામાં આવી છે.




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંપ્રતિએ સુહસ્તીસૂરિને પૂછ્યું કે દીપાવલીમાં લોકો પરસ્પર 'જોત્કાર' શા માટે કરે છે ? તેના ઉત્તરમાં સૂરિજીએ વિષ્ણુકુમારના ચરિત્રનું વર્ણન કરીને, નમુચિનો ઉપદ્રવ વિષ્ણુકુમાર દ્વારા શાન્ત કરવામાં આવતાં તેના ઉપલક્ષ્યમાં લોકો ભોજન, વસ્ત્ર, આભૂષણ વગેરેથી આ પર્વ ઉજવે છે – એમ આ કૃતિમાં કહ્યું છે.

૨. દીપાલિકાકલ્પ

સોમસુન્દરના શિષ્ય જિનસુન્દરે આની[1] રચના વિ.સં.૧૪૮૩માં કરી છે. આ પદ્યાત્મક કૃતિમાં ૪૪૭ પદ્ય છે. ૪૪૨મા પદ્યમાં કહ્યું છે કે અન્યકર્તૃક દીપાલિકાકલ્પ જોઈને આની રચના કરવામાં આવી છે. તેનો વિષય વિનયચન્દ્રસૂરિકૃત દીપાલિકાકલ્પને મળતો છે, કારણ કે આ કૃતિમાં પણ સંપ્રતિએ પૂછતાં સુહસ્તિસૂરિ ઉત્તરરૂપે મહાવીરસ્વામી તથા વિષ્ણુકુમારનું વૃત્તાન્ત કહે છે. આ કૃતિની વિશેષતા એ છે કે તેમાં અજૈન માન્યતા અનુસાર 'કલિયુગ'નું વર્ણન આવે છે તથા કલ્કીની કુંડળી રચી શકાય, એવી વાતો આપવામાં આવી છે.

ટીકાઓ – આના ઉપર તેજપાલે વિ.સં.૧૫૭૧માં એક અવચૂરિ લખી છે તથા દીપસાગરના શિષ્ય સુખસાગરે વિ.સં.૧૭૬૩માં એક સ્તબક લખ્યો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સેત્તુંજકપ્પ (શત્રુંજયકલ્પ)

જૈન મહારાષ્ટ્રીના ૪૦ પદ્યોમાં રચાયેલી આ કૃતિના કર્તા ધર્મઘોષસૂરિ કહેવાય છે.

ટીકા – મુનિસુંદરના શિષ્ય શુભશીલે વિ.સં.૧૫૧૮માં આના ઉપર ૧૨,૫૦૦ શ્લોકપ્રમાણ એક વૃત્તિ લખી છે, જેને શત્રુંજયકલ્પકથા, શત્રુંજયકલ્પકોશ તથા શત્રુંજયબૃહત્કલ્પ પણ કહે છે.

ઉજ્જયન્તકલ્પ

આ પાદલિપ્તસૂરિ દ્વારા વિજ્જાપાહુડમાંથી ઉદ્ધૃત કરાયેલી કૃતિ છે. તેમાં ઉજ્જયન્ત અર્થાત્ ગિરિનાર ગિરિના વિશે કેટલીક માહિતી આપવામાં આવી હશે એવું લાગે છે.

---

૧. આને હીરાલાલ હંસરાજે સન્ ૧૯૧૦માં પ્રકાશિત કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગિરિનારકલ્પ

ધર્મઘોષસૂરિએ ૩૨ પદ્યોમાં આ કૃતિની[1] રચના કરી છે. તેના પહેલા પદ્યમાં તેમણે પોતાનું દીક્ષાસમયનું નામ, પોતાના ગુરુભાઈનું અને ગુરુનું નામ શ્લેષ દ્વારા સૂચવ્યું છે. આ કલ્પ દ્વારા તેમણે 'ગિરિનાર' ગિરિના મહિમાનું વર્ણન કર્યું છે. તેમ કરતી વખતે તેમણે નેમિનાથના કલ્યાણકનો, કૃષ્ણ અને ઈન્દ્રે રચેલાં ચૈત્ય અને બિંબનો, અમ્બા અને શામ્બની મૂર્તિનો, યાકુડી અને સજ્જને કરેલા ઉદ્ધારનો, ગિરિનારની ગુફાઓ અને કુંડનો, તથા જયચન્દ્ર અને વસ્તુપાલનો ઉલ્લેખ કર્યો છે. અંતે પાદલિપ્તસૂરિકૃત ઉપર્યુક્ત કલ્પના આધારે આ કલ્પની રચના કરવામાં આવી છે, એમ કહ્યું છે.

પવજ્જાવિહાણ (પ્રવ્રજ્યાવિધાન)

આને પ્રવ્રજ્યાકુલક[2] પણ કહે છે. જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા આ કુલકની પદ્યસંખ્યા ભિન્ન ભિન્ન દેખાય છે. આ સંખ્યા ઓછામાં ઓછા ૨૫ની અને વધુમાં વધુ ૩૪ની છે. આની રચના પરમાનન્દસૂરિએ કરી છે. તે ભદ્રેશ્વરસૂરિના શિષ્ય અભયદેવસૂરિના શિષ્ય હતા.[3]

ટીકાઓ — પ્રદ્યુમ્નસૂરિએ વિ.સં.૧૩૨૮માં આના ઉપર એક ૪૫૦૦ શ્લોકપ્રમાણની વૃત્તિ લખી છે. તે દેવાનન્દના શિષ્ય કનકપ્રભના શિષ્ય હતા. તેમણે 'સમરાદિત્યસંક્ષેપ'ની પણ રચના કરી છે. આ વૃત્તિ નીચે જણાવેલાં દસ દ્વારોમાં વિભક્ત છે :

૧. નૃત્વદુર્લભતા, ૨. બોધિરત્નદુર્લભતા, ૩. વ્રતદુર્લભતા, ૪. પ્રવ્રજ્યાસ્વરૂપ, ૫. પ્રવ્રજ્યાવિષય, ૬. ધર્મફલદર્શન, ૭. વ્રતનિર્વાહણ, ૮. નિર્વાહકર્તૃકશ્લાઘા, ૯. મોહક્ષિતિરુહોચ્છેદ અને ૧૦. ધર્મસર્વસ્વદેશના.

આમ તેમાં મનુષ્યત્વ, બોધિ અને વ્રતની દુર્લભતા, પ્રવ્રજ્યાનું સ્વરૂપ અને તેનો વિષય, ધર્મનું ફળ, વ્રતનો નિર્વાહ અને તેમ કરનારની પ્રશંસા, મોહરૂપ

૧. આ કલ્પ ગુજરાતી અનુવાદ સાથે 'ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ' (ભાગ ૧)ના બીજા પરિશિષ્ટ રૂપે સન્ ૧૯૨૬માં પ્રકાશિત થયો છે.

૨. આ પ્રદ્યુમ્નસૂરિની વૃત્તિ સાથે ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા તરફથી સન્ ૧૯૩૮માં પ્રકાશિત કરાયું છે.

૩. જુઓ જિનરત્નકોશ, વિ.૧, પૃ. ૨૭૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃક્ષનું ઉન્મૂલન તથા ધર્મસર્વસ્વની દેશના – આ વિષયોનું વર્ણન આવે છે.

આની એક ટીકાના કર્તા જિનપ્રભસૂરિ છે. વળી, તેના ઉપર એક અજ્ઞાતકર્તૃક વૃત્તિ પણ છે. તેનો પ્રારંભ 'શ્રીવીરસ્ય પદામ્ભોજ'થી થયો છે.

## યન્ત્રરાજ

આને યન્ત્રરાજાગમ તથા સકયન્ત્રરાજાગમ[1] પણ કહે છે. તેની રચના મદનસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ ૧૭૮ પદ્યોમાં શક સંવત્ ૧૨૯૨માં કરી છે. તે ૧. ગણિત, ૨. યન્ત્રઘટના, ૩. યન્ત્રરચના, ૪. યન્ત્રશોધન અને ૫. યન્ત્રવિચારણા આ પાંચ અધ્યાયોમાં વિભક્ત છે. પહેલા અધ્યાયમાં જ્યા, ક્રાન્તિ, સૌમ્ય, યામ્ય આદિ યન્ત્રોનું નિરૂપણ છે. બીજા અધ્યાયમાં યન્ત્રની રચનાના વિષયમાં વિચાર કરવામાં આવ્યો છે. ત્રીજામાં યન્ત્રના પ્રકારો અને સાધનોનો ઉલ્લેખ આવે છે. ચોથામાં યન્ત્રના શોધનનો વિષય નિરૂપ્યો છે. પાંચમામાં ગ્રહો અને નક્ષત્રોનાં અંશ, શંકુની છાયા તથા ભૌમાદિના ઉદય અને અસ્તનું વર્ણન છે.[2]

ટીકા – મલયેન્દુસૂરિકૃત ટીકામાં વિવિધ કોઠકો આવે છે.[3]

## યન્ત્રરાજરચનાપ્રકાર

આ સવાઈ જયસિંહની રચના છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## કલ્પપ્રદીપ અથવા વિવિધતીર્થકલ્પ

આ જિનપ્રભસૂરિની સુપ્રસિદ્ધ અને મહત્ત્વપૂર્ણ કૃતિ છે.[4] તેમાં ઐતિહાસિક અને ભૌગોલિક સામગ્રી ઉપરાંત જૈન તીર્થોની ઉત્પત્તિ વગેરે વિશે પર્યાપ્ત

---

૧. આ કૃતિ મલયેન્દુસૂરિની ટીકા સાથે નિર્ણયસાગર મુદ્રણાલયે સન્ ૧૯૩૬માં પ્રકાશિત કરી છે.

૨-૩. આનું વિશેષ વિવરણ જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (ખંડ ૧)ના ઉપોદ્ઘાત (પૃ.૭૬-૭૭)માં તથા 'યન્ત્રરાજનું રેખાદર્શન' નામના લેખમાં આપ્યું છે. આ લેખ જૈનધર્મ પ્રકાશ (પુ.૭૫, અંક ૫-૬)માં પ્રકાશિત થયો છે.

૪. આ ગ્રન્થ 'વિવિધતીર્થકલ્પ'ના નામે સિંઘી જૈન ગ્રન્થમાલામાં સન્ ૧૯૩૪માં પ્રકાશિત થયો છે. તેને 'તીર્થકલ્પ' પણ કહે છે. તેના અંતે આપવામાં આવેલી વિશેષ નામોની સૂચીમાં કેટલાક 'યાવની' ભાષાના તથા સ્થાનોના પણ શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માહિતી આપી છે.[1] તેમાં કેટલાક કલ્પો સંસ્કૃતમાં છે તો કેટલાક જૈન મહારાષ્ટ્રીમાં છે; કેટલાક પદ્યમાં છે તો કેટલાક ગદ્યમાં છે. બધા કલ્પોની રચના એક જ સ્થાને અને એક જ સમયે થઈ નથી. કોઈ કોઈ કલ્પમાં જ રચનાવર્ષનો ઉલ્લેખ છે. અગીઆરમો વૈભારગિરિકલ્પ વિ.સં.૧૩૬૪માં રચાયો છે, એવો નિર્દેશ ગ્રન્થકારે પોતે કર્યો છે. આખા ગ્રન્થના અંતે પ્રાપ્ત સમાપ્તિકથનમાં વિ.સં.૧૩૮૯નો ઉલ્લેખ છે. તેથી આ ગ્રન્થ લગભગ વિ.સં.૧૩૬૪થી ૧૩૮૯ના સમયગાળામાં રચાયો હશે.

સમાપ્તિકથન અનુસાર આ ગ્રન્થમાં ૬૦-૬૧ કલ્પો છે. તેમાં અગીઆર સ્તવનરૂપ છે, છ કથાચરિત્રાત્મક છે તથા બાકીનામાં સ્થાનોનું વર્ણન આવે છે. છેલ્લા પ્રકારના કલ્પોમાંથી 'ચતુરશીતિમહાતીર્થનામસંગ્રહ' નામના ૪૫મા કલ્પમાં તો કેવળ તીર્થોનાં નામ જ ગણાવ્યાં છે. ગિરિનારગિરિના ચાર કલ્પો છે, જ્યારે સ્તમ્ભનકતીર્થ અને કન્યાનય-મહાવીરતીર્થના બે બે કલ્પો છે.[2]

ઢીંપુરીતીર્થકલ્પમાં વંકચૂલની કથા આવે છે. તેનો પહેલો અને છેલ્લો શ્લોક તથા અન્તની બેત્રણ પંક્તિઓ સિવાય સંપૂર્ણ કલ્પ ચતુર્વિંશતિપ્રબન્ધના સોળમા વંકચૂલપ્રબન્ધના નામથી પણ પ્રસિદ્ધ છે.

આ ગ્રન્થમાં ઉલ્લિખિત તીર્થ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, માળવા, પંજાબ, અવધ, બિહાર, મહારાષ્ટ્ર, વિદર્ભ, કર્ણાટક અને તેલંગણમાં છે. એમનાં નામ અકારાદિક્રમે નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૧. અણહિલપુરસ્થિત અરિષ્ટનેમિ (પ્રા.) ૨૬ | ૪. અંબિકાદેવી (પ્રા.) ૬૧ |
| | ૫. અયોધ્યાનગરી (પ્રા.) ૧૩ |
| ૨. અપાપાપુરી (પ્રા.) ૨૧ | ૬. અર્બુદાદ્રિ (સં.) ૮ |
| ૩. અપાપાપુરી (સં.) ૧૪ | ૭. અવન્તીદેશસ્થ અભિનંદન (સં.) ૩૨ |

૧. આમાં અનુશ્રુતિને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

૨. આને 'દીપોત્સવીકલ્પ' પણ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮. અશ્વાવબોધતીર્થ (પ્રા.)૧૦
૯. અષ્ટાપદગિરિ (પ્રા.) ૪૯
૧૦. અષ્ટાપદમહાતીર્થ[1] (સં.)૧૮
૧૧. અહિચ્છત્રાનગરી (પ્રા.)૭
૧૨. આમરકુંડપદ્માવતી(સં.)૫૩
૧૩. ઉજ્જયન્ત (પ્રા.) ૪
૧૪. ઉજ્જયન્ત (સં.) ૩
૧૫. કન્યાનયમહાવીર(પ્રા.)૫૧
૧૬. કન્યાનયનીય મહાવીર પ્રતિમા(પ્રા.)૨૨
૧૭. કપર્દિયક્ષ(પ્રા.)૩૦
૧૮. કલિકુંડકુકુટેશ્વર(પ્રા.)૧૫
૧૯. કાંપિલ્યપુરતીર્થ(પ્રા.)૨૫
૨૦. કુડુંગેશ્વરનાભેયદેવ(સં.)૪૭
૨૧. કુલ્યપાક(પ્રા.)૫૭
૨૨. કુલ્યપાકઋષભદેવ(સં.)૫૨
૨૩. કોકાવસતિપાર્શ્વનાથ (પ્રા.) ૪૦
૨૪. કોટિશિલા (પ્રા.)૪૧
૨૫. કૌશાંબીનગરી(પ્રા.)૧૨
૨૬. ચતુરશીતિમહાતીર્થનામ-સંગ્રહ (સં)૪૫
૨૭. ચતુર્વિંશતિજિનકલ્યાણક (પ્રા.)૫૪
૨૮. ચમ્પાપુરી(સં)૩૫
૨૯. ઢીંપુરી[2](સં.)૪૩,૪૪
૩૦. તીર્થંકરાતિશયવિચાર (સં.)૨૪
૩૧. નન્દીશ્વરદ્વીપ(સં.)૨૪
૩૨. નાસિક્યપુર(પ્રા.)૨૮
૩૩. પંચકલ્યાણકસ્તવન[3] (પ્રા.) ૫૬
૩૪. પંચપરમેષ્ઠિનમસ્કાર (સં.) ૬૨
૩૫. પાટલિપુત્રનગર (સં.) ૩૬
૩૬. પાર્શ્વનાથ (પ્રા.) ૬
૩૭. પ્રતિષ્ઠાનપત્તન (સં.) ૨૩, ૩૩
૩૮. પ્રતિષ્ઠાનપુરાધિપતિ સાતવાહન (સં.) ૩૪
૩૯. ફલવર્દ્ધિપાર્શ્વનાથ (પ્રા.) ૬૦
૪૦. મથુરાપુરી (પ્રા.) ૯
૪૧. મહાવીરગણધર (પ્રા.) ૩૯
૪૨. મિથિલાતીર્થ (પ્રા.) ૧૯
૪૩. રત્નવાહપુર (સં.) ૨૦
૪૪. રૈવતકગિરિ (પ્રા.) ૨, ૫
૪૫. વસ્તુપાલ-તેજપાલ (સં.) ૪૨
૪૬. વારાણસી (સં.) ૩૮
૪૭. વૈભારગિરિ (સં.) ૧૧
૪૮. વ્યાઘ્રી (સં) ૪૮
૪૯. શંખપુરપાર્શ્વ (પ્રા.) ૨૭
૫૦. શત્રુંજયતીર્થ (સં.) ૧
૫૧. શુદ્ધદંતી પાર્શ્વનાથ (પ્રા.) ૩૧
૫૨. શ્રાવસ્તીનગરી (પ્રા.) ૩૭
૫૩. શ્રીપુરાન્તરીક્ષપાર્શ્વનાથ(પ્રા.)૫૮
૫૪. સત્યપુરતીર્થ (પ્રા.) ૧૭
૫૫. સમવસરણરચના (પ્રા.) ૪૬
૫૬. સ્તંભન (શિલોંછ) (પ્રા.) ૫૯
૫૭. હરિકંબિનગર (પ્રા.) ૨૯
૫૮. હસ્તિનાપુર (પ્રા.) ૧૬
૫૯. હસ્તિનાપુરસ્થ પાર્શ્વનાથ (સં.) ૫૦

૧. આ ધર્મઘોષસૂરિની કૃતિ છે.
૨. આ ચેલ્લણપાર્શ્વનાથવિષયક છે.
૩. આ સોમસૂરીની રચના છે.

JAINSITE .com

૧. ચેઈયપરિવાડી

આની રચના જિનપ્રભસૂરિએ અપભ્રંશમાં કરી છે.

૨. ચૈત્યપરિપાટી

આ સોમજયના શિષ્ય સુમતિસુંદરસૂરિની રચના છે.

તીર્થમાલાપ્રકરણ

અંચલગચ્છના મહેન્દ્રપ્રભસૂરિ અથવા મહેન્દ્રસૂરિએ આ પ્રકરણ પોતાના સ્વર્ગવાસ (વિ.સં.૧૪૪૪)થી પહેલાં લખ્યું છે. તેમાં તેમણે વિવિધ તીર્થોના વિશે માહિતી રજૂ કરી છે; જેમ કે આનન્દપુર, તારંગા (તારણગિરિ), બંભનપાડ, ભડોંચ, મથુરા (સુપાર્શ્વનાથનો સ્તૂપ), ભિન્નમાલ, નાણાગ્રામ, શત્રુંજય, સ્તમ્ભનપુર અને સત્યપુર (સાચોર).

૧. તિત્થમાલાથવણ (તીર્થમાલાસ્તવન)

આની[૧] રચના ધર્મઘોષસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ જૈન મહારાષ્ટ્રીમાં ૧૧૧ પદ્યોમાં કરી છે. તેમાં તેનો 'પ્રતિમાસ્તુતિ' નામથી ઉલ્લેખ છે.[૨] તેમાં જૈન તીર્થોનાં નામ આવે છે. જિનરત્નકોશ (વિ.૧, પૃ. ૧૬૦)માં તેના કર્તાનું નામ મુનિચન્દ્રસૂરિ[૩], ટીકાકારનું નામ મહેન્દ્રસિંહસૂરિ અને પદ્યસંખ્યા ૧૧૨ આપી છે, પરંતુ આ ભ્રાન્ત જણાય છે.

૨. તીર્થમાલાસ્તવન

આ નામની એક કૃતિની રચના ધર્મઘોષસૂરિએ પણ કરી છે.

●

---

૧. આ કૃતિ ભીમસી માણેકે 'વિધિપક્ષપ્રતિક્રમણ' નામના ગ્રંથમાં પ્રકાશિત કરી છે.

૨. જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' પૃ. ૩૯૬

૩. આના સ્થાને ચન્દ્રસૂરિ અને મુનિસુન્દરસૂરિનાં નામ પણ જિનરત્નકોશમાં (વિ.૧, પૃ. ૧૬૧) આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શબ્દાનુક્રમણિકા


| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| અ | |
| અંકુલેશ્વર | ૨૮ |
| અંગ | ૬૩, ૬૯ |
| અંગન્યાર | ૩૧૪ |
| અંગપ્રવિષ્ટ | ૬૪, ૬૫ |
| અંગબાહ્ય | ૬૩, ૬૯ |
| અંગુલ | ૧૭૮, ૧૮૩ |
| અંગુલસત્તરિ | ૧૮૩, ૨૨૪ |
| અંગુલસપ્તતિ | ૧૮૩ |
| અંગુલસિત્તરી | ૨૨૫ |
| અંચલ | ૨૪૨ |
| અંચલગચ્છ | ૧૮૨, ૧૯૭, ૧૯૯, ૨૨૧, ૩૨૪ |
| અંજના | ૨૧૫ |
| અંજનાસુંદરી | ૨૧૭ |
| અંતકૃદ્દશા | ૬૫ |
| અંતકૃદ્દશાંગ | ૬૬ |
| અંતર | ૨૯, ૪૪, ૭૩ |
| અંતરાત્મા | ૧૫૫, ૧૬૩ |
| અંતરાનુગમ | ૪૪, ૭૩ |
| અંતરાય | ૧૫, ૨૦, ૨૨, ૪૫ |
| અંતર્દ્વીપ | ૧૬૯, ૧૭૮ |
| અંતર્મુહૂર્ત | ૨૧, ૪૩ |
| અંતસ્તત્ત્વ | ૧૫૪ |
| અંબડ | ૨૮૯ |
| અંબા | ૩૨૦ |
| અંબિકાકલ્પ | ૩૧૦ |
| અંબિકાદેવી | ૩૨૨ |
| અકર્મભૂમિ | ૧૭૭ |
| અકલંક | ૧૫૫, ૨૪૮ |
| અકષાયી | ૩૫ |
| અકસ્માત્‌વાદ | ૧૦ |
| અકાયિક | ૩૨ |
| અકૃતકર્મભોગ | ૨૬ |
| અક્રિયાવાદ | ૯ |
| અક્રિયાવાદી | ૬૬, ૧૬૨ |
| અક્ષ | ૫૨ |
| અક્ષર | ૭૪ |
| અક્ષરસમાસ | ૭૪ |
| અક્ષીણમહાનસજિન | ૫૧ |
| અક્ષીણસ્થિતિક | ૧૦૨ |
| અગડદત્ત | ૨૧૫ |
| અગુરુલઘુ | ૨૦, ૧૫૭ |
| અગ્રાયણીય | ૨૭, ૧૧૫ |
| અગ્રાયણીય પૂર્વ | ૬૬ |
| અઘાતી | ૧૬ |
| અચક્ષુર્દર્શનાવરણ | ૧૬ |
| અચક્ષુર્દર્શની | ૩૬ |
| અચેતન | ૧૦ |
| અચેલક | ૨૧૪ |
| અચેલકતા | ૧૫૦, ૧૬૦ |
| અજિતદેવ | ૧૮૩ |
| અજિતપ્રભ | ૨૦૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| અજિતપ્રભસૂરિ | ૨૮૮ |
| અજિતસિંહસૂરિ | ૧૭૯ |
| અજિતસેન | ૧૩૯, ૨૯૧ |
| અજિતસેનગણી | ૩૧૧ |
| અજ્ઞાન | ૧૪ |
| અજ્ઞાનવાદી | ૬૬, ૧૬૨ |
| અણગારભક્તિ | ૨૯૪ |
| અણહિલપુર | ૩૨૨ |
| અણહિલ્લપુર | ૧૮૫ |
| અણુક્કાણવિહિ | ૨૯૮ |
| અણુસાસણંકુસકુલય | ૨૨૪ |
| અતિભદ્ર | ૨૧૩ |
| અતીત | ૯, ૧૬ |
| અતીતસિદ્ધ-બદ્ધ | ૨૭ |
| અત્રિસ્મૃતિ | ૨૨૯ |
| અદ્ભુતપદ્માવતીકલ્પ | ૩૧૫ |
| અથર્વવેદ | ૮ |
| અદૃષ્ટ | ૧૩ |
| અદ્ધાપરિમાણણિદ્દેસ | ૯૦ |
| અદ્ધાપરિમાણનિર્દેશ | ૯૦ |
| અધઃપ્રવૃત્તકરણ | ૧૪૧ |
| અધિરોહિણી | ૨૬૦ |
| અધ્યવસાય | ૧૫, ૨૪ |
| અધ્યાત્મ | ૨૨૭ |
| અધ્યાત્મકમલમાર્તણ્ડ | ૨૬૩ |
| અધ્યાત્મકલિકા | ૨૬૪ |
| અધ્યાત્મકલ્પદ્રુમ | ૨૫૯ |
| અધ્યાત્મકલ્પલતા | ૨૬૦ |
| અધ્યાત્મગીતા | ૨૬૪ |
| અધ્યાત્મતત્ત્વાલોક | ૨૩૬ |

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| અધ્યાત્મતરંગિણી | ૨૬૪ |
| અધ્યાત્મપદ્ધતિ | ૨૫૯ |
| અધ્યાત્મપરીક્ષા | ૨૬૪ |
| અધ્યાત્મપ્રદીપ | ૨૬૪ |
| અધ્યાત્મપ્રબોધ | ૨૬૪ |
| અધ્યાત્મબિંદુ | ૨૬૩ |
| અધ્યાત્મબિન્દુદ્વાત્રિંશિકા | ૨૬૩ |
| અધ્યાત્મભેદ | ૨૬૪ |
| અધ્યાત્મરહસ્ય | ૨૦૬ |
| અધ્યાત્મરાસ | ૬૦ |
| અધ્યાત્મલિંગ | ૨૬૪ |
| અધ્યાત્મસંદોહ | ૨૪૧ |
| અધ્યાત્મસાર | ૨૬૧ |
| અધ્યાત્મસારોદ્ધાર | ૨૬૪ |
| અધ્યાત્માષ્ટક | ૨૬૪ |
| અધ્યાત્મોપદેશ | ૨૬૩ |
| અધ્યાત્મોપનિષદ્ | ૨૪૨, ૨૬૨ |
| અધ્રુવ | ૨૭ |
| અનંત | ૩૮, ૭૦, ૩૧૪ |
| અનંતર | ૩૦ |
| અનંતાનુબંધી | ૧૮ |
| અનંતાવધિજિન | ૫૧ |
| અનગાર | ૨૬૭ |
| અનગારધર્મામૃત | ૨૦૫ |
| અનગારભક્તિ | ૨૯૪ |
| અનપવર્તનીય | ૧૯ |
| અનાગત | ૧૬ |
| અનાગત-સિદ્ધ-બદ્ધ | ૨૭ |
| અનાદિ | ૧૩ |
| અનાદિસાન્ત | ૪૩ |
| અનાદેય | ૨૦ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| અનાર્ય | ૧૭૮ |
| અનાહારક | ૩૮ |
| અનિંદ્રિય | ૩૧ |
| અનિમિત્તવાદ | ૧૦ |
| અનિવાર્યતાવાદ | ૬, ૭ |
| અનિવૃત્તકરણ | ૧૪૧ |
| અનિવૃત્તિકરણ | ૩૫ |
| અનિવૃત્તિ-બાદર-સામ્પરાયિક-પ્રવિષ્ટ-શુદ્ધિ-સંયત | ૩૧ |
| અનુકંપા | ૧૫૭ |
| અનુગ્રંથકર્તા | ૨૮ |
| અનુત્તરવિમાન | ૩૫ |
| અનુત્તરૌપપાતિકદશા | ૬૫ |
| અનુત્તરૌપપાતિકદશાંગ | ૬૬ |
| અનુદયકાલ | ૪૭ |
| અનુદિશા | ૩૫ |
| અનુપ્રેક્ષા | ૧૬૨, ૨૫૫ |
| અનુભાગ | ૨૪, ૮૪, ૧૩૦ |
| અનુભાગ-બંધ | ૧૫, ૨૨, ૩૦, ૫૮, ૧૩૨ |
| અનુભાગ-વિભક્તિ | ૯૦, ૧૦૨ |
| અનુયોગ | ૭૪ |
| અનુયોગદ્વાર | ૨૧, ૨૯, ૩૦ |
| અનુયોગસમાસ | ૭૪ |
| અનુરાગ | ૯૬ |
| અનુશાસનાંકુશકુલક | ૨૨૪ |
| અનુજ્ઞાનવિધિ | ૨૯૮ |
| અનૃજુ | ૭૩ |
| અનૃજુતા | ૯૬ |
| અનેકાન્ત | ૧૧ |
| અન્ન | ૨૧ |

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| અન્યભાવવ્યવધાન | ૭૩ |
| અપકર્ષણ | ૨૪ |
| અપક્ષેપણ | ૧૨ |
| અપગતવેદ | ૩૫ |
| અપભ્રંશકાવ્યત્રયી | ૧૮૮, ૧૯૭, ૨૯૨ |
| અપરતટ | ૨૦૦ |
| અપરાજિત | ૩૫, ૬૪, ૭૯, ૨૮૩ |
| અપરાંત | ૨૭ |
| અપર્યાપ્ત | ૨૦, ૩૨ |
| અપર્યાપ્તિ | ૩૩ |
| અપવર્તના | ૨૨, ૨૪, ૧૧૬, ૧૧૯ |
| અપવર્તનાકરણ | ૧૧૫, ૧૧૯ |
| અપવર્તનીય | ૧૯ |
| અપાપાપુરી | ૩૨૨ |
| અપૂર્વ | ૧૨ |
| અપૂર્વકરણ | ૧૪૧ |
| અપૂર્વકરણ-પ્રવિષ્ટ-શુદ્ધિ-સંયત | ૩૧ |
| અપ્કાયિક | ૩૨ |
| અપ્રતિક્રમણ | ૧૫૨ |
| અપ્રત્યાખ્યાન | ૬૭ |
| અપ્રત્યાખ્યાનાવરણ | ૧૮ |
| અપ્રમત્તસંયત | ૩૧ |
| અબંધક | ૪૯ |
| અબાધ | ૨૨, ૨૫ |
| અબાધકાલ | ૨૫ |
| અબાધા | ૧૧૮ |
| અબાધાકાલ | ૧૫ |
| અભય | ૨૪૧ |
| અભયકુમાર | ૨૧૬, ૨૪૫ |
| અભયચન્દ્ર | ૧૧૦, ૧૪૧ |
| અભયતિલકસૂરિ | ૨૭૭ |


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન साईट

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| અભયદેવ | ૧૮૪ |
| અભયદેવસૂરિ | ૧૧૨, ૧૨૮, ૧૬૭, ૧૭૯, ૧૮૩, ૧૮૬, ૧૯૧, ૧૯૮, ૨૫૮, ૨૬૯, ૨૭૧, ૨૭૩, ૨૭૯, ૨૮૫, ૩૨૦ |
| અભયનંદિ | ૧૩૯, ૧૪૧ |
| અભયનંદી | ૧૩૮, ૩૦૪ |
| અભયભદ્ર | ૬૪ |
| અભવ્યસિદ્ધિક | ૩૭ |
| અભાવ | ૧૫૬ |
| અભાવભાવ | ૧૫૬ |
| અભિનવવૃત્તિ | ૨૭૬ |
| અભિનિબોધિકજ્ઞાન | ૩૬ |
| અભેદજ્ઞાન | ૧૪ |
| અમરકીર્તિ | ૨૪૧, ૨૪૫ |
| અમરકીર્તિસૂરિ | ૨૨૦ |
| અમરકોશ | ૨૦૬ |
| અમરચંદ્રસૂરિ | ૧૮૬, ૨૨૨ |
| અમરપ્રભસૂરિ | ૨૪૬ |
| અમરગતિ | ૧૧૦, ૧૪૨, ૨૨૧, ૨૪૧, ૨૭૬, ૨૮૩, ૨૮૫ |
| અમૃતચંદ્ર | ૧૫૦, ૧૫૩, ૧૫૫, ૧૫૬, ૧૫૯ |
| અમૃતચંદ્રસૂરિ | ૧૮૦, ૧૮૧ |
| અમૃતધર્મ | ૧૮૬ |
| અમૃતનાદ | ૨૨૯ |
| અમૃતકુંભ | ૧૫૨ |
| અમૃતલાલ મોદી | ૨૦૩, ૨૦૪ |
| અમૃતસ્રવિજિન | ૫૧ |
| અમૃતાશીતિ | ૧૫૫, ૨૪૦ |
| અમોઘવર્ષ | ૧૦૪, ૧૯૧ |
| અમ્મએવ | ૧૭૪ |
| અયન | ૧૫૬ |
| અયશઃકીર્તિ | ૨૦ |
| અયોગકેવલી | ૩૧ |
| અયોગિકેવલી | ૩૧, ૩૨, ૩૫ |
| અયોધ્યા | ૩૦૧ |
| અયોધ્યાનગરી | ૩૨૨ |
| અરતિ | ૧૮ |
| અરિહંત | ૩૦ |
| અરિહાણાદિથોત્ત | ૩૦૩ |
| અર્જુનવર્મદેવ | ૨૦૬ |
| અર્થ | ૧૨, ૨૭ |
| અર્થજ્ઞાન | ૧૬ |
| અર્થદીપિકા | ૧૬૬, ૨૯૦ |
| અર્થસમ | ૫૨ |
| અર્ધનારાચ | ૧૯ |
| અર્ધપર્યાય | ૮૧ |
| અર્ધપુદ્ગલ | ૪૩ |
| અર્ધોપમ | ૨૭ |
| અર્બુદાદ્રિ | ૩૨૨ |
| અર્હચ્ચતુષ્ક | ૧૭૫ |
| અર્હદ્દાસ | ૨૧૦, ૩૧૭ |
| અલંકારસાર | ૨૮૭ |
| અલેશ્યા | ૩૬ |
| અલ્પતર | ૧૩૨ |
| અલ્પબહુત્વ | ૨૯ |
| અલ્પબહુત્વાનુગમ | ૨૯, ૩૦, ૪૫ |
| અલ્પાયુ | ૨૮ |
| અવંતિનાથ | ૩૧૮ |
| અવંતીદેશસ્થ-અભિનન્દન | ૩૨૨ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| શબ્દ | પૃષ્ઠ | શબ્દ | પૃષ્ઠ |
|---|---|---|---|
| અવંતીસુકુમાલ | ૨૧૩ | અષ્ટાપદમહાતીર્થ | ૩૨૩ |
| અવક્તવ્ય | ૧૩૨ | અસંખ્યેય | ૩૯, ૭૦ |
| અવગ્રહ | ૬૯, ૧૭૬ | અસંખ્યેયાસંખ્યેય | ૩૯ |
| અવધિ | ૧૮ | અસંજ્ઞી | ૩૧, ૩૨, ૩૮ |
| અવધિ-અજ્ઞાન | ૬૯ | અસંયત | ૩૬ |
| અવધિજિન | ૫૧ | અસંયત-સમ્યગ્દષ્ટિ | ૩૧, ૩૫ |
| અવધિજ્ઞાન | ૧૬, ૩૬, ૬૯ | અસંસ્કારી | ૨૦ |
| અવધિજ્ઞાનાવરણ | ૧૬ | અસત્યમૃષામનોયોગ | ૩૨ |
| અવધિજ્ઞાની | ૩૫ | અસત્યમૃષાવચનયોગ | ૩૨ |
| અવધિદર્શન | ૧૭, ૮૪ | અસમ્મત્ત | ૨૧૯ |
| અવધિદર્શનાવરણ | ૧૬, ૧૭ | અસાંપરાયિક | ૧૫ |
| અવધિદર્શની | ૩૬ | અસાતા | ૧૭ |
| અવધૂત | ૨૨૭ | અસાતાવેદનીય | ૧૭ |
| અવસર્પિણી | ૩૮, ૭૭, ૧૭૬ | અસ્તિકાય | ૧૪૯, ૧૫૬ |
| અવસ્થા | ૨૨ | અસ્થિતકલ્પ | ૧૭૫ |
| અવસ્થિત | ૧૩૨ | અસ્થિર | ૨૦ |
| અવાય | ૬૯ | અહિંસા | ૧૫૪ |
| અવિદ્યા | ૧૨, ૧૪ | અહિચ્છત્રાનગરી | ૩૨૩ |
| અવિરતિ | ૯૬ | અહોરાત્ર | ૧૫૬ |
| અશુભકર્મ | ૨૨ | **આ** | |
| અશુભવિહાયોગતિ | ૨૦ | આંખ | ૧૬ |
| અશોકચંદ્ર | ૨૦૪, ૨૭૯ | આંધ્ર | ૨૮ |
| અશોકશ્રી | ૩૧૮ | આંબડ | ૨૧૧ |
| અશ્વાવબોધતીર્થ | ૩૨૩ | આકાશગામિજિન | ૫૧ |
| અષ્ટકપ્રકરણ | ૧૮૩ | આકુંચન | ૧૨ |
| અષ્ટમ | ૧૮૧ | આગમ | ૨૭, ૧૫૪ |
| અષ્ટાંગ | ૧૭૮ | આગમ-ગચ્છ | ૨૧૦, ૨૧૫ |
| અષ્ટાંગમહાનિમિત્તકુશલજિન | ૫૧ | આગમવત્થુવિચારસાર | ૧૯૦ |
| અષ્ટાંગહૃદય | ૨૦૬ | આગમસાર | ૧૪૮ |
| અષ્ટાપદગિરિ | ૩૨૩ | આગમસિદ્ધાન્ત | ૨૭ |


જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com जैन साईट

| શબ્દ | પૃષ્ઠ |
| --- | --- |
| આગમિકવસ્તુવિચારસાર | ૧૯૦ |
| આગમિકવસ્તુવિચારસાર-પ્રકરણ | ૧૨૭ |
| આગામી | ૨૫ |
| આચાર | ૫, ૧૦, ૬૫, ૧૪૫ |
| આચારપરંપરા | ૫ |
| આચારપ્રદીપ | ૨૯૦ |
| આચારવિચાર | ૧૦ |
| આચારહીન | ૨૦ |
| આચારાંગ | ૨૭, ૭૨, ૭૯, ૮૦, ૨૬૯ |
| આચાર્ય | ૧૧, ૨૮, ૨૯, ૩૦, ૧૭૫ |
| આચાર્યપરંપરાગત | ૭૩ |
| આચાર્યપરંપરાનાગત | ૭૩ |
| આચાર્યભક્તિ | ૨૯૪, ૨૯૬ |
| આઠયોગદૃષ્ટિની સજ્ઝાય | ૨૩૬ |
| આતપ | ૨૦ |
| આત્મખ્યાતિ | ૧૫૩ |
| આત્મમીમાંસા | ૮ |
| આત્મબોધકુલક | ૨૨૬ |
| આત્મા | ૧૩, ૧૭, ૧૫૦, ૧૫૨, ૧૫૩, ૧૬૩ |
| આત્માનુશાસન | ૧૬૩, ૨૦૨ |
| આત્માનુશાસન-તિલક | ૨૦૩ |
| આત્મોત્કર્ષ | ૯૬ |
| આદિનાથ | ૨૪૫ |
| આદિપુરાણ | ૨૮૩ |
| આદેય | ૨૦ |
| આદેશ | ૩૧ |
| આનંદ | ૨૧૯, ૨૪૫ |
| આનંદપુર | ૩૨૪ |
| આનંદવલ્લભ | ૨૮૯ |

| શબ્દ | પૃષ્ઠ |
| --- | --- |
| આનંદસૂરિ | ૧૬૯, ૧૮૩, ૧૮૬ |
| આનુપૂર્વી | ૨૦, ૨૬ |
| આપ્ત | ૧૫૪ |
| આપ્તમીમાંસા | ૧૧, ૬૦, ૨૭૨ |
| આબાધાકાલ | ૪૭ |
| આભડ | ૨૯૦ |
| આભિનિબોધિકજ્ઞાની | ૩૫ |
| આભૂષણ | ૨૧ |
| આમરકુંડપદ્માવતી | ૩૨૩ |
| આમ્રદેવ | ૧૭૪ |
| આમ્લ | ૧૯ |
| આયતન | ૧૬૦ |
| આયરિયભત્તિ | ૨૯૪ |
| આયાર | ૧૪૫ |
| આયુ | ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૪૫, ૮૨ |
| આર. શ્મિટ | ૨૨૧, ૨૨૨ |
| આરાધના | ૨૬૯, ૨૮૨, ૨૮૫ |
| આરાધનાકુલક | ૨૮૫ |
| આરાધનાપતાકા | ૨૮૫ |
| આરાધનારત્ન | ૨૮૫ |
| આરાધનાશસાત્ર | ૨૮૫ |
| આરાધનાસાર | ૨૦૬, ૨૭૧, ૨૮૪ |
| આરાહણા | ૨૮૨ |
| આરાહણાકુલય | ૨૮૫ |
| આરાહણાપડાયા | ૨૮૫ |
| આરાહણાસત્થ | ૨૮૫ |
| આરાહણાસાર | ૨૮૪ |
| આર્દ્રકુમાર | ૨૧૫ |
| આર્ય | ૧૭૮ |
| આર્યદેવ | ૧૯૫ |
| આર્યનંદિ | ૬૧ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| આર્યમંક્ષુ | ૮૩, ૯૯, ૧૦૦ |
| આલાપપદ્ધતિ | ૨૮૪ |
| આલોચના | ૧૫૪ |
| આલોચનાવિધિ | ૨૭૩ |
| આવશ્યક | ૧૫૫, ૨૯૭, ૩૦૪ |
| આવશ્યકદીપિકા | ૧૮૨ |
| આવશ્યકસપ્તતિ | ૨૯૬ |
| આવસ્સયચુણ્ણિ | ૧૭૯ |
| આવાપગમન | ૨૬ |
| આશય | ૧૩ |
| આશા | ૯૬ |
| આશાતના | ૧૭૫ |
| આશાધર | ૧૮૦, ૨૦૫, ૨૫૯, ૨૮૩, ૩૦૭ |
| આશીર્વિષજિન | ૫૧ |
| આશ્ચર્ય | ૧૭૬ |
| આષાઢ | ૨૮ |
| આસડ | ૧૯૮ |
| આસડ. | ૨૧૬ |
| આહાર | ૩૦, ૩૮, ૪૩ |
| આહારક | ૧૯, ૩૮, ૧૭૮ |
| આહારકકાયયોગ | ૩૩ |
| આહારકમાર્ગણા | ૧૩૫ |
| આહારકમિશ્રકાયયોગ | ૩૩ |
| **ઇ** | |
| ઇંદુકલા ઝવેરી | ૨૩૩ |
| ઇંદ્ર | ૨૧૫, ૩૨૦ |
| ઇંદ્રનંદિ | ૧૩૮, ૧૩૯, ૧૪૧ |
| ઇંદ્રનંદી | ૬૦, ૨૪૧, ૨૪૫, ૩૧૬ |
| ઇંદ્રભૂતિ | ૬૩ |
| ઇંદ્રસૌભાગ્યગણી | ૨૪૭ |
| ઇંદ્રિય | ૧૬, ૩૦, ૩૧, ૪૦, ૧૭૭ |
| ઇંદ્રિયમાર્ગણા | ૧૩૫ |
| ઇચ્છા | ૯૬ |
| ઇચ્છા-સ્વાતન્ત્ર્ય | ૬૬ |
| ઇલાપુત્ર | ૨૦૫ |
| ઇષ્ટોપદેશ | ૨૦૫, ૨૦૬, ૨૪૮ |
| **ઈ** | |
| ઈર્યાપથ | ૧૫ |
| ઈ. વિણ્ડિશ | ૨૪૨ |
| ઈશાન | ૩૪ |
| ઈશ્વર | ૮, ૧૧, ૧૨ |
| ઈશ્વરવાદ | ૧૧ |
| ઈશ્વરાચાર્ય | ૧૬૬ |
| ઈહા | ૬૯ |
| **ઉ** | |
| ઉગ્રતપોજિન | ૫૧ |
| ઉચ્ચ | ૨૦ |
| ઉચ્ચગોત્ર | ૮૪ |
| ઉચ્ચારણસૂત્ર | ૯૯ |
| ઉચ્ચારણા | ૯૯, ૧૦૫ |
| ઉચ્ચારણાચાર્ય | ૯૯, ૧૦૫, ૧૦૯ |
| ઉચ્ચારણાવૃત્તિ | ૯૯, ૧૦૫ |
| ઉચ્ચૈર્ગોત્ર | ૨૦ |
| ઉચ્છેદ | ૭૩, ૧૭૬ |
| ઉચ્છ્વાસ | ૨૦ |
| ઉજ્જયંત | ૩૨૩ |
| ઉજ્જયંતકલ્પ | ૩૧૯ |
| ઉજ્જયિની | ૩૧૮ |
| ઉત્કર્ષ | ૯૬ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| ઉત્કર્ષણા | ૨૪ |
| ઉત્કૃષ્ટસ્થિતિ | ૨૯ |
| ઉત્ક્ષેપણ | ૧૨ |
| ઉત્તર | ૭૩ |
| ઉત્તરકુરુ | ૧૬૮ |
| ઉત્તરજ્ઝયણ | ૧૪૫ |
| ઉત્તર-પ્રકૃતિ | ૧૬, ૧૭, ૨૩ |
| ઉત્તરપ્રતિપત્તિ | ૭૩ |
| ઉત્તરાધ્યયન | ૬૪, ૬૫, ૧૪૫, ૨૮૭ |
| ઉત્પત્તિ | ૧૨ |
| ઉત્સર્પિણી | ૩૮, ૧૭૬ |
| ઉત્સિક્ત | ૯૬ |
| ઉદઅ | ૯૦ |
| ઉદય | ૧૫, ૨૨, ૨૩, ૨૫, ૯૦, ૧૨૦, ૧૨૫, ૧૨૮, ૧૩૦ |
| ઉદયચન્દ્ર | ૧૭૪ |
| ઉદયધર્મ | ૧૯૪ |
| ઉદયધર્મગણી | ૨૧૫ |
| ઉદયનૃપ | ૨૦૫ |
| ઉદયપ્રભ | ૧૭૯, ૧૯૪ |
| ઉદયપ્રભસૂરિ | ૧૧૧, ૧૧૨, ૧૨૭, ૧૨૮ |
| ઉદયસાગર | ૧૭૦ |
| ઉદયસિંહ | ૨૦૫, ૨૧૭, ૨૮૮ |
| ઉદયસેન | ૨૦૬ |
| ઉદયાકરગણી | ૩૦૧ |
| ઉદયાવસ્થા | ૧૨૦ |
| ઉદાયન | ૨૯૦ |
| ઉદીરણા | ૨૨, ૨૩, ૯૦, ૧૧૬, ૧૨૦, ૧૩૦ |
| ઉદીરણાકરણ | ૧૧૫, ૧૨૦ |
| ઉદીરણાસ્થાન | ૧૨૮ |
| ઉદ્યોત | ૨૦ |
| ઉદ્યોતનસૂરિ | ૨૯૨ |
| ઉદ્વર્તના | ૨૨, ૨૪, ૧૧૬, ૧૧૯ |
| ઉદ્વર્તનાકરણ | ૧૧૫, ૧૧૯ |
| ઉન્માન | ૧૭૮ |
| ઉપઘાત | ૨૦ |
| ઉપદેશકંદલી | ૧૯૮ |
| ઉપદેશકુલક | ૨૨૫ |
| ઉપદેશચિંતામણિ | ૧૯૯ |
| ઉપદેશતરંગિણી | ૨૦૨ |
| ઉપદેશપદ | ૧૯૫ |
| ઉપદેશપ્રકરણ | ૧૯૫ |
| ઉપદેશમાલા | ૧૯૩, ૧૯૬, ૨૧૧, ૨૩૦ |
| ઉપદેશરત્નાકર | ૨૦૦, ૨૬૦ |
| ઉપદેશરસાયન | ૧૮૯, ૧૯૭ |
| ઉપદેશસપ્તતિકા | ૨૦૧ |
| ઉપદેશરહસ્ય | ૧૨૧ |
| ઉપધિ | ૧૭૬ |
| ઉપભોગ | ૨૦ |
| ઉપભોગાંતરાય | ૨૦ |
| ઉપભોગ્ય | ૨૧ |
| ઉપમિતિભવપ્રપંચાકથા | ૧૯૪ |
| ઉપયોગ | ૯૦, ૯૧, ૯૫, ૧૦૨, ૧૨૫, ૧૩૧, ૧૩૭, ૧૪૯, ૧૫૪, ૧૭૭ |
| ઉપયોગિતા | ૧૦ |
| ઉપશમ | ૧૨૦ |


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| શબ્દ | પૃષ્ઠ | શબ્દ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉપશમક | ૩૧ | ઊ | |
| ઉપશમન | ૨૨, ૨૫, ૨૬ | ઊકેશગચ્છ | ૨૭૫ |
| ઉપશમના | ૧૧૬, ૧૨૦ | ઋ | |
| ઉપશમનાકરણ | ૧૧૫, ૧૨૦ | ઋજુ | ૭૩ |
| ઉપશમશ્રેણિસ્વરૂપ | ૨૬૬ | ઋજુકૂલા | ૭૮ |
| અપશમશ્રેણી | ૩૯, ૧૨૮, ૧૩૨, ૧૭૬ | ઋજુગતિ | ૨૬ |
| | | ઋજુમતિજિન | ૫૧ |
| ઉપશમસમ્યક્દૃષ્ટિ | ૩૭ | ઋતુ | ૧૫૬ |
| ઉપશાંત-કષાય-વીતરાગ-છદ્મસ્થ | ૩૧, ૩૫ | ઋષભદેવ | ૭૩, ૨૧૪, ૨૨૭, ૨૯૫ |
| ઉપશામના | ૯૭ | | |
| ઉપાંગ | ૧૯ | ઋષભનારાચ | ૧૯ |
| ઉપાદાન | ૧૧ | ઋષભસેન | ૭૨ |
| ઉપાધ્યાય | ૩૦ | ઋષિદત્તા | ૨૧૫ |
| ઉપાયભાવ | ૧૫૩ | એ | |
| ઉપાસકદશાંગ | ૯ | એકેન્દ્રિય | ૧૯, ૩૧ |
| ઉપાસકાચાર | ૨૭૬ | એન. એ. ગોરે | ૨૨૩ |
| ઉપાસકાધ્યયન | ૬૫, ૨૭૨ | એ. બેલિની | ૨૬૭ |
| ઉપાસકાધ્યયનાંગ | ૬૬ | એલાચાર્ય | ૬૧, ૭૯, ૧૪૮, ૩૧૬ |
| ઉપેયભાવ | ૧૫૩ | ઐ | |
| ઉમાસ્વાતિ | ૧૬૭, ૨૭૧, ૨૯૩ | ઐરાવત | ૧૬૮ |
| ઉવએસકુલય | ૨૨૫ | ઐરાવત ક્ષેત્ર | ૧૭૫ |
| ઉવએસચિંતામણિ | ૧૯૯ | ઐહલૌકિક | ૧૦ |
| ઉવએસપય | ૧૯૫ | ઓ | |
| ઉવએસમાલા | ૧૯૩, ૧૯૬ | ઓઘ | ૩૧ |
| ઉવએસરસાયણ | ૧૮૯, ૧૯૭ | ઓઘનિર્યુક્તિ | ૨૮૭ |
| ઉવએસસાર | ૨૦૫ | ઔ | |
| ઉવજોગ | ૯૦ | ઔદારિક | ૧૯, ૨૬ |
| ઉવહાણપઈઠ્ઠા-પંચાસય | ૩૦૩ | ઔદારિકકાયયોગ | ૩૩ |
| ઉવહાણવિહિ | ૩૦૩ | ઔદારિકમિશ્રકાયયોગ | ૩૩ |
| ઉષ્ણ | ૨૦ | | |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| શબ્દ | પૃષ્ઠ |
|---|---|
| કંડક | ૧૧૮ |
| કંસ | ૭૯ |
| કંસાચાર્ય | ૬૪, ૭૯ |
| કક્કસૂરિ | ૨૭૫ |
| કટુ | ૧૯ |
| કટુકરાજ | ૧૯૮ |
| કણિકા | ૧૯૪ |
| કથાકોશ | ૨૦૮ |
| કથાબત્તીસી | ૨૧૫ |
| કથારત્નકોશ | ૨૮૫ |
| કનકનંદી | ૧૩૮ |
| કનકપ્રભ | ૧૯૮, ૩૨૦ |
| કનકરથ | ૨૧૩ |
| કનકસેનગણી | ૩૧૧ |
| કન્યાનયનીયમહાવીરપ્રતિમા | ૩૨૩ |
| કન્યાનયમહાવીર | ૩૨૩ |
| કપર્દિયક્ષ | ૩૨૩ |
| કપિલ | ૨૧૨ |
| કમલસંયમ | ૧૧૩, ૧૩૨ |
| કમલા | ૨૧૫ |
| કમ્મવિવાગ | ૧૨૯, ૨૭૯ |
| કરણ | ૧૧૫, ૧૧૬, ૧૨૫ |
| કરણકૃતિ | ૩૦, ૫૨ |
| કરણસપ્તતિ | ૧૭૫ |
| કરણસૂત્ર | ૧૬૯ |
